# [illegible]

## ગુજરાતી અનુવાદ

[illegible]

गुजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कार्यालय विभाग ]

अनुक्रमांक ૨૧૮૪૮ किंमत

ग्रंथनाम [illegible]પ્રકરણ સુબોધિનીનો
ગુજરાતી અનુવાદ

क्रमांक ક૬૮૯૩: ૭,૬



ઓનેસ્ટી પ્રીન્ટરી, ગુલાલવાડી, મુંબઇ ૪.

वेणुकूजन

પ્ર. શ્રી વૈષ્ણવ સેવા મંડળ, ૪૭૮, ડંકન રોડ, મુંબઈ ૪.

श्रीमथुरेशजी कोटा.



નિત્યલીલાસ્થપ્રથમપીઠાધીશ્વર

# ગોસ્વામી શ્રીરણછોડલાલજીમહારાજ, કોટા.



ગોલોકવાસી, અ. સૌ. ગંગાબાઈ (બચુબાઈ).

શા. પરસોતમ મૂલજી ચીખલની પુત્રી; શા. ગોવરધનદાસ વૃંદાવનદાસ ચપરની ધર્મપત્ની.



જન્મ—
સં. ૧૯૬૧ માર્ગશીર્ષ શુદ ૧૨
તા. ૧૯-૧૨-૧૯૦૪

ગોલોકવાસ—
સં. ૧૯૯૫ કાર્તિક શુદ ૧૩
તા. ૫-૧૧-૧૯૩૮

श्रीकृष्णाय नमः

અખિલભૂમણ્ડલાચાર્યચક્રચૂડામણિશ્રીભગવદ્વદનવૈશ્વાનરાવતાર–
શ્રીમદ્વલ્લભાચાર્યરચિતા શ્રીભાગવતદશમસ્કન્ધદ્વિતીય–
તામસપ્રકરણાન્તર્ગત ચતુર્થ–

# ફલપ્રકરણસુબોધિનીનો ગુજરાતી અનુવાદ

ભગવદ્ધર્મપરાયણ શેઠ ગોવર્દ્ધનદાસ વૃંદાવનદાસ વાલજીએ
સ્વધર્મપત્ની અ. સૌ. ગંગાબાઈના સ્મરણાર્થ
તૈયાર કરાવી પ્રકાશિત કર્યો

'श्रीवल्लभाचार्यमते फलं तत्प्राकट्यमेवाव्यभिचारिहेतुः ।
प्रेमैव तस्मिन्नवधोक्तभक्तिस्तत्रोपयोगोऽखिलसाधनानाम्' ॥

અનુવાદક–શાસ્ત્રી કલ્યાણજી કાનજી

( ગોંડલ—કાઠિયાવાડ )

શકે ૧૮૬૧ શ્રીવલ્લભાબ્દ ૪૬૦ સંવત્ ૧૯૯૫

अमूल्यम्

अ. सौ. गङ्गाबाईना भगवत्स्मरण.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya Sagar Press,
26-28, Kolbhat Street, Bombay.

Published by Gordhandas Vandravandas Walji, Vithalwadi Bombay.

श्रीकृष्णाय नमः

श्रीगोपीजनवल्लभाय नमः

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः

વ્હાલી માતાજી ગંગાબાઈ—

આપ અમને અતિ બાલ્યાવસ્થામાં છોડી ગયાં તે માટે અમે આપને
દોષ ન દઈ શકીએ, કેમકે મનુષ્ય જીવવામાં સ્વતંત્ર નથી પણ
ઈશ્વરની ઇચ્છાને અધીન છે. ઈશ્વર જીવનું અનિષ્ટ વિચારે
નહિ એમ આસ્તિકે માનવું જોઇએ તેથી પ્રભુને ગમ્યું
તે ખરૂં. આપની યાદ સતત રહેવા માટે આ
લઘુ પુસ્તક આપના સ્મરણાર્થે તૈયાર
કરાવી અમો આપના ચરણમાં સવિનય
નિવેદન કરીએ છીએ તે પુષ્ટિનું ફલ
છે. તે ફલભાગી આપ થાઓ
એવી અમો આશા
રાખીએ છીએ.

અમે છીએ આપનાં બાળકો,

દામોદર ગોરધનદાસ
રણજીતસિંહ ગોરધનદાસ
લીલીબેન ગોરધનદાસ
સુશીલાબેન ગોરધનદાસ

## कोटास्थतिलकायितगोस्वामिनां श्रीवल्लभाचार्यंत आरभ्य अद्यावधि वंशः

१ श्रीवल्लभाचार्यचरणाः.

२ श्रीविट्ठलनाथगोस्वामिनः

३ श्रीगिरधरजी.

४ श्रीगोपीनाथजी, दीक्षितजी.

५ श्रीवल्लभजी.

६ श्रीरणछोडलालजी.

७ श्रीजीवनलालजी.

८ विट्ठलनाथजी.

९ श्रीवल्लभलालजी.

१० श्रीकनैयालालजी.

११ श्रीरणछोडलालजी.

१२ श्रीजीवनलालजी.

१३ श्रीगिरिधरलालजी. (श्रीद्वारकेशलालजी)

१४ चि. श्रीरणछोडलालजी.

श्रीकृष्णाय नमः ।

श्रीगोपीजनवल्लभाय नमः ।

श्रीमद्वल्लभाचार्यचरणकमलेभ्यो नमः ॥

# પ્રસ્તાવના

શ્રીમદ્ભાગવત એ વ્યાસકૃત ૧૮ પુરાણમાં ૨લરૂપ છે. તે આપણે નહિં પણ વ્યાસજી પોતે શ્રીભાગવતના આરંભમાં निगमकल्पतरोर्गलितं फलं એ શ્લોકથી કહે છે. શ્રીમદાચાર્યચરણ પણ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે गायत्री बीजं वेदो वृक्षः श्रीभागवतं फलम्. વૃક્ષમાં ફલ ભોગ્ય છે. તેમ અહિં પણ સમજવાનું છે. શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય તો શ્રીભાગવતના યથાર્થ આશયનું સમર્થન કરવા માટે છે. તે પોતેજ આજ્ઞા કરે છે કે अर्थं तस्य विवेचितुं नहि विभुर्वैश्वानरद्वाक्पतेरन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः । दत्त्वाज्ञां च कृपावलोकनपटुः ઇત્યાદિ. શ્રીભગવાને વ્યાસરૂપે પ્રકટ થઇને શ્રીભાગવત કર્યું તેનો ખરો અર્થ કરવા માટે મને (વાક્પતિને) પ્રભુએ આજ્ઞા કરી તેથી હું ભાગવતનું વ્યાખ્યાન કરું છું. વ્યાસ પણ ભાગવતના કર્તા નહિં પણ દ્રષ્ટા છે. એથી તે પૌરુષેય છે એમ કોઈ સમજે તો તેની તે મોટામાં મોટી ભૂલ ગણાય. વાણી પણ પતિવ્રતા છે. પતિવ્રતાના હાર્દને તેના પતિ વિના કોઈ જાણી ન શકે એ વાત વેદમાં उतत्वः पश्यन्नददर्श वाचं એ મંત્રમાં વાણીનું નિરાવરણ સ્વરૂપ તેના પતિ વિના બીજો કોઈ જોઈ શકતો નથી એ સિદ્ધ કર્યું છે. એટલે બીજા ટીકાકારો તો પોતાનો અભિપ્રાય કહે પણ સરસ્વતીનો અભિપ્રાય તો વાક્પતિ જ જાણે. તે શ્રીઆચાર્યચરણની ટીકા વાંચતાં વિદ્વાનોને હાર્દાનુભવ થયા વિના રહેતો નથી. શ્રીઆચાર્યચરણ તો શ્રીભાગવત ઉપર નિર્ભર છે. તે તો આજ્ઞા કરે છે કે 'अल्पबाहिर्मुख्ये श्रीभागवतपाठः' 'पठनीयं प्रयत्नेन श्रीभागवतमादरात्' ઇત્યાદિકારિકાઓથી તેનો મહિમા અપૂર્વ વર્ણવે છે. અન્યત્ર આજ્ઞા કરે છે કે श्रीभागवतं सत्संगश्च आधिभौतिकौ भगवतश्चरणौ એમને આધિભૌતિક ચરણમાં ગણે છે. પુરુષની જેમ તેના દ્વાદશ અંગ પણ કહ્યાં છે. તે દ્વાદશસ્કન્ધરૂપ છે. તેમાં પણ દશમસ્કન્ધ હૃદયરૂપ છે. પુરુષ શરીરમાં હૃદયમાં જીવનો નિવાસ છે તેમ શ્રીભાગવતના હૃદયરૂપ દશમસ્કન્ધમાં ભગવત્પ્રાકટ્ય છે. એમના પાઠથી પણ તે પુરુષોત્તમ હૃદયાવિષ્ટ થાય છે. શ્રીઆચાર્યચરણે તેના શાસ્ત્ર સ્કન્ધ પ્રકરણ અધ્યાય શ્લોક વાક્ય અને પદના ભેદથી સાત અર્થોની એકવાક્યતા કરી શ્રીપુરુષોત્તમરૂપ શ્રીભાગવતનો અર્થ સિદ્ધ કર્યો છે. તેમાં પ્રભુની દશ લીલા વર્ણન કરી છે. તે સર્ગાદિ લીલા દ્વાદશસ્કન્ધમાં લક્ષણ સહિત કહી છે. તેમાં નિરોધ મહાફલરૂપ છે. એ નિરોધલક્ષણ નામના ગ્રંથમાં કહ્યું છે, 'प्रपञ्चविस्मृतिपूर्वकभगवदासक्तिः' નિરોધ કહેવાય છે. તે ભક્તનો ભગવાનમાં અને ભગવાનનો ભક્તમાં થાય ત્યારે નિરોધ સિદ્ધ થયો કહેવાય. એ અહિં ભગવાન ન પધારે તો ન થાય માટે આપનું દશમના પ્રથમ પ્રકરણમાં પ્રાકટ્ય છે તેનું નામ જન્મપ્રકરણ છે. પુરુષોત્તમ ઇચ્છાથી પ્રકટે છે. જન્મપ્રકરણમાં ચતુર્મૂર્તિનો જન્મ કહ્યો છે. તે તે વ્યૂહના પ્રયોજનો તે તે લીલામાં કહ્યાં છે તેમ પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ પણ રસાનુભવાર્થ છે. रसो वै सः એમ તે પુરુષોત્તમ રસ સ્વરૂપ છે. તે આનંદ માત્રકરપાદમુખોદરાદિ છે. તે કૃપા કરે તો સ્વરૂપરસથી પોતાના ભક્ત ને પૂર્ણ કરે છે. છતાં પોતે પૂર્ણ રહે છે. દશમસ્કન્ધમાં બીજું તામસ પ્રકરણ છે. તેના પ્રમાણ પ્રમેય સાધન ફલ એ ભેદ છે. છ ધર્મ અને એક ધર્મિને લઇને દરેક ૭ અધ્યાયના ચાર અવાંતર પ્રકરણો છે. તેમાં પ્રમાણમાં ભગવાનની બાળલીલા છે. તેને સાંભળવાથી પ્રેમ થાય છે. બીજા પ્રમેયપ્રકરણમાં વૃન્દાવનમાં ગોચારણાદિ કરે છે તેના શ્રવણથી ભક્તોને આસક્તિ થાય છે. बाललीलानामपाठात् श्रीकृष्णे प्रेम जायते ઇત્યાદિથી ત્રિવિધનામ-

વલીમાં કહ્યું છે. ત્રીજા સાધનપ્રકરણના ભક્તોને સ્વરૂપમાં વ્યસન કરાવ્યું છે તેના શ્રવણથી પણ પ્રેમ આસક્તિ વ્યસન થાય છે. ચતુર્થપ્રકરણમાં ભક્તોને વેણુનાદદ્વારા બોલાવી તેને ભજનાનંદનો અનુભવ કરાવે છે. તે ભક્તોની પ્રત્યાપત્તિ થાય છે. એટલે મુખ્યાધિકારવાળાને ફલ અત્ર પૂર્ણ થાય છે. બીજા રહે છે તેનો રાજસભાવ થાય છે તેની તે જ વ્યવસ્થા થઇને સાત્વિક અને નિર્ગુણ ભાવ થયા બાદ તેની મુક્તિ થાય છે પુનઃ આશ્રય સિદ્ધ થાય છે. તેજ કહ્યું છે કે दशमस्य विशुद्ध्यर्थं नवानामिह लक्षणम् એમ શ્રી ભાગવત સર્વજનોદ્ધારક છે. વેદ ત્રૈવર્ણિકનો ઉદ્ધાર કરે છે ત્યારે શ્રીભાગવત સ્ત્રી શૂદ્રથી લઇને બ્રહ્માદિ અને પશુથી લઇને યમલાર્જુનાદિ સ્થાવરનો પણ ઉદ્ધાર કરવામાં અસહાયશૂર છે. મોક્ષના સંબંધમાં ભિન્નભિન્ન વિચાર છે તેમાં કેટલાક નિઃસંબોધ મોક્ષ માને છે. કેટલાક સસંબોધ મોક્ષ માને છે. નિઃસંબોધમાં તો જન્મમરણના ચક્રથી છુટવાનું ખરૂં પણ તે તો પથ્થર જેવા જડ થઈ જાય તેની તેને દરકાર નથી. વેદબાહ્યો, જૈનો, અર્દ્ધવૈનાશિકો એ બધા નિઃસંબોધ મોક્ષને માનનારા છે. પરંતુ ભક્તિમાર્ગીયોને મોક્ષમાં પણ સેવા રહે છે. તેથી કોઈ શૈવ કહે છે કે

व्रजेम भवदन्तिकं प्रकृतिमेत्य पैशाचिकीं किमित्यमरसंपदः प्रमथनाथ नाथामहे ।
भवद्भवनदेहलीविकटतुण्डदण्डाहतित्रुटन्मुकुटकोटिभिर्मघवदादिभिर्भूयते ॥

આ તેમના મોક્ષમાં તેમને પોતાના ઇષ્ટની સેવા કરવી ઇષ્ટ છે એમ સમજાય છે. આ તો તામસ દેવ અને તામસ ભક્તોની વાત થઈ પણ નિર્ગુણ દેવ અને તેવા ભક્તોનો અપવર્ગ તેની સેવામાં હોય તે કાંઇક આનંદજનક ગણાય. વૈષ્ણવ પણ કહે છે કે.

**अपि वृन्दावने शून्ये शृगालत्वं स इच्छति । न तु निर्विषयं मोक्षं गन्तुमर्हति गौतम ॥ १ ॥**

શ્રીવલ્લભાચાર્યચરણના મતમાં મોક્ષ મર્યાદા અને પુષ્ટિના ભેદથી ભિન્ન છે. પુષ્ટિમાં પણ મર્યાદા પ્રવાહથી ભેદ છે. તેમ શુદ્ધપુષ્ટિ પણ જૂદી છે. તેના ફલોમાં પણ તેવા ભેદો કહ્યા છે. मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम् એ વાક્યમાં સાધારણ રીતે ભગવાન્ મુક્તિ આપે છે. ભક્તિનું ફળ દુર્લભ ગણાય છે. ભક્તિના પણ અનેક ભેદ છે. મર્યાદાભક્તિમાં સાયુજ્ય ફલ છે. જ્ઞાનિનું અક્ષરમાં સાયુજ્ય થાય છે. શુદ્ધપુષ્ટભક્તોની વ્યવસ્થા આ ફલપ્રકરણમાં શ્રીમદાચાર્યચરણ કરે છે. પુષ્ટિ એટલે કૃપા તેમાં તામસ રાજસ સાત્વિક ભાવો ખરા પણ તે પ્રાકૃત નથી તેથી તો દ્વિતીયસ્કન્ધમાં કહ્યું છે કે ભગવાનના સત્ ચિત્ અને આનંદના પણ ભગવદિચ્છાથી સત્‌માંથી સાત્વિક ભાવ ચિત્તમાંથી રાજસ અને આનંદમાંથી તામસભાવ થાય છે. જ્યાં જ્યાં ભક્તના ભાવો કહ્યા હોય ત્યાં પ્રાકૃતભાવ લેવાના નથી કેમકે मन्निष्ठं निर्गुणं स्मृतम् એમ ભગવાન્ કહે છે જો ભગવન્નિષ્ઠ નિર્ગુણ હોય તો ભક્ત સગુણ કેમ હોય? ભગવાન્ ભક્તસાથે લીલા કરે છે તે ભક્ત લીલામાં કાંઈ સેવા કરતો હોય તેના પણ ગુણો હોય ન હોય તો રસ પેદા ન થાય તે ગુણો માયાના નહિં પણ ભગવાનના સમજવા. निर्गुणस्य गुणास्त्रयः એમ કહ્યું છે. તે નિર્ગુણના ગુણો છે. પ્રકૃતિના નથી.

પુષ્ટિમાં તામસભાવવાળાં ભક્તો દૃઢપ્રતિજ્ઞ હોઇને ભગવાનને અધિકપ્રિય છે તેથી સાત્વિક રાજસની પહેલાં તામસપ્રકરણની વાત દશમસ્કન્ધમાં લીધી. तामसे कायिकं मुख्यम् માટે ભગવાન્ સાક્ષાત્ તેમના સાધનરૂપ થયા છે. રાજસમાં ઉદ્ધવજી ગોપીઓ પાસે ગયા ત્યાં તેમ ચાલે, તામસમાં ચાલે નહિં, તેથી તામસનું ફલ મુખ્ય ગણાય છે. તે તામસફલમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે स्वभावस्यान्यथाभावो न वै शक्यः कथंचन એટલે ભગવાનજ ગોપજાતિમાં પધારી તેને અનુકૂલ ચરિત્રો કરી તેમનો નિરોધ સિદ્ધ કરે છે. મર્યાદામાં જીવ ભગવત્પ્રાપ્તિમાટે યત્ન કરે છે. સંસારને છોડી જીવ ભગવાન્ પાસે પહોંચે ત્યારે કૃતાર્થ થાય છે. શુદ્ધપુષ્ટિમાં જીવને આત્મનિવેદનશિવાય બીજું કાંઈ ભગવાન્ માટે કરવું નથી પડતું પણ ભગવાન્ પોતે જ તેને યોગ્ય બનાવી તેના અધિકાર પ્રમાણે તેને ફલ આપે છે. સાધનરૂપપણ પોતે થાય છે માટે આ નિઃસાધન–માર્ગ કહેવાય છે. 'निःसाधनफलात्मायं प्रादुर्भूतोस्ति गोकुले।

'अतो वयं सुनिश्चिन्ता ऐहिके पारलौकिके.' ભગવાન્ પોતે લોકમાં પધારે છે ત્યારે વરસાદમાં જેમ સર્વત્ર જળ સુલભ હોય છે તેમ જીવ કોઈ પ્રકારે ભગવાનને પહોચ્યો તે કૃતાર્થ થાય પછી તે ઉપાય ક્રોધ કામ ગમે તેવો હોય પણ તે અન્તસુધી ભગવાનમાં કરવો પડે. એ વાત कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव वा। नित्यं हरौ दिदधतो यान्ति तन्मयतां हि ते। એ શ્લોકથી કહી છે. શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે असाधनं साधनं करोति. કામ એ મોક્ષનો દ્વેષી છે પણ જો જીવ ભગવાનમાં તેનો વિનિયોગ કરે તો તેનાથી મુક્તિ તો સહજમાં થાય. કંસ શિશુપાળ કુબ્જા પાંડવો નારદવગેરે કામાદિના ઉદાહરણમાં આવે છે. ભગવાન્ જે જીવને સ્વીય કરે છે તેને બીજું કાંઈ કરવું પડતું નથી પણ ભગવાન્ અનુગૃહીતનું સર્વશ્રેય વિચારી તેને તે રસ્તો બતાવી પોતાનો કરે છે. જે ગોપીઓને આ મુખ્ય ફલ મલ્યું છે તે શ્રુતિરૂપાઓ છે. તેની વાત બૃહદ્વામનપુરાણમાં બ્રહ્મસનકાદિના સંવાદરૂપે છે. બ્રહ્માએ પોતાના પુત્રોને કહ્યું न स्त्रियो व्रजसुंदर्यः पुत्र ताः श्रुतयः ઇત્યાદિથી આરંભી 'તેમના ચરણની રજ માટે મેં સાઠ હજાર વર્ષ તપ કર્યું તો પણ તેથી પ્રાપ્તિ મને ન થઈ' ઇત્યાદિ કથા છે. શ્રુતિઓએ ભગવાનનું ગાન કર્યું ત્યારે ભગવાને તેમને દર્શન આપ્યાં તેથી તેમને કામભાવ થયો ત્યારે તેમણે યાચના કરી તો ભગવાને વરદાન આપ્યું કે 'તમે વ્રજમાં ગોપીઓ થશો ત્યારે હું તમારો મનોરથ પૂર્ણ કરીશ' એવી કથા છે. આ શ્રુતિરૂપાઓ મુખ્ય ફલના અધિકારવાળાં છે, આમની સમાનતા કોઈ ન કરી શકે. બીજા પ્રકારનાં ગોપીઓ સોળહજાર ઋષિઓ દંડકારણ્યમાં તપ કરતા હતા તેમની પાસથી શ્રીરામચંદ્રજી નીકળ્યા તેમના દર્શનથી મુનિઓને સ્ત્રીભાવ થયો તેમણે રમવાની ઇચ્છા કરી પણ શ્રીરામચંદ્ર મર્યાદાપુરુષોત્તમ તે મર્યાદાથી વિરુદ્ધ ન કરે તેથી તેમણે વરદાન આપ્યું એટલે આ ભક્તો પ્રથમ કરતાં કાંઇક જૂદાં તેથી તેના ફલમાં પણ ભેદ, તેના સાધનમાં પણ ભેદ છે. તેમણે भद्रकाली तथा कात्यायनीંનું વ્રત કર્યું. તે જો કે ભગવદ્રૂપજ હતાં છતાં ભિન્નતા તો ખરીજ તેથી સાધનપ્રકરણમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે तास्तु अन्यथैव कृतसंस्काराः એમ કહી શ્રુતિરૂપાઓના સાધનનો પ્રકાર ભિન્ન કહ્યો. કુમારિકાઓના સંસ્કાર માટે ભગવાન ત્યાં પધાર્યા અને તેને સંસ્કૃત કર્યાં તેને ફલ પણ વરદાનની રાત્રિઓમાં રમણ થયું તેટલું જ, વિશેષ નહિં, તે પ્રસિદ્ધ છે. એક અન્તર્ગૃહગતાઓનો વર્ગ છે. તે કામભાવવાળાં હતાં તેથી તેવાં ભક્તો તેજ દેહથી ભગવાન્ સાથે ક્રીડામાં ન આવી શકે. તેઓએ દેહો છોડ્યા અને તે ભગવાન્માં મલ્યાં. બલદેવની સાથે રમનાર ગોપીઓ પણ ભિન્ન છે એમ ગોપીઓના પણ અનેક ભેદ છે. कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते એ ન્યાયથી શ્રુતિરૂપાઓને ભગવાન્ અધીન છે. તેને विकलत्वं तथास्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि. તેને ફલરૂપ વિયોગ છે સાધનરૂપ નથી. તેની એ જ દશા, બીજી કોઈ દશા નહિ. કુમારિકાઓને ફલ સંયોગ છે. વિયોગ એ મહાફલ ગણાય છે. એનાથી બીજું ફલ નથી. ભગવાને मयेमा रस्यथ क्षपाः એ વર આપેલો તે પ્રમાણે કુમારિકાઓની સાથે રમણ કર્યું. આપણે તો શુદ્ધભક્તના ફલનો વિચાર કરવાનો છે. તે ફલ તો શ્રીકૃષ્ણ છે. भगवानेन हि फलं स यथाविर्भवेद् भुवि। गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत्। તેમાં શ્રીકૃષ્ણ પ્રકટ થાય તે ફલ. આનંદ ધર્મે અને સ્વરૂપના ભેદથી બે પ્રકારનો છે. તે જીવના અધિકાર પ્રમાણે ભગવાન્ વિચારે તેટલો મળે.

હવે તેને પ્રાપ્ત કરવાના સાધનનો વિચાર કરીએ તો તે પ્રભુ સાધનસાધ્ય નથી. नायमात्मा प्रवचनेन लभ्यः न मेधया न बहुना श्रुतेन। यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् એ શ્રુતિથી ભગવાન્ કેવળ વરણૈકલભ્ય છે; તે સ્વયં સાધનરૂપ થાય છે તેને તે લભ્ય છે.

'श्रीवल्लभाचार्यमते फलं तत्प्राकट्यमेवाव्यभिचारिहेतुः।
प्रेमैव तस्मिन् नवधोक्तभक्तिस्तत्रोपयोगोखिलसाधनानाम्॥'

આ પ્રાચીન પદ્ય પણ તેનું સમર્થન કરે છે. શ્રીમહાપ્રભુજીના માર્ગના ફલસાધન વગેરેની બધી બાબત એક પદ્યમાંજ સૂચવી છે. ભગવાનનું પ્રાકટ્ય જ ફલ, નિત્ય પ્રેમ સાધન, તેનું સાધન નવધા ભક્તિ, તેમાં બધા લૌકિક સ્ત્રીપુત્રાદિનો વિનિયોગ પણ આવી જાય. એટલે બધાની કૃતાર્થતા થાય છે.

लिङ्गभूयस्त्वात्तद्धि बलीयस्तदपि એ બ્રહ્મસૂત્રના ભાષ્યમાં શ્રીમદાચાર્યચરણ, છાંદોગ્યસ્થ નારદ-સનકાદિના સંવાદમાં સર્વાત્મભાવૈકલભ્ય કહે છે. એ સર્વાત્મભાવ તે નિરૂપધિ પ્રેમ છે તે પ્રેમ પણ શ્રીભગવાનનો કરેલો હોવો જોઇએ. કોઈ નિમિત્તજન્ય પ્રેમ ભગવત્સ્વરૂપસાધક નથી થતો તેથી તે વેણુગીતકારિકામાં શ્રીમદાચાર્યચરણ કહે છે કે प्रेमापि हरिणा कृतम् એ પ્રેમનું સ્વરૂપ પણ વાણીમાં આવે તેવું નથી છતાં તેના કૃપાપાત્રો તેને વાણીમાં ઉતારવાનો યત્ન તો કરે છે.

શ્રીગુંસાઈજી પ્રેમામૃતની ટીકામાં આ શ્લોકથી પ્રેમનું સ્વરૂપ વ્યક્ત કરે છે.

**आविर्भावदिने न येन गणितो हेतुस्तनीयानपि क्षीयेतापि न चापराधविधिना नत्या न वै वर्धते ।**
**पीयूषप्रतिवादिनस्त्रिजगतां दुःखद्रुहः सांप्रतं प्रेम्णस्तस्य गुरोः किमद्य करवै वाङ्निष्ठतालाघवम् ॥**

રૂપગોસ્વામી નીચેના પદ્યમાં પ્રેમનું સ્વરૂપ વર્ણવે છે.

**स्तोत्रं यत्र तटस्थतां प्रकटयच्चित्तस्य धत्ते व्यथां निन्दापि प्रमुदं प्रयच्छति परीहासश्रियं बिभ्रती ।**
**दोषेणागुरुतां गुणेन गुरुतां केनाप्यनातन्वती प्रेम्णः स्वारसिकस्य कस्यचिदियं नैसर्गिकी प्रक्रिया ।**

બીજા કોઈ કવિ કહે છે કે

**पर्याङ्कस्थितिरेव यत्र भवति प्रत्युद्गमप्रक्रिया रेशब्दोपि भवत्पदप्रतिनिधिर्यत्र प्रसङ्गोदितः ।**
**चेतस्तुष्यति यत्र लाभत इव द्रव्यस्य भूरिव्ययात् अद्वैतप्रतिपादकाय हरये स्नेहाय तस्मै नमः ॥**

શ્રીમદાચાર્યચરણ પણ શ્રીફલપ્રકરણ પાંચમા અધ્યાયના ૨ જા શ્લોકમાં સુબોધિનીમાં લખે છે કે 'ननु एते जीवाः भगवानानन्दमयः कथं वैषम्याद्रसोत्पत्तिरिति चेत्तत्राह प्रीतैरिति ताः अपि भगवत्सदृश्यो जाताः सवतः प्रीताः' એટલે પ્રીતિ અધિકાર આપનાર છે. કવિ દયારામ કહે છે કે 'સ્વાધીનને પરાધીન કરી નાખે એહ બળ સ્નેહવિના કેહમાં? સખી હું તો જાણતી જે સુખ હશે સ્નેહમાં' 'ઓધવજી છે અળગીરે વાત એક પ્રેમ તણી' 'જે કોઈ પ્રેમ અંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે' ઇત્યાદિ અનેક ગરબી-ઓમાં પ્રેમનો પ્રપંચ કરે છે તે વાંચવાની હું ભલામણ કરું છું. તે બધાનું મુખ્ય તાત્પર્ય ભગવ-દનુગ્રહમાં છે. અન્યથા એ કાંઈ વાત બને તેવી નથી તેથીજ નિબંધસર્વનિર્ણયાન્તર્ગત ભક્તિપ્રકરણમાં विशिष्टरूपं वेदार्थः फलं प्रेम च साधनं २१७ એમ કહ્યું છે. આગળ ચાલતાં કહે છે કે सर्वथा चेद्धरिकृपा न भविष्यति यस्य वै । तस्य सर्वमशक्यं स्यान्मार्गेस्मिन् सुतरामपि । कृपायुक्तस्य तु यथा सिद्ध्येत् कारणमुच्यते. सर्व. नि. का. ३२४. એટલે કૃપાવાલાને માટે ફલરૂપ છે પણ કૃપા નથી તેણે આ માર્ગના ફલની આશા છોડીને જ્ઞાનાદિ વિહિતભક્ત્યાદિમાર્ગોના અવલંબનવડે યથાશક્ય ફલમાં સંતોષ માનવો એજ ઉત્તમ છે. પ્રેમમાં પણ હરિકૃત પ્રેમજ અત્ર ગ્રાહ્ય છે. કામાદિજન્ય પ્રેમ હેય છે તે તો આ ફલમાં અન્તર્ગૃહગતાઓએ દેહત્યાગ કર્યા ત્યાં સ્પષ્ટ કર્યું છે. માટે જ શ્રુતિરૂપાઓએ કહ્યું છે કે संत्यज्य सर्वविषयान् तव पादमूलं प्राप्ताः—ત્યાં કામની ગંધ પણ નથી. 'गोप्यः कामात्,' 'कामान्ता च कृतिः स्फुटा' ઇત્યાદિમાં કામશબ્દ ઇચ્છાવાચક છે, વિષયવાચક નથી એમ સમજવું. ભગવાનની ફલદિત્સા છે. તેથી ભગવાને ઘેર જવાની આજ્ઞા કરી તો પણ તે બેસી રહ્યા અને બધા વચનોના ઉત્તર આપી પુષ્ટિનું સ્થાપન દશશ્લોકીથી પહેલા અધ્યાયમાં કર્યું છે તે મનનીય છે. માટે જ સન્યાસનિર્ણયમાં कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् । भावो भावनया सिद्धः साधनं नान्य दिष्यते. કીર્તનમાં પણ કહે છે કે प्रीतम प्रीत हि तें पैये यद्यपि रूपगुणशीलसुघरता इन बातन न रिझैये. એજ સર્વ આ ફલપ્રકરણનો વિષય છે. આ ફલના સાત અધ્યાય છે તેમાં સ્વરૂપથી પાંચ અધ્યાયથી લીલા છે. નામથી બે અધ્યાયમાં લીલા છે. સંયોગમાં સ્વરૂપથી લીલા હોય અને વિયો-ગમાં નામથી નિર્વાહ હોય. નામ એટલે વેદ. એના પ્રવૃત્તિ–નિવૃત્તિ નામના બે ભેદ છે. પ્રવૃત્તિમાં વિઘ્ન હોવાનો સંભવ છે. નિવૃત્તિ પરમ ફલરૂપ હોવાથી ત્યાં આ પ્રકરણની સમાપ્તિ છે.

હું લેખક નથી. આ ગ્રંથોના ઉપોદ્ઘાત કોઈ વિદ્વાનના હાથે લખાવા જોઇએ. તેનો અનુ-વાદ પણ વે. શા. સં. મગનલાલ શાસ્ત્રી જેવાએ કરવો જોઇતો હતો પણ તે તો આ સમયે નથી. સમય પ્રમાણે अकरणान्मन्दकरणं श्रेयः એ ન્યાયે મારે માથે તે કરવાનું પ્રભુઇચ્છાથી આવ્યું તેથી મેં

અનુવાદ કર્યો અને બે અક્ષરો પ્રસ્તાવનામાં પણ લખ્યા. તેમાં સિદ્ધાન્તમાં વિરોધ આવે એવું લખાણ હોય તો તે અપરાધ મારો છે. જો અનુકૂલ અક્ષર આવ્યો હોય તો શ્રીમદાચાર્યચરણનો અનુગ્રહ સમજવો. હું વૃદ્ધ અને રોગગ્રસ્ત છું છતાં આ કાર્ય શીઘ્ર કર્યું છે. પ્રેસમાં આટલું જલદિ કાર્ય થયું તેનો બધો યશ શ્રીમાન્ શેઠ જમનાદાસભાઇને છે. કેમકે તેમની સૂચના ન હોત તો આ કાર્ય આટલું જલદી ન થતે તે વિષે પ્રકાશક તેમને ધન્યવાદ આપે છે. શીઘ્રતામાં ભૂલો રહે તે સંભવિત છે. રાસલીલા માટે લોકો હાલમાં ઊહાપોહ કરે છે તેનો ખુલાસો શુકદેવજીએ પરીક્ષિતની શંકાના સમાધાનમાં કર્યો છે તે આસ્તિકોને બસ છે, નાસ્તિકોને સમજાવવાનું મારામાં સામર્થ્ય નથી. મારા પ્રમાદોમાં ૧૩–૧૯ પેજ ઉપર ચાર કારિકાઓના અર્થો આપ્યા છે પણ તે મૂળ કારિકાઓ નોટમાં લખવાનું રહી ગયું છે તેને માટે મને વાચકો ક્ષમા કરશે.

હવે આ પ્રકરણના મુદ્રણની વ્યવસ્થા કેમ થઈ તે સંબંધે બે અક્ષર લખવાની જરૂર છે. શ્રીમાન્ શેઠ ગોરધનદાસના પત્નીનો ગોલોકવાસ થતાં તેઓના સ્મરણમાં કાંઈ ગ્રંથ બહાર પાડવો એવો તેમનો વિચાર થતાં કોઇએ તેમને સાધારણ કીર્તનો, અષ્ટસખાનાં સ્થાનો, સેવામાં તેમના સમયો વગેરેની હકીકત આપી પણ એટલાથી ગ્રંથ વાંચવા લાયક ન થાય તેથી તેમણે કોઈ છપાયેલી પંચાધ્યાયી છપાવી નાખવાનો વિચાર કર્યો ત્યારે પુષ્ટિમાર્ગીયો ( વાડીલાલભાઈ વગેરે ) તો તેની હા ન પાડે કેમકે સંપ્રદાયમાં મુદ્રણાર્હ સાહિત્ય ન બહાર પડે અને એવાં છાપેલાને છાપવાનો અર્થ શું ? એટલે વાડીલાલભાઈવગેરેએ ફલપ્રકરણનો અનુવાદ પ્રકટકરવાની તુલસીદાસ ભાઇને ભલામણ કરી અને મારી પાસે અનુવાદ કરાવવા કહ્યું. મુદ્રણ માટે જમનાદાસભાઇને કહેતાં તેમણે પ્રેસનો બંદોબસ્ત કર્યો. આમાં મૂળ સુબોધિનીજીનો જ અનુવાદ માત્ર આપ્યો છે. બનતાં સુધી તો સરલતાનો અને સાધારણના મનમાં ભાવ આવી જાય એવો પ્રયાસ કરવામાં આવ્યો છે છતાં વિષયની ગહનતાને લઇને વાંચનારના ધ્યાનમાં ન આવે તો વધારે ધ્યાન આપી વાંચવું જેથી સમજાશે. અધિકારી ભક્તોને માટે પ્રાકૃત ભાષાની કવિતાનાં બે ફાર્મ છેલ્લાં દાખલ કર્યાં છે તે નિત્ય સ્મરણ કરવા યોગ્ય છે.

આ ગ્રંથના મુદ્રણનો પ્રબંધ તો શ્રીમાન્ ગોવર્ધનદાસ શેઠે કરેલ છે. તેમનો વાચકવૃન્દ ઉપર આ એક ઉપકાર થયો ગણાય કેમકે આવાં ઉપયોગી પુસ્તકો વિના મૂલ્યે આપે એનાથી બીજો ઉપકાર વિશેષ શું હોઈ શકે. અમારા મિત્રો શેઠ, જમનાદાસભાઈ, વાડીલાલભાઈ હીરાભાઈ ધીરજલાલભાઈ વગેરેએ આ કાર્યમાં મને નિયુક્ત કર્યો તે ખાતે તેનો ઉપકાર માનું તેટલો થોડો છે. તુલસીદાસભાઈ અને ગોરધનદાસભાઇનો પણ હું ઋણી છું. નિર્ણયસાગર પ્રેસમાં મેનેજર, શાસ્ત્રીઓ તથા કંપોઝીટરો બધાએ આ ગ્રંથ તૈયાર કરવામાં સહાયતા કરી છે તે કોઇરીતે વિસ્મરણીય નથી. તેનો ઉપકાર માની ગોલોકસ્થ બાઈ ગંગાબાઈ નાની ઉમરે નાના બાળકો અને યુવાન પતિને છોડી પરલોક સિદ્ધાવ્યાં તેમના આત્માનું શ્રેય સર્વ ગ્રંથવાંચનારે ઇચ્છવું જોઇએ. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે કે જેના તરફથી આપણે સુંદર ફલપ્રકરણનું સરળ ગુર્જર ભાષાન્તર વગર મૂલ્યે મેળવી શક્યા. તેનું કલ્યાણ ઇચ્છતા વૈષ્ણવવૃન્દની સાથે હું પણ તેમનું શ્રેયશ્ચિન્તન કરતો પરમકૃપાલુ પરમેશ્વરના ચરણમાં આ ગ્રંથને પુષ્પાંજલિ તરિકે અર્પણ કરવામાં સામેલ થાઉં છું.

૧૯૮૫ ના અ. શ્રાવણ શુ. ૧૫ — સ્નેહાધીન—

મુંબઈ. — અનુવાદક.

# श्रीभागवतदशमपूर्वार्धीयफलप्रकरणस्थश्लोकानां वर्णानुक्रमेण सूचीपत्रम् ।


| श्लोकाः | पृष्ठाङ्काः |
|---|---|
| अटति यद्भवानह्नि ... ... ... | ९० |
| अत्र प्रसूनावचयः ... ... ... | ६७ |
| अथ वा मदभिस्नेहात् ... ... | २३ |
| अनया राधितो नूनम् ... ... | ६४ |
| अनुग्रहाय भूतानाम् ... ... | १३८ |
| अनुचरैः समनुवर्णितवीर्यैः ... ... | १६४ |
| अन्तर्गृहगताः काश्चित् ... ... | ८ |
| अन्तर्हिते भगवति ... ... ... | ४८ |
| अन्विच्छन्त्यो भगवतः ... ... | ७१ |
| अपरानिमिषद्दग्भ्याम् ... ... | ९८ |
| अप्येणपत्न्युपगतः ... ... ... | ५६ |
| अलातैर्दह्यमानोपि ... ... ... | १४३ |
| अविदूर इवाभ्येत्य ... ... ... | १५६ |
| अस्वर्ग्यमयशस्यम् ... ... ... | २५ |
| आप्तकामो यदुपतिः ... ... | १३३ |
| आरुह्यैका पदाक्रम्य ... ... | ६१ |
| आहूय दूरगा यद्वत् ... ... | ६० |
| इति गोप्यः प्रगायन्त्यः ... ... | ९४ |
| इति विप्रियमाकर्ण्य ... ... | २६ |
| इति विक्लवितं तासाम् ... ... | ४३ |
| इत्थं भगवतो गोप्यः ... ... | ११३ |
| इत्यनुज्ञाप्य दाशार्हम् ... ... | १४९ |
| इत्युन्मत्त वचो गोप्यः ... ... | ५८ |
| इत्येवं दर्शयन्त्यस्ताः ... ... | ६८ |
| ईश्वराणां वचः सत्यम् ... ... | १३५ |
| उक्तं पुरस्तादेतत्ते ... ... ... | १० |
| उच्चैर्जगुर्नृत्यमानाः ... ... ... | १२० |
| उत्सवं श्रमरुचापि... ... ... | १७५ |
| उपगीयमान उद्गायन् ... ... | ४५ |
| उपगीयमानौ ललितम् ... ... | १५१ |
| ऊषुः सरस्वती तीरे ... ... | १४२ |
| ऋषीन् विरूपनाङ्गीरसः ... ... | १४६ |
| एकदा देवयात्रायाम् ... ... | १४० |
| एका भ्रुकुटीमाबध्य ... ... | ९७ |
| एवमुक्तः प्रियामाह... ... ... | ७० |
| एवं भगवतः कृष्णात् ... ... | ४६ |
| एवं कृष्णं पृच्छमाना ... ... | ६२ |
| एवं मदर्थोज्झितलोक— ... ... | १११ |
| एवं परिष्वङ्गकराभिमर्श ... ... | १२५ |
| एवं शशाङ्कांशुविराजिता ... ... | १३१ |
| एवं विक्रीडतोः स्वैरम् ... ... | १५३ |
| एवं व्रजस्त्रियो राजन् ... ... | ११९ |
| कच्चित्तुलसि कल्याणि ... ... | ५३ |
| कदाचिदथ गोविन्दः ... ... | १५० |
| कर्णोत्पलालकविटङ्क ... ... | १२४ |
| कच्चित्कुरवकाशोक ... ... ... | ५३ |
| कश्चिन्महानहिस्तस्मिन् ... ... | १४२ |
| कस्याश्चित्पूतनायन्त्याः ... ... | ५९ |
| कस्यांचित्स्वभुजं न्यस्य ... ... | ६० |
| कस्याः पदानि चैतानि ... ... | ६४ |
| कस्याश्चिन्नाट्यविक्षिप्त ... ... | १२२ |
| काचित्कराम्बुजं शौरेः ... ... | ९६ |
| काचिदञ्जलिनागृह्णात् ... ... | ९७ |
| काचित्समं मुकुन्देन... ... ... | १२० |
| काचिद्रासपरिश्रान्ता ... ... | १२१ |
| कामं क्रोधं भयं स्नेहम् ... ... | १२ |
| कारुयङ्ग ते कलपदा ... ... | ४१ |
| किमुताखिलसत्त्वानाम् ... ... | १३५ |
| किं ते कृतं क्षितितपः ... ... | ५५ |
| कुन्ददामकृतकौतुक ... ... | १७४ |
| कुर्वन्ति हि त्वयि रतिम् ... ... | ३२ |
| कुशलाचरितेनैषां ... ... ... | १३६ |
| कृत्वा मुखान्यवशुचः ... ... | २७ |
| कृत्वा तावन्तमात्मानं ... ... | १२८ |
| कृष्णं विदुः परं कान्तं ... ... | ९ |
| कृष्णरामायिते द्वे तु ... ... | ६० |
| कृष्णविक्रीडितं वीक्ष्य ... ... | १२७ |
| केशप्रसाधनं त्वत्र... ... ... | ६७ |
| को भवान् परया लक्ष्म्या ... ... | १४५ |
| क्रोशन्तं कृष्ण रामेति ... ... | १५४ |
| क्वणितवेणुरववंचितः ... ... | १७२ |
| गतिस्मितप्रेक्षण ... ... ... | ५० |

| श्लोकाः | पृष्ठाङ्काः |
|---|---|
| गत्यानुरागस्मित ... | ४९ |
| गायन्त्य उच्चैरमुमेव | ५१ |
| गावो हिरण्यं वासांसि | १४१ |
| गोपीनां तत्पतीनां च | १३८ |
| गोप्यः स्फुरत्पुरटकुण्डल | १२९ |
| गोप्यो लब्ध्वाच्युतम् | १२४ |
| गोप्यः कृष्णे वनं याते | १५८ |
| गोप्यस्तद्गीतमाकर्ण्य | १५१ |
| चलसि यद्व्रजात् ... | ९६ |
| चित्तं सुखेन भवता... | ३४ |
| चूतप्रियालपनसा ... | ५४ |
| जगतुः सर्वभूतानाम् | १५१ |
| जयति तेऽधिकं जन्म | ७५ |
| ततश्च कृष्णोपवने ... | १३१ |
| ततो गत्वा वनोद्देशम् | ६९ |
| ततोऽविशन् वनम्... | ७२ |
| ततो दुन्दुभयो नेदुः | ११७ |
| तत्रैकोवाच हे गोपाः | ६१ |
| तत्रोपविष्टो भगवान् | १०४ |
| तत्रारभत गोविन्दः | ११४ |
| तत्रातिशुशुभे ताभिः | ११८ |
| तत्रैकांसगतं बाहुम् | १२२ |
| तत्र स्नात्वा सरस्वत्यां | १४१ |
| तदङ्गसङ्गप्रमदा ... | १२६ |
| तद्दर्शनाह्लादविधूत ... | १०२ |
| तदोडुराजः ककुभः... | ३ |
| तद्यात मा चिरम् ... | २२ |
| तन्नः प्रसीद वृजिनार्दन | ३८ |
| तन्मनस्कास्तदा ... | ७३ |
| तमपृच्छद्धृषीकेशः | १४४ |
| तमन्वधावद्गोविन्दः | १५५ |
| तमेव परमात्मानम् | ९ |
| तया कथितमाकर्ण्य | ७२ |
| तयोर्निरीक्षतो राजन् | १५३ |
| तर्हि भग्नगतयः सरि . | १६३ |
| तव कथामृतम् ... | ८४ |
| तस्य चाक्रन्दितं ... | १४३ |
| तस्याः अमूनि नः ... | ६६ |
| ता दृष्ट्वान्तिकमायाताः | १८ |
| ता वार्यमाणाः पतिभिः | ७ |
| ताभिः समेताभिरुदार | ४४ |
| ताभिर्विधूतशोकाभिः | १०० |
| ताभिर्युतः श्रममपो... | १२९ |
| तासामाविरभूच्छौरिः | ९५ |
| तासामतिविहारेण... | १२८ |
| तासां तत्सौभगमदम् | ४७ |
| ताः समादाय कालिन्द्या | १०१ |
| तैस्तैः पदैस्तत्पदवीम् | ६२ |
| तं काचिन्नेत्ररन्ध्रेण... | ९९ |
| त्वं त्वाहं भवभीतानाम् | १४७ |
| तं विलोक्यागतं प्रेष्ठम् | ९६ |
| दर्शनीयतिलको वन | १६६ |
| दिनपरिक्षये ... | ८७ |
| दुहन्त्योऽभिययुः ... | ५ |
| दुःशीलो दुर्भगो ... | २४ |
| दुःसह प्रेष्ठ विरह ... | ८ |
| दैत्यायित्वा जहारान्याम् | ५९ |
| दृष्टं वनं कुसुमितम्... | २२ |
| दृष्टो वः कच्चिदश्वत्थः | ५२ |
| दृष्ट्वा कुमुद्वन्तमखण्ड | ४ |
| धर्मव्यतिक्रमो दृष्टः ... | १३४ |
| धन्या अहो अमी ... | ६५ |
| न खलु गोपिका ... | ७९ |
| न चैवं विस्मयः ... | १३ |
| नद्याः पुलिनमाविश्य | ४५ |
| न पारयेऽहं निरवद्य... | ११२ |
| न लक्ष्यन्ते पदान्यत्र | ६६ |
| नाहं तु सख्यः ... | ११० |
| नासूयन् खलु ... | १३८ |
| निजपदाब्जदलैः ... | १७१ |
| निशम्य गीतं ... | ५ |
| निशाम्य कृष्णस्य ... | १४९ |
| निशामुखं मानयन्तौ | १५१ |
| नैतत्समाचरेत् ... | १३५ |
| नृत्यती गायती ... | १२३ |
| नृणां निःश्रेयसार्थाय | ११ |
| पतिसुतान्वयभ्रातृ ... | ९१ |
| पदानि व्यक्तमेतानि | ६२ |

| श्लोकाः | पृष्ठाङ्काः |
| --- | --- |
| परिवेषयन्त्यस्त | ६ |
| पादन्यासैर्भुज | ११९ |
| पुनः पुलिनमाविश्य | ७३ |
| पृच्छतेमा लताः | ५७ |
| प्रपन्नोस्मि महायोगिन् | १४८ |
| प्रणतदेहिनाम् पा | ८२ |
| प्रणतकामदं | ८८ |
| प्रहसितं प्रिय | ८५ |
| प्रेष्ठं प्रियेतरमिव | २७ |
| बद्धान्यया स्रजा | ६२ |
| बर्हिणस्तबकधातु | १६३ |
| बाहुप्रसारपरिरम्भ | ४६ |
| बाहुं प्रियांस उपधाय | ५७ |
| ब्रह्मरात्र उपावृत्ते | १३९ |
| भगवानपि ता रात्रिः | १ |
| भजतोनु भजन्त्येके | १०६ |
| भजन्त्यभजतो ये वै | १०८ |
| भजतोपि न वै केचित् | १०८ |
| भर्तुः शुश्रूषणं स्त्रीणां | २४ |
| मणिधरः क्वचिदागणयन् | १७२ |
| मदविघूर्णितलोचन | १७८ |
| मधुरया गिरा वल्गु | ८३ |
| मन्दवायुरुपवात्य | १७४ |
| महदतिक्रमणशङ्कित | १६८ |
| मातरः पितरः पुत्राः | २१ |
| मा भैष्ट वातवर्षाभ्याम् | ६१ |
| मालत्यदर्शि वः | ५४ |
| मिथो भजन्ति ये सख्यः | १०७ |
| मैवं विभोर्हति भवान् | २९ |
| यत्ते सुजातचरणा | ९३ |
| यत्पत्यपत्यसुहृदां | ३० |
| यत्पादपङ्कजपराग | १३७ |
| यदुपतिर्द्विरदराज | १७८ |
| यन्नामगृह्णन्नखिलान् | १४८ |
| यर्ह्यम्बुजाक्ष तव | ३६ |
| यं मन्येरन्नभस्तावत् | ११५ |
| रजन्येषा घोररूपा | २० |
| रहसि संविदम् | ९२ |
| रासोत्सवः संप्रवृत्तः | ११५ |
| रेमे तया चात्मरतः | ६८ |
| लिम्पन्त्यः प्रमृजन्त्योन्याः | ६ |
| वत्सलो व्रजगवाम् | १७५ |
| वनलतास्तरवः | १६४ |
| वलयानां नूपुराणाम् | ११७ |
| वामबाहुकृतवाम | १५९ |
| विक्रीडितं व्रजवधूभिः | १३९ |
| विरचिताभयम् | ८० |
| विविधगोपचरणेषु | १७० |
| विषजलाप्ययात् | ७८ |
| वीक्ष्यालकावृतमुखम् | ३९ |
| वृन्दशो व्रजवृषाः | १६१ |
| व्यक्तं भवान् व्रजः | ४२ |
| व्योमयानवनिताः | १५९ |
| व्रजति तेन वयम् | १७१ |
| व्रजजनार्तिहन् | ८१ |
| व्रजवनौकसाम् | ९२ |
| शङ्खचूडं निहत्यैवं | १५७ |
| शरदुदाशये | ७६ |
| शरच्चन्द्रांशुसंदोह | १०२ |
| शापो मेऽनुग्रहायैव | १४६ |
| श्रवणाद्दर्शनाद्ध्यानात् | २५ |
| श्रीर्यत्पदाम्बुजरजः | ३७ |
| स कथं धर्मसेतूनाम् | १३३ |
| स चुक्रोशाहिना ग्रस्तः | १४३ |
| सभाजयित्वा तम | १०५ |
| सरसि सारसहंस | १६६ |
| सर्वास्ताः केशवा | १०० |
| सवनशस्तदुपधार्य | १७० |
| सवीक्ष्य तावनु | १५५ |
| स वै भगवतः | १४४ |
| सहबलः स्रगवतंस | १६८ |
| सा च मेने तदा | ६८ |
| सिञ्चाङ्ग नस्त्वधरा | ३५ |
| सुरतवर्धनम् | ८९ |
| सोम्भस्यलं युवति | १३० |
| संस्थापनाय | १३२ |
| स्वागतं वो महाभागाः | ९ |
| हन्त चित्रमबलाः | १६१ |
| हा नाथ रमण प्रेष्ठ | ७० |

# फलप्रकरणकारिकाणां वर्णानुक्रमेण सूची ॥


| श्लोकाः | पत्राङ्काः |
|---|---|
| अतो न कापि मर्यादा | ४४ |
| अतोत्र धर्मिधर्माणाम् | ५१ |
| अतोत्र मासयुग्माहि | १५७ |
| अतोत्र भगवांश्चक्रे | ११३ |
| अथवा प्रार्थनायायाः | ७४ |
| अनन्यपूर्वा द्विविधा | ७४ |
| अनुभावस्तु नादस्य | १५९ |
| अन्तःस्थितो रसः पुष्टः | ७८ |
| अन्तःप्रविष्टो भगवान् | १५९ |
| अष्टाविंशे हरेर्गान | ७४ |
| अस्याः सर्वोपकाराय | ११३ |
| आत्मा यावत्प्रपञ्चोभूत् | २ |
| एकत्रिंशे सर्वभावात् | ९४ |
| एकोनात्रिंशकेध्याये | ९४ |
| एकोनविंशतिधा गोप्यः | ७४ |
| एवमुद्धृतभक्तास्तु ... | १४० |
| एवं स्वयं भगवतः | ५१ |
| एवं रूपप्रपञ्चस्य ... | १४० |
| एवं वेणुर्द्वादशधा ... | १५९ |
| कामेन पूरितः कामः | ४४ |
| कृष्णभावनया सिद्धा | ७४ |
| क्रिया सर्वापि सैवात्र | ४४ |
| गर्वाभावश्च तत्रादौ | ४८ |
| जलं वायुश्च सामग्री | ११३ |
| जानाति भगवानेव ... | १५९ |
| जीवेन्तःकरणे चैव... | १३ |
| तत्तद्वाक्यानुसारेण | ७४ |
| ततो हि भजनानन्दः | १ |
| ततो रूपप्रपञ्चस्य | १ |
| ततोनाकाविलासेन | ४३ |
| ततोविशेषविज्ञानात् | ५१ |
| तथैवानन्यपूर्वाश्च | ७४ |
| तदर्थं भगवांस्तासु | ४८ |
| तमोरजःसत्त्वभेदाः | १९ |
| तादृशीं भावनां कुर्यात् | १३ |
| तिरोभावस्ततश्चापि | ४२ |
| त्रयोत्र त्रिविधाप्रोक्ताः | १५९ |
| त्रिंशत्तमे हरिःप्रीतः | ११३ |
| देवास्त्रियस्तथा गावः | १५९ |
| दोषोभिमानवचनम् | ६९ |
| द्वात्रिंशेन्तर्गोपिकानाम् | १५७ |
| नहिसाधनसंपत्त्या | ९४ |
| पुनस्ता एव त्रिविधा | ७४ |
| पूर्वोक्तमपि सर्वं हि | ८३ |
| बलभद्रेण सहितः ... | १४० |
| बाह्याभ्यन्तरभेदेन | १ |
| ब्रह्मानन्दात्समुद्धृत्य | १ |
| भक्त्यातिमतास्तद्भाव | ५९ |
| रसात्मकस्तु यः कामः | ११३ |
| राजसीतामसीचैव | ७४ |
| लौकिकस्त्रीषु संसिद्धः | १ |
| वाक्प्राणैस्तुतृतीया स्यात् | २ |
| वाक्यं हास्यमुरश्चैव | ९२ |
| वाक्यानांबाधवाक्यानि | २८ |
| शब्दार्थयोर्मुख्यतात्र | १५७ |
| शब्दो हि धूमवल्लोके | ५१ |
| श्रीकृष्णगोपिकास्तत्र | ७४ |
| षड्विंशे तु हरिः पूर्वम् | २ |
| षड्गुणैश्वर्यभावेन | ४३ |
| सत्त्वादिगुणभावेन | ५९ |
| सन्तुष्टः सर्वदुःखानि | ९४ |
| सप्तविंशे तिरोधानात् | ४८ |
| सर्वत्र हरिबुद्ध्या वा | ५९ |
| सर्वोत्तमा हरेर्लीला | १५९ |
| सात्विकी तामसीचैव | ७४ |
| सामान्यरमणं पूर्वम् | ४३ |
| स्त्रिय एव हि तं पातुम् | १ |
| स्वयं त्वयुक्तकरणात् | ६९ |
| स्वानन्दस्थापनार्थाय | ४८ |
| हरिण्यो देवगन्धर्वाः | १५९ |
| हरेर्गानं प्रियं मत्वा | ७४ |
| हस्तेन च स्वरूपेण | ८३ |

श्रीकृष्णाय नमः ।

**श्रीगोपीजनवल्लभाय नमः ।**

**श्रीमद्वल्लभाचार्यचरणकमलेभ्यो नमः ॥**

અથ દશમસ્કન્ધીય દ્વિતીયતામસપ્રકરણમાં ચતુર્થ ફ્લપ્રકરણનાં

શ્રીમદ્વલ્લભાચાર્યજીકૃત

# શ્રીસુબોધિનીજીનો ગુજરાતીમાં અનુવાદ

શ્રીવલ્લભાચાર્યજીના પ્રાકટ્યનો મુખ્ય ઉદ્દેશ શ્રીભાગવતનો ખરો અર્થ પ્રકટ કરવાનો છે તે તેમણે પોતેજ શ્રીભાગવતના પ્રથમસ્કન્ધસુબોધિનીના આરંભમાં **अर्थं तस्य** એ શ્લોકથી કહ્યું છે એટલે તે વિષે વધારે લખવાની જરૂર નથી. શ્રીસુબોધિની નામની શ્રીભાગવતની ટીકામાં આચાર્યચરણે એવો ક્રમ રાખ્યો છે કે જે અધ્યાયમાં વાત આવતી હોય તેને પ્રથમ કારિકાદ્વારા કહી દેવી પછી તે વાત ક્રમશઃ ચાલે એટલે સાંભળનારના મનમાં તે કથાનું અનુસંધાન રહ્યા જ કરે. તે પ્રમાણે શ્રીમદાચાર્યચરણ ફ્લપ્રકરણનું વ્યાખ્યાન કરતાં પ્રથમ તે પ્રકરણનો અર્થ નવ કારિકાઓમાં વર્ણવે છે.

બ્રહ્માનંદથી બહાર કાઢી ભજનાનન્દમાં જોડવામાં જે લીલા ઉપયોગી છે તે આ ચોથા [1]પ્રકરણમાં કહેવાય છે.[1] લૌકિકસ્ત્રીમાં[2] ભજનાનંદ સારીરીતે સિદ્ધ થયા છે. પછી તે સ્ત્રીદ્વારા તે આનંદ ભગવાનમાં આવે છે. એ કહેવાથી ભજનાનંદના અનુભવની યોગ્યતા કહેવામાં આવી.[2] તેથીજ ભજનાનંદ સ્ત્રીઓમાં સારીરીતે ધારણ કરાય છે. પુરુષોમાં પણ એ આનંદ સ્ત્રીદ્વારા પ્રાપ્ત થશે. બીજીરીતે તે મળી શકે નહિ.[3] તે ભજનાનંદનો અનુભવ કરવાને સ્ત્રીઓજ સમર્થ છે. તે સ્ત્રીઓમાં ઉતરેલો ભજનાનંદ ભગવાન્ લે છે માટે જ કૃષ્ણ રાતદિવસ સ્ત્રીઓમાં રમી રહ્યા છે.[4] એ કૃષ્ણની સ્ત્રીઓ સાથેની લીલા બાહ્ય[3] અને અંદર એવા ભેદથી બે પ્રકારની છે તેમાં આન્તર લીલા પરમ ફ્લરૂપ છે. પછી શબ્દાત્મિકા લીલા છે તેમાં કોઈ દોષ નથી એમ કહ્યું છે.[5] પછી રૂપપ્રપંચવડે પાંચ પ્રકારે ભક્તોસાથે ભગવાનનું રમણ છે. તેમાં પ્રથમ આત્માથી રમણ છે.

**ब्रह्मानन्दात्समुद्धृत्य भजनानन्दयोजने । या लीला युज्यते सम्यक् सा तुर्ये विनिरूप्यते ॥ १ ॥**
**लौकिकस्त्रीषु संसिद्धः तद्द्वारा पुरुषे भवेत् । स्वानन्दनुभवार्थं हि योग्यतापि निरूपिता ॥ २ ॥**
**ततो हि भजनानन्दः स्त्रीषु सम्यग्विधार्यते । तद्द्वारा पुरुषाणां च भविष्यति न चान्यथा ॥ ३ ॥**
**स्त्रिय एव हि तं पातुं शक्तास्तासु ततः पुमान् । अतो हि भगवान् कृष्णः स्त्रीषु रेमे ह्यहर्निशम् ॥ ४ ॥**
**बाह्याभ्यन्तरभेदेन आन्तरं तु परं फलम् । ततः शब्दात्मिका लीला विशिष्टा सा निरूप्यते ॥ ५ ॥**
**ततो रूपप्रपञ्चस्य पञ्चधा रमणं मतम् । आत्मना प्रथमा लीला मनसा तु ततः परा ॥ ६ ॥**

૧ તામસ પ્રકરણમાં. પ્રથમ પ્રમાણ, બીજું પ્રમેય, ત્રીજું સાધન, અને ચોથું ફ્લપ્રકરણ પ્રક્ષિપ્ત ત્રણ–અધ્યાય બાદ કરતાં ૨૬ થી ૩૨ સુધીના સાત અધ્યાય ફ્લપ્રકરણ છે. ૨ ભગવાન શિવાય બીજાની સાથે લગ્ન સંબંધવાળી સ્ત્રી લૌકિક સ્ત્રી કહેવાય છે. તે અહિં શ્રુતિરૂપાઓ છે. એમનાથી ભગવાન રમ્યા છે. ૩ રમણ બે પ્રકારનું તે સંયોગ અને વિપ્રયોગરૂપે. સંયોગમાં બાહ્ય પદાર્થોથી

બીજું મનથી રમણ છે[6] વાણી તથા પ્રાણથી ત્રીજું રમણ છે ઇન્દ્રિયોથી ચોથું રમણ છે અને શરીરથી પાંચમું રમણ છે એમ રૂપની પ્રતિષ્ઠા આત્માથી શરીર સુધીના પાંચ પદાર્થોમાં છે[7]. આ છવીશમા અધ્યાયમાં ભગવાન્ જીવોને આનંદયુક્ત કરે છે. તે જીવો પણ આત્મસમર્પણ કરનાર હોય તો તેને આનંદના અનુભવમાં ઉપાય કહે છે.[8] આત્મા જ્યાં સુધી ભગવાનમાં પ્રપત્તિયુક્ત હોય ત્યાં સુધી તેની સાથે ભગવાન્ ખેલે છે. તે ભગવાન્ જ્યારે ભક્તના અન્તઃકરણના સંબંધી થાય છે ત્યારે બહાર દેખાતા નથી કેમકે તે દુઃખને હરનાર છે.[9]

પ્રથમ ભજનાનંદને નિરૂપણ કરવા સારૂ સ્ત્રીઓમાં આનંદ સ્થાપન કરવો જોઇએ તેથી સ્ત્રીઓ સાથે રતિ કરવાની ભગવાને ઇચ્છા કરી તે વાત નીચેના શ્લોકથી કહે છે.

**श्रीशुक उवाच–**

**भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।**
**वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥ १ ॥**

શુકદેવજીએ કહ્યું—શરદને લઇને જેમાં મલ્લિકા પ્રફુલ્લિત થઈ છે એવી ( તે વરદાનમાં આપેલી ) રાત્રીઓને બુદ્ધિપૂર્વક જોઇને યોગમાયાનો આશ્રય કરીને ભગવાને પણ રમવાનું મન કર્યું.

**सुबोधिनी**—સાધન પ્રકરણમાં કુમારિકાના વ્રતથી પ્રસન્ન થઈ ભગવાને તેને કહ્યું છે કે "**मयेमाः रंस्यथ क्षपाः**" આ રાત્રિઓમાં તમે મારી સાથે રમશો. તે રાત્રિઓનો ભગવાને સ્વીકાર કર્યો પછી સર્વરાત્રિઓમાં તે આધિદૈવિકીને મૂકીને તેને પૂર્ણ કરી એટલે તે પૂર્ણિમારૂપ બની. ઋતુ પણ શરદ કરી તે શરદનું કાર્ય પુષ્પ તેને કરીને રસને ઉદ્દીપન કરનાર સર્વ સામગ્રી તૈયાર કરીને પછી સ્ત્રીઓ સાથે રમણ કરવા માટે કામના પિતામહરૂપ મનને ઉત્પન્ન કર્યું. સર્વના સંકલ્પને પ્રબુદ્ધ કરે ત્યારે પોતાનો સંકલ્પ પણ જાગવો જોઈએ. સંકલ્પને જગાડવામાં વેણુ સહાયક થશે. તેથી કામનું વર્ણન થશે. માટે પહેલાં રમવાનું મન કર્યું. ભગવાન્ પોતાનો આનંદ ગોપીઓમાં બીજીરીતે પણ મૂકી શકે તો પણ ભગવાનને રસની મર્યાદા રાખવી છે તેથી તે મર્યાદાના ક્રમવડે પ્રથમ પોતે મન કર્યું. ભગવાન સ્વરૂપાનંદને ગોપીઓમાં પધરાવે તો આનંદ એક સ્થાનથી બીજે સ્થાને જતાં તેમાં ફેર પડી જાય. અને તે સ્વરૂપથી ચ્યુત થાય તો પછી ભગ-

---

वाक्प्राणैस्तु तृतीया स्यात् इन्द्रियैस्तु ततः परा । शारीरी पञ्चमी वाच्या ततो रूपं प्रतिष्ठितम् ॥७॥
षड्विंशे तु हरिः पूर्वं जीवानानन्दयत्स्वयम् । ते चेत्समर्पितात्मानस्तत्रोपायश्च रूप्यते ॥ ८ ॥
आत्मा यावत्प्रपन्नोभूत् तावद्वै रमते हरिः । सोन्तःकरणसंबन्धी तिरोधत्ते हरिश्च सः ॥ ९ ॥

---

રમણ થાય વિપ્રયોગમાં હૃદયમાં ભાવાત્મક સામગ્રી હોય છે તેને પરમ ફલ માન્યું છે. તેથીજ ધર્મરૂપ સંયોગને અને ધર્મિરૂપે વિયોગને કહ્યો છે. શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ પણ ધર્મીરૂપ વિપ્રયોગાત્મક છે. ૪ રૂપમાં આત્મા, મન, વાક્પ્રાણ, ઇન્દ્રિયો અને શરીર એ પાંચ છે તે પાંચ લીલા એક એક અધ્યાયથી કહી છે. અથવા તે પાંચેમાં પાંચ પાંચ પ્રકારની ભગવલ્લીલા છે. એમ બન્ને પક્ષ શ્રીટીપણીજીમાં કહ્યા છે.

વાન્ નિરાનંદ કાં ન થાય ? એવી શંકા ન થવા માટે એઓ આનંદ સ્થાપન કરતાં પહેલાં યોગમાયાને પોતાની પાસે લઇને કામ કરે છે. યોગમાયાનું કામ એટલુંજ કે જે સ્વરૂપ જેવું હોય તેવુંજ તે બીજે મૂકી શકે. જેમ દેવકીના ઉદરમાં રહેલા સંકર્ષણને રોહિણીના ઉદરમાં મૂકતાં તેને કાંઈ અડચણ ન પડી એમ અહિં પણ તે યોગમાયા કરશે માટે પ્રથમ તેનો આશ્રય કર્યો એમ કહ્યું. જેમ પ્રમાણમાં અને મર્યાદામાં બલદેવનો ઉપયોગ છે તેમ કાર્યમાં યોગમાયાનો ઉપયોગ ભગવાનની લીલામાં સમજવો. તેમાં પણ આ યોગમાયા તો અન્તરઙ્ગા છે તેથી બીજે રહેલ પ્રમાણને બીજે લઈ જઈ શકે છે. તેમ બીજે રહેલો આનંદ બીજે મૂકવામાં નિપુણ છે. તેથી પ્રમાણથી જૂદો માર્ગ અને ભક્તિમાર્ગ આગળ વિસ્તારથી કહેવામાં આવશે. ભગવાને જે રાત્રિઓ રમણાર્થ નિર્માણ કરેલી તેનોજ પરિગ્રહ અહિં છે. જો સાધારણ રાત્રિનો સ્વીકાર કરે તો તે સર્વત્ર હોવાથી સર્વત્ર ભગવદાનંદ પ્રકટ થાય. તેમ ન થવા માટે વરમાં આપેલી રાત્રિઓનો પરિગ્રહ કર્યો તેથી જેને વરદાન મળ્યું છે તેનેજ આનંદનો અનુભવ થશે. શરદઋતુમાં મલ્લિકાનાં ફુલ ખીલે છે તે ફુલવાળી રાત્રિઓને જોઇને ભગવાને રમવાનું મન કર્યું અને યોગમાયાનો પોતાની પાસે આશ્રય કરીને રહ્યા. ૧

મનને કરવું પડતું નથી છતાં અહિં મન કર્યું એમ કહ્યું છે તેથી ભગવાન પોતે રમણની સામગ્રી રમણ સમયેજ સિદ્ધ કરે છે એમ કહ્યું. હવે તે મનનો દેવ મનમાં ન આવે ત્યાં સુધી મન કાંઈ કરી શકે નહિં માટે મનના અધિષ્ઠાતા ચંદ્રને ભગવાન્ પ્રકટ કરે છે તે નીચેના શ્લોકથી કહે છે.

**तदोडुराजः ककुभः करैर्मुखं प्राच्या विलिम्पन्नरुणेन शंतमैः ।**
**स चर्षणीनामुदगाच्छुचो मृजन् प्रियः प्रियाया इव दीर्घदर्शनः॥**

ઘણા કાલે જેને દર્શન થયું છે એવો પ્રિય પ્રિયાના મુખને મંડન કરે તેમ અહિં પણ ભગવાને જ્યારે મન કર્યું ત્યારેજ ચંદ્ર પોતાના સુખરૂપ કિરણોવડે પ્રાચી દિશાના મુખને રંગતો ચર્ષણીઓના શોકને દૂર કરતો ઉદય પામ્યો.

**सुबोधिनी**—ભગવાને રમણનું મન કર્યું ત્યારે જ મનનો અધિષ્ઠાતા ચંદ્ર પૂર્વદિશામાં ઉગ્યો. જો કે રાત્રિઓ બધી એક વખતે જોઈ છે તથાપિ તે ક્રમથી એક પછી એક રહેલી છે. ભગવાનના મનનો આધિદૈવિક ચંદ્ર પૂર્ણ છે નિષ્કલંક છે મનના પ્રાકટ્યમાં તેનું પ્રાકટ્ય છે. ભગવત્ક્રીડાની સમાપ્તિમાં તેની સમાપ્તિ છે. તે આકાશના મધ્યભાગ સુધીજ ઉંચો જાય છે તે કોઈ દિવસ અસ્ત થતો નથી. તે ચંદ્રમા સ્ત્રીઓના નક્ષત્રરૂપ મનનો રક્ષક છે. ભગવાનનું મન પહેલુંજ થયું છે તેથી તેનો પૂર્વ દિશામાં ઉદય થયો છે. પૂર્વ દિશા દેવોની છે તેનો અધિષ્ઠાતા દેવ ઇન્દ્ર છે. અત્યારે તો ભગવાન્ જ ઇન્દ્ર છે. તેના રેતોરૂપ ચંદ્ર પૂર્વદિશામાં પ્રકટ્યો છે. માટે પ્રાચી દિશાના મુખ (મધ્યભાગ)ને પોતાના કિરણોથી લિંપતો ઉગે છે. પ્રાચી દિશામાં રંગ ન હતો કેમકે પ્રતીચીમાં સૂર્યનો સંબંધ થતાં રાગ થયો હતો તેથી આ પ્રાચીના મુખને ચંદ્રે પોતાના કિરણો કેસર જેવા છે તેનાથી રંજિત કર્યું છે. જો ચંદ્ર પોતાની દિશાના મુખને રંજીત ન કરે તો ભગવાનનું મન પણ સ્ત્રીઓના મનને રંગી ન શકે. ચંદ્રના કિરણો દિવસનો તાપ મટાડે છે તેથી સુખરૂપ છે. ઠંડા છે. તેમાં અરુણગુણ છે. તેથી તે મંગળરૂપ છે. અરુણરંગ મુખ્ય છે. પુરુષ પણ જો અનુરાગથી

સ્પર્શ કરે તો સુખ થાય. અહિં કહે છે કે આ ચંદ્ર મનનો અધિષ્ઠાતા જ હોય તો તેનો મનમાં ઉદય થવો જોઇએ. જો આ ચંદ્ર અંધારૂં મટાડે તો તો ભગવાન જ અંધારૂં મટાડનાર હોઇને તેની જરૂર નથી. જો ચંદ્રને કામોદ્દીપક ગણીએ તો ઉદ્દીપકતા ભગવાનથીજ સંભવશે. ચંદ્રથી તે કાંઈ થવાનું નથી. માટે અહિં ચંદ્રનું વર્ણન કર્યું તેનું અસાધારણ કાર્ય શું છે તે કહેવું જરૂરી છે. એમ કહે તેના ઉત્તરમાં કહે છે કે તે ચંદ્ર ચર્ષણીઓના શોકને મટાડનાર છે. ચર્ષણીઓ એટલે સર્વત્ર પરિભ્રમણ કરનારી શક્તિઓ. તે સર્વત્ર ફરી પણ તેને ક્યાંય પણ પરમાનંદનો સંબંધ થયો નાહિં. કોઈ જીવ મુક્ત થાય તે પહેલાં તો ચર્ષણી તેમાંથી નિકળી જાય એટલે ભગવત્સંબંધ તેને આજ સુધી થયો નહિં તેનો શોક તેના મનમાં હતો. અથવા **सचर्षणी** શબ્દ સાથે લઇએ તો ચર્ષણી સહિત જીવો તેનો શોક હમણાં જ મટવાનો કેમકે તે ભક્તો નૃત્યમાં ભ્રમણ કરતાં પરમાનંદનો અનુભવ કરશે એમ કહેવાનું છે. ઘણું કરીને તે વખતના જીવો ચર્ષણી શક્તિવાળા જ હતા. તેમણે ચંદ્રને ઉગતો જોયો ત્યારે જરૂર પરમાનંદ પ્રાપ્ત થશે એમ તેઓને લાગ્યું તેથી તેમના મનનો શોક નિવૃત્ત થયો એમ કહ્યું છે. અહિં ચંદ્ર ઉદય થયો તેના કારણ ત્રણ જણાય છે. દિગ્દેવતાના મુખને સાફ કરવું, ચર્ષણીનો શોક દૂર કરવો, અંધારૂં મટાડવું વગેરે. કંઠથી કહેલાં બે કાર્ય તે ચંદ્રજ કરી શકે એમ કહેવા માટે દૃષ્ટાન્ત કહે છે. ઘણાદિવસે દર્શન કરતો પ્રિય જેમ પ્રિયાના મુખને મંડન કરી તેનો શોક મટાડે તેમ. પતિવ્રતાના મુખને મંડન કરવાનું કાર્ય બીજા કોઈથી બને નાહિં તેનો પતિજ તેનું સાન્ત્વન કરી શકે. તેથી સુબોધનીમાં પતિવ્રતા એનું પ્રિયાને વિશેષણ આપ્યું છે. ૨

એમ મન અને તેના દેવતાની ઉત્પત્તિ કહીને હવે સંકલ્પને ઉત્પન્ન કરવા માટે તે શબ્દયોનિ (શબ્દનું કારણ) છે એમ કહીને હવે વેણુનાદ થયો તેનું વર્ણન કરે છે.

**दृष्ट्वा कुमद्वन्तमखण्डमण्डलं रमाननाभं नवकुंकुमारुणम् ।**
**वनं च तत्कोमलगोभिरञ्जितं जगौ कलं वामदृशां मनोहरम् ॥**

પૃથ્વીમાં સર્વત્ર હર્ષ ઉત્પન્ન કરનાર અખંડિત મંડળવાળા લક્ષ્મીના મુખ જેવા મુખવાળા નવકેસર જેવા લાલ ચંદ્રને અને તે ચંદ્રના કિરણોથી રંગાયેલા વનને જોઇને સુંદર દૃષ્ટિવાળી સ્ત્રીઓના મનને હરનાર ગાયન ભગવાને ગાયું.

**सुबोधिनी**—કુમુદ્વાન્ એટલે ચંદ્રે પૃથિવીમાં સર્વત્ર હર્ષ ઉત્પન્ન કર્યો. તેમ કરવાનું તેનામાં સામર્થ્ય છે કેમકે તે ચંદ્રનું મંડળ અખંડિત છે. એ ચંદ્રને રસમાં વિભાવપણું પણ છે. એમ કહેવા માટે લક્ષ્મીના મુખ જેવા મુખવાળો તે છે એમ કહ્યું છે. તેનું કારણ કે ચંદ્ર લક્ષ્મીનો ભાઈ છે. તેથી તેના મુખનું સાદૃશ્ય છે. વળી તે મુખ નવા કેસરથી અરુણરંગવાળું છે. તેથી લક્ષ્મીના લગ્ન વખતે તેણે કુંકુમથી મુખને રંજીત કરેલું હતું તેવો આ ચંદ્ર છે તેથી જેમ લક્ષ્મી લગ્ન વખતે નવીન કામજનિકા હતી તેમ આ પણ નૂતન કામજનક છે. વન કામને પુષ્ટ કરે છે. તે ચંદ્રના કોમલકિરણોથી વન પણ ચારે તરફ રંગવાળું થયું છે. કિરણો રસનું દોહન કરે છે. વનમાં તેનું પાલન થાય છે તેથી કિરણોને ગોશબ્દથી ઓળખાવ્યાં છે. તેને રમાના મુખ જેવો કહ્યો છે. તેથી રમાના નવીન કટાક્ષો ભગવદ્ભાવના કારણરૂપ છે તેમ આ કિરણો પણ નૂતન ભાવને પેદા કરનાર છે. ગોપદ અહિં ઇન્દ્રિયોને પણ કહી શકે તેથી ઇન્દ્રિયોમાં અત્યારે તો શૃંગારના ભાવો ઉત્પન્ન થયા છે તેનું

પોષણ તો સ્વામિનીઓના આવ્યા પછી થવાનું છે. એમ કહેવા માટે कोमलगोभिः એ કિરણનું વિશેષણ કર્યું છે. જ્યારે આ ચંદ્ર આખા વનને રંગી દે છે તો જેનેમાટે તે ઉદય પામ્યો છે તેને કેમ રંગે નહિં? હવે સંકલ્પદ્વારા કામને ઉત્પન્ન કરી સર્વ કાર્ય ભગવાન્ સિદ્ધ કરશે માટે અવ્યક્તમધુર ગાન કરવા લાગ્યા. તે ગાન પણ બધાને સારૂં નથી લાગતું પણ જેની ભગવાનમાં સુંદર દૃષ્ટિ છે તેનેજ મનોહર લાગે છે. શ્રુતિ પણ કહે છે કે સ્ત્રીઓ [1]ગાનારને ઇચ્છે છે. એટલે ભગવાને ગાન કરી બધીને બોલાવી. જો વ્યક્તમધુર ગીત ભગવાન્ ગાય તો ઘર બેઠાં જ સાંભળ્યા કરે પણ અહિં આવે નહિં માટે અવ્યક્તમધુર ગાન ભગવાને કર્યું તેનો નિશ્ચય કરવાને તે ઘરમાંથી નીકળી. જેની દૃષ્ટિ સુંદર ન્હોતી તેને તો ભગવાને બોલાવ્યાંજ નહિં. ૩

ત્યારે બધી સ્ત્રીઓ ત્યાં આગળ આવી. તે કહે છે.

**निशम्य गीतं तदनङ्गवर्धनं व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः ।**
**आजग्मुरन्योन्यमलक्षितोद्यमाः स यत्र कान्तो जवलोलकुण्डलाः ४**

કામને વધારનાર તે ભગવદ્ગીતને સાંભળતાં કૃષ્ણે જેના મનને ખેંચ્યાં છે એવાં વ્રજભક્તો એક બીજાના જાણવામાં ન આવે એવી ગુપ્તરીતે વનમાં જ્યાં કાન્ત વિરાજે છે ત્યાં ઉતાવળાં ચાલતાં વેગને લઇને કુંડળો હલાવતાં આવી પહોચ્યાં.

**सुबोधिनी**—જો કે ભગવાને તો કુમારિકાઓને બોલાવ્યા હતાં પરંતુ નોતરૂં સમાન હતું વિરોધ પણ કરવાનો હતો તેથી બધાં તે નાદને સાંભળીને આવ્યાં. વળી જે ભગવાને વનમાં ગાયું તે અનઙ્ગને વધારનારૂં ગાયું. અંગનો તો નાશ કરનાર તે ગાન હતું. તેથી નવા ઉત્પન્ન થએલા કામને લઇને તે ભગવાન્ પાસે આવ્યાં. તે તો વ્રજની સ્ત્રીઓ હતી. પ્રથમ પણ તે ભગવાનનાં જ હતાં તેથીજ કૃષ્ણે જેનું મન ગ્રહણ કર્યું હતું તે જલદી ચાલ્યાં અને જ્યાં પોતાના કાન્ત હતા ત્યાં આવી પહોચ્યાં. આ કહેવાથી બોલાવ્યાં હતાં તેજ પ્રથમ આવ્યાં એમ કહેવામાં આવ્યું. તે ભક્તોને તો કાન્ત મુખ્ય હતા તેથી તેની પાસે જવામાં કોઈને જાણવામાં ન આવે એવીરીતે ઉદ્યોગ કરવા લાગ્યાં. તે દરેકે ભગવાનને પોતાના પ્રિય પતિ માન્યા છે. જે તેમણે પહેલાં ઘણી કરેલા તેના શરીરનો વિચાર પણ તેણે ન કર્યો તેજ કહે છે કે એવા વેગથી આવ્યાં કે તેના કુંડલો હલતાં કાન દુઃખી ગયા તેનું તેને ભાન રહ્યું નહિં. તે સ્ત્રીઓ ગૌડ દેશની હતી તે કુમારિકાઓજ પ્રથમ ત્યાં આવી. પહેલાં મથુરા દેશમાં પણ જે નગરમાં ન રહેતી ગામડામાં રહેતી તે કુણ્ડલ પહેરતી અથવા તો ટોટીને કુંડળ કહ્યાં છે. ૪

પ્રસંગને લઇને જેને ન્હોતાં બોલાવ્યાં તે પણ અહિં આવ્યાં એ કહે છે.

**दुहन्त्योऽभिययुः काश्चित् दोहं हित्वा समुत्सुकाः ।**
**पयोऽधिश्रित्य संयावमनुद्वास्यापरा ययुः ॥ ५ ॥**

કેટલીક ગાયોનું દૂધ કાઢતી હતી તે ગાન સાંભળતાં દોહન કર્મ છોડીને ભગવાનમાં ઉત્કંઠા વધતાં ભગવાનપાસે આવી કેટલીક સ્ત્રીઓ દૂધ ગરમ કરતી હતી કેટલીકે ખીર ચૂલાઉપર મૂકેલી તેને નીચે મૂક્યા વગર ત્યાંની ત્યાંજ છોડી ભગવાન પાસે આવ્યાં.

---
१ गायन्तं स्त्रियः कामयन्ते.

**सुबोधिनी—**જે બધી ઘરના કામ કરનારી છે. તે સોળ હજારથી જૂદી છે. તે નવ પ્રકાર અથવા દશ પ્રકારનાં ભક્તો ભગવાન્ પાસે આવ્યાં. ગુણોના મિશ્રણથી નવ પ્રકાર થાય. નિર્ગુણ એક પ્રકાર મળી દસવિધભક્તો કહ્યા. કેટલીક જાતિધર્મ, લોકધર્મ, કુલધર્મ પરાયણ છે તે ત્રણ ત્રણ કહી છે. તેમાં ગોપની જાતની સ્ત્રીઓનો દૂધનો ધંધો છે. તે દૂધને ઉત્પન્ન કરે છે, દૂધને સાચવે છે અને દૂધને બાળીને ખોવા વગેરે કરે છે. તે પ્રથમ ત્રણ કહી છે એવી પણ સમૂહરૂપે છે, એમ કહેવામાટે શ્લોકમાં બહુવચન કહ્યું છે. કેટલીક દોહન કરતી હતી. તે કર્મ છોડાય એવું નથી છતાં વચમાં છોડીને ભગવાન્ પાસે પહોચી. ગાય અને વાછડું બાંધેલું તેમજ દોહનપાત્ર પણ ત્યાંજ રહ્યું તેમાં અર્ધું દૂધ પડ્યું છે તેને છોડવું એ અશક્ય જેવું છે. છતાં તેમ કરી તે કાન્તપાસે પહોચી કારણ કે અત્યારે તેણે વનમાં છું એવો સંકેત કર્યો. ક્ષણ પછી ક્યાં હોય તેની શું ખાત્રી? માટે દોહ છોડી તે કાન્ત પાસે પહોચી. બીજી કેટલીક હતી તેણે દૂધ ગરમ કરવા ચૂલાઉપર ધરેલ તેને ત્યાંજ રહેવા દઇને ચાલી નીકળી. ખાવાને માટે દૂધમાં ઘઉંનો રવો પકાવે તેને સંયાવ કહેવાય. તે જો વધારે આંચથી પાત્રને લાગી જાય તો તેમાં એક જાતિની દુર્ગન્ધ ફેલાય કે ખાવાના કામનો ન રહે તેથી તેને ધ્યાનપૂર્વક પકાવવો જોઇએ. તેને નીચે ઉતાર્યા વગરજ બીજીઓ ભગવાનપાસે પહોચી ગઈ. અહિં કાશ્ચન, અપરા વગેરે શબ્દોથી જૂદા જૂદા ગુણવાલી એટલે એકત્ર થઈને નથી ગઈ પણ જેને મનમાં આવ્યું તે ચાલતી થઈ છે. ૫

એમ ત્રણ રાજસી કહી હવે સાત્ત્વિકીને કહે છે.

**परिवेषयन्त्यस्तद्धित्वा पाययन्त्यः शिशून् पयः ।**
**शुश्रूषन्त्यः पतीन् काश्चिदश्नन्त्योपास्य भोजनम् ॥ ६ ॥**

કેટલીક પીરસતી હતી તે પીરસવાનું છોડી દઇને ગઈ. કેટલીક બાલકને સ્તનપાન કરાવતી હતી તે બાલકને છોડીને ગઈ. પતિની સેવા કરનારી પતિને છોડીને ગઈ અને પોતે જમતી હતી તે જમવાનું છોડીને પોતાના કાન્તપાસે વનમાં પહોચી.

**सुबोधिनी—**સ્વામિની અને બાળકોની સેવા કરવી એ સ્ત્રીનો ધર્મ છે. તેમાં ધણીની સેવા ભોજન વખતે અને શયન વખતે કરવાની તે સ્ત્રીઓનો સ્વધર્મ છે. નાનાં બચ્ચાને ધવરાવવું એ સ્ત્રીઓનો ધર્મ છે. પીરસવું એ રેતસ ઉત્પન્ન કરનાર હોવાથી સૃષ્ટિરૂપ છે. બાળકને સ્તન આપવું તેમાં તેનું પાલન થાય છે. ખાવાનું છોડીને ચાલી ગઈ તેમાં પ્રલય છે. તે તે કર્મ છોડી કાન્તની સમીપમાં ગઈ. બીજી તામસીને કહે છે. ભોજન કરતી હતી તે નાદ સાંભળ્યો કે ભોજન છોડીને ગઈ. ૬

**लिम्पन्त्यः प्रमृजन्त्योन्या: अञ्जन्त्यः काश्च लोचने ।**
**व्यत्यस्तवस्त्राभरणाः काश्चित्कृष्णान्तिकं ययुः ॥ ७ ॥**

કેટલીક શરીરને તેલ વગેરે લગાડતી હતી, કેટલીક ઉબટણો કરતી હતી, કેટલીક આંખો આંજતી હતી. કેટલીક અવળાં સવળાં લુગડાં ઘરેણાં પહેરી કૃષ્ણની પાસે જઈ પહોચી.

**सुबोधिनी**—શરીરને આંમલાં વગેરે ચોળતી હતી. કેટલીક લગાડેલું તેલ કાઢવા માટે ઉબટણો કરી રહી હતી અથવા ઘરેણાં અથવા દહી જમાવવાનાં વાસણો સાફ કરતી હતી. આમાં પણ પહેલાંનો ક્રમ લેવો. શરીરસેવા કરતાં ગાયની સેવા મુખ્યા તેના કરતાં પતિની સેવા મુખ્ય સમજવાની છે. તેમાં કેટલીક નેત્રમાં અંજન કરતી હતી તે ગુણાતીત કહી. એમાં 'કેટલીક' એમ કહ્યું છે તે અધિકારની દુર્લભતા બતાવવા માટે છે. તે નેત્ર આંજનારી જ્ઞાનમાર્ગને શુદ્ધ કરનારી હોવાથી નિર્ગુણ છે. તેને ભગવાનની પાસે આવવામાં તેના દેહનો વિચાર પણ તેના મનમાં ન આવ્યો તો દેહના ધર્મો તો તેને ક્યાંથીજ બાધક થાય. તે કહેવા માટે વસ્ત્ર અને ભૂષણનો વ્યત્યાસ કહ્યો છે. અવળાં સવળાં ઘરેણા અને લુગડાં પહેર્યાં છે. પગનું આભરણ ગળામાં અને ગળાનું પગામાં એ વ્યત્યાસ કહેવાય. તેમજ ઘાઘરો ઓઢી લેવો અને ચોલીની ચડી કરવી એ વસ્ત્રવ્યત્યાસ કહેવાય. એમ બધાંનો સાધારણ ઉદ્યમ કહેવામાં આવ્યો. કેટલાકનું કથન છે કે કપડાં ઘરેણાં તો પહેર્યાં પણ માર્ગમાં ચાલતાં વનમાં જવાનો માર્ગ છોડી મનમાન્યે માર્ગે ચાલ્યાં. તેમાંથી કેટલીક કૃષ્ણપાસે પહોચી કેટલીક ન પહોચી શકી. તેમાં જે શબ્દપરાયણ થઈ તેણે તૈયારી કરી પણ પહોચી નહિં. પણ જેણે શબ્દની અપેક્ષા ન કરી તેને કોઈ શું કહેશે તેની પરવા ન રહી તેથી તે ભગવાનપાસે પહોચી; તેના આવશ્યક દેહધર્મો પણ વિપરીત થયા છતાં ભગવાનપાસે આવી ગઈ. ૭

બધાં આવ્યાં તેનું કારણ કહે છે.

**ता वार्यमाणाः पतिभिः पितृभिः पुत्रबन्धुभिः ।**
**गोविन्दापहृतात्मानो न न्यवर्तन्त मोहिताः ॥ ८ ॥**

પિતા પતિ પુત્ર અને બાંધવોએ જવાની ના કહી તો પણ ગોવિંદે મન ખેંચવાથી મોહિત થએલી તે સ્ત્રીઓ તેમની રોકી રહી નહિં.

**सुबोधिनी**—'કન્યા[1] હોય ત્યાં સુધી બાપ રક્ષા કરે. પરણી એટલે પતિ રક્ષા કરે, વૃદ્ધાવસ્થામાં પુત્રો રાખે; કોઈ ન હોય તેની રક્ષા નાતિલાઓ કરે: પણ સ્ત્રીઓને કોઈ વખતમાં સ્વતંત્રતા ન જોઇએ' એ શ્લોકમાં સ્ત્રીઓની રક્ષા કરનાર ચાર કહ્યા. તેથી તે બધાએ તેમને જતી અટકાવી. કેટલીકને બાપે કેટલીકને દિકરાઓએ કેટલાકને બંધુઓએ અટકાવી. તે પિતા પુત્ર બંધુ વગેરે ભગવાનમાં વિરોધવાળા હતા. ફલમાં શું રસ છે તેને જાણતા ન્હોતા. પણ સાધનમાં નિષ્ઠાવાળા હતા. તે પોતાની માર્ફત સ્ત્રીઓની ગતિને માનનાર હતા. સ્ત્રી સ્વતંત્ર ભક્તિ કરી શકે એવું તેમનું માનવું ન્હોતું. પરંતુ ગોવિન્દે જેના અન્તઃકરણને આકર્ષ્યું તે રોક્યાં રહ્યાં નહિં કારણ નિવારણ કરનાર તો શબ્દ હતો. મુખથી બોલ્યા કે રાતમાં તમારાથી જવાય નહિં એ તો કાને સાંભળ્યું પણ પ્રવર્તક તો ભગવાન્ છે તેણે પ્રવૃત્ત કર્યાં. અન્તઃકરણમાં પુરુષો છે. તે બહાર કાંઈ કરી શક્યા નહિં. હોડી પવનના વેગથી ચાલતી હોય તેને આપણે કહીએ, 'ઉભી રહે,' તેથી તે ઉભી ન રહે. તેમ ભગવાને વેગ આપ્યો તે ના કહેવાથી ઉભી ન રહી, તેને સ્વધર્મ કે ભય ન્હોતો તે કહે છે કે તેને મોહ થયો. જો તે કૃષ્ણપાસે ન જાત તો મૂર્છિત થઈ

---

१ 'रक्षेत्कन्यां पिता विन्नां पतिः पुत्रस्तु वार्धके । अभावे ज्ञातयस्तेषां न स्त्री स्वातन्त्र्यमर्हति' ।

ते प्राणने छोडी दते. आ भक्तोने सर्वात्मभाव छे ए बतावना माटे व्रजवासीओने आ भक्तो भगवानपासे आव्यां तेनुं ज्ञान कराव्युं छे. एम जो न होय तो आगळ **मन्यमानाः स्वपार्श्वस्थान्** ए वाक्यथी जेम तेमने वनमां गयानुं पण ज्ञान नथी तेम अहिं तेने अज्ञान केम न करावे? प्रक्षालनपंकन्यायवडे तेने बोलावीने तेमां दोषनी संभावना थाय. तेना दोषने कहाडी शुद्ध करवा करतां तेमां कोई दोष न दे एम करवुं एज उत्तम गणाय. ८

एम दसविध भक्तो भगवान् पासे आव्यां पण जेने काळे प्रतिबंध कर्यो ते प्रथमथी भक्तिवाळां हतां तेणे भजनानंदनो लाभ न लीधो पण तेने प्रतिबंध थतां ते भगवत्सायुज्यने पाम्यां ते वात आगळना श्लोकथी कहे छे.

**अन्तर्गृहगताः काश्चित् गोप्योऽलब्धविनिर्गमाः ।**
**कृष्णं तद्भावनायुक्ताः दध्युर्मीलितलोचनाः ॥ ९ ॥**

केटलीक गोपीओ घरनी अंदर हती तेने घर बहार नीकळवानो रस्तो न मळतां तेणे कृष्णनी भावनाथी आंखो मिंचीने तेनुं ध्यान कर्युं.

**सुबोधिनी**—दैवगतिथी केटलीक अंदरना घरना भागमां हती. ते गोपनी स्त्रीओ एटले एनामां चातुर्य तो न्होतुंज. बहु मोटी न्होती पतिओनी रक्षामां रहेनारी हती ते घरमांथी बहार नीकळी शकी नहिं परंतु पोताने प्रतिबंध थयो तेथी तेमणे कृष्णनुंज ध्यान कर्युं. पण तेनो भाव एवो हतो के भगवान् आपणा जार छे आपणे तेनी पासे जवुंज जोइए. ते भाव होइने तेने भगवानने मळवामां प्रतिबंध थयो. जो तेनो सर्वात्मभाव होत तो प्रतिबंध न थात पण तेनो कामभाव हतो तेथी प्रतिबंध थयो. प्रतिबंधमां पण तेणे आंखो बंध करीने भगवाननुं ध्यान कर्युं तेथी तेमनी मुक्ति थई. ९

त्यां शंका करे छे के तेने ज्ञान तो न्होतुं तेम विहितभक्ति न्होती भगवाननुं सानिध्य न्होतुं त्यारे तेनी मुक्ति केम थाय.

ए शंकाना उत्तरमां कहे छे के तेना कर्मनो क्षय थतां ते मुक्त थयां तेना कर्मक्षयनो प्रकार बतावे छे.

**दुःसहप्रेष्ठविरहतीव्रतापधूताशुभाः ।**
**ध्यानप्राप्ताच्युताश्लेषनिर्वृत्त्या क्षीणमङ्गलाः ॥ १० ॥**

दुःसह एवा प्रियतमना विरहतापमां तेनां बधां अशुभ कर्मो बळी गयां अने ध्यानमां पधारेला अच्युत भगवाननो आश्लेष थतां तेनुं सुख एटलुं बधुं थयुं के बधां शुभ कर्मो तेमां भोगवाई गयां एटले भोग शेष न रहेतां ते मुक्त थयां एम आगळना श्लोकमां संबंध छे.

**सुबोधिनी**—दुःखथी पण सहन न थई शके एवा अत्यंत प्रिय भगवाननो विरह मोटा अग्नि जेवो उत्पन्न थयो तेमां बधां पोताना पापो बळीने भस्म थयां फलनो भोग थाय त्यारे कर्म क्षीण थाय एवो नियम छे. तेमां करोडो ब्रह्माना कल्पोमां कुंभीपाकादि नरकमां जेटलां दुःख छे तेटलां भगवानना एक क्षणना वियोगमां ते दुःखो भोगवायां तेथी बधां पापनां फल तो भोगवाई गयां एमज पुण्यभोगनो प्रकार हवे

કહે છે. સર્વ પાપનો જ્યારે ક્ષય થયો ત્યારે ધ્યાનમાં ભગવાન પધાર્યા. તે પોતે પરમાત્મા અચ્યુત આવ્યા એ વખતે આ મારા જાર છે એવી તેની ભાવના ન્હોતી. જો ધ્યાનમાં પણ જારભાવ હોત તો તે કર્મ પણ ભોગવવું પડત. પણ તે તો ધ્યાનમાં અચ્યુત ભગવાન્ આવ્યા તેણે પરિરંભ કરતાં જે સુખ થયું તેનાવડે જન્મજન્મનાં શુભકર્મનાં ફલ ભોગવાઈ ગયાં. કોટિબ્રહ્મકલ્પમાં સ્વર્ગાદિલોકમાં જે સુખનો ભોગ થાય છે તે ક્ષણમાત્ર ભગવાનના આલિંગનથી સુખભોગ થઈ ગયો તેથી પુણ્ય બધાં ભોગવાઈ ગયાં એટલે પુણ્ય કે પાપ ભોગવવાનાં બાકી ન રહ્યાં. તેથી તેની મુક્તિ ન થાય તો બીજું થાય શું? પરમાત્માથી જૂદાં કરનાર તો પાપ કે પુણ્ય હોય. તે ન રહેતાં તે જીવ ભગવાનમાં મળી ગયો. ૧૦

**तमेव परमात्मानं जारबुद्ध्यापि संगताः ।**

**जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीणबन्धनाः ॥ ११ ॥**

જો કે અંતર્ગૃહગતાઓએ ભગવાનને પોતાના જાર સમજીને હૃદયમાં આવેલા ભગવાનનો આશ્લેષ કર્યો પણ જીવને પુણ્ય અને પાપ બંધન કર્તા હોય છે તે ભોગવાઈ જતાં ભગવદાશ્લિષ્ટ જીવને જૂદો કરનાર કોઈ ન રહેતાં તેનો ગુણમયદેહ પડી ગયો, જીવ ભગવાનમાં રહી ગયો.

**सुबोधिनी**—બહુદિવસથી ભગવાનને ભેટવાનું મન હતું તે સુખને માટે ભગવાનને ભેટ્યાં તેને ભગવાનથી જૂદું પાડનાર પાપ ન રહેવાથી તે ભગવાનમાંજ રહી ગયાં. શરીર તો ભોગ ભોગવવા માટે બન્યું હતું તે ભોગ ભોગવાઈ જતાં પડી ગયું. તેણે ધ્યાનમાં ભગવાનનો આશ્લેષ ન કર્યો હોત તો તેને ધર્મ અને અધર્મનું ફલ ભોગવવું પડત પણ ભગવાન હૃદયમાં પધાર્યા તેના આશ્લેષથી તેનાં પુણ્ય પાપ ભોગવાઈ જતાં જીવને ભગવાનથી જૂદું પાડનાર કર્મ ન હોવાથી તે ભગવાનમાં મળી ગયાં. તેઓ જ્યારે ધ્યાન કરવા લાગ્યાં ત્યારે તેને પ્રથમ જારભાવ હતો પણ જ્યારે કર્મ ભોગવાઈ ગયાં ત્યારે ગુણમયદેહને તેણે છોડી દીધો. અજ્ઞાન અથવા અન્યથાજ્ઞાન તો ત્રણ ક્ષણ રહે એટલે તે પ્રતિબંધ કરી ન શક્યાં ત્યારે ભગવાનથી જીવને જૂદો કરનારો કોઈ ન રહેતાં બીજું શરીર પેદા કરનાર પણ પુણ્ય પાપ ન હોવાથી બીજું શરીર ન થયું માત્ર તેને અવિદ્યા રહી હતી પણ તે તો ભગવાનની શક્તિ છે તે ભગવાનને ચોટેલ હોય તેને છુટું કરી શકતી નથી. તેમ તેને મોહ કરી શકતી નથી. અવિદ્યાનિવૃત્ત થતાં તેઓ મુક્ત થઈ ગયાં. ૧૧

અહિં રાજા શ્રુતિનો વિરોધ બતાવીને શંકા કરે છે.

**राजोवाच–**

**कृष्णं विदुः परं कान्तं न तु ब्रह्मतया मुने ।**

**गुणप्रवाहोपरमस्तासां गुणधियां कथम् ॥ १२ ॥**

રાજાએ કહ્યું અન્તર્ગૃહગતાઓ કૃષ્ણને પોતાનો જાર માનતી હતી. કૃષ્ણ પરબ્રહ્મ છે એવી તેની માન્યતા ન્હોતી. ત્યારે તો તે ગુણબુદ્ધિવાળાં કહેવાય તેના ગુણ-પ્રવાહનો ઉપરમ કેમ સંભવે?

**सुबोधिनी**—'તે બ્રહ્મને જાણવાથી મૃત્યુ તરાય છે કોઈ બીજો માર્ગ મૃત્યુને તરવાનો નથી.' એ શ્રુતિમાં મોક્ષનું સાધન જ્ઞાન છે એમ કહ્યું 'વિષ્ણુ ભક્તિથીજ સંતુષ્ટ થાય છે કોઈ બીજીવાતથી પ્રસન્ન થતા નથી' 'તેજ વિષ્ણુ મુક્તિ આપનાર છે તે મુક્તિનું કારણ ભક્તિ જ છે' બન્ને વાત કહી તેનો નિર્ણય ભાગવત કરે છે. મારૂં નિર્ગુણ જ્ઞાન અને નિર્ગુણ ભક્તિ તે બન્નેથી ભગવત્પ્રાપ્તિ થાય છે. 'ભક્તિથી મારૂં જ્ઞાન થાય છે.' એમ પણ ભગવાન્ કહે છે. તેથી મર્યાદામાં જ્ઞાનથી મુક્તિ થાય. પુષ્ટિમાં જ્ઞાન અથવા ભક્તિથી મુક્તિ થાય. આ અન્તર્ગૃહગતાઓને ભક્તિ કે જ્ઞાન બન્ને ન્હોતા. ભક્તિ તેને હતી એમ કહો તો તે સગુણ હતી જ્ઞાન પણ સગુણ હતું. તે બન્ને તામસ હતાં તેથી તેની મુક્તિ આપે કહી તે કેમ સંભવે? તે તો કૃષ્ણને कान्त માનતાં કાન્ત તો ધણી અથવા જાર કહેવાય. પણ તે કૃષ્ણને બ્રહ્મ માનનાર ન હતાં. હે મુનિ આપ બધું જાણો છો માટે મને આનો નિર્ણય આપો એમ કહેવા માટે 'મુને' એ સંબોધન છે. વિરોધ તો સ્પષ્ટ છે તેમને ભગવાનમાં તથા પોતાનામાં ગુણબુદ્ધિ હતી. ગુણબુદ્ધિ ગુણપ્રવાહ (જન્મમરણ)નું મૂળ ગણાય. જો એમ ન માનો તો ગુણબુદ્ધિ ન રાખવાનું કહેનારાં શાસ્ત્રો નકામાં થઈ જાય. વૈદિક પક્ષ તો અહિં સંભવતો જ નથી. તો પછી ગુણબુદ્ધિવાળાને ગુણપ્રવાહ બંધ કેમ થયો? તે આપ મને કહો. ૧૨

## श्रीशुक उवाच-

## उक्तं पुरस्तादेतत्ते चैद्यः सिद्धिं यथा गतः ।
## द्विषन्नपि हृषीकेशं किमुताधोक्षजप्रियाः ॥ १३ ॥

શુકદેવ બોલ્યા—પહેલાં શિશુપાલ ભગવાનનો દ્વેષી હતો છતાં તે ભગવાનમાં પ્રવિષ્ટ થયો તે વાત પહેલાં તને કહી છે તો આ તો ભગવત્પ્રિય હતાં તેનું ભગવત્સાયુજ્ય થાય તેમાં આશ્ચર્ય શું છે.

**सुबोधिनी**—શિશુપાલની મુક્તિ વખતે સપ્તમસ્કન્ધમાં એ વાત કહી છે. જેમ ભક્તિ અને જ્ઞાન મુક્તિ આપનાર છે તેમ ભગવત્સ્વરૂપ પણ મુક્તિ આપનાર છે. ભગવાન્ આત્મીયોને મુક્તિ આપવા માટે અવતરે છે. એટલે સત્ ચિત્ અને આનંદરૂપે પ્રકટે છે. ત્યારે કોઈ પણ જીવ કોઈ પ્રકારે તે ભગવાનના સંબંધમાં આવે તો તે મુક્ત થાય છે. જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ તો ભગવાનને ભૂતળ ઉપર પ્રકટાવવાનાં સાધન તરીકે થઈ શકે છે. અહિં તો ભગવાન્ પોતાની ઇચ્છાથી પધાર્યા છે. સર્વને સાધારણરીતે મુક્તિ આપવાની તેની ઇચ્છા છે. કેમકે ઈશ્વર કોઈના નિયમ્ય નથી તેથી એવી ઇચ્છા કેમ કરે એમ આપણે પૂછી ન શકીએ. ભગવાનનું પ્રાકટ્ય ત્રણ રીતે થાય એક તો ઇચ્છાથી બીજું જ્ઞાનથી અને ત્રીજું ભક્તિથી. ભગવાન્ ભૂતળને અલંકૃત ન કરતા હોય ત્યારે જ્ઞાન અથવા ભક્તિથી ભગવત્સાક્ષાત્કાર થઈ શકે. પણ જ્યારે સ્વેચ્છાથી આપ ભૂતળઉપર પધારે ત્યારે જ્ઞાન અને ભક્તિ પ્રાકટ્યમાં ઉપયોગી નથી એટલે જેમ વર્ષાકાળમાં જળ સર્વત્ર મળી શકે માટે કૂપાદિનો ઉપયોગ નથી એમ ન કહેવાય. તે વાત સપ્તમસ્કન્ધમાં શિશુપાળ ભગવાનમાં પ્રવિષ્ટ થયો તે દ્વેષ કરતો હતો છતાં તેને દ્વેષ પ્રતિબંધ કરનાર ન થયો. ભગવદ્દ્વેષ પ્રતિબંધક થવો જોઇએ પણ તે દ્વેષની સાથે નિરન્તર સ્મરણ કરતો હતો તેથી તેનાં પાપનો નાશ થતાં તેનું સાયુજ્ય થયું

ખરીરીતે તો તેમાં તેનો દોષ નથી કેમકે દ્વેષાદિ પણ ભગવાનેજ ઉત્પન્ન કર્યા છે કેમ કે ઇન્દ્રિયોને પ્રેરણા કરનાર ભગવાન છે. તે મનમાં આવે તેના ઇન્દ્રિયોમાં ભાવોને ઉત્પન્ન કરે છે. જ્યાં દ્વેષ પણ મોક્ષ આપનાર થાય તો ભગવાનનાં પ્રિયાઓની મુક્તિ થાય તેમાં શું કહેવાનું હોય વારુ? ૧૩

અહિં મુખ્ય યુક્તિને બતાવે છે.

**नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप ।**
**अव्ययस्याप्रमेयस्य निर्गुणस्य गुणात्मनः ॥ १४ ॥**

હે રાજન્ અવ્યય, અપ્રમેય, નિર્ગુણ છતાં લોકના કલ્યાણને માટે ભગવાન્ ભૂતળઉપર ગુણાત્મા પ્રકટ થાય છે.

**सुबोधिनी—**પ્રાણિમાત્રને મોક્ષનું દાન આપવા માટે ભગવાન્ જગતમાં પ્રકટ થાય છે. માટે આ પ્રાકટ્ય તો લોકકલ્યાણાર્થ છે એમ સમજો. લોકકલ્યાણરૂપ અસાધારણ કાર્ય ન હોય તો તે અહિં પધારે નહિં. ભૂભારહરણાદિ ભગવત્કાર્યો તે બીજીરીતે પણ કરી શકે છે. માટે નિ:સાધનના નિ:શ્રેયસાર્થે તેમનું લોકમાં પ્રાકટ્ય છે. હે નૃપ એમ રાજાને સંબોધન આપીને એમ બતાવ્યું કે રાજા પણ કોઈ વખતે કોઈ અસાધારણ કાર્ય માટેજ અન્યત્ર જાય છે, તેની પેઠે ભગવાનનું પણ સમજો. બીજીરીતે તેમનું અત્ર આવવું સંભવતું નથી. એમ કહેવા માટે ભગવાનને બીજાં વિશેષણો આપે છે કે ભગવાન્ સર્વ ઐશ્વર્ય યુક્ત છે કોઇને આધીન નથી. કાળ કર્મ સ્વભાવને નિયમમાં રાખનાર છે, નિરપેક્ષ છે, તે અહિં શામાટે પધારે? એમ ધારો કે ભગવાન્ પોતાને માટે ન પધારે પણ બીજાને માટે તો જરૂર પધારે એમ તમે કહી ન શકો કેમ કે તે અવ્યય છે ઇત્યાદિ ચાર પદથી તેનો ઉત્તર આપે છે. જે કૃતિસાધ્ય હોય અથવા જ્ઞાનસાધ્ય હોય તે બીજાના કામનું થાય છે. ભગવાન્ તો કૃતિ કે જ્ઞાન સાધ્ય નથી કેમ કે તે અવ્યય એટલે અવિકારી છે. અવિકૃત હોય તે નિત્ય હોઇને કોઈના કરવાથી થતો ન હોય. વળી અપ્રમેય એટલે કોઇરીતે પ્રમાણ વગેરેથી જાણી શકાય નહિં તેવા હોવાથી તે જ્ઞાન સાધ્ય નથી. તેને આપણી જેમ દેહ હોય તો તેની આપણે સેવા કરીએ પણ તેવું દેહાદિ પણ તેને નથી. કેમ કે તે ગુણથી પર છે. સગુણ હોય તેને પાર્થિવાદિ શરીરરૂપ ઉપાધિ હોય તેવું આને છે નહિં અટલે તે બીજાના જ્ઞાનનો વિષય ન થઈ શકે. જેમ ભૂખ હોય તેને અન્નનું દાન કરાય. કામ હોય તે સ્ત્રીનો ઉપયોગ કરી શકે ઇન્દ્રિયો હોય તો તે તે ઇન્દ્રિયદ્વારા તે તે વિષયનો ભોગ કરી શકે તેથી ભગવાનમાં સેવક પૂરી શકે એવો કોઈ વિષય નથી. તેથી ભગવાન્ ભજન કરવા યોગ્ય પણ નથી. આપણે એમ માનો કે તેને લીલા કરવી અપેક્ષિત છે તેને માટે બધું તેને જોઇએ તો ત્યાં કહે છે કે એમ કહેતા હો તો બધું તેનું જ છે. કેમ કે સર્વ ગુણના આત્મારૂપ તે જ છે. તેથી તેને સાધન રૂપે બીજાનો ઉપયોગ નથી. તેથી પોતાને માટે કે બીજાને માટે તેને કાંઈ અપેક્ષિત ન હોવાથી જો સાધન જોયા વગર ભગવાન્ મુક્તિ ન આપે તો તેનું અહિં પ્રકટ થવું પ્રયોજનરહિત ગણાય. ૧૪

એથી એમ નકી થયું કે કોઈ પણ જીવ કોઈ પ્રકારે તેના સંબંધમાં આવે તે મુક્ત થાય જ તે નીચેના શ્લોકથી કહે છે.

**कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव च ।**
**नित्यं हरौ विदधतो यान्ति तन्मयतां हि ते ॥ १५ ॥**

કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય અને સૌહૃદ એ જો નિત્ય ભગવાનમાં રાખે તો તે ભગવદ્રૂપ બની જાય છે.

**सुबोधिनी**—કામાદિ છ સાધન ભગવાનનો સંબંધ જોડવામાં ઉપયોગી છે. તેમાં કામ તો સ્ત્રીમાં હોય, ક્રોધ શત્રુમાં હોય, જેને મારવો ધાર્યો હોય તેમાં ભય હોય. સંબંધીમાં સ્નેહ હોય. જ્ઞાનિઓમાં એકતા હોય. ભક્તોમાં સૌહાર્દ હોય. તેજ મિત્રતાને સિદ્ધ કરનાર છે. તેમાં પ્રથમ કહી જ્ઞાન ભક્તિનો અત્રે ઉપયોગ નથી. તે જ્ઞાન અને ભક્તિ બન્ને મર્યાદાભક્તને ભગવત્સ્વરૂપને પ્રકટ કરવામાં ઉપયોગી છે. કેમ કે ભગવાન્ પ્રકટ હોય તે વખતે પણ કેટલાક તેને ન માને અને ભક્તિથી ભગવાનના દર્શન કરે છે. એકમાં બન્ને હોય ત્યાં [1]સંયોગપૃથકત્વન્યાય સમજવો. મૂળશ્લોકમાં वा કહ્યો છે તે અનાદરના અર્થમાં છે એટલે આ ગણાવ્યા કામાદિથી બીજો કોઈ ઉપાય કરો તેમાં હરકત નથી પરંતુ જે ભગવાનમાં કામાદિ જોડો તે નિત્ય કરો જો તેમ ન કરો તો अन्ते या मतिः सा गतिः દેહ છોડતી વખતે જેવી બુદ્ધિ થાય તેવી જીવની ગતિ થાય એ ન્યાયથી કામક્રોધાદિ ભગવાન્માંથી છુટી બીજામાં જાય તો તેવી ગતિ થાય. માટે ભગવાનમાં જે કરવું તે મરણસુધી કરવું. વચમાં બીજું કરો તો અન્તે ભગવત્સ્મરણ ન થાય કેમ કે ભગવાન્ પ્રપંચના વિરોધી છે. પ્રપંચમાં મન હોય તેનું ભગવાનમાં ન હોય ભગવાનમાં મન હોય તેનું પ્રપંચમાં ન હોય એવી વ્યાપ્તિ છે. તેથી ભગવાન્

---

૧ જૈમિનીયન્યાયમાલાના ચોથા અધ્યાયના ત્રીજા અધિકરણમાં આ પાંચમું સૂત્ર છે. 'एकस्य तूभयत्वे संयोगपृथक्त्वम्' અગ્નિહોત્રમાં કહે છે કે दध्ना इन्द्रियकामस्य जुहुयात् । જેને ઇન્દ્રિયની કામના હોય તે દહીંનો હોમ કરે માટે નિત્ય હોમમાં દહીં ન જોઇએ એ શંકાના ઉત્તરમાં કહે છે કે दध्ना जुहोति એવું બીજું વાક્ય છે તેમાં કામનો ઉપન્યાસ નથી તેથી નિત્ય હોમમાં પણ તેનું વિધાન સંભવે તેથી એકજ દહીં નિત્ય અને કામ્ય એવા બન્નેમાં વિરૂદ્ધ નથી. આનું નામ સંયોગ પૃથક્ત્વન્યાય છે.

શ્રીટિપણીજીમાં કહે છે કે–જેમ હોમમાં જુહૂને પર્ણમયી કહી છે. તેથી તેનાથી હોમ કરનાર પાપશ્લોકને સાંભળે નહિં અને હોમ પણ તેનાથી સિદ્ધ થાય એમ બે કાર્ય થાય તે સંયોગપૃથક્ત્વન્યાય. તેમ અહિં ભગવાન્ પૃથ્વીનો ક્લેશ દૂર કરવાને પધાર્યા છે તે બીજાભક્તના ભજનના ફલને તે રૂપથીજ આપી શકે છે. તેથી ભક્તને માટે તેને બીજું સ્વરૂપ પ્રકટ કરવાની અપેક્ષા રહેતી નથી. અહિં એટલો વિશેષ પણ જાણવાનો છે, ભક્તો બે પ્રકારના છે તે પુષ્ટિ અને મર્યાદારૂપે જૂદા ગણાય. છતાં પૂર્ણશક્તિયુક્ત પુરુષોત્તમ ભૂતળ ઉપર પધારે તો બન્ને ભક્તના મનોરથો પૂર્ણ કરે. પણ જો કેવળ મર્યાદાના સ્થાપનાર્થે ભગવાન ભૂતળપર પધાર્યા હોય તો તે પુષ્ટિભક્તનું ઇષ્ટ પૂર્ણ નહિં કરે તેમજ કેવળ પુષ્ટિમાટે પ્રકટ થયા હોય તે ભગવાન મર્યાદાનું કાર્ય નહિં કરે જેમ કે દંડકારણ્યના ઋષિઓનું કામ શ્રીરામચંદ્રજીએ ન કર્યું. શ્રીગોકુલચંદ્રે યજ્ઞપત્નીઓના મનોરથને પૂર્ણ ન કર્યો કેમ કે પુષ્ટિલીલામાં તેમનો અધિકાર ન્હોતો. આગળ મથુરા પધાર્યા ત્યારે પ્રદ્યુમ્નાદિરૂપે લીલા કરતાં જેને જેવું યોગ્ય હતું તેવું ફલ આપ્યું છે. પ્રકાશકાર વિશેષ શંકા કરી સમાધાન કરે છે વિશેષ જીજ્ઞાસુએ પ્રકાશાદિથી જીજ્ઞાસાપૂર્તિ કરવા વિનંતિ છે.

જે કરવું તે નિત્ય કરવું તો તે ભગવન્મય થાય અન્યથા નહિં. ત્યાં શંકા કરે છે કે કામ ક્રોધાદિ કરતાં શરીરને બીજાં દુઃખ થાય તેથી તે નિત્ય કેમ બની શકે એના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ હરિ છે. તે પોતાના ભક્તના દુઃખને હરનાર હોવાથી તેને વિઘ્ન આવતુંજ નથી તેથી ભક્તો ભગવાનની સેવા નિત્ય કરી શકે છે. તેની નિરંતર ભાવના કરવાથી જગત ભગવદ્રૂપ દેખાય છે દૃષ્ટિજ કામમાં રંગાય તો આત્મા રંગાય તેમાં શું કહેવાનું હોય. તે કામાદિ ભગવાનમાં નિત્ય રાખો તો ભગવદ્રૂપ જરૂર થઈ શકો કેમ કે સર્વત્ર ભગવદાવેશ દેખાય છે. 'જીવ, અન્તઃકરણ, પ્રાણ, ઇન્દ્રિય, દેહ, વિષય, ઘર, દ્રવ્ય અને પુત્રાદિમાં પણ ભગવદાવેશનો અનુભવ થાય છે. તેથી કામ ક્રોધાદિથી પણ એવી ભાવના કરવી કે પૂર્વ પ્રપંચનો લય થાય જેમ જ્ઞાનિને જ્ઞાનથી થાય તેમ ભક્તને કામાદિથી થાય.' ૧૫

પ્રથમ તો ગોપીઓ મુક્ત થઈ એમાં આશ્ચર્ય પામવાનું શું છે? આગળ ઘણા મુક્ત થશે તે વાત નીચેના શ્લોકથી કહે છે.

**न चैवं विस्मयः कार्यो भवता भगवत्यजे ।**
**योगेश्वरेश्वरे कृष्णे यत एतद्विमुच्यते ॥ १६ ॥**

કૃષ્ણ—સદાનંદ, યોગેશ્વરોના ઈશ્વર, ઐશ્વર્યાદિ છ ભગવાળા અજન્મામાં આપે વિસ્મય કરવો ન જોઇએ જેનાથી આ જગત્ મુક્તિ મેળવી રહ્યું છે.

सुबोधिनी—આ ભગવાનથી ન થાય એમ ભગવાનમાં અસંભાવનારૂપ વિસ્મય ન કરવો. જેની અસંભાવનાવાળી બુદ્ધિ હોય છે તેને અન્યથા ભાસે છે. એવો નિયમજ છે. કેમકે તે ભગવાન્ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ધર્મો ધારણ કરીને રહે છે તેથી ભક્તને મોક્ષમાં જ્ઞાનાદિની જરૂર પડે તો પોતે તેને તે જ્ઞાનાદિ આપી તેનો મોક્ષ કરે છે. વળી જેણે ભગવાનનો પ્રભાવ ન જાણ્યો હોય તે સંદેહ કરે પણ તમો તો ભગવાનના માહાત્મ્યનો ગર્ભમાં અનુભવ લઇને બેઠા છો, તેથી તમારે વિસ્મય ન કરવો. નિર્દોષમાં બધું સંભવે. દોષોનું મૂળ જન્મ છે. જો જન્મે નહિં તો તેમાં દોષ પણ ન આવે. તેથી જ ભગવાન્ અજ છે. તેથી તેમાં દોષ નથી. બીજા બધા જગતમાં ઉત્પન્ન થાય છે તે બીજાને મુક્તિ આપી શકતા નથી. કેમકે તે બધા જન્મવાળા હોવાથી સરખા-તુલ્ય-બરોબરીયા છે. વળી જે સાધન પર હોય તેની મુક્તિ થાય. તેમાં સર્વથી મનને રોકવું એ સાધન ગણાય, તે મન તો યોગથી રોકાય. તે યોગના નિયામક ભગવાન્ છે. જો બીજાનો મોક્ષ થાય તો પણ તે ભગવાનની ઇચ્છાથી થાય. કેમકે યોગાદિસાધનોના નિયામક ભગવાન્ છે. ફલરૂપ સદાનંદ ભગવાન્ છે. જે કોઈ મુક્ત થાય તે તેનેજ મળે તેથી સાધનથી પણ મળે. તે પોતેજ સંબંધમાં આવે. તેમાં કાંઈ ન સંભવે એવું નથી. આ દેખાતું જગત તેનાથી જ વિશેષમુક્તિને મેળવશે. શુકદેવજી ભાવનાથી ગોકુલમાં રહીને કહે છે અથવા જ્ઞાનદૃષ્ટિથી કહે છે. સાક્ષાત્ અથવા પરંપરાથી સર્વને તેજ મુક્ત કરશે. એ વાત આગળ ઉપર એકાદશસ્કન્ધમાં स्वमूर्त्या ઇત્યાદિ શ્લોકથી કહેવામાં આવશે.

આ શ્લોક ઉપર શ્રીગુસાંઇજીના એક-બે સ્વતંત્ર લેખો છે તે બધા સુબોધિની સાથે છપાયલા છે. તેનો અહિં અનુવાદ આપવો ઉચિત સમજીને લખ્યો છે कृष्णं विदुः

परं कान्तम् १०।२६।१२ થી લઈ न चैवं विस्मयः कार्यः १०।२६।१६ એ પાંચ શ્લોકને લઇને સગુણ ગોપીઓની મુક્તિ કેમ થાય એ રાજા પરીક્ષિતની શંકાનો શુકદેવજીનો ઉત્તર છે તે ઉપર આ લેખ સમજવો.

અથવા અંતર્ગૃહગતાઓ કૃષ્ણને પોતાના જાર માને છે તે પરબ્રહ્મ છે એમ માનતી નથી તો તેને ગુણના પ્રવાહની શાંતિ કેમ સંભવે ? આ રાજાનો પ્રશ્ન છે. અહિં આ અભિપ્રાય છે. બ્રહ્મપણાથી જાણવું એ શાસ્ત્રથી જણાય બ્રહ્મપણાથી જાણવું તે જ્ઞાન કહેવાય. તે સાત્ત્વિક છે. ગીતામાં 'सत्त्वात् संजायते ज्ञानम्' એમ કહ્યું છે. આ ગોપીઓ તો ગુણાતીત—આનંદમાત્રકરપાદમુખોદરાદિ પ્રકટ થએલ અનન્તગુણપૂર્ણ શ્રીકૃષ્ણના સૌંદર્યાદિ ગુણમાં નિષ્ઠાવાળાં છે. તેથી તે નિર્ગુણ છે તો આપે ગુણપ્રવાહની નિવૃત્તિ કેમ કહી ? નિવૃત્તિ તો જે ભાવ પહેલો હોય તે જાય ત્યારે તે નિવૃત્ત થયો એમ કહેવાય. આ ગોપીઓને એવો ભાવ હતો જ નહિં. અભાવ પ્રતિયોગિ સાપેક્ષ હોવો જોઇએ. અહિં પ્રતિયોગીરૂપ ગુણપ્રવાહ આ ગોપીઓમાં હતોજ નહિં તો આપે એની નિવૃત્તિ કેમ કહી ? એ રાજાની શંકા છે. 'મુને' એમ સંબોધન શુકદેવજીનું છે. શુદ્ધ સત્ત્વ પ્રકટ થાય ત્યારે જ્ઞાન થાય એ વાત અનુભવસિદ્ધ છે એમ બતાવવા મુનિને સંબોધ્યા છે. આ શંકાનો ઉત્તર આપે છે કે તમને આનો ઉત્તર સપ્તમસ્કન્ધમાં गोप्यः कामात् એ શ્લોકમાં આપી દીધો છે. અહિં એટલું સમજવું ગુણાતીતમાં પરિનિષ્ઠિત બુદ્ધિવાલો શિશુપાળ હતો છતાં તે બુદ્ધિ દ્વેષથી થઈ તેથી શિશુપાલ વગેરેને તામસ કહ્યા છે તેમ આ ગોપીઓની નિર્ગુણ–ભગવાનમાં નિષ્ઠા હોવા છતાં તેની બુદ્ધિમાં જારભાવ હોવાથી તેને સગુણ કહ્યાં છે એમ લક્ષણવૃત્તિથી જણાય છે. આ ભગવદ્રસ સર્વભાવથી શરણે આવ્યાં હોય તેને જ એકલાને મળે તેવો છે. જારભાવમાં સર્વાત્મભાવ આવતો નથી કેમ કે કામના પૂર્ણ કરવાથી જાર ભાવ નિવૃત્ત થાય છે અહિં સગુણપણું પ્રતિબંધક છે. જેમ શિશુપાલ વગેરેને પોતાના અધિકારને અનુસારે તે શરીર પડ્યા પછી ભગવત્પદની પ્રાપ્તિ થઈ તેમ પોતાના અધિકારને અનુસારે આ ગોપીઓને પણ દેહ પડ્યા પછી પોતાના પતિ ભગવાનનું સર્વભાવથી ભજન છે. એટલે કોઈ પ્રકારે શંકા રહેતી નથી તેથી સર્વ લીલા શુદ્ધ છે. એમ ન માનીએ તો ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् એ ભગવદ્વાક્ય વ્યર્થ થઈ જાય એટલે ભગવાને બાંધેલી મર્યાદાનો નાશ થાય. એ વાત મનમાં રાખીને શુકદેવજીએ રાજાને કહ્યું કે તને સપ્તમસ્કન્ધમાં આ વાતનો ઉત્તર આપી દીધો છે. ત્યાં બીજી શંકા કરે છે કે તમે કહ્યું તે બધું તો ઠીક પણ એવીરીતની તેની પ્રપત્તિ છે તો સર્વભાવસાધ્ય ફલ તેને કેમ સંભવે ? ત્યાં કહે છે કે द्विषन्नपि हृषीकेशं એ તેનો ઉત્તર છે. અહિં એટલું ધ્યાન દો કે મોક્ષની જેને દરકાર નથી પણ તેની વિરુદ્ધમાં દ્વેષ કરનાર શિશુપાલ છે. તેને જ્ઞાનિને દુર્લભ એવી મુક્તિ ભગવાને આપી એવીરીતે જારભાવથી ભગવાનપાસે આવનાર આ ગોપીઓને સર્વભાવ પ્રપત્તિલભ્ય ફલ શ્રીકૃષ્ણે આપ્યું. એથી જેમ દ્વેષ અને મુક્તિમાં તફાવત છે તેમ અન્યાશેષભજન અને સર્વભાવપ્રપત્તિથી લભ્ય રસમાં ભેદ છે. એમ સૂચના કરી છે. ત્યાં બીજી શંકા કરે છે કે ગોકુલ તો પોતાની ક્રીડામાં ઉપયોગી હોઇને ભગવાને સર્વથા અંગીકૃત કર્યું છે. તેથી તેમાં રહેનાર તો બધાં નિર્ગુણ છે. તો તેમાં રહેતાં આ ગોપીઓ સગુણ કેમ કહેવાય. વળી આગળ પણ તેને સર્વાત્મભાવથી લભ્ય ફલ

આપવાનું છે તો પ્રથમથી તેનો સર્વાત્મભાવ ભગવાને કેમ ન આપ્યો ? એના ઉત્તરમાં કહે છે કે જેને સાક્ષાત્ ભગવાનનો સંબંધ છે તે બધાં નિર્ગુણ છે. તે રાસમંડલમાં આવેલાં બધાં ગોપીઓના શરીર પણ ગુણાતીત છે એમ બતાવવા માટે ભગવાને કેટલીક ગોપીને સગુણદેહવાલી બનાવી તેના ભાવ પણ નિર્ગુણ છે એમ બતાવવા માટે આનો સગુણ ભાવ કર્યો એ ભાવને દૂર કરનાર પણ પોતે થયા. બીજો કોઈ એ ભાવ દૂર કરાવી ન શકે એ બતાવવા માટે તેનો તે ભાવ દૂર કર્યો આગળ થનાર પોતાના વિરહનું દુ:ખ અને પોતાના સંગમનું સુખ કર્મથી થએલ નથી એમ બતાવવા માટે કર્મક્ષયના નિયમથી પોતાની પ્રાપ્તિ તેને કરાવી. તેથી તે બધું ભગવાનેજ કર્યું છે એ આ પ્રસંગનો સંપૂર્ણ તાત્પર્યાર્થ છે. અહિં ભગવાને પુષ્ટિમાર્ગનો અંગીકાર કર્યો છે એમાં મર્યાદામાર્ગની શંકાને અવકાશ નથી તેથી શુકદેવે પણ **जहुर्गुणमयं देहम्** એમ કહ્યું પણ આગળ ગુણાતીતની તેને પ્રાપ્તિ થઈ તેનો સ્પષ્ટતાથી ઉલ્લેખ તેણે કર્યો નહિં એ અભિપ્રાય ન હોય તો ગુણમયપદ વ્યર્થ થાય. આ બધું ભગવત્સ્વરૂપ સર્વાત્મભાવ પ્રપત્તિસાધ્ય છે એમ બતાવવા માટેજ કહ્યું છે. અહિં કહે છે કે તમારા કહેવા માત્રથી અમે કેમ માનીએ તેમાં કોઈ યુક્તિ તો તમે કહેતા નથી ? આ શંકાના ઉત્તરમાં હવે કહે છે કે **नृणां निःश्रेयसार्थाय** અહિં આટલું ધ્યાન રાખો લીલાસ્થ ભક્તોમાં અથવા રાસમાં આવેલાં ગોપીઓમાં સાધારણ મનુષ્ય જેવી બુદ્ધિ રાખવી એ મોટો અપરાધ છે કેમ કે તે નિર્ગુણ છે તેને સાધારણ ગણો ત્યારે તો તે સગુણા થાય. અને તેની સાથે ભગવાન લીલા કરે ત્યારે તો ભગવાનમાં અને તેની લીલામાં સગુણતા આવી જાય જો એમ માનીએ તો આ લીલા જીવને મુક્તિમાં પ્રતિબંધિકા થાય. પણ મુક્તિ આપનારી ન ઠરે. તેમ બને તો ભગવાન્ ભૂતળ ઉપર પધાર્યા તે પ્રયોજન સિદ્ધ થયું ન ગણાય. તેથી અન્યથાનુપપત્તિથી અમે સર્વને નિર્ગુણ કહીએ છીએ. તેથી તે લીલાસંબંધી બધું નિર્ગુણ સમજવું. ત્યાં બીજી શંકા કરે છે કે અત્યાર સુધી કરેલી લીલા તો સગુણ થશે જ કેમકે તેમાં તેનો ભાવ જાર છે એ તો સ્પષ્ટ છે. એ શંકાના ઉત્તરમાં કહે છે કે **कामं क्रोधम्** એ સાધારણ રીતે કહેવામાં આવે છે કે કામાદિ પણ જો ભગવાનમાં છેવટસુધી રહે તો તે તન્મય થાય છે. એમ ગોપભાર્યાજ કેવળ નથી પણ જેનો ઠેઠ સુધી ભાવ ભગવાનમાં રહે પછી તે ભલે કામ ક્રોધવાળો હોય છતાં તે ઠેઠ સુધી રહેવો જોઇએ તેથી તો 'ક્રોધ' શબ્દ અહિં કહ્યો છે. પ્રકૃતમાં ક્રોધનું દૃષ્ટાન્ત કોઈ અહિં નથી તેથી જો એમ સામાન્ય અર્થ ન માનીએ તો ક્રોધાદિ પદ વ્યર્થ થાય છે. તે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે સગુણભાવથી ભજનારને પણ ભગવાન તો પોતાની યોગ્યતા પ્રમાણે ઉત્તમ ફલ આપે છે. એમ બતાવવા માટે અન્તર્ગૃહગતાની કથા છે. એમ ન માનો તો મુખ્ય અધિકારીનેજ ભગવાન ફલ આપે છે બીજાને નથી આપતા એમ લોકમાં નકી થાય તો મુખ્યાધિકારી વિના બીજા ભજનનો પ્રયાસ ન કરે તો મુક્તિનો ઉચ્છેદ થાય. એટલે મુક્તિનું શાસ્ત્રપણ વ્યર્થ થાય. અને મુખ્યાધિકારી તો શાસ્ત્ર ન હોય તો પણ મુક્ત થાય જ. સ્વરૂપ અને લીલા તો કોઈ દિવસ સગુણ નથી થતી. લીલાના વિષયો સગુણ હોય તે પણ લીલામાં દાખલ થયા કે તે નિર્ગુણ થાય છે. દોષને મટાડનાર ઔષધ રોગીના પેટ માં ગયું તે રોગ મટાડે જ તે જો રોગને વધારતું હોય તો તે નિવર્તક ન કહેવાય. લીલા જો લોકના જેવી માનો તો એક વેણુનાદથી સગુણનિર્ગુણ ભક્તો આવ્યાં તેનો

નિરોધ ન થવો જોઇએ ક્રોધાદિની જેમ કામાદિભાવ પણ હલકા છે એમ બતાવવા બધા સાથે ગણાવ્યા છે. તન્મયતા એટલે નિર્ગુણતા કહી છે. ત્યાં હવે બીજી શંકા કરે છે કે જારભાવવાળીને પણ ભગવાનના અંગનો સંગ તો ખરો. જ્યારે ભગવાનના શ્રીઅંગને અડક્યાં ત્યારે તે સગુણ કેમ રહી શકે? અગ્નિનો સંબંધ 'રૂ' કરે તો તે 'રૂ' કેમ રહી શકે એ એક વિસ્મય.[1] લૌકિકરીતિ પ્રમાણે ગોપી કામભાવવાળી છે તેની સાથે ભગવાન્ અલૌકિક છે તેનું રમણ કેમ સંભવે? એ બીજો સંદેહ.[2] ભગવાનમાં ક્રોધાદિ-ભાવવાળાં હોય તેને ક્રોધાદિનું ફલ ભોગાવ્યાવિના ભગવાન્ મળી જાય એ ત્રીજો સંદેહ.[3] સ્નેહ સમાન ફલ ક્રોધાદિવાલાને મળે એ પણ સંદેહ.[4] ગોપીઓ યશોદાના પુત્રમાં ભાવવાળાં હતાં તે યશોદાનંદન વનમાં હતા તેને આ ગોપીઓ ઘરમાં હતી તે ધ્યાનથી કેમ મેળવી શકે? તેને નિર્ગુણ દેહવિના તત્કાલ ભગવાન મળે એ પણ એક સંદેહ.[5] પ્રથમ કહ્યું છે કે જે લીલા કરવાની છે તે ભજનાનંદનો અનુભવ સર્વાત્મભાવ-વાળાને થઈ શકે બીજાને ના થાય. બીજી લીલાનો અનુભવ બીજાઓને થાય એવા અનેક વિસ્મય રાજાના મનમાં ભરાયા છે તેને શુકદેવ જાણી ગયા અને ક્રમેથી તેના ઉત્તર આપતાં પહેલા શ્લોકમાં કહેલ ભાવવાળાને ભગવાન મળવાનું કારણ પણ કહે છે. કે રાજાજી તમે વિસ્મય ન કરો. પ્રથમ સંદેહનો ઉત્તર આપે છે. તમારૂં આ લોકમાં કામ હતું તો તમને બ્રહ્માસ્ત્ર કે જે પોતાનું કામ કર્યાવિના નિવૃત્ત ન થાય છતાં તમને તેનાથી બચાવ્યા. તેમાં પણ ગર્ભમાં રક્ષા કરી. અત્યારે તમારી જરૂર નથી એમ જાણ્યું ત્યારે એક બ્રાહ્મણના છોકરાના શાપથી તમને બચાવતા નથી એ અનુભવ તો તમારો છે. તેનાથી ભગવાનમાં શક્તિ ઓછીવધારે ગણાય નહિં બધી શક્તિઓ ઇચ્છા શક્તિને આધીન છે ત્યારે તેવી ઇચ્છા હતી અત્યારે વિપરીત ઇચ્છા છે. મંત્રથી પ્રતિ-બંધ કર્યો હતો તે વખતે અગ્નિ બાળે નહિં તેથી તેમાં બાળવાની શક્તિ નથી એમ કેમ કહેવાય. ચાલતા પ્રસંગમાં પણ ભગવાને જેના સગુણ ભાવ કર્યા તેના દેહ ગયા એમાં તમારે તો વિસ્મય ન કરવો જોઇએ કેમ કે ભગવાનનો અનુભવ તમને થયો છે. બીજો કહે તો ઠીક. તમારે તો નજ કરવો. બીજા અને ત્રીજા સંદેહનો ઉત્તર આપે છે કે ભગવાન્ સર્વ રસના ભોક્તા છે. કેમ કે શ્રુતિ તેને सर्वरस કહે છે તો કામનો રસ તેવીમાં સારીરીતે ભોગવાય. કામશાસ્ત્રમાં તેવીને મુખ્ય માની છે. તેથી ભગવાન્ ઐશ્વર્યવાળા છે તેમાં એ વિસ્મય ન કરવો. ભગવાનનું વીર્ય એવું અસહ્ય છે કે ક્રોધાદિ દોષ બીજાથી ન મરે તેવા છે છતાં તેને ભગવાન્ પોતાના બળથી નિવારણ કરી શકે તેથી વીર્યવાળામાં એ વિસ્મય ન કરવો. યશ પણ અસાધારણ તો એવું અસા-ધારણ કર્મ કરે તો મળે. જો સ્નેહવાળાનેજ સ્વરૂપાનંદ આપે ક્રોધવાળાને ન આપે તો તેનું અસાધારણ યશ ન થાય. પણ જ્યારે ભયદ્વેષાદિવાળાને પણ સ્નેહવાળાના જેવુંજ ફલ આપે ત્યારે તેનું યશ અસાધારણ કહેવાય. તેવું ભગવાનનું સહજ યશ છે તેના જ્ઞાપક ધર્મો પણ ભગવાનમાં સહજ છે તેથી તે ખાતે શંકામાં ન ઉત-રવું. ભગવાનમાં ચોથો ગુણ લક્ષ્મી છે તેને હૃદયમાં સ્થાન આપ્યું છે છતાં તે ચર-ણમાં તુલસીનું સાપત્ન્ય સહન કરીને પણ ચરણરજની કામના કરે છે. દરેક વખતે ભગવાન્ અવતરે ત્યારે પોતે પણ સેવા કરવા આવે છે. તેને લીધે તો ભગવાન્ સ્નેહરસના જાણકાર થયા છે. તે લક્ષ્મીવાળીઓમાં સ્વરૂપ દાન કરે તે ભગવાનને યોગ્ય છે. ઐક્ય જ્ઞાનમાર્ગમાં હોય છે. ભગવાનમાં જ્ઞાન ગુણ છે. તેથી એવાની સાથે

ભગવાન્ ઐક્ય કરે તે યોગ્ય છે. સૌહાર્દ, મૈત્રી હોય ત્યાં રહે છે. તે તો સમાનશીળ-વ્યસનમાં થઈ શકે છે. તેથીજ ભગવાને કહ્યું છે કે 'મારા ભક્તો શિવાય હું મારા આત્માને પણ ઇચ્છતો નથી મારી સ્ત્રી લક્ષ્મી જેની ગતિ હું છું તેને પણ ભક્તની અપેક્ષાએ હું ગૌણ ગણું છું. સાધુઓ મારૂં હૃદય છે સાધુનું હૃદય હું છું મારા શિવાય તે કાંઈ જાણતા નથી હું તેનાશિવાય બીજાને જાણતો નથી' એવા અનેક વાક્યોથી ભગવાનને ભક્તશિયાયમાં રાગ નથી તેનું નામ વૈરાગ્ય, એ ભગવાનનો છઠ્ઠો ગુણ કે ભક્તમાંજ પ્રીતિ. ભક્તને પણ ભગવાનમાં પ્રીતિ હોય છે સ્ત્રી પુત્રાદિમાં નથી હોતી એવામાં સૌહાર્દ કરે તો તે યોગ્ય છે. યશોદાનંદનવનમાં હતા તે ઘરમાં રહેલી ગોપીને હૃદયમાં ધ્યાન કરતાં કેમ મલ્યા ઈત્યાદિના ઉત્તરમાં કહે છે કે જે અજન્મા હોય તે બધું કરી શકે દોષનું મૂળ જન્મ છે. ભગવાનનો મનુષ્ય જેમ જન્મ હોય તો અન્યત્ર હોય તે અન્યત્ર ન જઈ શકે તે તો સ્વેચ્છાથી જ્યાં માયાને દૂર કરે ત્યાં દેખાય તે સર્વત્ર છે છતાં માયા તેને આચ્છાદન કરે છે. જેમ વનમાં છે તેમ હૃદયમાં છે તેને પ્રકટ થતાં શીવાર? માટે ભગવાન અજમાં તે વિસ્મય ન કરો. તેની પછીના વિસ્મયનો ઉત્તર આપે છે કે તે યોગેશ્વરોના પણ ઇશ્વર છે. યોગીઓ ભોગ માટે યોગના બળથી અનેક શરીરો ઉત્પન્ન કરે છે. તેનો યોગ એ આગંતુક ધર્મ છે. ભગવાન તે ધર્મ આપનાર છે. ફલ આપનાર છે. સહજ તેની અનંત શક્તિઓ છે. તે અલૌકિક દેહ કરી દે તો તેમાં વિસ્મય કરવાનું કાંઈ કારણ નથી. છેલ્લા વિસ્મયનો ખુલાસો કરે છે કે તે કૃષ્ણ છે. તે સદાનંદ છે નિર્દોષ પૂર્ણ ગુણ છે. કૃષ્ણ શિવાયની બધી ચીજ સદોષ છે. આ લીલા સ્વરૂપના આનંદરૂપ જેવી વર્ણન કરી છે તેવીજ છે. સર્વાત્મભાવરહિતને તેનો અનુભવ ન થાય તેથી તેમાં વિસ્મય પણ ન કરવો. આને તો પહેલાં સ્નેહ હતો તે સાધનરૂપ હતો ગોકુલ તો નિઃસાધન છે ક્ષણ ક્ષણમાં મુક્ત થાય છે. આગળ આગળ લીલા રસનો અનુભવ કરાવવા ભગવાન તેને મુક્તિમાંથી બહાર કાઢી અનુભવ કરાવે છે એવા અચિંત્યાનંતશક્તિવાળા ભગવાનમાં વિસ્મય ન કરવો. શુકદેવજી હમણાં લીલાવિના બીજાનું અનુસંધાન ન રહેવાથી ભાવનાથી ગોકુલમાં બેઠા આ બોલે છે તેથી 'આ મુક્ત થાય છે' એમ કહે છે તેથી સર્વે નિષ્કલંક છે. ત્યાં છેવટ શંકા કરે છે કે તમો કહો છો તેથી વિપરીત પણ સંભવે. કેમ સંભવે તે હવે બતાવે છે. આ અન્તર્ગૃહગતાઓ પણ શ્રુતિરૂપાઓ જેવીજ માનો માટે પૂર્વશ્લોકમાં તે ઘરમાં રહ્યાં નહિં એમ કહી તેવી લોકમાં ન જ હોય. એમ કહી આ શ્લોક લખ્યો છે. ત્યાં આવો ભાવ છે પ્રથમ તેના પતિ વગેરે વાણીથી તેને પાછાંવાળે છે. તે તો બને તેમ નથી. કેમકે કેટલીકને તેના ધણીએ રોકી તો તે દેહને છોડીને પણ આત્માથી ભગવાનને મળી તેથી આ બધી એકજ છે. तद्भावनायुक्ता એમાં તચ્છબ્દ પૂર્વ પરામર્શિ છે. પહેલાં શ્રુતિરૂપાઓ કહી છે. તેથી આમાં છે તે બધા ધર્મો તેમાં પણ છે. આને મુક્તિ આપી. તે દેહ છોડે નહિં ત્યાં સુધી મુક્તિ ન મળે જેણે દેહ છોડ્યા તે મુક્ત થયાં જેના દેહ છે તેને મુક્ત થવાનું દેહ છોડ્યા પછી થશે. એમ કહે તો ત્યાં શ્રીગુસાંઈજી કહે છે કે તારી મૂઢતા તો બધાથી વધી જાય. તારામાં જ્ઞાનશક્તિનો અભાવ છે તું બહિર્મુખ છો તું પર્વત ઉપરથી પડે છે છતાં તને ભાન નથી કે હું કેવી શંકા કરૂં છું. તેજ કહે છે કે જે શંકાને માટે આ કથા કહી તેનો ભાવ તો તેં વર્ણવ્યો. તેમાં તને પૂછીએ છીએ કે આ કથા સાચી છે કે કલ્પના છે. સાચી હોય તો તેમાં પણ અમે પૂછીએ

છીએ કે આને પ્રતિબંધ નડ્યો તેનું કારણ શું? પોતાની પ્રિયાઓમાં સગુણપણુ બતાવવા ભગવાને તેને પ્રતિબંધ કર્યો એમ જો તું બોલતો હોય તો તારા હૃદયના સો કટકા કેમ નથી થતા એનું કારણ અમે સમજતા નથી કેમ કે મર્યાદા–ભક્તિમાર્ગ–વિષયક શ્રદ્ધાને પણ નિર્ગુણ કહી છે. તો આ તો સાક્ષાત્ અંગનાં સંગવાળાં છે. તેને તું સગુણ કેમ કહી શકે? ભગવાને પણ **ता मन्मनस्का** એ શ્લોકથી પોતે વખાણ્યાં છે. ઉદ્ધવજી **एताः परम्** ઈત્યાદિથી વખાણે છે. ભગવાન્ ઉદ્ધવને પોતાનાથી જરાપણ ન્યૂન નથી એમ કહે છે. તેણે ગોપીઓના ચરણરજની પ્રાર્થના કરી છે તો ત્યાં તારી તેને સગુણ કહેવાની શંકા ક્યાં છે. ત્યાં કદાચ એ કહે કે તેનો સ્નેહ કામવાળો હતો એટલે મેં સગુણ કહ્યાં તો તેના ઉત્તરમાં કહે છે કે જો તેને કામોપાધિસ્નેહ હોય તો ભગવાન પણ જાર બને તેને 'સર્વવિષય છોડીને અમે આપના ચરણમાં આવ્યાં છીએ' એવી પ્રાર્થના ગોપીઓ ન કરે. કેમકે એમ હોય તો તે વિષયને માટે આવ્યાં છીએ એમ કહે. ભગવાનમાં વિષયરૂપતા છે પણ તે શિવાયમાં ત્યાગ છે એમ **संत्यज्य** નો અર્થ કરે તો ત્યાં કહે છે કે 'તમારા ચરણના મૂળમાં અમે આવ્યા છીએ' એ બોલવું કામીને માટે વિરુદ્ધ કહેવાય. કામવાળી સ્ત્રી એમ ન બોલે પણ ભક્ત હોય તેજ એમ બોલે. આ વાત તો અત્યારની છે તેને જવા દો પણ ભગવાન્ છ દિવસના હતા તેને પૂતના મારવા આવી તેના પ્રાણનું ભગવાન્ પાન કરી ગયા ત્યારે ગોપીઓએ રક્ષા કરી છે. ત્યાં **इति प्रणयबद्धाभिः गोपीभिः** એમ કહ્યું છે. એવા બાળકમાં કોઇને કામોપાધિક સ્નેહ નજ હોય. કામિનીઓ હોય તે એક આંખ આંજે ને બીજી ન આંજે એવી સ્થિતિમાં પ્રિય પાસે ન જાય. પરંતુ તે તો ઠાઠ માઠ કરીને જ જાય. કુબ્જાની પેઠે. ત્યારે તેને કામ ન્હોતો તો છેલ્લે ભગવાનથી કેમ રમ્યાં એમ જો શંકા કરે તો તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવાનનું સ્વરૂપ રસાત્મક છે વેદ પણ **रसो वै सः** એમ તેને રસરૂપ કહે છે. તે રમણ તો રસરીતિથી સ્વરૂપનું દાન કર્યું છે. આત્માનું સુખ સાત્ત્વિક છે, વિષયનું સુખ રાજસ છે. મોહ દૈન્યથી મળેલું સુખ તામસ છે, મારા આશ્રયથી મળેલું સુખ નિર્ગુણ છે. એમ ભગવાન કહે છે. તેથી ભગવત્સંબંધી સુખ ગુણાતીત છે. તેમાં સગુણનો ગંધ ક્યાંય નથી. ૧૬

એમ પ્રસંગપ્રાપ્ત શંકા દૂર કરીને ચાલતા વિષય ઉપર આવે છે.

**ता दृष्ट्वान्तिकमायाता भगवान् व्रजयोषितः ।**
**अवदद्वदतां श्रेष्ठो वाचः पेशैर्विमोहयन् ॥ १७ ॥**

ભગવાને વ્રજની સ્ત્રિયોને પોતાની પાસે આવતાં જોયાં. પછી તેને વાણીના રૂપવિશેષથી મોહ ઉપજાવતા બોલનારમાં શ્રેષ્ઠ એવા ભગવાન બોલ્યા—

**सुबोधिनी**—ભગવાને જેને બોલાવ્યાં તે આવ્યાં છે તેને પાછા જવાનું ભગવાન નથી કહેતા પણ જે સગુણસ્ત્રીઓ આવી છે બીજાના સંબંધવાળી જે શબ્દ સાંભળીને આવી છે તે શબ્દથી પાછી જશે એમ ધારી ભગવાન્ તેને ઘર જવાનો ઉપદેશ કરે છે. કેમકે અન્યશેષતાથી ભજન અયોગ્ય ગણાય. એટલે ભગવાનના સ્વરૂપ શિવાયમાં જેની ઈચ્છા હોય તે ભક્તિ અન્યશેષ કહેવાય તે ભગવાનને ગમે નહિં ભગવાનને અહિં ભજનાનંદનું દાન કરવાનું છે તે તો સર્વાત્મભાવવાળાં ભક્તોનેજ

કરવાનું છે તેથી તેને ઘેર જવાનો પ્રયત્ન કરતા ભગવાન્ કહે છે. તે બધીને પાસે આવેલી જોઇને આ બધી પોતાના સ્વાર્થમાટે આવી છે એમ વિચારીને ભગવાન્ સર્વ સમર્થ છે સર્વજ્ઞ છે તે વ્રજની સ્ત્રીઓ જે ખુલી ફરનાર છે તેમાં તેને કાંઈ વાંધો આવતો નથી. એને જોઇને ભગવાન્ ધર્મનું જ્ઞાન કરાવવા માટે હવે કહેવાનું છે તે બોલ્યા. ત્યાં શંકા થાય કે તેને તેના રક્ષકોએ રોકી તો પણ તેનું માન્યુ નહિં અને અહિં આવી છે તે ભગવાનના કહેવાથી કેમ પાછી ફરશે. તેથી ભગવાને આને જવાનું કહેલું ફોકટ છે. ત્યાં કહે છે કે ભગવાન્ બોલનારમાં શ્રેષ્ઠ હોવાથી તેમનું વચન હૃદયમાં પેસી જાય તેવું હોઇને જ્યાં સુધી વાક્યથી પાછાં જાય ત્યાં સુધી તેને કૃતિમાં જોડવાં નહિં એવા વિચારથી શ્રી ભગવાન્ તેને કહે છે. બીજીરીતે પણ ભગવાન તેને પાછાં મોકલી શકે એવું સામર્થ્ય ભગવાનમાં છે તે વાત હવે કહે છે કે તે એવી વાણી બોલે છે કે તેની મીઠાશને લઇને સાંભલનારને મોહ થાય છે અથવા તેના હૃદયનો ખરો ભાવ આ છે એમ નકી કરવાને માટે ભગવાન્ તેમને 'રાત વખતે તમારે વનમાં ન આવવું જોઇએ આવ્યાં તે ઠીક થયું પણ હવે તમે પાછાં જાઓ' એવા શબ્દો કહેવા લાગ્યા પણ ભગવાનના હૃદયમાં એમને પાછાં મોકલવાનો વિચાર નથી જો ભગવાન્ એવો વિચાર કરે તો તેને જવું જ જોઇએ તેથી ભગવાન્ પાછા જવાનું તેમને કહે છે ખરા પરંતુ છેવટમાં તેમને મોકલવા ઇચ્છતા નથી. ૧૭

હવે દસશ્લોકથી ભગવાને તેમને કહ્યું તે કહે છે.

श्रीभगवानुवाच-

**स्वागतं वो महाभागाः प्रियं किं करवाणि वः।**
**व्रजस्यानामयं कच्चित् ब्रूतागमनकारणम्॥ १८॥**

શ્રી ભગવાન્ બોલ્યા હે મહાભાગાઓ તમે આવ્યાં તે બહુ ઠીક કર્યું તમારૂં પ્રિય હું શું કરૂં તે તમેજ કહો. વ્રજમાં કુશળ તો છોને? તમારે અહિં આવવાનું શું કારણ છે તે કહો.

**सुबोधिनी**—દશપ્રકારના ગોપીઓ ભગવાન્ પાસે આવ્યાં છે એમ પ્રથમ કહ્યું છે તેને પાછા જવાનું કહેનારાં ભગવાનનાં વાક્યો પણ તેટલાં છે તે પણ તામસ રાજસ અને સાત્વિકભેદવાળાં છે. તે ભાવો તામસાદિભાવનિવર્તક હોવાથી અહિં કહે છે તેમાં પ્રથમ તામસસાત્વિકીઓનું નિવારણ કરે છે. પછી તામસરાજસીઓનું અને તે પછી તામસતામસીઓને કહ્યું છે તે વચનના ભાવના ભેદથી ભેદ સમજી લેવા. આવેલાં ભક્તોનું પહેલાં તો લોકરીતિને અનુસરીને સ્વાગત કરે છે. તમે આવ્યાં તે કુશળ તો છોને એટલું પૂછી હવે સ્તુતિ કરે છે કે તમે મોટાં ભાગ્યવાળા છો કે અહિં સુધી આવ્યાં લોકમાં આમ પૂછવાનો રીવાજ છે. ખરીરીતે તો નિર્વિઘ્ને ભગવાનસુધી પહોચવું એ મોટા ભાગ્ય ન હોય તો બને નહિં. હવે તે આવેલાઓને કહે છે કે હું તમારૂં પ્રિય શું કરૂં તમે મને કાંઈ કહેવા આવ્યાં હો એમ જણાય છે તો ખુશીથી તે મને કહો. એથી ભગવદ્વચનનું એ તાત્પર્ય છે કે તમો સ્વાભાવિક સ્નેહને લઇને મારી પાસે નથી આવ્યાં પણ તમારી ઇચ્છા પૂરી કરવા આવ્યાં છો તો તે તમો બોલો

એટલે હું તમારૂં કામ કરી આપું. કેમકે મારી પાસેથી કામ લેનાર છો અને પોતાને ચાહનાર તમે નથી. એ મારીપાસે તમારે શું કામ હોય તેના ભેદ બતાવે છે કે તમારી ઈચ્છા પૂરી કરવાનું હોય, તમને અનિષ્ટ હોય તે દૂર કરવાનું હોય. અને દેશકાળના વ્યવધાનથી કામ કરવાનું હોય. તેના ઉત્તરરૂપે ભગવાને ત્રણ વાકયો કહ્યાં કે તમે દોડતાં અહિં આવ્યાં તેથી વ્રજમાં કાંઈ ઉપદ્રવ થયો છે કે શું? તેને કહેવા તમે આવ્યાં છો? એ વાત ન હોય તો તમારે મારી પાસેથી તમારૂં ભલુ ન કરાવવું હોય અને વ્રજમાં એવો ભય ન હોય તો આ રાતના વખતે આવું સાહસ કરી અહિં આવવાનું કારણ તમે બોલો. ૧૮

આટલું પૂછતાં ઉત્તર ન મલ્યો ત્યારે પોતેજ કલ્પના કરીને બોલે છે. ભક્તો એમ કહે કે જેમ તમે વનમાં આવ્યા એમ અમે પણ આવ્યાં તો તેના ઉત્તરમાં હવે કહે છે.

**रजन्येषा घोररूपा घोरसत्त्वनिषेविता ।**
**प्रतियात व्रजं नेह स्थेयं स्त्रीभिः सुमध्यमाः ॥ १९ ॥**

આ ભય ઉત્પન્ન કરે એવી રાત છે તેમાં ભય કરનાર પ્રાણિઓ બહાર નીકળે છે. તેથી તમે વ્રજમાં પાછાં જાઓ હે સુમધ્યમાઓ! સ્ત્રીઓએ રાતના વખતે અહિં ન રહેવું જોઇએ.

**सुबोधिनी**—તમે આવ્યાં પરંતુ અત્યારે તો રાત છે દિવસ નથી. લોક અરણ્યમાં કામ હોય તો દિવસમાં જાય પણ રાતમાં ન જાય. આ આકાશમાં દેખાય છે તે સૂર્ય નથી પણ ચંદ્ર છે. ત્યાં ભક્તો કહે કે ભલે રાત હોય અમે તો પ્રકાશ હતો એટલે ચાલ્યાં આવ્યાં તો તેના ઉત્તરમાં કહે છે કે રાત અજવાલી હોય તો પણ તે રાત એટલે ભયંકર તો ગણાય. કેમ કે રાતમાં પ્રકાશ હોય છતાં પુરુષ તેમાં ચાલતાં ભય પામે છે. કારણ કે તેમાં ભયકરનાર પ્રાણિઓ બહાર ફરે છે. એટલે સૌમ્યપ્રાણિઓને તેવા ભયંકર પ્રાણિઓ રાતના વખતે મારી નાખે. તેથી તમે તમારો ભાવ વિચારો તમારા સંસર્ગિઓનો વિચાર કરો અને પાછાં વ્રજમાં જાઓ. આના ઉત્તરમાં ભક્તો એમ કદાચ કહે કે અહિં સુધી આવ્યાં અને આપ રાતનું સ્વરૂપ ભયકરનાર કહો છો તો આપ તો અમારા પરિચિત છો એટલે આ રાત તો આપની પાસેજ ગાળશું અને દિવસે ઘર પહોંચી જઈશું તો તેના ઉત્તરમાં કહે છે કે તમે સ્ત્રીઓ છો માટે તમારે રાતે બીજાની પાસે ન રહેવાય. કેમ કે અમે પુરુષ છીએ સમય રાત્રિનો છે. તેથી સ્ત્રીઓ પુરુષની સાથે રાત્રિમાં ન રહી શકે કારણ કે સ્ત્રીપુરુષ એકાન્તમાં ભેગા રહે તો જરૂર તેના મનમાં વિકાર થયા વગર ન રહે તેથી તમે જાઓ. તમે વૃદ્ધ અથવા બાળક હોત તો કદાચ અહિં રહેવાનું બની શકત પણ તમેં તો સુંદર કટિતટવાળાં છો એટલે રસાત્મા છો તેથી જો તમને દેહનો અધ્યાસ હોય તો અહિંથી તમારે જવુંજ જોઇએ. ભગવાને બોલવામાં ચતુરાઈ કરી છે એટલે ભગવાનને રોકવાં હોય એવો પણ અર્થ આમાં નકારનો પ્રશ્લેષ કરવાથી ( ઘોરપદ અને પ્રતિયાતપદને નકાર લગાડવાથી ) તમેં ન જાઓ એવો અર્થ પણ નીકળી શકે છે. ૧૯

અમે તો અભિસાર કરનારી અભિસારિકાઓ આપની પાસે બુદ્ધિપૂર્વક આવ્યાં છીએ શામાટે અમને પાછાં મોકલવાનો આપ પ્રયાસ કરો છો? એમ ભક્તો કહે તો તેના ઉત્તરમાં કહે છે.

**मातरः पितरः पुत्रा भ्रातरः पतयश्च वः ।**
**विचिन्वन्ति ह्यपश्यन्तो मा कृद्वं बन्धुसाध्वसम् ॥ २० ॥**

તમારા માતા, પિતા, પુત્રો, ભાઇઓ પતિઓ તમારી શોધમાં છે. તે તમને નહિં જુએ તો કાંઈ કરી બેસસે માટે તમે તેમને ભયમાં ન મૂકો અને હમણાંજ જ્યાંથી આવ્યા હો ત્યાં પાછાં ફરો.

**સુબોધિની**—તમારે માતાના કહ્યામાં રહેવું જોઇએ તેઓની સાથે તમે આવ્યા નથી એકલાં આવ્યાં છો તેથી તે તમો કયાં ગયાં તેની તપાસ કરશે. તમે નહિં મળો તો તેને ભય થશે એ ભય એને ન થવું જોઇએ. કદાચ આપ એમ કહો કે તે પણ સ્ત્રીઓ છે. તે સમયને જાણનાર છે આવા સમયનો ઉપયોગ કરતાં અમને જાણી તે અમારી શોધ ન કરે તો તે ઠીક પણ તમારા પિતા છે તેને તો કુળને કલંક લાગવાની શંકા થતાં જરૂર તપાસ કરશે. અને વખતે અહિં પણ આવી પહોચે. માટે તમારે અહિંથી જરૂર જવું જોઇએ. તેના ઉત્તરમાં કહે છે કે શોધશે ખરા પણ તેને અહિં આવવાનો માર્ગ તો નહિં મળે કારણ કે ગોકુલથી નીકળતાં આપની પાસે પહોંચવામાં ઘણા માર્ગો છે. તે બધા માર્ગોની વચ્ચે માયા રહે છે. તેમાં કોઈ ભગવાનપાસે જઈ ન શકે તેવો રસ્તો તે બતાવે છે એટલે અમારા પિતા શોધમાં નીકળશે તો પણ અહિં તો નહિંજ આવી શકે એટલે તે આમ તેમ ફર્યા કરશે. તેથી અમો અહિં રહિએ તો તે અમારી પાછળ અહિં આવીને અમને લઈ જાય એ શંકા કરવા જેવું કાંઈ નથી. આપેં બંધુવર્ગને ભયમાં ન મૂકવાનું કહ્યું પણ તેઓ પણ અમારા માતા પિતાની જેમ આ સ્થાન સુધી પહોંચી ન શકે તેમ તેઓ પણ વિશેષ શોધમાં ન ઉતરે વધારે કરે તો તેના કુળને પણ લાંછન લાગે. કદાચ એમ કહો કે સ્ત્રીસ્વભાવને બધા જાણતા હોઇને તે આટલી બારિક તપાસમાં ન ઉતરતાં સવારે આવશે એમ માની ઉદ્યોગ ન કરે અથવા ભગવાનના દર્શનાર્થે ગયાં છે એમ જાણી તે વધારે શોધમાં ન ઉતરે એ સંભવિત છે ત્યાં કહે છે કે તે તો કદાચ એમ મનનું સમાધાન કરે પણ પુત્રો તો માતાઓની ઉપેક્ષા ન જ કરે. તે તમારા રક્ષક હોવાથી તમો ન મળો તો તેને લજ્જાસ્પદ થાય માટે તેને ખાતર તમારે અહિંથી જવું જોઇએ. એમ કહે તેના ઉત્તરમાં કહે છે કે તે તો લાજને લઇને અમને શોધવા નીકળશેજ નહિં કદાચ ભાઇઓ મોટા હોય તેમને બેન ભાગી જાય તેને ગોતવાની લાજ આવે અને તમને આવતાં વાર લાગે તો સાહસ કરીને શરીર છોડી દે એ અનિષ્ટ ન થવા માટે તમારે અહિંથી જલદી જવું જરૂરનું છે. ત્યાં કહે છે કે તે તો પોતાની અપકીર્તિના ભયથી શોધમાંજ નહિં નીકળે. રાતના વખતે જુવાન ભાઈબેનને સાથે જોઇને પણ કોઈ વ્હેમમાં પડે એવો વ્હેમ ન થવા માટે તેઓ તો ઘરથી બહાર નહિં જાય. ત્યાં કહે છે કે જે સ્ત્રીઓ અહિં આવી છે તેના પતિઓ તો તેની શોધ જરૂર કરશે. કેમકે તેમને તો ભોગની અપેક્ષા હોય વળી તમારો રસ તેનો જ ગણાય. તેથી બીજાની વસ્તુ બીજાને ન આપવી જોઇએ તમારે તો અહિં પણ ભોગ કરવો છે તે ત્યાં જશો

તો પણ તમારા પતિઓ તમારો ભોગ કરશે. તે જ્યાં સુધી ઘરમાં તમને નહિં જુએ ત્યાં સુધી બહાર તપાસ કરશે ઘણાવખત સુધી તમે નહિં જાઓ તો કાં તો મરી ગઈ અથવા કોઈ ઉપાડી ગયું એમ શંકા કરી ભયનો અનુભવ કરશે તેથી તમારે જવું જોઇએ. કદાચ તમે કહો કે અમે તેને છોડ્યાં હવે ગમે તેમ તેનું થાય એમાં અમારે શું? એમ તમારે ન કહેવાય કેમકે તે તમારા બાંધવો છે તેને ભયમાં મૂકવાનું કામ તમારૂં ન હોય પણ તેની સાથે તમારે રહેવું એજ ઠીક ગણાય માટે અહિં આવ્યા પહેલાં તમારે વિચાર કરવાનો હતો તે ન કર્યો અને સાહસ કરીને આવ્યાં તો હવે જલદી જઇને તેને શાંત કરવાં એજ તમારૂં કર્તવ્ય છે. તેથી જલદી તમે તેમની પાસે જાઓ. ૨૦

ભગવાને એટલું કહ્યું જ્યારે તે બધી સ્ત્રીઓ આમ તેમ જોવા લાગી તેને જોઇને ભગવાન્ પાછા તેને કહેવા લાગ્યા.

**दृष्टं वनं कुसुमितं राकेशकररञ्जितम् ।**
**यमुनानिललीलैजत्तरुपल्लवशोभितम् ॥ २१ ॥**

યમુનાના પવનની લીલાથી હલતા પત્રોવાળાં વૃક્ષો શોભાયમાન દેખાય છે, ચંદ્રના કિરણવડે જેને રંગ લાગી ગયો છે. ફુલ જેમાં ઉઘડી ગયાં છે એવું વન તો તમે જોઈ લીધું એટલે અહિં કર્તવ્યાન્તર નથી તેથી તમે જાઓ.

**सुबोधिनी**—ભગવાન જેને ઉદ્દેશીને કહે છે તે રાજસરાજસી છે આગળ કહેવાઈ ગઈ તે રાજસતામસી હતી તેને કહે છે કે વન જોવા માટે તમે આવ્યાં હો તો તે તો જોવાઈ ગયું એટલે હવે તો તમારે જવું જોઇએ. અહિં ભગવાનના બોલવાનો બીજો પણ અર્થ એવો થાય કે આ વન તો તમોએ બહુવાર જોએલ છે એટલે એમાં ભય રાખવાનું કાંઈ કારણ નથી. તો અહિંજ રહો જો ઘર જવાની જરૂર હોય તોજ જાઓ. તે વનનું વર્ણન કરે છે. કે જેના વર્ણનથી તેની આસક્તિ વધે. કુસુમિત કહેવાથી હજુ તો ફુલ આવ્યાં છે ફલ તો બાકી છે તે ફલ મળ્યાવગર કયાં જશો. વનમાં ફુલ ખીલ્યાં હોય તેમાં તો રતિ કરવી જોઇએ. ભગવાન્ બધાને મોહ વધારતા વધારેતા ઘર મોકલવાનો પ્રયત્ન પણ કરતા જાય છે. આ વન ચંદ્રના કિરણોથી રંગાયું છે. ચંદ્ર, વનવગેરે, શૃંગારને ઉદ્દીપન કરનાર ભાવો છે. વન તામસ, પુષ્પો રાજસ, ચંદ્રના કિરણો સાત્વિક છે. આ ચંદ્ર પણ પૂર્ણિમાનો એટલે પૂર્ણ છે અધુરો નથી. માટે તમે પણ પૂર્ણ હો તો રહો અપૂર્ણ હો તો જાઓ. એટલે આજ તો પૂનમનું પર્વ છે એમાં રતિનો ધર્મશાસ્ત્રોમાં નિષેધ છે એવો વિચાર હોય તો જલદી ઘર જવું. ત્યાં વાયુની પણ અનુકૂલતા છે. યમુનાના સંબંધવાળો વાયુ ચાલતાં વૃક્ષના પત્રો હલે છે તેથી વાયુમાં શીત મંદ અને સુગંધ એ ત્રણ ગુણ આવી ગયા છે એ વાયુનો પણ રસના ઉદ્બોધનમાં ઉપયોગ છે. ૨૧

એમ વનનું વર્ણન કરી વ્રજભક્તોને અતિ આસક્તિ ઉત્પન્ન કરાવીને ભગવાન્ કહે છે કે હવે જાઓ.

**तद्यात मा चिरं गोष्ठं शुश्रूषध्वं पतीन् सतीः ।**
**क्रन्दन्ति वत्सा बालाश्च तान् पाययत दुह्यत ॥ २२ ॥**

માટે તમે ગોષ્ઠ ભણી જાઓ વાર ન લગાડો તમારા પતિઓને જઇને સેવો. બાળકો અને વાછડાં આક્રન્દ કરે છે તેને ધવરાવો અને ગાયોનું દૂધ કહાડો.

**सुबोधिनी**—તમે વન તો જોયું એટલે જે કામ માટે આવ્યાં હતાં તે સિદ્ધ થયું તેથી હવે તમે પાછાં જાઓ. વન આવું ઉદ્દીપક છે તો ન જાઓ એવો પણ આ વાક્યમાંથી ધ્વનિ નિકળે છે. વિલંબન કરો. અને ઘણો વખત અહિં રહો એવો પણ અર્થ થાય છે. કોઈ ભગવાનને છોડીને ગોષ્ઠમાં ન જાય. અથવા ગાયો બાંધવાની ગોષ્ઠમાં જાઓ તો ત્યાં ગાયોની સેવા મળશે. વળી ત્યાં જશો તો તમારો ધર્મ સિદ્ધ થશે. સ્ત્રીનો ધર્મ પતિની સેવા કરવાનો છે. તેમાં પણ તમે સતીઓ છો. અથવા તે પુરુષનું વિશેષણ કરવું કેમકે તમારા પતિઓ પૂર્વ જન્મમાં સ્ત્રીઓ હતી તેમણે પુરુષનું ધ્યાન કર્યું તેથી તે તમારા પુરુષો થયા. તમે પુરુષો હતા તેણે સ્ત્રીની ભાવના કરી તેથી તમે સ્ત્રીઓ થયાં છો. આગળ પણ આમ વિપરીત ભાવ થશે એનો વિચાર કરી તમારે અહિંથી જવું. ત્યાં તમારો ધર્મ સિદ્ધ થાય છે જ્યારે અહિં રસ છે. વળી પતિ-શબ્દમાં બહુવચન છે. તેથી એવા તો અનેક પતિઓ તમે કર્યા છે. તેથી તમારા તે ધર્મ પણ નથી. અથવા તમે આવ્યા છો તેમાં જે પતિના વ્રતવાલી હોય તે જાય. જેને એવું વ્રત ન હોય તે રહે. જો બધી પતિવ્રતા ન હોય તો બધાં અહિંજ રહો. કેમકે પતિના વ્રતવાલી હોય તે પતિને છોડીને અહિં આવે નહિં કેમકે તે તો લૌકિક-ધર્મપરાયણ હોય છે. તેથી ભગવાનનું વાક્ય રસવાલું છે તેનો અર્થ એવો થાય છે કે કોઈ પતિવ્રતા તો તમે નથી તો અહિંજ રહોને! વળી વાછડા તમે બાંધ્યા છે તે સ્થિતિમાં જ છે છોકરાં ભૂખ લાગવાથી રડે છે તેને રોતા મટાડવા માટે તેને સ્તનપાન કરાવો ગાયોનો દોહ કરો. તમારૂં જીવન સ્વાર્થ માટે નથી તેથી પરાયાં કામ કર્યા કરો. તેથી સુખ ઇચ્છિનારે દુઃખી માણસ પાસે ન જવું જોઇએ. એ ભગવાને કહ્યું. ૨૨

એમ ભગવાન્ બોલ્યા ત્યારે કેટલીકના નેત્રમાં સ્નેહ દેખાણો તેને ભગવાન્ પુનઃ કહે છે.

**अथ वा मदभिस्नेहात् भवन्त्यो यन्त्रिताशयाः।**
**आगता ह्युपपन्नं वः प्रीयन्ते मम जन्तवः॥ २३॥**

અથવા મારામાં ચોતરફથી તમારો સ્નેહ હોઇને તમારૂં મન મારામાં ચોટેલ તેથી તમે આવ્યાં હો તો તે તમે યોગ્યજ કર્યું કેમકે મારા જીવો મારામાં પ્રીતિ રાખે છે.

**सुबोधिनी**—મેં અનેક પક્ષ વૃથા કર્યા કેમ કે તમે તો મારામાં સ્નેહને લઇને મને જોવા આવ્યાં છો. આ સિદ્ધાન્તને પૂર્વપક્ષરૂપે અનુવાદ કરે છે કે જે [1]ભાવ ભગવા-નમાં હોય તે ગુણાત્મક અથવા દોષાત્મક હોય તો તે લૌકિક થતાં ફલ આપતો નથી. તેથી અહિં તે ભાવનો અનુવાદ કર્યો છે. કે તમને મારામાં સ્નેહને લઇને તમારૂં ચિત્ત

---

૧ निरुक्तो भावः गुणात्मको दोषात्मको वा न फलं प्रयच्छति लौकिको भवति अतः अनूद्यते. આ પંક્તિનો અર્થ શ્રીગુસાંઇજીએ ટીપણીજીમાં કાંઈ કર્યો નથી પણ પ્રકાશકાર આવીરીતે અર્થ કરે છે. निरुक्तभावः स्नेहात्सर्वत्यागपूर्वकमागमनरूपभावः भगवत्त्वेन कामपूरकतां गाहमानो गुणात्मकः जारत्व-संकीर्णतया तां गाहमानो दोषात्मक इति फलं भगवदात्मकं न प्रयच्छति तत्र हेतुर्लौकिको भवति अतः तदुभयरूपतां तत्रापाद्य पूर्वपक्षीक्रियते. નિરુક્ત ભાવ એટલે ભગવત્સ્નેહને લઇને લૌકિકવૈદિકત્યાગ-

મારામાં બંધાઈ ગયું તેથી તમે મારીપાસે આવ્યાં તે બહુ યોગ્ય કર્યું. અમારૂં આગમન તમને સમયસરનું લાગતું હોય તો હવે વિલંબ કેમ થાય છે? એમ ગોપીઓ કહે તો તેના ઉત્તરમાં કહેવાનું કે લોકો મારી ઉપર પ્રીતિ રાખે છે. મારા સંબંધવાળા તો મારી ઉપર પ્રેમ રાખેજ તેથી મારે તેમની પ્રત્યે કાંઈ કરવાનું રહેતું નથી. મારામાં સ્નેહ છે ક્રિયા નથી. તેથી તમે મારી આશા બીજી ન કરતાં ઘર તરફ પ્રયાણ કરો. સ્થિતિ કરવાનું તો વાકયમાં સ્પષ્ટ છે કેમકે मा यात એમ બોલે તો સ્થિતિ પક્ષ સિદ્ધ થાય છે. સ્નેહને લઇને આવ્યાં હોય તેને જાઓ એમ કહીએ તો પણ તે ન જઈ શકે તેમાં તમે તો અન્તઃકરણથી વશ થયાં છો પછી બાકી શું રહ્યું જે તમને કહેવું પડે. તેથી અહિં તો બન્નેએ નિષ્કપટ ભાવથી પ્રીતિ કરવી એજ કર્તવ્ય છે. ૨૩

**भर्तुः शुश्रूषणं स्त्रीणां परो धर्मो ह्यमायया ।**
**तद्बन्धूनां च कल्याण्यः प्रजानां चानुपोषणम् ॥ २४ ॥**

પતિની સેવા કરવી તેમાં કપટ ન કરવું એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. પતિના બંધૂઓની સેવા, તથા બાળકોની પોષણ ક્રિયા, એ પણ સ્ત્રીનો ધર્મ છે.

**सुबोधिनी—**એમ રાજસીને કહીને હવે સાત્વિકીને કહે છે. સત્ત્વવાલીને કહીને પછી રાજસીને કહેશે. તેમાં સ્ત્રીનો મુખ્ય ધર્મ તેના ધણીની સેવા કરવાનો છે જો કે સ્વભાવથી જીવમાત્રના ભર્ત્તા-ભગવાન્ છે. તેની સેવા કરવી જોઇએ પરંતુ સ્ત્રી એટલે જેને સ્ત્રી દેહ મળ્યો છે. તેને અન્યત્ર વ્યભિચાર ન થાય એ હેતુથી ભગવાનની સેવા કરવી મુખ્ય છે. પરંતુ લૌકમાં લગ્ન થયું હોય તેને પતિ મળે તેને ભર્તા માનવો અને તેને સેવવો. તેજ તેનો ઉત્તમ ધર્મ તેમાં કપટ ન રાખવું જો કપટ રાખે તો સેવાનું ફલ ન મળે. બીજા બધા ધર્મો સ્ત્રીને માટે આના કરતાં નીચા છે. તેમજ પતિના બાપ ભાઈ વગેરેની પણ યોગ્ય સેવા કરવી. કલ્યાણી એવું સંબોધન આપી એ બતાવ્યું કે તમારે તો બધાં છે. પુત્રાદિને અન્નાદિ આપીને પોષણ કરવું. નાના હોય તેને ધવરાવવાં અથવા તેના બાપ પ્રભૃતિ તેને સાંચવે તેમ સ્ત્રીએ પણ બાળકોને સંભાળવાં. ૨૪

પતિ કરે પણ તે લાયક ન હોય તો શું કરવું ત્યાં કહે છે.

**दुःशीलो दुर्भगो वृद्धो जडो रोग्यधनोपि वा ।**
**पतिः स्त्रीभिर्न हातव्यो लोकेप्सुभिरपातकी ॥ २५ ॥**

ખરાબ સ્વભાવનો, ભાગ્ય રહિત, વૃદ્ધ, મૂર્ખ, મહારોગી ધનવગરનો એમ છ દોષવાળો પણ પતિ હોય તેને લોકલાજવાળી સ્ત્રીએ છોડવો નહિં પણ પતિતને છોડી દેવો.

---

પૂર્વક ભગવત્સમીપાગમનરૂપભાવ. તે ભાવમાં પણ જો ભગવાન્ આપણા કામપૂરક થશે એવો ગુણ અથવા તે આપણા જાર છે તેથી કામશાન્તિ કરશે એવા દોષવાળો થાય તો તે ભાવ લૌકિક થતાં ભગવદ્રૂપ ફલ આપનાર થતો નથી. તેથી તમે સ્નેહને લીધે આવ્યાં તેમાં એવા ભાવનો અનુવાદ કરીને ભગવાન્ ઉત્તર આપે છે એટલે સિદ્ધાન્તને પૂર્વપક્ષ કર્યો છે. લેખકાર લાલુભટજી વગેરેએ આ પંક્તિને લગાવી છે. તેનો વિસ્તાર કરતાં ગ્રન્થ વધી જાય તેથી વિશેષજ્ઞે ત્યાં જોઈ લેવું.

**सुबोधिनी**—ખરાબ શીળવાળો એટલે જુગારી અથવા એવી ટેવવાળો હોય, ભાગ્યવગરનો હોય એટલે દારિદ્રયવાળો. વૃદ્ધ એટલે જેનાં ઇન્દ્રિયો કાર્યક્ષમ ન હોય. મૂર્ખ હોય. ક્ષયાદિ રોગથી પીડાતો હોય, ધન વગરનો હોય. ધનવગરનો પણ ભાગ્યવાળો હોય તો ધનવાળો થશે એવી સંભાવનાથી સ્ત્રી તેને ન છોડે. એમ છ દોષવાળો પતિ હોય છતાં અનન્યગતિવાળી સ્ત્રીએ એવા પતિને મૂકી ન દેવો. ભગવાન છ ગુણવાળા છે જ્યારે લૌકિક-પતિમાં ઉપર ગણાવેલા છ દોષો છે છતાં તેને છોડવાની મનાઈ છે. પાતકીને તો છોડી દેવો. ધર્મશાસ્ત્ર કહે છે કે 'પતિ[1] પતિત ન થાય ત્યાં સુધી તેની સેવા કરવી.' તેમાં પણ આ લોકમાં સારા કહેવરાવવું હોય મર્યાપછી સ્વર્ગાદિમાં જવાની ઇચ્છા હોય તેણે પતિ ગમે તેવો હોય છતાં છોડવો નહિં જો છોડી દે તો લોકમાં અપકીર્તિ થાય એટલે પરલોક પણ ન મળે. ૨૫

જેને કામરસ લાગ્યો છે તે ધર્મને બાધક ગણતા નથી કેમકે રસ તો પારકામાં જ સિદ્ધ થાય છે. એના ઉત્તરમાં હવે કહે છે.

**अस्वर्ग्यमयशस्यं च फल्गु कृच्छ्रं भयावहम् ।**
**जुगुप्सितं च सर्वत्र ह्यौपपत्यं कुलस्त्रियः ॥ २६ ॥**

હે કુલીન સ્ત્રીઓ બીજો પતિ એટલે જાર કરવો તેથી સ્વર્ગનો નાશ થાય, યશનો ક્ષય થાય, તે કામ તુચ્છ છે, દુઃસાધ્ય છે, ભય કરનાર છે, લોકમાં નિંદ્ય છે, તેથી તે ન કરવું.

**सुबोधिनी**—હે કુલસ્ત્રિઓ ઉપપતિનો સંબંધ એટલે જાર સંબંધ એ જો કે રસાલ છે છતાં એમાં દોષો ઘણા છે. તેમાં છ દોષ છે તેને ગણાવે છે. તે પ્રથમ તો સ્વર્ગનો નાશ કરે છે. પૂર્વે ધર્મ કર્યા હોય તેનાથી સ્વર્ગ સિદ્ધ થયો હોય છતાં જારકર્મથી સ્વર્ગમાં જવાનું બંધ થાય છે. આ લોકમાં તે કામ અપકીર્તિ કરાવનાર છે. चकार છે તેથી નરકમાં પણ જવું પડે એ સૂચન છે. તે છતાં તેમાં મોટો રસ નથી કેમકે તે તુચ્છ ક્ષણિક સુખવાળો છે. તે સુખના સ્વરૂપનો વિચાર કરીએ તો તેના જેવું બીજું કોઈ ન હોય પણ તેનો સમય બહુ થોડો છે. તેથી તે દુઃખરૂપ છે. થોડી મહેનતે મળી શકતું નથી. તેમાં ઘણા મોટાં અનિષ્ટોનો સમાવેશ હોય છે. તેના અનુભવના વખતમાં પણ તેમાં રસ નથી કેમકે બીજાનો ભય તે વખતે પણ મનમાં રહે છે એટલે તે રસનો વિરોધી હોવાથી તેમાં રસ આવતો નથી. ભયાનક રસ શૃંગાર રસનો વિરોધી છે. તેથીજ તેને લોકમાં વ્યભિચાર કહેવામાં આવે છે. વળી સર્વત્ર તે કર્મ નિંદાને પાત્ર ગણાય છે. સર્વ દેશ અને સર્વ કાળમાં તેની નિંદા થાય છે. એવું કર્મ કરનાર પાછલથી સત્કર્મ કરે તો પણ લોકો તેની નિંદાજ કરે છે. સ્તુતિ કરતા નથી. ધર્મબુદ્ધિમાં સંદેહ જ રહે છે. તે બહુ દોષવાળું હોઇને ઉત્તમ સ્ત્રીએ તે કરવાનું નથી. ૨૬

એમ સગુણાઓને સમજાવીને હવે નિર્ગુણાને સમજાવે છે.

**श्रवणाद्दर्शनाद्ध्यानान्मयि भावोनुकीर्तनात् ।**
**न तथा सन्निकर्षेण प्रतियात ततो गृहान् ॥ २७ ॥**

---

१. 'भजेदपतितं पतिम्' ॥

મારૂં શ્રવણ કરવાથી મારાં દર્શનથી મારા ધ્યાનથી અને મારા કીર્તનથી મારામાં ભાવ થાય છે તેવો ભાવ મારી પાસે રહેવાથી થતો નથી તેથી તમે પરોક્ષમાં મારી ભક્તિ કરજો હમણાં તો ઘર પાછાં જાઓ.

**સુબોધિની—**અહિં શંકા કરે છે કે લૌકિકમાં તેની નિંદા છે તેથી લૌકિક દૃષ્ટિથી તે દોષ ભલે ગણાય ભક્તિમાર્ગમાં તે દોષ નથી તેમજ પરમાર્થ દૃષ્ટિથી જોઇએ તો તેમાં દોષ જણાતો નથી તેમાં પણ અમે જેનીપાસે આવ્યાં છીએ તે આપ તો પુરુષોત્તમ છો તેથી અમને એ કહેવાનું ન હોય. ત્યાં ભગવાન્ કહે છે કે ભક્તિમાર્ગમાં સંબંધ કરવો એમ શાસ્ત્ર કહેતું નથી. ભક્તિ તો નવપ્રકારે શ્રવણાદિરૂપે છે. પ્રેમરૂપા પણ છે. સ્વતંત્રપક્ષમાં તો કોઈની જરૂરજ નથી. ભગવાનમાં સ્નેહ તે તો અલૌકિક છે. તે સર્વથી અધિક છે. લૌકિકમાં સ્નેહ તો કામરૂપે ફલિત થાય છે તેથી તે હીન ગણાય છે. અલૌકિક સ્નેહના ત્રણ કારણ છે. શ્રવણ દર્શન અને ધ્યાન. તેમાં પહેલું શ્રવણ એટલે ભગવાનને કહેનાર પદ અને વાક્યોનો ભગવાનમાં તાત્પર્ય સમજવો એ શ્રવણ એ વિષય કહેવાય નહિં એમ ન માનો તો બીજાની વાત સાંભળવામાં પણ સ્નેહ કહેવાશે. ત્યાર પછી દર્શન એટલે એ અર્થનો અનુભવ કરવો અથવા ભગવત્કૃપાથી તેનો સાક્ષાત્કાર, જેમ ભગવત્કામનાવાળા નારદાદિને થાય છે. પછી ધ્યાન એટલે મનને સ્થિર કરી હૃદયમાં ચિન્તન કરવું. એ ભાવ ઉત્પન્ન થયો તેનુ અનુકીર્તન કરવાથી તે સ્થિર થાય છે. જેમ આ ઉપાય શાસ્ત્રમાં કહ્યો છે તેટલોજ તે સારો છે, પરંતુ તમે નિરંતર મારી પાસે રહો તો તે ભાવ તો લૌકિક થઈ જાય. તો તો તે ભાવ કામરૂપે પરિણત થાય જ એમ શ્રી આચાર્યચરણ કહે છે કે અમારૂં કથન છે. તેથી તમે ઘર તરફ રવાના થાઓ. તેથી પરમાર્થ વિચાર કરો તો પણ અહિં રહેવાનું ઠરતું નથી. તથા કહ્યું છે એટલે ભેગા રહેતાં કામનો સંભવ છે એમ પ્રકારનો નિષેધ છે તેથી ભગવત્સ્વરૂપની મોટાઈમાં કાંઈ ન્યૂનતા નથી. ઘરમાં રહેશો તો વેદમાં કહેલા ધર્મો પળાશે એમ વારી ઘર જવાનું કહ્યું છે. ૨૭

એમ જ્યારે ભગવાને ઘર જવાનું કહ્યું ત્યારે તો ભક્તોએ વિચાર કર્યો કે આપણે ઘર છોડીને વનમાં આવ્યાં હવે પાછું ઘર જવું તે તો વાંતાશન જેવું ગણાય. વળી ભગવાન કહે તે માનવું તો જોઇએ બન્ને સાબીત રાખતાં વિરોધ આવે છે માટે છોડેલું ઘર વસાવાય નહિં તેમ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન પણ ન કર્યું ગણાય તેવો રસ્તો તો દેહ ત્યાગનો છે. તે કામ કરવાનો નિશ્ચય કરીને પાછું વિચાર્યું કે ભગવદાનંદ તો ન મળ્યો તે મરતાં પણ નહિં જ મળે ત્યારે હવે શું કરવું તેથી મૂઢ જેવાં બની ગયા એ વાત શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે.

**श्रीशुक उवाच—**

**इति विप्रियमाकर्ण्य गोप्यो गोविन्दभाषितम् ।**
**विषण्णा भग्नसंकल्पाश्चिन्तामापुर्दुरत्ययाम् ॥ २८ ॥**

શુકદેવજીએ કહ્યું એ રીતે ગોવિંદનું અપ્રિય ભાષણ સાંભળતાં ગોપીઓ ખિન્ન થઈ તેના બધા સંકલ્પો તુટી પડ્યા અને જેનો અંત નહિ એવી ચિંતામાં પડી ગયાં.

**સુબોધિની—**શુકદેવજી બોલ્યા. જેમાં પોતાનું પ્રિય નથી અર્થાત્ પોતે કર્યું તેનું કાંઈ ફલ ન મળ્યું તેમ ભગવાને કહ્યું તેમ કરતાં પણ કાંઈ ફલ મળવાનું નથી તેમ

ભગવાન્ પરીક્ષા માટે કહે છે કે ખરીજ આજ્ઞા કરે છે એનો નિર્ધાર ન થતાં વાક્ય-તાત્પર્યનો વિચાર કરી અમને ઘર પાછા જવાનું કહે છે એમ જાણીને તે પોતાને ગમતું નથી છતાં ભગવાનને મોકલવાનું શું કારણ હશે તે જાણતાં પોતે ગોપીઓ ચતુર નહિં તેથી પોતાના સ્વામિદેવ ભગવાનના વાક્યને ખરૂ માન્યું અને કાંઈ નિર્ધાર ન થતાં ખેદવાળાં થયાં કેમકે તેમણે આવતી વખતે જે સંકલ્પ કરેલ તેમાં તે ફાવ્યાં નહિં એટલે બધા સંકલ્પો ભાંગી પડ્યા. અને એ વિચારમાં પડ્યાં કે અમારા મનમાં છે અને ભગવાન બોલે છે તે બન્નેની એક વાક્યતા કેમ થાય. તે બાબતની ચિંતા એટલી વધી કે ત્રણ લોક અને જન્મ જન્માન્તરમાં પણ તે ચિંતાનો અંત દેખાયો નહિં. ૨૮

તે ચિંતા કરતાં જે થયું તે હવે કહે છે.

> कृत्वा मुखान्यवशुचः श्वसनेन शुष्यद्-
> बिम्बाधराणि चरणेन भुवं लिखन्त्यः ।
> अस्त्रैरुपात्तमषीभिः कुचकुङ्कुमानि
> तस्थुर्मृजन्त्य उरुदुःखभराः स्म तूष्णीम् ॥ २९ ॥

શોકવાળાં મોઢાં નીચાં કરીને બેઠાં. શ્વાસ લેતાં ઘોલાં જેવા લાલ ઓષ્ઠ સૂકાય છે જેના, પગવડે પૃથ્વીને ખોદતી, આંખોથી ટપકતા અશ્રુબિન્દુથી કુચપર આલેપેલા ચંદનને ધોઈ નાખતી, ઘણા દુઃખને લીધે ગોપીઓ ચૂપચાપ બેસી ગઈ.

सुबोधिनी—પહેલાં તો તેને એટલી ચિંતા થઈ કે તેથી મૂર્છા આવી ગઈ પછી ભાન આવતાં મોઢાં નીચાં કરી દીધાં કોઇને હવે મોઢું દેખાડવા જેવાં ન રહ્યાં એટલે નીચું જોઇને બેઠાં. શોક જેણે ધારણ કર્યો છે તેથી જ હૃદયમાંથી ગરમશ્વાસ નિકળતાં બિંબરૂપ અધર સૂકાવા લાગ્યા. ચરણવડે પૃથ્વીને ખોદવા લાગ્યા. જાણે પૃથ્વી જગ્યા આપે તો તેમાં સમાઈ જઇએ એમ તેને થયું. આંખો આંજેલી તેમાં જ્યારે અશ્રુ ચાલ્યાં ત્યારે કાજલ આંસુમાં મલી છાતી ઉપર પડ્યું તેથી ચંદનનો લેપ સ્તન ઉપરથી લુપ્ત થવા લાગ્યો. પોતે બોલ્યાવગર નીચે મોઢે બેસી ગઈ મુખમાંથી વાણી ન નીકલી તેથી ભક્તિનો તિરોભાવ કહ્યો. શ્વાસ ચાલવાથી પ્રાણને પીડા થઈ, શોકથી અન્તઃકરણ ને દુઃખ થયું, બિંબરૂપ અધર સૂકાતાં કામરસને આઘાત થયો, પગથી પૃથ્વીને ખોદતાં શરીરને દુઃખ થયું, આંસુથી ઇન્દ્રિયોને દુઃખ થયું, કેસર સ્તન ઉપરથી ઉડી જતાં કાંતિ ઝાંખી થઈ ગઈ, દુઃખ થતાં આનંદ તિરોહિત થઈ ગયો. બોલ્યાવગર બેસતાં ચૈતન્યને આઘાત થયો. તેથી કેવલ કાષ્ઠવત્ રહ્યાં. ૨૯

એવી દશા જોતાં પણ ભગવાન્ કાંઈ ન બોલ્યા ત્યારે કાંઈક તેમણે વિનતિ કરી તે હવે કહે છે.

> प्रेष्ठं प्रियेतरमिव प्रतिभाषमाणं
> कृष्णं तदर्थविनिवर्तितसर्वकामाः ।
> नेत्रे विमृज्य रुदितोपहते स्म किंचित्
> संरम्भगद्गदगिरो ब्रुवतानुरक्ताः ॥ ३० ॥

જેને માટે ભક્તોએ સર્વ કામો છોડ્યા છે એવા સદાનંદ કૃષ્ણ અત્યંત પ્રિય છે છતાં બોલે છે તેમાં પ્રિય હોય એમ જણાતું નથી. તે વખતે ભક્તોએ રોએલી આંખોને સાફ કરીને કાંઈક કોપવડે જેના ચોખા શબ્દો નિકળતા નથી એવી વાણીવડે પ્રેમથી ભગવાનને કહેવા લાગ્યા.

**सुबोधिनी**—ભગવાન ભક્તની આ દશામાં પણ ભાષણ તો ઘર જવાનું જ કરે છે. શા માટે રુદન કરો છો સાવધાન થઈ ઘર તરફ રવાના થાઓ એમ બોલે છે પણ તેમનું મુખારવિંદ હસતું દેખાય છે. તે જોતાં ભક્તોના હૃદયમાં વાક્યામૃતો પ્રવિષ્ટ થયાં તેણે ભગવાનના વાક્યના જવાબરૂપ વાક્યો ઉત્પન્ન કર્યાં ત્યારે ભગવાનના ઉદ્બોધનથી ભગવાનના વાક્યને પૂર્વપક્ષરૂપે ગણી તેના સિદ્ધાન્તરૂપ વાક્યો કહેવા લાગ્યાં. ભગવાન છે તો પ્રેષ્ઠ તેને જોતાં તેમાં મન તૃપ્ત થતું નથી પણ બોલે છે તે આપણું અપ્રિય કરે તેવું લાગે છે. તે અપ્રિય નથી પણ અપ્રિય જેવું છે. ભગવાન્ કોઈ દિવસ અપ્રિય જેવા ન થાય. તે પ્રિય થાય અને ઇતર પણ થાય. કેમ કે તેમાં સર્વ થવાનું સામર્થ્ય છે. ઈતર થાય તેથી પ્રિયતાનો બાધ થતો નથી જેમ ભગવાન્ જગદ્રૂપ થાય છે જગતથી જૂદા પણ છે તેમ પ્રિય છે છતાં પ્રિયતાના અંશને છુપાવ્યા વગર ઈતર થાય છે. પણ વાક્ય તે રૂપે બોલતા નથી. પણ બીજારૂપે કહે છે તેથી તેની સાથે લડવું જોઇએ. કેમ કે જે ફલ હોય તે કોઈ દિવસ સાધન થતું નથી. અને મારી માગણી કરો એમ ફલ કોઇને કહેતું નથી. પરંતુ બલાત્કારે પણ તેમાં પ્રતિબંધક હોય તેને દૂર કરી તે ફલ લેવુંજ જોઇએ. તે જ કહે છે કે તે કૃષ્ણ એટલે સદાનંદ એટલે તે ફલરૂપ હોવાથી તેને કેમ છોડાય. અહિં શંકા થાય કે આવો આગ્રહ શું કે તમારે કૃષ્ણજ જોઇએ. તે ન મળે તો બીજાથી કામ લેવું. તેના ઉત્તરમાં કહે છે કે તેને માટે તો અમે બધા કામ ઘરમાં સિદ્ધ હતા છતાં તેને છોડી દીધા અને એની જ ઇચ્છા રાખી છે. સિદ્ધ હતા તે કામોને કૃષ્ણની ઇચ્છા કરતાંજ છોડી દીધા. પુરુષ કામમય છે એમ શ્રુતિ કહે છે. અમે જેને છોડ્યાં તેને પાછા લઇએ તો ભગવાને કહેલું ઘર કેમ લઇએ નહિં માટે હવે અમારે ઘર વગેરેમાંથી કામ ગયો હવે તો કૃષ્ણમાં માત્ર કામ રહ્યો છે. તે જો ન મળે તો અમારૂં જન્મ વૃથા થાય. એમ નિશ્ચય કરી ફલમાં માન ન કરતાં પોતે દૃઢ બન્યાં રોયેલાં નેત્રોને ધોઇને બધું બરાબર કરીને કંઈક વાદ કરવાને માટે કોપ કરીને સામાં થયાં તેણે વિચાર્યું કે ભગવાન્ વાણીથી નિષેધ કરે છે સ્વરૂપથી નિષેધ કરતા નથી. વાણીનો તો અર્થ કરીને તેને બાંધી શકાય. તેથી તેમણે વાદને માટે તૈયારી કરી બધા અન્તસુધી પહોચીને પાછા વળે તેમ ભગવાનના વાક્યનો ઉત્તર આપતાં વાણી ડરે છે તેથી સ્ફુટ નીકળતી નથી પણ ગદ્ગદ કંઠે બોલી. વાણીને ભય લાગ્યો પણ ભક્તોને ભય નથી. કેમ કે તેને તો ભગવાનમાં પ્રેમ છે. રાગ ભયનો શત્રુ છે આપણે જેનામાં સ્નેહ હોય તેનો આપણને ભય ન હોય. તેથી કહેવા લાગી. ૩૦

'વાક્યો[1] ભગવાનના દશ છે તે બધાના ઉત્તર આપ્યા એટલે દશ થયા એક શ્લોકથી પ્રાર્થના કરી એમ અગ્યાર શ્લોકથી ભક્તોના વાક્યો સર્વોત્કર્ષથી વર્તે છે'.

---

१. वाक्यानां बाधवाक्यानि तावन्ति प्रार्थनाधिका । एकादशविधास्तेन तासां वाचो जयन्ति हि ॥

પહેલાં ભગવાને કહ્યું હતું કે 'તમારૂં હું સ્વાગત કરું છું, તમે મોટાં ભાગ્યવાળાં છો' તેમાં ભગવાને અમારી પ્રશંસા કરી છે. તથાપિ તેણે ઘર મોકલવા માટે અમારી સ્તુતિ કરી છે નહિં કે અહિં રાખવા માટે, તે અમારી સ્તુતિ ન કહેવાય. પણ તે તો ક્રૂર વચન કહેવાય. કેમ કે આપનાથી જૂદા પડતાં અમારૂં અનિષ્ટ થાય એવો આપે ઉપદેશ કર્યો કદાચ કહો કે મારાથી જેટલું બને તેટલું હું કરી શકું મારાથી જે ન થઈ શકે તેને માટે મારે તમને રસ્તો જ બતાવવો રહ્યો એમ કહે તો તેના ઉત્તરમાં ભક્તો કહે છે.

गोप्य ऊचुः—

**मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं**
**संत्यज्य सर्वविषयांस्तव पादमूलम् ।**
**भक्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान्**
**देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥ ३१ ॥**

ગોપીઓએ કહ્યું હે દુરાગ્રહી! આવું આપે ક્રૂર વચન અમને કહેવું ન જોઇએ અમે આપની પાસે બધા વિષયોને છોડીને આવ્યાં છીએ એટલે આદિ દેવ મુમુક્ષુને ભજે છે તેમ આપ પણ અમને ભજો છોડો માં.

सुबोधिनी—આપ બધું કરવાને સમર્થ છો સમર્થ હોય છતાં મારાથી નહિં થાય એમ કહે તે વચન ક્રૂર ગણાય. જો બોલનારના હૃદયમાં દયા હોય તો એવું તે બોલે જ નહિં. વળી ભગવાને વ્રજને ઉદ્દેશીને કુશળ પ્રશ્ન કર્યો તે અમને ઉદ્દેશીને ન બોલવું જોઇએ કેમ કે અમે તો લૌકિક સર્વવિષયોને છોડીને આપના ચરણના મૂળમાં આવ્યા છીએ. તેથી હવે તેને પાછું અમારે યાદ કરવું એ તો પાછું તેનો પરિગ્રહ કર્યા જેવું ગણાય, છોડીને પાછું તેને લેવું એ ખોટું ગણાય. આથી આપની પાસે અમારૂં આવવું કામભાવ કે જારભાવથી નથી પણ સર્વાત્મભાવથી છે એમ બતાવ્યું. અત્યારે ઇન્દ્રિયોના વિષયો તેની વાસનાઓ સાથે અમે છોડ્યા છે. તેને બતાવનાર આપનું ચરણ છે. જો અમારા મનમાં સ્વાર્થ હોત તો આપના ચરણ સુધી અમે પહોંચી ન શકતે. આપે કહ્યું કે આવવાનું કારણ બોલો તો તેના ઉત્તરમાં કહેવાનું કે આપ અમને ભજો. બીજી વાત કરો એમ કહેતા હો તો આપ દુરાગ્રહવાળા છો કેમકે ભજન જ ન કરવું અને બીજું બધું કરવું એ દુરાગ્રહ કહેવાય. કેમ કે બીજું કરવું ગમે છે ભજન કરવું ગમતું નથી. જેમ જીવનો એ આગ્રહ દુષ્ટ છે તેમ આપને ભજન નથી કરવું એ પણ આગ્રહ દુષ્ટ છે. 'જે[1] જેવા ભાવથી આવે તેને તેવા ભાવથી હું ભજું છું' એમ તો અહિં દેખાતું નથી. જો અમારા ભાવને અનુસરતા હો તો અમને ન છોડો અમે આપને નહિં છોડીએ. અમે જે ભજનની માગણી કરીએ છીએ તે ભજન વિષય જેવું નથી પણ તેનો પ્રકાર જૂદો છે. એ પ્રકારને વિશેષરૂપમાં અમે કહી શકતાં નથી પણ એને સમજવાને અમે દૃષ્ટાન્ત રજુ કરીએ કે જેમ આદિ દેવ

१. 'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्' ॥

મુમુક્ષુને ભજે તેમ આપ અમને ભજો. કેમ કે દેવ સર્વને ભજે છે એમ ન હોય તો શાસ્ત્ર કર્યાં તે વૃથા થાય, તેમાં પણ આદિપુરુષ દેવ. પૂર્વકાણ્ડમાં ભજન સફલ છે ઉત્તરકાંડમાં તેથી પણ વધારે સાર્થક છે. આદિપુરુષ સેવાકરવા લાયક છતાં દેવ છે. દેવનું ભજન વ્યભિચાર જનક ન ગણાય. પુરુષાન્તરના ભજનમાં પણ પહેલો પરણેલો ધણી અભજનીય ન થાય. તે સ્ત્રીનો ત્યાગ કરી શકે પણ તે તેને ન ભજે એમ તો બને નહિં તે જેમ પોતાના શિવાય બીજાનું ભજન કરે તો તેને સહન નથી કરતો પણ બીજાથી રક્ષણ કરી પોતેજ ભોગવે છે તેમ આપે પણ અમારી સાથે વર્તવાનું છે. તેથી તમે પણ કહો છો કે તમારા ધણીઓ પાસે જાઓ પણ અમારા તો ધણી મુખ્ય આપ છો આપ અમારો ત્યાગ કરી શકો પણ અમારૂં ભજન ન કરો એ તો ન બને તેથી તમે અમને બીજા પાસે જવાનું કહો તે આપને ઉચિત ન ગણાય. જેમ ભગવાન્ મુમુક્ષુને પોતાના આત્મારૂપ માને છે તે તેમનું ભજન છે, આત્મરૂપે તેમને ભગવાન્ સ્ફુરે છે સ્વાનંદ ભક્તને આપે છે. શ્રુતિ પણ કહે છે કે તે ભગવાન જ આનંદ આપે છે. स्वाप्ययसंपत्त्योरन्यतरापेक्षमाविष्कृतं हि એ ન્યાયથી ભગવાન્ તેને માટે પોતાના આત્માને પ્રકટ કરે છે. તેથી કહ્યું છે કે મુમુક્ષુને ભગવાન્ ભજે છે જો એમ ન હોય તો મુમુક્ષુઓજ ભગવાનને ભજત ભગવાન્ કોઇને ભજત નહિં તેથી ભગવાન્ તેને ફલ આપે તે જ ભગવાનનું ભજન છે. જેમ મુમુક્ષુને કોઈ દિવસ સંસારી નથી કરતા પણ પોતાના સ્વરૂપમાં રાખે છે. તેમ આપ અમારે માટે પ્રકટી અમને આનંદમાં જોડી દો એ આપનું કર્તવ્ય છે. તેથી અમે પ્રાર્થના કરી એટલે એકવાર અમારો અંગીકાર કરી પછી ઓલખતા પણ ન હો એવી ઉદાસીનતા દેખાડવાની વાત આ બાબતમાં નથી. ત્યાં શંકા થાય કે ભગવાન ગોપીઓ સાથે રાસ રમ્યા પછી પાછાં ગોપીઓ તેમને ઘર ગયાં છે. ब्रह्मरात्र उपावृत्ते वासुदेवानुमोदिताः। अनिच्छन्त्यो ययुर्गोप्यः स्वगृहान् भगवत्प्रियाः ઇત્યાદિ શ્લોકથી એ સ્પષ્ટ વાત છે તેને ઘરમાં રહેવાની ભગવાને અનુકૂલતા કરી આપી છે વગેરે બાબતો રસને પુષ્ટ કરવા માટે છે એમ જાણવું. પણ તેને પાછા ઘરમાં રાખ્યાં છે કે તેમણે પાછો લૌકિકપતિનો પરિગ્રહ કર્યો છે એમ ન સમજવું. ૩૧

यत्पत्यपत्यसुहृदामनुवृत्तिरङ्ग
स्त्रीणां स्वधर्म इति धर्मविदा त्वयोक्तम् ।
अस्त्येवमेतदुपदेशपदे त्वयीशे
प्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा ॥ ३२ ॥

ધર્મને જાણનાર આપે કહ્યું કે ધણી દિકરા સુહૃદ્ વગેરેની સેવા કરવી એ સ્ત્રીઓનો ધર્મ છે. એ વાત અમે માની પણ તે ઉપદેશના કરનાર તો આપ તેની પ્રથમ અમારે સેવા કરવી જોઇએ કેમ કે બધાની સેવા જૂદી કરવા કરતાં જીવમાત્રના આપ પ્રિયતમ આત્મા અને બન્ધુ છો તેથી પણ આપની સેવામાં આપે સ્ત્રીધર્મ સમજાવ્યો તે બધી સેવા આવી જાય છે તેથી પ્રથમ આપની સેવા કરવાથી આપનો ઉપદેશ અમને હૃદયારૂઢ થશે તેથી આપની સેવા અમને આપો.

**सुबोधिनी**—ભગવાને કહ્યું કે 'સ્ત્રીઓએ પોતાનો ધર્મ ન છોડવો જોઇએ. જો ધર્મ છોડે તો અયોગ્ય ગણાય.' તેથી 'આ ભયંકર રાત છે અહિ સ્ત્રીઓએ આવવું ન જોઇએ' પછી કહ્યું કે 'ધણી દિકરા અને સુહૃદોની અનુવૃત્તિ કરવી એ સ્ત્રીઓનો ધર્મ છે.' તેમ ધર્મને જાણનાર આપે કહ્યું પણ અમારૂં કથન છે કે ધર્મશાસ્ત્ર કરનાર બહિર્મુખો છે કેમ કે તેમણે દેહને ઉદ્દેશીને ધર્મો કહ્યા અને તેને સ્વધર્મ ઠરાવ્યા. પણ તેણે આત્માના કે ભગવાનના ધર્મો શું છે તે કહ્યું જ નથી. કેમ કે તે પોતેજ આત્માવગરને (અનાત્મને) જાણનાર છે. તેમ ધર્મને જાણનાર આપે પણ કહી દીધું પણ અમારો વિચાર કે આત્માનો વિચાર કરીને કહ્યું નહિં તેનો પણ અમે નિર્ધાર કરીએ છીએ આપના બોલનું ખંડન કરતાં નથી. આપે કહ્યું કે સ્ત્રીએ પોતાનો ધર્મ બજાવવો જોઇએ તે બરાબર છે. પણ પતિ પુત્ર વગેરે સ્વધર્મનું સ્વરૂપ નથી. સ્વધર્મના આધાર-રૂપ નથી પણ તે ધર્મમાં નિમિત્ત માત્ર છે તે ધર્મ અનુષ્ઠાનરૂપ અને જ્ઞાનરૂપ હોય છે ધર્મનું અનુષ્ઠાન કરવું તેમાં પુત્રાદિ નિમિત્ત છે. ધર્મનું જ્ઞાન મેળવવામાં ગુરુ નિમિત્ત છે. તેથી આપે ઉપદેશ કર્યો તે અમારા મનમાં ઉગાડવું હોય તો પ્રથમ આપની સેવા અમારે કરવી જોઇએ ગુરુની સેવા ન થાય તો સ્વધર્મ સમજાય જ નાહિં. કોઈ કહે કે ભગવાને તો શાસ્ત્રોમાં કહેલ વાક્યનો ઉચ્ચાર માત્ર કર્યો છે તેના મૂળ ઉપદેશકો બીજા છે. તો તે બીજા ભલે હો પણ આ જ્ઞાન પ્રથમ અમને આપે કરાવ્યું તેથી આપજ અમારા ગુરુ તેની સેવા અમો ન કરીએ ત્યાં સુધી તે વાક્ય અમને સમજાય નાહિં જો એમ સમજાતું હોત તો અમે પ્રથમથી સેવા ન કરી હોત. તેથી ગુરુસેવા કરવાથી ઉપદેશ હૃદયમાં દૃઢ થાય તે ઉપદેશ કરનાર આપ છો હે અંગ! એમ સ્નેહથી સંબોધન છે. અમે આપથી પ્રતિકૂળ નથી પણ ધર્મોના અનેક ભેદ હોય છે. કેટલાક આપણા કરતાં ચઢતા, કેટલાક સમાન અને કેટલાક હીન હોય છે. તેમાં પૂર્વ પૂર્વ ધર્મો પ્રબળ ગણાય જેમ સ્ત્રીને પોતાના સમાન પતિ પુત્રાદિની સેવા કરવાનો ધર્મ છે તેમ તેના નિયા-મક ઈશ્વરની સેવા કરવાનો પણ તેનો ધર્મ છે. જો એ ધર્મ ન હોય તો તે ઈશ્વરની પ્રેરણા ન થાય તો તે પતિ પુત્રાદિની સેવા પણ ન કરે તેથી આપણી ચાલતી વાતમાં આપ અમારા ઈશ્વર અમારા અંતરાત્મા છો તેથી અમને પતિ પુત્રની સેવામાં પ્રેરતા નથી પણ આપની સેવા કરવામાં જ આપ અમને પ્રેરો છો. તેથી આપે કહેલ ધર્મ સિદ્ધ કરાવવા માટે આપની સેવા પ્રથમ કરાવો. ધર્મનું મૂળ ધર્મી છે. તે ધર્મ ધર્મીની વિરુદ્ધ ન જવો જોઇએ ફલને માટે કરવો જોઇએ એમ ન માનીએ તો વેદ અનિષ્ટમાં પ્રવર્તાવે તો તે અનાપ્ત ગણાય. તેથીજ ધર્મશાસ્ત્રમાં શરીરને પ્રિય ગણ્યું છે તેથી શરીરમાં પ્રીતિ કરવાનું કહ્યું છે. દ્રવ્ય અને સંસ્કારમાં દ્રવ્ય બળવત્ ગણાય છે. એવો ન્યાય છે. તેથી કોઇકને દેહ પ્રિય હોય કોઈકને આત્મા પ્રિય હોય. કોઈકને પરમાત્મા પ્રીતિના વિષય હોય. કોઈકને નિર્વાહક પ્રિય હોય છે. તેમાં આપ તો સર્વરૂપ છો એટલે અત્યંત પ્રિય છો પરમ પ્રેમના સ્થાન એટલે આનંદરૂપ છો દેહના નિર્વાહક બંધુરૂપ આપ છો તે કેવલ અમારા જ નહિં પણ પ્રાણિમાત્રના. આપના આપેલા શરીરથી આપ કરાવો તે કામ તે કરે છે. તે તો આપના નિયમનમાં રહી આપની ઇચ્છાને અનુસરે છે તે સ્વતંત્ર નથી. તે દેહ ભગવાનનો છે ભગવાને ટકાવ્યો છે તે એને નિર્વહન કરવો જોઇએ પછી ભગવાનને જરૂર નહિં હશે ત્યારે તે બીજાને દેવાશે. કેમ કે ચેતન-ને પ્રેરણા થાય છે. તેથી ભગવાનને ઉપયોગ છે એમ જાણશે ત્યાં સુધી તે બીજામાં

તેનો વિનિયોગ નહિં કરે. તેને બીજા ભલે ઉપદેશ આપે તેને કોઈનો ઉપદેશ લાગશે નહિં. તમે પ્રાણિમાત્રના વ્હાલા છો વ્હાલી વસ્તુ આપણી પાસે હોય તે આપણે જેમ આપણા વ્હાલાને આપશું તેથી નિશ્ચયાત્મક किल શબ્દ મૂળશ્લોકમાં મૂક્યો છે. આપ દેહનું દાન કરનાર છો. એટલુંજ નહિં પણ આપ તે દેહના નિર્વાહક પણ છો એટલે પ્રાણિમાત્રના બંધુ છો. શરીરને પોષે તે બંધુ કહેવાય. આત્માના ધારક છો તેથી અન્તરંગબહિરંગન્યાયથી પણ ભગવત્સેવા એ જ સ્વધર્મ છે–મુખ્ય છે. જ્યારે આપને લાયક નહિં રહે ત્યારે પણ આપ પ્રેરણા કરશો તો બીજાને તેનો ઉપયોગ કરવા દઈશું ધર્મિનો વિચાર ધર્મ કરતાં વધારે છે તેથી અમારી વિનતિ આપ નથી સ્વીકારતા તેથી અમે આ પ્રાર્થના કરીએ છીએ કેમ કે આપ અંગીકાર ન કરો તો સ્વરૂપથી નષ્ટ થઈ જવાય. તેથી સર્વરૂપ આપની સેવા કરવી યોગ્ય છે. પતિની સેવા વખતે પુત્રની સેવા બાધિત થાય. એમ બીજાની સેવામાં ત્રીજાની સેવા ન થાય. આપની સેવામાં પ્રીયતમ–આત્મા પરમાત્મા નિર્વાહક બંધુ વગેરેની સેવા થઈ જાય. વળી કાળાદિથી જેનો બાધ થાય તે ધર્મ ન કહેવાય. ધર્મ કરીએ પણ બની ન શકે તે પણ ધર્મ ન કહેવાય. પ્રમાણ હોય તે વિરુદ્ધ વિધાન ન કરે તેથી પતિની સેવા કરવાનું શાસ્ત્ર આપની સેવા કરવાનું વિધાન કરે છે. કેમ કે નિત્ય–સેવ્ય આપ છો. પતિ પુત્રાદિને તો કાળ બાધા કરે માટે તેની સેવામાં નિયમ ન રહી શકે માટે આપ અનુવાદ અથવા સ્વતંત્ર વિધાન કહો પણ તે સેવા ભગવાનની જ હોવી જોઈએ પતિપુત્રાદિની સેવા ન હોય. ૩૨

એમ રાજસી બોલી રહી ત્યારે સાત્વિકીનાં વાક્યો પ્રકટ્યા તે કહે છે.

**कुर्वन्ति हि त्वयि रतिं कुशलाः स्वआत्मन्**
**नित्यप्रिये पतिसुतादिभिरार्तिदैः किम् ।**
**तन्नः प्रसीद वरदेश्वर मा स्म छिन्द्या**
**आशां धृतां त्वयि चिरादरविन्दनेत्र ॥ ३३ ॥**

હે કમળદલલોચન કુશળ પુરુષો નિત્ય પ્રિય અને આત્મરૂપ આપના સ્વરૂપમ પ્રીતિ કરે છે. પતિ પુત્ર વગેરે તો દુઃખ દેનાર છે તેની સેવાથી શું વળવાનું હતું હે વરદેશ્વર આપ અમારી ઉપર પ્રસન્ન હો ઘણા દિવસથી ધારણ કરેલી અમારી આશાને આપ ન છેદો.

**सुबोधिनी**—આપે કહ્યું 'બાપ, મા, બંધુ વગેરેની અનુવૃત્તિ કરવી જોઈએ' 'બન્ધુઓને ભયમાં ન પટકો' શું પ્રથમ અમે જ એ કરીએ છીએ કે આગળ પણ કોઈએ એવું કર્યું છે. તેમાં પણ અધમ એવું કરે છે કે ઉત્તમ આપની સેવા કરે છે. ઉત્તમ કરતા હોય તો તે પણ આપની સેવામાં અશક્ત હોય તે કરે છે કે સશક્ત કરે છે. આ બધી બાબત વિચારવી જોઈએ. આ વાતનો નિર્ણય કરનાર મોટાઓનાં ચરિત્રને કહે છે કે જે આત્મામાં કુશળ છે આત્માના અર્થિ છે દેહના અર્થિ નથી. તે તો આપનામાં પ્રીતિ કરે છે. સ્નેહથી સેવા (ક્રિયા) થાય. ભગવાનમાં જે કરીએ તે કરનારને તેનો લાભ મળે

તે વાત **तस्यात्मने प्रतिमुखस्य यथा मुखश्रीः** એ શ્લોકમાં કહી છે. સેવા તો પ્રીતિ હોય તો થાય. જો પુત્રાદિની સેવા ધર્મ ગણાતી હોય તો તો તે પુરુષાર્થરૂપે આત્માનું કલ્યાણ કરનારી થાય. કુશળ કહેવાનું કારણ કે તે ડાહ્યા તે એટલાજ અંશમાં કે પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિને તેણે શ્રેષ્ઠ માની. આપણે ઇન્દ્રિયને વશ ન રાખી શકીએ તો તેનો બીજામાં ઉપયોગ થાય. એ વાત **यतो यतो निवर्तेत** એ શ્લોકમાં કહી છે. ઇન્દ્રિયોને આપણે રોકી શકીએ તો તે આત્માની તરફ વળે છે. તેમાં પણ તે આત્માતરફ વળ્યાં ત્યારે જ ગણાય કે તે જ્યારે તે આપના વિનિયોગમાં આવે. તેથી કેવળ ઇન્દ્રિયોને કેદ કરે તેના કરતાં તેનાથી આપની સેવા કરે તે ઉત્તમ ગણાય. અથવા આપની પ્રીતિ સંપાદન કરે તે કુશળ એટલે ડાહ્યો ગણાય. તમારામાં એમ એક વચન વાપર્યું એટલે તમારામાં બધું આવી જાય છે એમ પહેલાં કહ્યું તે અહિં પણ સમજવું. આપ આત્મારૂપ છો આપ અધ્યાસથી તેવા બન્યા નથી. પ્રિય હોય તેની સેવા કરવી જોઇએ તે પ્રિય કાલાધીન ન હોવો જોઇએ. તેવા તો પ્રિય આપ જ છો એમ ન માનીએ તો કોઇને જારમાં પ્રીતિ હોય અને તેની સેવા કરે તો તે પણ આત્મપર્યવસાયિની થવી જોઇએ પણ તેમ થતું નથી. કેમકે જેમ જન્મ પરિચ્છેદક છે તેમ દિવસ પણ પરિચ્છેદક છે. પતિ પુત્ર વગેરે ધર્મના કારણ નથી કેમ કે તે તો દુઃખ આપનાર છે ધર્મના નિમિત્ત દુઃખ આપનાર ન્હોય. જો ધર્મનિમિત્ત દુઃખદ હોય તો સંસાર ન થવો જોઇએ. તેથી અમારે તેનાથી કાંઈ કામ લેવાનું નથી તેને ભય થયો તેની અમને દરકાર નથી. પરંતુ આપની પ્રસન્નતા માટે જ એક પ્રાર્થના કરવાની છે જેના વિના બધું વૃથા છે તેથી આપ પ્રસન્ન થાઓ. આપની પ્રસન્નતાના અભાવે જ લોકો ભ્રાન્તિમાં પડીને દુઃખના કારણરૂપ કાર્યો કરે છે. તમે એવું શું સાધન કર્યું કે મારે તમારી ઉપર પ્રસન્ન થવું પડે એમ ભગવાન કહે તેના ઉત્તરમાં કહે છે આપ વરદાન દેનારમાં સર્વથી મોટા છો જે વર આપનાર છે તે લોકોના કલેશ જોઇને આપે છે તેથી વરદ લોકો દયાળુ હોય છે. જો તેમાં દયા ન હોય તો તપ ગમે તેટલું કરે તો પણ તે વર ન આપે તે વરદાન આપનાર દેવાદિના પણ આપ ઈશ્વર છો એટલે અતિદયાલુ છો તે આપ દેવદ્વારા પણ બધાનાં દુઃખ દૂર કરો છો. અમે પણ કલેશયુક્ત છીએ એ કલેશ પણ તપની જેમ સાધન છે તેમાં જે કાંઈ નિષિદ્ધ પ્રકાર હોય તે આપે ન કરવો. કદાચ ભગવાન કહે કે આટલો વખત તમે પતિની સેવા કરી એમ આગળ પણ તેની સેવાજ કરો કેમ કે ગૌણ કર્મ પણ આરંભ્યું તો તેને સમાપ્ત કરવું જોઇએ તેથી બીજો વિચાર ન કરતાં પતિનેજ તમો સેવો. ત્યાં કહે છે કે અમો આપની આશા રાખીને આવ્યાં છીએ તો આપ અમારી આશાને ન કાપો. અમે પતિની સેવા કરી નથી તેમ તેને માટે અમે તેમની પાસે રહ્યાં નથી. પરંતુ આપ પધારવાના છો એ આશાએ આપને માટે અમે ત્યાં રહેલાં ત્યાં આપ પધારો તેટલો વખત અમારી રક્ષા કોઇએ કરવી જોઇએ તેથી અમે તેનો સ્વીકાર કરેલો. આપની પાસે અમે આવ્યા છતાં અમારો મનોરથ આપ પૂરો ન કરો તો અમારી આશા નષ્ટ થશે આશા ગઈ એટલે પ્રાણ જશે તેથી કોઈ સ્ત્રીના હૃદયને જાણનાર કવિએ કહ્યું છે કે આશારૂપી બંધ હૃદયને રોકે છે. એ વાક્યનું મૂળ પણ કોઈ સ્ત્રીના શાસ્ત્રમાં હશે. એ આશાએ અમને તમારામાં ઘણા દિવસ સુધી રોકયાં હતા તે આશા નષ્ટ થઈ તો અમને કોઈ આધાર ન રહેતાં અમે નીચે પડી જશું. મૂળમાં **स्म** અવ્યય પ્રસિદ્ધિને કહેનારો છે. **अरविन्दनेत्र** શબ્દથી ભગવાનને

સંબોધવાનું કારણ એટલું જ કે ભગવાન નેત્રવડે જુએ તો પણ જીવના તાપને દૂર કરે છે. અને પોષણ પણ દૃષ્ટિવડે જ આપે છે. તે દૃષ્ટિને લઇને આપની આશા અમે રાખી શકીએ છીએ. કેમ કે આપ એવીરીતે જુઓ છો કે અમારા તાપ દૂર થાય છે તેથી આશા રહે છે કે આપની કૃપા છે તે આપ અમને છોડશો નહિં. હૃદયના સારા ભાવને સૂચવનારી દૃષ્ટિ જ છે. એ દૃષ્ટિના ભાવને જાણીને અમે આજસુધી જીવનને ટકાવી રહ્યાં છીએ. ૩૩

આપે કહ્યું વન જોવા આવ્યા છો અને વનનું વર્ણન આપે કર્યું એ બાબત હવે કહે છે.

**चित्तं सुखेन भवतापहृतं गृहेषु**
**यन्निर्विशत्युत करावपि गृह्यकृत्ये ।**
**पादौ पदं न चलतस्तव पादमूलाद्**
**यामः कथं व्रजमथो करवाम किं वा ॥ ३४ ॥**

ઘરના કામમાં અમારૂં ચિત્ત હતું તે ચિત્ત તો આપે ચોરી લીધું એટલે આપની પાસે આવી ગયું તેથી ઇન્દ્રિયોને કોઇ કહેનાર ન રહ્યું એટલે બે હાથ ઘરના કામમાં લાગતા નથી અમારા પગ આપના ચરણના મૂળથી એક પગલું પણ વધતા નથી એટલે અમે ઘર પહોંચી કેમ શકીએ? અથવા પહોંચ્યાં તો ત્યાં જઈ ગૃહકાર્ય કેમ કરી શકીએ ?

**सुबोधिनी**—આપે કહ્યું કે વન જોવા આવ્યાં પણ જોવાની ઇચ્છા તો ત્યારે થાય જ્યારે મન પોતાને સ્વાધીન હોય. તે તો આપે ચોર્યું છે આપને ચોરવામાં મહેનત પડે તેવું નથી જો મહેનત પડી હોત તો થોડું અમારી પાસે રહેત થોડું આપ લઇ જાત પણ તેને તો આપે સુખથી હરણ કર્યું આપે આનંદવડે તેને ખેંચી લીધું કારણ કે આનંદને જોઈ કોઈ આનંદના સાધનને શોધવા ન જાય. અમારે વન જોવાનું તો રહી ગયું પણ ઘર પણ છૂટું પડી ગયું તેથી અમારી જ્ઞાનશક્તિ પણ આપે ચોરી લીધી. આપે એમ ન માનવું કે અમે કાંઈ અમારા કામ માટે વનમાં આવ્યાં હતાં તેથી આપે અમારી ક્રિયાશક્તિ પણ ખેંચી લીધી છે. તેથી હાથ ઘરનાં કામ કરે એવા ન રહ્યા તો વનમાં જઇને અમે શું કરવાનાં હતાં કેમ કે કામ કરવામાં બળ જોઇએ એ તો આપની પાસે પહોંચ્યું આપનો સ્પર્શ થાય તો હાથમાં જીવ આવે નહિં તો તે મરેલા સમજો. જ્યારે હાથ ગયા ત્યારે ઘરની સેવા પણ ન બને. વળી જેને હાથ ન હોય એને કામ કરવાનું કોણ કહે. આપે કહ્યું: વન તમે જોયું હવે જ્યાંથી આવ્યાં હતાં ત્યાં પાછાં જાઓ. પણ આપનું તે કહેવું સંભવતું નથી. અમારા બન્ને પગ આપના જ્યાં ચરણ છે એ સ્થાનથી એક પણ પગલું આગળ ચાલતા નથી. અમારા પગને પાવર આપનાર આપના ચરણ છે તે અમારા પગ આપના ચરણપાસે પહોંચ્યા તે હવે કેમ જૂદા પડે. જો પગો ફરી શકતા હોય તો વૃક્ષના પણ પગ મૂળરૂપ હોય છે તે પણ અન્યત્ર જઈ શકતે. એ પગો આપ ચલાવો તો ચાલી શકે આપ ગતિ કરો તો આપની શક્તિથી તે પણ ચાલે પણ એકલા સ્વતંત્ર ચાલે એવા રહ્યા નથી. માટે

અમને આપ ઘર જવાનું કહો છો તે પગ વગર અમે કેમ જઈ શકીએ? પગ ન ચાલતા હોય તો વાહનમાં બેસીને પહોંચો. એના જવાબમાં કહેવાનું કે ત્યાં ગાડામાં પડીને જઇએ પણ ત્યાંનું કર્તવ્ય તે કોણ કરે વાહન તો ત્યાં પહોંચવામાં સાધન થાય પણ વાહન ઘરનું કામ ન કરી દે માટે જવાથી કાંઈ કામ ન થઈ શકે પણ ત્યાં તો બાપ વગેરેની સેવા કરવાની અને તેટલા માટે જવાનું હતું તે ન બને તો જવું વૃથા છે. જઇને શું કરવું હાથ વગર તો ભાવથી કામ થાય તે ભાવ તો આપનામાં આવ્યો એટલે ભાવથી પણ ઘરમાં પ્રયોજન નથી. છોકરાં ધરાવવાનું તો ધાવણ ન આવે એટલે છોકરાં શું પીએ આશા છુટતાં અમારા રસરક્તાદિ સૂકાઈ ગયા તેથી સ્તનમાંથી પણ પ્રવાહી પદાર્થ ન નીકળે તો છોકરાં તૃપ્ત ન થાય એટલે આપે અશક્યોપદેશ કર્યો. ૩૪

ભગવાને કહ્યું જલદી ઘર પહોંચો તેના ઉત્તરમાં કહે છે.

**सिञ्चाङ्ग नस्त्वदधरामृतपूरकेण**
**हासावलोककलगीतजहृच्छयाग्निम् ।**
**नो चेद्वयं विरहजाग्न्युपयुक्तदेहा**
**ध्यानेन याम पदयोः पदवीं सखे ते ॥ ३५ ॥**

હે મિત્ર—આપના અધરામૃતના મોટા પૂરવડે અમને સીંચો હાસપૂર્વક અવલોકન કરી અમારા હૃદયમાં છુપાયલા કામને બુઝાવો અમો કહીએ છીએ છતાં આપ તેમ નહિં કરો તો અમે આપના વિરહના અગ્નિમાં દેહોને બાલી આપના ધ્યાનવડે આપના ચરણમાં પહોંચશું.

**सुबोधिनी**—જો આપ પ્રતિબંધ નહિં કરો તો અમે જલદી આપની પાસે પહોંચશું. આથી એમ બતાવ્યું કે આપની પાસે પહોંચતાં આપ ન બોલાવો તો પણ અમારૂં મરણ છે. ઘર જવામાં તો કાંઈ કહેવાનું નથી. હે અઙ્ગ આપના અધરામૃતના પૂરથી અમારા હૃદયમાં રહેલા કામાગ્નિને આપ બુઝાવી દો. અમારા હૃદયમાં તે અગ્નિ આપેંજ પેદા કર્યો છે તે હવે કહે છે. આપેં અમારી તરફ હસીને જોયું અને અવ્યક્ત મધુર ગાન કર્યું તેનાથી અમારા હૃદયમાં કામાગ્નિ પ્રકટ્યો તે અગ્નિ જ છે તેનો ઉત્પાદક આપનો હાસ છે. આપનું ભાવપૂર્વક જોવું એ તેને વધારનાર વાયુનું કામ કરે છે. કલગાન ચોતરફનો પવન છે તે હૃદયસુધી પહોંચે છે. તે ગીત વેણુદ્વારા અધરામૃતનેજ હૃદયમાં લાવનાર અધરામૃત જ છે. નદીઓમાં પૂર આવે ત્યારે બધું તાણીને તે જલ ચાલ્યું જાય છે તેવો અધરામૃતનો પૂર તો અહિ સિંચનરૂપ બનશે એમ કહેવાથી અગ્નિ ઘણો મોટો છે એમ કહ્યું તે મોટા અગ્નિમાં તો તે પૂર સિંચન જેવું થશે. આ અગ્નિ અલૌકિક છે તે અલૌકિકરીતેજ શાન્ત થશે. કામ જો મરે તો બાળે છે. તે જીવતો હોય ત્યાં સુધી અગ્નિરૂપ થતો નથી એટલે બાળતો નથી. તે અમૃતથી જીવતો થાય તેમાં પણ આપની દેવભોગ્ય સુધાથી તે જીવતો થશે નહિં. એ સુધાથી તે જીવતો થતે તો દેવો સુધા આપીને તેને જીવતો કરતે કેમકે જગતને કરનાર તે છે. તેનો મોક્ષ થતો નથી તે તો અતિગુપ્ત અમૃતથી જીવશે તેથી અધરામૃતનું આપ સિંચન કરો એમ કહ્યું. એમ એના મનમાં ન હોત તો કામાગ્નિને ઠારી

નાખો એમ કહેત. તેથી ભક્તોના મનમાં એમ છે કે કામ જીવતો હશે તો અમે જીવશું તે મરશે તો પોતે બળશે અને બીજાને બાળશે. તેથી જેમ મંત્રથી સારૂં કરનાર પાણિ છાંટી સારૂં કરે છે તેમ આપ અમને અધરામૃત સિંચન કરી જીવતાં નહિં રાખો તો આપના વિરહથી ઉત્પન્ન થએલ અગ્નિ અમારા દેહને બાળી દેશે અમારો આત્મા આપનું ધ્યાન કરશે અને આપની પાસે પહોચશે, કેમ કે આત્માને સ્વતંત્ર ક્યાં જવું છે તેની ખબર નથી. આપ આત્માના મિત્ર છો તેથી તે આપની પાસે પહોચશે આપ જે માર્ગે જશો તે માર્ગે અમે પણ જશું જેમ અત્યારે આપ અમને દુઃખ આપો છો તેમ અમારા મર્યા પછી આપને પણ દુઃખ થશે. આપના શોકનું કારણ અમે બનશું એમ તે બોલનારીનું કહેવું છે. દેહ ગયા પછી અન્તર્યામિએ ક્યાંક રહેવું જોઇએ. બીજો દેહ તો થવાનો નથી કેમ કે બીજા દેહનું બીજ વાસના તે તો આપના વિરહાગ્નિમાં બળી ગઈ છે. હરે (શિવજીએ) કામને બાળ્યો ત્યારથી તે પાછો પેદા થતો નથી પણ તે વિપરીત થાય છે એટલે હર=રહ થાય છે. તેમાં વિશિષ્ટ રહ એટલે એકાન્તના અભાવરૂપ થાય છે એથી એમ કહ્યું કે આપ એકાન્તમાં ન મળો ત્યાં સુધી અમને આપનો વિરહ છે. જો કે પહેલે વિરહને અગ્નિ કહ્યો તે અગ્નિમાં સાક્ષાત્ ભસ્મ કરવાની શક્તિ નથી તે તો સર્વ અંગમાં સૂક્ષ્મ અવયવમાં પણ પહોંચીને બાળે ત્યારે દેહને ભસ્મ કરે જેમ અગ્નિમાં સૂકું કાષ્ઠ બળે કેમ કે તેમાં ભીનાશ ન હોય. તેથી અમારામાં આપનો સ્નેહ છે ત્યાં સુધી અમને ભસ્મસાત્ તે નહિં કરી શકે આપના ચરણમાં આવવાનો અમે મનોરથ કરીએ છીએ પણ અત્યારે તો અમારા મરણનો સમય આવ્યો છે તેથી બને તો બચાવવાનો ઉપાય જલદી કરો. ૩૫

આપે કહ્યું કે મારામાં સ્નેહને લઇને તમે અહિં આવ્યાં એ ઠીક કર્યું તેમાં અમારા સ્નેહની આપે સ્તુતિ કરી તેનો ખરો અર્થ સાંભળો.

**यर्ह्यम्बुजाक्ष तव पादतलं रमायाः**
**दत्तक्षणं क्वचिदरण्यजनप्रियस्य ।**
**अस्प्राक्ष्म तत्प्रभृति नान्यसमक्षमङ्ग**
**स्थातुं त्वयाभिरमिता बत पारयामः ॥ ३६ ॥**

હે કમળનયન લક્ષ્મીને સુખ આપનાર આપનું ચરણ જે અરણ્યવાસિઓને પ્રિય છે તેનો અમે સ્પર્શ કર્યો અને આપે અમારીસાથે રમણ કર્યું ત્યારથી અમે બીજાની પાસે ઉભાં પણ રહી શકતાં નથી.

**सुबोधिनी**—હે કમલનેત્ર આપ દૃષ્ટિ કરો ત્યાં ભક્તના તાપ જતા રહે છે. અમે જયારથી આપના ચરણતળનો સ્પર્શ કર્યો ત્યારથી અમે સંપૂર્ણરીતે બીજાની પાસે ઉભા રહેવાને લાયક રહ્યાં નથી. સાક્ષાત્ચરણસ્પર્શ તો દુર્લભ છે. પણ જ્યાં આપનું પગલું પડ્યું હોય તે પાદતળ કહેવાય, રમા પણ તે પાદતળવડે જીવે છે. તે વાત [1]નાગપત્નીઓએ કહી છે. તે રમાના સુખને આપનારૂં પાદતળ ફલરૂપ છે. તે કોઈ વખતે હૃદયમાં આવેલ ત્યારે રમાને સુખ થયું. સુખનો અનુભવ હૃદયમાંજ થાય તે

१ तवाङ्घ्रिरेणुस्पर्शाधिकारः यद्वाञ्छया श्रीर्ललनाचरत्तपः ઇત્યાદિથી કહેલ છે.

પાદતળ પૃથ્વીમાં હોવાથી અમને તો તેનો સ્પર્શ થાય છે લક્ષ્મીની પેઠે તે અમારા હૃદયને લાગતું નથી. અમે વિચાર કર્યો કે લક્ષ્મીએ ચંચળતા છોડીને તપ કર્યું તો ભગવચ્ચરણ તેને મળ્યું. અમે પણ ચંચળતા છોડીને તેમાં દૃઢતા રાખશું તો તે અમને પણ મળશે. આપને અરણ્યમાં રહેનાર પ્રિય છે તેથી અમે ધાર્યું કે બધાંનો સંગ છોડે તે ભગવાનને ગમે છે. અરણ્ય સાત્ત્વિક છે વૈષ્ણવ છે. તેથી પુલિન્દીઓનું પણ સ્મરણ થયું પુલિન્દીઓને ભગવાનનું ચરણ મળ્યું ન્હોતું પણ ચરણને લાગેલ કુંકુમ ઘાસમાં પડેલ મળ્યું હતું તેને સ્તન ઉપર લગાડીને તેણે ભગવાનની પ્રીતિ મેળવી એ ઉપરથી જણાય છે કે પાદતળ ફલ આપનાર છે પ્રભુમાં પ્રીતિ કરાવે છે તેને અમે પણ તેવારૂપે જાણીએ છઇએ. આથી વધારે સ્પષ્ટ ભાષામાં ન કહી શકવાથી એટલુંજ કહ્યું છે. તેથી આપ મળો એ માટે અમે બીજાની પાસે ઉભવાને યોગ્ય નથી. આપને શરણે ન આવ્યો હોય તે બીજા જીવનો આશ્રય કરે. આપના ધર્મો અમારામાં આવતાં તેણે બીજા પાસે બેસવાને અશક્ત બનાવ્યા. જે જેને મારનાર હોય તેની પાસે તે ઉભો રહી ન શકે જેમ દેહના અભિમાનવાળો વાઘપાસે ઉભો ન રહે. તેમ ભગવદીય લૌકિક જન પાસે ઉભો ન રહી શકે. જો ઉભો રહે તો તે ભગવદીયના ભાવનો નાશ કરી દે, જ્યાં આવો સૂક્ષ્મવિચાર સંગ કરવામાં છે ત્યાં બીજાપાસે જવું તેને દેવ માનવા એ વાત તો ક્યાંથી બને માટે આપે અમારા ભાવની સ્તુતિ કરી તે તો બહુ અધૂરી ગણાય અમારો તો લક્ષ્મીની જેમ આપમાં અનન્ય ભાવ છે જેમ બધાને છોડીને લક્ષ્મી આપને શરણે આવી તો આપે તેની સાથે રમણ કર્યું એમ અમારી સાથે પણ થયું છે. અમે પણ હમેશાં સ્વપ્નમાં આપનો સંબંધ કરીએ છીએ એમ ન હોય તો અમે જીવી ન શકીએ. આથી એમ કહ્યું કે આપે પ્રથમ ભોગવ્યાં છે તેને આપ બીજાની પાસે મોકલી ન શકો. મોકલો તો આપની યોગ્યતામાં ખામી આવે. ૩૬

લક્ષ્મીની સાથે દૈવગતિથી અમારે સંબંધ થયો પણ તે પ્રથમથી જ થયો તમે તો પ્રથમથી બીજાના સંબંધી છો તેથી તેનું દૃષ્ટાન્ત ન સંભવે એમ ભગવાન કહે તો ત્યાં કહે છે.

**श्रीर्यत्पदाम्बुजरजश्चकमे तुलस्याः**
**लब्ध्वापि वक्षसि पदं किल भृत्यजुष्टम् ।**
**यस्याः स्ववीक्षणकृतेन्यसुरप्रयास-**
**स्तद्वद्वयं च तव पादरजःप्रपन्नाः ॥ ३७ ॥**

બીજા દેવો ઇચ્છે છે કે જો લક્ષ્મી અમારી તરફ એકવાર નજર કરે તો ઠીક એવી મોટી લક્ષ્મીને આપે વક્ષસ્થળમાં સ્થાન આપ્યું છે છતાં તે સેવકોએ સેવેલ ચરણરજને તુલસીની સાથે સેવે છે તેમ અમે પણ આપના ચરણની રજની પ્રપત્તિ કરનાર છીએ.

**सुबोधिनी**—લક્ષ્મી કાંઈ દૈવગતિથી આપને મળી નથી. પણ તેણે આપના ચરણને માટે મોટું તપ કરેલું તે સ્ત્રી તરીકે આપની ઘરવાલી નથી પણ તે આપની ભક્ત છે જો સ્ત્રી હોય તો તેને વક્ષસ્થળમાં સ્વતંત્રરીતે આપે સ્થાન આપ્યું તેને છોડી તુલસી સાથે સોક્યપણું કબુલીને ચરણરજની કામના કેમ રાખે એવી ઇચ્છા ભક્તવિના બીજા

ન શકે. ચરણની રજ તો તુલસીની છે. તે ભક્તોની સાથે રહેતાં ભક્ત થઈ છે. તે વાત પ્રથમસ્કન્ધમાં કહી છે. તે ચરણરજનું માહાત્મ્ય કહે છે કે તે રજને સેવનાર ભગવાનના દાસો છે. તે ચરણની રજમાંથી જ ભક્તના શરીરો બને છે. બધા આપના સેવકોના શરીરો આપની ચરણરજમાંથી બનેલાં છે. માટે તુલસી પણ ચરણમાં ભક્તરૂપે રહે છે. તે રજ જેને મળે તે આપની સેવા કરનાર સેવક થાય. તેથી લક્ષ્મી અન્તઃકરણમાં સ્થાન મેળવ્યા છતાં કોઈ બીજો ભગવાનને ભેટે તો લક્ષ્મીને સ્પર્શ થઈ જાય તેથી તેણે ચરણરજની ઇચ્છા કરી. તે રજ મળે એટલે તો અન્ય શંકાજ ન રહી. લક્ષ્મીને બીજાથી ભય કેમ થાય છે એમ શંકા થાય તેના ઉત્તરમાં કહે છે કે લક્ષ્મીને બીજા બ્રહ્માદિ દેવતા તપ કરીને પણ મળવા ઇચ્છે છે બ્રહ્માદિ તપ કરે તેનો ઉદ્દેશ એજ હોય કે લક્ષ્મી અમને કટાક્ષથી જુએ. કારણ કે લક્ષ્મીના કટાક્ષ ન પડે ત્યાં સુધી બ્રહ્માદિ દેવનો કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય. એટલે બહુ દેવો પ્રાર્થના કરવા લાગ્યા તેથી લક્ષ્મીને ભય થયો કે આ બધા તપ કરીને મને બાંધી કાં ન લે? માટે હું ચરણ રજમાં જ રહું તો મને કોઈ બોલાવે નહિં ચરણરજ મળવામાં કાંઈ વાંધો નથી. એમ ચરણરજ અનન્ય ગમ્ય છે એમ કહીને હવે વ્રજભક્તો પોતાને પણ તેવાં ગણે છે. અમારી પણ ઘણા પ્રાર્થના કરે છે માટે અમે પહેલાં ચરણરજને અડક્યાં તેથી અમારો દેહ ચરણરજમાંથી બન્યો તેથી સર્વરીતે આપના ચરણની રજમાં પ્રપત્તિ કરી. ચકાર છે તેથી જે અત્યારે અહિં આવી શક્યાં નથી અથવા મહિષ્યાદિ છે તે બધાં ચરણરજના દેહવાળાં છે તેથી આપ અમારે માટે પૃથ્વી ઉપર અવતર્યા છો તે પોતાને ગુપ્ત નહિં રાખી શકો તેથી હવે વધારે આગ્રહ ન કરાવો. ૩૭

એમ અમો ભગવદેકભોગ્યશરીર છીએ એ વાત કહીને હવે બીજી રીતે પ્રાર્થના કરે છે.

> तन्नः प्रसीद वृजिनार्दन तेऽङ्घ्रिमूलं
> प्राप्ता विसृज्य वसतीस्त्वदुपासनाशाः ।
> त्वत्सुन्दरस्मितनिरीक्षणतीव्रकाम-
> तप्तात्मनां पुरुषभूषण देहि दास्यम् ॥ ३८ ॥

હે પાપદૂરકરનાર આપની સેવા કરવાની આશાએ અમે ઘર છોડી આપના ચરણ કમળમાં આવ્યાં છીએ આપનું સુંદર સ્મિતવાળું મુખારવિંદ જોતાં અમારો કામ તીવ્ર બનતાં તેણે અમને તપાવ્યાં છે માટે હે પુરુષભૂષણ આપ દાસ્યનું દાન કરો.

**सुबोधिनी**—પહેલા શ્લોકથી જ લૌકિકપતિની સેવાનો વિધિ અમારે માટે નથી એ વાત સિદ્ધ કરી ત્યારે તે પતિઓને ન છોડવાની વાત પણ અમારા અધિકાર બહારની છે. આ શ્લોકથી પણ તેનું જ નિરાકરણ કરે છે. જેને ભગવાનની કૃપા ન હોય તે લૌકિક પતિઓની સેવામાં રહે. માટે બધાથી મોટી કૃપા છે. તેથી આપ પ્રસન્ન થાઓ. આપ પ્રસન્ન થાઓ તો બધું સિદ્ધ થાય. ત્યાં કહે છે કે તમારૂં ભાગ્ય પ્રતિકૂલ છે તેથી તમે દુઃખ ભોગવો અમે કેમ પ્રસન્ન થઇએ. ત્યાં કહે છે કે પાપને તો આપ દૂર કરનાર છો દુઃખ આપનાર પાપનું નામ **वृजिन**. તેને તો આપ કોઈ પણ રીતે દૂર કરશોજ. પ્રસન્ન થવામાં સાધન શું છે? ત્યાં કહે છે કે આપના ચરણમાં અમે

હાજર છીએ એજ આપને પ્રસન્ન થવાનું સાધન સમજો. જે ચરણતલને પામે તેને પ્રસાદ પણ મળે. તે પ્રસાદ પશુપુત્રાદિરૂપ ન હોવો જોઇએ કેમ કે અમારો અધિકાર જૂદો છે. એટલે ગૃહસ્થ ધર્મ અમે છોડ્યો છે કેવલ ઘર નહિં પણ તેની વાસના સુધાં છોડી એટલે પશુપુત્રાદિરૂપ પ્રસાદની આશા અમારે ન હોય. અમે ઘરબાર છોડ્યાં તે આપની સેવાની આશાથી છોડ્યાં. સેવા કરશું એટલી આશા પેદા થતાંની સાથે સસાધન ઘર સિદ્ધ હતાં તેને છોડી દીધાં અહિં તેને છોડીને આવ્યાં એટલે છોડેલમાં તો મન ન જ રહે તેથી હવે પોતાને જોઇતું માગે છે. આપનું મુખ સુંદર હોઇને મોહની સાથે આનંદ પેદા કરે છે. આપના સંબંધથી પરમાનંદને પેદા કરે છે એવા મુખમાંથી મંદહાસ્યવાળી ભાવાત્મક દૃષ્ટિ અમારી ઉપર પડતાં અમને તીવ્ર કામ પેદા થાય છે તેથી અમારૂં અંતઃકરણ ભડકી ઉઠે છે તેથી હે પુરુષભૂષણ કોટિકંદર્પ-લાવણ્યરૂપ સ્વતઃ પુરુષાર્થરૂપ દાસ્ય આપો. અધિકારના ભેદથી દાસ્યના ભેદ હોય છે તે માટે દેવાનું દાસ્ય પોતાના તાપને બુઝાવનાર હોવું જોઇએ. પ્રભુને જે જોઇતું હોય તે તેને આપવું એ પણ એક દાસ્ય ગણાય છે. તેથી જેમ અમને અમારા તાપમાં આપની ઘણી જરૂર છે તેમ આપને અમારી જરૂર હોય તો સ્વયં અમારી પાસે આવી અમારો ઉપયોગ કરો એવો તે દાસ્યનો અર્થ થાય છે. નહિં તો દાસ્ય તો હાથ પગથી કામ કરવું, તેમાં દાન કરવાનું કહ્યું તે કેમ સંભવે ? તેથી સંબોધન પણ તેવુંજ કહ્યું છે આપ પુરુષરૂપ થઇને અમારા ભૂષણરૂપ થાઓ. ભૂષણ તો કંઠાદિ બધાં અંગોમાં ધારણ થાય તેમ પુરુષરૂપે આપ અમારા સર્વાંગમાં ધારણ થાઓ એવી જાતનું દાસ્ય આપો. આપ ભૂષણરૂપ થવાથી આપ સ્વતઃ પુરુષાર્થરૂપ છો એમ કહ્યું. તે ઘરેણું મણિથી જડેલું હોય તેમાં લાખ પણ મણિને ચોટાડવામાં જોઇએ. મોટા લોકો મણિને શરીરમાં રાખવા માટે લાખને પણ સાથે રાખે છે. તે જો કે તુચ્છ છે છતાં તે વગર મણિ સ્થિર ન થાય તેથી એને પણ ધારણ કરવી પડે છે. તેમ આપ પણ સ્નેહને ધારણ કરવા માટે તુચ્છ લાખ જેવા કામને ઉપયોગમાં લો. કેવલ અમારૂં દાસ્ય કામ માટે નથી પણ સ્નેહ માટે છે તેથી અમે આપની સાથે વિવાહ માટે નથી આવ્યાં પણ દાસ્ય કરવા આવ્યાં છીએ. તેથી જનોઈ લીધા વગર વિવાહ ન થાય પણ દાસ્યમાં ઉપનયન નથી થયું તેનો બાધ આવવાનો નથી એવી લોકવ્યવહારની પ્રતિકૂલતા નથી. ૩૮

તમે બધાં દાસ્ય માગો છો તે કરતાં સાલોક્યાદિ પણ ફલરૂપ ગણાય છે તે જ માગો ત્યાં હવે કહે છે.

वीक्ष्यालकावृतमुखं तव कुण्डलश्री-
गण्डस्थलाधरसुधं हसितावलोकम् ।
दत्ताभयं च भुजदण्डयुगं विलोक्य
वक्षःश्रियैकरमणं च भवाम दास्यः ॥ ३९ ॥

અલકથી વિંટાયલું, કુંડલની શોભાવાળા ગાલ અને અધરસુધા જેમાં છે એવું હાસ્યયુક્ત અવલોકનવાળું આપનું શ્રીમુખ, અભય આપતી બે ભુજાઓ અને લક્ષ્મીના રમણસ્થાનરૂપ વક્ષસ્થળને જોઇ અમો આપની દાસીઓ બન્યાં છીએ.

**सुबोधिनी**—આથી એમ કહેવામાં આવ્યું કે લોકની અપેક્ષા હોય તેણે ધણીને ન છોડવો એમ ભગવાને કહેલું તેનો ઉત્તર અપાયો. લોકમાં ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ છે મોક્ષ સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, એમ ચાર પ્રકારનો છે. ઇન્દ્રાદિના ઐશ્વર્ય સાથે સ્વર્ગ પ્રાપ્તિ, આ લોકમાં પરમલક્ષ્મી તેમાં દાસ્યમાં એ ત્રણે શ્રેષ્ઠ છે. તે બતાવે છે. મોક્ષના ચાર ભેદ છે તે દાસ્ય પાસે વ્યર્થ છે. કેમ કે મુખારવિંદનાં દર્શન કરતાં તેની કામના મટી જાય છે. તેથી ભક્તિરૂપ મુખારવિંદ એના કરતાં ઉચ્ચધર્મવાળું છે. અલક સ્વારૂપ્ય પામેલ ભમરા તે બહુ છે મુખની ચારે તરફ વિંટાઇને રહ્યા છે. તે ઉપરથી જણાય છે કે સ્વારૂપ્યને પામ્યા પછી પણ ભક્તિની અપેક્ષા રહે તો તે સ્વારૂપ્ય શા કામનું ? શ્રીમુખ કુંડલની શોભાવાળું છે. સામીપ્યમુક્તિમાં પાસે રહેવાય છે. અત્યંત પાસે રહે તે પણ કુંડલ કરતાં નજીક નહિ રહી શકે તે કુંડળ સાંખ્યયોગરૂપ છે તે પણ ભગવાનના કાનનો આશ્રય કરે ભગવાન જેમ ચલાવે તેમ ચાલે અને ભગવાનનું મુખ જોયા કરે તો પછી સામીપ્ય મુક્તિ શું કામની. ગાલ સ્થલરૂપ વિશાલ છે. સ્થળમાં બેસીને રસ પીવાય છે. અધરમાં રહેલી સુધા ગંડસ્થળમાં રહીને પીવાય છે. સાલોક્યમાં આનંદ એકલો એટલે અક્ષરરૂપ અમૃતનું પાન છે તે કરતાં ગાલ પાસે રહેવું ઉત્તમ છે કેમકે ચુંબન કરવું હોય તો દૂર જવું ન પડે. અહિં અધરરસ ત્યાં અક્ષરરસ તેના કરતાં અધરરસ ઉત્તમ, માટે સાલોક્ય ન જોઇએ. કુંડલની શોભાવાળા ગાલ એ પક્ષમાં સામીપ્ય કરતાં ભક્તિમાં શાસ્ત્રીય રસ વિશેષ છે પરસ્પર ગુણગાનરૂપ અક્ષર કરતાં અધરરસમાં ઉત્તમતા સ્પષ્ટ છે અહિં તો ભગવાન હસીને સામું જુએ છે. બ્રહ્માનંદમાં મળ્યા તેને તો વિલાસમાત્ર ન હોય. અહિં હાસ છે તે બધા રસનો ઉદ્બોધક છે. જ્ઞાન પણ પ્રકટ થાય છે બ્રહ્માનંદમાં રસ ગુપ્ત અને જ્ઞાન પણ અપ્રકટ છે. જેમ જલમાં ડુબેલો જલ પીએ તેને જલનો સ્વાદ ન આવે તેવું બ્રહ્માનંદના આનંદનું છે. જુદાઇથી અનુભવ થાય છે એકરૂપતામાં અનુભવવાનું શું હોય. તેથી ભગવાનનું શ્રીમુખ જોતાં તેનું દાસ્યજ ફલ છે. મોક્ષ ફલરૂપ નથી. ઇન્દ્રભાવે સ્વર્ગમાં જવું તે પણ ફલરૂપ નથી. કારણ કે સ્વર્ગમાં ઇન્દ્ર મોટો પણ તે દૈત્યોથી હમેશાં ભયવાળો રહે છે. તે ઇન્દ્રાદિ ભગવાનપાસે આવે ત્યારે ભગવાનના ભુજદંડ તેને અભય આપે તે ભુજદંડ તો ભક્તિમાં છે. તો ઇન્દ્રાદિરૂપે સ્વર્ગમાં જવું કાંઈ કામનું નથી. ભગવાન કેવળ દૈત્યોથી અભય આપીને બેસી રહેતા નથી પણ ક્રિયાશક્તિથી યજ્ઞ વગેરેનું ફલ પણ આપે છે જેનાવડે ઇન્દ્રનો અધિકાર પૂરો થયા પછી તે મુક્ત થઈ શકે. ભુજને દંડ કહ્યા એટલે તેનો કોઈ અનાદર ન જ કરી શકે એમ કહ્યું. દંડપદ પણ યુગ સાથે છે. તેથી દૈત્યનો સર્વથા નાશ કરે છે. વક્ષસ્થળને પણ જોઇને એમ કહ્યું. લોકમાં રમણ લક્ષ્મીથી થાય છે પણ ભગવાનના વક્ષસ્થળમાં તો શ્રી રમે છે. ચકાર કહ્યો છે તેથી ધર્મની પણ સ્થિતિ વક્ષસ્થળમાં છે. **धर्मः स्तनः** ઇત્યાદિ વાક્યો તેનું સમર્થન કરે છે. (અહિં એક શ્રીગુસાંઇજીનો સ્વતંત્ર લેખ સુબોધિનીમાં મળી ગયો છે.) [ભગવાન્ એવી રીતે જોતા નથી ત્યાં દાસ્ય પણ તે ભક્તો માગતાં નથી. ભગવાનને તેવો ભાવ ન આપવો હોય તો તેમ જુવે પણ નહિં તે યોગ્ય છે. વળી ઔપપત્યમાં છ દોષ કહ્યા તે અમે જેની સાથે તે કરવા માગીએ છીએ તેમાં તો છ ગુણ છે એટલે તે દોષ નથી. જે પરમ પુરુષાર્થ આપે તે પાપ ન કહેવાય. ફલથી પાપ નિંદાને પાત્ર છે. જેનું ફલ સારૂં તે પાપ નહિં તેની નિંદા પણ ન હોય.] ૩૯

**कास्त्र्यङ्ग ते कलपदामृतवेणुगीत-**
**संमोहितार्यचरितान्न चलेत्त्रिलोक्याम् ।**
**त्रैलोक्यसौभगमिदं च निरीक्ष्य रूपं**
**यद्गोद्विजद्रुममृगाः पुलकान्यबिभ्रन् ॥ ४० ॥**

હે અંગ! આપના અવ્યક્ત મધુર પદામૃતવાળા વેણુગીતથી મોહિત થતી ત્રિલોકીમાં કઈ સ્ત્રી એવી છે કે જે આર્યચરિતથી ચલિત ન થાય? ત્રિલોકીમાં સુંદર આપનું રૂપ જોઇને ગાયો પક્ષિઓ વૃક્ષો પશુઓ પણ પુલકિત થયાં છે.

**सुबोधिनी**—હે અંગ. આપે અમને જે ધર્મ કહ્યા તે આપે પુરુષોને કહેવા જોઇએ, સ્ત્રીઓ તે ધર્મો પાળી ન શકે. જે અસંભવિત હોય તે ધર્મ ન કહેવાય. એમ અમારા ધર્મનો નાશ કરનાર ધર્મને સ્થાપનકરનાર આપનું સ્વરૂપજ છે આપ અદ્‌ભુત કર્મા છો, જેનાથી સ્થાપન કરો તેનાથી નાશ પણ આપ કરી શકો. ખરીરીતે તો સ્વરૂપના સંબંધવાળા ભક્તોનો ધર્મ આપ સ્વરૂપથી રાખો છો તે એટલું જ કે વિજાયતીય ભાવથી તેને રક્ષણ આપો છો. સ્વીયભાવનું પોષણ કરો છો. જે ધર્મના સંબંધવાળો છે તેના ધર્મને ધર્મથીજ રક્ષો છો. સ્વરૂપથી નહિં. એમ આપ અમારા પોતાના અંતરંગ છો એમ બતાવવા માટે હે અંગ એમ સંબોધ્યા છે. એટલે આપ અમારા છો એ બતાવવા માટે આ વાત નથી પણ ખરૂં કહીએ છીએ. ત્રણ લોકમાં જે સ્ત્રીજાતિમાં ઉત્પન્ન થઈ તે તો આર્યચરિતથી કેમ ન ચળે? ત્રિગુણોનું કાર્ય ત્રિલોકી તેમાં તામસી મૂઢ હોય. તે મૂઢતાથી ધર્મમાં રહે તેને આપ મોહ કરી ચલિત કરો. રાજસી સ્વભાવથીજ ચળે, સાત્વિકી જ્ઞાનથી ધર્મમાં રહે તેને આપ ચળાવો. આર્યમાર્ગને છોડવાનું કારણ કહે છે કે મોહ થાય તે આર્યચરિતથી ચળે. પાંચ પર્વવાળી અવિદ્યામાં પણ ભગવાનનો સંબંધ થાય તેથી અવિદ્યા બાધક ન થાય પણ બીજાજ બાધક થાય છે. તેને આપનાથી બળ મળે છે. આપ વેણુમાંથી મધુરપદ કાઢો છો તેની સાથે અમૃત હોય તે વેણુદ્વારા ગવાય તે કાનદ્વારા સ્ત્રીઓના હૃદયમાં જાય તેને સારીરીતે મોહ કરે 'ગાનારની, [1]સ્ત્રી કામના કરે છે' એમ શ્રુતિ કહે છે. સ્ત્રી તો દેહ છે. ઇન્દ્રિયોને મોહ કરનાર વેણુ છે. રસરૂપ છે તેથી, અમૃત પ્રાણને મોહ કરે, પદો અંતઃકરણને, અવ્યક્તતા આત્માને મોહ કરે ત્યારે સારીરીતે મોહ થાય. આર્યો એટલે પ્રમાણબળને વિચારનાર પ્રમાણમાં ઇન્દ્ર મહેન્દ્રમાં પણ ભેદ મનાય છે. એવી જાુદાઈ ન હોય તો ઇન્દ્રના યજન કરનારને વર્ષાન્તે પ્રાયશ્ચિત્ત ન કરવું પડે તેથી દેહ શિવાય સ્વરૂપથી આવ્યો હોય તો પણ પ્રમાણ માર્ગમાં તેનો વિરોધ થાય. પ્રમેય બળના વિચારથી વસ્તુ વિચાર કરવો ઘટે એમ ન થાય તો વિધિ તથા નિષેધાખ્ય વિધિઓ વૃથા થાય. તે વાત આગળ એકાદશસ્કંધમાં કહેવાશે. માટે માર્ગાન્તરનો વિરોધ માર્ગાન્તરમાં ઉપયોગી નથી તેથી અહિં મર્યાદાભંગનો દોષ નથી કેમ કે અહિં પુષ્ટિમાર્ગ છે. આનો ઉત્તર આગળ પરીક્ષિતના પ્રશ્નના ઉત્તરરૂપે શુકદેવજી આપશે. તેથી અહિં ફલ સિદ્ધ છે. સાધનરૂપે અપકીર્તિ આપણને પ્રતિબંધિકા નથી. કેવળ નામથી મર્યાદા ભંગ કરો છો

---

१. 'गायन्तं स्त्रियः कामयन्ते' इति श्रुतेः ॥

એટલુંજ નહિં પણ આપનું સ્વરૂપ પણ મર્યાદાનો ભંગ કરે છે ત્રણ લોકનું સૌંદર્ય એકત્ર થએલ હોય એવું રૂપ છે જેમ દિવસનું રૂપ સૂર્યથી રાતનું રૂપ ચંદ્રથી દેખાય તેમ જગતમાં સુંદરતા ભગવાનના રૂપથી ગણાય. તે આ પ્રત્યક્ષ છે. चकार તે રૂપ અનુભૂત પણ છે. તેને જોઇને અને વેણુને સાંભલીને કઇ સ્ત્રી આર્યચરિતથી ન ચળે. આ તો પ્રમાણુની વાત દુર્બલ છે એમ કહ્યું પણ બીજીરીતે પણ આપને જોઇને મર્યાદા રહેતી નથી. સ્વરૂપની મર્યાદા પણ ચાલી જાય છે. જે કોઇ દિવસ ફરવી ન જોઇએ. તેજ કહે છે કે ગાયો તો નીતિ ધર્મને જાણનાર નથી તે પોતાની માતાને પણ ગમન કરે છે. પક્ષિઓ સર્વ ભક્ષણ કરનાર છે. વૃક્ષો સ્થાવર છે તેને બહારનું જ્ઞાન હોતું નથી કેટલાક તો વૃક્ષોને ઇન્દ્રિયો નથી એમ કહે છે. મૃગો બીકણ છે. તે પણ ભગવાનનું રૂપ અને તેનું ગીત સાંભલી રસમાં લીન થઈ પુલકિત થાય છે રસિક મનુષ્યના જેવા ધર્મો ધારણ કરે છે. જેને ભગવાને રસના અનભિજ્ઞ બનાવ્યા છે. સ્ત્રીઓનો તો ચળવાનો સ્વભાવ છે તે સ્વધર્મને ભૂલે એમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી. ૪૦

એમ ભગવાને કહેલા વાક્યોના ઉત્તરરૂપે પુષ્ટિનો સિદ્ધાન્ત વ્રજભક્તો એ બતાવ્યો પણ તે પુષ્ટિસિદ્ધાન્ત હૃદયમાં ક્યારે આવે કે જ્યારે પ્રભુ કૃપા કરે. તેથી કૃપાની પ્રાર્થના કરે છે.

**व्यक्तं भवान् व्रजभयार्तिहरोभिजातो**
**देवो यथादिपुरुषः सुरलोकगोप्ता ।**
**तन्नो निधेहि करपङ्कजमार्तबन्धो**
**तप्तस्तनेषु च शिरःसु च किंकरीणाम् ॥ ४१ ॥**

હે આર્તબન્ધુ આદિ પુરુષ વિષ્ણુ જેમ દેવલોકની રક્ષા કરે છે તેમ આપ વ્રજના દુઃખને દૂર કરવા પધાર્યા છો તેથી અમે આપની દાસીઓ હોવાથી આપના કરકમળ અમારા તપેલાં સ્તન તથા મસ્તક ઉપર ધારણ કરો.

**सुबोधिनी**—આપે અમને કહ્યું અમે આપને કહ્યું એમાં કોના કેટલા મુદ્દા બળવાન્ નિર્બલ છે તે વાત જોવાની નથી પણ આપને પધારવાનું કારણ સમજી અમારા ઉપર આપે કૃપા કરવી જોઇએ. કેમ કે આપ વ્રજના દુઃખને દૂર કરવા પધાર્યા છો. વ્રજની આર્તિ અને ભય આપે દૂર કરવાં રહ્યાં. નહિં તો સાક્ષાત્ ભગવાનને ભૂતળ ઉપર ઉતરવાનું પ્રયોજન બીજું કાંઈ હોય એમ અમે સમજતાં નથી. પૃથ્વી ઉપર ભાર થયો હોય તેને દૂર કરવો હોય તો સંકર્ષણથી તે થઈ શકે. વસુદેવ વગેરેનું ભલું પ્રદ્યુમ્ન કરે, ધર્મની રક્ષા અનિરુદ્ધ કરે. જો વ્રજનો ભય અને દુઃખ આપ ન દૂર કરો તો આપને તે શિવાય બીજું શું કરવાનું છે તે બતાવો. તેથી અમેં તો આપનું તે જ કાર્ય છે એમ માનીએ છીએ. અત્યારે અમને જે દુઃખ છે તેવું કદિ થયું નથી. અમે જો દેહ છોડીએ તો આખા વ્રજ ઉપર મોટું દુઃખ આવી પડે તેથી અમારૂં દુઃખ પ્રથમદૂર કરો. અહિં શંકા થાય કે તે બને ત્યાંસુધી મર્યાદાથી જ દૂર થાય તો ઠીક ગણાય. પણ મર્યાદા મૂકવી પડે તે તો ઠીક ન ગણાય. તેથી બે ઉપાય છે તમને કામ થયો છે તે શાન્ત થાય અથવા તમને જ્ઞાન થાય કે તમેં કામાદિના ખરા સ્વરૂપને સમજો એટલે તેની ઉપર

તમને વૈરાગ્ય થાય. એમ કહે તો ત્યાં કહે છે કે ભગવાન્ બ્રહ્મરૂપ સર્વને સરખા છે છતાં ઇન્દ્રાદિ ઉપર કૃપા કરી દૈત્યોને મારે છે અને સમતા ગુણને થોડીવાર છોડી દે છે. પણ તે દેવને જ્ઞાન આપવા બેસતા નથી. ભગવાન્ સ્વરૂપને તો બદલે છે તો વાણીને બદલવામાં શું વાંધો છે. તેથી જેમ આદિ પુરુષ દેવ થઇને દેવના લોકની રક્ષા કરે છે તેમ આપ ધર્મની મર્યાદાના રક્ષક છો છતાં અમારો સંબંધ કરો. તે જ મિષ કરીને કહે છે કેમ કે રસની સાક્ષાત્ વાત ન થાય પણ બીજાના મિષથી કહેવાની રીતિ છે. તેથી કહે છે કે પ્રથમ અમારા મસ્તક ઉપર શ્રીહસ્ત સ્થાપન કરો. તેનાથી અમને અભય થાય. પછી અમારા હૃદયનો તાપ મટાડવા માટે સ્તન ઉપર અમૃતને સ્રવનાર કરકમળ તાપનાશક હોઇને ધારણ કરો. તેમાં કાંઈ અયોગ્ય નથી કેમ કે અમે આપની દાસીઓ છીએ. અથવા અમારી પરીક્ષા કરવા તો એટલો પ્રયોગ કરી જુઓ. એ અભિપ્રાયથી ભક્તો રસની ભાષામાં બોલ્યાં છે. ૪૧

એ પ્રાર્થના કરી ત્યારે ભગવાને જે કર્યું તે કહે છે.

**श्रीशुक उवाच–**

**इति विक्लवितं तासां श्रुत्वा योगेश्वरेश्वरः।**
**प्रहस्य सदयं गोपीरात्मारामोप्यरीरमत् ॥ ४२ ॥**

યોગેશ્વરના ઇશ્વર કૃષ્ણ વ્રજભક્તોના વિલાપને સાંભલીને હસ્યા પોતે આત્મામાં રમનાર છે છતાં દયાવાળા થઇને ગોપી સાથે રમ્યા.

**सुबोधिनी**—'છ [1]ગુણરૂપ ઐશ્વર્ય ભગવાનમાં છે તેને સાથે રાખીને હરિ પોતે સ્વયં રમ્યા. સ્વરૂપથી પણ ભગવાન્ શૃઙ્ગારરૂપ છે. તે સંયોગ અને વિપ્રયોગ ભેદથી બે પ્રકારનો છે. પ્રથમ સામાન્ય રમણ છે બીજામાં મિશ્ર રમણ છે. પ્રથમ બાહ્ય રમણ કર્યું પછી આન્તર રમણ કર્યું પછી જાતકેલિના ભેદથી નાના વિલાસથી રમ્યા. વિપ્રયોગ તે ભક્તોને સિદ્ધ થવા માટે ભક્તોના હૃદયમાં માન પ્રકટ કર્યું ત્યારે ભગવાને સ્વરૂપનું તિરોધાન કર્યું કારણ કે તે લૌકિક કામુક નથી.' પ્રથમ તેનો તાપ દૂર કરવા માટે તેની સાથે સામાન્ય લીલા કરી તે કહે છે એ પ્રમાણે તેના વિલાપને સાંભલીને પોતે હસ્યા પછી રમ્યા.

ભગવાનને ઇન્દ્રિયો નથી કેમકે તે આનંદઘન છે ઇન્દ્રિયોવગર રમણ કેમ થાય. તેના ઉત્તરમાં કહે છે કે યોગેશ્વરોના પણ તે ઇશ્વર છે. યોગવડે બધા પદાર્થો સ્ફુરે છે. અણિમા વગેરે સિદ્ધિઓ પણ તેજ વખતે પ્રત્યક્ષ થાય છે. તેથી ઇન્દ્રિયાદિયુક્ત સ્વરૂપજ પ્રકટ કરીને રમ્યા પોતે કામને લઇને રમ્યા નથી. કામનો નિયમ છે કે બીજ પડે એટલે કામ નિવૃત્ત થાય. ભગવાને તો એવું રમણ કર્યું કે તેનો ભાવ કોઈ સમયે શિથિલ ન થાય. તેથી પ્રથમ વિશેષરૂપે હસ્યા. હાસ્યમાં તેના ઉદ્ધારનો જ વિચાર

---

कारिकाः

१ षड्गुणैश्वर्यभावेन षोढा रेमे हरिः स्वयम्। स्वरूपेणापि शृङ्गारो द्विविधोपि निरूपितः ॥ १ ॥
सामान्यरमणं पूर्वं विशेषे मेलनं पुरा। बाह्येन रमणं पश्चादान्तरं च ततः परम् ॥ २ ॥
ततो नानाविलासेन जातकेलिविभेदतः। विप्रलम्भस्य सिद्ध्यर्थं तासां मानमुदीर्यते ॥ ३ ॥
तिरोभावस्ततश्चापि नायं लौकिककामुकः ॥ ३½

કર્યો પછી પોતાનાથી જુદાં ગણી મર્યાદામાં પટકવા માટે હસ્યા નથી તે જ કહે છે કે દયા બતાવીને રમ્યા. ગોપીને રમાડ્યાં પોતે તો આત્મારામજ રહ્યા. તે રસના આધાર અને એ હેતુથી ભગવાને દયા બતાવી.

[1]ભગવાનના રમણમાં ક્રિયા કામના જેવી છે છતાં તેમાં કામ નથી. તે ગોપીઓના કામની પૂર્તિ નિષ્કામવડે કરી એટલે ગોપીઓમાં પણ કામ નથી અન્યથા નિષ્કામથી તે કામની પૂર્તિ ન થાય કેમકે સજાતીય કામજ પૂર્તિલાયક છે. જો ગોપીમાં લૌકિક કામ હોય તો તે સંસારનું કારણ બને. જો નિષ્કામથી તેનો કામ પૂર્ણ થાય તો તે પણ નિષ્કામ સમજવાં. તેથી મોક્ષ ફલવાલી મર્યાદાનો અહિં ભંગ થતો નથી. તેમ આ ભગવાન્ અને ગોપીની ક્રીડાને સાંભળનાર પણ નિષ્કામ થશે એમાં કોઈ સંદેહ નથી. કારણ કે ભગવાનનાં બધાં ચરિત્રો નિષ્કામ છે. તેથી તેના સાંભળનારને કામ વધશે નહિં પણ તે નિષ્કામ થશે. ભગવાન્ આત્મારામ છે તેથી આત્મામાં રમણ કર્યું એમ કોઈ ન સમજે તેથી अपि શબ્દ મૂળમાં છે. એમ અનેક પ્રકારથી રમ્યા. ઉત્તરોત્તર અધિક રસ પ્રકટ કર્યો. ૪૨

એમ સામાન્ય લીલા કહીને વિશેષ લીલા હવે કહે છે.

**ताभिः समेताभिरुदारचेष्टितः**
**प्रियेक्षणोत्फुल्लमुखीभिरच्युतः ।**
**उदारलीलाद्विजकुन्ददीधिति-**
**र्व्यरोचतैणाङ्क इवोडुभिर्वृतः ॥ ४३ ॥**

પ્રિયને જોવા માટે પ્રફુલ્લિત નેત્રવાળાં બધાં એકત્ર થએલા ગોપીઓની સાથે ઉદાર ચેષ્ટા કરતા અચ્યુત ઉદાર લીલાવાળા દાંતરૂપ કુંદના કિરણોથી નક્ષત્રની સાથે ચંદ્ર શોભે તેમ ભગવાન્ શોભવા લાગ્યા.

**सुबोधिनी**—જેને કામકેલિ ઉત્પન્ન થઈ નથી એવી નાયિકાઓની સાથે પરિચયમાં ભગવાન્ પ્રથમ આવ્યા. તે પ્રથમ ભયથી જુદાં ઉભાં હતાં. ઉદાર ચેષ્ટાવાળા ભગવાનને કહ્યા તે ઉદારતા રસની સમજવી. જેમ તેને મોટો રસ પેદા થાય તેવી ચેષ્ટા ભગવાને કરી. તે પણ કામશાસ્ત્રમાં સિદ્ધ એવી સર્વલીલા કરી તેથી અંતરમાં તે પૂર્ણ થયાં. ભગવાનને જોવા માટે તેના નેત્રો ફૂલ્યાં. જેમ સૂર્યના કિરણથી કમળ ખીલે તેમ ભગવાનના નેત્રસંબંધથી તે ખીલ્યાં. ખરીરીતે તો લોભમાં રહેલ રસને માટે તે તત્પર હતા. તેમ કરે તો રસ ખલાસ થાય એ શંકાના ઉત્તરમાં કહે છે કે ભગવાન **अच्युत** છે. તેને પણ રસની સમાધિ ન થવા માટે ઉદાર હાસ પૂર્ણકામ આપનાર તેથી જે મોહ એ મોહે સ્નેહ વધાર્યો ત્યારે હાસમાં ભગવાનના દાંત દેખાયા તે કુંદના પુષ્પ જેવા ધોળા હતા તેના કિરણોવડે તે લાલ થયા. હાસ શ્વેત હોય. કુંદ પણ સ્નેહને લીધે

---

**कारिकाः**

१ क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते । तासां कामस्य संपूर्तिर्निष्कामेनेति तास्तथा ॥ १ ॥
कामेन पूरितः कामः संसारं जनयेत् स्फुटम् । कामाभावेन पूर्णस्तु निष्कामः स्यान्न संशयः ॥ २ ॥
अतो न कापि मर्यादा भग्ना मोक्षफलापि च । अत एव श्रुतो लोको निष्कामः सर्वथा भवेत् ॥ ३ ॥

છે. પ્રથમ ભગવાનનો નિરુપધિ સ્નેહ હતો પરંતુ રસશાસ્ત્ર પ્રમાણે સ્વરૂપાનંદ આપવાને થોડો તેના જેવો કામરસ પણ પેદા કર્યો તે બતાવવા માટે સ્નેહરૂપ દાંતને દ્વિજ કહ્યા છે. તેમ જો ફુલનો ભોગ થાય તો કાંતિ ઝાંખી પડે એ શંકા ન થવા માટે કિરણને દીધિતિ કહી છે. જો કે ભગવાન્ ભક્તોના આગ્રહથી રમ્યા છે જગતના દોષને મટાડવા માટે પણ રમ્યા છે છતાં તે પૂર્ણમનોરથ નથી. તેથી લૌકિક દૃષ્ટાન્ત દે છે. નક્ષત્રની સાથે ચંદ્ર શોભે તેમ શોભ્યા. એથી બંધશિવાય બધી લીલા ભગવાને કરી. ૪૩

એમ આ લીલા ભગવાને કરી તેથી બાધકકામ નિવૃત્ત થયો. બીજી લીલાને ઉદ્‌બોધવા માટે પૂર્વ સામગ્રી કહે છે.

**उपगीयमान उद्गायन् वनिताशतयूथपः ।**
**मालां बिभ्रद्वैजयन्तीं व्यचरन् मण्डयन् वनम् ॥ ४४ ॥**

હજારો યુવતીઓના યૂથના પતિ ભગવાન્ વૈજયન્તી માળા કંઠમાં ધરીને ગોપીઓ જેનું ગાન કરે છે એવા પોતે વનની શોભામાં વૃદ્ધિ કરતા અને ઉચ્ચસ્વરે ગાન કરતા ફરવા લાગ્યા.

**सुबोधिनी**—સમીપમાં રહેલી ગોપીઓ ગાન કરે છે. પોતે ભગવાન્ ઉચ્ચસ્વરે ગાય છે પછી અનેકભેદભિન્ન સ્ત્રીઓના યૂથના પોતે પતિ થયા. જેટલી સ્ત્રીઓની સાથે રસ ઉત્પન્ન થાય તેટલાનું એક યૂથ કહેવાય. અનેક ભક્તો માટે અનેક રૂપ પ્રભુએ કર્યાં તેના રક્ષક એટલે દૂરથી આશ્વાસન આપનાર થયા તે વખતે ગાન કરતા ચાલતા જાય છે તે વખતનું રૂપ બતાવે છે. નવરત્નની જડાઉ માળા વૈજયન્તી કહેવાય. કેમકે તે દેખતાંજ ઐશ્વર્યખ્યાપિકા છે માળા કીર્તિરૂપ છે તેને કંઠમાં ધારણ કરી છે. તેનાથી બધું વન શોભાવાળું થઈ ગયું તેમાં લીલાવિલાસથી ચાલતા ગાવા લાગ્યા. એ પણ એવીરીતે ચાલ્યા કે ભક્તના કામને ઉદ્દીપન કરે એટલે એક વનમાંથી બીજા વનમાં ગયા. ૪૪

એમ જ્યારે કામોદ્‌બોધ ગોપીઓમાં જોયો ત્યારે તેની સાથે કામશાસ્ત્રમાં કહેલા બંધાદિથી લીલા કરી તે કહે છે.

**नद्याः पुलिनमाविश्य गोपीभिर्हिमवालुकम् ।**
**रेमे तत्तरलानन्दिकुमुदामोदवायुना ॥ ४५ ॥**

યમુનામાં ફરતા રાત્રિવિકાસી કમળમાંથી સંચરતા વાયુથી પ્રસન્ન થએલા ભગવાન્ શિતળ રેતીવાળા યમુનાજીના પુલિનમાં ગોપીઓની સાથે રમ્યા.

**सुबोधिनी**—નદીનું પુલિન સ્વચ્છ ઠંડી રેતીવાળું જોઈ ત્યાં જઈ તેને બંધાદિવડે રતિને લાયક કોમળ કરીને અનેકભેદભિન્ન ગોપવધૂ સાથે રમ્યા. જેમાં રેતી ઠંડી લાગે છે. તેથી રેતીની નીચેના ભાગમાં પણ ગરમી નથી. બહારથી ઠંડી છે. તે નદીના તરંગોથી આનંદ આપનાર પુલિન છે અથવા આનંદ આપનાર પવન છે અથવા આનંદ આપનાર કુમુદનો સારો ગંધ છે. તે આનંદ આપે છે માટે મંદ છે. તેથી શિત મંદ સુગંધ વાયુ કહ્યો કેમકે મોટા બંધોમાં વાયુની પણ જરૂર હોય છે. ૪૫

એમ બધાં ભક્તોનું સર્વભાવથી જાતસ્મરકેલિપણું કહીને હવે આઠ પ્રકારના આલિઙ્ગન પૂર્વક કામાદિચેષ્ટાપૂર્વક રસવિલાસનું ચરિત્ર કહે છે.

**बाहुप्रसारपरिरम्भकरालकोरु-**
**नीवीस्तनालभननर्मनखाग्रपातैः ।**
**क्ष्वेल्यावलोकहसितैर्व्रजसुन्दरीणा-**
**उत्तम्भयन् रतिपतिं रमयांचकार ॥ ४६ ॥**

ભુજાને લંબાવે છે, આલિઙ્ગન કરે છે, હાથ, અલક, સાથળ, નાડીની ગાંઠ, સ્તનનો સ્પર્શ, મશ્કરી, નખદંતક્ષત, સ્તોભવાક્ય, દૃષ્ટિ કરવી, હસવું વગેરે લીલાથી તેના કામને પ્રબુદ્ધ કરતા કૃષ્ણ ગોપીઓને રમાડવા લાગ્યા.

**सुबोधिनी**—દૂર રહેલ ભક્તના અવયવોના સ્પર્શ માટે હસ્ત લંબાવે છે. પછી તેને બલાત્કારે પરિરંભ કરે છે. પછી તેના હાથથી ગોપીઓ અલક ઉરૂ નીવી સ્તન વગેરેનો સ્પર્શ કરે છે. હાથમાં હાથ મેલાવે છે. તે પુરુષાયિત લીલામાં હાથમાં હાથ મેળવાય છે. અથવા વાળને ઉંચા કરવા અલકનો સ્પર્શ કરે છે. ઉરૂનો સ્પર્શ બાહુ બાંધવા માટે. રસ પુષ્ટ થતાં નીવી (વસ્ત્ર)ની ગાંઠ ખોલવા તેનો સ્પર્શ કરે છે. રસ વધવા માટે સ્તનનો સ્પર્શ કરે છે. એમ પાંચ જાતના સ્પર્શ કહ્યા. તે કામશાસ્ત્રમાં કહેલ છે. નર્મ, પરિહાસ અને વચન એ રસને ટકાવવા માટે છે. પછી નખ મારવાનું દાંત બેસાડવાનું અને તાડનકરવાનું એ કામ યુદ્ધમાં ઉપયોગી છે. તે તે અવયવમાં રહેલો કામ તેમ કરવાથી ત્યાંથી ઉભો થાય છે. જેમ સેનાને મારો ત્યારે રાજા આવે તેમ સ્ત્રીરૂપ કામની સેના મુગ્ધ થાય ત્યારે કામ જાગે અને લડે. ક્ષ્વેલી એટલે એ રસ વધારનારા અર્થ વગરના વાકયો. તે પૂર્વક અવલોકન અને હસવું એ રસને સ્થિર કરનાર છે. એમ બાર પ્રકારનો કામ સ્ત્રીના બાર અંગમાં રહ્યો છે તેને પ્રબુદ્ધ કરીને તેને હરાવ્યો તે કહે છે કે રતિપતિને જગાડીને રમ્યા. સંયોગમાં કામ રતિપતિ છે. વિયોગમાં કામ અગ્નિરૂપ છે. એમ આધિદૈવિક કામને જગાડીને તે ગોપીઓ સાથે ભગવાને રમણ કર્યું તેમાં પણ ગોપીઓને સુખજ આપ્યું કામના અંતમાં વૈરાગ્ય થાય છે તેમ ન કર્યું. ૪૬

એમ સંભોગશૃંગાર કહીને વિપ્રલંભશૃંગાર કહેવા માટે તેમને માન થયું એ વાત કહે છે.

**एवं भगवतः कृष्णाल्लब्धमाना महात्मनः ।**
**आत्मानं मेनिरे स्त्रीणां मानिन्योऽभ्यधिकं भुवि ॥ ४७ ॥**

મહામનવાળા ભગવાનથી માન મળ્યું ત્યારે ગોપીઓ માન કરીને પોતાના આત્માને પૃથ્વીની સ્ત્રીઓમાં વધારે શ્રેષ્ઠ ગણવા લાગી.

**सुबोधिनी**—પૂર્વે કહ્યાપ્રકારે સર્વરીતે રસદાનમાં સમર્થ સદાનંદ ફલાત્મા કૃષ્ણથી જેને માન મળ્યું છે એવી ગોપીઓ પોતાને પૂર્ણ સમજવા લાગ્યા. ભગવાન્ પૂર્ણ છે તેનાથી બીજા પૂર્ણ થાય છે એમ ન સમજી. ત્યાં કોઈ કહે કે ભગવાને તેને

માનવાળી કેમ કરી થોડી અધૂરી કેમ ન રાખી તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ મહાત્મા છે. મોટા જલમાં ઉતરે તે ડુબ્યા વગર ન રહે. અથવા તેવા જલાશયમાં ઘડો બોળ્યો હોય તો તે અપૂર્ણ ન રહે તેથી તેઓ પૂર્ણ થયાં એટલુંજ નહિં પણ સ્ત્રીઓમાં પોતાને અધિક અથવા પૃથ્વીમાં અમારા જેવી કોઈ નથી એમ માનવા લાગ્યાં તે બાબતનો તેના મનમાં ગર્વ પણ થયો. અમારા જેવી જગતમાં બીજી સ્ત્રીઓ નથી. માટે ભગવાન્ પણ જો પ્રાર્થના કરશે તો આપણો રસ તેને આપશું એવા માનવાળી થઈ. તેથી ભગવાનને ભેટતાં ભગવદ્ધર્મો તેમાં આવ્યા. તેથી જેમ પ્રથમ ભગવાન્ પાસે પ્રાર્થના કરી ત્યારે તે આપણે વશ થયા તેમ હવે એ આવીને આપણને પ્રાર્થના કરશે તો આપણો રસ આપણે તેને આપશું આવો ભાવ રસને માટે તેનામાં પ્રકટ થયો. તેથી ભગવાનમાં દોષરૂપ ભાવ નથી કેમકે તે ભગવાનમાં ભાવવાળાં છે. ૪૧

ભગવાને વિચાર્યું કે બહાર રહી રસ તેને ન આપવો પણ તેની સાથે એકતા કરીને રસ આપવો એ વિચારી બહારથી તિરોહિત થયા તે કહે છે.

**तासां तत्सौभगमदं वीक्ष्यमानं च केशवः ।**
**प्रशमाय प्रसादाय तत्रैवान्तरधीयत ॥ ४८ ॥**

**इति श्रीभागवतदशमस्कन्धपूर्वार्द्धे तामसफलप्रकरणे(प्रथमः)षड्विंशोऽध्यायः ॥**

કેશવ ભગવાને તે ગોપીઓને સૌભાગ્યનો ગર્વ થયો અને તેમાં પોતાનામાં મોટાઇ આવી તેને બરાબર જોઇને તેને શાન્ત કરવા અને તેની ઉપર કૃપા કરવા પોતે ત્યાં દેખાતા હતા તે ન દેખાયા.

**सुबोधिनी**—માન થયો તે તેને પૂર્ણ કરનાર થયો દોષને માટે નથી. સ્ત્રીઓમાં અને પૃથ્વીમાં પોતાની શ્રેષ્ઠતાનું જ્ઞાન તે દોષરૂપ છે તેનો અનુવાદ કરી તે દોષ દૂર કરવા માટે ત્યાં દર્શન દેતા બંધ થયા. તે કહે છે કે તે ગોપીઓને સૌભાગ્યનો ગર્વ થયો તેને શાન્ત કરવા ભગવાન્ તિરોહિત થયા. ભગવાને રમણ કર્યું તેથી તેને એવો ભાવ થયો તે તો ભગવાનનો કરાવ્યો થયો તેમાં તિરોધાન થવાનું શું જરૂર હતું? એ શંકાના ઉત્તરમાં કહે છે કે તેનામાં માન જોયું તેથી તેની ઉપર પ્રસાદ કરવા તિરોહિત થયા. પહેલાં પોતે માન કર્યું હતું પાછળથી ભક્તોને માન થયું તેથી ગોપીઓના ટોળામાં જ છે છતાં ન દેખાણા. તે બે વાતો ભગવાને ન્હોતી કરવી જોઇતી પણ તેની ઉપેક્ષા કરી હોત તો ગોપીઓ પોતાનો દોષ સમજી જાત. તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ કેશવ છે. રજોગુણી બ્રહ્મા તમોગુણી શિવના રજોગુણતમોગુણને નિવારણ કરી તેને મુક્તિ આપી તેમ એ ગોપીઓના મદ અને માનને દૂર કરી તેને મુક્તિ આપવા પોતે તિરોધાનલીલા દેખાડી. આ ગોપીઓ તામસાધિકારવાળાં છે તેથી **कायिकं तामसे मुख्यम्** એ ન્યાયથી ભગવાને કાયિક તિરોભાવ બતાવ્યો છે. ૪૮

એમ ભાગવતદશમસ્કન્ધના બીજા તામસપ્રકરણના અવાંતર-ફલપ્રકરણનો શ્રીવલ્લભાચાર્યવિરચિત-સુબોધિનીટીકાના ગુજરાતીભાષાન્તરનો પહેલો અધ્યાય સમાપ્ત થયો.

---

## અધ્યાય બીજો.

'પોતાનો' આનંદ ગોપીઓમાં સ્થાપનાર્થે ભગવાને લીલા કરી છે તેમાં બાહ્ય-આનંદ પુષ્ટ એવો થયો કે તેણે ફરીને અન્તરમાં પ્રવેશ કર્યો. એમ કરવા માટે ભગવાન્ લીલાસહિત ભક્તોના હૃદયમાં પ્રવિષ્ટ થયા. આ અધ્યાયમાં ચાર અર્થ કહેવાના છે તેમાંથી રસાસક્તિ,[1] હરિની ક્રિયા[2] ગર્વનો અભાવ[3] એ ત્રણ આ અધ્યાયમાં કહેવાય છે. તેનો ઉદ્દેશ તેનું લક્ષણ અને તેનું ફલ એમ ત્રણ પ્રકારે કહેવામાં આવશે. દશમસ્કન્ધના આરંભથી ત્રણ ક્ષેપકને ગણીએ નહિં તો આ ૨૭ મો અધ્યાય છે તેમાં ભગવાન્ તિરોહિત થયા તેને શોધવામાં ભક્તો તત્પર છે તેમને જે રસ અત્યારસુધી બહાર હતો તે હમણાં હૃદયમાં ગયો છે આ વાત આ અધ્યાયથી કહેવામાં આવે છે'.

પૂર્વાધ્યાયસમાપ્તિ વખતે ભગવાનનું તિરોધાન કહેવામાં આવ્યું ત્યારે ભક્તો તે વખતે રસમાં આસક્તચિત્ત હતાં તેને ઉપરથી એમ લાગ્યું કે ભગવાન્ અમારી પાસે નથી ત્યારે તેને મોટું દુઃખ થયું તે વાત કહે છે.

**श्रीशुक उवाच—**

**अन्तर्हिते भगवति सहसैव व्रजाङ्गनाः ।**

**अतप्यंस्तमचक्षाणाः करिण्य इव यूथपम् ॥ १ ॥**

શુકદેવ બોલ્યા—ભગવાન તિરોહિત થતાં જ્યારે વ્રજસ્ત્રીઓએ તેને ન જોયા ત્યારે યૂથનિર્વાહકહાથીને ન જોતાં હાથણીઓ અકળાય તેમ ગોપીઓ હૃદયમાં તાપ કરવા લાગ્યાં.

**सुबोधिनी—**છ ગુણની સાથે ભગવાન્ ગોપીઓના હૃદયમાં પ્રવિષ્ટ થયા તેને હૃદયમાં ન જોયા ત્યાં સુધી ભગવાનને બહાર ન જોવાથી એકદમ તાપ કરવા લાગી. તેનું કારણ કે અત્યાર સુધી તેનાં દર્શન થતા હતાં તે અત્યારે નથી થતાં તેથી હૃદયમાં સહજ તાપ કામરૂપ હતો પણ તે તાપ ભગવાનના દર્શન સ્પર્શનથી શાંત પડ્યો હતો જ્યારે દર્શન ન થવા લાગ્યું ત્યારે તાપશાન્તિકરનાર કૃષ્ણ ન હોવાથી તેને તાપ થવો યોગ્યજ ગણાય. તે ભક્તોને સ્પર્શવિષય મુખ્ય છે તેમાં દૃષ્ટાન્ત કહે છે કે હાથીને ન જોવાથી તેના રક્ષણ નીચે રહેતી હાથણીઓ દુઃખી થાય તેમ ગોપીઓ દુઃખી થયાં. હાથણીના યૂથનો પતિ મદોન્મત હાથી હોય છે. વાત્સ્યાયન કહે છે કે 'રતિ તો હાથીજ જાણે છે' 'रत्यां विमर्दे गजः' સંભોગમાં મર્દનનું કામ હાથીનું છે. એમ વાત્સ્યાયનશાસ્ત્રના વ્યાખ્યાતાએ વિવરણ કર્યું છે. જેમ વનમાં હાથીને મારે એવા સિંહો છે તેની શંકાથી હાથણીઓ દિલગીર થાય તેમ આ લોકમાં માણસને જૂદો પાડનાર કાળ છે તેનો ભય ભક્તોને લાગ્યો તેથી તેને મોટામાં મોટો કલેશ થયો. ૧

---

**कारिकाः**

१ स्वानन्दस्थापनार्थाय लीला भगवता कृता । स बाह्यो जनितः पुष्टो यथान्तर्निविशेत् पुनः ॥ १ ॥
तदर्थं भगवांस्तासु लीलया सहितोऽविशत् । चत्वारोत्र निरूप्यार्था रसासक्तिर्हरेः क्रियाः ॥ २ ॥
गर्वाभावश्च तत्रादौ निरूप्यन्ते क्रमात्रयः । उद्देशतो लक्षणतः फलतश्च यथायथम् ॥ ३ ॥
सप्तविंशे तिरोधानाल्लीलान्वेषणतत्पराः । रसमन्तर्गतं चक्रुर्गोपिका इति रूप्यते ॥ ४ ॥

બહારથી સંતાપ થયો તે હૃદયમાં પહોચવાનો થયો ત્યાં તો ભગવાન લીલા સાથે હૃદયમાં પેઠા હતા તે લીલાઓ પ્રકટ થઈ તેણે તાપને દૂર કર્યો અને પોતે પ્રકટ થવા લાગી તે કહે છે.

गत्यानुरागस्मितविभ्रमेक्षितैः
मनोरमालापविहारविभ्रमैः ।
आक्षिप्तचित्ताः प्रमदा रमापतेः
तास्ता विचेष्टा जगृहुस्तदात्मिकाः ॥ २ ॥

સુંદર ચાલથી, પ્રેમથી, મંદહાસથી વિલાસપૂર્વક જોવાથી, સુંદરભાષામાં બોલવાથી, વનવિહારથી અને વિલાસથી જેનું ભગવાને ચિત્ત આકર્ષિત કર્યું છે એવી ગોપીઓ ભગવદ્રૂપ થઇને લક્ષ્મીપતિની તે તે લીલાઓ કરવા લાગી.

**सुबोधिनी**—તે કાયા વાણી અને મનથી ભગવાનને વશ થયાં છે. તે ભગવાનના ભાવને પામેલાં છે. તેથી તે તે ભગવાનની ચેષ્ટા તેણે કરવા માંડી. તેમાં પહેલી કાયિકી ચેષ્ટા કહે છે. ગતિ એટલે શરીરની ચેષ્ટાથી વશ થયાં છે. પછી ઇન્દ્રિયો સહિત મનની ચેષ્ટાથી વશ થયાં છે તે કહે છે. અનુરાગ–એટલે સ્નેહ એ માનસ ધર્મ છે. તે સ્નેહ પૂર્વક મંદ-હસવું તેનો વિલાસ. ભક્તોની નિષ્ઠા છોડાવવા માટે, જો એવી દાનત ભગવાનની ન હોય તો ભગવાન્ સ્નેહપૂર્વક જુએ તેમાંથી જ્ઞાનજ ઉત્પન્ન થાય તેથી મંદહાસથી થોડો મોહ કર્યો તેથી તે ભક્તો બહાર ન ગયાં તેમ અંદર પણ ન રહ્યાં પરંતુ મધ્યમાં ભગવાન્ સ્ફૂર્યા તેથી તેના ધર્મોમાં તે પહોચ્યાં. અનુરાગપૂર્વક સ્મિતથી જે નેત્રનો વિલાસ એટલે અલસવલિતાદિ સહિત સર્વ કટાક્ષો કર્યાં. વાણીથી પણ ભગવાને મોહ કર્યો તે કહે છે. મનને રમાડે તે મનોરમ કહેવાય. એવાં ભગવાનનાં ગુપ્ત ભાષણે કેવલવાક્યો ચિત્તને ખેંચનારાં ન થાય તેથી પ્રામાણ્યનો નિશ્ચય સ્ત્રીઓને બીજીરીતે ન થાય માટે પ્રથમ ફલનું નિરૂપણ કર્યું. ભગવાનનાં વાક્યો ભક્તના સુખ માટે છે તે તે વખતે જ સુખ આપે છે. તે આલાપો ક્વચિત્ બંધના બોધક છે. લીલાના ઉપયોગી છે તે કહે છે. તેમાં પણ વિલાસોના અવાન્તર ભેદ છે જેમ કે ઉત્તાનક બંધમાં ગ્રામ્યબંધ નાગરબંધ વગેરે ભેદ છે. તે બંધો પોતે ભક્તોમાં કરેલા છે. તે તામસ, રાજસ અને સાત્ત્વિક એ ત્રણ પ્રકારના ચિત્તને ખેંચે છે. તેથી તેના ચિત્ત ભગવાનમાં ખેંચાણાં છે. તેથી વિરહનો તાપ તેને ન થયો. આહિં પ્રમદા કહી છે તેથી અંતર અને બહારના અનુસંધાનના કારણરૂપ ઉત્કટ ભાવ એ પ્રમદા શબ્દથી સમજવાનો છે. માટે પ્રભુની લીલા તેના હૃદયમાંથી પ્રકટ થઈ તે યોગ્ય થયું છે. વળી મોટો મદ પણ તેને થયો છે નહિં તો દાસ્યભાવને ચૂકત નહિં. ત્યારે તે કેવળ ભગવાનની લીલાને હમણાં પોતે અનુભવતાં નથી તેથી લક્ષ્મીના પતિની લીલા એમ કહ્યું છે. તેણે ભગવાનની લક્ષ્મી સાથેની લીલાને ગ્રહણ કરી એક લીલામાં પણ ઘણી ચેષ્ટા કરે છે તેથી બહુવચન तास्ता એમ કહ્યું છે. ત્યાં શંકા થાય કે આ તો દાસીઓ છે તેમણે ઈશ્વરના ધર્મો પ્રકટ ન કરવા જોઇએ કેમકે દાસને દોષ લાગે ત્યાં કહે છે કે જેના આત્મામાં ભગવાન્ છે તે પોતે તદાકાર થઈ

ગયાં છે, તેણે ભગવત્લીલા તાપ મટાડવા માટે ગ્રહણ કરી તેથી તે લીલાનો ઉદ્દેશ કહ્યો. વિસ્તાર આગળ કહેવાશે ક્રમનું કારણ પણ આગળ કહિશું. ૨

પછી તો એમણે ભગવત્સ્વરૂપનો અંગીકાર કર્યો તે કહે છે.

गतिस्मितप्रेक्षणभाषणादिषु
प्रियाः प्रियस्य प्रतिरूढमूर्तयः ।
असावहं त्वित्यबलास्तदात्मिका
न्यवेदिषुः कृष्णविहारविभ्रमाः ॥ ३ ॥

ભગવાનનું ચાલવું, ભગવાનનું મંદ હસવું, ભગવાનનું ભાવપૂર્વક જોવું અને ભાષણ કરવું એમાં પ્રિયના જેવાં રૂપવાળાં સ્વામિનીઓ થઈ ગયાં અને આ હું કૃષ્ણ છું એમ બોલતાં કૃષ્ણના વિહાર અને વિલાસ કરવા લાગ્યાં.

**सुबोधिनी**—ભગવાનના ધર્મો પોતાનામાં આવ્યા ત્યારે બે ધર્મોનો વિરોધ થાય માટે પોતાના ધર્મો હતા તેને ભગવાનમાં ભક્તોએ મૂકયા. તે ધર્મોમાં કાયા વાણી મન અને નેત્ર એ ચાર ધર્મો પ્રધાન છે. તે ભગવાનના ધર્મોમાં પોતાના ધર્મો મૂર્તરૂપે આરોપિત કર્યા. એમ જો એકબીજાના ધર્મો મિશ્ર ન થાય તો વિલાસ બરાબર ન થાય. તે વિલાસ બતાવે છે તેમાં ગમન કાયાથી થાય. મંદહાસ મનથી થાય. નેત્રેન્દ્રિયથી જોવાય. ભાષણ વાણીથી થાય. તેની સાથે જેટલા વિલાસો બંધો રતિરૂપ વગેરેમાં પ્રિયની સાથે પોતે ભોગ કરવા લાગ્યાં. તેમ કરતાં તે વિપરીત બની ગયાં. વાત્સ્યાયન કહે છે કે રસ વધે ત્યારે સ્ત્રીઓ પુરુષભાવ પ્રકટ કરે છે. તેથી પોતે ભગવાનની ઉપર પોતાના શરીરને રૂઢ કરી દીધાં. સંયોગાવસ્થામાં જેની નજીક ભગવાન્ હતા ત્યારે તેણે ભગવાન અન્તર્હિત છે એમ ન્હોતું જાણ્યું તેને તો કોઇએ પૂછયું તેના ઉત્તરમાં તે કહે છે આ કૃષ્ણ રહ્યા હું કૃષ્ણ છું અથવા તમે જેને ગોતો છો તે કૃષ્ણ હું છું. નટ બીજાને દેખાડવા સારૂ કપટથી વેષ પહેરીને પણ એમ બોલે તેમ આ ક્રીડા દેખાવ માત્ર નથી પણ આ તો સાક્ષાત્કૃષ્ણરૂપ છે એ કહે છે કે તે અબલા છે. એટલે ભગવાનના રૂપને બહાર પ્રકટ કરવાના બળવાલી નથી. કેમકે સ્ત્રીપુરુષમાં વિલક્ષણતા તો સ્પષ્ટ પ્રતીત થાય છે. આપણે હું કૃષ્ણ છું એમ કહીએ પણ તેમાં કોઇ આપણને ઢોંગ કરીને લોકોને છેતરે છે એમ તો નહિં કહેને એ શંકાના ઉત્તરમાં કહે છે કે તે તો કૃષ્ણરૂપ બની ગઈ છે કેવલ ધર્મિ (સ્વરૂપ)થી નહિ પણ કૃષ્ણના ધર્મો પણ તેમાં આવી ગયા છે. તે કહે છે કે કૃષ્ણ જેવો વિહાર તેના જેવો વિલાસ કાયા વાણી મનના વિલાસો કૃષ્ણવત્ જેના થયા છે. ૩

ભગવાનને ઉદ્દેશીને તાપ લીલા કહી. તેમાં ભગવાન પધાર્યા છે એ પણ નકી થયું હવે તાપ મટવા માટે ભગવાનની શોધ કરવા લાગ્યાં. ત્રણ ગુણો વધ ઘટ થતાં એક બીજાને દાબી દે છે. ત્યારે ભગવાનની ઇચ્છાથી ભક્તના હૃદયમાં ભગવાન્ પ્રકટે છે. એટલે લીલાના કાર્યમાં પ્રતિબંધ થતો નથી. તેથી જ્યારે ઉપર ઉપરથી પ્રપંચનું જ્ઞાન થાય છે ત્યારે ભગવાનના ખબર પૂછે છે. તે વાત હવે કહે છે.

**गायन्त्य उच्चैरमुमेव संहता**
**विचिक्युरुन्मत्तकवद्वनाद्वनम्।**
**पप्रच्छुराकाशवदन्तरं बहि-**
**र्भूतेषु सन्तं पुरुषं वनस्पतिम्॥ ४॥**

તેજ ભગવાનનું ગાન કરતાં બધાં ભક્તો ભેગાં મળ્યાં અને ગાંડાની પેઠે એક વનથી બીજા વનમાં ભટકવા લાગ્યાં એટલુંજ નહિં કિન્તુ આકાશની જેમ પ્રાણિમાત્રની અંદરને બહાર રહેલા પુરુષ (ભગવાન્)ને માટે વૃક્ષોને પૂછવા લાગ્યાં.

**सुबोधिनी**—પહેલાં તો મિશ્રભાવથી ગાવા લાગ્યાં 'શબ્દ' પણ ધૂમની જેમ અન્દર અને બહાર નીકલતો વધુ ઓછો થતો ચાલે છે. તેથી અહિં ધર્મિ અને ધર્મના આધિક્યથી જ્ઞાન ઉત્તમ છે. જેમ ભગવાનના ગાનથી પોતે વનમાં આવ્યાં એમ પોતાના ગાનથી ભગવાન આવે એ ઇચ્છાથી સ્પષ્ટ ગાવા લાગ્યાં. આ ભાવ ભક્તોનો સ્વાભાવિક નથી પણ કૃત્રિમ છે. અને તે બધેથી ભેગાં થયા છે તેનું જ્યારે ભક્તોને વિશેષ જ્ઞાન થયું ત્યારે ભગવાન આપણી પાસે નથી એ ભાવ સ્પષ્ટ થયો.' ત્યારે ભગવાન્ સાથે હતા તે ક્યાં ગયા એમ બોલી તેની શોધ કરવા લાગી. તેમાં ભગવાન આપણી પાસે નથી એમ ચોકસ માનતી નથી. તેથી ચોકસીથી ભગવાનની શોધમાં ન પડી પણ ગાંડો માણસ એક વાત બોલે તેને બીજી ક્ષણે છોડી દે તેમ કરવા લાગી. ગાંડો સ્વપરવિવેક ન જાણતાં વસ્ત્રાદિથી વ્યવસ્થિત રહી શકતો નથી. એવાં ભક્તો બન્યાં અને એક વનમાંથી બીજા વનમાં એમ ભેગાં મલી ચાલવા લાગ્યાં કેવલ ભગવાન ક્યાંય હોય તો તેને જોવા એટલુંજ કામ તે કરતાં નથી પણ ગાંડાની જેમ જેને દેખે તેને પુછે છે. શુકદેવજી ભગવત્સ્વરૂપને આનંદમાત્ર કરપાદમુખોદરાદિ સર્વત્ર વિદ્યમાન માને છે. બીજાને પણ ભક્તિ સાથે જ્ઞાન પ્રકટ થાય તો તે પણ સર્વત્ર ભગવાનને જોઈ શકે છે કેમકે સર્વત્ર ભગવાનના તિરોધાનનો જ્ઞાનિ પ્રત્યે નાશ થાય છે. એવા ભગવાનને આ ભક્તો પોતાના દેહ જેવડા પરિચ્છિન્ન માને છે તેથી તો પૂછે છે. તે ભક્તોના અજ્ઞાનને માટે કહે છે કે ભગવાન તો આકાશની જેમ ભૂતની અંદર અને બહાર વ્યાપિને રહ્યા છે. આકાશ અંદર અને બહાર ના ભેદનો જનક છે. તે આકાશ જેવા ભગવાન્ છે તેથી આકાશ બ્રહ્મલિઙ્ગ છે. કેવું બ્રહ્મ કે આકાશ જેવુ એમ બોલાય છે. એવા ભગવાનને સર્વત્ર ન જોતાં આત્મામાં તો વિચાર ન કર્યો પણ કોઇને પૂછવાનું નકી કર્યું તેમાં પણ ચેતનને ન પૂછતાં સ્થાવર વૃક્ષાદિને પૂછવા લાગ્યા. વનસ્પતિ વૈષ્ણવ છે એટલે વનસ્પતિના દેવ વિષ્ણુ છે તેથી વૈષ્ણવને પૂછવું જોઇએ એમ ધારી 'મૂર્ખ તો પણ વૈષ્ણવ ભગવાનની ગતિને

---

**कारिकाः**

१ शब्दो हि धूमवल्लोके बाह्याभ्यन्तरयोगतः। विराजते विनिर्गच्छन् तारतम्यं च गच्छति॥ १॥
अतोत्र धर्मिधर्माणामाधिक्यात् ज्ञानमुत्तमम्। यथा भगवतो ज्ञानात् स्वयमागत्य संगताः॥ २॥
एवं स्वयं भगवत आगत्यार्थं जगुः स्फुटम्। कृत्रिमत्त्वात्तु भावस्य मिलिताश्च स्वतोन्यतः॥ ३॥
ततो विशेषविज्ञानात् निरोभावोऽस्फुरत् स्फुटः॥ ३½॥

જાણે' 'અવૈષ્ણવ પંડિત હોય તો પણ તે ભગવદ્ગતિને ન જાણે' તેથી તે વનસ્પતિને પૂછતાં ચાલ્યાં. ૪

તેમાં પણ બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણ દેવ આ લોકમાં પીપળો પિપર અને વડરૂપે પ્રસિદ્ધિને પામ્યા છે તેમને પહેલાં પૂછે છે.

**दृष्टो वः कच्चिदश्वत्थ प्लक्ष न्यग्रोध नो मनः ।**
**नन्दसूनुर्गतो हृत्वा प्रेमहासावलोकनैः ॥ ५ ॥**

હે પિપલા, હે પિપર, હે વડ, નંદના કુમાર પ્રેમ, હાસ અને અવલોકનવડે અમારા મનને આકર્ષિને ચાલતા થયા છે તેને તમે ક્યાંય જોયા?

**सुबोधिनी**—પિપલો વિષ્ણુદૈવત્યવૃક્ષ છે. લોકમાં વિષ્ણુના જેટલું તેનું સન્માન લોકો કરે છે. તેથી તે ભગવાનને જાણતો હોવો જોઇએ એમ બોલી વિચાર કરે છે કે વૈષ્ણવ તો છે પણ આ હું શ્રેષ્ઠ છું એવી ભાવનાથી અકડ રહ્યો છે એવા અભિમાની ભગવાનની ગતિને ન જાણે તે માટે તેના હેતુરૂપ નામ કહે છે. **अश्वस्तिष्ठत्यस्मिन्** ઘોડો જેમાં રહે તે अश्वत्थ કહેવાય. લોક તો ઘોડા ઉપર ચડે ત્યારે આની અન્દર ઘોડો રહે શ્રુતિ પણ કહે છે કે ઘોડો રૂપ કરીને પિપળામાં રહે છે. તે ન જાણવાનું કારણ તેની સ્તબ્ધતા છે તો હવે તેને મૂકીને આપણે જેના બ્રહ્મા દેવ છે એવી પીપરને પૂછીએ તેને પણ ભગવાનનું જ્ઞાન નહિં હોય તે વાત તેના નામની વ્યુત્પત્તિથી સિદ્ધ કરે છે. મનુષ્યને મૂર્ખ બનાવવા માટે તેની પવિત્રતા દૂર કરી તેમાંથી આ વૃક્ષ થયો છે. માટે તે અપવિત્ર છે અપવિત્ર પણ ભગવદ્ગતિને ન જાણે તેથી જે લોકના અજ્ઞાનનું કારણ હોય તે આપણને ભગવાન ક્યાંથી બતાવે? તેની આશા છોડો. વેદમાં કહ્યું છે કે 'દેવો પશુ વડે સ્વર્ગમાં ગયા. તે બોલ્યા મનુષ્યો અમારી પાછળ આવશે તેથી તેનું માથું કાપી તેમાંથી પવિત્રતા દૂર કરી નાખી દીધું તેમાંથી પીપર થઈ છે.' એમ પીપરની ઉત્પત્તિ વેદમાં કહી છે હવે વૈષ્ણવધર્મનો ઉપદેશ કરનાર શિવને પૂછીએ તે તો આ લોકમાં વડરૂપે રહે છે તે ન્યગ્રોધમાં પણ દૂષણ જુએ છે. કેમકે તેના ઉપરના છેડા વડવાઈ રૂપે ભૂમિમાં પહોંચે છે. જે ઉત્તમને નીચે નાખે તે હીન કહેવાય. તેથી આપણને તે સંતોષ નહિં આપે પણ આપણે આગળ જવું પડશે છતાં તેને પૂછે છે કે તમારા પણ ભગવાન્ સંબંધવાળા છે તેને તમે જોયા? પ્રશ્નાર્થક **कच्चित्** શબ્દ અહિં વાપર્યો છે. અમે પ્રથમ જોએલ અથવા ઘણી વખત અમારા જોવામાં આવે છે તમારે પૂછવાનું શું પ્રયોજન છે તેના ઉત્તરમાં કહેવાનું કે તે અમારા મનની ચોરી કરીને ભાગ્યા છે તેથી તેની શોધમાં અમે નિકલ્યાં અને તમને પૂછ્યું. તે તો વિષ્ણુ છે તે ચોરી ન કરે કોઈ બીજો ચોર હશે તેના ઉત્તરમાં કહે છે કે તે નંદરાયનો પુત્ર છે. તે નંદનો પુત્ર થયો તે નંદરાયજીનાં કામ તેને કરવા પડે રબારી લોકો એક બીજાનાં દહિ દૂધ ચોરે તેથી ભગવાન્ પણ અમારૂં મન ચોરે તો તે અસંભવિત ન ગણાય. અહિં ભગવાનનું નામ ન લેતાં નંદના પુત્ર કહ્યા એટલે ગોપીઓ ભગવાનને પોતાના પતિ માને છે. આજ પણ આર્યસ્ત્રીઓ પતિને નામથી નથી બોલાવતાં તેથી તેમણે નામ ન લીધું. અમારા રાજાના પુત્ર કાંઈ ચોરી કરે? તેણે મન હર્યું ત્યાંસુધી પ્રભુ પુત્ર જાણ્યા હતા તેના વિશ્વાસમાં

રહ્યાં ત્યાં તેણે મન હરિ લીધું. મન તો શરીરની અંદર હોય તે તેણે કેમ હર્યું ? એમ કહે તો તેના ઉત્તરમાં કહે છે કે મન ત્રણ પ્રકારનું છે તે તેણે ત્રણ પ્રકારના ધર્મોથી હર્યું તે ધર્મો પ્રેમ–હાસ અને અવલોકન. પ્રેમપૂર્વક હાસ સાથે અવલોકન મનોહર થાય છે તેથી તમસ્ રજસ્ અને સત્ત્વ ભાવો કહ્યા. પ્રેમથી અંદર પ્રવેશ કર્યો. હાસ્યથી મનને પકડ્યું અવલોકનથી હરણ કર્યું. ૫

**कच्चित्कुरवकाशोकनागपुंनागचम्पकाः ।**
**रामानुजो मानिनीनां गतो दर्पहरस्मितः ॥ ६ ॥**

હે કુરબક, અશોક, નાગકેસર, પુન્નાગ, ચંપા, માનિનીના માનને, હરનાર સ્મિતવાળા, રામના નાનાભાઇને અહિંથી જતાં તમે જોયા ?

**सुबोधिनी**—પિપ્પલો પિપર વડ વગેરે મોટા વૃક્ષોએ જવાબ ન દીધો ત્યારે ભક્તોએ વિચાર કર્યો કે એ મોટાં વૃક્ષો છે છતાં તેનાં ફુલો મુખ્ય નથી એની કાગડા સેવા કરે છે સારા પક્ષીઓ એની પાસે આવતા નથી માટે તે ભગવદ્ગતિને ન જાણે તો મોટાં ફુલવાળા સુગન્ધવાળાં વૃક્ષોને પૂછીએ તે કહે છે કે કુરબક અને અશોક-વૃક્ષ કામોદ્દીપક છે તે કામના બાણરૂપ છે. નાગકેસર, પુન્નાગ અને ચંપો અતિસુગંધિ-પુષ્પો છે. તે કામિને સુગંધિને લઇને જતાં નિવૃત્ત કરે છે. તેથી આ પાંચ વૃક્ષો ભગ-વાન ક્યાં પધાર્યા એ વાતને જાણતા હશે. તેથી પૂછે છે કે તમે રામના નાનાભાઇને અહિંથી જતાં જોયા છે. પહેલાની પેઠે ચિત્ત ચોર્યાની વાત કરી માનવાળાંના ગર્વને મંદહાસમાત્રથી માન છોડાવી દે એવા ભગવાન્ અમને માન થતાં ગયા તે ખોટું થયું તેણે સ્મિત કર્યું હતે તો અમારો માન જતો રહેત તેમાં જવાની જરૂર ન હતી. તેને કોઇનો ભય તો નથી કેમકે બલરામના તે નાનાભાઈ છે. ત્યાં પણ સ્વામિનું નામ ગોપીઓએ લીધું નથી અમને બધાને માન થયો તેથી અમારો ગર્વ છોડાવવા માટે પોતે ચાલ્યા ગયા. આ પુષ્પવાળા વૃક્ષોએ ભગવાનને ઘણે કરી જોયા લાગતા નથી કેમકે કુરબક તો તુચ્છશબ્દ કરનાર છે નાગ તો નામથી ભય લાગે એવો છે નાગને હાથી કહીએ તો પણ ભયાનક, પુરુષ–પણ નાગ ભયાનક ચંપો પણ પરિણામે રસવાળો રહેતો નથી. ૬

આ બધા ફુલ રહિત છે. પહેલાં પિપલ વડ અપુષ્પ હતા પુષ્પ ફુલવડે નાના પ્રકારનો તેનો વિનિયોગ થાય. પણ તેમાં તે પુષ્પાદિ ફુલાદિ ન હોવાથી તેનું પણ અજ્ઞાન કલ્પીને તુલસીમાં પુષ્પ ફુલ છે એમ જાણી ભગવદીયમાં પ્રસિદ્ધ છે એમ પણ જાણી પ્રસિદ્ધ એવી તુલસીને પૂછે છે.

**कच्चित्तुलसि कल्याणि गोविन्दचरणप्रिये ।**
**सह त्वालिकुलैर्बिभ्रद्‍ दृष्टस्तेतिप्रियोच्युतः ॥ ७ ॥**

હે તુલસિ હે કલ્યાણિ ગોવિન્દનું ચરણ જેની પ્રીતિનું સ્થાન છે એવી. અલિ-કુલની સાથ તને ધારણ કરનાર અને તારા અતિ પ્રિય અચ્યુતને તેં જોયા ?

**सुबोधिनी**—હે તુલસિ એમ પોતાની બેનપણીની જેમ તેને બોલાવીને વિચાર્યું કે તે ભગવાનની સાથે પ્રથમથી સંબંધવાળી છે. તેથી તે જો ભગવાનને ભજે તો

રસ પુષ્ટ ન થાય. તેથી તેને ભગવાનની સ્ત્રી માનીને કહે છે હે કલ્યાણિ. એમ કહીએ તો પણ તે ભક્તિપ્રધાન હોયને અમારાથી ચડી જાય માટે ગોવિંદના ચરણમાં પ્રીતિવાલિ એમ બોલાવે છે. બીજું કહે છે કે તમને દર્શન ભગવાન દે એવો સંભવ વિચારી ભગવાનના ખબર તમને પૂછીએ છીએ. કેમકે તમારા સજાતીય તેની પાસે રહે છે સજાતીય સજાતીયને માર્ગમાં મળે તો બોલાવે તે કહે છે ભમરાના કુલને ભગવાન્ તમારી સાથે ધારણ કરે છે. તમને પણ ભગવાન્ બહુ વ્હાલા છે. તે જો આ રસ્તે ચાલ્યા હોય તો તમે જરૂર એના દર્શન કર્યા હોય એમ ધારીને અમે તમને પૂછીએ છીએ. ૭

તેમાં પણ ભક્તોને અરુચિ થઈ આ તો સોક્ય જેવી પોતાની મોટાઈ બતાવવા અમને તેના ખબર ન આપે તેથી સાધારણ સ્ત્રીઓજ અમારી ઉપર ઉપકાર કરી શકે એમ ધારી તેને પૂછે છે.

**मालत्यदर्शि वः कच्चित् मल्लिके जाति यूथिके ।**
**प्रीतिं वो जनयन् यातः करस्पर्शेन माधवः ॥ ८ ॥**

હે માલતિ હે મલ્લિ હે જુઈ હે યૂથિકે તમને પોતાના શ્રીહસ્ત લગાડી પ્રીતિ કરતા લક્ષ્મીપતિને આ રસ્તે જતાં તમેં જોયા ખરા?

**सुबोधिनी**—હે માલતિ તમે બધાં અનેક રૂપવાળાએં ભગવાનને જોયા છે? હે મલ્લિકે હે જાતિ હે યૂથિકે આ ચાર ફુલઆપનારી લતાઓ છે. તેના પુષ્પોમાં ઘણી સુગંધ હોય છે. ભગવાનને તેના પુષ્પો પ્રિય લાગે છે. તેથી તમને પોતાના હસ્તનો સ્પર્શ કરીને રાજી કરીને તમારા પુષ્પો તેણે વીણ્યાં હશે. એવા લક્ષ્મીના પતિ માધવ તે હમેશાં લક્ષ્મીની સાથે રહે છે. તેથી લક્ષ્મીના કેશબંધમાં પુષ્પ ગુંથવાને પુષ્પની તેને જરૂર હોય તેથી તેણે પુષ્પો વીણ્યાં હશે તો તેને તમે જોયા હોય તો કહો. ૮

આ પણ સ્ત્રીઓ છે તે ફલવગરની છે અલ્પ છે સ્વાર્થી છે અને લક્ષ્મીનો પક્ષ કરનારી છે તેથી એ લતાઓ ભગવાનનો પત્તો આપણને નહિં આપે એમ ધારી આંબા વગેરે ઉત્તમ વૃક્ષોને પૂછવા લાગ્યાં.

**चूतप्रियालपनसासनकोविदार-**
**जम्ब्वर्कबिल्वबकुलाम्रकदम्बनीपाः ।**
**येन्ये परार्थभवका यमुनोपकूलाः**
**शंसन्तु कृष्णपदवीं रहितात्मनां नः ॥ ९ ॥**

હે મધુર-આમ્ર, હે રાણ, હે ફનસ, હે આસોંદ, હે કોવિદાર, હે જાંબુ, હે કદમ્બ, હે બિલ્વ, હે બોરસરી, હે ખાટા આંબા, હે આસોપાલવ, તમે પરોપકાર માટે જન્મ્યા છો અને યમુનાના કિનારા ઉપર રહો છો તેથી અમે કૃષ્ણવિના આત્મારહિત બન્યા છીએ તેને તમે કૃષ્ણનો માર્ગ બતાવો.

**सुबोधिनी**—ચૂત આંબો વૃક્ષ તો એકજ પણ મીઠો હોય તે ચૂત કહેવાય ખાટો હોય તે આંબો કહેવાય. રાણના બીમાં પણ રસ વધારે હોય છે. ફણસનું મોટું ફલ હોય છે. આસન વગેરે ફલપુષ્પપ્રધાન વૃક્ષો છે. બીજા પણ મહુડા વગેરે લોકના ઉપકાર માટે જન્મે છે તેમને સ્વાર્થ હોતો નથી. સર્વ વૃક્ષો પરાર્થ જન્મવાળાં છે છતાં આ વૃક્ષો યમુનાજીના કીનારા ઉપર તપસ્વીની પેઠે રહે છે તે જરૂર ભગવાનને જોતા હોવા જોઇએ. તે બીજા પૂછે તો પરોપકારી હોવાથી બીજાને કહે પણ ખરાં. માટે તમે અમને કૃષ્ણનો માર્ગ બતાવો કે જે માર્ગે કૃષ્ણ અમારા હૃદયમાં આવે. તેને દયા આવે માટે કહે છે કે અમે આત્માને ખોઈ બેઠા છીએ. કેટલાંક જગતમાં ધન વગરના હોય કેટલાંક ઘર વગરનાં હોય કેટલાંક દેહ વગરના હોય ત્યારે અમે તો આત્મા વગરનાં છીએ તેથી બધાથી અમો રાંક છીએ અમારે માટે તમે કૃષ્ણનો રસ્તો બતાવો. ૯

એમ અતિવિલાપથી દીનતા પ્રકટ કરી ત્યારે પૃથ્વી ઉપર પડેલાં ભગવાનના ચરણનાં ચિહ્ન દેખાણાં ત્યારે પૃથ્વીની સ્તુતિ કરે છે.

**किं ते कृतं क्षिति तपो बत केशवाङ्घ्रि-**
**स्पर्शोत्सवोत्पुलकिताङ्गरुहैर्विभासि ।**
**अप्यङ्घ्रिसंभव उरुक्रमविक्रमाद्वा**
**आहो वराहवपुषो परिरम्भणेन ॥ १० ॥**

હે ક્ષિતિ પૂર્વ જન્મમાં તેં કયું તપ કર્યું કે કેશવના ચરણનો સ્પર્શ કરતાં તારાં રોમાંચ ઉભાં થઈ જવાથી તું શોભા આપે છે. તે તારા રોમાંચ તે હાલ પ્રિયનો ચરણ લાગવાથી થયાં કે વામનાવતારમાં તને ચરણ સ્પર્શ થયો તેથી કે વરાહ ભગવાને પાતાળમાંથી લાવતાં તારૂં આલિંગન કર્યું તેથી થયાં તે સ્પષ્ટ અમને તું કહી દે.

**सुबोधिनी**—હે પૃથ્વિ તેં શું તપ કર્યું અમે પણ તપ તો કર્યું પણ તે તપના ફલનો અનુભવ અમે ન કર્યો, સર્વથા પુણ્ય વિના મનની ઇચ્છા પૂરી ન થાય. તેમાં પણ ભગવાનમાં મનોરથ સિદ્ધ થવો તે તો પૂર્વના પુણ્ય ન હોય તેને નજ બને. પોતાને ફલ નથી મળ્યું તેનો ખેદ બતાવનાર મૂળમાં बत અવ્યય ખેદવાચક મૂક્યો છે. તને કેવલ ચરણસ્પર્શ માત્ર નથી થયો પણ સ્પર્શથી બીજા વિકારોનો પણ તેં અનુભવ કર્યો જણાય છે. ભગવાન કેશવ છે क એટલે રજોગુણના અધિષ્ઠાતા બ્રહ્મા ईश એટલે તમોગુણના અધિષ્ઠાતા શિવ તેને પણ व એટલે અમૃત-મોક્ષ આપનાર કેશવ કહેવાય છે. બ્રહ્માની પ્રાર્થનાથી ચરણનો સ્પર્શ તને થયો તેનો તેં ઉત્સવ માન્યો તેથી તને પસીનો જણાય છે નહિં તો ભગવાનનું ચરણ રજમાં પડે તો ચરણની છાપ ન પડે. ભિની જમીનમાં ચરણની છાપ પડે તે ભિનાશ [1]સાત્વિક ભાવની જાણવી. બીજો પણ આનંદ તને થયો તે તારા રોમ ઉભાં થઈ ગયાં છે. સ્નેહીનો પ્રથમ સ્પર્શ થાય ત્યારેજ તેમ થાય પૃથ્વીમાં દુર્વા ઉગી છે તે તેના પુલકરૂપ છે. તારાં રૂવાડાં ઉભા થયાં તેથી તું શોભે છે. અથવા ઉત્પુલકિત રોમથી

---

१ स्वेदस्तम्भोथ रोमाञ्चः स्वरभङ्गोथ वेपथुः । वैवर्ण्यमश्रुप्रलय इत्यष्टौ सात्विका मताः ॥

ભગવચ્ચરણસ્પર્શકરવાથી તું શોભા આપે છે. અહિં પૃથ્વીમાં તો સર્વત્ર પુલક દેખાય છે ભગવાનના સ્પર્શથી થાય તો એક દેશમાં થાય. જેમ સ્વેદ ચરણ ધર્યો ત્યાં થયો. ત્યાં બીજું કારણ કહે છે. ઉરુક્રમ ભગવાને ચરણ બ્રહ્મલોક સુધી પહોચાડ્યો તેનું સ્મરણ આવ્યું તેનો ચરણ તો સમગ્ર પૃથ્વીને લાગ્યો હતો એટલે સમસ્ત પૃથ્વી પુલકિત થવી જોઇએજ. તેમાં પણ નિર્ધાર થતો નથી. કેવળ ભગવાનનો ચરણ લાગે તેનાથી કાંઈ પુલક ન થાય તે તો આલિઙ્ગન ચુંબનાદિ સંભોગ કરે તોજ થાય એમ શંકા કરે તો ત્યાં કહે છે કે વરાહ ભગવાનને તું ચોટી પડી હતી તેથી તને આખા શરીરમાં પુલક થયા છે? તેથી અમારી અને તમારી સમાનતા છે. અમે પણ ભગવાનને ભોગવ્યા છે તમે પણ ભગવાનને ભોગવ્યા છે તેથી આપણ બન્નેના ધર્મો સરખા છે. ૧૦

એમ એક ઠેકાણે રહેનાર ઘર વૃક્ષ વગરે સ્થાવરને પૂછી હવે હાલતાં ચાલતાં પ્રાણિ જંગમ કહેવાય તેને પૂછે છે.

**अप्येणपत्न्युपगतः प्रिययेह गात्रै-**
**स्तन्वन् दृशां सखि सुनिर्वृतिमच्युतो वः ।**
**कान्ताङ्गसङ्गकुचकुङ्कुमरञ्जितायाः**
**कुन्दस्रजः कुलपतेरिह वाति गन्धः ॥ ११ ॥**

હે હરિણપત્નિ હે સખિ પોતાની પ્રિયાની સાથે ફરતા'ભગવાન્ પોતાના શ્રીઅંગથી તમારા નેત્રોને સુખ આપતા અહિંથી પસાર થયા હતા કે? પોતાની પ્રિયાના અંગનો સંગ કરવાથી જેને ચંદન લાગ્યું છે એવા ગોકુલપતિએ પહેરેલી કુન્દ(મોગરા)ની માળાની સુગન્ધવાળો પવન ચાલે છે.

**सुबोधिनी**—હે કૃષ્ણસારની સ્ત્રિ કોઈ લક્ષ્મીની સાથે અથવા બીજી પ્રિયાની સાથે આ માર્ગથી જતા પોતાના અવયવયોથી તમારા નેત્રને પૂર્ણ સુખ વધારતા ભગવાનને તમે જોયા કે? આ માર્ગથી ગયા છે એમ તો શ્રીચરણના ચિન્હથી નકી થાય છે. જો તમે જોયા હોય તો અમો પણ જોઈ શકીએ. તું તો બીજાની સ્ત્રી પણ અમારી સખી છો તેથી હે સખિ એમ સંબોધે છે. તું પણ કૃષ્ણમાં અનુરાગવાલી છે. તારાં અને અમારાં નેત્રો સરખાં છે તું બીહે છે તેમ અમો પણ ભય રાખીએ છીએ જો ભગવાનનું દર્શન ન થયું હોય તો તમારાં આટલાં પ્રફુલ્લ નેત્ર ન હોય તે સ્વામિની સાથે હતા તેણે લીલા તો કરી હશે. બીજા સાથે રમ્યા તેની પ્રાર્થના શા માટે કરવી જોઇએ? એ શંકાના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ લીલા કરે છતાં અચ્યુત છે તેથી રમ્યા છતાં બીજીસાથે રમવાને સમર્થ છે. તે ભગવાન્ સ્ત્રી સાથે હતા એમ તમે શા ઉપરથી કહી શકો છો? તેના ઉત્તરમાં કહે છે કે પ્રિયાના અંગનો સંગ થતાં તેના સ્તન ઉપર લગાડેલ ચંદન ભગવાને કુંદની માળા પહેરી છે તેને લાગે છે. તે ગોકુલપતિની માલાની સુગન્ધિ અહિં આવે છે. ભિનો ગંધ તાજા કેસરવાળાચંદનની વાસવાળો છે. ચંદન ચર્ચેલ છે તે સાત્ત્વિક ભાવથી ભિંજાયું છે. તેથી જણાય છે કે પ્રિયાજી સાથે વિરાજે છે. ૧૧

એમ હરિણીને પૂછ્યું. તે તેના ધણીની સાથે છે એટલે પરપુરુષની વાત ન કરી શકે એમ ધારી પહેલાં ભગવાને સ્તુતિ કરી છે એવા વૃક્ષોને પૂછે છે.

**बाहुं प्रियांस उपधाय गृहीतपद्मो**
**रामानुजस्तुलसिकालिकुलैर्मदान्धैः ।**
**अन्वीयमान इह वस्तरवः प्रमाणं**
**किं वाभिनन्दति चरन् प्रणयावलोकैः ॥ १२ ॥**

હે વૃક્ષો એક શ્રીહસ્ત પ્રિયાના ખભા ઉપર રાખી બીજામાં કમળ ખેલાવતા રામના નાનાભાઈ કે તુલસીના ભ્રમરો જેમની પાછળ ચાલે છે તે ચાલતાં ચાલતાં તમારા પ્રણામને પ્રેમદૃષ્ટિથી અભિનંદતા ગયા કે ?

**सुबोधिनी**—પ્રિયાના અંસ ઉપર બાહુ ધરીને બીજા શ્રીહસ્તમાં કમળ ધારણ કરતા બળદેવજીની પછી પ્રકટેલા ( નાન્હા ભાઈ ) એથી (બલદેવજીથી) ભય રહિત તુલસીમાં ફરતા ભમરાઓના સમુદાય જેની પાછળ ચાલ્યા કરે છે એવા ભગવાન્ જેણે પ્રથમ તમારી સ્તુતિ કરી છે. તેથી તમે તેને પ્રણામ કર્યા હશે તેણે આપને અભિનન્દન આપ્યું કે નહિં તે કહો. પ્રિયાના ખભા ઉપર ભુજા રાખી છે તેથી તેની બરોબર ચાલતા જણાય છે. કેમકે બન્નેના પગલાં એક લાઈનમાં પડ્યાં છે. કયારેક પગની ચંચળતાથી કે ભમરાનો ઉપદ્રવ થતાં તે ભમરાને ખસેડવા પ્રયત્ન કર્યો જણાય છે. વૃક્ષો નમ્રતાવાળાં છે ફુલની ભેટ લઈ પૃથ્વીમાં મસ્તક લગાડી ભગવાનને પ્રણામ કરતા હોય તેમ તેનું માથું જમીનને અડકે છે તેથી તેણે નમન કર્યું પરંતુ તે ઉભા થતા નથી તેથી નમસ્કારમાં સંદેહ પડે છે. રીત એવી છે કે કોઇને નમસ્કાર કરવો હોય તો ઉભા થઇને હાથ તથા માથું નમાવાય. તેમાં હસ્તમસ્તકનું નમન તો જણાય છે પણ ઉત્થાન જણાતું નથી તેથી નમસ્કારમાં સંદેહ કહ્યો. સંદેહનું કારણ એટલુંજ કે ભગવાન્ ચાલતા નીકળ્યા ચાલતાં કોઈના નમસ્કાર જોવામાં ન આવે તો તેને અભિનંદન ન પણ અપાય. ત્યાં શંકા કરે કે વૃક્ષોની પાસે રસ્તો છે તેથી તે રસ્તે ગયા હોય તો તે બોલે તે સંભળાય. એમાં સંદેહ જેવું ક્યાં છે. ત્યાં કહે છે કે બોલે તોજ નમસ્કાર સ્વીકાર્યો કહેવાય એવો નિયમ નથી. પ્રેમથી જુએ તો પણ સ્વીકાર્યો વદે છે. તેથી જે પાસે હોય તેજ જાણે બીજા ન જાણે તેથી પૂછવું પડ્યું છે. ૧૨

વૃક્ષો વનવાસી છે સાત્વિક છે. એ જ્ઞાની હોવાથી સ્રીઓથી વાતો નહિં કરે એમ ધારી તેની સ્રીઓને પૂછીએ. એમ વિચાર કરી લતાને પૂછે છે.

**पृच्छतेमा लता बाहूनप्याश्लिष्टा वनस्पतेः ।**
**नूनं तत्करजस्पृष्टा बिभ्रत्युत्पुलकान्यहो ॥ १३ ॥**

આ વેલીયો વૃક્ષની ડાળોરૂપી તેની ભુજાને વીંટાયેલી છે છતાં ભગવાનનો નખ લાગવાથી જેના રોમ ઉભાં થઈ ગયાં છે એવી લતાઓ ભગવાનનો પત્તો આપશે માટે તેને પૂછો.

**सुबोधिनी**—લતાઓ તેના ધણીના ભુજમાં ચોટી છે છતાં તેને પૂછવું જોઇએ. સ્ત્રી પુરુષના સમાગમમાં હોય ત્યારે તેને પૂછવાનો સમય ન ગણાય. તેના ધણીએ તેને ભુજાથી રોકી રાખી છે છતાં ભગવાનના નખનો સ્પર્શ તેને થયો છે. તેથી તેના રુંવાડાં ઉભાં થઈ ગયાં છે. એક રસમાં પડ્યું હોય તેને તેજ વખતે બીજા રસની ઇચ્છા ન થાય છતાં ભગવાનનો સ્પર્શ થતાં તેને ઉત્પુલક થયાં તેથી ભગવદ્રસ બધા રસનો ઉપમર્દક છે. આટલું પૂછતાં છતાં કોઇએ ઉત્તર ન આપ્યું ત્યારે ભક્તોને મૂર્છા થઈ ગઈ હોય તેમ દેખાવા લાગ્યાં. અહિં સુધી ભગવાનની પૂછપરછ કરી તેમાં નવ પ્રકારની ગોપીઓ બતાવી. દશમી નિર્ગુણા ગોપીને તો ભગવાને પોતાની સાથે રાખી છે. એમ ભગવાનને ગોત્યા તેથી વિપ્રયોગ રસ તેના હૃદયમાં સ્થિર થયો. એ વાત કહી. ૧૩

એમ તિરોધાનથી તેને તાપ થયો હતો તે મટાડવાનો પ્રયત્ન કર્યો તે કહેવાયું. હવે એ ભાવનો ઉપમર્દ કરનારી ભગવલ્લીલા પ્રકટ થઈ તેનો વિલાસ કહેવા માટે પૂર્વલીલા પૂરી કરી બીજી લીલાનો આરંભ કરે છે.

**श्रीशुक उवाच—**

**इत्युन्मत्तवचो गोप्यः कृष्णान्वेषणकातराः ।**
**लीला भगवतस्तास्ता ह्यनुचक्रुस्तदात्मिकाः ॥ १४ ॥**

શુકદેવજીએ કહ્યું ગાંડાના જેવું બોલતાં ગોપીઓ કૃષ્ણને શોધતાં દીન બની ગયાં અને તે તે ભગવાને કરેલી લીલાનું તદ્રૂપ થઇને અનુકરણ કરવા લાગ્યાં.

**सुबोधिनी**—મૂળશ્લોકમાં ઇતિશબ્દ પ્રકારનો વાચક છે. એ પ્રકારે પ્રશ્ન કરવાને અયોગ્યને પ્રશ્ન કરવાથી ગાંડાઈનાં વચન બોલનાર કહ્યાં. ગોપીઓ ગાંડું ગાંડું બોલનાર થયાં. કૃષ્ણના શોધનમાં દીન બન્યાં શરીર અને વાણી થાક્યાં મનમાં તો ત્રણે લીલાઓ છે જ્યારે ભગવાનને ગોતવાથી થાક્યાં ત્યારે ભગવાનની લીલા મનમાં હતી તે બહાર નીકળી તે કહે છે કે ભગવાનની તે તે લીલાઓ પહેલાં કહી અને કરી હતી તે લીલારૂપ પોતે બની તે લીલાનું અનુકરણ કરવા લાગ્યાં. ઉન્મત્તવચઃ એશબ્દ વૈદિકરીતે હ્રસ્વ થયો છે. વ્યાકરણમાં હ્રસ્વવિધાયક સૂત્ર નથી અથવા પહેલાં બોલાયું તે ગાંડું વચન. એટલે તે ગોપીઓનું વિશેષણ નહિં પણ એટલુંજ. પછી ગોપીઓ કૃષ્ણના શોધમાં ફર્યાં અને પૂછપરછ કરી તેથી થાક્યાં એટલે એ લીલા સમેટી બીજી લીલા કરવા તત્પર થયાં. તે લીલા છ ઐશ્વર્યવાલી છે કેમકે તે ભગવાનની લીલા છે. ભગ છ છે. તેથી સ્વભાવથી તો છ જાતની પણ અંદર ઘણા ભેદવાલી. વાત પણ કરી કેમકે અન્તઃકરણમાં ભગવાન્ પેઠા તે પણ લીલા સાથે પેઠા તે ભગવાન્ જ્યારે જ્યારે અવતાર લે ત્યારે પૂતનાના સ્તનપાન કરી તેને મારે તે બધું વર્ષલીલામાં પુરુષોત્તમક્ષેત્રમાં પ્રસિદ્ધ છે. આ ગોપીઓના મનમાં ઉતર્યા તેનું કર્તવ્ય સાક્ષાત્ ભગવાન ન કરે કેમકે ભગવાન્ મનમાં ભાવથી પ્રકટ્યા છે શ્રી અંગથી નહિં તેથી તેણે કરેલી લીલા ગોપીઓના શરીરથી થવા લાગી. એકે કર્યું તેના જેવું બીજો કરે તે અનુકરણ કહેવાય. તેણે કર્યું હતું તે ભક્તોએ કર્યું. ૧૪

'ગોપીઓ[1] ભક્તિવડે અત્યંતમત્ત એટલે પોતે ભગવાન્ હું છું એમ કહે છે. હું ભગવાનની છું એ થોડું મત્તપણું ગણાય છે તે ક્રોધથી એટલે ભગવાને ક્રોધ કરી સ્તનપાન કરેલું તેમ પોતે ભગવાનના ક્રોધનું અનુકરણ કરે છે ત્યારે થોડાં મત્ત હોય છે. પરસ્પર ભગવાન્ અને ભક્ત શત્રુ મિત્ર ભાવ દેખાડે છે. પરસ્પર એક બીજાની મોટાઈ સહન ન કરવાનું નાટ્ય કરે છે તેના નવ ભેદ છે એટલે હૃદયમાં લીલાસહિત પ્રકટ્યા તેમાં ખામી નથી. તેથી કેટલીક શકટાદિમાં આવેશવાળી બની છે. અથવા લીલા માત્રમાં હરિબુદ્ધિ હોઇને કોઈ ખાંડણીયારૂપ પણ થાય છે તેનું કારણ કે ઉખલી થતાં ભગવાનનો સંબંધ થશે તે ઈષ્ટ છે બીજો ભાવ મનમાં નથી.'

**कस्याश्चित्पूतनायन्त्या कृष्णयन्त्यपिबत्स्तनम् ।**
**तोकायित्वा रुदन्त्यन्या पदाहन् शकटायतीम् ॥ १५ ॥**

કોઈક ગોપી પૂતના જેવું અનુકરણ કરવા લાગી તો બીજી કૃષ્ણરૂપ બનીને તેનું સ્તન પીવા લાગી. બીજી બાલક બની રોવા લાગી તો અન્યા તેની સાથે શકટાસુરરૂપને પગેથી મારવા લાગી.

**सुबोधिनी**—ભગવાન્ ભૂતળ ઉપર જન્મીને પહેલું કામ પૂતનાના પ્રાણરૂપ દૂધનું પાન કરે છે. એક ગોપી પૂતના બની. બીજી બોલી હું કૃષ્ણ છું ત્યારે તે પૂતનાએ કૃષ્ણને ગોદમાં લીધા. કૃષ્ણ બની હતી તેણે પૂતનાના સ્તનનું પાન કર્યું પણ પૂતના થઈ હતી તેને એમ ન્હોતું કે આ મને મારશે તેથી તે મરી નહિં પણ મરવાનો દેખાવ કરે છે તે પણ તેણે ન કર્યો. કૃષ્ણ થઈ તેણે સ્તનમાત્ર પીધું. કેમકે તેમાં અલૌકિક સામર્થ્ય આવ્યું ન્હોતું તેથી તેના પ્રાણને તે બાધા ન કરી શકી. તેને મારે તો અમંગળ ગણાય. લીલા તો મંગળરૂપ હોવી જોઇએ તેથી અમંગળ ન થયું. શકટલીલા કહે છે. એક ગોપી નાનું બાળક બની ત્યારે ગાડારૂપ બનેલીને તેણે પોતાનો ચરણ લગાડ્યો તેથી તે ઉંધી થઈ ગઈ વગેરે અનુકરણ સમજવું. ૧૫

હવે તૃણાવર્તની લીલા અનુકરણરૂપેં કરે છે.

**दैत्यायित्वा जहारान्यामेका कृष्णार्भभावनाम् ।**
**रिङ्गयामास काप्यङ्घ्री कर्षन्ती घोषनिःस्वनैः ॥ १६ ॥**

એક બાલકૃષ્ણ બની બીજી દૈત્ય બની તે બાલકને ઉઠાવી ગઈ. કોઈ બીજી કટિમેખલાની કિંકણીના શબ્દ સાથે બે પગને ખેંચતી ઘુંટણથી ચાલવા લાગી.

**सुबोधिनी**—કૃષ્ણ બાલક છે હું તો દૈત્ય છું તે બાલકને ઉઠાવું એમ કહી એક ગોપી કૃષ્ણનું હરણ કરી ગઈ. કોઈક બે પગને ખેંચતી ઘુઘરીના શબ્દ કરતી ઘુટણીએ ચાલવ લાગી. જેમ બાલલીલામાં કાંઈ ન જાણતા ભય લાગતું હોય એવા દેખાતા કૃષ્ણ

---

**कारिकाः**

१. भक्त्यातिमत्तास्तद्भावमीषन्मत्तास्तु रोषतः । द्वेषभावं समाश्रित्य क्रीडन्त्यो जातमत्सराः ॥ १ ॥
सत्त्वादिगुणभावेन नव लीलाः प्रपेदिरे । अतो न न्यूनभावोत्र ह्याविष्टाः शकटादिभिः ॥ २ ॥
सर्वत्र हरिबुद्ध्या वा पादस्पर्शेच्छया पुनः । उलूखलादिभावोपि तत्संबन्धप्रसिद्धये ॥ ३ ॥

ચાલે છે તેમ કૃષ્ણરૂપા અહિં ચાલી. પૂર્વશ્લોકમાં ચાર ગોપીની બે લીલા કહી તે તામસતામસી સમજવી. અહિં ત્રણ કહી તે રાજસતામસી સમજવી. બાલચરિત્રમાં જે વિશેષ હોય તે પણ અહિં સમજી લેવો. અથવા બે બે ત્રણ કહી. વળી બીજા પ્રકારવડે ઘણી એક ભાવવાળી હતી તે ભગવદિચ્છાથી ભાવમાં ભેદ પડતાં નાની મોટી બનીને રજોગુણથી વિક્ષેપવાલી અનેકરૂપે થઈ ગઈ. ૧૬

વૃન્દાવનક્રીડામાં વાંછડાં અને ગોપાલરૂપે ભક્તો થયાં તે પ્રકાર કહે છે.

**कृष्णरामायिते द्वे तु गोपायन्त्यश्च काश्चन ।**
**वत्सायन्तीं हन्ति चान्या तत्रैका तु बकायतीम् ॥ १७ ॥**

બે કૃષ્ણ અને બળદેવ થઈ કેટલીક ગોપકુમારો થઈ બીજીએ વત્સાસુરરૂપ ગોપીને મારી બીજીએ બકાસુર થઈ હતી તેને મારી.

**सुबोधिनी**—બે ગોપીઓ કૃષ્ણ અને રામ બની. કેટલીક ગોપીઓ છોકરા બન્યા એટલે ગોપની જાતવાલા બાલકો થયા. કેટલીક ગોપીઓએ વાછડાનું રૂપ ધારણ કર્યું ચકારથી બધાં ભેગાં થયાં. વત્સાસુરરૂપ થઈ તેને બીજીએ મારી. એક એટલે (કૃષ્ણરૂપવાળી) એ, चकार છે તેથી તાડનાં ફલો પણ એકે પાડ્યાં બીજીએ બગલારૂપ ગોપીને મારી. વત્સનો વધ બળદેવજીએ કર્યો છે એમ લોકપ્રસિદ્ધિ છે. પ્રલંબ વત્સ ધેનુકને મારનાર તે છે. તે બેમાંથી એકે બગલારૂપને મારી બીજીએ વાછડાના રૂપવાલીને મારી એમ સમજવું. ૧૭

**आहूय दूरगा यद्वत् कृष्णस्तमनुकुर्वतीम् ।**
**वेणुं क्वणन्तीं क्रीडन्तीमन्याः शंसन्ति साध्विति ॥ १८ ॥**

એક ગોપીએ કૃષ્ણનું અનુકરણ કર્યું અને દૂર રહી ગાયોને બોલાવી. બીજી વેણુ બજાવીને રમવા લાગી તેને અન્ય સખીએ વાહવાહ કહી વખાણી.

**सुबोधिनी**—ગાયના રૂપ કેટલીકે ધર્યાં ત્યારે કેટલીક ગોપાળરૂપે બની. તેણે જેમ કૃષ્ણ દૂર ગયેલી ગાયોને બોલાવવા વેણુ વગાડે છે તેમ દૂર રહેલ ગાયરૂપ ગોપીઓને બોલાવી પોતે કૃષ્ણનું અનુકરણ કરનારી થઈ તે વેણુ બજાવવા લાગી ત્યારે નાના પ્રકારની ક્રીડામાં રહેલી ગોપાલરૂપા સારૂં સારૂં એમ બોલી તેના વખાણ કરવા લાગ્યાં. ૧૮

એક ગોપીએ રમતમાં લીલા કરી તે ભાગવતમાં કહી જણાતી નથી. તે લીલાની ભાવના કરી તેને કરવા લાગી.

**कस्यांचित्स्वभुजं न्यस्य चलन्त्याहापरा ननु ।**
**कृष्णोहं पश्यत गतिं ललितामिति तन्मनाः ॥ १९ ॥**

કોઈ ગોપરૂપની ઉપર પોતાની ભુજા રાખીને ચાલતી સખી બીજીને કહે છે હું કૃષ્ણ છું મારી લલિગતિને બધાં જુઓ. એમ તન્મયતાથી બોલી.

**सुबोधिनी**—તેમાં પણ ત્રણ યુગલ પહેલાંની જેમ કહ્યાં અને ચોથી આ છે. પહેલાંમાં કૃષ્ણરૂપ અને રામરૂપ બે યુગલ અને સાધુ-કહેનાર અને વેણુવગાડનારનું યુગલ

એમ ત્રણ થયાં. આ ગોપી નિર્ગુણા છે. તે કોઈ ગોપરૂપ થએલી ગોપીની ઉપર પોતાનો હાથ મૂકી ચાલે છે. બીજી તેનાથી જૂદી ગોપાળરૂપવાલીને કહે છે હું કૃષ્ણ છું મારી સુંદર ચાલવાની રીતિને તમે જુઓ. તે તન્મય થઇને કહે છે એટલે તેમ કહેવામાં તેને દોષ લાગતો નથી. ૧૯

પહેલાં શરીરચેષ્ટાજ કરતાં હતાં હવે સાથે બોલવાનું પણ રાખ્યું. ફરીને ચાર પ્રકારથી કહે છે.

**मा भैष्ट वातवर्षाभ्यां तत्राणं विहितं मया ।**

**इत्युक्त्वैकेन हस्तेन यतन्त्युन्निदधेऽम्बरम् ॥ २० ॥**

તમે વાયુ કે વર્ષાથી ન ડરો તેનાથી તમારૂં રક્ષણ મેં કર્યું છે. એમ બોલી પોતાના એક હાથથી વસ્ત્રને ઉંચું ઉઠાવ્યું.

**सुबोधिनी**—આ ગોપી નિર્ગુણા છે. કેટલીક ગોપરૂપ બીજી ગાયરૂપ અને ત્રીજી ગોપીરૂપ થઈ અને વૃષ્ટિથી ભયપામવાનો દેખાવ કર્યો તેને કૃષ્ણરૂપાએ કહ્યું તમે મનમાં વાયુ-વૃષ્ટિથી મરવાનો ભય ન રાખો તેથી તમારૂં રક્ષણ મેં કયારનું કર્યું છે એમ બોલી એક હાથથી વસ્ત્ર ઉંચું કરતી હાથમાં પર્વતને રાખતી હોય તેમ તેને ઉચ્ચે લીધું. ગોવર્દ્ધનની જેમ વસ્ત્રને તેના માથે રાખ્યું અથવા પ્રયત્ન કરતી તે ગોપી એમ અનુકરણ કરવા લાગી. ૨૦

સાત્ત્વિકીની ચેષ્ટા કહે છે.

**आरुह्यैकां पदाक्रम्य शिरस्याहापरां नृप ।**

**दुष्टाहे गच्छ जातोहं खलानां ननु दण्डधृक् ॥ २१ ॥**

હે રાજન્ એકની ઉપર ચડીને તેના માથા ઉપર પગ ધરી બીજીને કહે છે હે દુષ્ટ સર્પ કાલિય અહિંથી તું ચાલ્યો જા, હું દુષ્ટને દંડ દેનાર થયો છું, અહિં તારૂં કામ નથી.

**सुबोधिनी**—એકની ઉપર ચડીને માથા ઉપર પગ લગાડીને બીજી ગોપી બોલી. શુકદેવે રાજાને નૃપ એવું સંબોધન આપ્યું કે તમને મારા કહેવામાં વિશ્વાસ છે તો હું કહું છું એમ સંબોધનનો ભાવાર્થ છે. આ લીલા કઠિનાઇથી બને તેવી લાગે છે. અથવા તો ઉપર ઝાડ હોય તેની શાખાને ઝાલીને બીજીના મસ્તકને પગ લગાડી શકાય તેથી તેમ કર્યું હોય. ખરીરીતે તો જે લીલા પ્રભુએ જેવીરીતે કરી તે તે રૂપમાંજ પ્રકટે છે તેથી વૃક્ષનો આધાર ન લઇએ તો પણ ચાલે. હે દુષ્ટ સર્પ કાલિય ! તું અહિંથી ચાલ્યો જા, હું દુષ્ટ લોકોને દંડ આપનાર થયો છું. નનુ શબ્દ સંબોધનમાં છે. તેમ કરવાથી તને હું મારીશ નહિં એમ બતાવ્યું છે. ૨૧

**तत्रैकोवाच हे गोपा दावाग्निं पश्यतोल्बणम् ।**

**चक्षुंष्याश्वपिदध्वं वो विधास्ये क्षेममञ्जसा ॥ २२ ॥**

તેમાં એક બોલી હે ગોપો ! આ ભયંકર દાવાગ્નિને તમે જુઓ. તમે જલદી તમારી આંખો બંધ કરો હું તમારૂં જલદી કુશળ કરીશ.

सुबोधिनी—તેમાં એક રાજસી થઈ, કેટલીક ગાયરૂપા બની, કેટલીક ગોપાલરૂપા બની તેને કૃષ્ણરૂપાએ કહ્યું હે ગોપાલો ભયંકર વનમાં દાવાનળ લાગ્યો છે તેને તમે જુઓ તો ખરા. ભગવાનના વિરહથી તેણે વનને સળગતું જોયું અથવા તે લીલાની ભાવના કરતાં તેને વન બળતું દેખાણું. બધી ભગવાનની ક્રીડારૂપ તે ભગવદ્રૂપજ છે તે તે લીલાનો આવેશ આવે છે તેમાં દાવાગ્નિનું પણ દર્શન થયું. બીજી સાંભળનાર ગોવાળરૂપ ગોપીઓને આ કૃષ્ણબનેલીમાં કૃષ્ણનો ભાવ ન્હોતો તેથી તેણે કૃષ્ણને રક્ષાની પ્રાર્થના ન કરી તેમ ગોવર્દ્ધનોદ્ધરણ લીલામાં પણ ભક્તપ્રાર્થના નથી તેનું તેજ કારણ સમજવું. અત્યન્ત ભગવદ્ભાવથી મત્ત હતાં તેનેજ ભગવદ્ભાવના આવેશથી તેવું દર્શન થાય છે એ સાર છે. ૨૨

તામસી બોલે છે.

**बद्धान्यया स्रजा काचित् तन्वी तत्र उलूखले ।**
**भीता सुदृक् पिधायास्यं भेजे भीतिविडम्बनम् ॥ २३ ॥**

કોઇએ ફુલની માલાથી બીજી સ્ત્રીને ઉખલી સાથે બાંધી દીધી ત્યારે તે ભય પામી મોઢું ઢાંકી ભય લાગ્યાનો દેખાવ કરવા લાગી.

सुबोधिनी—ખાંડણીયા સાથે કોઇએ માલાથી એક ગોપીને બાંધી લીધી તેમાં કૃષ્ણરૂપા એક, તેમ ખાંડણીયારૂપા પણ એક, યશોદારૂપા પણ એક હતી. ત્યારે કૃષ્ણરૂપા ભય પામવા લાગી તેની દૃષ્ટિ ઉત્તમ હતી તેથી તેણે મુખ ઢાંકી દીધું અને ભયનું અનુકરણ કરી બતાવ્યું આ ક્રમમાં પ્રયોજક ગુણો છે. તે તે અધિકારને અનુસારે તે તે લીલા થાય છે લીલાનો અંત ત્યારે આવે જ્યારે ભગવાન્ ભક્તને વશ્ય થાય. જો એમ ન માનીએ તો ગોપીઓએ ભગવાનને ખાંડણીએ બાંધવાની છેલી લીલા ન કરી હોત માટે જણાય છે કે ભગવાનને વશ કરવા માટે લીલાઓ છે પછી તો ભક્તની ઇચ્છાને ભગવાન્ અનુસરે આ પછી બીજું ભક્તને કરવાનું રહેતું નથી માટે આ બીજી લીલાની પણ સમાપ્તિ થાય છે એમ લીલાનો ભાવ કહીને ભગવદ્ભાવ કહેવા માટે ભગવાને બીક લાગી હોય એવો દેખાવ કર્યો તેમાં બધી લીલા ખલાસ થઈ ગઈ ત્યારે એ લીલાનો આવેશજ ઉડી ગયો. ત્યારે પાછાં પૂછવા લાગ્યાં કેમકે તે પૂછતાં હતાં તેમાં લીલા પ્રકટ થઈ તે બંધ પડી તે જ્યાં હતાં ત્યાં પાછા ઉભા થઈ ગયાં આ લીલા તો ભગવાનના આવેશથી કરી તેથી શોધન લીલાનો તિરોભાવ ન થયો. ૨૩

એમ ગાંડા વચન બોલતાં હતાં તે બંધ થયાં પણ પ્રશ્ન તો ચાલુ રહ્યો એની મધ્યમાં ભગવદાવેશની લીલા કહી તે બંધ થઈ ત્યારે ફરી વૃંદાવનની વેલો અને વૃક્ષોને કૃષ્ણના ખબર પૂછતાં બોલ્યાં.

**एवं कृष्णं पृच्छमाना वृन्दावनलतास्तरून् ।**
**व्यचक्षत वनोद्देशे पदानि परमात्मनः ॥ २४ ॥**

એમ વૃંદાવનની વેલીઓ અને વૃક્ષોને કૃષ્ણ પધાર્યાનું પૂછતાં પૂછતાં આગળ ચાલ્યાં ત્યાં વનમાં પરમાત્માનાં ચરણ કમળ નજરે પડ્યાં.

सुबोधिनी—જ્યારે કોઈ વૃક્ષોએ ભગવાનના ખબર ન આપ્યા ત્યારે ભગવાન્ ગોપીઓના હૃદયમાં રહ્યા છે તેણે તેમનો મોહ દૂર કર્યો અને બધું બતાવ્યું તે કહે

છે. અન્વેષણ, લીલાવેશ અને ભગવદ્દાવેશ એ ત્રણ તેમનો તાપ મટાડવામાટે છે. તેમાં પ્રશ્ન અન્તરઙ્ગ છે તે સર્વત્ર કહેવાય છે વૃંદાવનની લતાઓ અને વૃક્ષોને પૂછતાં ચાલ્યાં તેટલામાં વનના ચોગાનમાં પરમાત્માનાં પગલાં જોવામાં આવ્યાં. પરમાત્માનાં કહ્યાં એટલે પગલાની પરમ પુરુષાર્થરૂપતા સૂચન કરી છે. ભગવાનનો આવેશ થાય ત્યારે તે સર્વજ્ઞ બને છે. ગોપીઓને ભગવાનનો હૃદયમાં આવેશ થતાં સર્વજ્ઞતા આવી તેનું કામ એ થયું કે વનમાં ભગવાનનાં ચરણકમળ દેખાયાં. શ્રુતિ કહે છે કે તે વિષ્ણુનું પરમ પદ છે તેને વિદ્વાનો સદા જોયા કરે છે. ૨૪

આ ગોપીઓ પણ પ્રથમની પેઠે સગુણનિર્ગુણભેદથી દસ પ્રકારની છે. તેના વચનના પણ તેટલાજ પ્રકાર છે. પગલાં ભગવાનનાં બધાં જોઈ શકે છે. તેનું યથાર્થ જ્ઞાન સાધવાનું છે માટે તે પ્રથમ કહે છે.

**पदानि व्यक्तमेतानि नन्दसूनोर्महात्मनः ।**
**लक्ष्यन्ते हि ध्वजाम्भोजवज्राङ्कुशयवादिभिः ॥ २५ ॥**

આ ચરણમાં ધ્વજ, વજ્ર, કમળ, અંકુશ અને યવના ચિહ્ન દેખાય છે તે નંદપુત્રનાંજ પગલાં છે એવાં મહાત્માના પગમાંજ ચિહ્ન હોય, સાધારણના પગલામાં એવાં ચિહ્ન ન હોય, તેથી તે કૃષ્ણચરણ છે.

**सुबोधिनी**—આ પગલાં નંદના કુંવરનાં જ છે. એ બાતે સંદેહ નથી પણ તે ખરીવાત છે. ચિહ્ન તેમાં છે તેથી સામાન્ય પગલાં કરતાં વિષ્ટિતાનું તેમાં જ્ઞાન થાય છે. ચિહ્ન કેમ પગમાં સંભવે ત્યાં કહે છે કે મોટા મહાત્માઓના પગનાં ચિહ્નો જૂદાં જ હોય છે. મોટાઓનો આત્મા બ્રહ્મરૂપ હોય. તેને તે તે કામ જગતમાં કરવાનાં હોય છે તેના ચિહ્ન ચરણમાં આવે છે. આ લીલામાં પણ તે ચિહ્નનો ઉપયોગ છે. તેથી તેને પ્રકટ કરે છે. અસાધારણ ધર્મથી ભગવાનના પગલાં છે એમ અનુમાન થાય છે. લોકમાં પણ એ ધર્મો પ્રસિદ્ધ છે તેથી લોકસંમતિ અમારા અનુમાનને મળે છે. ભક્તોને નિર્ભયતા આપવા માટે ચરણમાં ધ્વજનું ચિહ્ન છે. ભગવાન્‌ની સેવા કરવામાં જીવને કષ્ટ નથી પણ સુખ છે એ બતાવવા કમલનું ચિહ્ન છે. ભગવાનના ચરણમાં રહેનારનું ચક્રથી ભગવાન્ રક્ષણ કરે છે તેનું સૂચક ચક્રનું ચિહ્ન છે. મનરૂપ હાથીને નિયમમાં રાખવામાટે અંકુશનું ચિહ્ન ધર્યું છે. કીર્તિ ચરણમાં રહેનારને સિદ્ધ છે એમ બતાવવા યવનું ચિહ્ન છે. વજ્ર વગેરે આદિશબ્દથી લેવાનાં છે. ભક્તોના પાપરૂપી પર્વતોને તોડવા માટે વજ્રનું ચિહ્ન છે. ૨૫

એમ અસાધારણ ધર્મથી ભગવાનના ચરણ છે એવો નિશ્ચય કરીને આ માર્ગે ભગવાન્ પધાર્યા છે એ વાત કહે છે.

**तैस्तैः पदैस्तत्पदवीमन्विच्छन्त्योग्रतोबलाः ।**
**वध्वाः पदैः सुपृक्तानि विलोक्यार्ताः समब्रुवन् ॥ २६ ॥**

તે તે પદના ચિહ્નથી રસ્તાની તપાસ કરતાં અબળાઓ આગળ વધ્યાં. વધૂના પગલાંથી મળેલાં ભગવાનના પગલાં જોઈ તે દુઃખી થઇને બોલ્યાં.

**सुबोधिनी**—જ્ઞાનનું છેવટ કૃતિમાં આવે તે ભગવાનના માર્ગને જોતાં ભક્તો

બળ રહિત થયાં પગલે પગલે આગળ ચાલ્યાં મધ્યમાં તે અટકી પડ્યાં. જો બીજાં પગલાં જોઈ તેને તે સખી ઉપર મત્સર ન થયો હોત તો તે ભગવાનની પાસે આ વખતે જ પહોચ્યાં હોત પરંતુ ભક્તના ઉત્કર્ષને સહન ન કરી શક્યાં તેથી આગળ જતાં તેને પ્રતિબંધ થયો શું થયો કે વધૂ એટલે તેમના યૂથનીજ કોઈ ગોપીના પગલાં ભગવાનના પગલાં સાથે દેખાયાં. તે પંક્તિના આકારે દેખાયાં. ભગવાનના અને તેનાં પગલાં સાથે જોઇને જોનારને દુઃખ થયું ત્યારે પરસ્પર બોલ્યાં. એટલે જ્ઞાન અને ક્રિયાને ગૌણ કરી વાણીમાં નિષ્ઠાવાળાં થયાં. જો વાતો કરતાં ન બેઠા હોત તો ભગવાન્ જલદી મલી ગયા હોત. ૨૬

સાથે ગયેલી ગોપીનું ભાગ્ય પોતાનાથી વધી ગયું જાણી તેની ઈર્ષ્યા કરતાં બોલવા લાગ્યાં.

**कस्याः पदानि चैतानि याताया नन्दसूनुना ।**
**अंसन्यस्तप्रकोष्ठायाः करेणोः करिणा यथा ॥ २७ ॥**

નંદના પુત્રની સાથે ગએલી કઈ સખીનાં આ પગલાં છે? જેમ હાથી હાથણી ઉપર સૂંઢ નાખે તેમ ભગવાને તેના ખભા ઉપર પોતાનો શ્રીહસ્ત ધર્યો છે.

**सुबोधिनी**—આ વૃંદાવનમાં ભગવાન શિવાય બીજા કોઈ પુરુષ હોય એમ સંભવતું નથી. તેમ અહિં બીજા ગામડાની સ્ત્રી પણ ન આવે તેથી તે અમારા માહેની કોઈ સ્ત્રીના ચરણનું ચિહ્ન એ જણાય છે. આ પ્રશ્ન ભગવાન્ સાથે બીજી કોણ છે એનું વિશેષ જ્ઞાન થવા માટે છે. આ ચરણમાં તો લક્ષણો છે. (ચિહ્નો છે.) चकार છે તેથી ભગવાન્ અને એની પ્યારીએ લીલા કરી છે તે પણ આ ચરણચિહ્ન ઉપરથી જાણી શકાય છે જેનાથી જણાય તે ચિહ્ન અથવા લક્ષણશબ્દથી બોલાય છે. તે સ્ત્રી નંદકુમારની સાથેજ ચાલી છે. ભગવાન્ એકલા તો આપણાથી જૂદા ન પડે તેણે કાંઈ સમજાવી પોતાની સાથે લીધા જણાય છે. આપણા કરતાં તેનાં ભાગ્ય મોટાં કેમકે ભગવાન્ તેની સાથે ચાલે છે. તેમાં પોતાની ભુજા તેના ખભા ઉપર રાખીને ચાલે છે. એ ભગવાનનો પ્રકોષ્ઠ છે ખંભાથી હાથને બાદ કરતાં બધો પ્રકોષ્ઠ કહેવાય હથેલી અને પાંચ આંગળાં હાથ-કર-એવા નામથી બોલાય છે. તેટલા હાથનો પણ કયાંક તેને સંબંધ છે તેના પગ પણ ભગવાનના પગની નજીક છે એટલે એક બીજાના અંગનો સંબંધ કરીને ચાલ્યાં છે તેમાં કોઈ જગ્યાએ તેમને રસ પણ પ્રકટ થઈ ગયો છે તે દૃષ્ટાન્તપૂર્વક કહે છે. જેમ હાથણીને હાથી સૂંઢથી પકડે તેમ શ્રીહસ્તથી તેનો કોઈ અંગનો સંબન્ધ જણાય છે હાથણીના ખંભા ઉપર હાથી પોતાની સૂંઢ ફેરવે ત્યારે તે બન્નેનાં પગલાં મલી જાય સામસામા આવી જાય છે. અહિં ભગવાને સ્પર્શ સુખ લીધું. સ્પર્શસુખ હાથીજ લઈ જાણે છે એમ પ્રથમ કહ્યું છે તેથી અહિં હાથીનું દૃષ્ટાન્ત છે. ૨૭

એ ત્રિવિધ ગોપીઓ કહી ગુણાતીત ગોપીના બે વાક્યો કહે છે. એકમાં દોષના અભાવનું પ્રતિપાદન છે બીજામાં ગુણનું પ્રતિપાદન છે. તામસતામસી ભગવાનના આવેશવાળી નથી થતી તે કહે છે.

**अनयाराधितो नूनं भगवान् हरिरीश्वरः ।**
**यन्नो विहाय गोविन्दः प्रीतो यामनयद्रहः ॥ २८ ॥**

આ ગોપીએ ભગવાનની સેવા સાચી કરી દેખાય છે કેમકે કર્તુમકર્તુમન્યથા-કર્તું સમર્થ અને બીજાના દુઃખને હરનાર છતાં એવા ઐશ્વર્ય અને હર્તૃત્વ ધર્મોને ભરોસે ન રહેતાં તેનામાં બંધાયા એટલુંજ નહિં પણ ગોવિંદ છતાં અમો બધાને છોડી તેને એકલીને એકાન્તમાં લઈ જઇને સુખ આપ્યું.

**સુબોધિની**—તે સખીની સાથે ભગવાને વિશેષ રમણ કર્યું તેથી તેના ભાગ્યને વખાણે છે કે આ ગોપીએ ચોકસ ભગવાનની સેવા કરેલી. અમોએ સેવા તો કરેલી પણ એના જેટલી ચોકસ ન કહેવાય. કેમકે ભગવાનની સેવા ન કરનારને પણ તે ફલ-રૂપ હોવાથી ભગવાનનો સંબંધ તો થાય છે. પણ જ્યારે પૂર્ણ આરાધન થાય ત્યારે તો ફલરૂપ ભગવાન્ પોતેજ વશ થઈ જાય. તે વશ થવામાં પણ ઘણા ભેદો છે. તમે બધાં આરાધન તો મળીને કરો છો તેમાં એકને વિશેષ સુખ મળે બીજાં બેઠાં જોયા જ કરે એ કેમ બને? તેના ઉત્તરમાં કહે છે કે તે ભગવાન્ છે. સામગ્રીના ભેદથી કર્મોમાં ભેદ પડે છે તેના ફલ જૂદા થાય છે. તેના બારિક ભેદ ભગવાનજ જાણે છે. માટે તે ગોપીને તેવું ફલ આપ્યું. ત્યાં કહે છે કે તમને ખબર ન પડે તેમ કર્યું હોત તો ઠીક થાત કારણ કે જેની ખબર ન પડે તેનું દુઃખ પણ તમને ન થાય. ત્યાં કહે છે કે તે ભગવાન્ દુઃખને હરનાર છે. છતાં ભક્તિનું વૈલક્ષણ્ય દેખાડવા આપણા જાણવામાં આવે એમ તેણે તેને સુખ આપ્યું. તમારો સ્નેહ તો બધાનો સરખો છે તો તમને બધાને એકાન્તમાં ભગવાને સુખ કેમ ન આપ્યું અને તુલ્ય ફલવાળું કર્મ તો સ્વીકાર્યું એટલે તમારા અને તેમના સ્નેહરૂપ કર્મ તેમણે સ્વીકારી ફલ તેને આપ્યું તમને કેમ ન આપ્યું? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ ઈશ્વર છે ક્યારેક ભક્તિનો અંગીકાર કરે છે ક્યારેક કર્મને સ્વીકારે છે ક્યારેક તો ઇચ્છા મુજબ કરે છે. કેમકે તે ઈશ્વર છે તેને કોઈ કાબુમાં લઈ ન શકે અમને ભક્તિમાર્ગમાં જોડે છે અમારૂં કર્મ તેમને જોઇતું નથી માટેજ અમને બધાને છોડી ગોવિન્દ એટલે ગાય ગોપ અને ગોપીના સરખે ભાગે ઈન્દ્ર હોવા છતાં તેને એકાન્તમાં લઈ ગયા અને કૃપાનો વર્ષાદ એની ઉપર વર્ષાવ્યો. એનું કારણ એટલુંજ કે સ્ત્રીના સમૂહમાં રમણ કરવા કરતાં એકાન્તમાં રમણ કરવું એ શ્રેષ્ઠ છે. મુખ્ય કામનો રસ એકાન્તમાં એકની સાથે પ્રકટ થાય છે. તેમ ભગવાન કરે ક્યારે કે એને પ્રીતિ થાય. પ્રીતિ તો કાર્ય કરે તો થાય કાં સ્નેહ કરે તો થાય; વાતો કર્યે ન થાય. ૨૮

એમ તેના ભાગ્યનાં વખાણ કરી મનમાં માત્સર્ય દોષ ગુપ્ત રાખીને પણ એવાં વચન બોલાય છે તેથી પોતાના ભાગ્યને વખાણે છે.

**धन्या अहो अमी आल्यो गोविन्दाङ्घ्र्यब्जरेणवः ।**
**यान् ब्रह्मेशो रमा देवी दधुर्मूर्ध्न्यघनुत्तये ॥ २९ ॥**

આ ગોવિંદના ચરણની રજ પણ ધન્ય છે હે સખિઓ જે ભગવાનના ચરણની રજને બ્રહ્મા શિવ અને લક્ષ્મી પોતાનાં પાપ મટાડવા માટે મસ્તક ઉપર ધારણ કરે છે.

**સુબોધિની**—અહો-આશ્ચર્ય સૂચક સંબોધન છે. હે સખીઓ આ ભગવાનના પગલાંના રેણુઓને ધન્ય છે. પોતાને પેલી સખીની મોટાઈ ખૂચતી નથી એમ બતા-વવા આ બોલે છે. જેવા રેણુ પવિત્ર છે તેવી તે સાથે ગયેલી ગોપી પણ પવિત્ર છે. એમ વિશ્વાસમાં લેવા, નહિં કે છેતરવા માટે સંબોધે છે. એથી એમ બતાવ્યું કે રેણુ

શ્રેષ્ઠ હોવાથી આપણા દોષ દૂર થવા માટે તેનેજ આપણે મસ્તક ઉપર ધારણ કરીએ એમ કહ્યું. પહેલાં તે રેણુઓ અહિંજ હતા ત્યારે તે રેણુનો ઉત્કર્ષ ન હતો પણ જ્યારે ભગવાન્ પધાર્યા તેના ચરણનો સંબંધ થયો ત્યારે તે ધનને લાયક એટલે ધન્ય થયા. ધન એટલે કૃષ્ણ જેમ દેવને ઈન્દ્ર. જેમ ધન હોય તો પાંચ વિષયો મળે, તેમ ભક્તને કૃષ્ણથી બધા વિષયો પૂર્ણ થાય. તે કહે છે કે જે ચરણને બ્રહ્મા શિવ અને રમાદેવી દેવતારૂપ પાલન કરનારી શક્તિ છે. તે જગતમાં અધિકાર કરે છે પોતપોતાનો અધિકાર બજાવતાં દોષ થવો સંભવિત છે તે દોષ દૂર કરવા માટે તે પોતાના મસ્તક ઉપર ભગવચ્ચરણરજને ધારણ કરે છે. લક્ષ્મી બ્રહ્માનંદરૂપા તો જૂદી છે. એમ બતાવવા માટે રમાને દેવી કહી છે. માટે અમે પણ ભગવચ્ચરણરજને મસ્તક ઉપર ધારણ કરીએ તો સાથે ચાલતી ગોપીની જેવાં થઈશું. ૨૯

બીજી રજોગુણી ગોપીઓ બોલી.

**तस्या अमूनि नः क्षोभं कुर्वन्त्युच्चैः पदानि यत् ।**
**यैकापहृत्य गोपीनां रहो भुङ्क्तेऽच्युताधरम् ॥ ३० ॥**

શ્રીકૃષ્ણ સાથે ચાલેલી તે ગોપીનાં પગલા અમારા મનમાં મોટો ક્ષોભ પેદા કરે છે કારણ કે તે એકલી ભગવાનને ઉઠાવી ગઈ અને એકાન્તમાં તેની સાથે જઇને અચ્યુતના અધરનું તે એકલી પાન કરે છે.

**सुबोधिनी—**ભગવાનના ચરણરજનું માહાત્મ્ય તો એવુંજ છે પણ આ ગોપીનાં પગલાં ભગવાનની સાથે ચાલતાં પડ્યાં છે તે અમારા મનને ક્ષોભ કરે છે. તે પણ અત્યંત ક્ષોભ કરે છે. ગોપી ભગવાન સાથે ગઈ તેમાં તમને ક્ષોભ ન થવો જોઇએ કેમકે ભગવાન્ એકલા જાય તેના કરતાં સેવકને સહાયતા માટે લઈ જાય તો સારૂં ગણાય. ભક્તિમાર્ગમાં સહાયતાનો વિચાર રહે છે. તે સાથે ગઈ તેથી તમારે રાજી થવું જોઇએ તેને ઠેકાણે તમે કહો છો અમારા મનને ક્ષોભ થાય છે એ કેમ વારુ ? ત્યાં કહે છે કે ભગવાનનો અધરરસ એ બધી ગોપીઓનું ધન છે તેમાં બધી ગોપીઓનો સરખો ભાગ છે તે બધીઓને છોડી ભગવાનને એકલી લઈ ગઈ અને તે અધરરસને એકલી ભોગવે છે તેમાં પણ એકાન્તમાં લઇને ભોગવે છે. તે પણ અમારી સંમતિ વગર ભોગવે છે. અરે ભગવાનને હજારો સ્ત્રીઓ છે તેને તો તે વાતનો વૈરાગ્ય હશે તે એકલી ક્યાંથી તેને ભોગવશે માટે તે ચિંતા શા માટે કરો છો? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ अच्युत છે એટલે ભગવાન્ સ્વરૂપથી પ્રચ્યુત ન થતાં ભોગવી શકે છે તેથી તેને કોઈ કાળે વિરતિ થતી નથી. તે પૂર્ણકામ છે, તેની ચ્યૂતિ ક્યારે પણ થતી નથી. ક્ષરણ અપૂર્ણ કામવાળાને થાય. આ ભગવાનની વાત જૂદી છે. ૩૦

બીજીઓ વળી એના કરતાં પણ વધારે દુ:ખ કહેવા લાગી.

**न लक्ष्यन्ते पदान्यत्र तस्याः नूनं तृणाङ्कुरैः ।**
**खिद्यत्सुजाताङ्घ्रितलामुन्निन्ये प्रेयसीं प्रियः ॥ ३१ ॥**

અહિં તે સખીનાં પગલાં દેખાતાં નથી. કેમકે દર્ભના કાંટામાં તેના પગને દુઃખ થયું તેથી ભગવાને તેને ઉઠાવી લીધી લાગે છે કારણકે તે ભગવાનને બહુ વ્હાલી છે. તેને ભગવાન્ પરિશ્રમ ન પડવા દે. તે સખીના પણ ભગવાન્ પ્રિય છે.

सुबोधिनी—અહો એ વિચાર શા માટે કરો છો? અધરામૃત તો તે પીએ એમાં તમે દુ:ખી શા માટે થાઓ છો? જુઓની આગળ ચાલતાં તેનાં પગલાં દેખાતાં નથી. તમે એમ ન કહેશો કે ઠીક થયું કેમકે પગના તળીઆમાં ઘાસના કાંટા તેને વાગ્યા ત્યારે તેને ભગવાને તેડી લીધી કેડથી ઉઠાવી અથવા ખભા ઉપર બેસાડી ખરીરીતે તો ભગવાન્ બે હાથવડે તેને અધર લઇને ચાલ્યા એનો મોટામાં મોટો ખેદ થાય છે. ભગવાન્ એવીને ઉપાડીને કેમ ચાલે? તેના ઉત્તરમાં કહે છે કે તે ભગવાનને વ્હાલામાં વ્હાલી છે. તેને પણ ભગવાન્ એવાજ વ્હાલા છે તે ઉપરથી જણાય છે કે તેને ખભા ઉપર ચડાવી નથી પણ અધર લઈ લીધી છે. ૩૧

તેવીરીતે ભગવાન્ અધર રાખે તો બહુ લાંબે સુધી ન જવાય તેથી ક્યાંક વિશ્રામ કરીને તે સખીના માથામાં ગુંથવાસારૂ ભગવાને પુષ્પ વીણ્યાં જણાય છે.

**अत्र प्रसूनावचयः प्रियार्थे प्रेयसा कृतः ।**
**प्रपदाक्रमणे एते पश्यतासकले पदे ॥ ३२ ॥**

પ્રિયાને માટે પ્રિયતમે અહિં ફુલ વીણ્યાં છે. શાથી તમે કહી શકો છો એમ કહે તો કહે છે કે ફણાભર ભગવાન્ ઉભા રહેવાથી આખાં પગલાં તેમના પડ્યાં નથી તે ઉપરથી અનુમાન કરી શકાય છે.

सुबोधिनी—ફુલને એકઠાં કરવાં એટલે વૃક્ષમાં લાગ્યાં હોય તેને ચૂંટીને ભેગાં કરવાં. તે પોતાને માટે તો ન હોય. કારણ કે સખી સાથે છે તે થાકી છે. તેને માટે ભગવાને ફુલ એકઠાં કર્યાં તે તો કાંઈ કરી શકેજ નહિં ત્યારે તેને વધારે ચાહતા હોય તે કરે. તે ફણાભર ઉભી પણ રહી શકે તેવી નથી. તેથી સિદ્ધ થાય છે કે પ્રિયતમનું તે કામ છે. કેમકે પગના આગલા ભાગ ઉપર શ્રીઅંગનો બધો ભાર ઉઠાવ્યો છે. તેથી તેમના ચરણની પેનીનો ભાગ પગલામાં દેખાતો નથી. તેથી અધુરાં પગલાં પડ્યાં છે તે તમે જોઇને ખાત્રી કરો સંદેહમાં ન પડવા માટે બતાવે છે. ૩૨

બીજી સખી તેના કરતાં વધારે બતાવતી કહેવા લાગી.

**केशप्रसाधनं त्वत्र कामिन्याः कामिना कृतम् ।**
**तानि चूडयता कान्तामुपविष्टमिह ध्रुवम् ॥ ३३ ॥**

કામી ભગવાને કામિની (સાથે ગયેલી સખી) નું અહિં માથું ગુંથ્યું લાગે છે. તેના કેશમાં ફુલ ગુંથવામાટે અહિં ભગવાન્ ચોકસ નીચે વિરાજ્યા લાગે છે.

सुबोधिनी—નખથી કેશને છુટા પડાય પછી તેની વેણી ગુંથે અથવા તો મુકટની પેઠે વાળને રખાય. એમ બતાવવા તુશબ્દ કહ્યો છે. તે ભગવાન્ અહિં બેઠા તે તેને જ્ઞાન આપવા નથી બેઠા લાગતા કેમકે તે કામી છે અને સખી કામિની છે. કામ તો જ્ઞાનને ઉડાવી દેનાર છે. ત્યાં કહે છે કે આંગળાંથી કેશ છુટા કરી બાંધી લેવા એટલું કાર્ય તો ઉભાં ઉભાં પણ બની શકે પરંતુ મસ્તકમાં વાળમાં પુષ્પો રાખવાં તે કામ ઉભાં રહીને ન થાય. ખોળામાં ફુલને રાખીને વાળ સાથે ગોઠવવાં, તે કામકરવા માટે આ ઠેકાણે ભગવાન્ વિરાજ્યા છે. એકવાત ચોકસ છે કાન્તાના વાળમાં અથવા ઉપ કાન્તાસમીપે એવો અર્થ કરવો. અહિં બિરાજ્યાં હોય એવાં ચિહ્ન દેખાય છે. ૩૩

ભગવાન્ રસ માટે તેને સાથે લાવેલા તેને માટે સામગ્રી સંપાદન કરી તેનું માથું ગુંથી તેમાં ફુલ ગોઠવ્યાં તેને શોભાવી એ વાત કરીને જેને માટે તેને સાથે લીધેલી તે વાત હવે કહે છે.

**रेमे तया चात्मरत आत्मारामोप्यखण्डितः ।**
**कामिनां दर्शयन् दैन्यं स्त्रीणां चैव दुरात्मताम् ॥ ३४ ॥**

ભગવાન્ આત્મારામ છે છતાં પોતે અખંડ રહીને તેની સાથે રમણ કર્યું તેથી એ પણ બતાવ્યું કે કામી સ્ત્રીને માટે કેટલો દીન બને છે અને સ્ત્રી કેટલી દુષ્ટ હોય છે એ બે વાત ભગવાને કામલીલાથી લોકને બતાવી.

**સુબોધિની**—પુષ્ટ કામ થયો ત્યારે આત્મારામ હતા છતાં તેની સાથે રમ્યા. ચકાર છે તેથી લક્ષ્મી સાથે પણ રમ્યા. અથવા હૃદયમાં ઘણી સ્ત્રીઓ છે તેનાથી રમ્યા તે આત્મરત છે. પોતે નિષ્કામ રહ્યા છતાં તેની રતિ પૂરણ કરી. પોતે તો આત્મરતજ રહ્યા તે રસનો આધાર થાય એવા હેતુથી આત્મા તેમાં સ્થાપિત કર્યો. આત્મામાં મુખ્ય રમણવાળા અને ક્રીડાવાળા ભગવાન્ છે. કેમકે તે ખંડિત થયા નથી પણ અખંડ રહી રમ્યા છે. ઇન્દ્રિયો અન્તઃકરણ અને વિષય ત્રણે અખંડિત રહ્યા છે. સ્વાનંદ જો અન્યત્ર જાય તો રતિ અન્યત્ર જાય. રમણ તો તેના સ્થાનમાં થાય. જંગલમાં ખરાબ જગ્યામાં આટલી મહેનત કરીને ભગવાનને રમણ કરવાનું શું કારણ? એ શંકામાં રમણનું તાત્પર્ય કહે છે કે કામીઓ કેટલા રાંક બને છે તે ભગવાને કરી બતાવ્યું. કામાર્તો કૃપણ થાય છે તેનું અનુકરણ ભગવાને કરી બતાવ્યું. જો ભગવાન્ કામની ચેષ્ટા ન કરે તો કામીઓને તેમાં મન ન લાગે તે કામીઓના નિરોધ માટે ભગવાને તેમ કર્યું. બીજું પણ તેમાં કારણ છે તે કહે છે કે સ્ત્રીઓ કેટલી દુષ્ટ હોય છે તે પણ બતાવ્યું. સ્ત્રીઓમાં કાંઈ અશક્તિ નથી. તેમાં એવી સુકુમારતા પણ નથી. છતાં વશ થયેલા પુરુષ ઉપર તે પોતાનો દુષ્ટ ભાવ બતાવે છે. ફાડી ખાનાર જંગલી પ્રાણિના હૃદય જેવું સ્ત્રીઓનું હૃદય હોય છે. તેથી કામીની દીનતા અને કામિનીની દુષ્ટતા બતાવવા માટે આ લીલા ભગવાને કરી બતાવી છે. ૩૪

એમ ભગવાન્ હૃદયમાં પધારે ત્યારે ભક્તને ખરી વસ્તુ સ્ફુરે એ કહ્યું હવે આ લીલાને સમેટે છે.

**इत्येवं दर्शयन्त्यस्ताश्चेरुर्गोप्यो विचेतसः ।**
**यां गोपीमनयत्कृष्णो विहायान्याः स्त्रियो वने ॥ ३५ ॥**
**सा च मेने तदात्मानं वरिष्ठं सर्वयोषिताम् ।**
**हित्वा गोपीः कामयाना मामसौ भजते प्रियः ॥ ३६ ॥**

એમ ભગવાનની લીલા બતાવતી ગોપીઓ વનમાં ફરી તેટલામાં ભગવાન્ બધી ગોપીઓને છોડી એકને સાથે લઈ ગયા હતા તે ગોપી સર્વ સ્ત્રીઓમાં પોતાના આત્માને શ્રેષ્ઠ માનવા લાગી તેણે વિચાર કર્યો કે હું તો ઇચ્છતી ન્હોતી પણ ભગવાનને ઇચ્છનારી

ઘણી ગોપીઓને છોડી પ્રિય મને ભજે છે માટે હું પણ કાંઈક વસ્તુ છું, સાધારણ સ્ત્રી જેવી નથી.

**सुबोधिनी—**એ પ્રકારે ભગવાનની લીલા બતાવતી ગોપીઓ ફરવા લાગી. તે અનેક ભેદવાળી કેમ થઈ કે તે ગોપીઓ છે. તે શાસ્ત્રથી ભક્ત નથી પણ સ્વભાવથી છે. કૃષ્ણમાં ભક્તિવાળાં છે. સ્વભાવ તો જૂદા પ્રકારના અનેક હોય છે તેથી તેમાં અનેક ભેદ સંભવે છે. તે કાંઈ સમજીને બોલતાં નથી પણ ચિત્ત વગરજ બોલે છે. અથવા એમ લીલા બતાવતાં બેભાન થઈ ગયાં. અહિં લીલાના ત્રણ પ્રકાર સમાપ્ત થયા છે. તેથી તે આગળ એક ડગલું ભરવાનાં નથી તેમ એક વાકય બોલશે નહિં એમ શોધન કરનારી ગોપીઓનું સ્વરૂપ બતાવ્યું. હવે સાથે જનાર ગોપીનું સ્વરૂપ સાડાત્રણ શ્લોકથી બતાવે છે.

'પ્રથમ[1] દોષ બતાવે છે પછી તે અભિમાનનું વચન બોલે છે. તે વચનનું ભગવાન્ ઉત્તર આપે છે. અને પહેલાંની પેઠે ભગવાન્ દેખાતા બંધ થાય છે.' પહેલાં જે ગોપીમાં માન રૂપ દોષ ન્હોતો તેને ભગવાને સાથે લીધી હતી કેમકે કૃષ્ણ સદાનંદ છે તે ગોપીમાં આનંદ સ્થાપન કરવાનો છે. બીજી સ્ત્રીઓ હતી આ ગોપી તો મુગ્ધા હતી એટલે તેને સાથે લીધી બીજીઓને ત્યાંજ છોડી દીધી. વનમાં રહે તો વિવેક આવે એ કારણથી મુગ્ધાને સાથે લીધી. ૩૫

'[2]જ્યારે ભગવાનની સાથે અશિષ્ટ વ્યવહાર કર્યો ત્યારે પ્રકૃતિ વગેરેના અધિકારીઓએ તેની બુદ્ધિનો નાશ કર્યો ત્યારે તે બીજીના જેવી થઈ ગઈ—' ત્યારે તે ગોપી તો સર્વ જગતની સ્ત્રીઓમાં પોતાને શ્રેષ્ઠ માનવા લાગી. चकार પૂર્વે કહ્યા અર્થને ભેગા કરનાર અથવા अपिના અર્થમાં છે. પહેલાં તે ગોપીને પોતાનામાં શ્રેષ્ઠતા ન હતી તેથી એમ બતાવ્યું કે સમુદાયના દોષથી ભગવાન્ છોડતા નથી. દરેકના દોષ જુએ ત્યારે દોષવાલાને છોડે છે. તેવો દોષ થવામાં આને કારણ શું બન્યું તે કહે છે કે ગોપીએ વિચાર્યું કે ઇચ્છા કરતી સર્વને છોડી મને ભગવાન્ ભજે છે. તેમાં પણ મારી પ્રીતિ વધે તેવીરીતે મને ભજે છે. મને ન ગમે તેવું કાંઈ કરતા નથી તેથી હું સર્વમાં શ્રેષ્ઠ છું. જો એવું ન હોય તો આ ભગવાન્ મારૂં આટલું રાખે ખરા? તેથી નકી થાય છે કે સ્ત્રીજગતમાં પહેલો નંબર મારો આવે છે. તેથી વરિષ્ઠશબ્દ અતિશય વાચક વાપર્યો છે. ૩૬

દોષ ન હોય તોજ ઉત્તમતા ગણાય, બીજા ધર્મોથી ઉત્તમતા ગણાતી નથી. તેથી તે તો ભ્રમમાં ભમેલી ગર્વનું વાકય બોલી તે કહે છે.

**ततो गत्वा वनोद्देशं दृप्ता केशवमब्रवीत् ।**
**न पारयेहं चलितुं नय मां यत्र ते मनः ॥ ३७ ॥**

પછી વનના વિશાળ પ્રદેશમાં પહોચ્યાં ત્યાં ગર્વ કરીને કેશવને ઉદ્દેશીને તે બોલી કે હું ચાલી શકીશ નહિં. તમારૂં જ્યાં મન હોય ત્યાં તમે મને પહોંચાડો.

**सुबोधिनी—**ભોગ જે જગ્યાએ કર્યો હતો ત્યાંથી થોડું આગળ ગયાં ત્યાં અતિ રમણીય વનનો પ્રદેશ આવ્યો. તેણે મનમાં વિચાર કર્યો મારૂં તો કામ થઈ ગયું હવે ભગવાન્ પોતાના સ્વાર્થમાટે ચાલ્યા છે ત્યારે બીજીને માટે મારે શ્રમ શા માટે ઉઠા-

---

१ दोषोऽभिमानवचनं वचनोत्तरमेव च । पूर्ववच्च तिरोभावो विज्ञेयं दोषदर्शने ॥ १ ॥

२ स्वयं त्वयुक्तकरणात् प्रकृत्याद्यधिकारिणः । बुद्धिं स्म नाशयामासुः साप्यन्यैवाभवत्ततः ॥ १ ॥

વવો જોઇએ એવો ગર્વ તેને મનમાં થયો. તેવી ભગવત્કૃપાની તે અધિકારિણી ન્હોતી. ભગવાને તેની ઉપર એટલો પ્રસાદ કર્યો કે તેને તે પાચન ન થતાં તેનું અજીર્ણ થયું. બ્રહ્માદિને મોક્ષ આપનાર, દેહાદિ સર્વ રહિત, પરમાનંદરૂપ-કેશવને ઉદ્દેશીને બોલી કે હું ચાલી શકું એમ નથી છતાં ઇચ્છિત જગ્યોએ જવું જ હોય તો તમે જ મને પહોંચાડો. ૩૭

ભગવાન તો અતિ ચતુર હોવાથી તેના વાક્યનો ઉત્તર આપે છે.

**एवमुक्तः प्रियामाह स्कन्धमारुह्यतामिति ।**
**ततश्चान्तर्दधे कृष्णः सा वधूरन्वतप्यत ॥ ३८ ॥**

ભગવાનની સાથે રહેલી ગોપીએ એમ કહ્યું ત્યારે પ્રિયાને પ્રિયતમે કહ્યું કે ખંભા ઉપર બેસીને ચાલો એટલું બોલી કૃષ્ણ અન્તર્હિત થયા એટલે તેની પાસે જોવામાં ન આવ્યા ત્યારે તેને અત્યન્ત સંતાપ થયો.

**सुबोधिनी**—પોતાની પ્રિયા છે તેથી ભગવાન્ ઉત્તર આપે છે. કે સ્કંધ (ખભા) ઉપર ચડો. ભગવાને વિચાર્યું કે આ ગોપી નાચવાનું કરે છે. નાચવાથી અંદર રહેલો રસ બહાર કાઢી શકાય છે તે પૃથ્વી ઉપર પગ રાખીએ તો ઉંચો ન રહે તો રસ ઢોળાઈ જાય. તેથી તમારા પોતાને ખભે ચડો એમ ભગવાનનો અભિપ્રાય છે. નટમાં પણ શ્રેષ્ઠ નટ તેનેજ કહેવામાં આવે કે જે પોતાના કાંધ ઉપર ચઢીને નાચે. ભગવાન્ આ ઉત્તર આપે છે તેમાં તેનાથી ન બને તે કરવાનું કહે છે. તેમાં ભગવાનનો દોષ નથી કેમકે ભગવાનને પણ તેણે કહ્યું કે 'મારાથી ચલાશે નહિં તો જ્યાં જવું હોય ત્યાં તમે લઈ ચાલો' તે પણ ભગવાનથી અશક્ય છે તેથી ભગવાને તેવોજ ઉત્તર આપ્યો છે. ભગવાનનું મન અલૌકિક રસ બતાવવાનું છે તે પૃથ્વી ઉપર પગ રહે તો અલૌકિક રસ ન દેખાડાય. ભગવાન્ તેને અશક્ત માને તો કહે કેમ તેથી ભગવાન્ કહે છે મારું એવું મન છે કે તું તારા ખંભા ઉપર પગ રાખીને નાચ કર તો હું તને મારે જવું છે ત્યાં લઇને ચાલું. જો તારો તેમાં અધિકાર ન હોય તો તને અનધિકારીને સાથે લેવાની પણ જરૂર નથી. ભગવાન્ ખોટું તો બોલેજ નહિં તેથી ભગવાન્ પોતાના ખંભાનું તો કહેજ નહિં. સખીને તો મોહ થયો કે હું કહીશ તેમજ હવે ભગવાન્ કરશે તેથી મને તેના ખંભાઉપર બેસવાનું કહે છે એમ સમજીને તે મોહથી ભગવત્સ્કન્ધ ઉપર આરોહની ઇચ્છા કરવા ગઈ ત્યાં ભગવાન્ પોતે ત્યાંથી તિરોહિત થયા. કેમકે તે તો સદાનંદ છે તેથી આ માનીતી-સખી પણ બીજીઓ જેવી વિયુક્ત થઈ તેને બહુ પશ્ચાત્તાપ થયો. આ વધૂ તે કુમારિકામાહેની એક વ્રત-કરનારી તેમાં પણ ગુણાતીત છે. તેથી તેને બહુ તાપ થયો. ૩૮

કેવલ અન્તરમાં તાપ ન થયો પણ બહાર પણ વિલાપ કરવા લાગી તે કહે છે.

**हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज ।**
**दास्यास्ते कृपणाया मे सखे दर्शय सन्निधिम् ॥ ३९ ॥**

હે નાથ હે રમણ હે મહાભુજ આપ ક્યાં છો ક્યાં છો હું આપની દીનદાસી છું હે સખે દાસીને નજીકમાં રાખો અથવા દર્શન આપો.

**सुबोधिनी**—હા અવ્યય પશ્ચાત્તાપને દેખાડવા માટે વાપર્યું છે તેથી મેં કહ્યું તે અયોગ્ય કર્યું તો પણ મારા સ્વામી આપજ છો. તેથી મારા દોષ દૂર કરો મને દૂર ન કરો. ભગવાન્ કહે કે દૂરથી તમારૂં પાલન કરીશ તો તેના ઉત્તરમાં કહે છે કે આપ રમણ છો. રતિ વધારનાર અમારા ભોક્તા છો અમે આપને ભોગવવા લાયક છીએ તે ભોગ દૂરથી ન બને માટે પાસે રહો. તમારા કહેવાથી તેમ નાહિં થાય કેમકે મારે ભોગની ઇચ્છા નથી. ભોક્તા હોય તે ભોગ્યની ઇચ્છાથી ભોગવતો નથી પણ પોતાની ઇચ્છા થાય તો ભોગવે તે મારી ઇચ્છા નથી. ત્યાં કહે છે કે આપ અમારા અત્યંત પ્રીતિપાત્ર છો પ્રિયતમ બીજો કોઈ નથી કે જેને લીધે અમારૂં જીવન ટકે. અત્યંત વ્યાકુલ થઇને બોલે છે ક્યાં છો ક્યાં છો મોહથી અંધારાં આવ્યા અને પડી તેથી બેઠી કરો એમ કહેવા માટે સંબોધન કરે છે. હે મહાભુજ આપ આજાન બાહુ છો એટલે આપનામાં ક્રિયાશક્તિ પ્રબલ છે. તેથી મારા દોષ દૂર કરો. મને દૂર ન કરો. હું તો દાસી છું. તેમાં પણ હું આપની દાસી છું સ્વભાવથી કૃપણ છું કૃપણ એટલે વિચાર કર્યા વગર માગે. अनालोचितयाचका પાઠ હોય તો જેણે કોઈ દિવસ પોતાની પાસે યાચકને આવતાં જોયો નથી એવી એટલે અત્યંત લોભી એવો અર્થ થાય. તેથી હું તો અતિલોભને લઇને આપ કરતા ગયા તેમ હુ વધારે કહેતી ગઈ તેથી આપ મને છોડો નાહિં. એમ પ્રાર્થના કરી ત્યારે પરમ કૃપાલુ કૃષ્ણે તેને ઉભી કરી ચેતનમાં આવી ત્યાં સુધી તૈયાર કરી પણ તેને દર્શન આપ્યું નાહિં. બધું કર્યું પણ અદૃશ્યરૂપે કર્યું ત્યારે ફરીથી બોલી હે સખે. મને દર્શન આપો એમ બોલી ભગવાન્ પણ ત્યાંજ રહ્યા પણ દર્શન ન થાય તેમ બિરાજ્યા. ભગવાને ઉઠાડી તેમાં ભગવાનનો સ્પર્શ થયો તેથી ભગવાનના ધર્મો તેમાં આવતાં તે આ પ્રમાણે બોલી. નહિં તો આપને જ્યાં જવું હોય ત્યાં તમે મને લઈ જાઓ એમ કહેનારી હા નાથ વગેરે દીનતાના વાક્યો કેમ બોલે? તે બોલવાનું કારણ ભગવત્સંબંધરૂપ સમજવું. ૩૯

**अन्विच्छन्त्यो भगवतो मार्गं गोप्यो विचेतसः ।**
**ददृशुः प्रियविश्लेषमोहितां दुःखितां सखीम् ॥ ४० ॥**

ભગવાનના માર્ગમાં ભગવાનની શોધ ચલાવતાં જેનું ચિત્ત ઠેકાણે નથી એવાં ગોપીઓએ પ્રિયથી જૂદી પડેલી મોહિત થએલી દુ:ખી પોતાની સખી જે એકલી ભગવાનને લઈ ગઈ હતી તેને જોઈ.

**सुबोधिनी**—ભગવાનની શોધમાં નીકળેલાં ભક્તો શોધી રહ્યાં છે તેની નજીકમાંજ પોતાની સખીને જોઈ. તેને એની ઉપર ક્રોધ ન થયો કારણ કે તે દુ:ખી હતી. દુ:ખીની ઉપર ક્રોધ ન કરાય. દુ:ખનું કારણ બીજું નાહિં પણ પોતાને જે કારણ થયું તેજ તેને પણ હતું તે કહે છે કે પ્રિયના વિયોગનું દુ:ખ હતું તેથીજ મૂર્છા હતી તે પોતાની સર્વની સખી તેથી મિત્રભાવે બધી તેને પ્રબોધ કરવા લાગી. 'પાંચ ભેગાં મલે તો દુ:ખ ન થાય' એવી કહેવત છે. પહેલાં આ ગોપીઓએ એમ ધારેલું કે અમારા દોષથી નાહિં પણ ભગવાન્ કૌતુકી છે તે અમને મૂકીને બીજે ગયા છે. આને અભિમાન થયું તેને છોડી એ તેના મુખથી જાણ્યું ત્યારે તેને પોતાનો પણ તેજ દોષ ભગવાનના તિરોધાનમાં કારણરૂપ હતો એમ જણાયું. એ પહેલાં તેના મનમાં ન આવ્યું. નહિં તો ભગવાનની ગોત ન કરતાં પોતાનો દોષ દૂર કરવાનો યત્ન કરત.

તેથી નિશ્ચય થાય છે કે પોતાના દોષ ક્યારે જણાય કે જો ભગવાન્ કૃપા કરે તો. પોતાના પ્રયત્નથી પોતાના દોષ જણાય નહિં અને જાય પણ નહિં. તેથી તો ભગવાને આ ગોપીને સાથે લીધી, તેમાં પ્રથમ દોષ ન્હોતો ત્યાં સુધી રાખી, દોષ આવ્યો ત્યારે છોડી. તે ઉપર કહ્યા પ્રમાણે ભગવાન્ કૃપા કરે તોજ દોષ જણાય એ બતાવવા માટે તે લીલા ભગવાને કરી એમ સમજવું. ૪૦

ભગવાનની ઇચ્છાથી તેણે પોતાને ભગવાને છોડી દીધી તેનું કારણ વિગતવાર કહી બતાવ્યું તે બોલવાનું કારણ કહે છે.

**तया कथितमाकर्ण्य मानप्राप्तिं च माधवात् ।**
**अवमानं च दौरात्म्याद्विस्मयं परमं ययुः ॥ ४१ ॥**

તેનું કથન બધું સાંભળ્યું તેમાંથી તેમણે આ સાર કાઢ્યો કે ભગવાન્માં આને માન થયું અને પોતે ભગવાન્ સાથે દુષ્ટ વ્યવહાર કર્યો ત્યારે ભગવાને તેને છોડી. આ સમજીને બધાં વિસ્મય પામ્યાં.

**सुबोधिनी**—માધવથી માન પ્રાપ્ત થયું. અપમાન થયું તે પોતાની દુષ્ટતાથી થયું. તેનું કહેલું જો કે ઘણું સાંભળ્યું તેમાંથી આ મુદ્દા તેણે તારવી લીધા. તેમાં પણ ભગવાને તેનું સન્માન કર્યું તે તેના ગુણને લઇને નહિં પણ લક્ષ્મીપતિના ગુણથી તેણે લક્ષ્મીપતિએજ કર્યું કેમકે ભગવદ્ભોગ્ય ગોપીઓ આધિદૈવિકી લક્ષ્મીનાં અંશરૂપ છે. ભગવાન્ સાધારણ સ્ત્રીને ભોગવતા નથી સ્ત્રીઓ સ્વભાવથી દુષ્ટ હોય છે તે પોતાનો દોષ તેણે ભગવાનને બતાવ્યો ત્યારે તેનું માન ભગવાને ન રાખ્યું. ચકારથી સ્વેદ ભ્રમણ વગેરે દોષો પણ પોતાના દોષથી તેને થયા. ગોપીઓ એ ભગવાનનું અલૌકિક સામર્થ્ય જોઈ વિસ્મય પામ્યાં એમ સખીના વાક્યથી પદાર્થનો નિર્ધાર થયો. કે ભગવાન્ ગોતવા ગયે મળતા નથી ( પણ ભગવદીય બતાવે તોજ મળી શકે. ભગવદીયદ્વારા પોતાના દોષ જણાય સ્વત: સ્વદોષ જણાય નહિં. ભગવદીય પણ તેની કૃપાથીજ મળે નહિં તો આપણે પ્રયત્ન કરીએ છતાં તે દૂર રહે. ) ૪૧

હવે આપણા દોષથી ભગવાન્ દૂર થયા તે કૃપા કેમ કરે એનું કારણ વિચારીને નકી કર્યું કે બધું છોડી દેવું એટલુંજ નહિં પણ આ દેહને પણ છોડી દેવો ત્યાં સુધી તેની કૃપાને માટે સાધના કરવી એમ નકી કરી તે કરવા લાગી.

**ततोऽविशन् वनं चन्द्रज्योत्स्ना यावद्विभाव्यते ।**
**तमः प्रविष्टमालक्ष्य ततो निववृतुर्हरेः ॥ ४२ ॥**

વનમાં જ્યાં સુધી ચંદ્રની ચાંદની હતી ત્યાં સુધી તે ચાલ્યાં ગયાં પણ જ્યાં અંધારૂં જોયું ત્યાંથી તે હરિની પ્રેરણાથી પાછાં વળ્યાં.

**सुबोधिनी**—પછી તે વનમાં પેઠી. માણસો સંસારનો મોહ મટાડવા વનમાં પ્રવેશ કરે છે. વનમા જવા છતાં મોહ ન જાય તો વનમાં જવાનું કારણ રહેતું નથી. ચંદ્રની ચાંદની જ્યાં સુધી દેખાણી ત્યાં સુધી તો ગયાં. અત્યંત ઘાટા ( ગાઢ ) વનમાં ન ગયાં. ગાઢ વનમાં ચંદ્રના કિરણો ભૂમિસુધી પહોચતા નથી ત્યારે ત્યાં અંધારૂં જોઇને ત્યાંથી પાછાં ફર્યાં ત્યાં શંકા થાય કે પહેલાં જે ધારણાથી વનમાં ગયાં હતાં તે પાર પડ્યા વગર કેમ પાછાં ફર્યાં ? તેના ઉત્તરમાં કહે છે કે હરિ ભગવાને તેને પાછાં ફેરવ્યાં અથવા તે ભગવાનનાં સંબંધી છે તે અંધારામાં ન રખડે. અંધારૂં દેખે ત્યાંથી તે દૂર જાય. ( ભગ-

વાનના મનરૂપ ચંદ્રનો જે હૃદયમાં પ્રકાશ હોય ત્યાં સુધી ભગવદીયોની ગતિ છે. ભગવાનના મનનો પ્રકાશ જે હૃદયમાં નથી ત્યાં અન્ધારૂં છે એવા જીવોથી ભગવદીયો દૂર રહે છે.) તેથી તે અંધારામાં ન જતાં પાછાં ફર્યાં. ૪૨

ભગવદીયો અંધારામાં જતા નથી. ભગવાનજ તેને અંધકારથી બચાવે છે તે ત્યાંથી નીકળીને ઘેર ગયાં હશે એ શંકાના ઉત્તરમાં કહે છે.

**तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः ।**

**तद्गुणानेव गायन्त्यो नात्मागाराणि सस्मरुः ॥ ४३ ॥**

તે ગોપીઓ ભગવાનમાંજ મનને રોકવા લાગી, તેની વાતો કરવા લાગી, તેની સેવાની કૃતિ જ કરવા લાગી, તે તદાત્મા થઈ, તેના ગુણનું ગાન કરતી પોતાના દેહ અને ઘરને તેણે યાદ ન કર્યાં.

**सुबोधिनी**—તેમણે આત્મા અને ઘરને યાદ ન કર્યા આત્મા–દેહ–અગર–ઘર તેના સંબંધવાલી વસ્તુઓને યાદ ન જ કરી તે ઘર તરફ તો કયાંથીજ જાય? સ્મરણ ન કરવાનું કારણ તો એજ કે તેનું મન ભગવાનમાં હતું. એમ પાંચ પદથી પાંચ બતાવે છે. સ્મરણ તો મન કરીએ તો થાય. મન તો ભગવાનમાં ગયું હતું તેજ કહે છે કે તે તેમાંજ મનવાલાં છે. મન ભગવાનમાં હોય તો સ્મરણ કોણ કરે. બીજાને કહે કે મને યાદ આપજો તો તે યાદ કરાવે પણ તેટલું બોલવાનો તેમને વખત ન્હોતો વાણીથી તેનાજ ગુણ ગાતાં હતાં. બધામાં કોઈ એવી નીકળે કે ભગવાન્ શિવાયની બીજી વાત બોલે તો તેને યાદ આપવાનું પણ કહેવાય તેવું તો અહિં ન્હોતું. બધી ભગવાનનેજ વાણીથી બોલતી હતી. તેથી બીજાથી પણ તેને સ્મરણ ન થયું. ત્યાં શંકા કરે છે કે દેહની સ્વાભાવિક ક્ષુધાતૃષાની અસર દેહ ઉપર થતાં દેહનું ભાન તો તેને રહેતું હોવું જોઇએ તેના ઉત્તરમાં કહે છે કે તે ભગવાનની લીલાજ પહેલે કરતી હતી તેમ કરે છે. એટલે તેને ભૂખપ્યાસ જણાતી નથી. ત્યાં શંકા કરે છે કે તેને લીલા સ્ફૂર્તિમાં સર્વજ્ઞતા થઇ છે તેમાં તેનો આત્મા તો તેને સ્ફૂરતો હોવો જોઇએ. તેના ઉત્તરમાં કહે છે કે તે તો કૃષ્ણરૂપ આત્માવાળાં છે પોતાના આત્માની સ્ફૂર્તિ નથી. જેને કૃષ્ણાત્મતા સર્વદા હોય તેને સ્વાત્મા પણ કૃષ્ણરૂપે સ્ફુરે તેથી તેને દેહાદિ સ્ફુરણ નથી. ત્યાં શંકા કરે કે सद्दशाद्दष्टचिन्ताद्याः स्मृतिबीजस्य बोधकाः એમ નૈયાયિકોનું કથન છે તો તેના અદૃષ્ટાદિથી સ્મૃતિ થવી જોઇએ? ત્યાં કહે છે કે તેના ગુણનું ગાન કરતાં વખત નથી કે સ્મરણ આવે. થોડીવાર બેસી યાદ કરે તો સ્મરણ આવે પણ અહિં તો અન્યાસક્તા તે બીજા કાર્યમાં રોકાયાં છે. તે કાર્ય ભગવાનના ગુણગાનરૂપ છે. ગુણગાનથી દુરદૃષ્ટ નષ્ટ થતાં સ્મરણમાં અદૃષ્ટ કારણ કહ્યું તે ગોપીઓને ન હોવાથી બીજુ યાદ આવતું નથી તેથી સ્મરણ થતું નથી. ૪૩

ત્યારે તેનું શું થયું તે હવે કહે છે.

**पुनः पुलिनमागत्य कालिन्द्याः कृष्णभावनाः ।**

**समवेताः जगुः कृष्णं तदागमनकाङ्क्षिताः ॥ ४४ ॥**

**इति श्रीभागवते महापुराणे दशमस्कन्धे पूर्वार्धे ( द्वितीयतामस-फलप्रकरणीयद्वितीयः ) सप्तविंशोऽध्यायः ॥**

કૃષ્ણની ભાવનાવાળાં તે બધાં ભક્તો વનમાંથી પાછાં ફર્યાં તે શ્રીયમુનાજીના પુલિન ઉપર આવ્યાં અને ભેગા થઇને કૃષ્ણ અહિં મળશે એ ઇચ્છાથી બધાં કૃષ્ણનું ગાન કરવા લાગ્યાં.

**सुबोधिनी—**પહેલાં જે પુલિનઉપર રમ્યાં હતાં ત્યાં પાછાં આવ્યાં. અહિં શંકા થાય કે તેનું ચિત્ત તો ભગવાનમાં ગયું છે તે વિચેતસ્ છે તો તે જોએલી જગ્યાએ કેમ આવી શક્યાં? તેના ઉત્તરમાં કહેવાનું કે તે કૃષ્ણનીજ ભાવનામાં તત્પર છે તેથી બુદ્ધિપૂર્વક નહિં પણ કાકતાલીયન્યાયથી આવ્યા પણ તેમાં ઇશ્વરેચ્છા તો કારણરૂપ ખરીજ. તેથી તેના હૃદયમાં એમ આવ્યું કે જ્યાં ભગવાન્ આપણી સાથે રમ્યા છે તે સ્થાનેજ ભગવાન્ આપણને મળશે તેજ સ્થાન આપણું હિત કરનાર છે એમ ધારી ભગવાને ચલાવ્યાં તેમ ચાલતાં પૂર્વે રમણ કરેલ યમુનાપુલિન ઉપર આવ્યાં તેમાં પણ કોનું ભાગ્ય ઉત્તમ હોય કે એને લીધે ભગવાન્ મળે. તેથી પોતાનું ગૌરવ ન માનતાં બીજાના ભાગ્યની સહાયતાથી પોતાનું કામ થાય એ આશાએ બધાં ભેગાં મલ્યાં ત્યાં પુલિનમાં સેવાનું બીજું સાધન ન હોવાથી મુખથી કૃષ્ણનું ગાન કરવા લાગ્યાં દોષ નિવારણમાં હરિના ગુણગાવા એ ઉત્તમ સાધન છે દોષ ગયા એટલે તો ભગવાન્ પોતાની મેળે આવે એમ જાણીને પણ ગુણગાન કરવા લાગ્યાં. ૪૪

[૧] 'શ્રીકૃષ્ણની ગોપીઓ અહિં બે ભેદથી છે ગુણભેદથી નવ પ્રકાર થાય છે. તે સમુદાયથી જૂદી છે, ગતગર્વા છે, સાધન રહિત છે. ભગવાનને પોતાનું ગાન વ્હાલું જાણીને ગાય છે અથવા વિરહમાં જીવન ટકાવવા ગાય છે. તે ભગવાનના પ્રિય છે છતાં હું જ પ્રિય છું એવી ખાત્રી નથી તેથી સમુદાયમાં એકની પ્રીતિ પણ સાચી હશે તો તેને માટે ભગવાન્ પ્રકટ થશે તો આપણને દર્શન તેને લીધે થઈ જાય એ બુદ્ધિથી બધાં સાથે મળીને નાના પ્રકારના ગુણોવડે ગાન કરવા લાગ્યાં.'

એમ ભાગવત દશમસ્કન્ધ સુબોધિની તામસફલપ્રકરણમાં રાસના પાંચ અધ્યાયમાંના બીજા અધ્યાયનું ગુજરાતીમાં ભાષાન્તર સમાપ્ત થયું.

---

## અધ્યાય ત્રીજો–ગોપીગીત–

[૨] 'અઠ્ઠાવીશમા અધ્યાયમાં સ્વભાવથી અને પોતે ભગવાનનો અપરાધ કર્યો છે

---

૧. श्रीकृष्णगोपिकास्तत्र द्विविधा नवधा गुणैः । समुदायेन भिन्ना वा गतगर्वा असाधनाः ॥ १ ॥
हरेर्गानं प्रियं मत्वा जीवनार्थमपि प्रियाः । स्वसंदेहात्तु मिलिताः जगुर्नानाविधैर्गुणैः ॥ २ ॥

२. अष्टाविंशे हरेर्गानं स्वभावादपराधतः । कृतावज्ञा गोपिका हि स्तोत्रं चक्रुरितीर्यते ॥ १ ॥
एकोनविंशतिविधा गोप्यः स्वस्याधिकारतः । एकोनविंशतिविधांस्तुतिं चक्रुर्हरेः प्रियाम् ॥ २ ॥
राजसी तामसी चैव सात्त्विकी निर्गुणा तथा । एवं चतुर्विधा गोप्यः पतिमत्यो निरूपिताः ॥ ३ ॥
तथैवानन्यपूर्वाश्च प्रार्थनामाहुरुत्तमाम् । गुणातीताः सात्त्विकीश्च तामसी राजसी तथा ॥ ४ ॥
कृष्णभावनया सिद्धा विशेषेणाह ताः शुकः । अनन्यपूर्विका एव पुनस्तिस्रो मुदा जगुः ॥ ५ ॥
सात्त्विकी तामसी चैव राजसी चेति विश्रुताः । सा पूर्वाश्च ततस्तिस्रः तामसी राजसी परा ॥ ६ ॥
पुनस्ता एव त्रिविधा अटतीत्यादिभिस्त्रिभिः । राजसी तामसी चैव सात्त्विकीति विभेदतः ॥ ७ ॥
अनन्यपूर्वा द्विविधा राजसी सात्त्विकी तथा । तमसा तामसी तत्र नास्तीत्येकोनविंशतिः ॥ ८ ॥
अथवा प्रार्थनायायाः सप्तान्ते द्विविधा पुनः । चतुर्थ्यस्तु समास्तत्र तत एकोनविंशतिः ॥ ९ ॥
तत्तद्वाक्यानुसारेण तासां भावो निरूप्यते । अन्यथानेकतास्तोत्रे प्रकारैर्नोपयुज्यते ॥ १० ॥

તેથી તે અપરાધ કરનારી ગોપીઓએ અહિં સ્તુતિ કરી, એ વાત કહેવાય છે. પોતાના અધિકારથી ગોપીઓ આ અધ્યાયમાં ૧૯ પ્રકારની જણાય છે. તે ઓગણીશ જાતની સ્તુતિ ભગવાન સ્તુતિપ્રિય હોવાથી કરે છે. રાજસી તામસી સાત્વિકી અને નિર્ગુણા એ ચાર ભેદવાળી ગોપીઓ ધણીવાળી છે. તેવાજ ચાર ભેદ પતિ જેને નથી એવી કુમારિકાના છે. તેમણે ઉત્તમરીતે પ્રાર્થના કરી છે. ગુણાતીત સાત્વિકી તામસી રાજસી એવા ભેદવાળી કૃષ્ણની ભાવનાથી સિદ્ધ થઈ છે તેનું વિશિષ્ટરીતે શુકદેવજી વર્ણન કરે છે. પછી ત્રણ અનન્યપૂર્વા હર્ષથી ગાય છે. તે સાત્વિકી તામસી અને રાજસી એવા ભાવથી પ્રસિદ્ધ છે. તે તથા પહેલાંની ત્રણ તામસી રાજસી અને સાત્વિકી. ફરીને તેજ ત્રણ **अटति यद्भवान्** એ શ્લોકથી ગાય છે. તેના રાજસી તામસી અને સાત્ત્વિકી એવા ભેદ છે. કુમારિકાઓ રાજસી અને સાત્વિકી છે તેમાં તામસી નથી. તેથી પણ ૧૯ ભેદ છે. અથવા બીજો ક્રમ બતાવે છે કે ૧-૨-૩-૫-૬-૭-૮ એ શ્લોકથી પ્રાર્થના કરનારી કુમારિકા છે. ૧૩-૧૪ શ્લોક પણ તેની પ્રાર્થનાના છે. ચોથો શ્લોક બોલનારી ગુણાગીત છે. એટલે તે દશ થઈ ૯-૧૦-૧૧-૧૨-૧૫-૧૬-૧૭-૧૮-૧૯ એ નવ શ્લોકો અન્યપૂર્વા અથવા પ્રૌઢાના છે. બે મલીને ૧૯ શ્લોક અણાવિશ અધ્યાયના છે. તે તે વાક્ય બોલતાં તેના હૃદયનો ભાવ કહેવામાં આવે છે એમ ન માનીએ તો સ્તુતિમાં ઝાઝાપ્રકાર થાય તેનો ઉપયોગ નથી.' ૧૦

તેમાં પ્રથમ રાજસીઓ બોલી.

**जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।**
**दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥ १ ॥**

હે દયિત આપના પ્રાકટ્યથી વ્રજનો ઉત્કર્ષ વધ્યો છે કેમકે આપને લીધે લક્ષ્મી અહિં નિરંતર રહેવા લાગી છે. લક્ષ્મી છે ત્યાં ઉત્કર્ષ છે આપને માટે જેણે પ્રાણ ધારણ કર્યા છે એવાં આપના ભક્તો દિશાઓમાં ભટકે છે. તેને તો આપ જુઓ.

**सुबोधिनी**—અહિં શ્લોકમાં **जयति** શબ્દ મૂક્યો છે તે મંગળવાચક છે. આ અમારી સ્તુતિ ભગવત્પ્રાકટ્યરૂપ ફલ આપે તેમાં વિઘ્ન ન આવે તે માટે પણ જય શબ્દ છે. એમ ન હોય તો પ્રથમજ ક્રિયાપદનો પ્રયોગ ન થાય. આપ વ્રજમાં અવતર્યા તેથી વ્રજ સમગ્ર કૃતાર્થ થયો છે. તેમાં અમેજ અકૃતાર્થ રહ્યાં છીએ. તેથી આપે બીજાને કૃતાર્થ કર્યાં તેમ અમને કૃતાર્થ કરવાનો આપે યત્ન કરવો જોઇએ એમ કહેવા માટે આપનો અવતાર થતાં વ્રજ સર્વરીતે બધાંથી શ્રેષ્ઠતા ભોગવવા લાગ્યો તે કહે છે કે આપના જન્મથી વ્રજ અધિક ઉત્કર્ષવાળો થયો છે. બધાથી ઉપર રહેવું એ ઉત્કર્ષ કહેવાય અધિક જય તેનું નામ કે વૈકુણ્ઠથી પણ જે ઉત્તમ ગણાય. કેમકે ભગવાન્ વૈકુણ્ઠમાં એવી લીલા કરતા નથી. જો કે ભગવાનનું પ્રાકટ્ય મથુરામાં થયું છે પણ તેથી મથુરાની સ્થિતિ ઉત્કૃષ્ટ થઈ નથી. પણ વ્રજની ઉત્કૃષ્ટતા થઈ છે. ભગવાન્ જન્મ્યા તેથી તેની પ્રસિદ્ધિ થઈ એમ લોકમાં પ્રસિદ્ધ નથી. કેમકે વ્રજ અને મથુરાં જૂદાં નથી. પણ એ વ્રજના ઉત્કર્ષનું અસાધારણ કારણ બતાવવું જોઇએ એમ કહે તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ પ્રકટ્યા ત્યારથી લક્ષ્મી અહિં સ્થિર થઇને રહી છે. તે પણ પોતે હીનભાવ સ્વીકારીને વ્રજનો આશ્રય કરીને રહી છે.

વૈકુંઠમાં તો તે ભગવાનની નિત્યપ્રિયા છે. સ્ત્રી છે તેને સર્વદા ધ્યાન રાખીને રહેવું પડતું નથી. અહિં તો અમારા જેવી અનેક લક્ષ્મીઓ સેવામાં હાજર છે. તેથી લક્ષ્મીને સુખ રહેતું નથી. ક્યારે મારે સેવાનો સમય આવશે તે માટે નિરંતર સેવામાં તત્પર રહે છે. લોક તો ઘરમાં લક્ષ્મી રહે તો ઉત્કર્ષ માને છે લક્ષ્મી પોતે તો ગોકુલનો આશ્રય કરે છે. તે વાત યોગ્ય છે એમ બતાવનાર हि શબ્દ છે. લક્ષ્મી પતિવ્રતા છે. જ્યાં પતિવ્રતાના પતિ ભગવાન્ બીજી સ્ત્રીને આધીન હોય. ભક્તની ઉપર કૃપા બતાવવા માટે (તે વાત ઉલૂખળના પ્રકરણમાં કહી છે) ત્યાં તેની સ્ત્રી લક્ષ્મીને જવું પડે એમાં આશ્ચર્ય નથી. આપના જન્મથી વ્રજનો ઉત્કર્ષ સર્વજનપ્રસિદ્ધ થયો છે તેથી આપને રમણમાં ન્યૂનતા નથી અથવા લક્ષ્મીના મનમાં ખેદ નથી કેમકે પતિ-વ્રતા પતિ જે કરે તેને અનુમોદન આપે પણ તેનો દ્રોહ ન કરે. આપ વ્રજમાં અમારે માટે પધાર્યા છો તે અમને તો આપ જુઓ. આ ગોકુલને એકવાર જુઓ. અથવા અહિં વાક્યાર્થજ આગળ કહેવાશે તે કર્મ છે. આપને માટે પ્રાણને ધારણ કરનાર દિશાઓમાં આપને ગોત્યા કરે છે. તેને તો આપ જુઓ. આ વાત ઠીક ન કહેવાય તે અનુચિતતા દેખાડતાં કહે છે કે બ્રહ્માદિલોકમાંથી બધા દેવો આપ પધાર્યા તેથી આપના દર્શન કરવા વ્રજમાં આવે છે ત્યારે આપનાં દાસો અમે વ્રજમાં રહેનાર બીજે દિશાઓમાં આપને શોધવા નીકલીએ એ મોટી દુઃખની વાત ગણાય. ત્યાં કદાચ ભગવાન્ કહે વ્રજસ્થને ભક્તિ નથી જો એનો સાચો સ્નેહ હોય તો વિરહમાં તેઓ મરી જાત પણ જીવત નહિં તેથી તે અભક્તો અમને ન જુએ તેજ સારૂં આમ કહે તેના ઉત્તરમાં કહે છે કે તે વ્રજભક્તોને વિરહ તો ઓછો નથી પણ આપને માટેજ તેમણે પ્રાણ રાખ્યા છે તેઓ જ્યારે જાણશે કે અમારા પ્રાણનો ભગવાનને ઉપયોગ નથી ત્યારે તેના પ્રાણ તત્કાળ ચાલ્યા જશે તેથી પ્રાણને ફોસલાવવા માટે આમ તેમ આપને ગોતવામાં ફરે છે. હવે જો થોડો પણ વિલંબ કરશો તો તેમના પ્રાણ ચાલતા થશે. જો એવી વિરહાવસ્થા તેની ન હોય તો રાતના ઘરમાં જઇને સૂઈ રહે તો સવારે તો આપ વ્રજમાં ચોકસ મળોજ તેથી તેના શોધનનો કાંઈ અર્થ રહેતો નથી છતાં રાતના તમને શોધે છે તે વિરહમાં પ્રાણને બચાવવા માટેજ એમ સિદ્ધ થાય છે. આપના સેવકો આપને શોધવા દિશાઓમાં ભટકે એ કેટલી દીનતા ગણાય. તેથી એકવાર તેમને દર્શન આપો. એમ એક ગોપીએ ભગવદ્દર્શનની પ્રાર્થના કરી. દયિત એ સંબોધન છે તેનો ભાવ એવો છે કે ધણીની નજર આગળ રહેવું તેમાં સ્ત્રીનું જીવન યોગ્ય ગણાય જો કે ભગવાન્ ભક્તને જોઇ લે તેમાં તેનું ભાગ્ય ઉઘડવાનું નથી પણ જુએ તો દયા આવે દયાથી પોતાનું સ્વરૂપ પણ બતાવે માટે પ્રાર્થના કરી છે. ૧

અમારા દૈન્યમાં આપની શ્રેષ્ઠતા ન ગણાય એમ કહ્યું તેથી તે રાજસી છે તામસી તો કહે છે કે અમને મારો માં કેમકે આપ દર્શન ન આપો તે અમારો નાશ કર્યા બરોબર અમને શિક્ષા છે. તે કહે છે.

**शरदुदाशये साधुजातसत्सरसिजोदरश्रीमुषा दृशा ।**
**सुरतनाथ ते शुल्कदासिका वरद निघ्नतो नेह किं वधः ॥२॥**

હે સુરતનાથ શરદૃતુમાં જલાશયમાં સારીરીતે થયેલ કમળની પાંખડીની શોભાને ચોરનાર દૃષ્ટિવડે આ વિનામૂલ્યની દાસીઓને મારો છો તે હે વરદ અમારો આપે વધ કર્યો ન ગણાય? ગણાયજ.

**सुबोधिनी**—શરદકાળમાં નાના તલાવમાં સારીરીતે તૈયાર થયેલ કમળની શોભાને ઝાંખીપાડે એવા નેત્રોવડે હે વરદ જે મારે તેને મારવાનું પાપ ન લાગે શું ? ખરીરીતે તો શસ્ત્રથી મારે તે વધ કહેવાય તેમ નેત્રથી મારે તે પણ વધજ કહેવાય. જે સાધનથી બીજાના પ્રાણ જાય તે પ્રાણવિયોજક ઘાતક કહેવાય કોઇકિના પ્રાણ શસ્ત્રથી જાય તેમ કોઇકિના પ્રાણ કટાક્ષથી પણ જાય તો તે કટાક્ષકરનાર પણ ઘાતક ગણાય. 'આથી ભગવાનની દૃષ્ટિ સર્વને મારનારી કહી' આયુષ્ય અને મન વગેરેને દૃષ્ટિથી ખેંચો છો એમ કહ્યું છે, તેમ ઘણુકરીને અમને પણ ક્રૂરદૃષ્ટિથી જુઓ છો નહિં તો અમારા પ્રાણને બાધા કેમ થાય. આપનું રૂપ તો આનંદમય છે તે આનંદમય-દૃષ્ટિથી જુઓ તો તો અમો જીવી શકીએ. તેવી દૃષ્ટિ કરતા નથી તેથી આપ ક્રૂરદૃષ્ટિથી અમારો નાશ કરવા તૈયાર થયા છો પણ અમે મારવાલાયક નથી આપની હલકી દાસીઓ છીએ કોઈ વગર કારણે સ્ત્રીઓનો વધ કરતા નથી. અમે શુલ્કદાસીઓ છીએ આપ સુરતના નાથ છો સર્વ પુરુષાર્થને સિદ્ધ કરનાર સંબોધન બોલાય જેવો અધિકાર તેવાં સંબોધન પણ નિયત હોય છે ધર્મમાર્ગમાં બોલાવવું હોય તો ધર્મપાલક, બ્રહ્મણ્ય, યજ્ઞેશ્વર, એવા શબ્દથી બોલાવવા જોઇએ. અર્થમાર્ગમાં ચાલનારલક્ષ્મીપતે, સર્વસિદ્ધિદાતા એવાં સંબોધનથી બોલાવે મોક્ષમાર્ગમાં મુકુન્દ, હે યોગેશ્વર, હે જ્ઞાનનિધે, એવા સંબોધનથી બોલે. ધર્મ, અર્થ, મોક્ષમાર્ગીઓ સંબોધે છે તેમ અમે પણ સુરતનાથ કહીએ છીએ. સુરત એટલે સારીરીતે ભોગ જગતમાં હોય તો તેના નાથ આપ છો આપની આજ્ઞા વગર જગતમાં સુરત થતું નથી. માટે બ્રહ્મા અથવા કામે લોકમાં સુરતનો પ્રચાર કરાવવા માટે અમને શુલ્ક-દાસીઓ આપી. શુલ્ક એટલે સુરતના 'માર્ગમાં ચાલવામાં ઉપયોગી દ્રવ્ય' તે શુલ્ક કહેવાય. પ્રતિબંધનિવર્તક સુરત જો ભગવાનમાંજ રોકાઈ રહે તો લોકમાં રસ પ્રકટે નહિં તે રસ પ્રકટ કરવા અમોને જગતમાં મોકલ્યાં છે. આપ અમારાથી સુરત કરો એટલે આપનામાં રોકાયલું સુરત અમારીદ્વારા જગતમાં ચાલુ થાય. તે માટે અમે લોકમાં આવ્યાં છીએ જે કામ માટે આવ્યાં તે કામ તો દૂર રહ્યું પણ અહિં તો મરણનો વખત આવ્યો છે. એટલે સુરત કરવું જોઇએ તેને બદલે આપતો સુંદર કટાક્ષથી અમને મારવાને તૈયાર થયા છો એમ જો આપ કરશો તો બધું કામશાસ્ત્ર વૃથા થશે કામ પુરુષાર્થમાં ગણાય છે તે નહિં ગણાય. માટે અમને જે માટે કામે અથવા બ્રહ્માએ અહિં મોકલ્યાં છે તે કાર્ય આપે પ્રથમ કરવાનું છે. જો તે કામ કરવાનો સમય ન હોય તો તેનો સમય આવે ત્યારે કરવું પણ ત્યાં સુધી અમને જીવાડવાં જોઇએ. તે જીવાડવાનું તો અમને દર્શન આપો તોજ બને. આપની દૃષ્ટિ મારક છે કેમકે તે કમળની શોભાને ચોરનારી છે. જે ચોર હોય તે બીજાની હિંસા કરનારો પણ હોય. જેમ જેમ ચોરીમાં કુશળ તેમ તેમ તે મારવામાં ઉસ્તાદ. તેમાં પણ જે કિલ્લામાં થયેલ તે અત્યંત ચતુર હોય. તેમાં પણ જલના કિલ્લામાં રહેનાર એમ જલના કિલ્લામાં રહેનાર કમળ છે તેની ફરતો જળનો કોટ હોય છે તેમાં કમળ સારીરીતે ખીલે છે તેમાં પણ સૂર્યનો વખત હોય ઠંડી ન હોય તેવે વખતે તેની શોભા વધારે હોય છે એમ દેશકાળ અને વસ્તુથી કોઈ લઈ ન શકે તેવી દશામાં પણ આપની દૃષ્ટિ તેની શોભાને હરિ લે તે ગોપીઓના શરીરમાં રહેલાં પ્રાણને હરે એમાં વિસ્મય પામવા જેવું કાંઈ નથી. બળીયો હોય તે પોતાની અપકીર્તિ ન થવા માટે ચોરી કરે તે તો અહિં આપને સિદ્ધ

થશે નહિં કેમકે દૃષ્ટિથી આપ અમને મારશો તે લોકો જાણશે અથવા અહિં अदृशा એમ अ કાઢવો એટલે દર્શન નથી દેતા તેથી અમારા પ્રાણ જાય છે તે અમને આપે માર્યાં એમ કેમ ન ગણાય. અમે તો આપ સુરત કરશો એ માટે આવ્યાં ત્યાં તે તો રહ્યું દૂર પણ તેને બદલે મૃત્યુ વચમાં ઉભું થયું. તેથી આપ જો સુરત નહિં કરો તો સુરતના નાથ પણ આપ નહિં કહેવાઓ. યોગી હોય તે ઘોડો બનાવી શકે એવો હોય છતાં તે અશ્વપતિ ન કહેવાય. પણ ઘોડાને પાસે રાખે તો ઘોડાનો માલિક કહેવાય તેમ આપ પણ સુરત કરી શકો એવા છો તેથી સુરતનાથ ન કહાવો પણ અમને સુરત કરી લોકને તે બતાવો તો આપે સુરત પ્રથમ કર્યું તેથી તમેં તેના પ્રવર્તક ગણાઓ. અમારો વધ કરો તેમાં શું આશ્ચર્ય છે આપના દર્શન ન થાય તો લક્ષ્મી પણ અહિં ન રહી શકે તે કહે છે કે અંદર રહેલી શોભા બહાર કાઢીએ તો તે શોભાનો નાશ થાય. જેમ પાકયાવગરનો ગર્ભ બહાર નીકળે તો તેનો નાશ થાય. કેમકે બહાર નીકળ્યા પછી તેને પોષણ મળતું નથી જો કે અંદર પાકે છે તેને પકવનાર કાળ દેશ દ્રવ્ય વસ્તુ વગેરે બહુ પોષક છે તથાપિ આપ ન જુઓ તો તે ન જીવે. તેમ અમારૂં પણ આપ સમજો. વળી આપ બધાને વરદાન આપો છો ત્યારે અમો આપનાં છીએ તેને આપ મારો છો એ મોટું આશ્ચર્ય છે. વરદાન આપે તે પ્રત્યક્ષ દર્શન આપે. અથવા અમે આપની વગરપૈસાની દાસીઓ છીએ. ધર્મની દાસીઓ છીએ માટે ન મારો. ૨

એમ અનેકવિધ ક્રૌર્યની ભાવનાથી કેટલીક ભગવાનને ઠપકો આપે છે.

[૧]'અંદર રહેલો રસ પુષ્ટ થઇને બહાર ન આવે તો તે પૂર્ણ ન કહેવાય. તેથી વાણી નીકળે છે.'

બીજી કોમળ સ્વભાવની કહે છે કે આપે ઘણીવાર અમારી રક્ષા કરી છે તેમ આ વખતે પણ અમારૂં પાલન કરો.

**विषजलाप्ययाद्व्यालराक्षसाद्वर्षमारुताद्वैद्युतानलात् ।**
**वृषमयात्मजाद्विश्वतो भयादृषभ ते वयं रक्षिता मुहुः ॥ ३ ॥**

ઝેરી જલથી, સર્પથી, રાક્ષસથી, વર્ષાદ, પવન, વિજલી તથા દાવાગ્નિથી, વત્સાસુર મયાસુર અને એવા બીજા ઉપસ્થિત ભયોમાંથી હે શ્રેષ્ઠ આપે અમને રક્ષણ આપ્યું છે તો અત્યારે પણ આપ અમને બચાવો.

**सुबोधिनी**—ઝેરવાળું કાલિયહ્રદનું જળ તેને પીવાથી બાળકો અને ગાયો મરી ગઈ તેને ભગવાને જીવતી કરી, વ્યાલ એટલે સર્પ કાલિય અને સુદર્શન વગેરે. રાક્ષસો તૃણાવર્ત પ્રભૃતિ તેનાથી રક્ષા કરી છે. ઇન્દ્રે વ્રજઉપર કોપ કર્યો વર્ષાદ ત્યાં વર્ષાવ્યો વાયુના ગણને ઉડાવી દેવા મૂક્યા તેમાં વજ્ર પ્રહારથી અને વિદ્યુતથી બચાવ્યાં. વનમાં દાવ લાગ્યો તેમાંથી રક્ષાકરી મયનો પુત્ર વ્યોમાસુર ગુફામાં પૂરતો હતો તેનાથી અમોને બચાવ્યાં તે ગોપીઓ ભગવાનની લીલા કહે છે તેમાં તેને ભૂત ભવિષ્યત્ વર્તમાન કાલનું અનુસંધાન નથી કેમકે તે હૃદયમાં લીલા આવવાથી સર્વજ્ઞપણાને પામ્યાં છે તે બધું એક સાથે કહે છે. વધારે શું કહેવું સર્વતઃ ભયમાત્રથી આપે રક્ષા કરી છે. કારણ

---

१. अन्तः स्थितो रसः पुष्टो बहिश्चेन्न विनिर्गतः । तदा पूर्णो नैव भवेदिति वाग्निर्गमस्तथा ॥ १ ॥

કે આપ અમારા ભર્તા છો તેનો ધર્મ પાળવાનો છે મારવાનો નથી. તેથી હમણાં પણ પાલન કરો. જે લીલા ગણાવી તેમાં મારનારા બહારના હતા અને અત્યારે તો મારનાર કામ છે તે હૃદયમાંથી પ્રકટ થયો છે. તેથી સાવધાનીથી રક્ષા કરશો તોજ અમારો બચાવ થશે ઉપેક્ષા કરશો તો અમે સ્મરણશેષ બનશું. ૩

બીજીઓ તો ભગવાનનો મોટો પ્રતાપ જાણીને તેના સ્વરૂપનું કીર્તન કરે છે. તેથી જેમ જ્ઞાનિને મોક્ષ આપો છો તેમ અમને અમારે લાયક મોક્ષ આપો એ માટે સ્તુતિ કરે છે.

**न खलु गोपिकानन्दनो भवानखिलदेहिनामन्तरात्मदृक् ।**
**विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान् सात्वतां कुले ॥ ४ ॥**

હે મિત્ર આપ યશોદાનંદન નથી પરંતુ સમગ્ર દેહધારીના અંતરને જોનાર છો. જગતના રક્ષણાર્થ બ્રહ્માની પ્રાર્થનાથી સાત્ત્વત એટલે યાદવોના કુલમાં આપ ઉદય પામ્યા છો.

सुबोधिनी—જો આપ નંદરાયના દીકરા હો તો અમે આપને ઠપકો આપીએ તે ઘટે પરંતુ તે વાતજ નથી. તેથી આગળ ગોપીઓ કહી ગઈ અમને મારો છો અમારા હૃદયને ચોરો છો વગેરે ઠપકો આપને આપવો યોગ્ય નથી. તેથીજ નિશ્ચય વાચક खलु શબ્દ લખ્યો છે. આપ યશોદાના પુત્ર નથી જો યશોદાના પુત્ર હો તો તેણે જાણ્યા વશકર્યા એમ ગોપીઓ પણ કરી શકે કેમકે ગોકુલપતિ નંદના આપ પુત્ર થાઓ. સરખી યોગ્યતા હોય ત્યાં વિદ્યા અને યોનિ સંબંધ બંધાય. તેમ કેવલ આપ વૈકુણ્ઠમાં રહેનાર પુરુષોત્તમ પણ નથી. પણ સમગ્ર જીવોના અન્તરને આપ તેમાં રહીને જોઈ શકો છો. જો અમારા હૃદયમાં તેવો તાપ જુઓ તો આપ પ્રસન્નજ થાઓ તેથી અમારે તે વાતમાં કાંઈ કહેવાનું રહેતું નથી. આપ આવ્યા છો તે અમારા જેવાના સર્વથા પરિપાલન માટે તો જો આપ જાણો કે આનો નાશ થશે તો આપ બચાવો. આપની પ્રાર્થના રક્ષા કરવા માટે કરી છે ત્યારે આપ પધાર્યા છો એમને એમ પોતાની ઇચ્છાથી આપ ભૂતળ ઉપર પધાર્યા નથી. તે કહે છે કે વેદોના અર્થને વિશેષ વિચારે તે વિખના કહેવાય. એટલે રાત દિવસ તે વેદનેજ વિચાર્યા કરે તેથી વૈખાનસમત બ્રહ્માનું કરેલું છે. વૈખાનસમત ભગવાનના ભજનને કહેનાર છે તેના મત પ્રમાણે ભગવાન્ પૂજા સ્વીકાર કરે છે વેંકટાદિમાં તે પ્રમાણે પૂજા ચાલુ છે તેથી બધાંની પૂજા સ્વીકારવામાટે તથા જગતની રક્ષા માટે બ્રહ્માએ વિનતિ કરી તેથી આપ પધાર્યા તેમાં રક્ષા મુખ્યકર્તવ્ય છે. બધાના અંતરાત્મા છો તેથી બધાના મિત્ર છો તે આપ લોકમાં મિત્રતા પ્રકટ કરવા માટે સાત્વતનામના યાદવોના કુલમાં વૈષ્ણવ કુલમાં પ્રકટ્યા છો તેથી એ કામ માટે આવ્યા છો. પ્રથમ પણ આપ મિત્ર હતા અંતર્યામિ કહેવાથી યથેચ્છ પ્રેરણા કરો છો છતાં આપ ભૂતલ ઉપર પધાર્યા છો તેથી કાંઈ વિશેષ સેવા કરવી જોઇએ તે તો અમારો આત્મા આપને અમે નિવેદન કરીએ એજ પ્રત્યક્ષમાં કર્તવ્ય છે. આપને યોગ્ય લાગે તેમ આપ કરો. ૪

બીજી સાત્ત્વિકસાત્વિકી રાજસી કરતાં વધારે ડાહી હતી તેણે વિચાર્યું કે માગ્યા વગર તો મા પણ ન દે તો ભગવાન કેમ દે માટે માગવું જોઇએ. તેથી આપનો શ્રીહસ્ત અમારા મસ્તક ઉપર ધરો એવી પ્રાર્થના કરે છે.

**विरचिताभयं वृष्णिधुर्य ते शरणमीयुषां संसृतेर्भयात् ।**
**करसरोरुहं कान्त कामदं शिरसि धेहि नः श्रीकरग्रहम् ॥ ५ ॥**

હે વૃષ્ણિકુલનો ભાર ઉઠાવનાર, હે કાન્ત, સંસારના ભયથી આપના રક્ષણનીચે આવતા જીવોને અભયનું દાન કરનાર, લક્ષ્મીનું પાણિગ્રહણ કરનાર, આપનું કરકમળ અમારા મસ્તક ઉપર આપ ધારણ કરો.

**सुबोधिनी—**હે સ્વામિન્ હૃદય ફાટી પડે છે. તેથી જેમ બધાં અંગોને બળમળે તેમ અમારા માથા ઉપર આપના કરકમળને ધારણ કરો. કમળ શીતલ હોય છે. તેમાં પણ તળાવમાંજ રહેલું તેમાં પણ તળાવને ઠેકાણે ભગવાનનો શ્રીહસ્ત અને કમળ પણ ભગવાનનો શ્રીહસ્ત તેથી તેને તેના સ્થાનથી અન્યત્ર લઈ જાઓ તો પણ રસાલતા તેની જવાની નથી કેમકે તે જલથી વિયુક્ત થવાનું નથી. કાન્તશબ્દ સંબોધનમાં યોજ્યો છે. પહેલાંજ મસ્તક ઉપર હસ્ત સ્થાપન કરે તો સ્વાધીન કરી લે એમ બતાવ્યું. ભગવાનનો શ્રીહસ્ત કેવળ તાપનેજ દૂર ન કરે પણ કામને પણ આપે જે મનમાં આપણે ઇચ્છા કરીએ તે આપે પણ ખરૂં. ત્યાં શંકા કરે કે ભગવાન્ તો યોગીને પણ ધ્યાનમાં દર્શન દે તે સ્ત્રીઓનો સ્પર્શ કેમ કરે? તો તેના ઉત્તરમાં કહેવાનું કે તેને સ્ત્રીને અડકવામાં કાંઈ વાંધો નથી કેમકે લક્ષ્મીને પરણ્યા ત્યારે તેના હાથનો સ્પર્શ કર્યો હતો તેથી ભગવાન્ પણ ગૃહસ્થ છે. લક્ષ્મીનો હાથ પકડ્યો તો અમારા મસ્તક ઉપર હાથ મૂકતાં શું ભારે પડવાનું હતું. ત્યાં શંકા કરે કે લક્ષ્મી સાથે તો લગ્ન કર્યું છે. માણસમાત્રને પોતાની સ્ત્રી સાથે સંબંધ હોય તેવો સંબંધ બીજે ન કરાય. ભગવાન્ વિધિપૂર્વક અગ્નિની સાક્ષિએ તેનો હાથ ગ્રહણ કર્યો છે તેથી તેને બધું કરી શકે. તમને કેમ અડકે? એ શંકાના ઉત્તરમાં કહે છે કે અમે પણ સંસારના ભયથી આપના ચરણને શરણ કર્યું તેણે અમને અભયદાન આપ્યું છે. માટે વિવાહમાં જેમ વેદની આજ્ઞા છે તેવી આજ્ઞા શરણે આવે તેનું પાલન કરવા માટે પણ છે. વિવાહ કરતાં પણ શરણે આવેલની રક્ષા મોટી છે. કેમકે પરણવું તો સાધારણ જીવ પણ કરી શકે શરણે આવેલાની રક્ષા તો ઈશ્વરજ કરી શકે તેમાં પણ તમારો પ્રકાર નિષિદ્ધ છે તે ભગવાન્ કેમ કરે? એ શંકાના ઉત્તરમાં કહે છે કે તે વૃષ્ણિકુલમાં શ્રેષ્ઠ છે. વૃષ્ણિ યદુવંશમાં થયો છે તેને ઘણી સ્ત્રીઓમાં ઘણી પ્રજા થઈ હતી તે વંશમાં આપ શ્રેષ્ઠ હોવાથી તેમ કરશો. વળી સ્ત્રીઓ સંસારના ભયથી આવી છે. તે સંસાર સ્વભાવથી દુષ્ટ નથી. પણ અસહ્ય દુઃખ સંસારીને થાય છે તેથી તે દુષ્ટ છે તેમ અમે પણ અત્યારે મોટું દુઃખ પામીએ છીએ તેથી દેખીતા ઉપાયથી અને અલૌકિક અદૃષ્ટ ઉપાયથી પણ આપ તે દુઃખને દૂર કરી શકો તેમ છે તેથી અમે તો શરણ આવ્યાં તેથી નિર્ભય છીએ. સ્ત્રીના [1]વ્રતનો વિચાર કરી અમારો મનોરથ પૂરો કરો. ५

---

૧. ઇન્દ્રની બ્રહ્મહત્યા લીધી ત્યારે અથવા બીજી વખતે ઇન્દ્ર સ્ત્રીઓને પ્રસન્ન થયો છે. તેણે આજ્ઞા કરી કે 'भवतीनां काम विहन्ता पातकी स्यात्' એ સ્ત્રીનું વ્રત–યાજ્ઞવલ્ક્યસ્મૃતિ માં यथाकामी भवेद्वापि स्त्रीणां वरमनुस्मरन् । એ શ્લોકની મિતાક્ષરાનામની ટીકામાં એનો વિસ્તાર છે તેથી વિશેષજ્ઞે ત્યાં જોવું.

તામસી કાંઈક જૂદી શૈલીથી ધૃષ્ટતાથી તેજ અર્થની માગણી કરી છે.

**व्रजजनार्तिहन् वीर योषितां निजजनस्मयध्वंसनस्मित ।**
**भज सखे भवत्किङ्करीः स्म नो जलरुहाननं चारु दर्शय ॥ ६ ॥**

હે વ્રજના દુઃખને હણનાર, હે સ્ત્રીઓના વીર, હે નિજજનના ગર્વને સ્મિતમાત્રથી દૂર કરનાર, હે સખે, અમે આપની આજ્ઞાધારિણી દાસીઓ છીએ તેને આપ ભજો આપના અતિસુંદર શ્રીમુખકમળનું દર્શન કરાવો.

**सुबोधिनी**—હે ભગવન્ આ સખીઓ બોલવાનું જાણતી નથી હું તો મનમાં નકી કર્યું હોય તે કહી શકું છું હે મિત્ર એમ સંબોધન અપ્રતારણામાટે છે. આપ અમને ભજો આમાં આપનું હિત છે એમ હું કહું છું. તમે તો ધૃષ્ટતાથી આમ કેમ બોલો છો તે પણ અમારાથી ન બની શકે એવું કેમ બોલાય? એમ પ્રિય કહે તેના ઉત્તરમાં કહે છે કે આપની અમો દાસીઓ છીએ આપની પ્રતિજ્ઞા છે કે 'જે જેવા ભાવથી મને ભજે તેને હું તેવીરીતે ભજું છું.' અમે દાસીઓ ભજીએ છીએ એ પ્રકારે આપ અમને ભજો. અમો દાસીઓ છીએ આપની પ્રતિજ્ઞા છે તે સર્વત્ર પ્રસિદ્ધ છે. એ બતાવવા માટે પ્રસિદ્ધિવાચક **स्म** લખ્યો છે. અમારા ભજન માટે આપની આ એકજ પ્રતિજ્ઞા છે એમ નથી પણ બીજાં પણ કારણો છે. તેમાં પ્રથમ આપ ભૂતળ ઉપર પધાર્યા તેનું કારણ વિચારો. તે તો વ્રજજનના દુઃખને દૂર કરવા માટે આપ પધાર્યા છો અમને અત્યારે જે દુઃખ છે તેના જેવું બીજું દુઃખ નથી. એ તો અમે સામાન્ય કારણ કહ્યું. વિશેષ પ્રયોજન એ છે કે આપ યોષિતાઓના વીર છો એટલે શૂર પુરુષોને વીર હોય તે મારી શકે છે. તેમ બીજાના શરીરમાં પેસી ગયેલા કામાદિને આપે કાઢી નાખવો જોઇએ. તેમાં મુખ્ય કામ બહુ પ્રકારનો છે. અંદર અને બહારના પદાર્થોથી પૂર્ણ કરી તેને અમારા શરીરમાં આશ્રય ન મળે એવો નિરાધાર કરવો જોઇએ. લોકોમાં પણ દેનારની કીર્તિ વધે છે. શૂરવીર કરતાં પણ દાતાનું યશ વધે છે. આપ તો મહાવીર છો કેમકે આપ અંદર રહેલો આનંદ અમારા શરીરમાં પૂરો અમે તો અતિદરિદ્રી છીએ બ્રહ્મા પણ અમારી ઇચ્છાને પૂરવામાં અસમર્થ છે. તેની ઇચ્છા આપજ પૂર્ણ કરી શકો આ આપની વાત સર્વની જાણમાં છે. તેથીજ આપને સંબોધ્યા કે આપ યોષિતના વીર છો. કૃષ્ણવિના કોઈ પણ આવા સંબોધનને લાયક નથી. કેમકે આપ વિના જગતમાં બધા અપૂર્ણકામ છે. તેથી અવતારના સામાન્યવિશેષ પ્રયોજનનો વિચાર કરી અમને ભજો. તે તમારી વાત ઠીક છે પણ તમને અભિમાનરૂપ દોષ થયો હતો તેને મટાડવા માટે તમારૂં ભજન હું નથી કરતો એમ ભગવાન કહે તો તેના ઉત્તરમાં કહે છે કે પોતાના સેવકને ગર્વ થાય તો તેને દૂર કરવા ભગવાનને ફક્ત મંદ હસવુંજ જોઇએ બીજું કાંઈ કરવાની જરૂર નથી. મંદહાસ એ માયાનું રૂપ છે તેને ધીમેથી ભક્તમાં મૂકવું એ સ્મિત શબ્દનો અર્થ છે. માયામોહ વિના કોઇને ગર્વ થતો નથી તે હાસ્યનો સંકોચ કરો તો માયાનો મોહ મટી જતાં ગર્વ ચાલ્યો જાય. નિજજનના ધર્મો દુષ્ટ થાય છે. ધર્મિ એટલે સ્વરૂપ દુષ્ટ નથી. જો સ્વરૂપથી દુષ્ટ હોય તો તે નિજ ન કહેવાય. તેથી અમારી પાસે જરા સ્મિત કરો તો અમારો ગર્વ દૂર થઈ જશે. લોકમાં પણ આપના હસવાથી માયાનો મોહ થતાં આપની તુલ્યતા માને છે. જ્યારે આપ હાસ્યનો સંકોચ કરો ત્યારે તેનો

ગર્વ ઉતરી જાય છે. અભિમાનરૂપ દોષ સ્ત્રીમાં ત્યાં સુધી રહે છે જ્યાં સુધી આપનું મંદહાસવાળું મુખ જોતી નથી. કોઈ જગતમાં એવી સ્ત્રી નથી કે ભગવાનનું મંદહાસ્યવાળું મુખ જોઈ પોતાનું અભિમાન ઘડી ભર નિભાવી શકે. લોકમાં બીજાનો અભિમાન દૂર કરવામાં મંદહાસ્ય કારણ છે એવું સાંભળવામાં નથી આવ્યું તેથી કેમ જણાય કે તમે એ સાચી વાત કહો છો? તેના ઉત્તરમાં કહે છે કે મંદહાસવાળું આપનું મુખકમળ અમને બતાવો અને પછી જુઓ કે અમારૂં અભિમાન ઘડી ભર ટેરે છે? વળી જરૂર જળમાં ઉગતા કમળ જેવું આપનું શ્રીમુખ છે તે આપના શ્રી-મુખમાંથી અમૃત સ્રવે છે. અમૃત પીવા પછી કોઇને રોગ દોષ રહેતો નથી. એ યુક્તિ પણ આ વાતને દૃઢ કરે છે. આ સાધન છે એમ અમે ચોકસ કહીએ છીએ છતાં એમાં આપને સંદેહ હોય તો એ પ્રયોગ કરીને ખાત્રી કરો. અભિમાન મનનો ધર્મ છે આપનું સુંદર શ્રીમુખ તો મનને હરનાર છે. જ્યારે આપનું શ્રીમુખ અમારા મનને ચોરશે ત્યારે મનથી થતું અભિમાન કોને આધારે રહી શકે તેથી ધર્મીને લઈ ગયા પછી ધર્મ રહે નહિં તેમ ગર્વ રહેશે નહિં. વળી મિત્ર મિત્રનું ભજન કરે તે પણ યોગ્યજ છે એમાં કાંઈ દોષ જેવું નથી. ૬

રાજસી તેના કરતાં પણ ઉત્તમ છે તે એ જ વાત પ્રકારાંતરથી કહે છે.

**प्रणतदेहिनां पापकर्षणं तृणचरानुगं श्रीनिकेतनम् ।**
**फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ॥७॥**

પ્રણત જીવોના પાપને દૂર કરનાર ગાયો પાછળ ચાલનાર, લક્ષ્મીના નિવાસ-રૂપ, કાલિયના ફણાઉપર રહેલું આપનું ચરણ, અમારા સ્તન ઉપર ધરી હૃદયમાં પેઠેલા કામદેવને કાપી નાખો.

**सुबोधिनी**—આપનું ચરણકમળ અમારા સ્તનને વિષે સ્થાપન કરો. **कृणुष्व**માં છાંદસલોપ છે તેથી **कृणु** કહ્યું છે, તેનું કારણ કે તેનાવડે હૃદયમાં શયન કરનાર ચોરની જેમ પેઠેલા કામને નસાડો. એક સ્ત્રીને તો બે કુચ હોય પણ કહેનાર ઘણાં છે તે બધાં કુચવાળાં છે તેથી **कुचेषु** એમ બહુવચન કહ્યું છે. અથવા બે છે પણ વિરહથી તેના ટુકડા ઘણા થયા એટલે બહુવચન વાપર્યું છે. પ્રથમ શ્લોકમાં મસ્તક ઉપર શ્રીહસ્ત ધરો એમ કહેવાથી પાસે આવવાનું કહ્યું તે પછી ભજનનું કહ્યું તેથી સંબંધ કહ્યો, આ વાક્યથી વિપરીત રસ કહ્યો છે. અથવા તિર્યક્ બંધનો કોઈ ભેદ કહ્યો. એક વચન કહ્યું છે તેમાં કોઈ બંધમાં એક પગ સ્તનને અડકતો હશે એવા બંધની માગણી કરી છે. એટલું જો આપ કરો તો અમારા હૃદયમાં રહેલ કામ ચાલ્યો જાય. અથવા સ્ત્રીઓ સમુદાયથી વિલાસ કરતાં શયન કરે છે તેમાં છેવટે રહેલીને ચરણનો સંબંધ થાય છે તેથી તેમ કહ્યું છે. ગોપીઓના સ્તન કઠણ છે તેની ઉપર કોમળ ચરણ કેમ રાખવાનું કહેવાય? ત્યાં કહે છે કે તે ચરણ તો કાલિય નાગની ફણ ઉપર નાચકરી આવ્યું છે તેના કરતાં અમારા સ્તનો વધારે ક્રૂર નથી. કાલિયના મસ્તક ઉપર ચરણ-સ્થાપન કરીને કાલિયના દોષ દૂર કર્યા એમ આહિં અમારા સ્તન ઉપર ચરણ ધરી અમારો દોષ દૂર કરો. આપનું ચરણ કમળ છે. કમળ તાપને હરે તે વાત પ્રત્યક્ષ છે માટે તેમ કરો. ત્યાં કહે કે સ્ત્રીની છાતી ઉપર પગ મૂકવો યોગ્ય ન ગણાય. વક્ષસ્થલ તો લક્ષ્મીનું સ્થાન છે. લક્ષ્મીને તે વક્ષસ્થલનો સ્પર્શ છે, તો બીજીનું તો શુંજ કહેવું?

ત્યાં કહે કે તમે તો મૂર્ખ છો તમારૂં હિત કેમ કરવું ? તેના ઉત્તરમાં કહે છે કે આપનું ચરણ ગાયોની પાછળ ફરનાર છે તે ગાયો શું ઘાસ છોડીને અમૃત ખાય છે ? તેને તો ઘાસજ અમૃત છે. તેમ અમારે કામ અમૃત છે. એમ કરવાથી આપ તો પરમ કૃપાલુ છો તેને કોઈ અર્થનો ક્ષય થવાનો નથી. ત્યાં શંકા કરે છે કે તમો જીતેંદ્રિય નથી તે તમારામાં પાપ છે તે દૂર થયા પછી હું ચરણ ધરીશ તેના ઉત્તરમાં કહે છે કે આપને માણસ પ્રણામ કરે તો તેનાં પાપ ન રહે. અમે આપને સારીરીતે પ્રણામ કર્યા છે. અમે પાપને દૂર કરવા માટે બીજું કાંઈ કરી ન શકીએ કેમકે ભક્તના પાપ તો આપના ચરણમાં પ્રણામ કરવાથીજ જાય છે. તેમાં પણ દેહધારી દેહથી અત્યંત નમન કરે છે તેથી તેણે ધર્મમાર્ગનો પણ પરિત્યાગ કર્યો છે. દેહનું અભિમાન છે તેથી જ્ઞાન થયું ન કહેવાય. પ્રણત થયા તેની અધોગતિ થવાની નથી. તેના પાપ તો આપના ચરણ-સ્પર્શથીજ દૂર થાય. ચિંતન કરવાથી દૂર થાય, દર્શનથી, આલિંગનથી દૂર થાય. ૭

આજ વસ્તુની તેનાથી ઉત્તમ બીજી પ્રકારાન્તરથી પ્રાર્થના કરે છે.

**मधुरया गिरा वल्गुवाक्यया बुधमनोज्ञया पुष्करेक्षण ।**
**विधिकरीरिमा वीर मुह्यतीरधरसीधुनाप्याययस्व नः ॥ ८ ॥**

હે કમલનયન હે વીર જેમાં સુંદર વાકયરચના છે એવી મધુરવાણીથી મુગ્ધ બનેલી આપની આજ્ઞાકારી આ દાસીઓને બોલાવી અધરરૂપી કેફીપીણાથી પુષ્ટ બનાવો.

**सुबोधिनी**—[1]'હાથથી, સ્વરૂપથી અને ચરણથી ઉપકાર કરવાની પ્રાર્થના કરી. હવે આપ શ્રીમુખથી ઉપકાર કરો એમ ગોપીઓ ભગવાન પાસે માગે છે. પૂર્વે કહ્યું બધું જ્યાં સુધી સ્પષ્ટતાથી ન કહેવાય ત્યાં સુધી તે સરસ ન ગણાય એવી રસની મર્યાદા છે.'

હે સ્વામિન્ આપની મધુરવાણીમાં મોહપામતી આપની ગોપીઓને આપ પુષ્ટ બનાવો. મોહ, મરવાની પહેલાની અવસ્થા છે. ગોપીઓને પુષ્ટ બનાવવામાં કારણ કહે છે કે તે આપના હુકમને ઉઠાવનારી છે. અથવા સેવા કરનારી છે. આપ-નામાં અસામર્થ્ય તો નથી. કેમકે આપ વીર છો. શૌર્ય દુ:ખીના દુ:ખને દૂર કરનાર છે. આ આપની દાસીઓ છે એમ બતાવે છે. આને ક્ષણવાર વિલંબ કરશો તો તે મરી જશે એમ દેખાડીને સૂચવે છે. ત્યાં કહે કે વાણીમાત્રથી મોહ થયો હોય તે કેમ મટે ? તેના ઉત્તરમાં કહે છે કે મોહ તો માયારૂપ છે. તે આપના સત્ ચિત્ત અને આનંદાત્મકરૂપથી નિવૃત્ત થાય. તેમાં આપની વાણી આનંદરૂપ છે તેજ કહે છે. મધ—અસાધારણ રસ છે. તે મધવાળો એટલે મધુર. વલ્ગુ એટલે સુંદર વાક્ય. જ્યાં વાણીજ મન હરે તેમાં સત્યતા કે પ્રિયતા હોય તોજ મન હરે તેથી વાણીને સદ્રૂપા કહી. ડાહ્યા પુરુષોને આહ્લાદ કરનારી તેથી તે જ્ઞાન અથવા ચિદ્રૂપ છે. તે જ્ઞાનથીજ ડાહ્યા પુરુષોને આનંદ થાય છે. મુખમાં બે નેત્ર છે તેનો પણ બોલવામાં ઉપયોગ કરતા જવું તે કહે છે કે કમળ સરખાં પારકાના તાપને દૂર કરનાર નેત્ર છે. વળી અધર-

---

१. हस्तेन च स्वरूपेण पदा चोपकृतिर्मता । मुखेन चोपकारो हि कर्तव्य इति ता जगुः ॥ १ ॥
पूर्वोक्तमपि सर्वं हि यावत् स्पष्टं न भाषते । तावत्सरसतां याति न कदाचिदिति स्थितिः ॥ २ ॥

રૂપી અમૃતથી પણ અમને પોષણ આપો. મૂર્છા આવી હોય તેને મૂર્છા ઉતારવા-માટે મોટા મંત્રો બોલાય છે કમળ વગેરે ઠંડા દ્રવ્ય હૃદય ઉપર રાખે છે. સર્વથા અસાધ્ય રોગમાં અમૃત પણ અપાય છે. અથવા અત્યંત ગુપ્ત રસ અપાય છે. અમારી મૂર્છા સાધારણ ઉપચારથી મટે તેવી નથી તેથી વીર એવું સંબોધન આપ્યું છે. અમારી આ છેલ્લી અવસ્થા છે પૂર્વે વર્ણન કર્યા અર્થો આપનું સ્મરણ કરાવે છે ત્યારે મૂર્છા વધે છે. તેથી આપ જલદી બચાવો. ૮

એમ ચાર વાતની પ્રાર્થના કરી તે નથી મલતી એમાં પોતે જ કારણ કલ્પીને તેનો ઉત્તર આપે છે.

**तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।**
**श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥ ९ ॥**

આપની કથા અમૃતરૂપ છે, કવિઓએ સ્તુતિ કરાયલી છે, પાપને દૂર કરનારી છે, સાંભળતાં મંગળ કરનારી છે. શોભાવાળી છે, સર્વત્ર વ્યાપ્ત છે, તે કથાનું દાન કરનારા જગતમાં મોટા દાતા ગણાય છે.

**सुबोधिनी**—તમારી પ્રાર્થના પ્રમાણે તમને મળવાનું નથી કેમકે દેવાનું તો ભક્તને હોય અભક્તને ન્હોય. તમને ભગવાનનો વિરહ થયો છતાં જીવતાં રહ્યાં તેથી તમારો ભગવાનમાં ખરો સ્નેહ નથી. ભગવાન્ તો કોઈ જીવની અપેક્ષા રાખતા નથી તમો જીવો તેમાં ભગવાનને કાંઈ લાભ નથી લક્ષ્મી જેવી કરોડો દાસીઓ તેને છે માટે તમારે માટે અમે પ્રાણ બચાવી રાખ્યા છે વગેરે તમારૂં કથન સંગત થતું નથી તેથી હવે વધારેવાર પ્રાર્થના કરવી વ્યર્થ છે. એમ કહે તો તેના ઉત્તરમાં ગોપીઓ કહે છે. અમેં ભગવાનના વિરહમાં જીવિએ છીએ તે અમારા પ્રયત્નથી નહિં પણ આપની કથાથી જીવીએ છીએ. આપની કથા વિરહથી જતા પ્રાણને રોકે છે. જેવો આપનો પ્રભાવ તેવો આપની કથાનો પ્રભાવ છે. આપ છ ભગવાળા છો તેમ આપની કથા છ ગુણવાલી છે. તે ઉપરાંત મોક્ષ અને પરમાનંદને આપનારી છે. આપની કથાજ અમૃત છે. કથા ભગવદ્રસરૂપ છે. સર્વના મરણને જે પાછું ઠેલે તે અમૃત કહેવાય તેથી તેમાં મોક્ષ આપવાપણું અને પરમાનંદપણું સિદ્ધ થાય છે. હવે છ ગુણો છ વિશેષણથી બતાવે છે કે કથા સંસારમાં તપ્ત લોકોનું જીવન છે. અમૃત તાપ મટાડે છે. એ વાત પ્રસિદ્ધ છે. વૈરાગ્ય અથવા ભગવાનનું જ્ઞાન સર્વ તાપને દૂર કરે. જેને સંસ્કારની યોગ્યતા હોય તે જ્ઞાનથી નિવૃત્ત થાય. જેને સંસ્કાર થઈ ન શકે તેને છોડી દેવાથી નિવૃત્ત થાય. માટેજ સ્માર્તો સંસ્કાર કરનાર છે તે છેલ્લો સંન્યાસ કરે છે. માટે જ્ઞાન તથા વૈરાગ્ય તાપને દૂર કરનાર છે. જલ વગેરે ઉપર ઉપરના તાપને દૂર કરે છે. તે માટે કહે છે કે આ ઉપાય તો ડાહ્યા પુરુષોનો કહેલો છે. શબ્દ અને તેના અર્થમાં રસ જોનાર કવિ કહેવાય તેણે તાપ દૂર કરવાનાં બે કારણ કહ્યાં જ્ઞાન અને વૈરાગ્ય. થોડો ઉપરઉપરથી તાપ સ્ત્રી પણ દૂર કરી શકે છે. તેથી કહે છે કે તે જ્ઞાન વૈરાગ્યમાં પાપ દૂર કરવાની શક્તિ છે. ઐશ્વર્ય અને ધર્મ એવો પાઠ પણ છે તેથી અલૌકિકને સિદ્ધ કરી આપે તે વીર્ય કહેવાય. તે વીર્યથી ધર્મ લેવાનો છે. જે ધર્મરૂપ હોય તે પાપને દૂર કરનાર હોય. કથાનું તેવીરીતે પાપ દૂર કરવાનું પ્રસિદ્ધ છે. કોઇ કહે કે કથાથી જ પાપ દૂર થાય એવું નથી પાપ તો પ્રાયશ્ચિત્તથી પણ ઉપર ઉપરથી દૂર થાય છે તેના ઉત્તરમાં

કહે છે કે કથા તો સાંભળનારનું મંગળ કરે છે. પ્રાયશ્ચિત્તમાં તો ગોબર શરીરને ચોપડવું પડે ઉપવાસ કરવો પડે તે સ્વરૂપથી અમંગળ ગણાય. કેમકે તેનું સ્વરૂપજ ભયંકર છે. સાંભળે ત્યાંજ અનિષ્ટ માલુમ પડે કથાનું શ્રવણ તો આનંદ આપે છે. એ તો અનુભવથી સિદ્ધ થએલી બાબત છે. શ્રવણથી મંગળ તેથી તે કીર્તિરૂપ કહ્યું. ત્યાં શંકા કરે કે દીકરાનો જન્મ સાંભળે તે મંગળરૂપ છે તે પણ મંગળરૂપ ગણાશે ત્યાં કહે છે કે છોકરો જન્મે ત્યારે તો હજારોનો ખર્ચ કરવો પડે છે. પૈસા બીજાને આપવા પડે, આ કથામૃત તો લક્ષ્મીને અપેક્ષિત હોવાથી કથામાં લક્ષ્મી આવે પણ જાય નહિં તેથી શ્રોતા વક્તા બન્ને લક્ષ્મીવાળા થાય છે. ત્યાં કહે છે કે કોઇને રાજ્ય મળે તો તેમાં ખર્ચ નહિં અને લાભ મોટો મંગળરૂપ પણ રાજ્યપ્રાપ્તિ ગણાય ત્યાં કહે છે કે કથામૃત તો અન્તર બહાર વ્યાપ્ત થાય છે રાજ્ય તો અમુક મૈલમાંજ હોય છે તેથી આગળ ગયા એટલે હુકમ ન ચાલે કથામાં ભગવાનનું ઐશ્વર્ય આવે તેનો પ્રભાવ તો સર્વત્ર જગતમાં પ્રસિદ્ધ છે. કથામૃત સર્વ લોકમાં વ્યાપિને રહ્યું છે. કથાનું માહાત્મ્ય જગતમાં બધે છે. તેમાં ખર્ચ નથી પણ લક્ષ્મીની પ્રાપ્તિ છે માટે રાજ્ય કરતાં કથામૃત શ્રેષ્ઠ છે. તેથી સ્વરૂપથી અને ધર્મથી આપના જેવી આપની કથા છે. તે કથાથી અમારૂં જીવન ટકયું છે અમારા પ્રયત્નથી અમે જીવ્યાં નથી. આપના કરતાં પણ આપની કથા વધી જાય આપ તો વખતેં કોઇકને મારો પણ ખરા, કથા તો કોઇને મારતી નથી પણ મરણનો વખત આવે ત્યારેં ભગવાનનું નામ લે તો થોડીવાર તે જીવે છે ભગવાન્ સ્વતંત્ર છે કથા તો વક્તા–શ્રોતાને આધીન છે. એટલો કથામાં આપના સ્વરૂપથી વિશેષ છે. આપને તો બ્રહ્માદિ દેવો ભેગા થઈ પ્રાર્થના કરે ત્યારે આવો અને આવીને પાછા તિરોધાન કરો. કથા તો ચાલી તે બંધ ન થાય. માટે એ કથારૂપ અમૃત લોકમાં પ્રવર્તાવનાર વ્યાસાદિ છે તેજ મહાન્ દાતા છે. યે શબ્દ કહ્યો છે તેવા ઝાઝા નથી પણ વ્યાસજી જેવા કોઇકજ હોય છે તે પણ કેવળ [1]અજન અને [2]ભૂરિદ હોવાથી ભગવદ્રૂપ છે. પણ અમૃત વિરલ છે. કેવલ મરતાને બચાવે છે. પરંતુ તે બહું મલીને વધારે રસ આપી ન શકે જેમ ખાંડનો રસ અને ખાંડની પૂતળીમાં ભેદ છે તેમ કથામાં અને સ્વરૂપમાં ભેદ છે. રસને સંભાળવાની પંચાત પડે સ્વરૂપ સ્વતઃ રક્ષિત રહે છે. જો સ્વરૂપમાં વિશેષ ન હોત તો બધા કથા સાંભળત ભગવાનના સ્વરૂપની કોઈ ઇચ્છા ન કરત. તેથી કથા તો વિરહમાં પ્રાણ જતા હોય તેને બચાવી દે એટલા અંશમાં કથાનો ઉપયોગ છે. તેથી ભગવાનની કથા કહેનાર મોટા દાતા છે અમારૂં પણ ગુણગાનથી જીવન ટકી રહ્યું છે. આ સાત્વિકીનાં વચન છે. ૯

તામસીનું વચન હવે કહેવાય છે.

**प्रहसितं प्रिय प्रेमवीक्षणं विहरणं च ते ध्यानमङ्गलम् ।**

**रहसि संविदो या हृदि स्पृशः कुहक नो मनः क्षोभयन्ति हि ॥१०॥**

હે પ્રિય આપનું વિશિષ્ટ હસવું, પ્રેમ સાથે વીક્ષણ કરવું, ધ્યાન કરનારનું મંગળ કરનાર આપના વિહારો. એકાન્તમાં હૃદયમાં ચોંટી જાય એવા સંકેતો આપે આપેલા તેનો વિચાર કરતાં હે કપટી, અમારા મનને ક્ષોભ થાય છે.

---

૧ જન્મવગરના. ૨ સર્વસ્વ આપનાર.

**सुबोधिनी**—જો કે કથાથી જીવન ટકી રહે છે. પણ જો આપના ધર્મો મનમાં ક્ષોભ ઉત્પન્ન ન કરે તો. જેમ ભગવાનમાં ઐશ્વર્યાદિ છ ગુણો છે તેમ તેમાં છ મોહ કરનાર ગુણો પણ છે. જો એ ગુણો ન હોય તો કથાથી માણસ કૃતાર્થ થઈ શકે પરંતુ કથામાં નિષ્ઠા ન રખાવવા માટે માયાવડે ભગવાન્ કપટલીલા પણ કરે છે. ગોપીઓને પોતાના સ્વભાવમાં દોષ છે તે ભગવાનમાં દેખાણો છે. જેમ તાવવાળાને અમૃત જેવા અન્નમાં પણ મોઢામાં નાખે ત્યાં વિરસતા દેખાય. તેથી કહે છે કે આપનું હસવું વગેરે અમારા મનમાં ક્ષોભ કરે છે. ભગવાન્ મોટેથી હસે છે. ગોપી સ્વભાવથી દુઃખી હોય તેને છોડી બીજી ગોપીપાસે ચાલ્યા જાય છે તેની પાસથી આવી મોટેથી હસે છે. ત્યારે અમારા મનમાં ઘણો આઘાત થાય છે. પ્રિય એમ સંબોધે છે તેમાં એમ સૂચવે છે કે આપનો સંબંધ યાદ કરીએ તો પણ મનને ખેદ થાય છે. જેને આપનો સંબંધ નથી તેના મનને ક્ષોભ નથી. આપ પ્રેમથી જુઓ છો તેનાથી પણ અમારૂં મન ક્ષોભ પામે છે. તેને યાદ કરીએ તેમાં વિશ્વાસ રાખે તેને પણ આપના અંતરમાં કપટ હોય તેથી મન ક્ષોભ પામે છે. જો આપનામાં કપટ ન હોય તો બોલો કાંઈક અને તે પ્રમાણે ચાલો નહિ એ કેમ બને ? મનને અધર તોળે છે. અથવા અમને આશા બંધાય છે આશાથી શ્રમ પડે છે. આપના વિહારો પણ અમારા મનને ભાંગી નાખે છે. ભગવાનના વિહાર એટલે વેણુ વગાડતાં વિલાસથી ચાલવું. ભગવાન્ રસની ખાણ છે તેમાંથી વિહાર કરે ત્યારે, રસ બહાર નીકળે. વિશેષે કરીને હરણ કરવું એનું નામ વિહાર છે તે વિહારમાં શ્રીઅંગને ત્રણ ઠેકાણે વાંકું દેખાડે ત્યારે તે ત્રિભંગલલિત કહેવાય. તેનું અમે પ્રથમ ધ્યાન કર્યું હતું તે ધ્યાનથી અમને ફલ સારૂં મળેલું તેને સંભારતાં પણ અત્યારે અમારા મનને આઘાત થાય છે કેમકે ત્યારે દર્શન આપતા હતા અને આજે દર્શન દેતા નથી. બીજું માયાથી પણ આપ તેમ કરો છો તેથી મુખ્ય લીલા અહિં કહી છે. એમ રૂપના સંબંધમાં ચાર વસ્તુ મનને મથી નાખનારી છે. હવે બે નામ સંબંધી કહે છે કે એકાન્તમાં આપ અમારી સાથે લીલા કરવાની ગુપ્ત વાતો કરો તેમાં બંધાદિકનું જ્ઞાન કરાવો તેમાં પણ અમારા હૃદયમાં ચોંટી જાય એવી વાણી બોલો જેને અમારા સાથેજ સંબંધ હોય એવી બંધાદિકની વાતો કેવળ સાધારણ નાયિકાને લાયકજ નહિં. એ વખતે અમને સુખ થાય પણ તેમ ન કરો ત્યારે તેને યાદ કરતાં અમારા મનને ક્ષોભ થાય. આ બધી અનુભવની વાત છે. તેથી हि શબ્દ લખ્યો છે. આપના અનુભવમાં આવેલી બધી ગોપીઓ આપના સ્વભાવને જાણે છે. તેને આપનો અનુભવ હોય છે. ૧૦

રાજસીનાં વચન કહે છે.

**चलसि यद्व्रजाच्चारयन् पशून् नलिनसुन्दरं नाथ ते पदम् ।**
**शिलतृणाङ्कुरैः सीदतीति नः कलिलतां मनः कान्त गच्छति ॥११॥**

હે નાથ આપ વ્રજમાંથી પશુને લઇને વનમાં પધારો છો ત્યારે રાત્રિવિકાસી કમળના સરખું કોમલ આપનું ચરણ કાંકરા અને દર્ભના અંકુરથી દુભાય છે તેનો હે કાન્ત અમો વિચાર કરીએ છીએ ત્યારે અમારૂં મન કલેશવાળું થાય છે.

**सुबोधिनी**—આપ કોઈ એવે ઠેકાણે ફરો તેમાં આપને વિનોદ હોય છતાં તેનો પણ અમારા મનમાં વિચાર થાય છે. અમે દુઃખી છીએ તો પણ આપને અમારી કાંઈ પડી નથી, તેમાં ન્યાયવિરોધ બતાવે છે. આપ જ્યારે ગાયોને ચલાવતા વનમાં પધારો છો ત્યારે ચાલવામાં પોઈણી કરતાં પણ કોમળ, હે નાથ આપનું ચરણ રસ્તામાં કાંકરા ઘાસના કોંટા વગેરે ઉપર આવે તેમાં તામસ સાત્ત્વિક રાજસ ભાવ કહ્યા અથવા શિળ(કાંકરા)રૂપ એટલે કઠણ, ઘાસના અંકુર અતિ તિખા હોય તેના ઉપર ચરણ આવતાં આપને અથવા આપના ચરણને કેટલું દુઃખ થતું હશે! ખરી રીતે તો આપને તેમાં કાંઈ દુઃખ નથી. છતાં અમારૂં મન તેના સ્મરણથી દુઃખી થઈ જાય છે. વ્રજાત્ એમ કહ્યું તેથી સવારથી દુઃખજ રહે છે. ખરી રીતે તો આપના ચરણો અમારા હૃદયથી અન્યત્ર જતાંજ નથી. તોપણ આપ ચરણને બલાત્કારે ચલાવો છો. વ્રજમાં રહેલી ગાયોને અરણ્યમાં લઈ જાઓ છો તે માર્ગે ચાલ્યાં જાય તો તેને ચરવાનું ઘાસ માર્ગમાં ન હોય તેથી માર્ગ વગર આડેધડ ચાલવું પડે છે. ભૂમિને ચરણસ્પર્શ કરાવી તેનું દુઃખ દૂર કરવામાટે ચરણમાં જોડા પહેરતા નથી. જેને પાળીએ તેના ચામડાના જોડા ન પહેરાય. તેથી નલિન જેવું ચરણ જ શિળ તૃણ ઉપર આવવાથી દુઃખી થાય છે. કમળ તો જળ અથવા જળ પૂર્ણમાંજ રહેવા યોગ્ય હોય. આપ તો નાથ છો. ગાયો ચરાવવાનું બીજાને કહો તો ઘણા છે છતાં તેને ન કહેતાં આપ સ્વતઃ પધારો છો. વનમાં ભૂમિ ત્રણ પ્રકારની હોય છે. પર્વત, અરણ્ય અને કચ્છરૂપા એમ ત્રણ ભેદ છે તેમાં પર્વતમાં કાંકરા હોય અરણ્યમાં ઘાસ હોય અને જળવાળા કાંઠાની જમીનમાં અંકુર હોય. અથવા ત્રણેમાં ત્રણ હોય છે. ખેદ થાય છે તે અમો અશક્તિથી એક જગ્યાએ રહીએ છીએ તેની ચિંતા થાય છે. મનમાં તો એમ થાય છે કે અમે વનમાં જઈ ભગવાનનું ચરણ સ્થાપવાનું હોય ત્યાં અમારૂં હૃદય રાખી તેના ઉપર ચરણને લઇએ અથવા આપ મનના કાન્ત છો. તેથી મનને રોકીએ તોપણ તેના આપ કાંત હોવાથી આપની પાસે તે મન આવે છે અમારી પાસે રહેતું નથી. ૧૧

એમ સાત પ્રકારની કુમારિકાઓ કહી ચાર અન્યપૂર્વાઓ કહી. હવે ક્રમથી પ્રાપ્ત છ તેજ કહેવામાં આવે છે તેમાં પ્રથમ રાજસતામસી બોલે છે. તે બહાર નીકળી ભગવાનને જોઈ શકતાં નથી. તેથી જ્યારે સંધ્યાસમયે ભગવાન્ વનમાંથી વ્રજમાં આવે છે ત્યારે તે ભગવાનનાં દર્શન કરે છે. દર્શન કરતાં તેને મનમાં કામ ઉત્પન્ન થાય છે. તે ભગવાન પાસે બન્ધની પ્રાર્થના અને અધરામૃતની પ્રાર્થના કરે છે. તેનું કારણ રાજસસાત્વિકભાવ છે અનન્યપૂર્વાનો કામ તો નિત્ય છે તે જ કહે છે.

**दिनपरिक्षये नीलकुन्तलैर्वनरुहाननं बिभ्रदावृतम् ।**
**घनरजस्वलं दर्शयन् मुहुर्मनसि नः स्मरं वीर यच्छसि ॥ १२ ॥**

હે વીર ! સંધ્યા આર્તિના સમયે ગાયોની રજ નીલકુંતળ ઉપર છવાઈ ગઈ છે. એવું શ્રીમુખ બતાવતા આપ અમારા મનમાં કામને અવકાશ આપો છો.

**सुबोधिनी**—દિવસનો ચારે તરફથી ક્ષય એટલે સંધ્યાનો સમય. દિનનો ક્ષય કહ્યો તેથી તે ગોપીઓને દિવસો ગમતા નથી કેમકે તેમાં ભગવાન્ વનમાં પધારે તેથી

તેમને વિયોગ થાય છે તેથી દિવસની ઉપર દ્વેષ જણાય છે માટે તેનો परिक्षय કહ્યો છે. આ સમય રજોગુણનો અથવા કામનો છે. શ્યામ કમળો ભમરાની જેમ રસોદ્‌બોધક છે. જે મુખકમળનું લાવણ્ય પીએ તે રસના ઉદ્‌બોધક થાય છે. તેથી નીલકુંતળથી વીંટાયલું શ્રીમુખ કમળજેવું દેખાય છે. એવા કમળજેવા શ્રીમુખને ધારણ કરનાર હે વીર અમારા મનમાં કામને પ્રેરો છો. સંધ્યા વખતે કાળા વર્ણવાળાથી વ્યાપ્ત હોવાથી તે કાળી કાન્તિ તે મુખકમળ ઉપર પડે છે તે કહેવાથી અને વનરુ પદ કહેવાથી કુવલયના જેવી આપના શ્રીમુખની કાંતિ છે. એમ કહેવાથી એવું બતાવે છે કે તે કુવલય રાત્રિએ ચંદ્રના કિરણોથી વિકસિત થાય છે તેમ ભગવાનના શ્રીમુખ રૂપ કુવલય ઉપર પણ સ્વામિનીઓના મુખચંદ્રની કાંતિ પડતાં ભગવાનના શ્રીમુખને ઉત્તરોત્તર અધિક વિકાસ થશે તેવું શ્રીમુખ પહેલાં ન્હોતું એમ પણ એમાંથી બતાવે છે. તેથી પ્રિયતમની પણ સર્વ ભક્તોમાં આસક્તિ બતાવી છે. તેથી જલશબ્દ • કહેતાં वन શબ્દ કહ્યો છે. તેથી વનમાં જે અવસ્થા હોય તે અવસ્થા બતાવવા માં તે ધર્મો ધારણ કરતા મુખનું વર્ણન કર્યું છે. એમ ધ્વનિત થાય છે. ધન એટલે ગાયે તેની રજથી રજવાળું મુખારવિંદ બતાવે છે. માર્ગની મધ્યમાં ચાલે છે. માર્ગની બન્ને બાજુ દર્શનાર્થ ઉભી રહેલી ગોપીને પર્યાયથી દર્શન દેતા ચાલે છે. એટલે થોડીવાર આ બાજુની ગોપીને જુએ તો થોડીવાર બીજી બાજુની ગોપીને જુએ છે. તે પણ વારંવાર જુએ છે. અથવા જતાં જતાં પાછળ દૃષ્ટિ કરીને જુએ છે એમ જુએ તેમાં પોતાને અપેક્ષા છે એવો ભાવ બતાવે છે. એમ જોવાથી મન વધારે થાય છે વારંવાર એક જગ્યાએ જોવાથી તેમાં રસનો આસ્વાદ થાય છે. તેથી સ્મરની ઉત્પત્તિનો અવસર રહેતો નથી. વારંવાર જોવું એ સ્મરાગ્નિને ફુકીને વધારવા જેવું છે પછી તેને પૂર્ણ કરવામાટે અથવા તે કામને દૂર કરવામાટે અવશ્ય યુદ્ધ કરવું પડે છે તેથી વીર એમ સંબોધન કહ્યું છે. વીર હોય તે શત્રુને દૂર કરવામાં પાછો ન પ ધનથી રજસ્વળમુખ કહ્યું તેથી તેમને શ્રમ થયો છે એમ બતાવ્યું છે. તે શ્રમ ઓછો તો અમારાથીજ થશે. વળી વનમાં તેનો ભોગ થાય તેથી તે મુખકમળ વનમાં પધાર્ છે. તેથી ઘર ચાલો તો તમને રતિ આપીશ એ પક્ષ ટકી શકતો નથી. બલાત્કારથ તે અવસ્થાનુંજ સ્થાપન કરે છે જો મુખ પોંછીને પધારે તો ભક્તને તેનાથી જ્ઞાન થાય પણ રજસ્વલથી તો કામ ઉત્પન્ન થાય. ક્રોધ ન થાય. જેમ પાત્રને પકડી તેમ રહેલું અન્ન ખાવા આપે છે તેમ મુખને ધારણ કરીને તેમાં રહેલો રસ કામાત્મા અમાર મનમાં સ્થાપન કરો છો તે શ્રીમુખને ધારણ કરવાનું તાત્પર્ય છે. તેથી તે કામરસ તે આપે અમને ભોગમાટે આપ્યો તેથી અમારે તેનો ભોગ કરવો જોઇએ. આ કામ તે આપનો આપેલ છે તેને બીજો પૂરો ન કરે પણ આપજ કરો. ૧૨

તેથી ઉત્તમ ગોપી, પ્રથમ કુમારિકામાહેની ગોપીએ સ્તન ઉપર ચરણ ધારણની પ્રાર્થના કરી છે તેવી પ્રાર્થના કરે છે.

**प्रणतकामदं पद्मजार्चितं धरणीमण्डनं ध्येयमापदि ।**
**चरणपङ्कजं शंतमं च ते रमण नः स्तनेष्वर्पयाधिहन् ॥ १३ ॥**

હે આધિહન્ હે રમણ પ્રણામકરનારના કામને આપનાર, લક્ષ્મીથી પૂજાયેલ

પૃથ્વીના આભૂષણરૂપ, આપત્કાળમાં ધ્યાન કરવા લાયક, આપનું ચરણકમળ અત્યંત સુખદ હોવાથી તેને અમારા સ્તન ઉપર આપ ધરો.

**सुबोधिनी**—વિજાતીય યૂથની ગોપીની ભાષા અને આ ગોપીની ભાષા એક જાતની છે તેથી અહિં પુનરુક્તિ નથી. પણ પહેલાં બોલેલી ગોપી કરતાં આની ભાષામાં ચરણનું માહાત્મ્ય વધારે છે. તેથી આ સ્તુતિ, સ્તુતિ કરનારમાં ગુણને પેદા કરનાર છે પહેલીએ કરેલી સ્તુતિ તો માત્ર દોષ મટાડનાર છે એમ સમજવું. (પહેલી ૭ મા શ્લોકથી બોલી છે આ અન્યપૂર્વા ૧૩ મા શ્લોકમાં બોલી છે.) હે રમણ હે રતિકરનાર અમારા સ્તન ઉપર ચરણકમળ ધરો. કારણ કે તે મનની પીડાને દૂર કરનાર છે. આર્તિહન્ પાઠ હોય તો દુઃખ હરનાર છે. હૃદયનો તાપ અને ચિંતા મટાડવી જોઇએ. આ તાપ દૃષ્ટઉપકારથી જશે. અમારા હૃદયમાં આપનું ચરણકમળ છે પણ તે બહાર આવતું નથી. માટે બહારથી આપ સ્તન ઉપર ધારણ કરો તે આપનો દૃષ્ટઉપકાર ગણાશે. ભગવાનના છ ગુણ છે તેવા ચરણકમળના પણ છ ગુણ છે. તેમાં પહેલું ઐશ્વર્ય છે. તે એ કે જે તેને નમન કરે છે તેની કામનાઓ સિદ્ધ થાય છે. કામના સિદ્ધ કરવી એ ઇશ્વરનું કામ છે. ભગવાનનો કામ અભિમાની લઇ શકતા નથી તેથી પ્રણતશબ્દ વાપર્યો છે. કમલના વનમાં પેદા થએલી લક્ષ્મીથી સેવાયું છે તેમાં બીજો ગુણ ધર્મ કહ્યો. બ્રહ્માએ પ્રાર્થના કરી ત્યારે તે ચરણ પૃથ્વી ઉપર આવ્યું છે તેમાં કીર્તિ કહી. પૃથ્વીના આભૂષણરૂપ કહ્યું તેથી શ્રીગુણ કહ્યો. આપત્તિના કાળમાં ધ્યાન કરવા યોગ્ય કહ્યું તેથી કીર્તિ અથવા શોભા કહી છે. કમલની તુલ્ય કહ્યું તેથી તેના સ્વરૂપની શ્રેષ્ઠતા કહી. શંતમ એટલે આત્યંતિક સુખ આપનાર એટલે જ્ઞાનરૂપ. આર્તિહન્ સંબોધન તથા આપનું ચરણકમળ એમાં સંબંધ બતાવ્યો છે. રમણકહેવાથી કોઇનાથી ન થાય એવું ભલું કરનાર આપ છો એમ બતાવ્યું. આર્તિહનથી અનિષ્ટ નિવારક આપ છો. અથવા લોકમાં જે પાંચ રીતે ઉપકાર કરે છે તે બધા ઉપકાર આપનું એક ચરણકમળ કરો એવી પ્રાર્થના કરે છે. નમન કરનારને કામ આપે છે. તે પહેલાં ગોપીએ કહ્યું છે કે 'આપનું ચરણ અમારા મનમાં કામને પેદા કરે છે' અથવા અત્યંત નમન કરનારના કામને ખંડે છે. બ્રહ્માએ અથવા લક્ષ્મીએ સેવેલું છે. ઐશ્વર્ય અથવા કામને માટે પદ્મજોએ (નખોએ) પૂજ્યું છે અથવા તેની તુલ્ય છે. એમ ન હોય તો તે નખો ચરણકમળમાં જન્મ ક્યાંથી મેળવે? સ્રીરૂપ પૃથ્વીને ભોગવવી તે અલંકાર ન પહેર્યા હોય તો ભોગને લાયક ન ગણાય. ભોગવાય નહિં માટે તેની ઉપર ચરણ સ્થાપન કરે છે. ભગવાન્ કરતાં પણ ચરણ મોટો છે આપત્તિમાં ધ્યાનમાત્ર કરવાથી આપત્તિને દૂર કરે છે. જેમ તે બધાં સર્વ ઉપકાર કરનાર છે તેમ અમારા ઉપર આ ચરણ ધરો. આ કથનથી સર્વ સુરતના બંધો આક્ષેપથી આવી ગયા સમજવા. ૧૩

પછી તેનાથી ઉત્તમ ગોપી બોલી.

**सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम् ।**
**इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेऽधरामृतम् ॥ १४ ॥**

સુરતને વધારનાર, શોકને દૂર કરનાર, સ્વરપૂરેલા વેણુને પોતાની ઉપર રાખનાર અથવા ચુંબન કરનાર-સ્પર્શનાર, મનુષ્યને ભગવાન્ શિવાય બીજામાં પ્રીતિ મટાડનાર એવું આપનું અધરામૃત હે વીર અમને આપો.

**सुबोधिनी**—અહિં અધરામૃતની પ્રાર્થના છે તે ગુણારોપણ કરનારી છે. આઠમા શ્લોકમાં અધરસિંધુથી પોષવાની વાત કહી છે તે દોષનિવર્તિકા છે. અન્યત્ર ભગવાનના ચરણને ભગવાનની કથાની જેમ છ ગુણવાળો કહ્યો છે તેમ અહિં અધરામૃત ઐશ્વર્યાદિ ચાર ગુણવાળું છે કેમકે તેમાં જ્ઞાન અને વૈરાગ્યનો ઉપયોગ નથી. તેનું ઐશ્વર્ય કહે છે કે તે સુરતને વધારનાર છે. ગોપિકાઓમાં પરિચ્છિન્ન કામ એટલે મનુષ્યની શક્તિથી સહ્ય છે. ભગવાનનો કામ અપરિછિન્ન છે. તેની સાથે યુદ્ધ ચાલે તો ભક્તોનો કામ નિર્બલ હોઇને ક્લિષ્ટ થાય તે ન થવા ઔષધનો ઉપયોગ કરવો જોઇએ તેમ અધરનો ઉપયોગ છે. જેમ રસ ભૂખને પ્રદીપ્ત કરનાર છે તેમ આ અધર કામને વધારનાર છે. તે અધર કેવળ કામનેજ પુષ્ટ નથી કરતો પણ બધા અન્તઃકરણ-દોષને દૂર કરે છે. શોકનો નાશ કરે છે તેથી જ્ઞાનવૈરાગ્ય ધર્મો પણ આવી ગયા કેમકે શોક તો જ્ઞાન અથવા વૈરાગ્યથી ઓછો થાય. અથવા ઐશ્વર્યધર્મરૂપતા કહી છે. યશોરૂપતા કહે છે કે નાદ કરતો વેણુ તે અધરનો રસ લઈ રહ્યો છે. યશ તો નાદને જાણનાર કહી શકે છે. વેણુ પરમ ભક્ત છે તેણે અધરને ચુંબન કર્યું છે. પણ પાન કર્યું નથી. શ્રીમુખનો સંયોગમાત્ર કર્યો છે. બહાર રહેલાને અંદર મોકલવું તે પાન છે તેવું પાન થયું નથી. બીજામાંથી પ્રીતિ ઓછી કરાવે છે એથી લક્ષ્મી-રૂપતા કહી. લક્ષ્મી બધાને ભૂલાવનારી છે. તેથી તે અધરામૃત સ્વતઃ પુરુષાર્થરૂપ છે એમ કહીને તેના સ્વરૂપનું બળ કહ્યું પૂર્વવિશેષણથી પ્રમાણબળ કહ્યું છે. શોકને મટાડનાર કહ્યું તેમાં ફળનું બળ બતાવ્યું સુરતને વધારનાર કહેવાથી સાધન બળને વધારનાર કહ્યું તેથી ચાર પ્રકારના પુરુષાર્થને આપનાર સ્વતઃ પુરુષાર્થરૂપ આપનું અધરામૃત છે એ સ્પષ્ટ થયું. नृणां કહેવાથી અમે અનધિકારવાળા છીએ. પુરુષાર્થ જેને દુર્લભ છે એવાને આ ન દેવાય છતાં દાતા દાનવીર હોય તો સંપ્રદાનનો અધિકાર જોતો નથી તેથી આપ वितर આપો એમ પ્રાર્થના કરી છે. વીર સંબોધન કહેવાથી અનધિકારીને ન આપો ત્યાંસુધી આપ દાનશૂર ન બની શકો તેથી આપ પોતાને શૂર કહેવરાવો તો અધરામૃત અમને આપો. એમ પ્રાર્થના કરી. ૧૪

એમ ત્રણ પ્રકાર કહીને પુનઃ ત્રણ તામસીઓની ઉક્તિનું નિરૂપણ કરે છે. તેમાં દેવને નિંદનારી સાત્વિકતામસી છે. ભગવાનને નિંદનારી તામસતામસી સમજવી અને પોતાની નિંદા કરનારી રાજસતામસી જાણવી તેનું વર્ણન હવે કરે છે.

**अटति यद्भवानह्नि काननं त्रुटिर्युगायते त्वामपश्यताम् ।**
**कुटिलकुन्तलं श्रीमुखं च ते जड उदीक्षतां पक्ष्मकृद् दृशाम् ॥१५॥**

આપ જ્યારે દિવસમાં વનમાં પધારો છો ત્યારે એક ક્ષણ આપનું દર્શન ન થાય તે અમને યુગ જેવું લાગે છે. કુટિલ કુંતળવાળું આપનું શ્રીમુખ અમે જોઇએ છીએ ત્યારે આંખને પાંપણ બનાવનારો બ્રહ્મા અમને જડ લાગે છે.

**सुबोधिनी**—આપ દિવસમાં વનમાં ફરો છો તે દિવસનો એક ક્ષણ અમને યુગ જેવડો મોટો લાગે છે. તેનું કારણ એજ કે તે વખતે આપનાં દર્શન નથી થતાં. જ્યારે

આપના દર્શન કરીએ છીએ ત્યારે વાંકડીઆ કુંતળવાળું શ્રીમુખ જોનાર અમો એમ નિશ્ચય કરીએ છીએ કે આંખોને પાંપણ કરનાર બ્રહ્મા જડ છે. જેમ દેવને મટકું મારવાનું સાધન આંખમાં નથી. કેમકે તેની દૃષ્ટિ અલૌકિક છે. અમારે તો ભગવાનનાં દર્શન કરવા તે ભગવાન મહાન્ અલૌકિક છે તેના દર્શન કરનાર અમારી આંખમાં બ્રહ્માએ પાંપણ કરી. ભગવાનના દર્શનરસના પ્રવાહની વિચ્છેદક પાંપણ કરી તેથી બ્રહ્મા દર્શનરસનો અનુભવી નથી પણ જડ છે એમ અમે નકી કરીએ છીએ. દેવો કલ્પ સુધી જીવે છે તેવા અમે પણ છીએ ત્રુટિશબ્દ અસ્ત્રીલિંગ છે. જો આપનું વનમાં જવાનું સાર્થક થતું હોય તો અમને ચિંતા ન થાય પણ આપ તો દિવસમાં વનમાં ફરો છો વનમાં કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. અમે દિવસના બહાર નીકલી ન શકીએ તેથી અમારો પુરુષાર્થ પણ સિદ્ધ થતો નથી. ૧૫

એમ ભગવાને દેવપણું તો અમને આપ્યું છે છતાં બ્રહ્માએ પાંપણ કરી તેથી તે મૂર્ખ એમ કહ્યું. તે કહેનાર સખી કરતાં હીન અધિકારિણી હવે બોલે છે.

**पतिसुतान्वयभ्रातृबान्धवानतिविलङ्घ्य तेऽन्त्यच्युतागताः ।**
**गतिविदस्तवोद्गीतमोहिताः कितव योषितः कस्त्यजेन्निशि ॥ १६ ॥**

હે અચ્યુત! પતિ, પુત્ર, વંશના મોટેરાઓ, ભાઇઓ, બાંધવો, એ બધાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી અમો આપની પાસે આવ્યાં કારણ કે જીવની જે જે ગતિઓ થાય છે તેના જાણનાર આપ છો તે આપ અમારી સદ્ગતિ કરશો એમ જાણી અમે આપના ગીતના મોહને લીધે રાતના સમયે વનમાં આપની પાસે આવ્યાં. હે કપટિ રાતના મળેલી સ્ત્રીને કોણ છોડે?

**सुबोधिनी**—હે અચ્યુત આપને સ્વતઃ કામનિવૃત્તિનો ભય નથી એવું આપનું સ્વરૂપ છે. પતિ પુત્રો અન્વય વંશ ભાઈ બાંધવો સંબંધિઓ તે બધાની આજ્ઞા સ્ત્રીએ માનવી જોઇએ છતાં તેને ન ગણકારીને આપની પાસે અમે આવી પહોચ્યાં આપ સર્વની ગતિને જાણો છો તેથી ગતિવિત્ છો બધા જે ગતિ મેળવે તેને આપનાર આપ છો અથવા આપની કૃતિઓને અમો જાણીએ છીએ એટલે પતિભજનનું અને ભગવદ્ભજનનું શું ફલ છે તે ગતિ અમારી જાણમાં હોવાથી અમેં તેના ભજનમાં વખત ન રોકતાં આપની પાસે આવ્યાં. આવવાનું કારણ કે આપનું ઉચ્ચસ્વરનું ગીત અમેં સાંભલ્યું તેથી અમને મોહ થયો. આપે અમને મોહ કરી ગીતવડે અહિં સુધી ખેંચ્યાં અહિં આવ્યા પછી આપ અમારો ધડો નથી કરતા. અમે પતિ વગેરે લોકોના વચન ઉપર પગ દીધો તેથી ત્યાં જઇએ તો તે અમને ન રાખે એમ ઉભયભ્રષ્ટ થએલી સ્ત્રીને વનમાં રાતના સમયે કોણ રજા આપી દે? સ્ત્રીઓની તો રાત હોય કે દિવસ હોય છતાં તેની રક્ષા કરવી જોઇએ. તેમાં પણ જંગલમાં રાતમાં તો તેને ન જ છોડાય. જે માટે બોલાવ્યાં તે તો આપ્યું નહિં અને જવાનું કહો છો તેથી સંબોધે છે કે આપ કપટી છો અથવા અમે કપટીનાં સંબંધવાળાં છીએ તેથી તે લોકો માયામોહથી અમને પોતાની સ્ત્રીઓ માને પણ અમારા તો આપજ પતિ છો તેની પાસેથી અમે કોઇરીતે જઈ શકીએ એવું નથી. આ ગોપીએ ભગવાનને કપટી કહ્યા. ૧૬

આના કરતાં ઉત્તમ સખી પોતાના આત્માની નિંદા કરે છે

**रहसि संविदं हृच्छयोदयं प्रहसिताननं प्रेमवीक्षणम् ।**
**बृहदुरःश्रियो वीक्ष्य धाम ते मुहुरतिस्पृहं मुह्यते मनः ॥ १७ ॥**

એકાન્તમાં આપે સંકેત કહેલો તેને યાદ કરીને, કામને ઉત્પન્ન કરનાર હસતા મુખ કમળને લઇને, તથા પ્રેમભર્યાનિરીક્ષણ તથા મોટી છાતીની શોભાને જોઇને આપનામાં સ્પૃહા થતાં અમારૂં મન મૂર્છિત થાય છે.

**सुबोधिनी**—અમારૂં મન બહુ ઇચ્છા કરીને મૂર્છિત થાય છે. તેમાં ત્રણ ગુણવાળાં ત્રણ કારણો છે. વાક્ય હાસ્ય અને વક્ષસ્થળ. તે કામ, આનંદ અને અધિકારીને કેહેનાર છે. એકાન્તમાં આપે કહેલું તે જ્ઞાન, કામનો જેનાથી ઉદય થાય, હસતું શ્રીમુખ, પ્રેમપૂર્વક કામથી જોવું, લક્ષ્મીના નિવાસરૂપ મોટું વિશાળ ઉરઃસ્થળ અથવા ભગવદ્રૂપ તેના છ ગુણ કહ્યા. એકાન્તમાં જેણે સંકેત આપ્યો એવા આપ, કામનો ઉદય છે જેનાથી એવા આપ, હસતું મુખારવિંદ છે જેનું એવા આપ, પ્રેમપૂર્વક જોવું જેનું છે એવા આપ, મોટું ઉર અને શોભાનું ધામ એવા ભગવદ્રૂપમાં પ્રમાણરૂપતા કહી. વક્ષસ્થળમાં પોતાને રહેવા માટે યશ અને શ્રીનું નિરૂપણ કર્યું. મુખનું દર્શન કરતાં હાસ્ય જોતાં પૂર્વ સ્થિતિ બદલી ગઈ તેથી કામ થયો. પ્રેમથી જોતાં તે કામ સ્થિર થયો. તેથી પોતાની યોગ્યતા પણ જણાઈ. પછી પ્રથમ-વિશેષણથી ભોગની ચતુરાઈ કહી. એમ બધું થશે એ વિચાર આવતાં સ્પૃહા વધી જાય છે ત્યારે મન મૂઢ બને છે. કેમકે પદાર્થનો લાભ થતો નથી. વારંવાર મૂર્છા થાય છે. જેથી જીવાતું નથી તેમ મરાતું પણ નથી આવા જીવવાને ધિઃકાર છે. એમ આત્માની નિંદા કરી. ૧૭

હવે અનન્યપૂર્વા અત્યાર સુધી મનોરથ કરતી હતી તે કાંઇક પ્રાર્થના કરે છે.

**व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम् ।**
**त्यज मनाक् च नस्त्वत्स्पृहात्मनां स्वजनहृद्रुजां यन्निषूदनम् ॥१८॥**

વ્રજના અને વનવાસિઓના પાપને દૂર કરનારી આપની વ્યક્તિ છે. હે અંગ એટલુંજ નહિં પણ તે વિશ્વનું મંગળ કરનારી છે. અમો આપની સ્પૃહા વાલાં છીએ તેને માટે આપની વ્યક્તિનું થોડીવાર અમને દાન કરો કેમકે આપની વ્યક્તિ સ્વજનના હૃદયના રોગને મટાડનારી છે.

**सुबोधिनी**—આ આપની વ્યક્તિ એટલે મૂર્તિ વ્રજ અને વનમાં રહેનારના પાપને દૂર કરનારી છે. વિશ્વનું મંગળ કરનારી છે તેમાં અમારૂં વિશિષ્ટ મંગળ કરનારી છે. સર્વના ગુણ વધારનારી છે. એવી મૂર્તિને થોડીક વાર છોડો. એટલે આપ તેમાંથી અભિમાન છોડી અમારે સ્વાધીન કરો. ત્યાગ કરવાની જરૂર એટલા માટે કે અમારો આત્મા તે વ્યક્તિની સ્પૃહાવાળો છે. આપનામાં સ્પૃહાવાળો આત્મા એટલે અન્તઃકરણ છે જેનું એવાં અમો છીએ. પ્રિય કહે કે તમે છોડવાનું કહો છો તે મારે શું છોડવું? તેના ઉત્તરમાં કહે છે કે સ્વજનના (ગોપીઓના) હૃદયના રોગ(ને કામાદિ)ને જે મટાડે તેને છોડો. આપ કેટલાકના પાપને નાશ કરો છો કેટલાકને ફલ આપો છો તેમ અમારા રોગના નાશક આપ બનો. ૧૮

કોઈ રાજસતામસી પોતાનો ખેદ જાહેર કરે છે.

**यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु**
**भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ।**
**तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित्**
**कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥ १९ ॥**

**इति श्रीभागवते महापुराणे दशमस्कन्धे ( तामसफलप्रकरणे रासपञ्चाध्याय्यां तृतीयः ) अष्टविंशोध्यायः ॥**

હે પ્રિય અત્યંત કોમલ આપનું ચરણકમળ અમારા કઠણ સ્તન ઉપર ધારણ કરતાં અમને બીક લાગે છે તેથી તેને ધીરેથી ધારણ કરીએ છીએ તેજ કોમળચરણવડે આપ જંગલમાં ફરો છો તેથી તે ચરણને કાંકરાઓવડે દુઃખ નહિં થતું હોય? થાયજ. એ બાબતમાં અમારી બુદ્ધિ ચકર ખાય છે નિશ્ચય ઉપર આવતી નથી.

**सुबोधिनी**—સારીરીતે થયેલા ચરણરૂપ-કમળને અમે ભય પામતાં અમારા સ્તન ઉપર ધીરેથી મૂકીએ છીએ. ધીરે મૂકવાનું કારણ એટલુંજ કે સ્તન કઠિન છે. પ્રિય એમ સંબોધન કર્યું છે તે સ્નેહને લીધે, સ્નેહીનું બધું સારૂં લાગે તેથી ચરણને સ્તન ઉપર ધરીએ છીએ. સુજાત કહ્યું છે એટલે કમળ મોટું સારીરીતે ખીલેલું ઠંડું સુગન્ધ-વાળું હોય તે તાપને દૂર કરે છે. તેવું સુંદર આપનું ચરણ કમળ છે. હૃદયનો તાપ દૂર કરવા માટે અમે તેને અમારા સ્તન ઉપર ધારણ કરીએ છીએ આપની આજ્ઞા માગવાની તો જરૂર નહિં પણ ના કહો તેને ન માનીને બધીરીતે જબરજસ્તીથી ધારીએ. તેનું કારણ કે આપ પ્રિય છો તે આપનું બધું અમને ગમે, તેમ અમે કરીએ તે આપને ગમે, એમધારી સ્તન ઉપર રાખી હૃદયના તાપને દૂર કરીને. આપના કામને પ્રજ્વલિત કરનાર અમોને આપે અમારા દોષથી છોડી દીધા અને એ ઉપર કહ્યા કોમળ ચરણથી જંગલમાં ફરો છો. લોકમાં તો પોતાને દુઃખ ન થતું હોય પણ બીજાને દુઃખ થતું હોય તો તેવું કામ કરે છે. પણ પોતાને દુઃખ થતું હોય તેવું કામ લોક કરતા નથી. તેથી-અમને સંદેહ થાય છે કે વનમાં ફરતાં આપના ચરણને દુઃખ થાય છે કે નથી થતું? થાય છે એમ તો અમારી ઉત્પ્રેક્ષા છે. એ **स्वित्** શબ્દથી કહ્યું છે. શું દુઃખ ન થાય? થાયજ. ત્યારે નિઃસંદેહવાત હોય ત્યાં ઉત્પ્રેક્ષા કેમ સંભવે? તેના ઉત્તરમાં કહે છે કે અમારી બુદ્ધિ એ વિષયનો નિશ્ચય કરતાં ભમી જાય છે. જો આપના ચરણને દુઃખ થાય છે એમ નકી થાય તો બુદ્ધિ શાંત થાય વનમાં પાછા પધારો છો તેથી દુઃખ થતું હશે કે નહિં તેનો સંદેહ થાય છે કેમકે દુઃખ થતું હોય તો તે કામ પુનઃ ન કરો. અમને દુઃખ થાય તેનું કારણ તો એજ કે આપને માટે અમારૂં જીવન છે. પહેલાં તો ખેદથી મનની પીડા કહી છે અહિં તો મૂર્છા કહે છે માટે છેલ્લા સ્ટેજની વાત થાય છે. એમ બધાની મૂર્છા પર્યન્તસ્થિતિ જાણવી. વળી લીલામાં પ્રવેશ કરે ત્યારે પ્રલાપ થાય. સ્વરૂપમાં સ્થિતિ કરે ત્યારે ગાન કરે એમ સાધન દૂર થતાં સુધી તેનો તાપ રહ્યો. ૧૯

એમ ભાગવત દશમસ્કન્ધ (તામસફલપ્રકરણની શ્રીવલ્લભાચાર્યપ્રણીત સુબોધિની ટીકાનો ગુજરાતી ભાષામાં અનુવાદનો રાસ પંચાધ્યાયીનો ત્રીજો અધ્યાય) નો ૨૮ મો અધ્યાય સમાપ્ત થયો.

---

## અધ્યાય ૪ થો.

[1]'ગોપીઓ સાધન કરતાં થાકી ગયાં ત્યારે સાધનને છોડી રુદન કરવા લાગી. તેનાથી ભગવાને તેની ઉપર કૃપા કરી એ વાત ૨૯ મા અધ્યાયમાં કહેવાય છે તેના રોવાથી પ્રભુને પ્રસન્ન થયા જોઈ પોતે રાજી થઈ પછી તે ભગવાનને પોતાના મનમાં રહેલાં પ્રશ્નનો નિર્ણય પૂછે છે તેનુંજ જ્ઞાન આ અધ્યાયમાં કહેવામાં આવે છે. ભગવાન્ હરિ સાધનસંપત્તિથી કોઇને પ્રસન્ન થતા નથી. ભગવાનને સંતોષવાનું સાધન દીનતા છે[2] સંતુષ્ટ થાય તો સર્વ દુઃખનો સર્વથા નાશ કરે માટે તેના ભજનને માટે નિર્ણયના વાકયો કહે છે.'

એમ અઠાવીશમા અધ્યાયમાં ગોપીઓની સ્તુતિ કહી તેની પહેલાના અધ્યાયમાં તેનો પ્રલાપ કહ્યો તે બન્ને ભગવાનને મેળવવામાં સાધનરૂપ ન થતાં છેલ્લે ભગવાનને માટે તેમણે રુદન શરૂ કર્યું તે હવે કહે છે.

### श्रीशुक उवाच—

**इति गोप्यः प्रगायन्त्यः प्रलपन्त्यश्च चित्रधा ।**
**रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः ॥ १ ॥**

શુકદેવજી બોલ્યા હે રાજન્ એ પ્રકારે ગોપીઓ ગાય છે અને પ્રલાપ કરે છે તેમાં કૃષ્ણદર્શનનો અતિલોભ થતાં સારા સ્વર સાથે રોવા લાગી.

**સુબોધિની**—પૂર્વાધ્યાયમાં કહેલા પ્રકારે સર્વ ગોપીઓ ગાવા લાગી અને પ્રલાપ કરવા લાગી. અમોએ તો એક પ્રકાર કહ્યો છે તે તો ચિત્રધા ગાન અને પ્રલાપ કરવા લાગી જ્યારે તેમ કરતાં ભગવાન્ મળ્યા નહિં ત્યારે તેથી ભગવાન્ નહિં મળે એમ જાણી બધી સાથે મળી મોટે સાદે રોવા લાગી. રોદનમાં કારણ કહે છે કે તેને કૃષ્ણદર્શનની લાલસા છે. પોતાનો દેહ રક્ષવાની પરવા નથી પરંતુ કૃષ્ણદર્શન કેમ થાય તેનાં સાધન કરતાં થાકયાં ત્યારે રોવા લાગ્યાં. ૧

પછી ભગવાન્ [2]બ્રહ્મા [3]વિષ્ણુ [4]રુદ્રરૂપ થયા પુનઃ [5]કૃષ્ણ થયા તે કહે છે.

---

૧ एकोनत्रिंशकेध्याये प्रसादं भगवत्कृतम् । रोदनात्प्राप्य तुष्टास्ता निर्णयज्ञानमीर्यते ॥ १ ॥
नहि साधनसंपत्त्या हरिस्तुष्यति कस्यचित् । भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥ २ ॥
सन्तुष्टः सर्वदुःखानि नाशयत्येव सर्वतः । अतो निर्णयवाक्यानि भजनार्थं न्यरूपयत् ॥ ३ ॥

૨ આદિકલ્પમાં ભગવાન્ બ્રહ્મા થયા હતા તેણે તપ કર્યું નામરૂપસૃષ્ટિ કરી તેમ લીલાસૃષ્ટિમાં શૃંગારના બધા ભાવો ભક્તના હૃદયમાં આ બ્રહ્માએ પ્રકટ કર્યા રજોરૂપ, માનરૂપ, તાપરૂપ અને વિવિધલીલારૂપે હૃદયમાં ભગવાન પ્રકટ્યા એ બ્રહ્મા થયા.

૩ વિષ્ણુ એટલે વિક્ષેપરહિત જેમ જેનું પાલન થાય તેમ કરનાર. સખીના વચન સાંભળ્યા પછી ગોપીઓએ પોતાના દોષથી ભગવાન પધાર્યા છે એ જાણ્યું ત્યારે બધા ચિત્તના તરંગો છોડી યમુનાજીના પુલિનમાં આવી પોતાનો ભાવ પ્રકટ કર્યો તે ભાવનું પાલન તે ભગવાનનું વિષ્ણુપણું સમજો.

૪ જ્યારે સાધન સિદ્ધ ન થયાં ત્યારે નિઃસાધન થઈ રોવા લાગ્યાં તે રુદ્રપણું એટલે ભાવના તરંગો હૃદયમાં વિસ્તરેલા તે બધા લોપ થઈ ગયા તે રુદ્રનું કાર્ય.

૫ કૃષ્ણ એટલે સદાનંદ ગોપીઓના ભાવો લુપ્ત થયા તેની પછી તુરત તેના મનમાં સદાનંદ ન પ્રકટે તો તેના દેહો વિરહાગ્નિથી ભસ્મ થઈ જાય. તેથી પોતે બહાર પ્રકટી સ્વરૂપાત્મક પોતાનો આનંદ તેમાં સ્થાપન કર્યો એ પુનઃ કૃષ્ણ થયા એ વાક્યનું તાત્પર્ય સમજવું.

**तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः ।**
**पीताम्बरधरः स्रग्वी साक्षान्मन्मथमन्मथः ॥ २ ॥**

બધા ભેગાં મળ્યાં, સાધન કરતાં પણ ભગવાનનાં દર્શન ન થયાં ત્યારે હૃદયમાં દૈન્ય આવતાં રોવા લાગ્યાં. તેજ સમયે ત્યાં પીતાંબરધારી વનમાળા પહેરી છે જેણે એવા, સાક્ષાત્ મન્મથના પણ મનનું મંથન કરનાર જેનું ગર્વ અને માનવાળું મુખારવિંદ છે એવા, શૂરના વંશમાં પ્રકટેલા કૃષ્ણ પ્રકટ થયા.

**सुबोधिनी**—તે ગોપીઓના વૃંદની વચમાં ભગવાન્ દેખાયા. ભગવાન્ તો સર્વત્ર છે માયા દેખવા દેતી નથી તે માયાને દૂર કરી એટલે દર્શન થયાં. તે શૂરના પૌત્ર છે શૌર્ય બતાવવું છે બધાના દુઃખ દૂર કરવા યદુવંશમાં પ્રકટ્યા છે. પ્રકટ્યા ત્યારે ભક્તોના દોષ દૂર કરવા હસન્મુખથી પ્રકટ્યા. તેની દીનતા જોઈ આપ પ્રસન્ન થયા. મંદહાસ્યવાળું તે **स्मयमान** કહેવાય. અથવા સ્મય અને માનવાળું મુખ છે જેનું એવા કૃષ્ણ થયા. ભક્તનો દોષ ભક્તમાંથી નીકલી ભક્તિ એટલે ભગવન્મુખમાં આવ્યો. એટલે જે બે દોષો ભક્તમાં હતા તે બે દોષો ભક્તમાંથી નીકલી ભગવાનના મુખમાં આવ્યા તે બે દોષો ગર્વ અને માન. ગોપીઓને અમો જગતની સ્રીઓમાં શ્રેષ્ઠ છીએ એ ગર્વ હતો. ભગવાન્ અમારી પ્રાર્થના કરશે તો અમે તેને રસ આપશું તે માન હતો તે બન્ને દોષો ભગવાનના મુખમાં દેખાયા. ભગવાનને ગર્વ એ થયો કે જગતમાં મારા ભક્તો જેવા કોઈના ભક્ત નથી. માન એ રાખ્યું કે ભક્ત જેની ઉપર કૃપા કરે તેને હું લીલામાં દાખલ કરીશ અન્યથા મુક્તિ આપીશ. તે સમયના રૂપનું વિશેષ વર્ણન કરે છે કે પીતાંબર ધર્યાં છે હાસ્ય સંકોચ માટે પીતાંબર હાથમાં રાખ્યું છે. અથવા વ્યાપિવૈકુંઠમાં આટલો વખત લક્ષ્મીસાથે રમણ કરતા હતા તે રૂપે અહિં પ્રકટ્યા એટલે તેનાં વસ્રો પોતે ધર્યાં છે. ચરણસુધી લાંબી વનમાલા ધરી છે. તેથી બ્રહ્માદિની પૂજા પણ પોતે સ્વીકારી છે. અથવા લક્ષ્મીએ સેવા કરી તેમાં માળા ધરાવી છે. તેથીજ આટલો વિલંબ થયો. તેજ ગત અધ્યાયમાં કહ્યું છે કે એ વ્રજમાં લક્ષ્મી પણ આવીને રહી છે. હવે તો તેની ઉપેક્ષા ન થઈ શકે તેથી પ્રકટ થયા છે. વ્રજમાં પધાર્યા એ આગળ કહ્યું છે. અથવા પ્રકટ થયાનું કારણ કહે છે કે જો હમણાં પ્રકટ ન થાય તો રસ પણ જાય અને યશ પણ જાય. ભક્તો મરે તેથી ભગવાનની અપકીર્તિ લોક કરે, ભક્ત જ્યારે ન હોય તો એકલામાં રસ કેવો ? તેથી પ્રકટ્યા એટલે રસ રહ્યો યશ પણ રહ્યો પણ તે રસને પીતાંબરથી ઢાંકીને પ્રકટ્યા છે. રસ ગુપ્ત રહે ત્યાંસુધી રસ કહેવાય લોકમાં પ્રકટે ત્યારે રસાભાસ થાય છે. કીર્તિરૂપ માળા છે. ભક્તો જીવતા ન રહે તો ભગવાનની કીર્તિ અને ભગવાનનો રસ બન્ને ન રહે. ત્યાં શંકા કરે કે સ્રીઓ તો કામદેવની સેના ગણાય એ સેનારૂપી ભક્તોના દુઃખ જોઈ કામદેવે ભગવાનને કેમ વશ ન કર્યા. એના ઉત્તરમાં કહે છે કે મન્મથ ત્રણ જાતનો છે. આધિભૌતિક મન્મથ દેવરૂપ છે. બધાના હૃદયમાં આવેશરૂપ દેખાય તે આધ્યાત્મિક છે. તેનું પણ આધિદૈવિકરૂપ તે આપ પોતે છે તેથી કામદેવ પણ આધિદૈવિકને જોઇને મોહિત થઈ ગયો એટલે તે સેનાની સંભાળ ન લઈ શક્યો. ભગવાન્ પોતે આધિદૈવિક કામ છે. તેને મોહ નથી જ્યારે ભક્તોને દૈન્ય થયું તે દૈન્ય દૂર કરવામાટે ભગવાને કામનું રૂપ ધર્યું તેના દર્શનથી તે કામવાળા થયાં. ૨

પછી જે વાત બની તે હવે કહે છે.

**तं विलोक्यागतं प्रेष्टं प्रीत्युत्फुल्लदृशोऽबलाः ।**
**उत्तस्थुर्युगपत्सर्वास्तन्वः प्राणमिवागतम् ॥ ३ ॥**

પ્રિયતમને આવ્યા જોઇને બધી સ્ત્રીઓનાં નેત્ર પ્રફુલ્લ થયાં જેમ શરીરમાં પ્રાણ આવે કે તરતજ તે ઉભું થાય તેમ બધાં ભક્તો ભગવાનને જોઈ ઉભા થયાં.

**सुबोधिनी**—તે કૃષ્ણને આવતા જોઇને બધાં ભક્તો જલદીથી એકસાથે ઉભાં થયાં પ્રથમશ્લોકમાં ભગવાન્ પ્રકટ થયા એમ કહ્યું. આ શ્લોકમાં ભગવાન્ આવ્યા એમ કહ્યું તે સ્વામિનીના ભાવનો અનુવાદ છે અથવા પહેલાં હૃદયમાં હતા હમણાં બહાર દર્શન દે છે તેથી આવ્યા એમ કહ્યું છે. ભગવાન્ પધારે ત્યારે સેવકે ઉઠવુંજ જોઇએ તેમાં આશ્ચર્ય થવાનું કારણ શું છે? એના ઉત્તરમાં કહે છે કે પ્રથમ રોતાં રોતાં નિર્જીવ બની ગયાં હતાં તે ભગવાન્ પધાર્યા જાણી નિર્જીવ છતાં ઉભાં થયાં એ આશ્ચર્યરૂપ થયું. તેમાં દૃષ્ટાન્ત આપે છે કે હાથ પગ વગેરે અવયવો સજીવને હોય તેમ જીવ ગયો હોય તેને પણ હાથ પગ હોય પણ તે સ્વક્રિયા ન કરે છતાં તેમાં પ્રાણ આવે ત્યારે હલનચલનવાળા થાય છે. તેમ ગોપીઓ ભગવાન્ ન્હોતા ત્યારે તો મુડદા જેવાં બન્યાં હતાં પણ જ્યારે તેના હૃદયમાં અને બહાર પ્રભુ પધાર્યા ત્યારે તેઓ એકદમ ઉભાં થઈ ગયાં. આપણે અંગને પ્રયત્નથી ચલાવીએ તે જ અંગ ચાલે ન ચલાવીએ તે ન ચાલે. પ્રાણ આવે ત્યારે તો હાથ પગ બધાં અંગ ચાલે. તેથી બધાં સાથે ઉભાં થયાં એમ કહેવા માટે બહુવચનનો પ્રયોગ કર્યો છે. દેહ ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ અને જીવ એ પાંચે ઉત્થિત થવાં જોઇએ. તેમાં જીવનું ઉત્થાન બીજાઓને અધીન છે પણ ભગવાન્ હૃદયમાં આવતાં બધાં ઉભા થઈ ગયાં. જીવ તો ભગવાનમાં પ્રવિષ્ટ હતો ભગવાન્ પધાર્યા તેની સાથે આવ્યો, ભગવાન્ ઉઠ્યા તેથી તે ઉઠ્યો. અન્તઃકરણ તો ઉઠેલું હતું કેમકે અન્તઃકરણને અત્યંત પ્રિય ભગવાન્ છે. તે પ્રેષ્ઠને જોઇને ઉઠ્યું. ભગવાનમાં પ્રીતિને લીધે આંખો પ્રફુલ્લ થઈ. પ્રીતિથી બીજાં ઇન્દ્રિયો પણ જાગ્રત થયાં. તે બધાં ઇન્દ્રિયો તૈયાર થયાં તેણે પહેલાં સામાન્યરીતે દર્શન કર્યાં પરંતુ નેત્ર પ્રફુલ્લ થયાં તેનું કારણ જૂદું છે. ફુલવાનો ધર્મ પુષ્પનો છે તેથી ભગવાનના નેત્ર કમળ જેવાં છે. તેનું કારણ પ્રીતિ કહી. પ્રીતિનું કાર્ય નેત્રમાં હમણાંસુધી ન્હોતું હમણાંજ પ્રફુલ્લતા આવી તેથી ભગવાન્ હમણાંજ પ્રકટ્યા એમ જણાય છે. જેમ રવિના કિરણ કમળ ઉપર પડે કે કમળ પ્રફુલ્લ થાય તેમ ભગવાનની દૃષ્ટિ ન્હોતી ત્યારે ગોપીઓ વિરહમાં હતાં તેથી તો તેમને બળવગરનાં એમ કહ્યું છે. કાર્યમાત્રમાં સ્વસામર્થ્યનો અભાવ છે એમ अबला કહી સૂચવ્યું છે ચેતનવગરના શરીરનું દૃષ્ટાન્ત આપ્યું છે. તેથી જીવના પ્રાણના પણ ભગવાન્ પ્રાણ છે. શરીર તો પહેલાં કહેલ સેવામાટે ઇચ્છિત પદાર્થ છે શરીર ઉભું થયું તેમાં ભગવાન્ કારણરૂપ છે. એમ ઉત્થિતનો तं સાથે સંબંધ લેવો. ૪

એમ બધાં ઉભાં થયાં અને ભગવાનની સાથે બેઠાં તેણે જે કર્યું તે પાંચ શ્લોકથી હવે કહે છે.

**काचित्कराम्बुजं शौरेर्जगृहेऽञ्जलिना मुदा ।**
**काचिद्दधार तद्बाहुमंसे चन्दनरुषितम् ॥ ४ ॥**

કોઈ સખીએ શૌરીનો હાથ આનંદથી અંજલિમાં લઈ લીધો. બીજી સખીએ ચંદનચર્ચિત ભગવાનનો બાહુ પોતાના સ્કંધઉપર ધારણ કર્યો.

**सुबोधिनी—**પહેલાં અનેક પ્રકારની ગોપીઓ હતી પણ ભગવત્પ્રાકટ્ય થતાં તે સાત પ્રકારની થઈ, સર્વનેમાટે ભગવત્પ્રાકટ્ય હોવાથી. તેમાં જે આગળ હતી તે બહુ નજીક ગણાય તેને પહેલી કહે છે શુદ્ધસાત્ત્વિકી, શુદ્ધરજોગુણવાળી, રજોગુણ-સત્ત્વગુણવાળી અને નિર્ગુણ. એ શિવાયની બીજી સાત પ્રકારની ગણાવે છે. કોઈ સખી કૃષ્ણનું કરકમળ હર્ષથી બે હાથની અંજલિમાં પકડી રહી. ભગવાને એકજ હાથ પસાર્યો હતો પોતે પીતાંબરધર છે તેથી બીજા શ્રીહસ્તથી હાસ્યસંકોચાર્થ પીતાંબર ધારણ કર્યું હતું. બહુમાનસાથે ગ્રહણ કરવું હોય તો બે હાથ ભેગા કરી તેમાં લેવાય છે. વીરત્વ બતાવવામાટે શૂરના પૌત્ર કહ્યા છે હર્ષથી લીધું એમ કહેવાથી પ્રથમ વિયોગ હતો તે હાલ રહ્યો નથી. બીજીએ એના કરતાં પણ અન્તરંગ સખી હું થાઉં એમ વિચાર કરી ચંદનચર્ચિત ભગવાનનો બાહુ પોતાના ખભા ઉપર ધર્યો જેનાથી ભગવાને આલિઙ્ગન કર્યું હોય એવી તે દેખાણી. આગળ ભ્રમરગીતમાં भुजमगरुसुगन्धं मूर्ध्न्यधास्यत् कदा नु એ શ્લોકમાં આ સખીનો વિનિયોગ કહેવાશે. શ્રીહસ્તનો સુગંધરૂપ ધર્મ તેનામાં રહેલો તે સખીનો નિરોધ સિદ્ધ કરશે. તેથી ચંદનરૂષિત એવું શ્રીહસ્તને વિશેષણ આપ્યું છે. ચંદનનું કારણ પૂજા અથવા લક્ષ્મીનું ચંદન લાગેલું હોય તથા તામ્બૂલમાં પણ તેવો ભાવ સમજવો. ૪

એમ સામગ્રી બતાવીને તે દેવોમાં પણ ઉત્તમ છે તેમનું કાર્ય બતાવ્યું આ ભક્તો તો ચઢાઈ કરવાને તૈયાર થયાં છે દેવોત્તમા તો પૂજા કરનારાં છે.

**काचिदञ्जलिनागृह्णात्तन्वी ताम्बूलचर्वितम् ।**
**एका तदङ्घ्रिकमलं सन्तप्ता स्तनयोरधात् ॥ ५ ॥**

કોઈ સખીને ભગવાને તાંબૂલ ચર્વિત આપ્યું તેણે તેને બે હાથ ભેગા કરીને લીધું. બીજી એક સખીએ તો અત્યંત સન્તપ્ત થવાથી ભગવાનના ચરણકમળને પકડીને પોતાના તપેલા બે સ્તનોઉપર ધરી દીધું.

**सुबोधिनी—**કોઇએ તાંબૂલ ચર્વિત અંજલિથી ગ્રહણ કર્યું તેનામાં તાંબૂલ ગ્રહણ કરવાની યોગ્યતા કહે છે કે તે તન્વઙ્ગી છે કોમળાંગી છે. બીજી સખી બહાર હતી ભગવાનનો તેને સાક્ષાત્ સંબંધ ન થતાં ત્યાં ભીડ હતી તેથી પોતે ઉઠીને ભગવાનને ભેટે તેવું ન હતું. તે બેઠી હતી ત્યાંજ ભગવાનનું ચરણકમળ હતું તેને પોતાના સ્તનઉપર ધારણ કર્યું ઉઠી નહિં અને સ્તનઉપર ચરણ ધારણ કર્યું તેનું કારણ કહે છે કે તે ભગવાનના વિરહથી અતિસંતપ્ત હતી એટલે વિરહમાં જે મળ્યું તેનાથી જીવનનિર્વાહ કરવો એવા ભાવથી તેમ કર્યું. વિરહમાં કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય બુદ્ધિ કરી શકતી નથી પણ પ્રિયની કોઈપણ વસ્તુના વિનિયોગથી વિરહશમનમાં તેમનું તાત્પર્ય હોય છે.

**एका भ्रुकुटिमाबद्ध्य प्रेमसंरम्भविह्वला ।**
**घ्नन्तीवैक्षत् कटाक्षेपैः संदष्टदशनच्छदा ॥ ६ ॥**

એકે તો ભગવાનની સાથે ભમર ખેંચી પ્રણયકોપમાં વિહ્વલ બનીને પ્રિયને નેત્રરૂપ બાણથી મારતી હોય તેમ કટાક્ષ ફેંકયો તથા હોઠને દાંતથી દાબીને જોવા લાગી.

**सुबोधिनी**—બીજી સખી ભગવાનથી થોડી દૂર હતી તામસી હતી તે તમોગુણથી ભમર ચઢાવીને કટાક્ષથી હૃદયવિંધતી હોય તેમ જોવા લાગી. અહિં 'સવર્ણમાં વર્ણલોપ થાય' તેથી કટાક્ષક્ષેપ જોઇએ ત્યાં ક્ષનો લોપ થતાં કટાક્ષેપ કહ્યો છે તે પ્રયોગ વ્યાકરણાનુશાસનાર્હ છે પ્રેમને લીધે ગુસ્સો થાય છે તેનાથી અસ્વસ્થચિત્તવાલી છે. સારીરીતે અધરને દાંતથી દાબ્યો છે. એવી થઇને ભ્રકુટી બાંધી તેથી ચિત્તની કુટિલતા બતાવી. પ્રેમ સાથે ક્રોધથી ઇન્દ્રિયની વિકલતા બતાવી. અધરને દાંતથી દાબ્યો તેથી દેહને ક્ષોભ દેખાડ્યો. મારતી હોય તેમ દેખાવ કર્યો તેથી પ્રાણથી બળ દેખાડ્યું તેના જ્ઞાનનું સાધન (નેત્ર) પણ વિકૃતિવાળું થયું નેત્રના છેડેથી જોવાનું તે કટાક્ષ કહેવાય. તેમાં પણ આક્ષેપનો ભાવ દેખાડ્યો. જેમ વાણીથી બાંધી લેવાય છે તેમ કટાક્ષથી કર્તવ્યાકર્ત્તવ્ય સૂચન થાય છે તેનાથી આક્ષેપો પ્રવૃત્ત થયા. તેવો ભાવ એ પૂર્ણ કહેવાય. તેમાં કાલને નિયમન કરવા માટે ભ્રકુટીનો ભંગ કહ્યો છે. પોતાના ભાવને મનમાંજ રાખવા માટે ક્રોધ બતાવ્યો છે. લોભના નાશને માટે અધર ઉપર દાંત માર્યો છે. મોક્ષ ન થવા માટે નેત્રના જ્ઞાનમાં કુટિલતા કહી છે. પ્રમાણને દૂર કરવા માટે આઘાત છે. એમ કરવાથી લૌકિક સ્નેહ પુષ્ટ થાય છે એ ભાવ દેખાડવા માટે આ સખીનું નિરૂપણ અહિં કરેલું છે. ६

એમ અત્યંત કૃપાપાત્રનું નિરૂપણ કરીને હવે અતિઉત્તમનું નિરૂપણ કરે છે.

**अपराऽनिमिषद्दृग्भ्यां जुषाणा तन्मुखाम्बुजम् ।**
**आपीतमपि नातृप्यत् सन्तस्तच्चरणं यथा ॥ ७ ॥**

બીજી સખી તો બન્ને નેત્રવડે તે પ્રભુના મુખારવિંદનું પાન કરવા લગી તેણે ઘણીવાર પાન કર્યું પણ સન્તો જેમ તેના ચરણમાં ઘણું રહેતાં ધરાય નાહિં તેમ આ સખી પણ દર્શન કરતાં તૃપ્ત ન થઈ.

**सुबोधिनी**—આ સખી ભગવાનના દર્શનથી દોષરહિત બની છે તેથી નેત્ર દ્વારા ભગવાનને ખેંચી હૃદયમાં લાવવા માટે પ્રયત્ન કરે છે. શ્રીમુખમાં લાવણ્યરૂપી અમૃત પીવાનું છે કેમકે મુખને કમળ કહ્યું છે કમળમાં મકરંદ રહે છે તેમ મુખકમળમાં લાવણ્યામૃત છે તેનું પાન નેત્રદ્વારા થાય. નેત્રને પણ નિમેષ નથી એટલે પાનમાં વિચ્છેદ નથી. દ્રવદ્રવ્ય એટલે પ્રવાહિપદાર્થને ઇન્દ્રિયદ્વારા અંદર લેવો એનું નામ પાન કહેવાય. નેત્ર વીંચાય તો રસનો તાર તુટી જાય તેથી અનિમિષ નેત્રથી પાન કરવાનું કહ્યું છે. નેત્રરૂપી ખોબાથી પીવાનું છે કેમકે લાવણ્યામૃત વિરલ છે એટલે રસનો પ્રવાહ નથી પણ થોડું લેવાય છે. जुष् प्रीतिसेवनयोः જુષ ધાતુનો પ્રીતિથી સેવા કરવી અથવા પ્રીતિ કરવી સેવા કરવી એવો અર્થ થાય છે તેથી તે ગોપી પ્રેમપૂર્વક લાવણ્યામૃતને હૃદયમાં ઉતારે છે તે ધર્મની સાથે સ્વાધીન થયું છે જ્યારે ધ્યાન કરે ત્યારે શ્રીમુખને હૃદયમાં જોઈ શકે છે છતાં તેટલાથી તેનું મન તૃપ્ત ન થયું તેમાં તેને અલંબુદ્ધિ ન થઈ. ઘણું જોયું એવો ભાવ ન થયો. તેનું કારણ એજ કે શ્રીમુખની સુંદરતા એવી છે કે જેને અલંબુદ્ધિ તેમાં થાય તે પશુથી સારો ન ગણાય. માણસ

ખાન પાન કરે તેને જેટલું જોઇએ તેટલું લઇ લે એટલે છોડી દે તેવું અહિં નથી. તેને માટે દૃષ્ટાન્ત કહે છે કે સત્પુરુષો ભગવચ્ચરણમાં રહેતાં કદિ તૃપ્ત થતા જ નથી તેનું કર્તવ્ય કાંઈ રહ્યું નથી પણ ચરણમાં એને એવો રસ પડે છે કે તેને છોડી શકતા નથી. તેનાથી તેને કાંઈ મેળવવાનું કે કાંઈ છોડવાનું હોતું નથી છતાં તેમાં જ રચ્યા પચ્યા રહે છે તેમ આ સખી ભગવલ્લાવણ્યમાંથી નેત્રને પાછું વાળી શકતી નથી. ૭

કોઈ બીજી સખી પૂર્વસખીના જેવા સ્વભાવવાળી છે તેણે યોગના માર્ગથી ભગવાનને હૃદયમાં લઇને સ્થાપન કરી દીધા તે હવે કહે છે.

**तं काचिन्नेत्ररन्ध्रेण हृदिकृत्य निमील्य च ।**
**पुलकाङ्ग्युपगूह्यास्ते योगीवानन्दसंप्लुता ॥ ८ ॥**

કોઈ સખીએ નેત્રના છિદ્રવડે ભગવાનને હૃદયમાં લઇને નેત્રને બંધ કરી દીધાં ત્યારે તેનાં સમગ્ર રોમ ઉભાં થયાં તે હૃદયમાં ભગવાનને આલિઙ્ગન કરીને યોગિનીની જેમ આનંદમાં ડુબી ગઈ.

**सुबोधिनी**—પહેલાં લૌકિકી કહી. પછી ભક્તિમાર્ગને અનુસારે ચાલનારી કહેવામાં આવી. આ યોગને રસ્તે ભગવાનને હૃદયમાં લેનારી કહેવાય છે. તેથી આ સખીને ભગવાનના સર્વ અવયવમાં દૃષ્ટિ છે. બેનો સંયોગ થાય તેથી એકીકરણ કર્યું છે. એમ ન કહીએ તો દૃષ્ટિસિદ્ધ થાય. પૂર્વ ગોપીને તો દર્શનમાત્રનું કામ હતું આ તો દુર્લભ છે તેથી काचित् શબ્દથી કહી છે. तं શબ્દથી ભગવાનનું ગ્રહણ કરવું. જે ગોપીગીતમાં न खलु गोपिकानन्दनः એ વચન બોલનારી છે તેજ આ ગોપી છે. નેત્રરન્ધ્રેણ એમ બે નેત્ર છતાં રન્ધ્ર એક કહ્યું તે રૂપનો હૃદયમાં પ્રવેશ થવા માટે કહ્યું છે હૃદિકૃત્ય એ પદમાં સમાસ નથી છતાં क्त्वानो લ્યપ્ થયો છે. અથવા હૃદિ એ સપ્તમીનો અલુક્ સમાસ સમજવો. હવે હૃદયદ્વારા અન્દર પેઠા તે બહાર ન નીકલી જાય તેથી આંખને વીંચી દીધી. તેની બુદ્ધિમાં તો ભગવાન્ મારા હૃદયમાં બધા આવી ગયા છે આ વિના બીજા જગતમાં ભગવાન્ છે જ નહિં આટલા જ છે એમ જાણનારી આ ગોપી છે. અથવા ભગવાનમાં પોતાનો ભાગ હતો તેટલો પોતે પોતાને સ્વાધીન કર્યો બીજી બધી ઇન્દ્રિયોને પણ સ્વવિષય છોડાવ્યો ત્યારે અન્તરાનંદ પૂર્ણ થતાં તેને રોમાંચ થઈ ગયાં. કેવલ આનંદથી પુલક દેખાય તો તે ગોપી ન કહેવાય. હૃદયમાં ગુપ્ત રાખે તે ગોપી કહેવાય. પુલકથી ભગવાનનો આનંદ બહાર જણાય તો તેને માટે વિશેષ કહે છે. આ રોમોદ્ગમ તો સાત્ત્વિકભાવરૂપ થયો. તેથી હૃદયમાં આલિંગન કરીને તે બેસી ગઈ. એટલે પકડી લીધા તે મારી જ પાસે રહે એ સ્થિતિને કાયમ કરવા પ્રયત્ન કર્યો અર્થાત્ સંયોગાવસ્થાજ રહો વિયોગ ન થાઓ એમ ધારી આલિંગન કરી રહી. તેને આગળ ઉપર કરવાના કામમાં ભગવાન્ સાથે સંભોગ, વાર્તાલાપ કર્યા પછી ઘર જવાનું કર્તવ્ય છે તેનો વિચાર ન કરતાં પકડ કરીને કેમ બેસી ગઈ? તેના ઉત્તરમાં કહે છે કે યોગીને હૃદયમાં પ્રાકટ્યની અવસ્થા આવે તે અવસ્થાથી જ પોતે ધારેલું કાર્ય પાર પાડે છે તેમ આણે પણ કર્યું. આનંદમાં ડુબી ગઈ તેથી બહાર શું છે તેને આ જાણતી નથી. બહારનું યાદ કરે તો બાકી રહેલું કાર્ય કરવાનું મન થાય પણ તેને બહારનું ભાન નથી. કેમકે જ્યારે પૂર્ણ આનંદમાં હોય ત્યારે એના મનમાં કોઈ કામ ન હોય. એટલે કામની પર આનંદ છે એમ આથી બતાવી આપ્યું. ૮

એમ વિશેષરીતે ગોપીનું કાર્ય બતાવીને બધી ગોપીઓનાં ભગવાનમાં સામાન્યરીતે પ્રયોજનને બતાવે છે.

**सर्वास्ताः केशवालोकपरमोत्सवनिर्वृताः।**
**जहुर्विरहजं तापं प्राज्ञं प्राप्य यथा जनाः॥ ९॥**

બધી ગોપીઓને ભગવાને જોઈ તેના જોવાથી તેમના મનમાં મોટો ઉત્સવ થયો અને પરમ સુખી થયાં એટલુંજ નહીં પણ જેમ સુષુપ્તિના સાક્ષીને પામીને જીવ સુખી થાય છે તેમ બધાં ભક્તોને વિરહ જતાં અને સંયોગ થતાં બહુ સુખ પ્રાપ્ત થયું.

**सुबोधिनी**—જે બળવાન રજોગુણ અને તમોગુણમાં લિંપાયલા બ્રહ્મા અને શિવને પણ મુક્તિરૂપ ફલ આપે તે ભગવાનને ક્ષુદ્રગુણના ક્ષોભથી દુ:ખી થતાં ભક્તને સુખી કરતાં શું મહેનત પડે વારુ? એ વાત બતાવવા માટે મૂળમાં કેશવશબ્દનો પ્રયોગ કર્યો છે. તે કેશવનો આલોક એટલે ચારે તરફથી જોવું અથવા તેણે કરેલો પ્રકાશ એટલે હૃદયમાં અને બહાર પ્રકાશ થતાં બહુ મોટો ઉત્સવ ભક્તના મનમાં થયો. જેમ લૌકિક માણસને રાજ્ય મળે તો આનંદ થાય એમ ભગવાને પ્રેમથી જોયું તેનો ભક્તોને ઉત્સવ થયો અને તેથી એવુંજ સુખ થયું એમ કહેવાથી જે એને જોઈતું હતું તે મળ્યું. હવે જે એને ન્હોતું ગમતું તે ગયું એ વાત કહે છે કે ભગવાનથી વિખુટાં પડ્યાં તેનું દુ:ખ હતું તે સંયોગથી દૂર થયું. ત્યારે તો તેનો મોક્ષ થવો જોઇએ કારણ કે ઈષ્ટ–અનિષ્ટના ભોગ માટે અહિં રહેવાનું છે તે બન્ને થઈ ગયાં તેથી મોક્ષ કેમ ન થયો? તે શંકાનો ઉત્તર દૃષ્ટાન્તથી સમજાવે છે કે સુષુપ્તિઅવસ્થાના સાક્ષી પ્રાજ્ઞને જીવ મળે ત્યારે सुखमहमस्वाप्सम् એમ માને છે તેમાં વાસના સાથે જીવ રહે છે તેથી ભગવાનને મળે તો પણ તેની સાથે તે વધારેવાર રહી શકતો નથી પણ વાસના તેને પાછો ખેંચી દેહમાં લાવે છે એટલે કર્તવ્યપરાયણ થઈ જાય છે તેમ અહિં પણ સમજવું. કેમકે તે લોકમાં જન્મ લેનાર છે ઉત્તમાધિકારી નથી પણ ભગવાન્ તો તમેં મારાં છો એ બતાવવા માટે પ્રકટ્યા છે. ૯

એમ તે ભક્તોનું ભગવાન્ પ્રત્યેનું કૃત્ય બતાવીને હવે ભગવાન્ ભક્તને જે કરે છે તે કહે છે.

**ताभिर्विधूतशोकाभिर्भगवानच्युतो वृतः**
**व्यरोचताधिकं तात पुरुषः शक्तिभिर्यथा॥ १०॥**

પુરુષ જેમ બધી પોતાની શક્તિઓ સાથે શોભે છે તેમ શોક રહિત એવાં ભક્તો ભગવાનને વર્યાં ત્યારે તેનાથી વિંટાયલા ભગવાન્ અત્યંત શોભવા લાગ્યા.

**सुबोधिनी**—તે ભક્તોને કોઈ પ્રાકૃત માને અને તેની સાથે રમનાર ભગવાનમાં પણ પ્રાકૃતભાવની શંકા કરે તે અહિં દૂર કરે છે. એમ જો ખુલાસો ન કરે તો ભગવાન્ સ્વાર્થમાટે તિરોહિત થયા હતા એવો કોઇને ભાસ થાય. 'તે નિશ્ચયપૂર્વક રમ્યા નહિં માટે ભગવાન્ એકલા રમતા નથી'[1] એમ શ્રુતિ કહે છે. લોક પણ એકલા ભગવાનને જોઇને સુખી નથી થતા જેટલા સ્વામિનીસાથે ભગવાનને જોઇને ખુશી થાય છે. **पुंसः स्त्रियाश्च रतयोः सुखदुःखिनोर्न** એ વાક્યથી એમ સિદ્ધ થાય છે.'

१ स वै नैव रेमे तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत्।

ભગવાન્ સુખ આપે ત્યારેજ સુખી થવાય છે જો ભગવાન્ તેમને સુખ ન આપે તો ઉત્તમતા ન કહેવાય. પહેલાં કહી સખીનો શોક દૂર કર્યો તેના ગુણો તો પહેલાં કહ્યા છે. સર્વથા પ્રપત્તિવાળાં ન્હોતાં એટલે મધ્યમાં શોક થયો તે દૂર થયો ત્યારે તો પહેલાં હતાં તેવાં થઇને ભગવાનસાથે મળ્યાં. ભગવાન્ છ ગુણવાળા છે તો પણ તે પ્રાકૃતની પેઠે જો પરિછિન્નકામ થાય તો પણ તે શોભે નહિં પણ ભગવાન્ તેવા પ્રાકૃતકામવાળા નથી તે કહે છે ભગવાન્ અચ્યુત છે. તેને અચ્યુત જાણીને ભક્તો વર્યાં છે. તેથી ભગવાન્ અધિક શોભાયુક્ત છે. ભગવાન્ એકલા શોભતા તેના કરતાં સ્ત્રીઓ સાથે સારીરીતે શોભે છે. પિતા જેમ પુત્રને સ્વાર્થે જાણી પોષણ કરે છે તેમ અહિં શ્રોતા વક્તાનું સ્વાર્થને માટે પોષણ કરે છે. આગળ અત્યંત ગુપ્ત ભગવાનની લીલા કહીને વક્તા શ્રોતાને પુષ્ટ કરશે. જો એમ ન હોય તો શ્રોતાને ભગવદ્રસના અનધિકારી માનીને અલૌકિક અર્થરૂપ તેને તેવી લીલા કહે જ નહિં. ચાલતા પ્રસંગમાં રાજા પરીક્ષિતનો પોતાનામાં વિશ્વાસ જોઇને અતિ સ્નેહ અને સંતોષથી બાપની જેમ હે તાત કહી સંબોધે છે. ભગવાનની કાંતિ તો સહજ છે એમાં ભક્તોની સાથે રહેતાં પણ કાંઈ ફેર ન થાય. અને ફેર પડે તો ભગવાન્ સહજ કાંતિવાળા ન ગણાય ત્યાં કહે છે કે પુરુષ જેમ શક્તિવડે શોભે તેમ ભગવાન્ પોતાની શક્તિરૂપ ભક્તની સાથે શોભવા લાગ્યા. જેમ પ્રાકૃત પુરુષ પણ બધાં સામર્થ્યો જાય ત્યારે શોભતો નથી તે દવા કરીને ક્રિયાજ્ઞાનશક્તિ મેળવે ત્યારે તેનું તેજ વધારે પડતું દેખાય છે બધાને જોઇને ખાત્રી થાય છે કે આ તન્દુરસ્ત છે તેમ ભગવાન્ તો શોભે છે. ભગવાન પણ ભક્તોની સાથે રહ્યા ત્યારે ભાવુકના અન્તઃકરણમાં અધિક શોભાવાળા દેખાય છે. અત્યંત સૌંદર્ય પ્રકટ કર્યું તેથી ભગવાન્ પરમાનંદયુક્ત થયા. શ્રુતિ પણ બોલે છે કે 'એજ આનંદ આપનાર છે.' ૧૦

તે ભક્તોમાં આનંદ પેદા કરવાને જે કર્યું તે હવે કહે છે.

**ताः समादाय कालिन्द्या निर्विश्य पुलिनं विभुः ।**
**विकसत्कुन्दमन्दारसुरभ्यनिलषट्पदम् ॥ ११ ॥**

જ્યાં સુંદર કુંદ મંદારના પુષ્પોથી શીત મંદ સુગંધ પવન ચાલે છે. પુષ્પમાં ભ્રમરો ગાન કરે છે એવા કાલિન્દીજીના પુલિનમાં તે ભક્તોની સાથે ભગવાન્ પધાર્યા.

**सुबोधिनी**—તે ભક્તોને સારીરીતે સાથે રાખીને કાલિંદીજીના પુલિનમાં ભગવાન્ સમર્થ થઇને વિરાજ્યાં. કલિન્દપર્વતની કન્યા એટલે કલિન્દનો અર્થ એવો થાય છે કે કલિ એટલે કલેશ તેને ખંડન કરે તે કાલિંદ કહેવાય આ કાલિંદની પુત્રીના પુલિનમાં મળેલાં ભક્તોને પરસ્પરમાં કે ભગવાનની સાથે કલેશ નહિં થાય એવો અર્થ કાલિંદીનો કર્યો છે. આ પુલિન ભગવાનને રમવા લાયક છે તેનું વર્ણન દોઢ શ્લોકથી કરે છે. સર્વત્ર, ઉપર અને નીચે એમ ત્રણ પ્રકારે વર્ણવે છે. તેમાં પહેલાં ચારે તરફ સૌભાગ્યનું વર્ણન કરે છે. સર્વત્ર કુન્દ મંદારના પુષ્પો વિકાસ પામ્યાં છે તેમાં ચાલનારો પવન સુગંધવાળો છે ત્યાં ભ્રમરો પણ મકરંદપાન કરીને આમતેમ ફરે છે. વાયુમાં શીતળ મંદ અને સુગંધ એ ત્રણ ગુણો સ્પષ્ટ છે. પુષ્પમાં રસ પણ વધારે છે. તેના ખોરાકથી મદવાળા ભમરાઓ ગુંજતા ફરે છે તે ભગવાનના સંગી-

તમાં સાથ આપનારા થશે. ફુલ ખીલ્યાં છે તે વાયુને સારો ગંધ આપવા માટે તેની ખીલાવટ છે. કુંદના પુષ્પનો ગંધ શાન્ત છે મંદારનો ગંધ પુષ્ટ છે. તેનાથી ગુપ્ત અને પ્રકટ કામનો ઉદ્બોધક તે ગંધ થાય છે. विकसत् એ શતૃન્ત વર્તમાન પ્રત્યયનો પ્રયોગ કર્યો છે તે ભગવાન્ અહિં પધાર્યા ત્યારે જ તે પુષ્પો ખીલ્યાં છે પવન પણ તે જ સમયથી ચાલુ છે તે પહેલાં તેવું કાંઈ ન હતું. એમ જો પ્રથમ હતું એમ કહેવું હોત તો શુકદેવજી विकसित એવો ભૂતકાલિક પ્રયોગ કરતે. તે ઉપરથી એમ સમજવું કે જે ક્ષણે જે વસ્તુનો ઉપયોગ છે તે ક્ષણે તે વસ્તુ બને છે તેમાં લીલામાત્રમાં ઉપયોગી અહિંની બધી વસ્તુ છે. એમ ન માનીએ તો સાડાત્રણ અધ્યાયની લીલા કરી એમાં ઘણી રાતો જવી જોઇએ તો હમણાંજ પુષ્પનો વિકાસ થયો એમ કહેવાનું કારણ ન રહે તેથી તેમ કહે પણ નહિં છતાં કુંદાદિ અને વાયુવગેરેને અહિં હાલમાં પ્રવૃત્ત થએલ કહ્યા તેથી ભગવાન્ ઇચ્છા કરે તે વસ્તુ તે જ વખતે તુરત પ્રકટે છે. પ્રથમ તે બનેલી હોતી નથી એનો સુગંધ પણ તે જ વખતે તેટલોજ સમય રહે છે તેથી સર્વ લીલોપયોગી છે એમ ચારે બાજુ જળ ચારે બાજુ સુગન્ધ ચારે બાજુ ફુલ ચારે બાજુ વાયુ અને ચારે બાજુ ભ્રમરના નાદ છે એમ કહ્યું. ૧૧

હવે ઉપરના ભાગમાં ઉત્તમતા કહે છે.

**शरच्चन्द्रांशुसंदोहध्वस्तदोषातमःशिवम् ।**
**कृष्णाया हस्ततरलाचितकोमलवालुकम् ॥ १२ ॥**

શરદ ઋતુના ચંદ્રકિરણોનો સમુદાય ફેલાતાં રાતનો અંધકાર જતાં પુલિન પવિત્ર બન્યું છે. કૃષ્ણા-યમુનાજીના હાથરૂપ તરંગોથી કોમળ રેતી બરોબર જોઇએ તેવી સરખી રહી ગઈ છે.

**सुबोधिनी**—શરદૃતુના ચંદ્રના કિરણોના સમૂહને લીધે રાતનો અંધકાર દૂર થયો છે તેથી અત્યંત કલ્યાણરૂપ તે પુલિન બની ગયું. અંધારૂં તો જાય પણ ભૂતનો આવેશ હોય તો તે સ્થળ કલ્યાણરૂપ ન કહેવાય. માટે કલ્યાણરૂપતા કહી છે. અને આગળ આ જગ્યામાં ભગવાન સાથે રાસ રમવો છે તેમાં કાંઈ વિઘ્ન નહિં થાય પણ આપણું સર્વ ઇચ્છિત થશે એ પણ शिव શબ્દ વાપર્યો છે તેથી સૂચિત થાય છે. ઉપર નીચે કે ફરતાં કોઈ પણ ખરાબ પદાર્થ નથી. તે પુલિનના ગુણ કહે છે. ભગવાનનું નામ કૃષ્ણ છે તેવું શ્રીયમુનાજીનું નામ કૃષ્ણા છે. એટલે બન્નેનાં સમાન નામ છે. એવાં યમુનાજીના હાથરૂપી તરંગોએ કોમળ રેતી સરખી પાથરી દીધી છે. જો હાથથી કામ ન થાય તો સરખાઈ ન આવે તેથી તરંગને હસ્ત કહ્યા છે. તેનાથી કોમળપણું શીતળતા સમતા એ ગુણો સ્થાનમાં કહ્યા. ત્યાં ભગવાન્ પધાર્યા. બેસવાનું હવે કહેશે અત્યારે તો ભાવથી બેઠક લીધી. ૧૨

પછી ગોપીઓએ જે કર્યું તે કહે છે.

**तद्दर्शनाह्लादविधूतहृद्रुजो मनोरथान्तं श्रुतयो यथा ययुः ।**
**स्वैरुत्तरीयैः कुचकुङ्कुमाङ्कितैरचीक्लृपन्नासनमात्मबन्धवे ॥ १३ ॥**

ભક્તોને ભગવાનના વિપ્રયોગના અંતમાં દર્શન થતાં વિયોગવખતની હૃદયની વેદના ચાલી ગઈ. શ્રુતિઓ જેમ પોતાનો મનોરથ હતો તેના કરતાં વધારે પામ્યાં તેમ આ ગોપીઓએ પણ ભગવાન્ મલે તો જે સુખનો મનોરથ કરેલો તેનાથી વધારે તેનો મનોરથ સિદ્ધ થયો. કુચઉપરના કુંકુમના ડાઘાવાળાં પોતાના ઉપવસ્ત્રો ભેગાં કરી પોતાના આત્માના બંધુ ભગવાનને તેનું આસન કરી આપ્યું.

**સુબોધિની**—ગોપીઓને સંયોગ થતાં વિયોગનો શોક ગયો પણ હૃદયમાં તાપ-કામાત્મક તો હતો જ કેમકે ભગવાનનો સંબંધ થયો નથી ત્યાંસુધી તાપ ન જ જાય. જ્યારે ગોપીઓને ભોગ કરવાની ઇચ્છાથી આપ ભોગલાયક સ્થાનમાં પહોચ્યા ત્યારે ભગવાનમાં પણ તેમણે ભોગેચ્છા જોઈ તેના દર્શનથી ભાવીઅર્થનો નિશ્ચય થતાં તેના હૃદયમાં જે તાપ હતો તે ચાલ્યો ગયો. એમ પોતાનો ( ભક્તોનો ) દોષ ગયો ત્યારે તેનું જે થયું તે હવે કહે છે. તેણે તો ભગવાન્ મળશે તો થોડું સુખ મળશે એટલુંજ ધારેલું પરંતુ ભગવાને તો તેને અનન્તગણું સુખ આપ્યું કે જીવના વિચારમાં પણ એ સુખ આવી ન શકે. તેથી મનોરથનો પણ જ્યાં છેડો આવી જાય એવા સુખને પામ્યાં. જે સુખ આપણા મનમાં પણ ન આવી શકે તેવું સુખ ભગવાને આપ્યું તેમાં દૃષ્ટાન્ત કહે છે કે શ્રુતિઓ એટલે વેદની કંડિકાઓ ભગવાનના ગુણો હમેશાં ગાય છે. તેથી વાણિનું પૂર્વરૂપ મન, એ મનમાં ન આવી શકે એવા ભગવત્સ્વરૂપને પામ્યાં. શ્રુતિ પણ કહે છે '[1]મનની સાથે વાણી જેને પહોચ્યાવગર પાછી વળે છે' એવું ભગવત્સ્વરૂપ છે. તે ભગવદાનન્દ મનોરથાન્ત કહેવાય. તેને પ્રતિપાદન કરનારી શ્રુતિઓ થઈ. 'સર્વ વેદો જેના પદનું વર્ણન કરે છે' ઇત્યાદિ શ્રુતિવાક્યો પ્રમાણરૂપે ભગવત્સ્વરૂપનો નિશ્ચય કરી શકે છે. सर्ववेदान्तप्रत्ययः એ વ્યાસસૂત્ર પણ એજ વાત કહે છે. વેદનો અર્થ લૌકિક નથી પણ અલૌકિક છે તે શબ્દોનો સંકેત લોકમાં નથી તોપણ શ્રુતિઓ નિરંતર ભગવાનનું કાર્ય કહ્યા કરે છે તેને લોકો સાંભળે છે તે સાંભળનારનું અન્તઃકરણ શુદ્ધ થાય છે ત્યારે પોતાની મેળે ભગવાનનું સામર્થ્ય તે જોઈ શકે છે. શ્રુતિ ભગવાનની ઇચ્છાથી પ્રતિપાદન કરે છે તેનું સામર્થ્ય નથી. તેમ લૌકિક સાધન પણ નથી. યુક્તિ પણ ભગવત્સ્વરૂપ જાણવામાં ચાલતી નથી. તેમ આ ભક્તોને પણ ધ્યાનમાં ન આવે એવા સ્વરૂપનું દાન ભગવાને કર્યું તે મનોરથના અંતરૂપ થયું તેમનું સામર્થ્ય ન હતું સાધન ન હતું પરંતુ ભગવત્કૃપાથી તેનો મનોરથાન્ત ભોગ સિદ્ધ થયો. એમ પરમપુરુષાર્થ આપનાર ભગવાનને પધરાવવા તેમને બીજી વસ્તુઉપર પધરાવીએ તો તે આપણી સત્તાની બહારની વસ્તુ આપણું શ્રેય ન કરે તેથી પોતાના ઉત્તરીયોનું ભગવાનને આસન આપ્યું તે કહે છે વ્રજતરફની સ્ત્રીને ત્રણ વસ્ત્રો હોય છે સ્તન ઢાંકવાની કાંચલી. પહેરવાની સાડી અને એક તેનીઉપર ઓઢવાનું વસ્ત્ર તેમાં ઉપર ઓઢવાનાં વસ્ત્રો બે જાતનાં થાય છે એક ઘરની બહાર જાય ત્યારે ઉપર ઓઢવાની ચાદર હોય. એક ચાદર ભોગ સમયમાં ઘરમાં ઓઢવાની હોય. તે ઘરમાં ઓઢવાની ચાદર બારીક હોય છે. તે બધાં ભક્તોએ ઉતારી ભેગી કરી તેનું આસન આપ્યું. શ્રીઅંગને લાગેલું ચંદન સૂકાઈ ગયું હોય છતાં ભગવાનસાથે ક્રીડામાં સ્વેદ થતાં તે ચંદન ભીનું થાય તેના ડાઘ ચાદરને પડે તે ડાઘવાળાં ઉત્તરીયો

---

१ यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।

ભગવાનના આસનમાં આપ્યાં. ત્યાં શંકા કરે છે કે પોતે પેહેરેલું ભગવાનને આસન તરીકે કેમ અપાય? તેના ઉત્તરમાં કહે છે કે એ આત્માના બંધુ છે. રક્ષક છે. તે દેહ આત્માના રક્ષણ કરનાર છે. તેનેમાટે-દેહ આત્મા છે તેથી દેહઉપર રહેલું તેનું આસન બન્યું એ યોગ્યજ થયું છે. ૧૩

ભગવાન્ એના વસ્ત્રદ્વારા સર્વના હૃદયમાં પધાર્યા એમ બતાવવા તેમણે આપેલા આસનઉપર પોતે વિરાજ્યા તે હવે કહે છે.

**तत्रोपविष्टो भगवान् स ईश्वरो योगेश्वरान्तर्हृदि कल्पितासनः ।**
**चकास गोपीपरिषद्गतोर्चितस्त्रैलोक्यलक्ष्म्यैकपदं वपुर्दधत् ॥ १४ ॥**

યોગેશ્વરના હૃદયની અંદર જેના આસનની કલ્પના માત્ર કરાય છે એવા ષડ્ગુણૈશ્વર્યયુક્ત ભગવાન્ ઈશ્વર તે આસનઉપર વિરાજ્યા. ત્રણ લોકની લક્ષ્મીની શોભાનું એકજ સ્થાનરૂપ એવું શ્રીઅંગ ધારણ કરી ગોપીની સભામાં વિરાજ્યા ત્યારે ગોપીઓએ તેની પૂજા કરી.

**सुबोधिनी**—સ્વયં ષડ્ગુણસંપન્ન છે તેથી ગોપીઓના કાર્યને સિદ્ધ કરશે એ સૂચવવામાટે ભગવાન્ કહ્યા. ત્યાં શંકા કરે કે ઉત્તરીય વસ્ત્રો વગર સ્ત્રીઓ સભામાં આવે તો રસાભાસ થાય. તેવી સભામાં ભગવાન્ કેમ વિરાજે? ત્યાં કહે છે કે તે ઈશ્વર છે એટલે કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ છે. તેની પ્રથમ પ્રાર્થના કરી છે એ પોતે ઈશ્વર હોવાથી તેને કોઈ રોકનાર નથી. તેથી તો તેના વસ્ત્રો અલૌકિક થઈ ગયાં એ સૂચન થયું. એ વસ્ત્રો પહેરીને જળમાં ક્રીડા કરશે છતાં વસ્ત્રો ભીનાં નહિં થાય એ વસ્ત્રોની અલૌકિકતા. જેનામાં એવી અદ્ભુતશક્તિ હોય તે સ્ત્રીઓની સભામાં પણ બેશી શકે. અથવા પહેલાં ભગવાને ગોપીઓનાં વસ્ત્રો ચોર્યાં હતાં ત્યારે ગોપીઓને શરીર ઉપર બીલકુલ કપડું ન હતું ત્યારે રસાભાસ ભગવાને ન થવા દીધો તો આહિં તો એક વસ્ત્ર ઉત્તરીયમાત્ર ઓછું છે તેમાં રસાભાસ કેમ થવા દે? તેથી કહ્યું કે **स ईश्वरः** તે ઇશ્વર છે. તે વખતે પણ અનુચિત તો લાગે રસાભાસ ન થયો કેમ કહેવાય? એમ કહે તેના ઉત્તરમાં કહે છે કે તે ઈશ્વર છે. તેને કરવાનું સામર્થ્ય છે. તે જો રસાભાસ થતો હોય તો તેને ન થવા દે. અકર્તું સામર્થ્ય છે તેથી રસાભાસના કારણરૂપ તે આસનને પોતે છોડે નહિં. અન્યથા કરવાનું સામર્થ્ય છે તેથી રસાભાસ થતો હોય તેમાંથીપણ રસ પેદા કરાવી દે. તેથી સમર્થને કાંઈ ન કહેવાય. ત્યાં શંકા થાય કે અપવિત્ર અને ભોગના લિંપણાવાળા તે આસન ઉપર ભગવાન્ કેમ વિરાજે? ત્યાં કહે છે કે સર્વથી શુદ્ધ વસ્તુનો વિચાર કરો તો યોગેશ્વરોનાં હૃદય શુદ્ધ હોય છે. તેમાં પણ અંદરનો હૃદયનો ભાગ તેમાં પણ યોગિઓ ભગવાનનું આસન કલ્પે છે. તે હૃદયની અંદર કોઈ ચીજ આસન તરીકે રાખી શકતા નથી માત્ર માનસી કલ્પના છે. તેઉપર માનસી મૂર્તિ વિરાજે છે સદાનંદ પોતે તો તેમાં પધારતા નથી. સદાનંદનું મુખ્ય આસન આજ છે. તેથી તે આસન ઉપર વિરાજતાં શોભાવાળા થયા. અને ગોપીઓની સભામાં વચ્ચોવચ્ચ વિરાજ્યા. ચારે બાજુ ગોપીઓ બેઠી સભાપતિ ભગવાન્ થયા ત્યારે ગોપીઓએ તેમની અર્ચા કરી ભગવાને વિચાર્યું કે જેટલા ત્રિલોકીમાં ઇન્દ્રાદિ પદ છે. જે

લક્ષ્મીનો ભોગ કરે છે. તે બધા અંશોના અંશીરૂપ પોતાનું શ્રીઅંગ કર્યું એટલે દેશકાલની અપેક્ષાએ જે જે ઉત્કૃષ્ટ પદાર્થ જોઇએ તે બધા અત્યારે શ્રીઅંગધારણ કરીને દેશકાલાદિ પદાર્થો પ્રકટ કર્યા. ૧૪

એમ ભગવાનને પહેલાં જોઇને પોતાના અન્તઃકરણના દોષ દૂર કરવામાટે પોતાનામાં જે કૃતઘ્નતા હતી તે પહેલાં ભગવાનમાં કલ્પિત કરી તેથી ભગવાને અમારી પ્રીતિની કદર ન કરી પણ અમે પ્રેમથી આવ્યાં તેને હેરાન કર્યાં એમ લોકદૃષ્ટિ ભગવાનમાં કલ્પીને ભગવાનને કહે છે કે આપનામાં આટલો દોષ ખરો કે નહિં? તે પૂછવાનો પ્રથમ ઉદ્યોગ કરે છે.

**सभाजयित्वा तमनङ्गदीपनं सहासलीलक्षणेविभ्रमद्भ्रुवा ।**
**संस्पर्शनेनाङ्ककृताङ्घ्रिहस्तयोः संस्तुत्य ईषत्कुपिता बभाषिरे ॥१५॥**

પ્રથમ અનઙ્ગને ઉદ્દીપન કરનાર ભગવાનનું હાસ અને લીલાપૂર્વક કટાક્ષાદિવડે સ્વાગત કર્યું. પોતાના ખોળામાં પ્રિયતમના શ્રીહસ્ત અને ચરણને લઇને તેને ચાંપતાં કાંઈક સ્તુતિ કરી સૂક્ષ્મ કોપ બતાવતાં ભગવાન્ સાથે ગોપીઓ બોલ્યાં.

सुबोधिनी—પ્રશ્ન કરવાનું છે તેથી તેમની સ્તુતિ તથા બડાઈ કરીને બોલ્યાં. ત્યાં કહે છે કે પાછલી વાત યાદ કરવાથી શું લાભ થવાનો હતો. ફલ છે તેનો અત્યારે તો લાભ લેવો જોઇએ વાણીના યુદ્ધમાં ઉતરવાનો આ સમય નથી. આ શંકાના ઉત્તરમાં કહે છે કે ભગવાનની સાથેનો વાક્વ્યવહાર અનઙ્ગને ઉદ્દીપન કરે છે અંગનો તો નાશ કરે છે. એવો આમાં ધ્વનિ છે. તેથી એકવાર ભોગ કરવાથી કામ પુરું થવાનું નથી. મનમાં દોષ રહેવા દઇએ અને ભોગ કરી લઇએ તો આગળ વધારે પસ્તાવો થાય માટે દોષ કોનો તે નકી કરવું આપણો દોષ હોય તો તેને દૂર કરવો. ભગવાનના ધર્મમાં દોષ હોય તો તેને વાણીથી બાંધી લેવા. પ્રાર્થના કરવી કે આવી લીલા ન કરશો કેમકે અમને તેથી દુઃખ થાય છે એ નિશ્ચય થયા પછી ફલભોગ કરવો. અનઙ્ગદીપનમાં સાધન હાસ છે. અથવા અમારીપાસે કાંઈ સાધન નથી એમ નિઃસાધનતા બતાવવી. દીનતા એજ સાધન છે એમ કહેવું. હાસપૂર્વક લીલાપૂર્વક નિરીક્ષણ તેનાથી વિલસતી ભ્રકુટીવડે આપ અમારા અનઙ્ગને ઉદ્દીપન કરો છો. તેમાં પાંચ સાધન કહ્યા. હાસ, લીલા, ઈક્ષણ વિલાસ અને ભ્રૂ તે પાંચ કારણ અમારા કામનાં ઉદ્દીપક છે પંચે કામ કર્યું તે કોઇ દિવસ બગડે નહિં માયા મોહ કરનારી સ્વરૂપને ભૂલાવવામાટે છે. લીલા સ્વરૂપમાં આસક્તિને સિદ્ધ કરે છે. ઈક્ષણ તેમાં જ્ઞાન કરાવે છે જો એમ ન હોય તો બીજા જ્ઞાનથી તેનું નિરાકરણ થાય. વિલાસો પોષક છે. ભ્રૂ યમરૂપ છે. એટલે નિયામક કાલ છે. અથવા પ્રસાદ સુધીનો કાળ પણ ત્યાંજ છે. પછી પ્રશ્ન કરવામાટે તેમને રીઝવવા લાગી. ભગવાનના ચરણને ખોળામાં લઈ તેની ઉપર પોતાના બે શ્રીહસ્ત રાખી સારી રીતે સુખ થાય તેમ તેનું લાલન કરતાં ગયાં પછી ધ્યાન દેવાની સૂચના કરી. એમ 'સર્વભાવથી પ્રપન્ન થએલને પણ આપ છોડી દો છો' એ ભગવાનમાં દોષ આરોપણ કરી કાંઈ કોપ કરતી બોલી. 'જીવના દોષ સાધનથી જીવ દૂર કરે તો પણ તે એવા ન મટે કે જેવા ભગવાન્ તે દોષને દૂર કરે ને મટે,' એ હેતુથી ભગવાન્ પાસે પોતાના દોષને ખ્યાપન કરવા લાગી. ૧૫

હવે તેના પ્રશ્નનું વર્ણન કરે છે.

**गोप्य ऊचुः-**

**भजतोऽनु भजन्त्येके एक एतद्विपर्ययम् ।**
**नोभयांश्च भजन्त्येके एतन्नो ब्रूहि साधु भोः ॥ १६ ॥**

ગોપીઓએ કહ્યું—કેટલાક ભજતો હોય તેને ભજે છે, કેટલાક ન ભજનારને ભજે છે, કેટલાક ભજતા અને અભજતા બન્નેને ભજતા નથી, તે બધું અમને સમજાય એમ સ્પષ્ટતાથી કહો કે તેમાં શ્રેષ્ઠ કોણ.

**सुबोधिनी**—સ્વરૂપથી, સાધનથી અને ફલથી ત્રણ પક્ષ સંદેહવાળા છે. કેટલાક ભજન કરે છે, કેટલાક ભજન નથી કરતા, તેથી સંદેહ થાય છે. તેમાં એક પક્ષ એવો છે કે જેવી રીતે બીજો ભજે તેવી રીતે પોતે પણ ભજે છે. બીજો પક્ષ એવો છે કે તે ન ભજતાને પણ ભજે છે. ત્રીજો પક્ષ ભજનાર અને અભજનાર એ બન્નેને ભજતો નથી. તે ત્રણમાં બે [1]પ્રતિયોગિને શું ફલ તે કહેવું જોઇએ. જે ભજનને અનુરૂપ ભજે છે તે [2]કૃતઘ્ન ગણાય. [3]ધૂતારા ગણાય, અથવા [4]સારા ગણાય. કોઇકે પગ ધોયા. તે મળે ત્યારે તે પણ પગ ધોવે તો તેનું ફલ શું. ફલને માટે તે કરતો હોય તો ફલ દેવું જોઇએ ફલમાટે ન કરતો હોય તો તેણે પણ તેમ કરવું કરે તેમ કરવું. નિરપેક્ષ રહીને કરે તેમાં તો સંદેહજ રહે છે. અભજનારને ભજવામાં ક્યાંક દોષ થાય છે. જેમ [5]નિષ્કામ પુરુષને કામની ભજે તો તેમાં કામિનીને દોષ થાય ક્વચિત્ [6]ઉપકાર થાય છે. જો તે અર્થ તેને અપેક્ષિત હોય તો. ક્વચિત્ સ્નેહ દેખાય છે ક્વચિત્ ધર્મ સિદ્ધ થાય છે. આ બધાનું નિર્ધારિત એક ફલ કહેવું. જે ભજનારને

---

૧ અભજનારને ભજે તે પહેલો પ્રતિયોગી, ભજનારને જે ભજતો નથી તે દ્વિતીય પ્રતિયોગી.

૨ કૃતઘ્ન એટલે માણસ નિષ્કામતાથી કરે તો ઈશ્વર તેને ફલ અવશ્ય આપે પરંતુ તેમ કરનારને પણ બીજો તેના જેવું ભજન કરે તો તે ભજનારને અલૌકિક ફલ ન થાય કેમકે પ્રતિયોગીએ ભજન કર્યું તેથી પૂર્વનું ભજન લૌકિક થઈ ગયું મિથો ભજન થયું તેથી તેના અલૌકિક ફલની આશા નહિં પણ તે લોકવ્યવહારમાં નિપુણ ગણાય. પરલોકાત્મક ફલ નહિં તેથી તેને કૃતઘ્ન કહ્યો છે.

૩ ધૂર્ત કેમ ગણાય કે કોઇએ કઠણ સમયમાં સહાયતા કરી તેનો ઉપકાર તેના મનમાં હોય છતાં વખત આવ્યે પોતે થોડોપણ ઉપકાર કરી અમે પણ અમારાથી બને તે કરીએ છીએ એમ કહી પૂર્વકૃતને ન ગણે તે ધૂર્તમાં ગણાય.

૪ કોઈ ભજન કરતો હોય તેને કાંઈ આશા હોય તો તે તેને આપવું જોઇએ પરંતુ તેને એવો નિશ્ચય ન થાય ત્યાંસુધી મારો ઉપકાર કર્યો છે એમ ઉપકાર ભાર મનમાં રાખે તે સારો કહેવાય. લોકમાં એવા કરનારા મળે છે. તેથી કરે એમાં સંદેહ તો થાયજ. સ્વરૂપથી ફલથી અને સાધનથી સંદેહ કહ્યા છે તેમાં આટલા ગ્રંથમાં કર્તવ્યના સ્વરૂપનો સંદેહ બતાવ્યો. હવે ફલમાં સંદેહ બતાવે છે.

૫ કશ્યપ સંધ્યાના સમયમાં નિષ્કામ હતા તેને દિતિએ ભજ્યા તેમાં તેને દોષ થયો તે સ્પષ્ટ છે. શ્રીભાગવત તૃતીયસ્કન્ધ જુઓ.

૬ બ્રહ્માએ વિપ્રચિત્તિને આગ્નિધ્રપાસે મોકલી તે નિષ્કામ હતો છતાં બ્રહ્માની મોટાઈ રાખી તેનું ભજન કર્યું તો તેનો ઉપકાર આગ્નિધ્ર ઉપર થયો. ભાગવત પંચમસ્કન્ધ આગ્નિધ્રોપાખ્યાન જુઓ.

નથી ભજતો તેને શું ફલ. જે બન્નેને ભજતા નથી તે બન્નેને શું ફલ. સાધન કર્યું તેનો ઉપયોગ શું. એ બધું કહો. સારીરીતે ધ્યાનમાં આવે તેમ કહો. મોઃ એ સંબોધન સાવધાન બનાવવામાટે છે. એમના ભેદ તથા તેનાં ફલનો ઉત્તર ભગવાન્ આપે છે. ૧૬

ભજન કરનાર પુરુષને તેના ભજન પછી પોતે પણ તેજ પ્રમાણે ભજે તે એક, બીજો એવો છે કે જે ભજન નથી કરતો તેનું ભજન કરે છે એ બે ભજન કરનારા છે. બીજાઓ ભજન રહિત છે. તેના ભેદો તથા તેનું ફળ કહે છે.

**श्रीभगवानुवाच-**

**मिथो भजन्ति ये सख्यः स्वार्थैकान्तोद्यमा हि ते ।**
**न तत्र सौहृदं धर्मः स्वार्थार्थं तद्धि नान्यथा ॥ १७ ॥**

શ્રી ભગવાને કહ્યું હે સખીઓ જે પરસ્પર ભજન કરનારા છે તેનો ઉદ્યમ એક સ્વાર્થ માટેજ છે. તેમાં સ્નેહ નથી ધર્મ નથી પણ સ્વાર્થને માટેજ તેનું ભજવું છે બીજો તેનો કાંઈ અર્થ નથી.

सुबोधिनी—તેમાં પહેલા પક્ષનો ઉત્તર આપે છે. જે પરસ્પર એકબીજાનું ભજન કરે છે તે સ્વાર્થ એકલો જેનું ફલ છે એવા છે. તેઓ સમજીને પરસ્પર ભજન કરે છે. તે ભજનમાં વધારો ઘટાડો પણ એક બીજાના ભજનથી જ કરે છે. તેથી તેમાં પરસ્પર પ્રતારણાની પણ શંકા નથી. તેથી તે મિથોભજન લૌકિક સાંચવવા માટેજ છે. ત્યાં શંકા કરે છે કે બન્ને બ્રાહ્મણ હોય તે એક બીજાનું ભજન કરે તો તેમાં ધર્મ અથવા સ્નેહ તો હોવા જોઇએ. ત્યાં સ્વાર્થ કેમ કહેવાય? એના ઉત્તરમાં કહે છે કે તેમાં પણ સ્વાર્થજ સમજો. ત્યાં સૌહાર્દ કે ધર્મ નથી. કેમકે એક ભજે અને બીજો તેના જેવું ભજન નહિં કરે તો સામાને ક્રોધ થશે. માટે એવે સ્થળે પણ સ્નેહ કે ધર્મ છે એમ ન સમજવું. 'બ્રાહ્મણો ભેગા થઇને જમે છે તેને ધર્મશાસ્ત્રપિશાચ ભિક્ષા કહે છે તે દેવોને કે પિતૃઓને પહોચતી નથી પણ બીજા ઘરમાં બાંધેલી વાછડા વગરની ગાયની જેમ આ લોકમાંજ ક્ષીણપુણ્ય થતાં નષ્ટ થાય છે' ગુરુ સેવામાં પરસ્પરમાં દૃષ્ટાર્થતા હોય તો ત્યાં પણ ધર્મ નથી. શાસ્ત્રમાં ગુરુની સેવાનો વિધિ છે તે જાણી સેવા કરે તો તે મિથોભજન નથી. સેવાથી પ્રસન્ન થઈ ગુરુ મંત્રોપદેશ કરે તે મિથોભજન ન કહેવાય તે તો ફલરૂપ ગણાય. સખીઓ એમ સંબોધન આપ્યું તે મિત્રતામાં પ્રતારણા ન હોય એ બતાવવા માટે છે. તે પરસ્પર ભજન કરનારા વાણીયા છે સ્વાર્થમાટેજ તે પરસ્પર ભજન કરે છે. ધર્મ વગેરે પણ ફલના ઉદ્દેશથી થતા હોવાથી તેમાં સ્વાર્થ તો છે તો પણ તે અન્યોન્ય ભજનથી સિદ્ધ થતા નથી. તેમ સૌહાર્દમાં પણ સામાની અપેક્ષા રહે તો તે સૌહાર્દ ન કહેવાય. તેથી પરસ્પર ભજન કરનારા સ્વાર્થ માટેજ કરે છે તેમાં બીજાને માટે કરવાનો દેખાવ છે ખરી રીતે મુખ્ય સ્વાર્થ છે. એવીરીતે સેવા આપવામાં પણ સ્વાર્થ છે. દુઃખનિવૃત્તિ તે સેવાનું ફલ છે. આ વાત સર્વલોકમાં પ્રમાણરૂપ ગણાય છે તેથી મૂળ શ્લોકમાં तत् हि એમ હિ શબ્દ પ્રસિદ્ધાર્થક મૂક્યો છે. જો સ્વાર્થમાટે ન હોય તો તેમાં પરોપકાર ધર્મ ખરો. પરંતુ જ્યાં બીજાના હૃદયમાં તેનો બદલો વાળવાની ચિંતા થાય તે ધર્મ

ન કહેવાય કેવળ સ્વાર્થ કહેવાય. નામમાત્રથી તે ધર્મ કહેવાય છે ખરીરીતે એમાં ધર્મનો છાંટો સરખો પણ નથી. ૧૭

જે ન ભજતાને ભજે છે તે બે પ્રકારના છે તેને ગણાવે છે.

**भजन्त्यभजतो ये वै करुणाः पितरौ यथा ।**

**धर्मो निरपवादोत्र सौहृदं च सुमध्यमाः ॥ १८ ॥**

હે સુમધ્યમા: નહિં ભજનારને ભજવાવાળા બે જણ હોય છે. દયાવાલા અને માબાપ. તેમાં પહેલામાં નિરપવાદ ધર્મ છે. અને બીજામાં સૌહાર્દ છે.

**सुबोधिनी**—જે નહિં ભજતા કેવલ વગરબોલે બેસી રહેનારને ભજે છે તેમાં બે કારણ છે. લૌકિક અને વૈદિક, સ્નેહ એ લૌકિક અને વિધિ એ વૈદિક છે. તેમાં સ્નેહ લૌકિકમાં છે. વૈદિકવિધિમાં ધર્મ છે. જે પહેલો સૌહાર્દથી કરે છે. તેનો વખત આવે ત્યારે તેની ઉપર ઉપકાર કરવો જોઇએ. નહિં તો તે કૃતઘ્ન થાય. ધર્મશેષ હોય તો પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. તેનો ધર્મ તેની મારફત તેમાં દાખલ થાય છે. ધર્મમાં જ્યાં દેવતા પ્રધાન હોય. અથવા કર્મ પ્રધાન હોય તે અહિં કહેવાનાં નથી. કેમકે તેના પ્રતિયોગીમાં ભજનની શંકાજ થતી નથી. જ્યાં અસમાનતા હોય ત્યાં શંકા નથી જેમ ગાયને ગારામાંથી કાઢી તો તે બદલો આપવાને તૈયાર નથી હોતી પરંતુ સામો માણસ બદલો આપી શકે તેવો છે તેમાં પહેલો ભજન કરે અને બીજો તેનું ભજન ન કરે તો નિરપવાદ ધર્મ કહેવાય. અથવા સ્નેહ કહેવાય. અધિકારિ વિશેષણમાં તો દયા અને દેહસંબંધ. તેજ કહ્યું કે કરુણાવાળા અને માબાપ તેવી સેવા કરનાર છે. બીજે પણ અધર્મો દેખાય છે. સંસારીમાં કેટલાક નિર્દય હોય છતાં ગરીબોની ઉપર દયા કરે છે. સ્નેહી હોય તેવા થાય છે. તેને આ બે પક્ષમાં ગણવા માટે યથા શબ્દ કહ્યો છે. સંબંધ તો જન્માન્તરનો પણ હોય તેથી ઉપમાન અને ઉપમેયનો અભેદમાની એક પ્રકાર કહ્યો છે. સામાવાળો ઉપકાર કરે તો પહેલાના ભજનનો અપવાદ થાય અન્યથા નિરપવાદ ધર્મ ગણાય. તેથી જ્યાં પ્રત્યુપકારની સંભાવના પણ નથી ત્યાં ધર્મ કહ્યો. તેથી કેટલાક કરે છે પણ પોતે કર્યું એમ કહેતા નથી. સૌહાર્દમાં પણ ધર્મ છે તેથી મૂળમાં ચકાર કહ્યો છે. સુમધ્યમા એ સંબોધન ગોપીઓને ભગવાને આપ્યું છે. એટલે તમોએ પણ પૂર્વે ધર્મ તો કર્યો છે કેમકે સુમધ્યમત્વ પણ પૂર્વના ધર્મવગર થતું નથી તે તમારામાં જોવામાં આવે છે માટે તમે ધર્મવાળાં છો એ વાત સંબોધન ઉપરથી કહી શકાય છે. મધ્યભાગ શરીરનો એટલે કટિભાગ. તેનું સૌંદર્ય પૂર્વધર્મનું ફલ છે. ૧૮

જે ભજન માટે ભજતા અને સૌહાર્દને લીધે ભજતા એ બન્નેને ભજતો નથી. ધર્માર્થ ભજનારને તો તેના બદલાની આશા ન હોય એટલે તેમાં શંકા જેવું નથી પરંતુ પૂર્વે કહેલ બન્નેને ભજતા નથી તેમાં અભજન કરનાર, દીન, ધર્માધિકારીને પણ ભજતો નથી. તેનું સ્વરૂપ ભગવાન્ કહે છે.

**भजतोपि य वै केचिद् भजन्त्यभजतः कुतः ।**

**आत्मारामा आप्तकामाः अकृतज्ञा गुरुद्रुहः ॥ १९ ॥**

કેટલાક ભજન કરનારને પણ ભજતા નથી તો અભજન કરનારને તો ક્યાંથી ભજે. તેવા વર્ગમાં આત્મારામ, આપ્તકામ, સામાના કાર્યને નહિં જાણનાર અને ગુરુદ્રોહી એ ચાર આવે છે.

**सुबोधिनी**—કેટલાક મહાપુરુષો હોય છે તેની કોઇ સેવા કરે તેને પણ તે ભજતા નથી ત્યારે તેને ન ભજે તેને તો ક્યાંથી બોલાવે. એવાના ચાર પ્રકાર દુનીયામાં છે તેમાં બે સારા અને બે નઠારા છે. જે દયાધર્મના અધિકારી છે તે અધમ છે. જે લૌકિક નિમિત્તવાલા તે ઉત્તમ છે. તેને એક બીજાથી જૂદા ગણાવે છે કે તે બધા એક કોટિમાં ન ઘુસી જાય. જે આત્મામાં રમનાર હોય છે. બીજા કોઈ દેહની સેવા કરે પણ આ મહાત્માને તો દેહમાં પણ મમતા નથી. તેથી તેનું સેવન કરે તેમાં પોતાની સેવા માનતા નથી. તેને ભજન કરવાનું સાધન દેહાદિ તેને પણ તે જોતા નથી. બીજા પ્રકારમાં આપ્તકામ છે ઇચ્છા પૂરી થઈ ગઈ છે. તે, જેમ કોઈ ખાતો હોય તેને કોઈ કહે તું ખા કોઈ કહે ન ખા પરંતુ જેને ખાવું નથી. તેને બન્નેનું કામ નથી. જેણે કહ્યું ન ખા તેમાં આને પ્રવૃત્તિ નથી. જેણે કહ્યું ખા તે તો કરતો હતો એટલે અનુવાદ કહ્યો. તે બન્ને વ્યર્થ છે. જે કહે છે ખા તેનો ધર્મ સિદ્ધ થાય છે. અથવા જે કામ કરે છે તેને કહે છે એટલે કહેનાર કાંઈ સમજતો નથી એમ સિદ્ધ થાય છે. એ બે ઠીક ગણાવ્યા. હવે બે અધમને ગણાવે છે. જે ઉપકાર કરનારના ઉપકારને જાણતો નથી તે ઉપકાર કરવાને સમર્થ છે છતાં કરતો નથી તે ભજતો નથી કેમકે તેને ભજવું જોઇએ તે વાતને પોતે સમજતો નથી. જાણતો હોય સામર્થ્ય હોય છતાં ન ભજે તે ગુરુદ્રોહી ગણાય છે. જે કોઈ પોતાનો પુરુષાર્થ સાધવામાં ઉપયોગી હોય તે આપણા ગુરુ—પૂજ્ય ગણાય. તેને આપત્તિ આવે તે વખતે આપણામાં શક્તિ હોય તો તેની આપત્તિ આપણે દૂર કરવી જોઇએ તેમ ન કરતાં તેને દુઃખી થવા દઇએ તો ગુરુદ્રોહ ગણાય. એમ ભજન કરનાર ભજન નહિં કરનાર બન્નેને છોડનાર એ ત્રણે પ્રશ્નના ગુણદોષનો વિચાર કરી ઉત્તર આપ્યો. ગોપીઓના હૃદયમાં એમ છે કે આ ત્રણ પક્ષમાં ભગવાન્ કયા વર્ગમાં ગણાય. આપણે ભગવાન પાસે આવ્યાં છતાં તેણે ભજન કર્યું નથી. તેનામાં ભજનનું સામર્થ્ય છે તેથી પરસ્પર પક્ષ અને અભજન પક્ષ તો તેને લાગુ થતા નથી. દ્વિતીય પક્ષમાં ગોપીઓનું ભજન સ્નેહથી ગણાય. ભગવાન્ તો ભજનીય તરિકે તેના નિરૂપક રહે તો ચાલે. ત્યાં કહે છે કે ઈશ્વર આ જીવની કોટિમાં આવી શકે નાહિં માટે ભગવાનનો આમાં વિચાર ન થાય. ત્યાં કહે છે કે ગોપીઓ ભોગ્ય છે એ નિઃસંદિગ્ધ વાત છે. તે તો ભોગ્ય આપીને ખલાસ થાય. માટે ભગવાનનો વિચાર કરવો રહ્યો. ઈશ્વરનું પણ જો ફલને માટે ભજન હોય તો તેનો વિચાર ન કરાય પરંતુ વ્યવહારમાં તે દૃષ્ટફલ આપે એવો હોય તો તે દીધેલું લેતોદેતો હોય તો તેનો વિચાર કરવો પડે. એ ભગવાન્ આત્મારામ નથી કેમકે પહેલાં તે અમારી સાથે રમી ચુકયા છે. પૂર્ણકામ પણ તે કારણથીજ નથી. ત્યાં કહે કે પ્રથમવખતેંજ રમીને ધરાઈ રહ્યા તેથી પછી તે ન રમ્યા? તે વાત બરોબર નથી કેમકે તૃપ્ત થયા હોય તો ભજન ન કરે પણ અમારો ત્યાગ તો તે ન કરી શકે. તેથી અણસમજુ કહીએ તો તે પણ ન કહેવાય કેમકે તે તો સર્વજ્ઞ છે એથી તે ગુરુદ્રોહી કાં ન ઠરે એમ ગોપીઓ ધારે છે. ૧૯

મોટાઓ ફલ દેનારા કોઈ વખતે ન પણ દે એ શંકા દૂર કરવા ભગવાન્ પોતાનું સ્વરૂપ બતાવે છે.

**नाहं तु सख्यो भजतोपि जन्तून्**
**भजाम्यमीषामनुवृत्तिवृत्तये ।**
**यथाऽधनो लब्धधने विनष्टे**
**तच्चिन्तयान्यन्निभृतो न वेद ॥ २० ॥**

હે સખીઓ ઉપરના ચારે પક્ષમાં તમે કોઈ પક્ષમાં મને ગણો તો હું તેમાં આવી ન શકું કેમકે જેમ ધન પહેલાં હોય પછી તે બધું જતું રહે ત્યારે તેની ચિંતામાં તે ધનવગરનો માણસ ધનવિના કાંઈ બીજું જોતો નથી તેમ તમારા મનને મારામાં સ્થિર કરવા માટે તમે ભજો તો પણ હું તમને ભજતો નથી. જેથી તમે મારા વગર બીજું કાંઈ ન દેખો.

**सुबोधिनी**—તુ શબ્દ પક્ષને ઉડાવી દે છે. ઈશ્વર પણ ભજે એ પક્ષ અહિં નથી કેમકે હું તમારો સખા અને તમે મારી સખીઓ એટલે મારે તમારા ઈશ્વર થવું નથી. સમાનશીલ વ્યસનમાં સખ્ય થાય ગોપીઓ રસમાં સમાન છે. એક અર્થમાં ધ્યાનવાલાં છે. હું ભગવાન્ છું, જીવ નહિં. તેજ વ્યવસ્થા કહે છે હું ભજનારને ભજતો નથી. એનું કારણ એ છે કે તે જીવો છે. તેને મારામાં અનુવૃત્તિ થવા માટે હું તેને ભજતો નથી. તે ભગવાનને કોઈની જરૂર નથી. ભગવાન્ ફલ છે તેની અપેક્ષા સર્વને છે. એટલે તેનું ભજન સર્વને ઇચ્છિત છે ઇષ્ટસાધન પણ ભજન છે. તેમાં હું જો ઇષ્ટસાધનત્વેન પ્રવેશ કરૂં તો ભજનનો નાશ કરૂં પછી આગળ ભજનનો પ્રતિબંધ થાય. પહેલાં ભજન કર્યું હોય તે વૃથા જાય. ભગવાનનો ઉપયોગ ચાર પ્રકારે થઈ શકે ભગવાન્ ભોગ્ય કે ભોક્તા, ભોગ્ય પક્ષમાં કામપૂરકપણાથી કે સ્વતંત્રતાથી ભોગ્ય, તે ભોક્તા હોય તો પ્રેમથી ભક્તે આપેલું ભોગવે કે વિષય પણાથી ભોગ કરે આદ્યપક્ષમાં ભજનનો નાશ થાય. કેમકે તે ફલ તો સ્વલ્પ થાય. સ્વરૂપથી ફલ મોટું છે પણ કાલથી તે પરિછિન્ન છે. દ્વિતીયપક્ષમાં તે સ્વતંત્ર ભોગ્ય અતિભજનથી થઈ શકે તેવું ભજન ગોપિઓમાં નથી. તે સિદ્ધ થવા માટે હું તેનું ભજન કરતો નથી. માટે અપેક્ષા ન હોવાથી વિષયની રીતે હું ભોક્તા થતો નથી. ભક્તિને માટે તો મારે ભજન ન કરવું એજ યોગ્ય છે. આમાં બધા સિદ્ધાન્તનો સંગ્રહ થઈ ગયો. મારા અભજનથી તમારા મનની મારામાં અનુવૃત્તિ થાય. તે પ્રકાર હવે કહે છે. કે જેમ પહેલાં ધન વગરનો હોય તેને ધન પાછળથી મળે તે જો ગયું તો તે તેની ચિંતામાં એવો પડી જાય કે બીજું કાંઈ તેનાં મનમાં આવે જ નહિં. આ વાત લોકમાં પ્રસિદ્ધ છે. તેમ ગોપિઓને પણ પહેલાં ભગવાન મળ્યા ન હતા પછીથી મળ્યા તે જો દેખાતા બંધ થયા તો તેમાં ચિત્ત તેનાં ચોટી જાય તેથી તે પ્રપંચને ભૂલી જાય. એકચિત્ત થાય તેનું પ્રયોજન પહેલાં કહેવામાં આવ્યું છે. ૨૦

એમ ભગવાને પોતે ભજતા નથી તેનું કારણ કહી બતાવ્યું હવે આપણા સંબંધમાં મારે તમને અનુસરવાની જરૂર નથી તે કહે છે.

**एवं मदर्थोज्झितलोकवेदस्वानां हि वो मय्यनुवृत्तयेऽबलाः ।**
**मया परोक्षं भजता तिरोहितं मासूयितुं मार्हथ तत्प्रियं प्रियाः ॥२१॥**

હે અબલા—મારી સેવા કરવાના હેતુથી તમે મારે માટે લોક, વેદ અને આત્માને છોડ્યા તમને હું પરોક્ષ ભજ્યો છું તે તમને દેખાણો નથી તેથી હે પ્રિયાઓ હું તમારો પ્રિય હોઇને તમારે મને ઇર્ષ્યાથી જોવો ન જોઇએ.

**सुबोधिनी**—ગોપીઓએ કહ્યું કે જંગલમાં રાતના વખતે સ્ત્રીઓને કેમ છોડી દેવાય? તેને માટે ભગવાન્ કહે છે કે બે વાત કરવી જોઇએ. તમારૂં ભજન ચાલુ રહેવામાટે મારે તમારૂં અભજન અને રાતમાં રક્ષાને માટે ભજન, તે બન્ને મેં પરોક્ષ-ભજન કરીને સિદ્ધ કર્યાં છે. તેથી હું તમારી આંખથી છેટો રહ્યો પણ રહ્યો તો સાથેજ કેમકે તમે મારે માટે લોક, વેદ અને પોતાના શરીરની પણ પરવા કરી નથી. તેમાં પણ તમે વૃથા પરિત્યાગ કર્યો નથી, મોક્ષને માટે પણ પરિત્યાગ કર્યો નથી પણ મારે માટે ત્યાગ કર્યો છે વૃથા પરિત્યાગ પક્ષમાં તમારૂં અનિષ્ટ થાય. મોક્ષ માટે ત્યાગ કરો તો મારે માથે ભાર ન રહે. ત્રણ પદાર્થો છોડવા જેવા છે. લોક છુટે તેવો નથી વૈદિક માર્ગ છુટી ન શકે. હુંજ તેમાં લોકની શ્રદ્ધા કરાવનારો છું પતિ પુત્ર વગેરે છુટી શકે નહિં. તેમાં પણ હું મળી ગયો. હું મળું તો તમે લોકાદિ છોડો પણ 'આપ મળશે' એવી આશાથી તમે લોકાદિ છોડ્યા ત્યારે તો મારે વિચાર કરવો પડે. મેં ગીતામાં કહ્યું કે સર્વ ધર્મો છોડી મારે શરણ થાઓ. હું એવા-નોજ રક્ષક છું તે ત્રણ પદાર્થો તમે છોડ્યા એટલે મેં તમારૂં ભજન કર્યું. ખરી-રીતે તો સ્વપદથી પતિપુત્રાદિ નહિં પણ પોતાનો આત્મા લેવો જોઇએ. કેમકે પતિપુત્રાદિશબ્દ તો લોકમાં આવી ગયાં લોક છોડતાં તે છુટી ગયા તો સ્વશબ્દ વધારે થાય અર્થવગરનો થાય તેથી સ્વશબ્દથી આત્માપણાથી સ્નેહ દેહમાં તમે ન રાખ્યો પણ આત્મા મને માની સ્નેહ મારામાં કર્યો આત્મપણાથી સ્નેહ નહિં તેજ સ્વત્યાગ. સાર એટલોજ કે ગોપીઓની પ્રીતિનો હું એકજ વિષય રહ્યો. ત્યારે અનન્યનું પાલન કરવું એ યોગ્યજ ગણાય. તમને મારામાં અનુવૃત્તિ રહેવામાટે એવો વઃ શબ્દનો અર્થ છે. અબળા સંબોધનથી એમ બતાવ્યું કે સત્પુરુષો મને ભજે છે તેમ મારાથી તમારૂં ભજન ન કરાય. અથવા મેં પરોક્ષ ભજન કર્યું તેમાં હું તમારાથી જૂદો રહ્યો ન્હોતો. અથવા વઃ નો દ્વિતીયારૂપ અર્થ ન કરતાં મદર્થોજ્ઝિત લોકવેદ સ્વના વિશેષ તરીકે અન્વય કરવો. એમ અભજન પ્રકારથી મદમાન પ્રકારથી ભજન અથવા ભોગ કર્યો ભોક્તા હું છું તે મારૂં કામ ચાલુ રાખીને હું તમારી નજરે ન ચડ્યો પણ મારી હાજરી તમારી મંડલીમાંજ હતી. તેથી મેં ભજ્યા નથી એ પક્ષ ઘટતો નથી. જો મેં ઉપેક્ષા કરી હોય તો તમે અસૂયા કરી શકો અમારા સ્નેહને જાણી ન શક્યા એવા દોષનો મારામાં આરોપ કરી મને નિંદવાને તમે લાયક નથી. કેમકે હું તમારો પ્રિય છું. પ્રિયને દોષ દઇએ તે પોતાનેજ લાગે કેમકે તે છુટે તો નહિં તમે પણ મારાં પ્રિય છો પ્રીતિ હોય ત્યાં તેના કૃતજ્ઞતાદિ ગુણો જોવાના નથી. જેમ તેનામાં ઉદાસીન થવાનું નથી તેમ તેના ગુણો જોવાના નથી તે ગુણો ઉદાસીનતાની સાથે રહેનાર છે. ૨૧

એમ તે ગોપીઓના મનમાં દોષ હતો તેને દૂર કરીને ભક્તિમાર્ગનો વિરોધ દૂર કરવામાટે તેની સ્તુતિ કરે છે.

न पारयेऽहं निरवद्यसंयुजां
स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या मा भजन् दुर्जरगेहशृङ्खलाः
संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥ २२ ॥

इति श्रीभागवते महापुराणे दशमपूर्वार्धे ( गोपीसान्त्वनं नाम )
एकोनत्रिंशोऽध्यायः ॥

તમે નિર્દોષ ભાવવડે મારામાં જોડાયાં તે તમારૂં મોટું ઋણ દેવતાઓના લાંબા આયુષ્યવડે પણ હું ચૂકાવી ન શકું તમે ન તુટે એવી ગૃહરૂપ બેડીને તોડીને મને ભજ્યા તે તમારો ઉપકાર મારીઉપર કાયમ રહો. મારૂં ભજન કરીનેજ તમો રાજી રહો. મોટા પુરુષો મોટું કામ કરીને રાજી થાય છે તેમ.

सुबोधिनी—નિરવદ્ય-નિર્દુષ્ટ ભજનવાળાં તમે તેમનું આ સારૂં કૃત્ય તમે જે મારી ઉપર ઉપકાર કર્યો તેનો બદલો આપવાનું, બ્રહ્માની આયુષ્યસુધી અથવા મન્વંતર કાળસુધી અથવા અનન્ત આયુષ્યવાળા જ્ઞાનીના કાળસુધી હું કરી શકું તેમ નથી કેમકે ભજન અને તેનો સામો ઉપકાર એ બેનો મેળ મળતો નથી. તમારૂં ભજન કપટરહિત છે. અમારૂં ભજન કપટવાળું છે. અલ્પપણ જળ હોય એની બરોબરી ઝાંઝવાનું ઘણું જળ ન કરી શકે. સત્ય ભજન બ્રહ્મ ન કરી શકે કેમકે ભજન કરવું એ જીવનો ધર્મ છે. તેમાં વિશેષ બતાવે છે. ઘરરૂપ બેડી જુની થતી નથી. બધાંને કાળ ખાય પણ તેને કાળ ખાતો નથી. તે બેડીને તોડીને તમે મારૂં ભજન કર્યું. અને મારા સાથે પ્રસિદ્ધિને પામ્યાં. પહેલાં જેનાથી બંધાઇને બેઠા હતાં તેમાં સ્વાર્થ હતો તે બધું મારામાં મુકીને મને ભજ્યો. બહારની સાંકળ તોડાઈ ખરી પરંતુ ચારે તરફથી ઘરને વિંટાયલી સાંકળ તોડી ન શકાય. એમ જો અલૌકિક સ્ત્રી બનીને કોઇએ ભજન કર્યું હોય તો તે તો તમેજ છો તે કામ તમારૂં સારામાં સારૂં માની તમે ખુશી થાઓ તેજ ખુશીજ તેનો બદલો સમજો. ભગવભક્તો મોટાં કામ કરીને પોતે પ્રસન્ન થાય છે. પણ મેં આ કામ કર્યું એનો બદલો મને મળે એમ ઇચ્છા કરતા નથી. મારામાં તો ભજન નથી. ભજન જીવધર્મ છે. માટે હવે પછી પણ જો તમને સંતોષ થતો હોય તો મને ભજજો નહિં તો મનમાં આવે તે કરજો બદલાની આશા મારામાં રાખવાની નથી કેમકે જે જેનાથી ન થઈ શકે તે તે ન જ કરી શકે એટલે થયું. ૨૨

ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધનો ( ફલપ્રકરણની શ્રીવલ્લભાચાર્યકૃત સુબોધિની-
ટીકાના ગુર્જરઅનુવાદનો રાસપંચાધ્યાયીનો ચોથો )
ઓગણત્રીશમો અધ્યાય સમાપ્ત થયો. ૨૯

## અધ્યાય ૫ મો.

[1]કારિકાઃ 'પ્રસન્ન થએલ ભગવાન્ આ ત્રીશમા અધ્યાયમાં ઇન્દ્રાદિને દુર્લભ એવી કામકૃત લીલા પોતાનો આનંદ ભક્તમાં સ્થાપન કરવામાટે કરે છે તે કહેવાય છે. આ લીલા સર્વ લીલાની ઉપકારિકા હોવાથી તેનું ફલ કહેવામાં આવે છે. જો અહિં કામમાં લૌકિકભાવ હોય તો સિદ્ધાન્ત કહે છે. રસાત્મક કામ અત્યંત ગુપ્ત રહે છે તે કામને દૂર કરવામાટે કામશાસ્ત્ર તથા ભરતકૃત નાટ્યશાસ્ત્ર લોકમાં પ્રવૃત્ત થયાં છે. તેથીજ ભગવાને નૃત્ય કર્યું અને ગોપીઓ પાસે નૃત્ય કરાવ્યું તેનું કારણ એ જ કે સર્વાઙ્ગમાં છુપાયેલો કામ નૃત્યાદિથી સર્વાઙ્ગથી પ્રકટ થાય છે તેમાટે નૃત્ય અને બંધોનો ઉપયોગ છે. ભગવાન્ નૃત્ય કરે તેમાં શ્રમ થાય તેમાં વાયુ અપેક્ષિત છે. ભગવાનને ગરમી લાગે ત્યારે જલ અપેક્ષિત છે તેથી લીલામાં જલ અને વાયુ સામગ્રીરૂપે ઉપયોગી છે. આ લોકમાં ઉત્તમ આધિદૈવિક પ્રકટ થયેલું કામસુખ કૃષ્ણજ ભોગવે છે. બીજો કોઈ આધિદૈવિક કામભોક્તા જીવ નથી.'

એમ ૨૯ મા અધ્યાયના અન્તમાં ભક્તોને સર્વભાવ આપી પ્રમાણથી અને પ્રમેયથી સર્વ દુઃખ દૂર કર્યું તે દુઃખ અજ્ઞાનથી થયું હોય તો તે જ વખતે દૂર થાય. જો એમ ન માનીએ તો એ ભગવાને દુઃખ આપ્યું ગણાય. તેથીજ ભગવાન્ તેમને છોડીને અન્યત્ર ક્યાંઈ ગયા જ નથી ભગવાન્ તેને દુઃખ આપનાર નથી પણ તે ભક્તોનું અજ્ઞાનજ તેના દુઃખનું કારણ બન્યું છે. એ અજ્ઞાન જ્યારે ભગવાનના વાક્યથી ગયું ત્યારે અજ્ઞાનથી ઉત્પન્ન થએલ દુઃખ પણ ગયું. તે વાત શુકદેવજી રાજા પરીક્ષિતને આ પાંચમા અધ્યાયના આરંભમાં કહે છે.

### श्रीशुक उवाच–

**इत्थं भगवतो गोप्यः श्रुत्वा वाचः सुपेशलाः ।**
**जुहुर्विरहजं तापं तदङ्गोपचिताशिषः ॥ १ ॥**

શુકદેવજીએ કહ્યું એમ ભગવાનની સુંદર છટાદાર વાણી સાંભળી ગોપીઓએ વિરહનો તાપ છોડી દીધો. અને તેમના શ્રીઅંગના સ્પર્શથી તેના શરીરના ઘટેલા ધાતુઓ પૂર્ણ થતાં મનમાની સુંદરતા તેમાં આવી ગઈ.

**સુબોધિની**—ભગવાનની વાણી સાંભળી વિરહનો તાપ ગોપીઓએ છોડ્યો ભગવાન્ તો અમને છોડીને ગયા નથી અમે ભ્રમમાં પડ્યાં અને વિરહ ન હતો છતાં અમે વિયોગ માની દુઃખી થયાં. ત્યાં શંકા કરે છે કે વચન બોલ્યા ત્યાં તેનું અજ્ઞાન

---

कारिकाः

१. त्रिंशत्तमे हरिः प्रीतो लीलां कामकृतामपि । इन्द्रादिदुर्लभां चक्रे स्वानन्दार्थमितीर्यते ॥ १ ॥
अस्याः सर्वोपकाराय फलश्रुतिरुदीर्यते । लौकिक्यपि यदा दृष्टिस्तदा सिद्धान्त ईर्यते ॥ २ ॥
रसात्मकस्तु यः कामः सोत्यन्तं गूढ एव हि । अतः शास्त्रं प्रवृत्तं च तृतीयं भारतं तथा ॥ ३ ॥
अतोत्र भगवांश्चक्रे नृत्यं कारितवांस्तथा । सर्वाङ्गेषु तु यो लीनः स यथा व्यक्ततां व्रजेत् ॥ ४ ॥
जलं वायुश्च सामग्री श्रमाच्छीताच्च जायते । अत्रैव लोके प्रकटमाधिदैविकमुत्तमम् ॥
कामाख्यं सुखमुत्कृष्टं कृष्णो भुङ्क्ते न चापरः ॥ ५ ॥

કેમ જતું રહ્યું ? તેના ઉત્તરમાં કહે છે કે છ ગુણવાળા તે ભગવાન્ છે તે ધારે તો વચનમાત્રથી દુઃખને દૂર કરી શકે. તેની ભાવના વિપરીત હતી તે મટી ગઈ કેમકે તે તો ગોપી છે. ભગવાનની વાણી મનનું આકર્ષણ કરે તેવી નીકળી તેણે સંદેહ માત્ર નિવૃત્ત કર્યા. સંદેહ હોય ત્યાં શંકા થવાનો સંભવ. અહિં તો શબ્દોજ એવા નિકલ્યા કે સંદેહ થાયજ નહિં. જ્યારે અજ્ઞાનથી વિરહ હતો તે પ્રત્યક્ષ ભગવાન્ થતાં ચાલ્યો ગયો એટલે તત્સંબંધી દુઃખ રહ્યું નહિં જેમ સ્વપ્નમાં દુઃખી થતો હોય તેને કોઈ જગાડે ત્યારે સ્વપ્નમાં દુઃખ હોય તે ન રહે તેમ ગોપીઓને દુઃખ ન રહ્યું. ભગવાનના શ્રીઅંગના સંબન્ધથી મનમાં તૈયાર થવાને ધારતાં હતાં તેવાં તે થઈ ગયાં. ભગવાનને કાંઈ કરવું ન પડ્યું કેવળ ભગવાનના અવયવવડેજ તેના બધા મનોરથો પૂર્ણ થઈ ગયા. ૧

એમ ભગવાને દુઃખ દૂર કર્યું સુખ કર્યું તેના પ્રતિબંધક દુઃખની [૧]સ્વરૂપ અને વાણીથી નિવૃત્તિ કરી ભક્તોની સાથેનું કર્તવ્ય આરંભ્યું.

**तत्रारमत गोविन्दो रासक्रीडामनुव्रतैः ।**
**स्त्रीरत्नैरन्वितः प्रीतैरन्योन्याबद्धबाहुभिः ॥ २ ॥**

ગોવિંદ ભગવાન્, અનુસરનાર પોતાના ભક્તોસાથે રાસક્રીડા રમવાનો આરંભ કરવા લાગ્યા. પ્રસન્નતાવાળાં, સ્ત્રીરત્નો રાસ રમવાને પરસ્પર હાથમેળવી ગોળચકરમાં ઉભાં છે તેમાં પોતે સામેલ થયા.

**सुबोधिनी**—આ માટેજ પોતે ગોપીના ઇન્દ્ર થયા છે. તેથી તેને અસાધારણ ભોગ કરવો જ જોઇએ. અનુસરનારાં સ્ત્રીરત્નોની સાથે રાસરમવાનો આરંભ કર્યો બહુ નાચનારી સ્ત્રીઓ જેમાં હોય એવી જાતનું નૃત્ય તે રાસ. રસ જેમાંથી પેદા થાય તે રાસ. રસ પેદા થવા માટેજ નૃત્ય છે. રાસમાં ક્રીડા લીલા એટલે ભગવાન્ રાસમાં ક્રીડા કરે છે ભક્તો નૃત્ય કરે છે. ક્રીડા કરવાથી મનમાં રસ પેદા થાય છે. નૃત્ય કરવાથી દેહમાં રસ પેદા થાય છે. કામ તો ભોક્તામાં રહેલો છે. તેથી ભક્તોનું અહિં પ્રાધાન્ય છે. સમાજમાં પણ રસ પેદા થાય છે તેથી અહિં રાસક્રીડા એકજ કહી છે. જેમ શેરડીના સાંઠામાંથી રસ પેદા થાય જેમ ભક્તિની ભૂમિકાઓથી રસ ઉત્પન્ન થાય છે તેમ અહિં કામરસ ઉત્પન્ન થશે. ગોપીઓ રસને લાયક છે કેમકે તે નાયકની મરજીને અનુસરનારાં છે. જે અનુકૂલતાથી વર્તે તેને રસ જરૂર મળે અથવા જરૂર તેમાં રસ પેદા થાય. વળી જેવો ભગવાનનો રસ ઉત્પન્ન કરવાનો અભિપ્રાય છે તેવો રસ આમાંથી ઉત્પન્ન થશે. આ રસ તો અલૌકિક છે તે લૌકિકીઓમાં ન પેદા થાય એટલે તમારો શ્રમ વૃથા છે વેળુ ગમે તેટલી ઘાંણીમાં પીલો તેમાંની તેલ ન નીકળે. તે શંકાના ઉત્તરમાં કહે છે કે આ સ્ત્રીઓ તો સ્ત્રીઓમાં રત્નરૂપા છે. સ્વભાવથી સ્ત્રીઓ

---

૧ सर्वास्ता એ શ્લોકમાં तापं जहुः એમ કહ્યું છે. આ (પહેલા) શ્લોકમાં પણ 'जहुर्विरहजं तापं' એમ કહ્યું છે તે બન્ને તાપનું સ્વરૂપ જુદું છે. ભગવાનના દર્શનમાં પ્રતિબંધક અહિં તાપ રૂપ દુઃખ છે. તેને ભગવાને સ્વરૂપનાં દર્શન આપી દૂર કર્યો. એ सर्वास्ता ત્યાં કહ્યું. આ શ્લોકમાં ભગવાન સાથે રમવામાં ભક્તોના દેહનું કાર્શ્ય છે તે દુઃખરૂપ છે. તેને ભગવાને પોતાની વાણી તથા શ્રીઅંગનો સંબંધ કરાવી મટાડ્યું તે તાપરૂપ હતું. એમ બન્ને તાપ ગયા પછી ભગવાને રાસનો આરંભ કર્યો એ અવતરણમાં પ્રતિબંધકશબ્દથી બે દુઃખ કહ્યાં તે બન્ને તાપો તે બન્નેથી ભગવાને દૂર કર્યા.

ત્રણ પ્રકારની છે તેમાં મનુષ્યસ્ત્રીમાં પદ્મિની વગેરે ચાર ભેદ છે. અશ્વપ્રકૃતિવગેરે વાસનાના ભેદ ૧૪ છે તે બધી લોકની સ્ત્રીઓમાં આ સ્વરૂપા છે. પોતાના અસાધારણ ધર્મોથી તે ઉત્તમનાયિકાના ધર્મને પ્રકાશિત કરનારી છે. સર્વભાવથી આ સ્ત્રીઓમાં રસોત્પત્તિની યોગ્યતા છે. તેથી સાથે જોડાયા છે. એટલે પોતે નાયક મણિ છે. જેમ હારમાં નાયકમણિ પદક હોય તેમ ભગવાન્ છે. મણિઓરૂપ ગોપીઓ છે. બન્ને એકરસ થવામાટે મલ્યાં છે. આ કહેવાથી રસ પ્રકટ કરવામાટે કામે અથવા બ્રહ્માએ શુલ્કદાસીઓ આપી છે એ પૂર્વે કહ્યું છે તેનું આ સમર્થન થયું. ત્યાં શંકા ઉઠાવે છે કે ગોપીઓ જીવો છે ભગવાન્ આનંદમય છે વિષમતામાં કેમ રસ ઉત્પન્ન થશે? એના ઉત્તરમાં કહે છે કે તે પ્રીતિવાળાં એટલે ભગવાન્ જેવાંજ છે. સર્વ રીતે પ્રસન્ન છે. તેમને રમવાનો અભિનિવેશ થઈ ગયો છે તે કહે છે કે અન્યોન્ય હાથમાં હાથ લઇને ચક્રાકારે ઉભા રહ્યાં છે તે ચક્રમાં ભગવાનને સાથે રાખ્યા નથી. ૨

ભગવાન્ તે ગોપીઓના કુંડાલાની બહાર રહ્યા છતાં તેના સંબંધમાં આવે તેમ રહ્યા તે કહે છે.

**रासोत्सवः संप्रवृत्तः गोपीमण्डलमण्डितः ।**
**योगेश्वरेण कृष्णेन तासां मध्ये द्वयोर्द्वयोः ॥**
**प्रविष्टेन गृहीतानां कण्ठे स्वनिकटं स्त्रियः ॥ ३ ॥**
**यं मन्येरन् नभस्तावद्विमानशतसङ्कुलम् ।**
**दिवौकसां सदाराणामौत्सुक्यापहृतात्मनाम् ॥ ४ ॥**

ગોપીઓના મંડલથી મણ્ડિત થયેલો રાસનો ઉત્સવ શરૂ થયો તે ગોપીના ચક્રાકાર-મંડલની બહાર ભગવાન્ રહ્યા તે ભક્તોના ખભા ઉપર શ્રીહસ્ત રાખીને ઉભા રહ્યા. સ્ત્રીઓ પણ પોતાને બહુ નજીકમાં ભગવાન્ છે એમ માનવા લાગી. ઉત્કંઠાથી જેના મન ભગવાનની ક્રીડા તરફ ખેંચાયાં છે એવા અને સ્ત્રીઓની સાથે બેઠેલા દેવોનાં હજારો વિમાનથી આકાશ છાઈ ગયું.

**सुबोधिनी**—આ ક્રીડામાં બધું ગૌણ છે રસ મુખ્ય છે માટે તેને રાસોત્સવ કહ્યો છે. તે સારી રીતે શરૂ થયો. ઉત્સવ એટલે 'મનને બધું ભૂલાવી દેનારો આનંદ.' બધાને ભૂલાવવામાટે, સજાતીય અનેક રસ ઉત્પન્ન કરવા માટે, વિશેષ બતાવે છે કે ગોપીઓનાં ભાવભિન્ન અનેક મંડલોથી મંડિત તે ઉત્સવ પ્રવર્તે છે. સરખા સ્વભાવવાળાં, રસમાટે એકત્ર થએલાં, જૂદા જૂદા મંડલમાં વહેંચાયેલાં, એવાં અનેક મંડલોથી મંડિત છે. પછી તે રસને પોષણ આપનારા રસો ઉત્પન્ન થયા ઉત્તર ઉત્તર મણ્ડલ પૂર્વ પૂર્વ રસને પોષણ આપે છે. તેથી તે રસ અન્યત્ર ન જતાં તે મણ્ડલોમાંજ રહે છે. સારી રીતે પ્રવૃત્ત થયો એટલે રસ વિચ્છેદ ન થતાં નિરંતર ચાલુ થયો. કાલ, કર્મ અને સ્વભાવ એ સર્વના પ્રતિબંધક હોવાથી અનેકમાં થતો રસ કેમ એકત્ર થઈ શકે? એ શંકાના સમાધાનમાં કહે છે કે કૃષ્ણ, રસનો સમુદાય કરનાર છે તે યોગેશ્વર છે, તે બધા યોગને જાણનાર છે, સર્વ વસ્તુમાં રહેલું ભગવાનનું ઐશ્વર્યાદિ યોગમાં પ્રકટ થાય છે. તેથી સાધનમાં યોગ પ્રધાન છે. તેમાં પણ ઐશ્વર્યવડે સર્વત્ર મૂળભૂત રસ ઉત્પન્ન

કરી શકાય છે. એ વાત સિદ્ધ છે. આ ભગવાન્ કૃષ્ણ છે. પોતે સ્વયં સદાનંદ છે. અગ્નિ ઉત્પન્ન થયો તે સર્વને અગ્નિરૂપ બનાવી દે છે. તે ભગવાનનો તે ગોપીઓમાં પ્રવેશ કહે છે કે બબ્બેની વચ્ચે પોતે રહે છે. મંડલમાં બધી ગોપીઓમાં બબ્બે જૂદી જૂદીનું ધ્યાન કરવું. એ દ્વિત્વ એકમાં ન સમજવું. એટલે બે ભક્તોના શ્રીહસ્ત જ્યાં જોડેલા છે ત્યાં ભગવાનનું ઉદર આવે તેમ ભગવાન્ મંડળની બહાર ઉભા રહ્યા. છતાં તેનો બે ગોપીઓ સાથે સંબંધ બતાવે છે કે બબ્બેની વચ્ચે રહીને ભગવાનના બન્ને બાહુ બન્ને ગોપીના કંઠઉપર આવે છે ભગવાન્ બે બાહુથી બે ગોપીને કંઠથી પકડી રાખે છે. બે પડખે રહેલીને બે હાથથી ભગવાને ગ્રહણ કર્યું છે. એટલે ૧૬ ગોપીના મંડલમાં ૮ કૃષ્ણ છે. જો એમ ન માનીએ તો બબ્બે કૃષ્ણ એક ગોપીની બાજુમાં આવવાથી રસાભાસ થાય. તેથીજ બન્ને ગોપીએ ભગવાનને પોતાનીજ નિકટમાં માન્યા છે. બીજીની પાસે ભગવાન્ હોવાનું પોતે માનતી નથી. પોતાની સામે રહેલી ગોપીના કંઠમાં પોતાની ભુજા ધરી રહેલા ભગવાનને પોતે જોતીજ નથી. એમાં ભગવદિચ્છાજ કારણ છે. ભગવાને રાસ સિદ્ધ કરવા રૂપ કર્યાં છે. તે ગોપીની અર્ધ સંખ્યાથી પ્રયોજન સિદ્ધ થાય છે તેથી સમાન સંખ્યાની જરૂર નથી. આગળ રાસ થશે તેમાં ભગવાન્ જેટલી ગોપીઓ છે તેટલા રૂપ ધરશે તે 'कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः' ઇત્યાદિ શ્લોકથી કહેવાશે. બીજા કોઇએ રાસનું વર્ણન કર્યું છે તેમાં કહ્યું છે કે अङ्गनामङ्गनामन्तरे माधवः એક એક સ્ત્રીની પછી ભગવાન્ છે. એ શ્લોકમાં વિસર્ગયુક્ત પાઠ હોવો જોઇએ. અથવા દ્વિવચનનો પ્રયોગ બહુવચનની જગ્યાએ જોઇએ અથવા એ મંડલ શ્રીભાગવતમાં કહેલા રાસમંડલથી જૂદું મંડલ હોવું જોઇએ. વચમાં વેણુનાદ પણ તેમાં કહ્યો છે. શ્રીભાગવતના રાસમંડલમાં વેણુનાદ કહ્યો નથી. માત્ર રસને માટે નૃત્ય કહેવામાં આવ્યું છે. ગાવામાં વગાડનારની જરૂર પડે તે કામ ભગવાને દેવો જોવા આવ્યા છે તેનાથી લીધું જણાય છે. मध्ये मणीनां हैमानाम् ત્યાં તો દર્શન માટે વર્ણન છે. રાસમાં નહિ જોડાયલી એવી ગોપીઓ અને દેવોને દર્શન થાય તેમાં કાંઈ ખોટું નથી. ૩

એમ રસનેમાટે સર્વ સામગ્રી થઈ ત્યારે સર્વમાં રસ પ્રકટ થયો હશે એમ કોઈ ધારે કેમ કે દેવો વગેરે સર્વ અલૌકિક જ્ઞાનવાળા છે. તે ભગવદ્દર્શનાર્થે આવ્યા છે તે કહે છે. એટલામાં તો હજારો વિમાનની આકાશમાં ભીડ દેખાણી. મણ્ડપમાં નૃત્ય થાય તો રસ આવે. એમ ન હોય અને ઉપર ખુલ્લું રહે તો વિચિત્રતા ન ગણાય. તેને માટે કહે છે કે હજારો વિમાનોથી આકાશ ભરાઈ ગયું. જેમ રસને માટે રસ ભોગવવાનું ઘર હોય ત્યાં સ્ત્રીપુરુષોના સંબંધ દેખાડતાં ચિત્રો રસ ઉત્પન્ન થવામાટે બંધાય છે. એની જેમ ભગવાને તેને પ્રેરણા કરવાથી તે સ્ત્રીઓ સાથે વિચિત્ર રીતે ઉપર આવીને રહ્યા એટલે તે ચંદરવા જેવા દેખાયા તેથી ખુલા આકાશમાં નૃત્ય છે એવો ભાસ ન થયો પણ મંડપમાં નૃત્ય થતું હોય એમ બધા જોનારને લાગ્યું. માટે જોનાર દેવોને ઔત્સુક્યાપહૃતાત્મનામ્ એવું વિશેષણ આપ્યું છે ભગવાનની લીલા જોતાં તેનું મન પણ ઠેકાણે રહ્યું નહિં તે દેવાંગનાઓ ઉત્સવના દર્શન કરવા આવી છે. ભગવાનની ઇચ્છા તો ચિત્રવાળા ચંદ્રવાનું કામ તેનાથી લેવાનું છે. તેથી તે કામ જ તેણે કર્યું. મન હરાય જવાથી ભગવાનની લીલાનું દર્શન કરવું હતું તે ન થયું. વિમાનમાં બેઠેલા દેવાઙ્ગનાના સંબંધીઓને બતાવે છે કે તે સ્વર્ગવાસી છે સ્ત્રી સાથે છે એટલે બીજી

સ્રીને દેખતાં તેનું મન બગડવા સંભવ નથી. તે દેવોએ સ્રીઓને ગૌણ ગણી છે તેનો ભાવ ભગવાનમાં છે. તેથી તૃતીયા વિભક્તિ મુખ્યાભાવમાં છે. તેથી જ સ્વર્ગમાં રહેનાર છે માટે રસને લાયક છે રસના અનુભવી છે. ત્યાં શંકા થાય કે આ તો ઈશ્વરની લીલા છે તે તેણે જોવી ન જોઇએ તે દેવો જોવા કેમ આવ્યા? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાને રાસ કર્યો ત્યારે તેને એટલી બધી ઉત્કંઠા ઉત્પન્ન થઈ કે તેના ગુણ-દોષનો તે વિચાર કરી ન શક્યા પણ તેને જોવા દોડી આવ્યા. રજોગુણી નવું જોવામાં તૈયાર હોય છે એવા પોતાના સ્વભાવથી તે ચાલ્યા આવ્યા છે પણ ભગવત્સ્વરૂપ કે તેની લીલાનો વિચાર તેના મનમાં નથી આવ્યો. ૪

પછી નૃત્યનો આરંભ થયો તેમાં જે થવું જોઇએ તે થયું એ હવે કહે છે.

**ततो दुन्दुभयो नेदुर्निपेतुः पुष्पवृष्टयः ।**
**जगुर्गन्धर्वपतयः सस्त्रीकास्तद्यशोऽमलम् ॥ ५ ॥**

નૃત્યના આરંભમાં નગારાં વાગ્યાં ઉપરથી દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી સ્રીઓની સાથે ગંધર્વપતિઓ ભગવાનના વિમળગાનને ગાવા લાગ્યા.

**सुबोधिनी**—પ્રથમ આરંભમાં દુંદુભિ વાગ્યાં 'દુદુભિ એ પરમ વાણી ગણાય છે.' એમ શ્રુતિ કહે છે. પછી મંગલને માટે ચોતરફથી ફુલની વૃષ્ટિ થઈ. પુષ્પાંજલિ પ્રસિદ્ધ છે. આવનારા રસની અથવા રસના અધિષ્ઠાતાની પુષ્પોથી પૂજા થાય છે. અનેક જાતના ફુલ જૂદા જૂદાએ છાંટ્યા તેથી બહુવચન કહ્યું. પછી સાધારણ ગાન થયું ભગવાન્ સાંભળનાર છે એમ ધારી ગાનારમાં શ્રેષ્ઠ હતા તેણે ગાન છેડ્યું, ગંધર્વપતિઓ વિશ્વાવસુ વગેરે અધિકારી હોવાથી તેને ભગવાનનું દર્શન દોષાવહ નથી જેમ નટ જુએ તો તેને દોષ લાગતો નથી. એમ ન માનીએ તો ભગવાનના શ્રીહસ્તમાં ઇન્દ્ર છે તેને પણ દોષ લાગે અર્થ અને દ્રવ્યનો વિરોધ હોય. ત્યાં અર્થ બળવાન્ ગણાય છે. એ ન્યાય છે. તેથી જ્યાં જેની વગર ન ચાલે ત્યાં તેનો દોષ ગણાતો નથી જેમ ભગવાનના શ્રીહસ્તમાં ઇન્દ્ર રહે છે તેનો દોષ નથી ગણાતો. ઇન્દ્ર ન રહે તો તે શ્રીહસ્ત પોતાનું કામ જ ન કરે તેથી તેની જરૂર છે એટલે તેનો દોષ નથી. પરંતુ તે દેવો ગાન કરે પણ ભગવાનની ક્રીડા જુએ તો તેની બુદ્ધિમાં દોષ તો આવે? એમ શંકા થાય તેના ઉત્તરમાં કહે છે કે તેઓ સ્રી સાથે જોવા આવ્યા છે તેથી તેની બુદ્ધિમાં તેવું કશ્મળ થવાનો સંભવ નથી. વિષયનો દોષ તેનામાં નથી કેમકે તે ભગવાનનું વિમળ યશ મુખથી ઉચ્ચારે છે. તે યશ મનમાં વિમળતાજ રાખે દોષ પેદા થવા ન દે કેમકે તે યશ મળનિવર્તક છે. એટલે વિમલ છે. સ્રીઓ અને પુરુષોને તે સમયમાં જે ભાવની જરૂર છે તે શિવાયમાં તેનું મન નથી ગાનપૂરતુંજ તેનું ધ્યાન છે. તે રાગતાનમાં એવા લીન થયા છે કે વિષયાન્તરની તેના મનમાં સ્ફૂર્તિ થતીજ નથી. ૫

એમ બહારથી ગીતવાદ્ય થયા તેને બતાવીને નૃત્યમાં રસ પેદા કરનાર વાજીંત્રોને હવે કહે છે.

**वलयानां नूपुराणां किङ्किणीनां च योषिताम् ।**
**सप्रियाणामभूच्छब्दस्तुमुलो रासमण्डले ॥ ६ ॥**

પ્રિયની સાથે રાસમાં ફરતી સ્ત્રીઓના વલય, નેપુર અને ઘુઘરીઓનો મોટો શબ્દ રાસમંડળમાં સંભળાયો.

**सुबोधिनी**—ત્રણ જગ્યોએ વાજાં જોઇએ. નીચે ભૂમિઉપર, મધ્યમાં અને ઉપર. તેમજ તાલના ભેદ નૃત્યમાં અપેક્ષિત છે. એમ અહિં હાથમાં પહેરેલી બંગડીનો શબ્દ ઉપર છે. કટિમેખલાની ઘુઘરીઓનો શબ્દ મધ્યમાં છે. અને એક બીજીના હાથમાં હાથ મીલાવે છે તેને વચમાં છુટા પાડી તાલ આપે છે તેથી વલયના શબ્દ થાય છે. શબ્દ ઉત્પન્ન કેમ થાય છે તે पादन्यासैर्भुजविधुतिभिः એ શ્લોકમાં આગળ ઉપર કહેવાશે. તે સ્ત્રીઓ પોતાના પ્રિયની સાથે છે તેથી સર્વ [1]લાસ્ય સંપન્ન થાય છે. સર્વ ભક્તોને ભગવાનનો સંબંધ થાય એ માટે પણ લાસ્ય કરે છે. चकार છે તેથી બીજા કુજનના શબ્દો મુખના શબ્દો કહ્યા. બધા શબ્દો એકત્ર થતાં મોટો શબ્દ થયો કે દૂર રહેલા માણસથી તે કોનો શબ્દ છે એ પારખી ન શકાય. તેથીજ રસનો સમૂહ રાસ તેનું મંડલ એટલે રસ આવ્યો પણ વિશેષ જણાયો નહિં જેમ અનધિકારી શૂદ્રને વેદશબ્દ કાનમાં પડે તો તેને ભણનાર તથા તે મંત્ર એ બન્નેની શક્તિ ઓછી થાય. તેમ જ સાંભળનાર શૂદ્રને પાપ લાગે તેમ આ રસનો શબ્દ ભક્તશિવાયના પછી તે ભલે દેવ હોય છતાં તે બધા અનધિકારી ગણાય તેના કાનમાં એ શબ્દપડે તો આ મંડળમાં રહેલા ભક્તોનો રસ ચાલ્યો જાય. સાંભળે તો તેને શોધવા નીકલી પડે તે શોધનારનું અનિષ્ટ કરનારૂં થાય એનેજ તે પાપરૂપ થાય. ૬

એમ ભગવાન્ સ્ત્રીના નૃત્યમાં પ્રવિષ્ટ થયા તે ગૌણભાવને લઇને કદાચ ન દેખાય. એમ કોઇને શંકા ન થવા માટે ભગવાનની શોભા સર્વલોકપ્રસિદ્ધ થઈ એ વાત હવે કહે છે.

**तत्रातिशुशुभे ताभिर्भगवान् देवकीसुतः ।**
**मध्ये मणीनां हैमानां महामारकतो यथा ॥ ७ ॥**

તે રાસની મધ્યમાં દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન્ સુવર્ણના મણિઓની વચ્ચે મરકતમણિ શોભે તેમ શોભાયુક્ત દેખાયા.

**सुबोधिनी**—સ્વાભાવિક શોભાથી પણ અતિશય શોભવા લાગ્યા તે પ્રથમ કહ્યું છે કે પુરુષ પોતાની શક્તિસાથે અધિક શોભે છે. કદાચિત્ પોતે પોતાના સ્વરૂપથી શોભાને પ્રકટ કરે એમ કોઈના મનમાં આવે તેમ ન સમજવા માટે કહે છે કે તે ભક્તોથી ભગવાન શોભે છે ન સ્વતઃ. ત્યાં કોઈ કહે કે જે શોભાવાળું સ્વતઃ હોય એને બીજાથી શોભા કેમ વધારે દેખાય? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ શોભાવાળા છે છતાં ગુણોથી વધારે શોભે છે તેમ. ત્યાં કહે છે કે ભગવાનના તો ગુણ સર્વોત્તમ છે એવાં આ ભક્તો નથી ત્યાં કહે છે કે ભગવાન્ દેવકીપુત્ર છે દેવકીની ભક્તિ દેખીને તેના પુત્ર થયા. સ્ત્રીઓની ઉપર ઉપકાર કરવાને પ્રકટ થયા તેમ ગોપીઓમાં પણ પોતાનું સામર્થ્ય મૂકી તેનાથી પોતાની શોભામાં વધારો કરશે. ત્યાં શંકા કરે છે કે સહજસુંદર વસ્તુને બનાવટી વસ્તુથી શોભાવી ન શકાય. તેના ઉત્તરમાં દૃષ્ટાન્ત

---

૧ સ્ત્રીઓનું નૃત્ય લાસ્ય કહેવાય.

આપે છે કે સોનાના મણકા સોનીના બનાવેલા હોય છે તેની વચ્ચે મરકતમણિ સહજ છે તેને શોભા આપનાર તે મણકા થાય છે એમ ભક્તોથી પણ ભગવાન્ શોભે છે. ૭

એમ રાસક્રીડાની પૂર્વપીઠિકા કહીને હવે મુખ્ય નૃત્યનું વર્ણન કરે છે.

**पादन्यासैर्भुजविधुतिभिः सस्मितैर्भ्रूविलासै-**
**र्भज्यन्मध्यैश्चलकुचपटैः कुण्डलैर्गण्डलोलैः ।**
**स्विद्यन्मुख्यः कबररशनाग्रन्थयः कृष्णवध्वो**
**गायन्त्यस्तं तडित इव ताः मेघचक्रे विरेजुः ॥ ८ ॥**

બધી સખીઓ સાથે એક પગને ધરે તેથી, એક સાથે હાથને હલાવવાથી, મંદ-હાસ્યયુક્ત ભ્રુવિલાસથી, કટિને નાચતાં વાંકી કરવાથી, સ્તનના વસ્ત્રો ખસી જવાથી, ગાલ ઉપર કુંડલના પ્રકાશ પથરાવાથી, જેને મુખ ઉપર સ્વેદ આવ્યો છે, જેના અંબાડા અને કંદોરાની ગાંઠો ઢીલી થઈ ગઈ છે એવી કૃષ્ણની વધૂઓ ભગવાનનું ગાન કરતી મેઘના ચક્રમાં વિજલી શોભે તેમ શોભાયમાન દેખાય છે.

**सुबोधिनी**—પગ મૂકવાનું કહ્યાથી અનેકના નૃત્યમાં જેટલા ચરણ ધરવાના પ્રકાર તેના શાસ્ત્રમાં કહ્યા છે તે બધા સમજી લેવા, એમજ ભુજને હલાવવાના નૃત્યમાં જે પ્રકારો નાટ્યશાસ્ત્રમાં છે તે બધા સમજી લેવા, એક અવયવને ઉંચો કરતાં બીજા અવયવો કેમ રહેવા જોઇએ તેનીરીત શાસ્ત્રમાં છે તે પ્રમાણે આ ભક્તો નૃત્ય કરે છે. મંદહાસ્ય યુક્ત સર્વ કટાક્ષો કહ્યા ભ્રૂના ભેદો પણ તે તે રસ હૃદયમાં આવે ત્યારે તેમજ થાય છે. કટિનો ભાગ ભંગવાળો છે એટલે કડથી વળી જાય છે ઉપરના ભાગ સરલ ન રહેતા એકબાજુ ઝુકે છે. રસના આવેશવાળાં તે ભક્તોના અવયવોમાં રહેલો રસ આમ તેમ દેહને ફેરવવાથી તે સ્થાનમાંથી નીકળી એકત્ર થાય છે. અથવા આમ તેમ ફરવાથી રસ એકત્ર થાય છે. ચપલ કુચની ઉપર પટ એટલે કપડાં ચલિત થાય છે તેમાં કંપનના બધા ભેદ બતાવે છે. કુંડળ ગાલ ઉપર ચાલીને આવી જાય છે તેથી નૃત્યમાં મસ્તક ફેરવવાના ભેદો કહ્યા છે તે બધા લઈ લેવા. મસ્તક હલા-વવાના ભેદ કહેવા છે ત્યાં કુંડલને ચળાયમાન થવાનું કહ્યું તે વિજલીથી શોભા આવે એવી મુખ શોભા માટે કહ્યું છે. કુંડલની કાંતિ ગાલ ઉપર બધી ખરચાઈ ગઈ એમ બતાવવા ગંડલોલ એ કુંડળને વિશેષણ આપ્યું છે. ગંડ ઉપર કેવળ રસ છે. પાન કર-વાનો રસ ગંડ ઉપર જ પીવાય છે. તે રસ પ્રકટ થવા માટે કુંડળનો પ્રકાશ તેની ઉપર પડે છે. તેથી અંદર રહેલો રસ પુષ્ટ થાય અને બહાર દેખાય તે કહે છે કે ભક્તોના મુખ ઉપર સ્વેદ છાઈ ગયો છે. કબરગ્રન્થિ અને રશનાની ગાંઠ છુટી ગઈ બધા અવ-યવમાં રહેલો રસ એકઠો થયો ત્યારે દેહ હલકો થઇ ગયો તેથી કેશનો બંધ અને કટિનો બંધ ઢીલો થયો. ત્યાં શંકા કરે છે કે નૃત્યમાં શ્રમ કેમ થાય? તેના ઉત્તરમાં કહે છે કે કૃષ્ણ સદાનંદ છે તે આનંદનો ઉપયોગ કરનારીઓ ગોપીઓ છે. માટે ભોગમાં ક્રિયા કરવાની હોય તેથી શ્રમ થાય. એમ શ્રમિત છતાં અન્તરમાં સંતોષ થવાથી તે ગાવા લાગ્યાં. શ્રીઅંગમાં શ્રમ થયો છતાં તે સૌન્દર્યમાં વધી ગયાં. તેનું સૌંદર્ય શ્રમથી ઓછું ન થયું પણ વધ્યું. તેની શોભાનો પાર ન રહ્યો. લોકો દર્શન કરે તો તે વર્ણન કરે કે શોભા સારી છે. આ ભક્તોને બધાએ કેમ જોયાં? પહેલાં તો દેવોએ પણ

મનવિના જોયું તે અમુક રમે છે તેને જાણી ન શક્યા એમ કહ્યું છે તેનું કેમ? ત્યાં કહે છે કે તેને જોયાં પણ મેઘમાળામાં વિજલીને જુએ તેમ જોયા એટલે વિજલી બહુ વખત દેખાય નહિં પણ મેઘચક્રને શોભા આપે તેમ આ ભક્તોને આઠ કૃષ્ણોએ આચ્છાદિત કરી તેથી સ્પષ્ટ ન દેખાણી પણ જેટલાથી શોભા વધે તેટલુંજ તેમણે કાર્ય કર્યું. ૮

ગાઢનૃત્ય કહીને હવે મધ્ય નૃત્ય કહે છે.

**उच्चैर्जगुर्नृत्यमाना रक्तकण्ठ्यो रतिप्रियाः ।**
**कृष्णाभिमर्शमुदिता यद्गीतेनेदमावृतम् ॥ ९ ॥**

રાસમાં ગોપીઓ નૃત્ય કરે છે. ઉચ્ચસ્વરે ગાન કરે છે તેનો કંઠ રંજક છે રતિમાં પ્રીતિવાલા કૃષ્ણના સ્પર્શથી આનંદિત થયાં છે જેના ગાનથી આ જગત વ્યાપ્ત થયું છે.

**सुबोधिनी**—ઉચ્ચે સ્વરે ગાન કરે છે અને નૃત્ય કરતી જાય છે. અથવા પ્રથમ ગાન કરે છે. પછી નાચે છે. બન્નેનું કારણ કહે છે કે તેનો સ્વર રંજક છે એટલે મધુર છે રતિમાં પ્રીતિવાલી છે. ગાવાથી અને નાચવાથી તે મોહ કરે છે એ વાત પ્રસિદ્ધ છે. ત્યાં શંકા થાય કે પ્રથમશ્લોકમાં તેને શ્રમ થયાનું લખ્યું છે તો થાકેલાં કેમ નાચવા લાગ્યાં? તેના ઉત્તરમાં કહે છે કે શ્રીકૃષ્ણનો સ્પર્શ થાય કે શ્રમ જતો રહે અને આનંદ પ્રકટે. એ સ્પર્શ ભગવાનનો એક અંગમાં નથી થતો પણ જ્યારે તે નાચે છે ત્યારે તેને શ્રમ થાય તેને ભગવાન્ સર્વાંગસ્પર્શ કરી તેનો પસીનો લુઈ દે છે તેનાથી તેનો શ્રમ જતો રહે છે અને અન્તઃકરણમાં આનંદ વધે છે એટલે નૃત્ય કરે છે. બીજું તેને કાંઈ યાદ ન આવે માટે નાદ કાંઈક વિશેષરૂપમાં કરે છે કે જેનાથી આખું જગત્ વ્યાપ્ત થઈ જાય છે. એટલે ગોપીઓએ ભગવાન્ સાથે ક્રીડા કરી તેને બધા લોક ગાય છે તેનાથી આ જગત્ ભગવદ્રસથી વ્યાપ્ત થાય છે. ભગવાને આ રસ લોકમાં પ્રકટ કરવા રાસક્રીડા કરી છે નાદ ઉત્પન્ન થયો પરંતુ તે નાદમાં ભગવાનનો નાદ મલે ત્યારે તે અમૃતમય બને તે ભગવાન્ મધુર નાદ કરે તેનાથી જગત્ પૂર્ણ થાય. ૯

તે તો બને તેવી વાત નથી. તેને માટે કહે છે.

**काचित्समं मुकुन्देन स्वरजातीरमिश्रिताः ।**
**उन्निन्ये पूजिता तेन प्रीयता साधु साध्विति ॥**
**तदेव ध्रुवमुन्निन्ये तस्यैमानं च बह्वदात् ॥ १० ॥**

કોઈ સખી મુકુંદની સાથે [1]સ્વર અને [2]જાતી ન મળે એ પ્રમાણે સ્વરને ઉપાડવા લાગી તેનાથી ભગવાન પ્રસન્ન થયા તેની પૂજા કરી અને વાહ વાહ બોલીને તેને વખાણી. બીજીએ તેજ ધ્રુવસ્વરને ઉચ્ચે લીધો તે ધ્રુવમાં મેલવ્યો, તેને પણ ભગવાને બહુ માન આપ્યું.

**सुबोधिनी**—મુકુન્દની સાથે સ્વર તથા જાતી ન મળે તેવીરીતે કોઇએ સ્વરને ઉચ્ચે લીધો. કાચિત્શબ્દથી સારીરીતે ભગવદ્ભાવને પામેલી સમજવી. ભગવાનને

---

૧ સ્વર સાત છે. સા, રિ, ગ, મ, પ, ધ, ની. ૨ જાતિ ૧૮ છે તેમાં સાતસ્વરની સાત શુદ્ધ તથા અગ્યાર મિશ્ર જાતિઓ છે. બાવીશ શ્રુતિઓ છે.

નાદ કરવાનું કારણ મોક્ષ આપવો એજ હતું એ માટે મુકુંદશબ્દ ભગવાનને કહેવામાં વાપર્યો છે તેથી જણાય છે. ભગવાને પોતાનો નાદ ઉપનિષદ્રૂપ ગોપીની સાથે ઉઠાવ્યો. બન્નેના નાદ એક થઈ ગયા. મોક્ષમાં બે કાર્ય થાય. નવો દેહ ન થાય અને આત્માનો મોક્ષ થાય. તેમાં બીજો દેહ ન થવામાં ઉપનિષદ્નો નાદ છે. ભગવન્નાદ મોક્ષસાધક છે. ષડ્જાદિ સપ્ત સ્વર છે તેમની જાતિઓના પણ ભેદ છે જેમ મયૂર ષડ્જ બોલે છે. બીજા પક્ષીઓ પણ, મનુષ્ય અને બીજા પ્રાણિઓ પણ ષડ્જ બોલે છે. તો પણ તેમાં પેટા જાતિઓ છે. તે જો તેની જાતિ તેનો રસ વ્યક્ત થાય તેવીરીતે ક્રમથી બોલાય તો (એટલે બ્રહ્માએ સૃષ્ટિના આરંભમાં જે સ્વરૂપમાં સ્વરજાતિ પ્રકટ કર્યા તે સ્વરજાતિમાં મિશ્રણ ન થાય તેમ બોલાય તો) રસ પ્રકટે. તે તો ભગવાન્ શિવાય અમિશ્ર ભાવથી કોઈ તેનો ઉચ્ચાર કરી ન શકે તે જો ગોપી કરે તો ભગવાનને સંતોષ થાય તે યોગ્ય ગણાય. પોતે બ્રહ્મ છે પોતે વિચારિત સ્વરજાતિનો ઉચ્ચાર કરવાથી પોતે ગાન કરે તો તેમાં આશ્ચર્યનું કારણ રહે નહિં પણ બીજા તો તેનું સ્વરૂપજ જાણતા નથી ત્યારે તેનો ઉચ્ચાર તો ક્યાંથી કરી શકે? છતાં આ ગોપીએ તે પ્રમાણે કર્યું. તેથી ભગવાને તે ગોપીની પૂજા કરી. તેના સ્વર ઉન્નયનનું કાર્ય પણ થયું. ભગવાને તેની ઉપર પ્રીતિ કરી અને 'વાહ વાહ' એમ કહ્યું એટલે જેનું સ્વરૂપ સારૂં તેનું ફલ પણ સારૂં એમ દ્વિરુક્તિથી બતાવ્યું. પ્રીતિ થવાનું કારણ કે તેણે ભગવાન્ કરે તે કર્યું. ભગવાનના મનમાં હતું તે કર્યું તેથી ભગવત્કૃપા થઈ. બીજી સખીએ ઉચ્ચે લીધેલો સ્વર ભગવાન્ ઝીલે ત્યાં સુધી ઉચોજ રાખ્યો. તે ઉચ્ચે લીધેલો સ્વર ધ્રુવ ઉપર આવે ત્યાં સુધી ઉચોજ રાખ્યો. ધ્રુવ નાદ—કારણનાદ. 'રાગ જ્યાં બેસે તે ધ્રુવ કહેવાય.' ભગવાને તે પ્રમાણે ગાયું. ધ્રુવતાલમાં તેણે જોડ્યું એમ કેટલાક કહે છે તે વિચાર કરતાં ઠીક લાગતું નથી. એમ ધ્રુવમાં લઇ જનારને ભગવાને મોટું માન આપ્યું. તેને ઇચ્છિત પણ આપ્યું. એ ચકારનો અર્થ છે. 'એ ગોપીઓની અંદરનું સામર્થ્ય શું કહેવું?' એવો ભાવ છે. બહુ માન એટલે બધી ગોપીઓથી તેને વધારે માન આપ્યું. તેથી આ બે ગોપીઓ ઐશ્વર્ય અને વીર્યગુણરૂપા છે. બીજી ચાર ક્રમવડે હવે કહેવાય છે તે સમજવી. ૧૦

કીર્તિ ભગવાનને આધારે રહે છે બન્ને સખીનો કાયિક વ્યાપાર હવે કહે છે.

**काचिद्रासपरिश्रान्ता पार्श्वस्थस्य गदाभृतः।**
**जग्राह बाहुना स्कन्धं श्लथद्वलयमल्लिका ॥ ११ ॥**

વાળમાં ગુંથેલાં મલ્લીનાં પુષ્પો ઢીલાં પડવાથી ખરવા માંડ્યા છે એવી કોઈ એક સખી રાસમંડળમાં ફરતાં ચારે બાજુથી થાકી જતાં તેણે પાસે રહેલા ગદાને ધારણ કરનાર શ્રીકૃષ્ણના ખભા ઉપર પોતાનો બાહુ ધર્યો.

**સુબોધિની**—રાસથી બહુરીતે થાકતાં પોતાની એક બાજુ રહેલા ભગવાનનો ખભો પકડ્યો. ભગવાનને ગદાભૃત કહેવાનું કારણ કે તે સ્થિર છે એટલે તેની ઉપર ભાર આવે તો તે સહન કરવાને સમર્થ છે એમ કહ્યું. પ્રયત્ન વધારે થાય અને આધાર ન લે તો રાસમાં વિચ્છેદ થાય, પરિશ્રમ તો અધિક રસ પ્રાપ્ત થતાં થયો છે. જો એમ ન હોય તો રસ માટે તેની પ્રવૃત્તિ ન હોવી જોઇએ. સખીમંડલની બહાર નીકળતી

હોય તો તેને મંડળમાં લેવા માટે ભગવાન પણ તેનો હાથ પકડે. તેથી એક બાજુ તો ભગવાન્ એકજ છે. પડખે રહેલા ભગવાનનો કંઠ પકડવો એ **वृक्षाधिरूढालिङ्गन** નામના બંધમાં સંભવિત છે. પ્રથમ તેને ભગવાને કંઠથી ગ્રહણ કરી હતી તેથી આ સખી પણ પોતાના મિત્ર જાણી તેના કંઠમાં ભુજા ધરે તો તે વ્યાજબી ગણાય પણ તેમ નથી. અહિં તો તેના કેશપાશમાં ગોળ વેણી બાંધેલી હતી તે શિથિલ થઈ તેથી તેને દેહનું ભાન નથી રહ્યું તે વખતે ભગવાને તેને મદદ કરી પોતાનું આપ્તપણુ બતાવ્યું છે. આ શ્લોકમાં કીર્તિરૂપા કહી. ११.

**तत्रैकांसगतं बाहुं कृष्णस्योत्पलसौरभम् ।**
**चन्दनालिप्तमाघ्राय हृष्टरोमा चुचुम्ब ह ॥ १२ ॥**

તે મંડલ માંહેની કોઈ ગોપી પોતાના ખભા ઉપર રહેલો કમળની સુગંધવાળો ચંદનથી આલિપ્ત થયેલો શ્રીકૃષ્ણનો બાહુ ખુબ સુંઘીને તેનાથી રોમાંચ થતાં તે બાહુનું તેણે ચુંબન કર્યું.

**सुबोधिनी**—બીજી સખીએ પોતાના એક અંસઉપર આવેલો ભગવાનનો બાહુ રાત્રિ વિકાસી કમળ કરતાં પણ વધારે સુગન્ધવાલો ચંદન ચર્ચિત (બાહુ) સુંઘ્યો તેનો સુગંધ તેના અંતરમાં ગયો. ત્યારે તે પૂર્ણાનંદ થઇ એટલે તેના રોમાંચ ઉભા થયાં તેથી તેણે ભગવાનની ભુજાને ચુંબન કર્યું. રૂપ અને સ્પર્શ તો પ્રથમથી હતાં. સુંઘવાથી અને ચુંબન કરવાથી ગંધ રસનો પણ અનુભવ કર્યો. આશ્ચર્યવાચક ह અવ્યય મૂળમાં મૂક્યો છે. તે સમય અથવા તે ભગવાન્ એમ બે અર્થ तत्रના કરવાના છે. આથી બન્ને બાજુએ રહેલી બે ગોપીઓનો વિનિયોગ ભગવાનમાં કહેવાયો. અથવા એક ખભા ઉપર રહેલો બાહુ એવો અર્થ કરવો. તેજ ગોપી તેમ કરવા લાગી એમ કેટલાક ટીકાકારો કહે છે. કૃષ્ણ સદાનંદ છે તેથી બન્ને ભક્તોને સમરસ પ્રાપ્ત થાય છે. ઉત્પલ રાત્રિમાં વિકાસ પામનાર અને સ્ત્રીઓના મનને ગમે તેવું પુષ્પ છે. શ્રીકૃષ્ણના બાહુને સુંઘ્યો તેમાં ચંદનનો લેપ કર્યો છે તેનો સુગંધ કારણરૂપ નથી પણ તે ચંદન કરતાં પણ અત્યંત સૌરભ શ્રીઅંગમાં સહજ છે. અતિ અલૌકિક ભાવવાળીનેજ તેનું જ્ઞાન થઈ શકે તેથી શ્રીઅંગનું સહજ સૌરભ બતાવવામાટે આ વિશેષણ છે. ચંદન ધારણ કર્યું છે. તે વિવેક અને ધૈર્યના નાશ માટે છે. તેને સુંઘવાથી તે સુગંધ ગોપીઓના હૃદયમાં પહોચે છે. એ આ ગોપીમાં વિશેષ છે આ ગોપી શ્રીધર્મરૂપા કહી. १२

કોઈ ગોપીએ ભગવાને શ્રીમુખમાં ચાવેલું તાંબૂળ જ્ઞાનની પેઠે ગ્રહણ કર્યું તેનું વર્ણન નીચે પ્રમાણે આપે છે.

**कस्याश्चिन्नाट्यविक्षिप्तकुण्डलत्विषमण्डितम् ।**
**गण्डं गण्डे संदधत्याः अदात्तांबूलचर्वितम् ॥ १३ ॥**

કોઈ ગોપીએ નૃત્ય કરતાં શ્રીમસ્તક ચલિત થતાં કુણ્ડલની કાંતિ ગાલ ઉપર પડી તે ગાલને શ્રીકૃષ્ણના ગાલ સાથે જોડ્યો ત્યારે ભગવાને ચાવેલ તાંબૂલ તેના મુખમાં આપ્યું.

**सुबोधिनी**—કોઈ સખીને ભગવાને ચાવેલું તાંબૂલ આપ્યું. પોતાનો ગાલ ભગવાનના ગાલને લગાવ્યો તેથી અપેક્ષાલાઘવ પ્રકટ કર્યું. સામે ઉભી મુખમાં મુખ લગાડે તો દેવાનું ઠીક પડે. આ તો પડખે રહી છે છતાં ભગવાને શીઘ્ર આપી દીધું. આ [1]તાંબૂલ આપ્યું તેને ભગવાને પોતાની વિદ્યાનું દાન કર્યું એમ જણાવ્યું. તેથી ભગવત્પરોક્ષમાં આ ગોપી સર્વને ઉપદેશ કરનારી થશે. આ ગોપી વિદ્યાનું દાન કરવાને લાયક છે એમ તેનામાં લૌકિક ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ છે. તે કહે છે. નાચવાથી ચલિત થતા કુંડળની કાંતિ ગાલ ઉપર પડતાં તેની કાંતિ પ્રકટ થઈ. નાટ્યમાં ક્રિયાશક્તિ રહી છે. કુણ્ડલમાં જ્ઞાનશક્તિ છે. ક્રિયાશક્તિના અત્યભ્યાસથી જે કાંતિ એટલે અનુભવ તેનાથી અલંકૃત ભક્તિ એટલે પ્રેમ ભગવત્પ્રેમ સાથે જોડાયું એટલે તે જેવી ભગવાનમાં આસક્ત હતી તેવા ભગવાન્ તેમાં આસક્ત થયા તેમાં પણ ગણ્ડપદ સાધ્યરૂપ ભક્તિ છે. ભગવત્પ્રેમ તે ભગવદ્ગણ્ડ જે સ્વામિનીના ગણ્ડરૂપ પ્રેમ તેને મલ્યો એટલો ગંડનો અર્થ થયો. હવે તાંબૂલનો અર્થ કરે છે કે તામ્ મૂલ એટલે લક્ષ્મી પ્રત્યે મૂળપર્યટન પણ વારંવાર યાદ કરવું વારંવાર જોવું અભ્યાસ કરવો. તેથી જ્ઞાન અને તાંબૂળની સમાનતા કહી. ચાવેલ છે એટલે સાધનનો પ્રયાસ નથી તેથી ભગવાને સિદ્ધ વસ્તુનું દાન કર્યું છે. આમાં જ્ઞાનરૂપા કહી. ૧૩

બીજી સખીએ ક્રિયારૂપ, વૈરાગ્યાત્મક-જ્ઞાનને સહાય કરનાર વૈરાગ્યરૂપ, શ્રીકૃષ્ણના શ્રીહસ્તને પોતાના હૃદય ઉપર સ્થાપિત કર્યો તે કહે છે.

**नृत्यती गायती काचित् कूजन्नूपुरमेखला ।**
**पार्श्वस्थाच्युतहस्ताब्जं श्रान्ताधात्स्तनयोः शिवम् ॥ १४ ॥**

નૃત્ય કરતી અને સાથે ગાન કરતી તેથીજ જેની મેખલા તથા નેપૂરના અવ્યક્ત શબ્દો સંભળાય છે એવી કોઈ સખી થાકી જતાં પાસે રહેલા અચ્યુતના શ્રીહસ્તને પોતાના બે સ્તન ઉપર ધરવા લાગી.

**सुबोधिनी**—એ ગોપી નૃત્ય અને ગાન કરતી હતી તેથી ગાનનો ભાવ દેખાડતાં હાથ છાતી ઉપર મૂકાય છે તેમ પોતાનો શ્રીહસ્ત ન મૂકતાં આ ગોપીએ શ્રીકૃષ્ણનો શ્રીહસ્ત સ્તન ઉપર ધર્યો. શબ્દજ્ઞાન અને તેને લગતી ક્રિયા કરી બતાવવાનું સામર્થ્ય આ ગોપીમાં છે એમ બતાવવા માટે નૃત્યતી ગાયતી એ શબ્દથી નૃત્ય ગાન કહ્યું. અવ્યક્ત શબ્દ કરતી મેખલા અને નેપૂર જેણે ધર્યાં છે. ઉપર ગાય છે તેનો દેખાવ કરે છે ચરણથી નાચે છે. તેથી નૂપુર અને મેખળાનો શબ્દ થાય છે. તે શબ્દ ભાવને ઉદ્દીપ્ત કરનાર છે. તેથી આ સખીની પ્રથમની બધી ક્રિયાશક્તિ સફલ થઇ. તેણે પોતાની એક બાજુ રહેલા ભગવાનના શ્રીહસ્તને લઇને પોતાના સ્તન ઉપર ધર્યો કારણ કે તે શ્રાન્ત થઈ હતી તેનો તાપ દૂર કરવા માટે તે પ્રયોગ

---

૧ તાંબૂલને જ્ઞાન તુલ્ય કહેવું છે. ताम् થી તે સખીને ભગવાન્ ચર્વિત આપવા માટે મૂલપર્યન્ત જુએ છે. મૂળ એટલે ભગવાનનો દાનનો વિચાર ત્યાં સુધી વારંવાર મુખમાં એકત્ર કરેલ ચર્વિત તેને આપવા માટે જોયું એ જ્ઞાનેન્દ્રિયનું કાર્ય થયું. ચર્વિત પણ સ્નેહરૂપ દંતમાં વારંવાર એકત્ર થઈ સિદ્ધ થાય તે આપે એટલે તેમાં પછી પણ શ્રમ નથી એથી કૃપા વિશેષ સૂચન થાય છે.

તેણે કર્યો. કમળ તાપને દૂર કરે છે. એ વાત પ્રસિદ્ધ છે. શ્રમ સુખનો સૂચક છે. પોતે પહેલાં ક્રિયા કરી તેનો બહારથી ત્યાગ કર્યો એ ભગવાનની એક બાજુ સ્થિતિથી જણાય છે. ભગવાનની ક્રિયાશક્તિ ક્ષીણ થતી નથી એ બતાવવા તેને अच्युत કહ્યા છે. આગળ પણ સંબન્ધ કરવો છે તેમાં વિઘ્ન આવે નહિં એટલા માટે પણ ભગવાનની અચ્યુતતા ઉપયોગી છે. તે શ્રીહસ્તને કામોદ્બોધકપણું છે તેથી તાપનો તે નાશ ન થવા દે એ શંકાથી શ્રીહસ્તને શિવરૂપ કહ્યો છે. ભગવાન્ આનન્દરૂપ હોઇને તેનો શ્રીહસ્ત કલ્યાણ કરનારો છે. આમાં વૈરાગ્યાશ્રયા કહી. ૧૪

એમ છ ધર્મોનું સ્વરૂપ સખીઓમાં મૂકી રમ્યા હવે ધર્મિરૂપથી સર્વ ભક્તોની સાથે સાધારણ લીલા કરી તે કહે છે.

**गोप्यो लब्ध्वाच्युतं कान्तं श्रिय एकान्तवल्लभम् ।**
**गृहीतकण्ठयस्तद्दोर्भ्यां गायन्त्यस्तं विजह्रिरे ॥ १५ ॥**

લક્ષ્મીના એકાન્ત વ્હાલા અચ્યુત ભગવાન્ પોતાના કાન્ત થવાથી અને ભગવાને તેના કંઠને બે હાથથી પકડેલી હોવાથી ગોપીઓ ગાતી ગાતી તેની સાથે વિહાર કરવા લાગી.

**सुबोधिनी—**अच्युत કાન્ત તો ભગવાનજ છે. અંદર અને બહાર નિત્ય આનંદ આપનાર છે. માટે બધી સ્ત્રીના મૂળરૂપ લક્ષ્મીના તે એકદમ પ્રિય છે. પરમ પ્રેમાસ્પદ છે. તેવા ભગવાન્ પોતાના પ્રેમના પાત્ર થયા તેથી તેનું જ ગાન કરતાં તેની સાથે વિહાર કરવા લાગ્યાં. ત્યાં શંકા કરે છે કે જ્યારે જીવ આનંદ ભોગવે છે ત્યારે ક્રિયા જતી રહે છે. ક્રિયા રહે ત્યાં સુધી પૂર્ણ આનંદ ન કહેવાય. ત્યારે ગોપીઓએ વિહાર કેમ કર્યો ? તેના ઉત્તરમાં કહે છે કે તે ભગવાનના બન્ને બાહુથી તેના કંઠ વ્યાપ્ત છે એટલે ક્રિયા ભગવાનની તેનામાં છે. પોતે તો સુખાસ્વાદજ અનુભવે છે. ભગવાને પોતાની ક્રિયાશક્તિ કંઠમાં સ્થાપન કરી છે તેથી નૃત્ય અને ગાન બન્ને ચાલી રહ્યાં છે. આ સખી ભગવાનની ક્રિયાશક્તિરૂપા છે તેથી તેની સ્વતંત્રતા અહિં બતાવી છે. ૧૫

હવે રાધાદામોદરની પેઠે એનું નૃત્ય કહે છે.

**कर्णोत्पलालकविटङ्ककपोलघर्म-**
**वक्त्रश्रियो वलयनूपुरघोषवाद्यैः ।**
**गोप्यः समं भगवता ननृतुः स्वकेश-**
**स्रस्तस्रजो भ्रमरगायकरासगोष्ठ्याम् ॥ १६ ॥**

ગોપીઓ ભગવાનની સાથે નાચે છે. ત્યારે તેના કાન ઉપર ધરેલાં કમળો શોભે છે. તેના અલકોથી શોભતા કપોલ ઉપર સ્વેદબિંદુ શોભે છે ત્યારે વલય અને નૂપુર તથા ક્ષુદ્રઘંટિકાના શબ્દો વાદ્યનું કામ કરે છે. ભમરાઓ ગવૈયાનું કામ કરે છે તે રાસગોષ્ઠીમાં ગોપીઓના કેશની માલાઓ શ્રમને લીધે બાંધી છે ત્યાંથી ખસી જાય છે.

**सुबोधिनी—**આ નૃત્ય પણ રાસને માટે છે પણ પ્રત્યેકને રસ ઉત્પન્ન થવામાટે ગોષ્ઠી કહી છે. ભગવાન્ તથા ગોપી તો ગાઢ નૃત્ય કરી રહ્યાં છે ત્યાં ગાનારનું

કામ ભમરા કરે છે. વાજાં તો પહેલાં કહ્યા તેજ હશે તેજ કહે છે કે હાથમાં પહેરેલાં વલય પગમાં પહેરેલાં નેપુર અને કટિમાં કટિમેખળા પહેરી છે તેની ઘુઘરીઓના શબ્દો વાજાનું કામ કરે છે. અત્યંત રસ આવી જતાં કેશમાં વેણી તરીકે ફુલની માળા બાંધી છે તે ખસી જાય છે. એવી ગોપીઓ નૃત્યમાં અભિનિવિષ્ટ છે. અથવા ગાન કરનાર ભમરાઓ છે. તેને મકરંદની જરૂર છે. તે પુષ્પમાં હોય. તે પુષ્પ તેના સ્થાનથી જૂદાં પડે તો મકરંદ તેમાં ન રહે તેથી પોતાના નોકર ભ્રમરોને તેના ગાનથી પ્રસન્ન થઈને તેને કેશની માલાઓ ઈનામ તરીકે ગોપીઓ આપે છે જો એમ ન માનીએ તો રસને માટે પોતાના કેશમાં રાખેલી માળાને શોભા આપનારી ગણીને પાછી બાંધી લે પણ જવા ન દે. કેમકે તેઓ થાક્યાં છે. તેનો થાક પુષ્પથી ઓછો થાય તેથી તે બીજાને ન આપે પણ પોતે જ રાખે. એ ભ્રમરો ગાવામાં ચતુર છે અને તેની કદર કરનારી ગોપીઓ ગાનની નિપુણતાને સમજનાર છે. એવો આમાંથી ધ્વનિ નિકળે છે. નૃત્યની શરૂઆતમાં તેમની શોભાનું વર્ણન કરે છે કે જો તેમ ન હોય તો પહેલાં થાકેલાં હતા તે પુનઃ નૃત્ય ન કરે અને કરે તો તેમાં રસ ન આવે પણ તેની શોભા ઉપરથી તે થાક્યાં નથી તેથી જ વિશેષ નૃત્ય કરે છે. તે કાન ઉપર રાત્રિવિકાસી કમળ રાખીને નાચે છે. તેમાં તે પુષ્પ પડે નહિં એ તેની ચતુરાઈ છે. તે પુષ્પ સાથે અલકો ભ્રમરની જેમ મુખકમલના રસનું પાન કરનાર છે. તેની શોભા જ્યાં છે એવા કપોલ ઉપર શ્રમથી સ્વેદ થાય છે તેથી મોતીથી ગાલ શોભાવ્યા હોય તેવી શોભા કપોલની થઈ છે જોનારને તો મોતી ગાલ ઉપર રાખ્યા છે એમજ લાગે છે. નાચતાં શ્રમને લીધે પસીનાનાં ટીપાં છે તેવું જણાતું નથી. તે શ્રમબિન્દુઓ ભગવાનને ચુંબનાદિથી અનુભવ કરાવનારા થાય છે. અહિં ક્રિયાનિવૃત્તિનું સૂચન કર્યું છે. તે તો ગોપીઓ છે છતાં ભગવાનની બરોબર ગાન અને નૃત્ય કરે છે તે ભગવાનની ઇચ્છાથી થાય છે સ્વસામર્થ્યની વાત નથી તેથીજ જેમ ભગવાન્ નાચે છે તેમ ગોપી પણ નાચે છે. ૧૬

એમ રસ પ્રકટ થયો ત્યારે તેને વધારવામાટે સાક્ષાત્ કામશાસ્ત્રમાં કહેલી ચેષ્ટાઓ શરૂ થઈ તે વાત હવે કહે છે.

**एवं परिष्वङ्गकराभिमर्शस्निग्धेक्षणोद्दामविलासहासैः ।**
**रमे रमेशो व्रजसुन्दरीभिर्यथार्भकः स्वप्रतिबिम्बविभ्रमः ॥ १७ ॥**

બાલક જેમ કાચમાં પોતાનું પ્રતિબિંબ જોઈ તેની સાથે રમે છે તેમ ભગવાન્ લક્ષ્મીના પતિ પણ વ્રજસુંદરીઓની સાથે આલિંગન, હસ્તસ્પર્શ, સ્નેહથી દર્શન, નિર્મર્યાદ વિલાસ અને હસવા સાથે વિહાર કરવા લાગ્યા.

**सुबोधिनी**—આલિઙ્ગન વગેરેના ભેદો કામશાસ્ત્રમાં નિરૂપણ કર્યા છે. રસ વધારવામાટે અહિં પરિષ્વંગ કહ્યો છે. ભગવાનનો શ્રીહસ્ત તે તે અવયવોનો સ્પર્શ કરે છે. પછી હૃદયના ભાવને સૂચવનાર સ્નેહથી જુએ છે. પછી મર્યાદા મૂકીને વિલસે છે. પછી હસે છે. હાસ મનોરથની પૂર્ણતા સૂચક છે. આલિઙ્ગનથી હાસસુધી સર્વ ક્રિયાઓ ગોપીઓ સાથે થઈ. ત્યાં શંકા કરે છે કે ભગવાન્ મહાઅલૌકિક આનંદમય તે પ્રાકૃતિઓની સાથે કેમ રમે? તેના ઉત્તરમાં કહે છે કે તે રમાના પતિ છે. ભગવાનની આજ્ઞાથી

બધા ભક્તોમાં રમા પ્રવિષ્ટ થઈ છે. કારણ કે ગોપીઓ પણ રમાના સ્થાનરૂપ છે. ત્યાં બીજી શંકા કરે છે કે ભગવાન્ તો આત્મારામ છે તે કેમ બીજીથી રમે ? તેના ઉત્તરમાં કહે છે કે લક્ષ્મી તો બ્રહ્માનંદરૂપા હોવાથી તેની સાથે રમવાનું ઉચિત ગણાય. આ ગોપીઓમાં તો લક્ષ્મીનો આવેશ પણ ન થવો જોઇએ. કેમકે ગોપીઓ બ્રહ્મરૂપ નથી. તે શંકાને દૂર કરવામાટે કહે છે કે જેમ બાલક સામું દર્પણ રાખી તેમાં પોતાનું મુખ જોઈ તેની સાથે રમે છે તેમ ભગવાન્ પણ પોતાનું સામર્થ્ય અથવા સ્વરૂપ તેમાં સ્થાપન કરી બ્રહ્મ અથવા બ્રહ્માનંદને તેમાં પ્રકટ કરીને પોતે રમણ કરે છે. ત્યાં કહે છે કે એ પણ ઠીક નાહિં. ભગવાનને એવું શા માટે કરવું જોઇએ.? ત્યાં કહે છે કે ભગવાન્ પ્રકટ થયા ત્યારે જેમ બાલલીલા બતાવી તેમ આ કામલીલા પણ કરી. અથવા કોઈ વખતે લક્ષ્મીસાથે ક્રીડા કરે છે પણ આવો રસ તેમાં પ્રકટ થતો નથી. પણ આ રસ તો ગોપીઓમાંજ પ્રકટે છે એ બતાવે છે કે ભગવાન્ રમેશ અને ગોપી વ્રજસુંદરી છે. ભગવાન્ લક્ષ્મીના ભર્ત્તા છે પોષક છે સ્વામી છે. આ વ્રજની સ્ત્રીઓ છે. ભગવાન્ સાથે તેનું લગ્ન થયું નથી. રમા સાથે રમણ કરે છે ત્યારે બન્નેને એવું સુખ નથી થતું કેમકે રસનું સ્વરૂપજ એવું છે. ઈશ્વરે પારકી સ્ત્રીઓસાથે એવી લીલા ન કરવી જોઇએ એમ કહે તેના ઉત્તરમાં કહે છે કે જેમ બાલક લીલા કરે. **संमुष्णन्नवनीतमन्तिकमणिस्तम्भे स्वबिम्बोद्गमं दृष्ट्वा** ઇત્યાદિ વાક્યોમાં જેમ ભગવાનની મુગ્ધ લીલા વર્ણવી છે તેવી આ પણ મુગ્ધલીલા કહી છે. પોતે પૂર્ણ જ્ઞાનવાળા છે છતાં મુગ્ધ બને છે રસનું સ્વરૂપ જ એવું છે કે તેમાં મુગ્ધ બન્યાવગર રસ પેદા થતો નથી. તેમ અહિં પણ ભગવાન્ પોતાના બધા ધર્મો છોડીને રસને માટે રમે છે ભગવાન્ સ્વરૂપથી રસ છે એટલે તે સ્વરૂપ પણ અધિકારી પરત્વે વ્યક્ત કરવું જોઇએ તે અહિં ભગવાને કર્યું છે તેથી શંકા કરવાની કાંઈ જરૂર નથી તેમ તે ભગવાનમાં કાંઈ ન ઘટે તેવી વાત નથી. તેથી એવી શંકાઓ કરવાની નથી. જેવા પ્રભુ અને તેનો ભાવ છે તેવાં ગોપીઓ અને તેનો ભાવ છે એટલે તેમાં તારતમ્ય નથી. જેમ બિંબ જેવું પ્રતિબિમ્બ. અહિં એક ભગવાન્ બહુ સાથે ભોગ કરે છે અથવા બે બે નો ભોગ છે. આગળ દરેક સાથે ભગવાન્ રમશે. એ વાત હવે પછી કહેવાશે. ૧૭

એમ સર્વભાવથી ભગવદ્ધર્મનો આવેશ આવ્યો ત્યારે તેને પોતાના દેહનું ભાન ન રહ્યું અને મહારસમાં તે છક થઈ ગયાં તે વાત હવે કહે છે.

**तदङ्गसङ्गप्रमदाकुलेन्द्रियाः केशान् दुकूलं कुचपट्टिकां वा ।**
**नाञ्जः प्रतिव्योढुमलं व्रजस्त्रियो विस्रस्तमालाभरणाः कुरूद्वह ॥१८॥**

શ્રીકૃષ્ણના અંગસંગથી મોટો મદ વધતાં ઇન્દ્રિયો આકુલ થઈ ગઈ પોતાના કેશનું પોતાના પહેરેલાં કપડાનું તેમજ સ્તનઉપરના વસ્ત્રનું તેમને ભાન ન રહ્યું એટલુંજ નહિં પણ પહેરેલી માળાઓ અને આભરણો ખસી ગયાં તેનું પણ હે પરીક્ષિત્! એ વ્રજની સ્ત્રીઓને ભાન ન રહ્યું.

**सुबोधिनी**—આ ભગવાનના શ્રીઅંગનો સંબંધ થતાં દેહને ભૂલાવનારો તેને મદ ઉત્પન્ન થયો. એ એક જાતનો ભાવ વિશેષ છે. તેનાથી તે વ્યાકુલ થઈ ગયાં. આપણે

શું આ વખતે કરવું જોઇએ એ તેમને સુઝયું નહિં, પોતાનો ચોટલો છુટી ગયો પહેરેલું વસ્ત્ર ખસી ગયું તેનો તેને વિચાર પણ આવ્યો નહિં. શ્રીકૃષ્ણના થોડા સ્પર્શથી ભાન ભૂલી ગયાં તેનું કારણ કે તે વ્રજની સ્ત્રીઓ છે. શ્રમ પણ તેમને થયો. માળા આભરણો વગેરે ખસી ગયાં ઇન્દ્રિયો વ્યાકુળ હતી તેથી લૌકિક વિચાર ન આવ્યો. જંગલમાં રહેનારી તેને પરમાર્થનો વિચાર ન આવ્યો. શ્રમ થયો તેથી દેહને સંભાળી ન શકયાં તેથી આદિ મધ્ય અને અન્તમાં તેમને ભગવાનેજ ધારણ કરી પોતે પોતાના બળે ન રહી શકયાં જો કે બીજાને તો એમ લાગ્યું પણ પોતે સ્વત: દેહને ધારણ કરવાને સમર્થ ન થયાં. પરીક્ષિતને કુરૂદ્વહ એવું સંબોધન શુકદેવજી કહે છે. તેમાં બતાવે છે કે આ ભગવલ્લીલા છે તેને સાંભલી ભ્રમમાં પડવાનું નથી. મારા કથનમાં તમને વિશ્વાસ છે માટે હું કહું છું. ૧૮

એમ સમુદાયલીલા કહી તેનું જ્ઞાન કોઇને ન થયું એમ કહેવામાટે દેવની સ્ત્રીઓને અને ચંદ્રને વિસ્મય થયો તે હવે કહે છે.

**कृष्णविक्रीडितं वीक्ष्य मुमुहुः खेचरस्त्रियः।**
**कामार्दिताः शशाङ्कश्च सगणो विस्मितोऽभवत्॥ १९॥**

વિમાનમાં બેઠેલી દેવની સ્ત્રીઓ કૃષ્ણની વિશેષ ક્રીડા જોઇને કામની પીડાનો અનુભવ કરવા લાગી. શશાંક ચંદ્ર પણ પોતાના ગણની સાથે વિસ્મય પામ્યો. (દેવીઓ ભગવાનની લીલાનું દર્શન ન કરી શકયાં પણ તેને કામ થવાથી તેનું મન વ્યાકુલ થતાં રાસલીલાનો નિર્ણય ન કરી શકયાં.)

**सुबोधिनी**—જગતની કોઈ પણ સ્ત્રીનો પતિ પરમાનંદ ન થાય. જેમાં આનંદ નથી તે બીજાને આનંદ ન આપી શકે. શ્રુતિ કહે છે કે 'એ બ્રહ્મ જ આનંદને આપે છે' અહિં એવકાર કહ્યો છે તેથી ભગવાન્ વિના કોઈ આનંદ આપનાર નથી. તેમાં પણ વિશેષ ક્રીડા ભગવાન જ જાણે છે. જીવ વિશેષક્રીડાને જાણતો નથી. ખેચરની સ્ત્રીઓને સર્વ-દર્શન થવાનો ભગવાને વર આપ્યો છે. સ્ત્રીનું દર્શન દોષરૂપ નથી. પરંતુ તેને મોહ જ થયો. ભગવત્ક્રીડાનું જ્ઞાન ન થયું. તેમ તેને જોવામાં રસ પણ ન આવ્યો. લૌકિક ચંદ્રે પણ ભગવાનની લીલા જોઈ. ગોપીઓના દેહ સોમાત્મક છે. શ્રુતિમાં કહ્યું છે કે 'કન્યાને પહેલો સોમ ભોગવે છે પછી ગંધર્વો ભોગવે છે, અને છેલ્લે મનુષ્ય ભોગવે છે, અહિં જોવા આવેલી સ્ત્રીઓ ભગવાનની લીલાસ્થ સ્ત્રીઓથી ભિન્ન છે. તે ભગવાનની લીલા જુએ તેમાં તેનું હિત નથી. ચંદ્રને શશલાના ચિહ્નવાળો કલંકવાળો કહ્યો. આનંદમય છે તો પણ પોતાની સ્ત્રીઓ નક્ષત્રો તેની સાથે વિસ્મય પામ્યો. સામગ્રી છે. ઉદ્દીપન છે છતાં તેનું ચિત્ત બીજી તરફ ગયું નથી. **चकार** શ્લોકમાં છે તેથી તે ચંદ્ર પણ મોહિત થયો. તે ખેચર સ્ત્રીઓ પણ મોહ પામીને વારંવાર ઉદ્બુદ્ધ કામ થયાં. આપણે પણ ઘર જઈ કામક્રીડા કરશું એમ કામથી દુ:ખી થયાં તેમ ચંદ્ર પણ ભગવાનમાં પ્રવેશ કરવામાટે યત્નવાળો થયો. તેથી તેને પણ કામે દુ:ખી કર્યો. આ કહેવાથી આગળ નિસર્ગથી સુખ થાય છે એ પક્ષમાં યુક્તિ કહી છે આ ચંદ્રના અંશો તેના સ્વરૂપમાંથી નિવૃત્ત થશે. એમ ન હોય તો **सहस्रदर्शनान्मुक्ति** એ સૂત્રનો વિરોધ આવે. સહ-સ્રવણનો અભાવ થાય

તો વિરોધ આવે. તે ચંદ્ર પોતાની સતાવીશ સ્ત્રીઓને સાથે લઇને આવ્યો છે. છતાં તે પોતે વિસ્મય પામ્યો. તેને વિસ્મય રસ ઉત્પન્ન થયો શૃંગારરસ ન પ્રાપ્ત થયો. તેમ બીજો પણ કોઈ જાતનો રસ તેને મલ્યો નહિં. ૧૯

એમ આધિભૌતિક ગોપીઓને આધિદૈવિક ભગવાને રસાભિનિવેશ કરાવ્યો એ વાત કહેવામાં આવી હવે સાધનપ્રકરણમાં કુમારિકાઓએ દેવીપાસે માગ્યું છે કે 'મારા પતિ કૃષ્ણ થાય' તે દરેકનો સંકલ્પ છે. તેને ભગવાને सत्यो भवितुमर्हति એ 'તમારો સંકલ્પ સાચો થવા યોગ્ય છે.' એમ વરદાન આપ્યું છે તેથી પ્રત્યેક સાથે ભગવાન્ હવે રમે છે એ વાત કહે છે.

**कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः ।**
**रेमे स भगवांस्ताभिरात्मारामोपि लीलया ॥ २० ॥**

જેટલી ગોપસ્ત્રીઓ હતી તેટલાં સ્વરૂપો ભગવાને કર્યાં અને પોતે આત્મામાં રમનાર છે છતાં લીલાવડે તેમની સાથે રમ્યા.

**सुबोधिनी**—ગોપની જાતની જેટલી સ્ત્રીઓ હતી તેટલાં પોતાનાં સ્વરૂપો કર્યાં એટલે તેટલી જગ્યાની માયાને દૂર કરીને પોતે પ્રકટ થયા. આ મહા સૌરત છે. એમ કરવાનું તેનામાં સામર્થ્ય છે. તેજ કહે છે કે તે ભગવાન્ છે એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય એ છ ગુણો હમેશાં સાથેજ રહે છે. એટલા માટેજ પ્રાકટ્ય છે. તેના વ્રતને માટે તેની સાથે રમ્યા છે. પણ પોતાની આત્મારામતા પહેલાની જેમ રાખી નથી. તેજ કહ્યું કે તે નર્યા આત્મારામ નથી રહ્યા પણ ચંદ્રના પ્રવેશથી રમણ સંભવે છે. તેથી રમણ કરતાં છતાં તેનું આત્મારામત્વ ક્ષીણ થતું નથી. તેથી તેમાં 'अधिकं तत्रानुप्रविष्टं न तु तद्धानिः' એ ન્યાય સિદ્ધ થયો. તેમાં પણ આત્મરમણમાં મુખ્યતા છે. તે કહે છે કે મોટા ક્વચિત્ પોતાને ન યોગ્ય એવું પણ કરે છે. ક્વચિત્ મૃગયામાં પગે ચાલે છે તેમ ભગવાન્ અવતાર ધરીને બીજી લીલા કરે છે તેમ આ પણ એક લીલા છે. તે ભક્તોને તેવી ઇચ્છા થતાં તે લીલા પણ પોતે કરી છે. ૨૦

ત્યારે ભક્તોને સુરતાન્ત થયો એ વાત હવે કહે છે.

**तासामतिविहारेण श्रान्तानां वदनानि सः ।**
**प्रामृजत् करुणः प्रेम्णा शंतमेनाङ्ग पाणिना ॥ २१ ॥**

હે અંગ ! તે ગોપીઓ રાસ રમતાં વધારે રમત કરતાં અત્યંત થાક્યાં ત્યારે દયાવાળા શ્રીકૃષ્ણ સુખરૂપ પોતાના શ્રીહસ્તવડે તેના મુખનું માર્જન કરવા લાગ્યા.

**सुबोधिनी**—અત્યંત વિહાર કર્યો એટલે રસને એકત્ર કરવા અનેક બંધ કર્યા તેનાથી ભક્તો સારી રીતે શ્રાન્ત થયાં ભગવાનને તો તેની સાથે હજુ લીલા કરવાની છે તેથી પોતાના સુખરૂપ શ્રીહસ્તવડે તેના મુખારવિંદોને સારી રીતે પોંછયાં કેમકે તે કૃષ્ણ છે એટલે તે ભક્તોને માટેજ આ ભૂતળઉપર પધાર્યા છે. સર્વત્ર તેમ થયું તે કહેવામાટે વદનાનિ એમ બહુવચન કહ્યું છે. . તેમ ભગવાનને કરવાનું કારણ તો તેમની ભક્તઉપરની દયાજ છે. તે દયા પણ ઉદાસીન નથી તેથી કહ્યું કે પ્રેમથી શ્રીહસ્ત ફેરાવ્યો કે તેનો ક્લેશ દૂર થઈ ગયો. તે શ્રીહસ્ત જ અત્યંત સુખદ છે. અંગ

એ સંબોધન તમને છેતરવાની વાત ન કહેવાય એ સૂચવવામાટે છે એમ તેમનામાં દુઃખનિવૃત્તિપૂર્વક પરમાનંદને ભગવાને સ્થાપન કર્યો. ૨૧

એટલું ભગવાને કર્યું ત્યાં તો અત્યંત હર્ષમાં આવીને તેણે જે કર્યું તે હવેના શ્લોકથી (શુકદેવજી રાજા પરીક્ષિતને કહી) બતાવે છે.

**गोप्यः स्फुरत्पुरटकुण्डलकुन्तलत्विड्-**
**गण्डश्रिया सुधितहासनिरीक्षणेन ।**
**मानं दधत्य ऋषभस्य जगुः कृतानि**
**पुण्यानि तत्कररुहस्पर्शप्रमोदा ॥ २२ ॥**

પ્રકાશમાન સુવર્ણના કુંડળની અને કુન્તળની કાન્તિવાળા ગંડસ્થલની શોભાથી અમૃતરૂપ હાસ્યની સાથે ભાવપૂર્વક અવલોકન કરવાથી મોટા માનને ધારણ કરતાં ભક્તો ભગવાનના નખક્ષતથી જેના હર્ષનો પાર નથી રહ્યો એવાં તે ભગવાને કરેલી પવિત્ર-લીલાનું ગાન કરવા લાગ્યાં.

**सुबोधिनी**—ગોપીઓ 'અમને ભગવાને મોટું માન આપ્યું' એમ સમજી ભગવાને કરેલી લીલાનું ગાન કરવા લાગ્યાં. ગાન કરવાનું કારણ તેને રજોગુણનો અભિનિવેશ થયો તેથી ગાવા લાગ્યાં. તેમાં એક સહજ કારણ તથા એક ભગવત્કૃત એમ બે કારણ બતાવે છે. તેમાં પ્રથમ સહજ કહે છે. ચળકતા સોનાના કુંડળઉપર કુંતળ આવતાં તેની કાંતિથી ગાલની શોભા વધી એટલે ગાલ પીળો દેખાયો ઉજ્વલ દેખાયો અથવા શ્યામ દેખાયો. એમ ત્રણ કાંતિ મૂળભૂત ત્રણ ગુણના કાર્યરૂપ-તેનાથી સર્વથી તેનો ઉત્કર્ષ થયો. અમૃત જેવું હાસયુક્ત અવલોકન એમાં પણ અંદરનો પ્રેમ હાસ અને અવલોકન એ ત્રણ ભગવાનનાં સમજવાં. એ બન્નેથી સન્માન માન્યું અથવા તેમને અભિમાન થયું. પોતાના હૃદયમાં વિપરીત બુદ્ધિને લઇને દોષ થયો તે દૂર કરવામાટે ભગવલ્લીલાનું ગાન કરવા લાગ્યાં તેનાથી કેવળ પાપ જાય એટલુંજ નહિં પણ પુણ્ય પણ સંપાદન થયું ભગવાનની લીલા પાપને દૂર કરીને પુણ્યને ઉત્પન્ન કરે છે. તેથી તેના દોષો બધા ચાલ્યા ગયા. આગલ લીલા કરશે તેનાથી પુણ્ય વધારશે. પૂર્વક્લેશ ભૂલવામાટે આનંદ પ્રકટ્યો. ભગવાનના નખના સ્પર્શથી પીડા થતાં ભગવાને કરેલો સંભોગ યાદ આવ્યો તેથી રાજી થયાં હૃદયમાં પૂર્ણાનંદ થયાં. ગાનથી પણ આનંદિત થયાં તેથી છેલ્લું વિશેષણ कररुहस्पर्शप्रमोदाः એમ કહ્યું. ૨૨

ભગવાને ભક્તોને પોતાની તુલ્ય બનાવ્યાં અને તેની સાથે ભગવાને જળક્રીડા કરી તે વાત હવે કહે છે.

**ताभिर्युतः श्रममपोहितुमङ्गसङ्ग-**
**घृष्टस्रजः स्वकुचकुङ्कुमरञ्जितायाः ।**
**गन्धर्वपालिभिरनुद्रुत आविशद्वाः**
**श्रान्तो गजीभिरिभराडिव भिन्नसेतुः ॥ २३ ॥**

થાકેલો હાથી જેમ હાથણીઓની સાથે સેતુને તોડતો જલમાં ક્રીડા કરવા પડે તેમ ભગવાન્ તે ગોપીઓ સાથે શ્રમનિવૃત્તિને માટે જળમાં ક્રીડા કરવા પધાર્યા. પોતાની અંગસંગથી ચોળાઈ ગએલી માળાના સુગંધમાં લુબ્ધ થતા ગંધર્વપતિરૂપ ભ્રમરો જેની પાછલ પડ્યા છે એવા ભગવાને જળમાં પ્રવેશ કર્યો.

**સુબોધિની**—તે બધી ગોપીઓને ભગવાને સાથે લીધી. અરધી રાતે શ્રીયમુનાજીમાં જલક્રીડા કરવા પધાર્યા. ભક્તોના થાકને દૂર કરવા જળમાં પધાર્યા છે. તેનો સર્વાઙ્ગ શ્રમ જલક્રીડાથી દૂર કરવાને ભગવાન્ તેની સાથે ગયા તે શોભાને કહે છે. માળાના ભમરો ગંધર્વપતિઓનું કામ કરે છે. તે ભગવાનની પાછળ જાય છે. અથવા આ યમુનાનું વિશેષણ કરવું. ગંધર્વના રક્ષક તે ગંધર્વપતિ કહેવાય એવા ભમરા જેની પાછળ દોડે છે. સંગમાં દોડતા ગયા ત્યાં ભગવાન્ જલમાં પધાર્યા. સંભોગથી શ્રમનો પસીનો થાય તેમાં પદ્મિનીઓના શરીરમાંથી કમળની સુગંધ આવે છે. તેને લીધે ભમરાઓ ફરે છે તે પાછળ ન આવે તેને આવતા અટકાવવા જલદી જલમાં પ્રવેશ કરે છે. તે ભમરાઓ ભગવદીયો છે. નાયકાનાયકના અંગસંગથી માળા ચોલાઈ જાય. એવી માળાના તે ભમરાઓ છે. એ કહેવાથી નાયિકાની તે માળા છે. એ માળા કુચના કુંકુમવાલી છે. શ્રીકૃષ્ણની તે માળા છે. કાલિન્દીને પણ કુચકુંકુમથી રંગીત બનાવવી છે. તેમાં દેહનો, પુષ્પનો અને કેસરનો એમ ત્રણ આમોદ છે. તે ભગવાનની માળા કહેવાથી તેનું અસાધારણપણું કહ્યું. આધિદૈવિક ભમરો તેની ગંધને ભોગવે છે. તેથી ગંધર્વપ એવું વિશેષણ આપ્યું છે. થાકેલો હાથી કહેવાથી તેને વિચાર ન હોય એમ કહ્યું. થાકેલો લીલાવડે ચાલે તેથી શ્રાન્ત કહ્યો. પ્રત્યેકના સંભોગસુધી ભગવાનને બીજો ભાવ ન આવ્યો એમ કહ્યું. તે ભાવ બદલાયો ત્યારે શ્રમ થયો. गजिभिः કહેવાથી અન્યનો શ્રમ કહ્યો છે. જલ રાખવામાટે પાળા બાંધે છે. તે એવો હાથી બધા પાળાને તોડી પાડે છે. ભગવાને પણ આત્મારામત્વરૂપા બ્રહ્મની મર્યાદા છોડી, જીવની મર્યાદા પણ છુટી ગઈ કેમકે કામરૂપ સ્પર્શ થયો. પરસ્ત્રીઓનો સ્પર્શ પણ થયો. પહેલાં ગોપીઓએ ભગવાનનો સ્પર્શજ કર્યો હતો પરંતુ ભગવાને અત્યારસુધી તેનો સ્પર્શ નહિં કરેલો કેમકે ભગવાનને તેમાં કામ ન્હોતો. દેશકાલની મર્યાદા પણ નષ્ટ થઈ તેથી મદોન્મત્ત હાથી જેમ જલક્રીડા માટે જલની દેવતાને દૂર કરીને પોતે પ્રવેશ કરે તેમ ભગવાને કર્યું. ૨૩

પછી તેમની સાથે ભગવાને જલક્રીડા કરી તે હવે કહે છે.

**सोम्भस्यलं युवतिभिः परिषिच्यमानः**
**प्रेम्णेक्षितः प्रहसतीभिरितस्ततोङ्ग ।**
**वैमानिकैः कुसुमवर्षिभिरीड्यमानो**
**रेमे स्वयं स्वरतिरत्र गजेन्द्रलीलः ॥ २४ ॥**

હે અંગ—ત્યારપછી તે યુવતીઓ હસે છે, પ્રેમથી જુએ છે, ભગવાનને ખુબ જલનો છીડકાવ કરે છે. વિમાનમાં બેઠેલા દેવો પુષ્પનો વરસાદ વરસાવી સ્તુતિ કરે છે. એવી રીતે શ્રીકૃષ્ણ ગજેન્દ્રની લીલા કરતા પોતાના સ્વરૂપમાં રતિ રાખીને ગોપીઓ સાથે રમ્યા.

**सुबोधिनी**—તે પ્રથમ કહ્યા તે પ્રિયતમ સ્ત્રીઓની સાથે જલમાં પધાર્યા તેને યુવતીઓએ ખુબ જલ છાંટયું, પ્રેમવડે જોયા, કૌતુકમાં આવીને ખુબ હસ્યાં. ભગવાન્ પણ જે સામે આવે તેની સાથે રમે છે. એમ વારાફરતી બધી સ્ત્રીઓથી રમ્યા. શુકદેવજી માહાત્મ્યજ્ઞાનપૂર્વક નિર્ભર સ્નેહથી નિર્દોષભાવથી કહે છે તેમ રાજા તેવા ભાવથી સાંભળે છે. તેથી સ્નેહથી પોતાના જાણી હે અંગ એમ વક્તા સંબોધે છે. તમે લાયક છો માટે હું તમને આ લીલા કહું છું. ત્યાં શંકા કરે છે કે ભગવાન્ આવી લીલા કરે તેનો દેવો કેમ નિષેધ ન કરે? તે શંકાના ઉત્તરમાં કહે છે કે દેવો તો વિમાનમાં બેસીને પુષ્પોની વૃષ્ટિ કરે છે. બધા દેવ ભગવાનના કાર્યને અભિનંદન આપે છે. નિષેધ કરતા નથી. જો દેવતાઓ નિષેધ કરે અને ભગવાન્ કામરસને લોકમાં પ્રકટ ન કરે તો તે લોકમાં પ્રસિદ્ધિમાં ન આવે. યુવતીઓ કહી તેથી યુવાવસ્થામાં વિચાર આવતો નથી તેથી તેણે ભગવાનને સિંચન કર્યું પરંતુ વીરરસથી નહિં પણ પ્રેમથી સેચન કર્યું. પ્રેમવડે દર્શન કર્યું. સ્વયં રેમે એમ કહ્યું એથી ભગવાને પણ કોઇને બલાત્કારે પ્રેમથી સિંચન કર્યું હોય એમ સ્વયં શબ્દથી પ્રતીત થાય છે. ત્યારે પણ રતિ તો પોતાના સ્વરૂપમાંજ રાખી છે. પણ ગજેન્દ્ર જેવી લીલા દેખાડી છે. જેમ જેમ પ્રિયને જલ છાંટે છે. તેમ તેમ સુખ થાય છે તેથી હાથીનું દૃષ્ટાન્ત કહ્યું છે. ૨૪

પછી ભગવાને પુષ્પાવચય ક્રીડા કરી એટલે ફુલ વીણ્યાં તે કહે છે.

**ततश्च कृष्णोपवने जलस्थलप्रसूनगन्धानिलजुष्टदिक्तटे ।**
**चचार भृङ्गप्रमदागणावृतो यथा मदच्युद् द्विरदः करेणुभिः ॥२५॥**

પછી શ્રીયમુનાજીના ઉપવનમાં જ્યાં જલ અને સ્થલના પુષ્પની સુગંધવાળો વાયુ જે સ્થાનોને સુવાસિત કરે છે એવા વનમાં મદ ઝરતો હાથી હાથણીઓ સાથે ફરે તેમ ભમરા તથા પ્રમદાગણ જેની પાછલ ચાલે છે એવા શ્રીકૃષ્ણ વનમાં ફર્યા.

**सुबोधिनी**—જલક્રીડા કર્યા પછી યમુનાજીના જલ અને ઉપવનનાં પુષ્પોના ગંધવાળા વાયુથી જે દિશાઓના ભાગ સુવાસિત બન્યા છે એવા વનમાં ભગવાન્ ફરવા લાગ્યા. તેમની સાથે પ્રમદાઓના તથા ભ્રમરના ગણ ચાલ્યા. ભ્રમરોને ચાલવાનું દૃષ્ટાન્તથી બતાવે છે કે જેના ગંડસ્થલમાંથી મદ ઝરતો હોય તેવો હાથી હાથણીઓ અને ભ્રમરો સાથે ફરે છે. સહજ અંદર રહેલો રસ બહાર નીકલ્યો કે ભ્રમરો પાછલ દોડવા લાગે છે. चचार કહેવાથી ફરતાં અનેક લીલા પણ કરી એમ સૂચવ્યું છે. ક્યાંક હાથી લતાને તોડી ઉડાવી દે ક્યાંક વૃક્ષની શાખાઓને તોડી પાડે તેમ ભગવાને મર્યાદામાર્ગ અને લૌકિકમાર્ગને અન્યથા કર્યો. આ ત્રણ પ્રકારની લીલા અતિ અલૌકિકી છે. તેથી અવિચારથી રમણ કર્યું છે. ૨૫

એમ લીલા કહીને હવે આ વાતને સંપૂર્ણ કરે છે.

**एवं शशाङ्कांशुविराजिता निशाः स सत्यकामोनुरताऽबलागणः ।**
**सिषेव आत्मन्यवरुद्धसौरतः सर्वाः शरत्काव्यकथारसाश्रयाः ॥२६॥**

સત્ય કામવાળા, જેનીઉપર સ્ત્રીઓ પ્રીતિવાલી છે, જેણે સૌરત પોતાના સ્વરૂપમાં રોક્યું છે, સર્વ કાવ્યકથાના રસના આશ્રયરૂપ એવા ભગવાન્ સર્વ શરત્‌ને, ચંદ્રના કિરણોથી શોભતી રાત્રિઓને, સેવન કરવા લાગ્યા. તે બધામાં ક્રીડા કરવા લાગ્યા.

**सुबोधिनी**—લૌકિકચંદ્રથી શોભા આપતી રાત્રીઓને રમવામાં વિતાવી. રમવામાં પહેલો કહ્યો છે તે પ્રકાર લીલારૂપ છે તેનો વિરોધ આવતો નથી. ત્યાં કોઈ કહે કે એવીરીતે રમણ કરવામાં શું કારણ છે? તેના ઉત્તરમાં કહે છે કે તે ગોપીઓનો કામ સત્ય છે. એવાં સત્ય કામવાળાં ગોપીઓસાથે તેની પ્રાર્થનાથી ભગવાન્ રમ્યા છે. એમ ભગવાને તેની સાથે ક્રીડા કરી તોપણ તેનો કામ તો સત્ય રહ્યો, ક્ષીણ ન થયો, તેમ કામનો વિષય કોઈ જીવ ન થયો. પણ ભગવાનજ રહ્યા. સ્ત્રીઓના ગણ પણ ભગવાનમાં આસક્તિવાળાં રહ્યાં. જે સર્વ પ્રકારે આસક્તિવાળાં હોય, જે નિત્ય સંબંધવાળાં હોય, જેણે પોતાની સાથે લગ્ન કર્યું હોય, જે સર્વથા પ્રપન્ન હોય તેમાં કામક્રીડા કરવામાં કોઈ જાતની શંકા ન થાય. તેમ ભગવાને આ ભક્તોમાં યોગ્યતા જોઈ ક્રીડા કરી. આગળ જતાં મર્યાદાભંગ થયો તે રસ વધે ત્યારે મર્યાદા ન રહે એમ કામશાસ્ત્રમાં કહ્યું છે કે '[1]મનુષ્યો જ્યાંસુધી ઓછા રસવાળા હોય ત્યાંસુધી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તાવ કરે છે. પરંતુ જ્યારે રતિનું ચક્ર ચાલવા માંડ્યું ત્યારે શાસ્ત્રને છોડી દે છે અને ક્રમને પણ છોડી દે છે' તોપણ ભગવાને તેમાં સત્ય કામ સ્થાપન કર્યો. જે કામનું પરિણામ મોક્ષમાં આવશે એ તેનો કામ ભગવાનને મેળવી આપશે. એવી ગોપીઓની સાથે રાત બધી રમ્યા. પછી આત્મામાં સૌરતને રોકી દીધું પરંતુ તેમાં રતિનું સ્થાપન ન કર્યું. જો રતિ તેમાં મૂકે તો તે ગોપીઓને પ્રજા થાય. તે તો કર્તવ્ય નથી એટલે તેમાં બીજ મૂક્યું નહિં પણ સ્વરૂપમાં રોક્યું. એમ રાત્રીઓ, શરદો અને કાવ્યમાં કહેલી કથાઓ ગીતગોવિંદાદિમાં વર્ણવેલ રતિના પ્રકારો કરીને સમય વ્યતીત કર્યો. કેમકે કામનો રસ તે કાવ્યકથાઓમાં, શરદોમાં અને ક્રીડાની રાત્રિઓમાં હોય છે તે વાત પ્રસિદ્ધ છે. 'જ્યાંસુધી પુરુષ પોતાનું અધીનપણું ન બતાવે ત્યાંસુધી તે રસિક નથી થતો.' અથવા શરદનું જે કાવ્યમાં વર્ણન કર્યું હોય તેના રસના આશ્રયરૂપ એ રાત્રિઓ છે તે લોકમાં પ્રસિદ્ધ નથી. પણ તેનું વર્ણન કાવ્યોમાં આવે છે. કાવ્યમાં નિયતિના નિયમ નથી હોતા. આહ્લાદજ એક હોય છે, પોતાને સર્વ સ્વાધીનતા હોય છે, એવા અનેક ગુણો [2]કાવ્યમાં કહ્યા છે. તેવી ભગવાનની લીલાની રાત્રિઓ પણ થઈ. २६

આ લીલા સાંભળતાં પરીક્ષિત રાજાને સંદેહ થયો તે દૂર થવા પોતે શંકા કરે છે. તે હવે કહે છે.

**राजोवाच-**

**संस्थापनार्थाय धर्मस्य प्रशमायेतरस्य च ।**
**अवतीर्णो हि भगवानंशेन जगदीश्वरः ॥ २७ ॥**

---

१ शास्त्राणां विषयस्तावद् यावन्मन्दरसा नराः । रतिचक्रे प्रवृत्ते तु नैव शास्त्रं न च क्रमः ॥

२ नियतिकृतनियमरहितां ह्लादैकमयीमनन्यपरतन्त्राम् । नवरसरुचिरां निर्मितिमादधती भारती कवेर्जयति ॥

**स कथं धर्मसेतूनां वक्ता कर्ताभिरक्षिता ।**
**प्रतीपमाचरद्ब्रह्मन् परदाराभिमर्शनम् ॥ २८ ॥**
**आप्तकामो यदुपतिः कृतवान् वै जुगुप्सितम् ।**
**किमभिप्राय एतन्नः संशयं छिन्धि सुव्रत ॥ २९ ॥**

રાજા બોલ્યા—અધર્મને શાંત કરવા અને ધર્મને સ્થાપન કરવા માટે ભગવાન્ જગતના ઇશ્વર બલદેવની સાથે અહિં ભૂતળ ઉપર પધાર્યા છે હે બ્રહ્મન્! તેજ ધર્મરૂપ મર્યાદાના કહેનારા, કરનારા તથા રક્ષક છે તેણે તેનાથી વિરુદ્ધ પરસ્ત્રીનો સ્પર્શ કેમ કર્યો? યદુપતિ પૂર્ણ કામ છે તેણે લોકનિંદા કરે તેવું કામ કેમ કર્યું? હે સુવ્રત આ અમારો સંદેહ આપ દૂર કરવા લાયક છો. ભગવાનનો એવું કરવામાં શું અભિપ્રાય છે તે આપ અમને કહો.

**સુબોધિની**—રાજાએ શુકદેવને પૂછ્યું કે આપે જે ભગવાનની લીલા મને સંભલાવી તે તો અવતાર વિરુદ્ધ, લોકવિરુદ્ધ અને ભગવત્સ્વરૂપમર્યાદાથી વિરુદ્ધ છે. તેવું કરવામાં ભગવાનને સબળ કારણ હોવું જોઇએ. કેમકે તેમને લીલા કરવી છે તે તો તેવી લીલા ન કરત અને બીજીરીતે કરત તો પણ ચાલત. તેમાં પહેલો અવતાર વિરોધ બતાવે છે કે ધર્મને સ્થાપવા અને અધર્મને ઉખેડવા ભગવાન્ અહિં પધારે છે. ગીતામાં તેવું વાક્ય પણ છે. તે બે કર્તવ્ય માટે ભગવાન્ અહિં પધાર્યા—દૈત્યને મારવા અને પૃથ્વીનો ભાર ઓછો કરવો એ અધર્મનિવૃત્તિ માટે. એટલા માટે મૂળમાં हि શબ્દ લખ્યો છે. ભગવત્પણું તેનું સાધક છે, નહિં તો અહિં તે પધારે નહિં, કેમકે તે તો પૂર્ણકામ છે. લોકનો ઉપકાર ઉપરના બે કાર્યથી થઈ શકે છે. અંશ સાથે આવે છે એટલે બળદેવજીને સાથે લાવે છે. તેમ કરવાનું કારણ તો તે જગતના ઇશ્વર છે. તે સર્વના રક્ષક છે. પાલન કરવા માટે એમ કરે છે. ૨૭

તેથી શું થયું કે તે ધર્મની બધી મર્યાદાઓના તે રક્ષક છે. એટલે જે ધર્મની મર્યાદાના પાલક હોય તેની પોતે રક્ષા કરે છે. તે ધર્મની મર્યાદાના કહેનારા છે, કોઈ તેને તોડવા તૈયાર થાય તો તેનાથી ધર્મને બચાવે છે. છતાં આપે કહેલી લીલામાં એમનું આચરણ ધર્મથી પ્રતિકૂલ છે; એમાં તો ધર્મનો નાશ કર્યો અધર્મસ્થાપન કર્યો અધર્મ કહ્યો કર્યો અને અધર્મની રક્ષા કરી. તેથી વિપરીત આચરણ કર્યું તે અયોગ્ય કર્યું. હે બ્રહ્મન્ તેનું કારણ આપ કહો. જે પાંચપદાર્થ કહ્યા તેનું સ્વરૂપ એકમાંજ આવી જાય છે કે તેમણે પરાઈ સ્ત્રીનો સ્પર્શ કર્યો. ૨૮

કોઈ કહે કે ભગવાને કામથી તેમ કર્યું તેના ઉત્તરમાં કહે છે કે યદુપતિ પોતે સ્વતઃ આપ્તકામ છે. કામ તેને હોય છતાં તેને ઘણી સ્ત્રીઓ છે. તેણે લોકો નિંદે એવું કામ કેમ કર્યું? એવું કરવાનું શું કારણ તે કહો. પરસ્પર વિરુદ્ધ અર્થ સંભવે નહિં; વિરુદ્ધ ધર્મો એકમાં રહી ન શકે. કદાચ વિરુદ્ધધર્મના આશ્રય માનો તો તેમ કરવાનું કારણ બતાવો. આ કરવામાં લોકનું હિત નથી. પોતાનું તેમાં હિત નથી કેમકે પોતે તો પૂર્ણ છે. લોકને તો મર્યાદામાં રહેવું હિતાવહ છે. ગોપીઓને પણ મર્યાદા હિતરૂપા છે. ઇશ્વર તો અન્તર્યામી છે તેને કાંઈ અસાધ્ય નથી. તેથી ભગવાનનો એ લીલા કરવાનો શું અભિપ્રાય હોય? આ અમારા બધાના મનમાં

સંદેહ છે તેને આપ દૂર કરો. હે સુવ્રત! હે સદાચારવાળા! જો તે અસંગત હોત તો તમે કહેત નહિં, જો તેમાં અધર્મ હોત તો તમારી તે બોલવાની રુચિ ન થાત. અમને તો તે વિપરીત લાગે છે. તેથી આપ આ પ્રશ્નનું નિરાકરણ કરો. ૨૯

પ્રથમ અવતાર વિરુદ્ધ કર્યું એમ પ્રશ્નમાં છે તેનો ઉત્તર પહેલાં શુકદેવજી આપે છે.

**श्रीशुक उवाच–**

**धर्मव्यतिक्रमो दृष्ट ईश्वराणां च साहसम् ।**

**तेजीयसां न दोषाय वह्नेः सर्वभुजो यथा ॥ ३० ॥**

શુકદેવજી બોલ્યા—ધર્મનો વ્યતિક્રમ પણ દેખાય છે ઇશ્વર પણ સાહસ કરે છે પરંતુ તેજસ્વીઓને દોષ લાગતો નથી. જેમ અગ્નિ સર્વભક્ષક છે છતાં તે પવિત્ર કરનારો ગણાય છે તેમ ઇશ્વર ધર્મવિરુદ્ધ કરે તો પણ તેને તે કર્મ દોષરૂપ થતું નથી.

**सुबोधिनी**—કેમ આ ઇશ્વરનું ચરિત્ર નથી એમ તમે કહો છો અથવા બીજે કામે આવ્યા અને કર્યું કાંઇક બીજું. જે માણસ કાંઇક કામ કરવા આવ્યો તે તેટલુંજ કરે બીજું ન કરે એવો નિયમ નથી. જેમ કોઈ ઇમારત કરવા આવ્યો તે બીજાની ઇમારતને પાડે નહિં. કોઈ મોટા લોકો લોકરક્ષાર્થે આવે તે પોતાનો ધર્મ છોડીને ન આવે. દીવો ઘરને પ્રકાશ કરવા આવ્યો છે. જો કોઈ તેને અડકે તો તેને તે બાલી પણ દે. એ ઇશ્વરનો ધર્મ છે. એવું ન કરે તો તેને ઇશ્વર કોણ કહે? જેમ વાણીયાઓનો નિયમ છે તેવો ઇશ્વરનો નિયમ નથી. ઇશ્વરના ધર્મો ગણાવે છે. ધર્મથી વિરુદ્ધ વર્તવું, સાહસ કરવું વગેરે. ધર્મનો વ્યતિક્રમ એટલે ચાલતા રીવાજને બાજુ ઉપર મૂકવો. સાહસ એટલે ન થતું હોય તે કરવું. એ બે વાત ઇશ્વરમાં જોવામાં આવે છે. જે જોયું તે ખોટું કેમ કહેવાય. चकार છે તેથી ઇશ્વરના સેવકો પણ પરાક્રમવાળા હોય તો તે પણ ધર્મવિરુદ્ધ ચાલે સાહસ પણ કરે, એજ સાહસ કે જે તત્કાળ કરી લેવું. વિચાર કરવાનો વખત ન લેવો. તેવું કરે તો તેના કર્મનું ફલ કેમ તેને ન ભોગવવું પડે? તેના ઉત્તરમાં કહે છે કે અતિ તેજસ્વીને તે અધર્મરૂપ ગણાતું નથી. વિધિ-નિષેધવાક્યો જેને ઉદ્દેશીને કહ્યાં હોય તેને તે કર્તવ્યાકર્તવ્ય છે. જેમ લોકમાં છે તેમ વેદમાં પણ છે. મોટા તેજસ્વી થાય છે તેનાં બધાં કર્મો બલી જાય છે. તેને તે કર્મ દોષ કરી શકતું નથી. તેમાં દૃષ્ટાન્ત આપે છે કે અગ્નિ સર્વનું ભક્ષણ કરે છે. છતાં તેને બાળવાનું પાપ લાગતું નથી, અભક્ષ્યનું ભક્ષણ કરે પણ તેને તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડતું નથી. તેમ સર્વ પીએ છે, સર્વમાં પેસે છે, સર્વનો સંબંધ કરી તે તે રૂપ થાય છે છતાં તે પવિત્ર છે. મિથ્યાજ્ઞાનરૂપ જળથી ભીંજાયલી આત્મભૂમીમાં કર્મરૂપ બીજ ઉગે છે. પણ તત્ત્વજ્ઞાનરૂપ તાપથી જે ભૂમિ બલીને ખારી થઇ ગઇ તેમાં કર્મ બીજ ઉગતું નથી. ૩૦

ત્યાં કહ્યું છે કે બ્રહ્મા જ્યારે સરસ્વતી પાછળ દોડ્યા ત્યારે સનકાદિકે બ્રહ્માને કહ્યું છે કે તેજસ્વીને પણ આવું કર્મ કરવું શ્રેયસ્કર નથી. કેમકે મોટાએ કર્યું તેને જોઇને નાના કરે છે. તે નાનાનું કલ્યાણ થાય તેવું મોટાએ કરવું જોઇએ. આ બધા વિરોધમાં આવું ભગવાનથી કેમ કરાય? તેના ઉત્તરમાં હવે કહે છે.

**नैतत्समाचरेज्जातु मनसापि ह्यनीश्वरः ।**
**विनश्यत्याचरन् मौढ्याद् यथा रुद्रोऽब्धिजं विषम् ॥ ३१ ॥**

જે ઇશ્વર ન હોય તેણે આવું કર્મ મનમાં પણ લાવવું ન જોઇએ અને જો મૂર્ખતાને લઇને તે મોટાઓના જેવું આચરણ કરવા જાય તો તે પોતે પોતાનો નાશ કરે છે. જેમ સમુદ્રમાંથી નીકળેલું ઝેર શિવે પીધું તે જો બીજો કોઈ પીએ તો તેનો તત્કાળ નાશ થાય તેથી તેવું કામ શિવ કરે પણ જીવ ન કરે તેમ ઉપરનું ભગવચ્ચરિત્ર ભગવાન્ કરે. જીવ તેવું કરે તો તેનો તત્કાળ નાશ થાય. (તેથી શુકદેવજી બીજાને તે ન કરવાનો ઉપદેશ કરે છે.)

**सुबोधिनी**—ઇશ્વર કરે તે અનીશ્વરે કદિ પણ ન કરવું. ઇશ્વર તેવું કામ કરે તો તેને તે બાધક ન થાય અનીશ્વરને તો તે મારી નાખે માટે તેવું કામ ન કરવું. કોઈ દિવસ અજમાયશ તરીકે પણ મોટા કરે તે ન્હાના એ ન જ કરવું. મનમાં પણ તેનો વિચાર ન કરવો. ઐશ્વર્યવાળાને તે કરવાનું તેનો અનૈશ્વર્યવાળો મનથી પણ ખ્યાલ કરે તો તેનો વધ થાય. મોટા રાજાની ગાદી ઉપર રસ્તે ચાલતો માણસ બેસવા જાય તો તેનો નાશ થાય તેથી મોટા કરે તેનું મનથી પણ નાનાએ આચરણ તો ન કરવું પણ મનમાં પણ તે ન લાવવું. જો મૂર્ખતાથી તે ઐશ્વર્યસહભાવ કર્મ કરવા જાય તો તે નાનાનો નાશ થાય. એકજ કર્મ નાનાને મારે ઐશ્વર્યવાળાને ન મારે તેનું કારણ શું? ત્યાં દૃષ્ટાન્ત કહે છે કે રુદ્ર સમુદ્રમાંથી નીકળેલ ઝેર પાન કરે પણ અરુદ્ર કરે તો તેનો નાશ થાય. તેમ નિંદિત કર્મ મોટાઓને નુકશાન ન કરે નાનાઓનો તો નાશ કરે. તેવું કર્મ ઇશ્વરને તો શોભા આપનાર થાય જેમ ઝેર કંઠમાં રાખ્યું તેથી શિવજી નીલકંઠ કહેવાયા. તેમ ભગવાન્ પરસ્ત્રીઓ સાથે રમ્યા તો પણ તે ગોપીજનવલ્લભ કહેવાયા. મોટા કરે તે છોટાએ ન કરવું. ૩૧

ત્યાં શંકા કરે છે કે મોટાનું ચરિત્ર તો એવું જોઇએ કે જેનું અનુકરણ કરનાર પણ સુખી થાય. આ તો ચરિત્ર ઠીક નહિં ત્યાં કહે છે.

**ईश्वराणां वचः सत्यं तथैवाचरितं क्वचित् ।**
**तेषां यत्स्ववचो युक्तं बुद्धिमांस्तत्समाचरेत् ॥ ३२ ॥**

મોટાઓનાં વચન સત્ય હોય છે—આચરણ તો ક્વચિત્ સત્ય હોય. બુદ્ધિમાન્ પુરુષ તેમના વચનમાં જે પોતાને યોગ્ય હોય તેનું આચરણ કરે.

**सुबोधिनी**—ઇશ્વરનું તો વચન સત્ય હોય છે—આચરણ તો ક્વચિત્ અસત્ય પણ હોય. ક્વચિત્ આચરણ પણ વચન પ્રમાણે હોય છે એમ મોટાઓના બહુ ધર્મો છે. જેવું ઐશ્વર્ય તેવું ધર્માત્મપણું, તેવી દયા. તેમાં ભગવાન્ ઐશ્વર્ય જ્ઞાન અને વૈરાગ્યથી જે કરે છે તે તેનું સ્વચ્છંદચરિત કહેવાય. બુદ્ધિવાળો માણસ તેના સ્વચ્છંદ ચરિતનું આચરણ ન કરે. તે ખોટું બોલતા નથી. બીજાને માટે કહે છે તે બીજાનો અધિકાર જોઇને કહે છે. તેથી તે વિરુદ્ધ કહેતા નથી. ૩૨

જેમ બીજાને બીજું કહેતા નથી તેમ પોતે કેમ કરતા નથી? ત્યાં કહે છે.

**कुशलाचरितेनैषामिह स्वार्थो न विद्यते ।**
**विपर्ययेण वाऽनर्थो निरहंकारिणां प्रभो ॥ ३३ ॥**

હે પ્રભો ! ઈશ્વરને સારાં કામો કરવાથી કાંઈ લાભ નથી ઉઠાવવો. અકુશલ કર્મ કરે તો તેનાથી તેને કાંઈ અનર્થ થવાનો નથી. કેમકે જે તે કરે છે તેનું તેને અભિમાન નથી હોતું એટલે તેના ફલનો ભોગ તો તેને નથી હોતો તેથી તે તેના ફલથી અલિપ્ત રહે છે.

**सुबोधिनी—**ઈશ્વરને સારાં કામ કરીને કાંઈ લેવાનું નથી. કેમકે કુશલનું જે ફલ શાસ્ત્ર કહે છે તેનાથી અનંત ફલ તો ઈશ્વર પામીને જ બેઠા છે. જો તે વિપર્યય કરે એટલે ખરાબ કામ કરે તો તેનાથી તેને અનર્થ થવાનો નથી. ઈશ્વરને અનિષ્ટ નથી થતું એટલું જ નહિ પણ જ્ઞાનીનું પણ અનિષ્ટ થતું નથી. જ્ઞાન અને વૈરાગ્યનું સ્વરૂપ તુલ્ય છે કેમકે તે બન્નેને મેં કર્યું એવો અહંકાર હોતો નથી. તમે પ્રભુ છો એમ સંબોધન આપી જેમ તમારો ને લોકનો હિસાબ જૂદો છે તેમ ઈશ્વરનો અને ગરીબનો પણ ધર્મ જૂદો છે તેથી ગરીબે ઈશ્વર કરે તેમ ન કરવું પણ કહે તેમ કરવું. ૩૩

જ્ઞાન સાથે તે કર્મ કરે તો અનિષ્ટ ફલ થતું નથી તો ઐશ્વર્ય સાથે કર્મ થાય તો તો અનિષ્ટકારક તે નજ થઈ શકે તે હવે કહે છે.

**किमुताखिलसत्त्वानां तिर्यङ्मर्त्यदिवौकसाम् ।**
**ईशितुश्चेशितव्यानां कुशलाकुशलान्वयः ॥ ३४ ॥**

સમગ્ર પ્રાણિના એટલે પશુ, મનુષ્ય અને દેવોના પણ જે ઈશ્વર છે તે પોતાના તાબાના માણસથી કાંઈ કરે તો તેમાં તેના ઇષ્ટાનિષ્ટની વાત જ ક્યાં રહી.

**सुबोधिनी—**ઈશ્વર સેવકને મારે કે તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકે તેમાં તેને કાંઈ શંકા નથી. જેમ આ લોકમાં છે તેમ પરલોકમાં પણ સમજવું. જો કોઈ આપણને પૂછનાર હોય તો તે પૂછશે એમ શંકા રહે. ભગવાનનો કોઈ નિયામક નથી. બધા જીવો પશુ, મનુષ્ય અને દેવો ત્રણ ગુણના કાર્યરૂપ છે. અથવા જીવ અને જડ અપ્રાકૃત અને પ્રાકૃત તે સર્વની ઉપર હુકમ કરનાર ભગવાન્ છે. ચકાર છે તેથી દેહના તથા આત્માના તે નિયામક છે તે બધાના સંબંધી છે. તે સારૂં કરે કે બુરૂં કરે તેથી ઈશ્વર ઉપર કાંઈ અસર થતી નથી. દાસીઓ પોતાના આત્મારૂપ હોય તેની સાથેના સંબંધમાં આવતાં આ લોક પરલોકમાં તેનો કોઈ અપકાર કરી શકતું નથી કેમકે તે કોઈના નિયમ્ય નથી. અંદરના હોય તે જાણે છે કે દાસીનો સંબંધ માલિકને યોગ્ય નહિં પણ તેથી માલિકની કીર્તિ મલિન થતી નથી. તેમ કર્મમાર્ગના વિચારથી પણ કર્મને પ્રધાન માનો તે પક્ષમાં પણ ઈશ્વરને કાંઈ દોષ નથી. ૩૪

'પરમેષ્ઠીનો આ યજ્ઞ આગળ હતો આ બધું આગળ બ્રહ્મમાત્ર હતું ઇત્યાદિ શ્રુતિમાં જ્ઞાનકર્મનો ઉત્કર્ષ કહ્યો છે તેમ ખોટા જ્ઞાનકર્મથી ઈશ્વરનો અપકર્ષ પણ થાય?' એ શંકાના ઉત્તરમાં હવે કહે છે.

**यत्पादपङ्कजपरागनिषेवतृप्ताः**
**योगप्रभावविधुताखिलकर्मबन्धाः ।**
**स्वैरं चरन्ति मुनयोपि न नह्यमाना-**
**स्तस्येच्छयात्तवपुषः कुत एव बन्धः ॥ ३५ ॥**

જે કૃષ્ણના ચરણકમળના પરાગની સેવાથી તૃપ્ત થએલા, યોગના પ્રભાવથી જેના બધા કર્મના બંધ ટળ્યા છે એવા મુનિઓ ક્યાંય બંધાયાવગર સ્વેચ્છાથી ફર્યા કરે છે તો ઇચ્છાથી શ્રીઅંગને ધારણ કરીને ભૂતળઉપર આવતા ઈશ્વિરને કર્મ બંધનરૂપ કેમ થઈ શકે? ન જ થાય.

**सुबोधिनी**—બધા જીવ સરખું કર્મ કરે તો બધાને સમાન ફલ મળે એવો નિયમ નથી. જો એવો નિયમ હોય તો શાસ્ત્ર ખોટાં ઠરે. ઊંચાં કર્મ કરનારો નીચું કર્મ કરવાથી કોઈવાર નિચો થતો નથી. તેમાં ત્રણમાર્ગમાં ચાલનારો હલકો પડતો નથી. પ્રથમ ભક્તિમાર્ગમાં ચાલનાર પણ જો ભગવાનની કૃપાવાળો હોય તો તેનું કાંઈ ખોટું થતું નથી. જે ભગવાનના ચરણકમળની રજરૂપ સેવકોની સેવા કરવાથી તૃપ્ત થયેલા, તે ભગવદ્ભક્તની સાથે ભગવદ્ગુણ ગાય છે તેથી આ લોકના સુખલેશાભાસને ભૂલીને મોજમાં ફરે છે. આ કર્મ આપણું ભલું કરે આ કર્મથી આપણું બુરૂં થાય એવી તેની બુદ્ધિ હોતી નથી. તેવું કર્મમાર્ગમાં પણ છે તે કહે છે. યોગ મોટો ધર્મ છે. 'આ પરમધર્મ છે જ્યાં યોગથી આત્માનું દર્શન થાય છે' એ યોગના પ્રભાવ અણિમાદિ ઐશ્વર્યસંપત્તિ અને જ્ઞાનાદિસંપત્તિ તે બન્નેવડે જેણે પાપોને ધોઈ નાખ્યાં છે એટલે પૂર્વે કર્મ કરીને બંધ થયેલા તે બંધોને તોડી નાખ્યા છે તેવા કર્મિઓ સ્વૈરવિહાર કરે છે. જ્ઞાનિઓ પણ તેમ કરે છે તે મુનિઓ ક્યાંય બંધાતા નથી. णह् ધાતુ બંધનવાચક છે. જ્યાં ભગવાનને પહોચવાના ત્રણ માર્ગમાં ચાલતા માણસો બંધાતા નથી ત્યાં સાક્ષાત્ ભગવાનને બંધનની શંકાજ કેમ કરાય? ભગવાન્ ઇચ્છાથી શરીર ધારણ કરે છે જેમ રાસ વખતે ગોપીઓને ભોગવવા તેટલાં પોતાનાં સ્વરૂપો કર્યાં તેને બંધન ન સંભવે. જે ભગવાન્ ભોગ કરવા સહસ્રરૂપ ધારણ કરે ભોગ કરીને એક રૂપે રહે તેને કયા કર્મથી બંધન થાય? કર્મ તો નિયત હોય. તે જો જૂદા જૂદા જીવો હોય તો તેનાં કર્મો તેને ચોંટે તે કર્મ તેને બંધન કરે, અહિં તો ભગવાન્ આકાશવદ્વ્યાપક છે ઘડી ઘડીમાં અનેક રૂપથી અનેક કર્મ કરે છે. તેમાં ભેદ પણ છે છતાં તે એકજ છે એમ દેશ ભેદથી પણ સર્વતઃપાણિપાદ હોય તે ભગવાનનો તેટલા દેશમાં પ્રાદુર્ભાવ થયો તે ઇચ્છાથી થાય છે. અથવા સ્વામિનીના વપુષો તેની ઇચ્છાથી પ્રકટ થાય છે માટે સર્વ રીતે પ્રમાણ અને પ્રમેયના વિચારથી પણ ભગવાનને બંધ સંભવતો નથી. ૩૫

ત્યાં હવે કહે છે કે તે ગમે તેમ કહો પણ અહિં લોકમર્યાદા તો તુટી પડી તેથી ગીતામાં કહ્યા પ્રમાણે મોટા કરે તેનું નાના અનુકરણ કરે એ ન્યાયથી શબ્દબળના વિચારથી એ કર્મ બંધનકર્તા ગણાય ખરૂં? આપે ભક્ત કર્મિ અને જ્ઞાની કહ્યા તે તો લોક છોડીને ફરે તેને વ્યવહારમાં કોઈ ગણે નહિં તેથી તે દૃષ્ટાન્ત વિષમ ગણાય. ત્યાં કહે છે.

**गोपीनां तत्पतीनां च सर्वेषामेव देहिनाम् ।**
**योन्तश्चरति सोध्यक्षः क्रीडनेनेह देहभाक् ॥ ३६ ॥**

ગોપીઓ, ગોપીના પતિઓ તથા સર્વ દેહધારી મનુષ્યોના અન્તઃકરણમાં રહેનાર ઈશ્વર આપણને અહિં પ્રત્યક્ષ દેહવાળા દેખાય છે અને ક્રીડા કરે છે તેને કોઈ રીતે દોષ સંબંધ ન હોય.

**सुबोधिनी**—પતિવ્રતા સ્ત્રીને પણ પોતાનો હાથ પોતાના શરીરને લાગે તો દોષ લાગતો નથી. સ્વનો દોષ નથી, તેમ પર એટલે બીજું તેની સ્ત્રી પરસ્ત્રી, તે સ્વપર ભગવાનને નથી. કેમકે તે તો ગોપીના અન્તરમાં અને તેના પતિના અંતરમાં આત્મારૂપે વિરાજે છે. એ વાત બધા લૌકિકો તેમ માનતા નથી. ત્યાં કહે છે કે જે માનતા નથી તેના અંતરમાં પણ તે જ કૃષ્ણ છે. તે આસન્ય અથવા જીવરૂપે અંદર રહે છે. બધા વાદીઓના સંગ્રહમાટે સામાન્ય વચન કહ્યું છે કે જે ભગવાન્ સર્વના હૃદયમાં રહે છે તે અહિં પ્રત્યક્ષ ક્રીડા કરવામાટે બહાર દેહને બતાવે છે. ખરી રીતે તો આ પુરુષ નથી તેમ સ્ત્રી પણ નથી. **न स्त्री न षण्ढो न पुमान्** એમ શ્રુતિ કહે છે. તેથી કોઈ પણ વિચારથી કૃષ્ણને દોષ લાગે નહિં. ૩૬

ત્યારે આ લીલા કરવામાં તેનો અભિપ્રાય શું હોઈ શકે? ત્યાં કહે છે.

**अनुग्रहाय भक्तानां मानुषं देहमास्थितः ।**
**भजते तादृशीः क्रीडाः याः श्रुत्वा तत्परो भवेत् ॥ ३७ ॥**

ભક્તઉપર અનુગ્રહ કરવામાટે ભગવાન્ મનુષ્ય દેહ ધારણ કરે છે અને તે એવી લીલા કરે છે કે જે લીલાને સાંભળતાં માણસ ભગવત્પરાયણ થઈ જાય.

**सुबोधिनी**—ભક્તની ઉપર અનુગ્રહ કરવામાટે ભક્તના જેવું રૂપ ધારણ કરે છે વિજાતીયરૂપમાં ભક્તને વિશ્વાસ ન આવે માટે તેના જેવું રૂપ ધરે છે. મનુષ્ય ઉપર અનુગ્રહ કરવામાટે મનુષ્યનો દેહ ભગવાને ધર્યો છે એમ જાણવું. એમ ગોપીઓ ઉપર અનુગ્રહ કરવામાટે પોતાનો આનંદ ગોકુલવાસિઓને આપવા માટે એવી ક્રીડા શ્રીકૃષ્ણ કરે છે. જીવના તે તે ધર્મરૂપે પોતે પ્રવેશ ન કરે ત્યાંસુધી જીવના દોષો ન જાય તેથી ભગવાન્ તેમ કરે છે. અથવા ભક્તોને મનુષ્યદેહમાં આસ્થા હોવાથી માનુષદેહ ધરે છે. તેમાં પણ ભગવાન્ પૂર્ણકામ છે. સ્વાત્માનંદ નિષિદ્ધ પ્રકારે આપતા નથી. જીવની જેમ ઇન્દ્રિયદ્વારા સુખ આપતા નથી. સર્વ આપવાને સમર્થ છે. તેથી આ અદેયદાનરૂપ લીલા નિરોધપૂર્વક જે સાંભળશે તે ભગવત્પરાયણ થશે. એવું ભગવાને તે લીલામાં આચરણ કર્યું છે કે સાંભલે તે ભગવત્પર થાય. ૩૭

તો પણ લોકવ્યવહારમાં સ્ત્રીઓ પરાધીન હોય છે તેથી તેના પતિઓ રજા ન આપે ત્યાં સુધી તે સ્ત્રીઓ ભગવાન્ પાસે ન જઈ શકે. છતાં ગુપ્તરીતે જાય એ વાત તેના પતિઓ જાણે કે મારી સ્ત્રી કૃષ્ણ પાસે ગઈ હતી તો તે દિલગીર થાય. એટલે ભગવાનની નિંદા પણ કરે એમ કરાવવામાં શું લાભ ? એ શંકાનો ઉત્તર નીચેના શ્લોકથી આપે છે.

**नासूयन् खलु कृष्णाय मोहितास्तस्य मायया ।**
**मन्यमानाः स्वपार्श्वस्थान् स्वान् स्वान् दारान् व्रजौकसः ॥३८॥**

ભગવાનની માયામાં તે ગોપીઓના પતિઓ મોહી પડ્યા તેથી તેમણે ભગવાનની ઈર્ષ્યા ન કરી પણ પોતાની સ્ત્રીઓ પોતાની પાસે રહેલી છે એમ બધા વ્રજવાસિઓએ ખાત્રી કરી લીધી એટલે તેમને કોઈનો દોષ ન આવ્યો.

सुबोधिनी—તેણે ભગવાનની અસૂયા ન કરી. પહેલાં સ્ત્રીઓ ભગવાનની પાસે ચાલી ત્યારે એમ લાગ્યું કે આ કૃષ્ણ પાસે જાય તે ઠીક નહિં, પણ પછી તેને ભગવાનની માયાએ મોહ કરાવ્યો ત્યારે તેમણે ભગવાનની અસૂયા ન કરી. આગળ ઉપર પોતાના પડખામાં પોતાની સ્ત્રીઓને જોઈ. કેમકે તે તો જંગલમાં રહેનાર છે. તેને પૂર્વાપરનું અનુસંધાન નથી, તેનું કારણ તે સર્વથા અંગીકૃત જીવો છે. એ ભગવાનમાં દોષ લગાડે જ નહિં. આ આખા વ્રજમાં પ્રસિદ્ધ વાત છે એમ કહેવામાટે खलु અવ્યય કહ્યો છે. ભગવાનની પાસે રહેતાં છતાં તેને મોહ થયો તેનું કારણ બતાવે છે કે તે ભગવાનની માયા છે તેથી મૂળમાં तस्य શબ્દ કહ્યો છે; તેની બુદ્ધિમાં ભ્રમ છે; કૃતિ ભગવાનની છે. મનનમાત્રથી સર્વ દોષનો પરિહાર કરે છે. તેથી ગોપીઓમાં પણ દોષ નથી એમ કહ્યું. ૩૮

એ પ્રાસંગિક કહીને હવે આ લીલાનો ઉપસંહાર કરે છે.

**ब्रह्मरात्र उपावृत्ते वासुदेवानुमोदिताः ।**
**अनिच्छन्त्यो ययुर्गोप्यः स्वगृहान् भगवत्प्रियाः ॥ ३९ ॥**

જ્યારે અરૂણોદય થયો ત્યારે વાસુદેવની રજા મેળવીને ભગવત્પ્રિય તે ગોપીઓ પોતાની ઈચ્છા ન્હોતી છતાં પોતાને ઘેર ગયાં.

सुबोधिनी—અરુણનો ઉદય થાય એ સમય ब्रह्मरात्र કહેવાય. અજવાળું જણાયું ત્યારે ભગવાને અન્તર્યામિરૂપેં તેના હૃદયમાં પ્રેરણા કરી કે 'ઘર જવું જોઇએ.' એટલે ભક્તોની તેવી ઇચ્છા થઈ. ત્યારે તેણે ઇચ્છા ભગવાનસુધી પહોંચાડી ભગવાને તેને અનુમોદન આપ્યું. તે ભગવાન્ મોક્ષ આપનાર છે તેણે વિચાર કર્યો કે ભક્તો ઘર જશે તો સવારથી સાંઝસુધી મારૂં સ્મરણ કરશે તો તેનો મોક્ષ થશે એ સૂચવવા મૂળમાં वासुदेव શબ્દ વાપર્યો છે. જો કે ઘરમાં જવાની તેની ઇચ્છા ન્હોતી કેમકે સર્વત્યાગ કરીને ભગવાન્ પાસે આવ્યાં છે. તેને ઘરની કાંઈ દરકાર નથી છતાં ગોપીઓ છે તેથી તેની વિપરીત બુદ્ધિ કે હઠબુદ્ધિ થઈ નહિં, તે પોતાને ઘેર ગઈ તો પણ ઘર તેને પ્રિય ન લાગ્યાં પણ ભગવાન્ પ્રિય લાગ્યા. તેને લોકનું ભય ન થયું પણ તે ભગવાનનાં વધારે પ્રિય બન્યાં. ૩૯

આ ચરિત્ર મોક્ષને માટે છે એમ બતાવવામાટે આ ઉપાખ્યાન સાંભળવાનું ફલ હવે કહે છે.

**विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः**
**श्रद्धान्वितोनुशृणुयादथ वर्णयेद्यः ।**
**भक्तिं परां भगवति प्रतिलभ्य कामं**
**हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥ ४० ॥**

इति श्रीभागवते महापुराणे दशमस्कन्धे पूर्वार्धे रासक्रीडावर्णनं नाम त्रिंशोऽध्यायः संपूर्ण ॥

વ્રજવધૂઓની સાથે આ વિષ્ણુની વિશેષ ક્રીડા જે કોઈ સાંભળે અથવા તેનું વર્ણન કરે એટલે સંભળાવે તે બન્ને ભગવાનમાં પરમભક્તિને પામીને હૃદયના રોગરૂપ કામને જલદીથી દૂર કરી પોતે ધીર બને.

**સુબોધિની**—વ્રજવધૂઓની સાથેનું આ વિષ્ણુનું વિશેષ ક્રીડન શ્રદ્ધાળુ થઇને જે સાંભળે અથવા સારી રીતે કહેતો હોય તેને આદરપૂર્વક સાંભળે અથવા વર્ણન કરે એટલે સાંભળ્યા પછી કોઈની પાસે કીર્તન કરે. યઃ કહ્યો તેથી અહિં વર્ણાદિ નિયમ નથી. પણ ભગવદ્ગુણ ગાન કરે તેની પાસેથી સાંભળતાં પણ ભગવાન્ મુક્ત કરે. ભક્તની સર્વથા પ્રતિપત્તિનું આ લીલામાં શ્રવણ છે. તેને સાંભલનાર ભગવાનમાં પરમભક્તિને પ્રાપ્ત થાય છે. અન્તઃકરણમાં ભક્તિ સ્થિર થાય ત્યારે અન્તઃકરણના રોગરૂપ કામ હૃદયમાંથી ચાલ્યો જાય. જે પહેલાં હૃદયને બાધકરૂપે રહ્યો હતો જલદી બાધક હોય તે જલદી ચાલ્યો જાય. પછી પૂર્વવાસનાથી પાછો ઉત્પન્ન થાય તો પણ શ્રવણ કરનાર પુરુષના હૃદયમાં ધીરજ આવે છે તેથી તેને તે બાધક થતો નથી. માટે આ કથાનો પ્રકાર અભિપ્રાય સાથે સાંભળવો, આ ફલપ્રકરણ છે. તેમાં પુષ્ટિનું ફલ કહ્યું છે. ૪૦

ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધનો (ચતુર્થ તામસ ફલપ્રકરણની શ્રીવલ્લભાચાર્યકૃત સુબોધિનીટીકાના ગુર્જરઅનુવાદનો રાસપંચાધ્યાયીનો પાંચમો અને ક્ષેપક ૩. ન ગણતાં) ત્રીશમો અધ્યાય સમાપ્ત થયો. ૩૦

श्रीकृष्णार्पणमस्तु.

---

## અધ્યાય ૩૧ મો

[1] 'એમ રૂપપ્રપંચવડે પાંચ પ્રકારે રસવર્ણન કર્યું તેનું નિરૂપણ પૂરું થયું હવે નામપ્રપંચથી વર્ણન રસને માટે કરે છે.[1] એમ ભગવાને ઇન્દ્રના ભજનથી ઉદ્ધાર કરી સ્વાનંદમાં જોડેલા ભક્તો જો બીજાનો આશ્રય કરે તો તે દુઃખી થાય અને તેને હરિ ભગવાન જ બચાવે.[2] આ ૩૧ મા અધ્યાયમાં સર્વભાવથી નિવૃત્ત થએલ ભક્તો સાથે ભગવાને પ્રમાણનો આનંદ સિદ્ધ કરવા માટે ગાયનપૂર્વક રમણ કર્યું.[3] બલદેવજી વેદરૂપ છે પ્રમાણરૂપ છે તેને સાથે લીધા. એ આનંદ પ્રમાણરૂપ છે પરંતુ તેમાં દોષ હતો તે પણ હરિ ભગવાને દૂર કર્યો એ અહિં સ્ફુટરીતે કહેવામાં આવે છે.' ૪

રૂપથી આનંદ થાય છે તેમ શબ્દથી પણ આનંદ થાય છે તે વાતને બતાવતા ગોકુલવાસિઓની અન્યાસક્તિને ભગવાન્ નિવૃત્ત કરે છે.

**श्रीशुक उवाच—**

**एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः ।**
**अनोभिरनडुद्युक्तैः प्रययुस्तेम्बिकावनम् ॥ १ ॥**

---

१. एवं रूपप्रपञ्चस्य पञ्चधा रसवर्णनम् । निरूप्य नाम लीलातो रसार्थमिदमुच्यते ॥ १ ॥
एवमुद्धृतभक्तास्तु यद्यन्यं समुपासते । दुःखभाजो भवन्त्येव मुच्यन्ते हरिणैव तु ॥ २ ॥
एकत्रिंशे सर्वभावान्निवृत्तानां तु पूर्ववत् । गानेन रमणं चक्रे प्रमाणानन्दसिद्धये ॥ ३ ॥
बलभद्रेण सहितो वेदरूपेण सर्वथा । तद्दोषं नाशयामास हरिरित्युच्यते स्फुटम् ॥ ४ ॥

શુકદેવે કહ્યું એક દિવસ ગોપાળોને દેવયાત્રા કરવાનું કૌતુક થયું તેથી તેઓ પોતાનાં ગાડાં તૈયાર કરી તેમાં બળદોને જોડીને ચાલ્યા તે જ્યાં અંબિકાનું વન આબુ-પર્વતમાં છે ત્યાં આવી પહોચ્યા.

**सुबोधिनी**—શુકદેવજી બોલ્યા—ભગવાન્ સર્વના રક્ષક તે કૃપા કરી વ્રજમાં પધાર્યા ત્યારે વ્રજવાસિઓ બીજા દેવો રક્ષા કરશે એમ ધારી તેને પ્રસન્ન કરવા વ્રજની બહાર જાય તો તેનું અનિષ્ટ જ લોકન્યાયથી થવું જોઇએ તેથી ગોવાળીઓનો યાત્રા પ્રસંગ કહેવામાં આવે છે. એકદા એટલે શિવરાત્રિનો સમય હતો ત્યારે, પ્રતિવર્ષ નથી જતા તેથી એકદા કહ્યું છે. દેવયાત્રા તો નિત્ય છે ગોવાળીઆ સાધારણ ધર્મ જાણનારા છે તેને તેમાં ધર્મબુદ્ધિ પણ પ્રાસંગિકી છે. ખરૂં તો બહાર જઈ નવું જોવાનું મનમાં કૌતુક થયું તે મુખ્ય છે. તેથી પગે ચાલીને ન ગયા પણ ઘરનાં વાહન ગાડાં તેમાં બેસીને ગયા. તેમાં પણ ઘોડા નહિં પણ બળદ જોડીને ચાલ્યા. મોટા ઠાઠથી યાત્રામાં ગયા. ઘર સંભાળવામાટે પુરૂષોનો બંદોબસ્ત કરીને તે બધા ચાલ્યા. અંબાજી મથુરાની પશ્ચિમે આબુપર્વતની પાસે આવેલું તીર્થ છે. ત્યાં ગાડામાં બેસીને ગયા.

ત્યાં જઇને તેણે પૂજા વગેરે કરી તેના પ્રકારને કહે છે.

**तत्र स्नात्वा सरस्वत्यां देवं पशुपतिं प्रभुम् ।**
**आनर्चुरर्हणैर्भक्त्या देवीं च नृपतेऽम्बिकाम् ॥ २ ॥**

હે રાજન્ ત્યાં જઈ સરસ્વતીનદીમાં સ્નાન કરી પશુના પતિ દેવરૂપ શિવજી અને તેનાં પત્ની દેવી અંબિકાની ભક્તિવડે પૂજાના દ્રવ્યવડે પૂજા કરી.

**सुबोधिनी**—સરસ્વતી ત્યાં પ્રકટી છે તેથી તેમાં પ્રથમ તો સ્નાન કર્યાં, પશુપાશ મુકાવવાને માટે પોતે પશુના પાલક છે તેથી પશુના અધિપતિ પશુપાલકને પશુપાલ-નનું ફલ આપનાર શિવજીની પૂજાના પદાર્થોથી પૂજા કરી. પામરની પેઠે ત્યાં જઇને ચાલ્યા આવે તેવું ન કર્યું. પાર્વતીનું પણ શિવની સાથે પૂજન કર્યું તેના આવરણ દેવોની પણ પૂજા કરી એ ચકાર કહ્યો છે તેથી પ્રતીત થાય છે. નૃપતે એવું સંબોધન શુકે પરીક્ષિતને આપ્યું છે. યાત્રામાં રાજા જાય તો એમ કરે તે તમે જાણો છો એની યાદ આપવા માટે છે. ૨

પૂજા કહી અને હવે ગોપોએ ત્યાં દાન કર્યાં તે કહે છે.

**गावो हिरण्यं वासांसि मधु मध्वन्नमादृताः ।**
**ब्राह्मणेभ्यो ददुः सर्वे देवो नः प्रीयतामिति ॥ ३ ॥**

દેવ અમારી ઉપર પ્રસન્ન થાઓ એવી બુદ્ધિથી ગાયો, સોનું, વસ્ત્રો, મધ અને મિષ્ટાન્ન બધાએ બ્રાહ્મણોને સત્કાર કરીને આપ્યાં.

**सुबोधिनी**—સર્વ કામનાને પૂર્ણ કરનારાં આ દાનો છે. સોનું, અને વસ્ત્રો તેના અનેક ભેદો છે. મધ અને મિષ્ટાન્ન એ બે તો એટલા માટે કહ્યાં કે ગામમાં બનતી ચીજ આપવી તેમ જંગલમાં બનતી ચીજ પણ બ્રાહ્મણને દેવી એવા હેતુથી મધ અને મધ્વન્ન કહ્યાં. ગાય આપવાથી રુદ્ર પ્રસન્ન થાય જ્યારે સોનું દેવાથી અગ્નિ પ્રસન્ન થાય છે. અગ્નિ પણ રુદ્ર છે. વસ્ત્ર સર્વ દેવને પ્રિય છે. અથવા તેના દેવ ચંદ્ર છે. તેનાથી

ઉમા સાથે શિવ પ્રસન્ન થાય છે. એમ પાંચ દાન આદરપૂર્વક આપ્યાં. બ્રાહ્મણોમાં પણ પાત્રરૂપ બ્રાહ્મણો મલ્યા. બધાએ દાન કર્યાં એટલે બધા નિષ્પાપ થયા તે સર્વ સાથે રહે તો પણ કોઈમાં પાપ રહ્યું નથી. કે સંગ દોષ થાય. તેમાં સકામતા નથી પણ 'દેવો અમને પ્રસન્ન થાઓ' એ બુદ્ધિ રાખીને જ દાન કર્યાં છે. બીજી કોઈ જાતની કામના મનમાં રાખી નથી. ૩

એમ યાત્રામાં જે કરવું જોઇએ તે કર્યું હવે તીર્થમાં નિયમથી રહેવું જોઇએ તે પણ આ ગોપાલોએ કર્યું તે કહે છે.

**ऊषुः सरस्वतीतीरे जलं प्राश्य धृतव्रताः ।**
**रजनीं तां महाभागा नन्दसुनन्दकादयः ॥ ४ ॥**

તે મોટા ભાગ્યવાલા નંદરાય સુનંદક વગેરે ગોપો વ્રત લઇને જળપાનમાત્ર કરીને તે રાત બધાએ ત્યાંજ નિર્ગમન કરી.

**सुबोधिनी**—સરસ્વતીના તીર ઉપર જ અન્તઃકરણની શુદ્ધિમાટે તીર્થોદકપાન કરીને તે રાત ત્યાં નિર્ગમન કરી. રાતમાં બીજું કાંઈ તેણે કાર્ય કર્યું નહિં એટલો તેનો ધર્મ સિદ્ધ થયો. આગળ તેનું અનિષ્ટ તો થશે પણ ભગવાન તેમાંથી તેને બચાવશે તેથી કહે છે કે તે મોટા ભાગ્યવાલા છે. શ્રોતા પરીક્ષિતને સંદેહ ન થવા માટે પણ તેમને મોટા ભાગ્યાવાળા કહ્યા છે. બધા ગોપોમાં નંદ અને સુનંદક એ મુખીયા છે તેનાં નામ લીધાં છે અથવા નંદરાય સાથે આવ્યા તે નંદના નામથી જ ઓળખાય છે. સુનંદક આદિ છે એવા બીજા પણ નંદરાયજીના બરોબરીયા છે. ભગવાનના સંબંધથી જેને અતિ આનંદ થાય તે सुनन्दक કહેવાય. ઉપનંદ બીજો છે અથવા ધર્મપ્રાધાન્યથી નંદનેજ અહિ લેવા જોઇએ. ૪

એમ સર્વત્ર ધર્મસંપત્તિવાળા ગોપાલોનો ભગવાનમાંથી ભાવ લુપ્ત થયો. પરંતુ ભગવાનના સ્વરૂપમાં આસક્તિવાળા તો તેને કરવા છે તેથી જેમ ભગવાને શકટ ભંજન લીલા કરી ભક્તોને સ્વાસક્તિ કરાવી હતી તેમ અહિં એક અજગર પાસે ભગવાને નંદને ગળાવી દીધા તે કહે છે.

**कश्चिन्महानहिस्तस्मिन् विपिनेऽतिबुभुक्षितः ।**
**यदृच्छयागतो नन्दं शयानमुरगोग्रसीत् ॥ ५ ॥**

તે અંબિકાવનમાં મોટો અજગર ઘણા દિવસનો ભૂખ્યો ફરતો હતો તે પેટે ચાલીને ભગવદિચ્છાથી જ્યાં નંદરાય સુતા હતા ત્યાં આવીને તેને ગળવા લાગ્યો.

**सुबोधिनी**—મોટો સર્પ એટલે અજગર તે ભૂખ્યોજ હોય છે. ક્યારેક તેને ખાવાનું મળે છે. દૈવગતિથી આ વનમાં આહાર ન મળવાથી બહુ ભૂખ્યો થયો. અકસ્માત્ તેને નંદરાય મલી ગયા. તે ત્યાં જ આવી પહોંચ્યો જ્યાં નંદરાય સુતા હતા. નંદને પણ દૈવગતિથી એ વખતે ઉંઘ આવી ગઈ. ખરીરીતે તો જંગલમાં જાગવું જોઇએ. પેટે ચાલે તેથી ખખડાટ તો ન થયો. ગોપોમાં મુખ્ય નંદરાયજીને તેણે પોતાના મુખમાં ગળવા માટે લીધા. ૫

પછી જે થયું તે હવે કહે છે.

**स चुक्रोशाहिना ग्रस्तः कृष्ण कृष्ण महानयम् ।**
**सर्पो मां ग्रसते तात प्रपन्नं परिमोचय ॥ ६ ॥**

હે કૃષ્ણ કૃષ્ણ આ મોટો સર્પ મને ગળે છે હે તાત હું આપને શરણે આવ્યો છું તો આપ મને આ સર્પગ્રાસથી મુક્ત કરો. એમ નંદરાયજી તો રાડો પાડવા લાગ્યા.

**सुबोधिनी**—કણ્ઠની નીચેના ભાગ સુધી નંદરાયને સર્પે લઈ લીધા. નંદરાયજી પહેલાં તો રાડો પાડવા લાગ્યા. પછી ભગવાનનું માહાત્મ્ય સંભારીને કૃષ્ણ કૃષ્ણ એમ આદરથી અથવા ભયથી સંબોધિને પોતાનું અનિષ્ટ ભગવાનને નિવેદન કરે છે. આ અજગર મને ગળવા માંડ્યો છે. હે તાત એમ વિકલવતામાં બોલાયું છે. મુકાવવામાં કારણ બતાવતા બોલે છે કે હું આપને શરણે આવ્યો છું. શરણાગતની રક્ષા મોટાએ કરવીજ જોઇએ, એટલે આપ મારી રક્ષા કરો. સર્પથી મને બચાવી લ્યો, એમ પરિમોચયનો અર્થ છે. ૬

ભગવાન્ છોડાવશે તે પહેલાં બીજા ગોપાળો જાગ્યા તેણે છોડાવવાની કોશીશ કરી.

**तस्य चाक्रन्दितं श्रुत्वा गोपालाः सहसोत्थिताः ।**
**ग्रस्तं च दृष्ट्वा विभ्रान्ताः सर्पं विव्यधुरुल्मुकैः ॥ ७ ॥**

નંદરાયનો આર્તશબ્દ સાંભળતાં ગોપાળો તુરત ઉભા થઈ ગયા. જોયું તો અજગર ગળવા લાગ્યો છે, તેને જોઇને તેનાં મન ભમી ગયાં. બીજું કાંઈ ન જડતાં ધૂણીમાંથી સળગતાં લાકડાં ઉઠાવી તે સર્પને મારવા લાગ્યા.

**सुबोधिनी**—અહિં નંદરાયની પ્રાર્થના કહી છે તે નંદરાયજી ભગવાનનું સ્વરૂપ જાણે છે, તે બતાવવા માટે છે. ગોપાલો ઉઠી પોતે ઉંબાડીયાં મારવા લાગ્યા પણ કોઇએ ભગવાનને ન જગાડ્યા તેથી તે ભગવાનને જાણતા નથી એ વાત સિદ્ધ થાય છે. તે નંદરાયજીનો આક્રન્દ સાંભળીને વિચાર કર્યા વિના જાગી ગયા. ભગવાનને પૂછ્યા વિના પોતાને સૂઝ્યું તેમ તે નંદને ગળનાર સર્પને મારવા લાગ્યા. ઠંડીથી બચવામાટે જંગલમાં ધૂણી સળગાવે છે. તેમાં સળગેલાં લાકડાં હોય તેનાથી સર્પને ડામ દેવા લાગ્યા. આ ઉપાય વડે તો નંદ પણ મરી જાય તો પણ ભગવાન્ પાસે છે છતાં જેમ અજ્ઞાનથી યાત્રામાં તેને પૂછ્યા વિના નીકલ્યા તેમ ભગવાનને રક્ષાનું ન કહેતાં અજ્ઞાનથી નંદરાયને બચાવવાનો પોતે પ્રયત્ન કરવા લાગ્યા. ૭

ગોવાલીઆએ ઉંબાડીયાં અજગરને માર્યાં તે મુખ્ય ઉપાય ન હતો પણ ભગવાનને ચેતાવવા એ મુખ્ય ઉપાય હતો તે ન કરતાં પોતે પ્રયત્ન કર્યો તે અનુપાયરૂપ હોવાથી ફલિત ન થયો તે વાત કહે છે.

**अलातैर्दह्यमानोपि नामुञ्चत्तमुरङ्गमः ।**
**तमस्पृशत्पदाभ्येत्य भगवान् सात्वतां पतिः ॥ ८ ॥**

પેટે ચાલનાર અજગર ઉંબાડીયાં મારવાથી પોતે દાઝયો છતાં નંદરાયજીને તેણે છોડ્યા નહિં ત્યારે ભક્તોના સ્વામી-ભગવાન્ ત્યાં પધાર્યા અને તેને પોતાના ચરણનો સ્પર્શ કરાવ્યો.

**सुबोधिनी**—તે અજગર મોઢામાં ચડાવવાનું કામ જાણે છે. છોડી દેવાનું તે જાણતો નથી. ત્યારે તેને લાયકનો ઉપાય ભગવાને કરી બતાવ્યો. ભગવાન્ પોતે જ્યાં અજગર હતો ત્યાં આવ્યા અને પોતાનો ચરણ તેને લગાડ્યો. તેના કર્મનો ક્ષય કરવાનો હતો તે જ્ઞાનથી થાય અથવા ભક્તિથી થાય. જ્ઞાનમાં તો શરીર અધિકારવાળું હોય તો તેમાંજ જ્ઞાન થાય. ત્યારે અજગરને ભક્તિ પણ ક્યાંથી થાય? છતાં ભગવાનનું સ્વરૂપ પ્રત્યક્ષ થતાં ભગવાનેજ કૃપા કરી તેને ચરણ લગાડ્યો એ ભક્તિને લાયક ભગવદીયશરીર ઉત્પન્નકરનાર રજવાળો ચરણ લગાડ્યો. તેમાં પણ ભગવાનને પ્રત્યક્ષ કરવામાં તેણે સાધન કર્યું નથી પણ ભગવાન્ સ્વયં ત્યાં પધાર્યા છે. તેથી તેમણે ચરણ લગાડતાં તેને ભક્તદેહની યોગ્યતા થતાં સર્પનો દેહ ગયો એમ આગળ કહેશે. કેમકે ભગવાને, ભક્તોના પતિ હોવાથી વૈષ્ણવનું હિત કરવા તેમ કર્યું. ૮

તેથી જે થયું તે વાત હવે પછીના શ્લોકથી શુકદેવજી કહે છે.

**स वै भगवतः श्रीमत्पादस्पर्शहताशुभः ।**
**भेजे सर्पवपुर्हित्वा रूपं विद्याधरार्चितम् ॥ ९ ॥**

તે અજગરને શ્રીકૃષ્ણનો ચરણ લાગતાં જ તેનાં બધાં પાપકર્મો નષ્ટ થયાં ત્યારે પાપકર્મથી થયેલો સર્પનો દેહ પણ નાશ પામ્યો અને વિદ્યાધરો જેને વખાણે એવું તેનું રૂપ થયું.

**सुबोधिनी**—वै એટલે નિશ્ચયથી તેણે સર્પનો દેહ છોડી દીધો. અને તે વિદ્યાધરના રૂપે સામે આવીને ઉભો. પરંતુ પહેલાં વિદ્યાધર હતો તેના કરતાં આ ભગવદીયરૂપ વિશિષ્ટ બન્યું. એટલે વિદ્યાધરોને પણ પૂજવા લાયક તે રૂપ બન્યું. પહેલાં વિદ્યાધર હતો તે વિદ્યાધરનો દેવ બન્યો. સર્વથી હલકી સર્પની યોનિ જ્યારે સર્વથી ઉત્તમ ભગવદીય શરીર ગણાય. એ કેવલ ભગવાનના ચરણના પ્રભાવથી થયું. તે સર્વથી અધમ હતો તેને સર્વોત્તમ બનાવનાર ભગવાન્ પોતે જ સમજવા તે જ કહે છે કે ભગવાને કૃપા કરી તેને ચરણ લગાડ્યો. લોકમાં તે સર્વોત્તમ થયો. જેના સ્પર્શથી સર્પના પાપ નષ્ટ થયાં સર્પશરીર જવામાં તેના પાપ ગયાં તે કારણ છે. અને તેને ગુણરૂપ વિદ્યાધરરૂપ મળ્યું તેમાં ચરણનો સ્પર્શ કારણરૂપ છે યથાયોગ્ય પદાર્થનો અભિનિવેશ કરવો. ચરણરજ પોતે સર્વસામગ્રી સંપાદનકરનાર છે. ૯

કોઈ કહે કે સર્પ તે પણ પોતાના પિતાને ગળી જનાર તેની ઉપર આવો ઉપકાર ન કરવો જોઇએ. એ શંકાના ઉત્તરમાં કહે છે કે ભગવાને તેની ઉપર કૃપા કરી તેને પણ તે જાણે છે. એ વાત કહાવવા ભગવાન્ તેને પૂછે છે.

**तमपृच्छत् हृषीकेशः प्रणतं समुपस्थितम् ।**
**दीप्यमानेन वपुषा पुरुषं हेममालिनम् ॥ १० ॥**

સર્પનો દેહ પડી જતાં દીપ્યમાન શરીરવડે પુરુષરૂપે શોભતો સોનાના આભરણોથી પ્રકાશતો ભગવાનની પાસે આવી પ્રભુને પ્રણમતા તે વિદ્યાધરને ઇન્દ્રિયોના પ્રેરક ભગવાને પૂછ્યું.

**सुबोधिनी**—ભગવાન્ આનું અંતઃકરણ પોતે જાણે છે. કેમકે તે ઇન્દ્રિયોના પ્રેરક ઈશ્વર છે. તેમાં શાસ્ત્રીય સામર્થ્ય સ્થાપન કરવામાટે તેની સાથે ભાષણ કરીને તેના અન્તઃકરણને પ્રબોધ કરે છે કે તે ઇન્દ્રિયોના નિયામક છે. તેવી રીતે કૃપા કરવાનું કારણ કે તેણે આવીને ભગવાનને પ્રણામ કર્યા છે. ત્યારે પ્રથમ તેણે નંદરાયજીને કેમ ગળવાનું સાહસ કર્યું? પહેલાં તેમાં તેવું સામર્થ્ય ન હતું હવે તેમાં એ આવ્યું ત્યારે નમ્રતા બતાવી શક્યો. તેના હૃદયનું રૂપ પણ સારૂં થયું છે. જેમ ભગવદ્ભક્ત તેજસ્વી શરીરવાળો હોય તેમ આનું શરીર પણ તેજસ્વી થયું છે. ઉત્કૃષ્ટ શરીરમાં ભગવદીયમાં પણ ઉત્તમ ભાવ હોય છે. ક્વચિત્ પશુશરીર મળે ક્વચિત્ સ્ત્રીશરીર મળે એવું ન થવા માટે કહે છે કે પુરુષરૂપ તે થયો તેમાં પણ સર્વગુણથી પૂર્ણરૂપ બતાવવા માટે હેમમાલી કહેલ છે. મોટા માણસો હમેશાં ઘરેણાં પહેરી શકે. સાધારણ માણસો ઘરેણાંથી શોભાયમાન ન રહી શકે. આ સોનાના ઘરેણાથી શોભાવાળો છે. તેથી તે અસાધારણ પુરુષ છે એમ સિદ્ધ થાય છે. ૧૦

હવે ભગવાન્ તેને પૂછે છે તમે કોણ છો?

**को भवान् परया लक्ष्म्या रोचतेद्भुतदर्शनः ।**
**कथं जुगुप्सितामेतां गतिं वा प्रापितोऽवशः ॥ ११ ॥**

આશ્ચર્ય કરે એવો જેનો દેખાવ છે એવા પરમ સંપત્તિથી શોભતા આપ કોણ છો? અત્યંત નિંદિત સર્પની યોનિમાં કોણે તમને ધકેલી દીધા તે તો કહો?

**सुबोधिनी**—कः એ જાતિનો અને નામનો પ્રશ્ન છે. સ્વભાવથી સાધારણ હોય તે પણ સાધન કરીને જલદી મોટાઈ મેળવી શકે છે. તેથી ભગવાન્ તેનું વર્ણન કરે છે. પરમ સૌંદર્યથી આપની કાંતિ શોભા આપે છે. દેવો વગેરે ઘણા અમારી પાસે આવેલા ઘણું કરીને અમે જોયા છે પરંતુ તમારો દેખાવ અદ્ભુત છે. તમારૂં દર્શન અદ્ભુત છે. આવું તેજ બીજે ક્યાંઈ જોવામાં નથી આવ્યું. આવું તેજ પૂર્વના વિશેષ પુણ્ય શિવાય હોય નહિં અને પૂર્વના પુણ્યવાલા તમે હો તો આવી અજગરની યોનિ કેમ આવે? તેથી કોઇએ તમને શાપથી અજગર બનાવ્યા હોય એમ જણાય છે. એમાં પણ આ વનમાં કોણે પહોચાડ્યા એ જાણવું જરૂરી છે. ૧૧

આ પ્રથમ સર્પ હતો ભગવાનની કૃપાથી વિદ્યાધર થયો પુનઃ સર્પ થયો માટે સર્પ ઉવાચ એમ કહે છે. સર્પ પોતાનું પૂર્વવૃતાન્ત બે શ્લોકથી કહે છે.

**सर्प उवाच—**

**अहं विद्याधरः कश्चित् सुदर्शन इति श्रुतः ।**
**श्रिया स्वरूपसंपत्त्या विमानेन चरन् दिशः ॥ १२ ॥**

સર્પે કહ્યું—હું પૂર્વે સુદર્શન નામનો વિદ્યાધર હતો. લક્ષ્મીમાં અને સ્વરૂપસંપત્તિમાં પ્રસિદ્ધ હતો અને વિમાનમાં બેસી દિશાઓમાં ફરતો હતો.

**सुबोधिनी**—વિદ્યાધરો એ દેવજાતિનો એક ભેદ છે. **कश्चित्** શબ્દથી દેવમાં પ્રસિદ્ધિને પામેલો નહિં છતાં સુદર્શનનામથી પ્રસિદ્ધ હતો. આનું નામ વૈષ્ણવના જેવું હતું તેથી આગળ એને ભગવત્કૃપા થઈ એમ કહેવા માટે **विश्रुत** કહ્યો. તેના દેહની કાંતિ ઘણી હતી, ધન પુષ્કળ હતું, શરીરસામર્થ્ય અદ્ભુત હતું. પહેલાં પણ એ ત્રણ ગુણો તેમાં હતા તે લક્ષ્મીથી સ્વરૂપસંપત્તિથી અને વિમાનમાં ફરતો હતો એમ કહેવાથી કહ્યા. એ જ્યાં જાય ત્યાં તેને રોકનાર કોઈ ન્હોતું. ૧૨

એમ તેનું સ્વરૂપ કહીને હવે તેનો અપરાધ થયો તે તથા તે અપરાધનું ફલમલ્યું તે વાત કહે છે.

**ऋषीन् विरूपानाङ्गिरसः प्राहसं रूपदर्पितः ।**
**तैरिमां प्रापितो योनिं प्रलब्धैः स्वेन पाप्मना ॥ १३ ॥**

અંગિરાના ગોત્રમાં ઉત્પન્ન થએલ ઋષિઓને અષ્ટાવક્ર મુનિ જેવા વિરૂપ જોઇને હું હસ્યો. મને રૂપનો ગર્વ હતો કે મારા જેવો કોઈ રૂપાળો નથી તેથી કદ્રૂપાને જોઇને મને હસવું આવ્યું. હસવામાત્રથી હું અટક્યો નહિં પણ વક્રોક્તિવડે મેં એને પજવ્યા. એ મારા પાપવડે મને તે મુનિએ અજગરની યોનિમાં મૂકી દીધો.

**सुबोधिनी**—અંગિરસ ગોત્રમાં ઉત્પન્ન થએલા ઋષિઓ અષ્ટાવક્રની જેમ કદ્રૂપા હતા અને આ વિદ્યાધરને પોતાના રૂપનો ગર્વ હતો તેથી તેને જોઈ સુદર્શનને હસવું આવ્યું. જેમ પ્રાકૃત બાળક હસે તેમ આ હસ્યો તેના શાપથી આ સર્પની યોનિમાં આવી પડ્યો. સર્પયોનિ મળી તેનું વિશેષ કારણ તો એ થયું કે કેવળ તેણે હસીને મુનિને ન છોડ્યા પણ તેણે તો વક્રોક્તિનાં ઘણા વચન તેને સંભળાવ્યા કે મુનિને તે સાંભળતાં કંટાલો આવ્યો. તેણે વિચાર કર્યો કે આપણે કાંઈ તેને કહ્યું નથી છતાં આ આપણને દુઃખ આપે છે તો નિષ્કારણ દુઃખ આપનાર તો સર્પ જ હોય. તેથી તે સર્પ થાય તો તેને લાયક મળ્યું કહેવાય. એમ વિચારી મુનિએ તેને સર્પ બનાવ્યો. ત્યાં કહે છે કે મશ્કરીને માટે આવો મોટો દંડ મુનિએ ન કરવો જોઇએ. તેના ઉત્તરમાં કહે છે કે તેણે પ્રથમ પણ બ્રાહ્મણોની વૃત્તિ લઈ લીધેલી હતી તેવાં તેના પાપો જોઇને મુનિએ વિચારીને તેને આ દંડ આપેલો તેમાં કાંઈ મુનિઓએ ખોટું કર્યું ન્હોતું પણ તે એ શાપને લાયક જ હતો. ૧૩

એમ અપરાધ અને શાપ કહીને તેના ગુણને પણ કહે છે. તે નિર્મત્સર હતો. નિર્મત્સરતા એ વૈષ્ણવનો ગુણ છે. સુદર્શન વૈષ્ણવ હતો તેથી તેણે તેનો ગુણ માન્યો પણ તેનો દ્વેષ ન કર્યો તે કહે છે.

**शापो मेऽनुग्रहायैव कृतस्तैः करुणात्मभिः ।**
**यदहं लोकगुरुणा पदा स्पृष्टो हताशुभः ॥ १४ ॥**

તે બ્રાહ્મણો કે જેને મેં બહુ દુઃખ આપ્યું હતું તેણે મને સર્પ થવાનો શાપ આપ્યો પણ તેનો એ શાપ તો મને મોટા અનુગ્રહરૂપે પરિણમ્યો કેમકે તેના શાપને લઇને લોકગુરુ એવા આપે મને ચરણનો સ્પર્શ કરાવ્યો જેનાથી મારાં બધાં પાપો નષ્ટ થયાં.

**सुबोधिनी**—પહેલો હું વિદ્યાધર હતો તેમાં તો ક્વચિન્મુક્તિનો સંભવ ખરો. તેથી આ શાપ મને અનુગ્રહરૂપ થયો. લોકમાં સર્પનો દેહ મળે તે અનિષ્ટ ગણાય પણ મને તો તે કૃપાનું કારણ થયો. હું મુનિઓની કૃપા થઈ એમ માનું છું. તેણે મને સર્પ બનાવ્યો એમ તેની હું બુરાઈ કરતો નથી. શાપ આપતાં પણ જે દયાથી સુધારવાની બુદ્ધિથી શાપ આપે છે તે દયાલુ જ હોય છે. તે દયાલુ હતા. તેણે અનુગ્રહ તો એ કર્યો કે આપે મને ચરણનો સ્પર્શ કરાવ્યો. ત્યાં શંકા કરે છે કે શાપ તો દોષરૂપ જ હોય. તેથી ઈષ્ટસિદ્ધિ કેમ મનાય? તેના ઉત્તરમાં સુદર્શન કહે છે કે ભગવાનનું દર્શન ઋષીઓના અનુગ્રહથી થાય. તે મને તો ઋષીના શાપથી થયું તેથી તે મને તો અનુગ્રહરૂપજ છે. આપ ત્રણ લોકને જ્ઞાનનો ઉપદેશ કરનાર ગુરુ છો. આપે આપનો ચરણ મને સ્વતઃ અડકાડ્યો. ગુરુની સેવા કરવાથી જ્ઞાનસિદ્ધ થાય છે. તે સેવા પુષ્ટ ત્યારે થાય કે જ્યારે ગુરુ પોતે પોતાનો ચરણ સેવકને લગાડે. બહુ વિશ્વાસવાળો બહુપ્રીતિવાળો હોય તેનેજ પગ લગાડાય. તે આપે ચરણ મને લગાડ્યો તેથી હું બ્રાહ્મણના અપરાધથી છુટ્યો અને પૂર્વનાં બ્રહ્મવૃત્તિહરણરૂપ પાપ હતાં તે પણ નષ્ટ થવાથી હું શુદ્ધ થયો. ૧૪

એમ ભગવાનના ચરણનો સ્પર્શ થયો તેને અભિનંદન આપીને તેનાથી જે ફલ થયું તેને પ્રાર્થનાના મિષથી કહે છે.

**तं त्वाहं भवभीतानां प्रपन्नानां भयापहम्।**
**आपृच्छे शापनिर्मुक्तः पादस्पर्शादमीवहन्॥ १५॥**

હે પાપનાશક! હું આપની કૃપાથી અંગિરા નામના ઋષીઓના શાપથી મુક્ત થયો છું. સંસારના તાપથી તપેલા અને તેથી શરણે આવેલા જીવોને ભયથી બચાવનાર આપ છો. હું આપની રજા માગું છું.

**सुबोधिनी**—પ્રથમ ફલરૂપ ભગવાનની આજ્ઞા માગે છે. ફલને આપનાર આપ છો. तु શબ્દ કર્મથી પણ ફલ મળે છે એ પક્ષને નિવૃત્ત કરે છે. સંસારથી ભય પામેલા હોય તેના ભયને આપ દૂર કરો છો. તે જો આપને શરણે આવે તો શરણાગતમાત્રને ભયથી બચાવો છો. ભગવાન્ પોતાની સેવામાટે લોકોને ઉત્પન્ન કરે છે છતાં ભગવાનની માયા તેને બીજે રસ્તે ચડાવીને સેવા કરવા દેતી નથી. છતાં 'હે કૃષ્ણ હું તમારો છું' એટલું મુખથી બોલે તો તેને બધા ભયથી મુક્ત કરો છો. માટે આપે અમારો ભય પણ દૂર કર્યો. અમેં પણ આપના બાપને ગળી ગયા તે આપનો અપરાધ કર્યો પણ જ્યારે આપે મને ચરણથી સ્પર્શ કર્યો એટલે આપ મને શું અપરાધનો દંડ કરશો એ શંકા રહેતી નથી. હવે હું આપની રજા લઉં છું. વચમાં ઉપદ્રવ થયો તે પણ ગયો. તે વાત કહે છે કે શાપથી મુક્ત થયો છું. ચરણના સ્પર્શથી પાપ ગયાં અને શાપ ગયો. છતાં બીજાં સાધારણ પાપ હોય તો તે આપના ચરણમાં હું હાજર થયો છું તેથી તેવાં પાપો તો આપના ચરણમાં આવનારને ન હોય તેથી સંબોધે છે કે **अमीवहन्** અમીવ એટલે પાપને દૂર કરે તે અમીવહા કહેવાય તેના સંબોધનમાં હે અમીવહન્ એવો પ્રયોગ થાય છે એટલે મારાં સાધારણ પાપ આપના દર્શનથી ગયાં તેથી હું શુદ્ધ થયો. હવે આપ આજ્ઞા કરો તેમ કરૂં. ૧૫

કદાચ નંદરાયજીને ગળ્યા છે તેનો પોતે તો દંડ ન કરે પણ બીજા તેને સમજાવે કે આવો અપરાધી કેમ છટકી જાય માટે દંડ દો તો ભગવાન્ દંડ કરે માટે જલદી નીકળવાની પ્રાર્થના કરતો સુદર્શન વિનતિ કરે છે.

**प्रपन्नोस्मि महायोगिन् महापुरुष सत्पते ।**
**अनुजानीहि मां देव सर्वलोकेश्वरेश्वरम् ॥ १६ ॥**
**ब्रह्मदण्डाद्विमुक्तोहं सद्यस्तेऽच्युतदर्शनात् ।**
**यन्नाम गृह्णन्नखिलान् श्रोतॄनात्मानमेव च ॥ १७ ॥**
**सद्यः पुनाति किं भूयस्तस्य स्पृष्टः पदा हि ते ॥**

હે મહાયોગિન્! હે મહાપુરુષ! હે સત્પતે! હું આપનો છું. હે દેવ! હે સર્વ લોકેશ્વરના ઈશ્વર! આપ મને જવાની આજ્ઞા દો. હે અચ્યુત! આપના દર્શનથી હું બ્રહ્મદંડથી મુક્ત થયો છું. જેનું નામમાત્ર મુખથી બોલે તેટલામાં બધા સાંભળનારની સાથે પોતાના આત્માને લોક પવિત્ર કરે છે તો પછી મને તો આપે ચરણનો સ્પર્શ કરાવ્યો છે તે મારા પાપ તો ક્યાંથી જ રહે?

**सुबोधिनी**—હું ફરીને શરણ આવ્યો છું. શરણમાં આવે તેના બધા અપરાધો નિવૃત્ત થાય છે. આપ તો મહાયોગી છો. આ નંદરાય વગેરે આપના બાપ તથા સંબંધવાળા નથી. પરંતુ યોગના પ્રયોગથી પિતાપુત્રભાવનું અનુકરણ માત્ર કરો છો. આપના ખરા સ્વરૂપને કોઈ જાણતું નથી તેથી મહાયોગિન્ એમ સંબોધ્યા છે. અલ્પ હોય તે ક્ષુદ્રના અપરાધને ગણે. આપ તો મહાપુરુષ છો, આપ સત્પુરુષોના પતિ છો, સત્પુરુષો સહન કરનાર હોય છે. તેના પતિ હોય તે વધારે સહનશીલ હોય. તેથી આપે મારો અપરાધ સહન કર્યો તે યોગ્ય કર્યું છે. માટે મને સેવક જાણી આજ્ઞા કરો. આપ દેવ છો તેથી આપે વિદ્યાધર પણ દેવયોનિ હોવાથી મારો પક્ષપાત કર્યો તે યોગ્ય કર્યું છે. માણસનો પક્ષપાત આપે ન કર્યો તે ઠીક કર્યું. ભગવાન્ તેને કદાચ કહે કે હું તો તને મુક્ત કરૂં છું પણ તેં નંદરાયને ગળ્યા તે તારો અપરાધ યમરાજ કેમ ભૂલશે? કાલાદિ પણ મારા ભક્તો અપરાધ કરનારને દંડ આપે છે, તે કેમ તને બચાવશે? તેના ઉત્તરમાં કહે છે કે બધા લોકના જે ઈશ્વર છે તેના પણ આપ ઈશ્વર છો. આપે કૃપા કરી તો બીજાની ચિંતા કરવાની નથી. ભગવાન્ કહે હું તો સર્વત્ર ઉદાસીન છું મારો કોઈ દ્વેષી નથી કોઈ મિત્ર નથી છતાં તમે નિષિદ્ધાચરણ કરો તો કાલાદિ દંડ આપે. તેના ઉત્તરમાં કહે છે કે આપ ઉદાસીન છો પણ આપના ધર્મો ઉદાસીન નથી. જો ધર્મો ઉદાસીન હોય તો હું બ્રહ્મદંડથી મુક્ત કેમ થાઉં? તેમાં પણ દર્શનમાત્રથી જ આટલો જલદી મારો મોક્ષ ન થાય. આપ અચ્યુત છો એટલે આપના ધર્મો ક્યાંય પણ કામ કર્યાવગર રહેતા નથી. તેથી જેને તે છોડે તે છુટી જાય. ત્યાં શંકા કરે છે કે જેટલું કામ હોય તેટલો વખત તે ધર્મો કાર્ય કરે પછી ન કરે અથવા થોડું અનિષ્ટ દૂર કરે સર્વાનિષ્ટનિવૃત્તિ ન કરે. એ શંકાના ઉત્તરમાં કહે છે કે મારા બધાં પાપ ગયાં તેમાં મને શંકા નથી. જે ભગવાનનું નામ, જો કોઈ જીભથી બોલે તો તે સાંભળનારની સાથે નામ લેનારને પવિત્ર કરે છે. તેમાં પણ કોઈક અધિકારીને નહિં પણ

સર્વને સામાન્ય રીતે પવિત્ર કરે છે. एव શબ્દ કહ્યો છે તેથી आत्म શબ્દ અહિં જીવવાચક લીધો છે. કેવલ દેહના દોષો મટાડે છે એમ નથી પણ તે નામ અજ્ઞાનને પણ દૂર કરે છે. चकार છે તેથી શ્રોતાઓના પાપ અને અજ્ઞાન દૂર થાય છે. તત્કાલ શુદ્ધિ કરે છે એટલે શુદ્ધિના હેતુ દેશ કાલ વગેરેની પણ અપેક્ષા નથી. તો પછી તે નામ વારંવાર લીધા કરે તે પવિત્ર થાય તેમાં શું કહેવું. જ્યાં નામનું એવું માહાત્મ્ય છે ત્યાં તેના સ્વરૂપમાહાત્મ્યનું તો કહેવું જ શું? તેના ચરણનો સ્પર્શ તો બહુ દુર્લભ ગણાય. તેમાં પણ ભગવાન્ વગરવિનતિએ પોતે પોતાનો ચરણ લગાવે એ તો બહુ દુર્લભ ગણાય. તે ચરણના રેણુ એટલે ગંગા વગેરે તીર્થો, અમૃતરસ અને ભક્તો એ ત્રણ ચરણમાં છે તે ત્રણ આવ્યા ત્યાં પવિત્રતા તો સહજ હોય. તેથી સર્વ દોષ નિવર્તક ચરણ હોય તેમાં શું કહેવું? તેમાં પણ બધાના સર્વદોષ દૂર કરવામાટે અવતરેલ ભગવાનના ચરણના સ્પર્શની તો શું મોટાઈ કહેવી? ૧૭

ભગવાનને તો કાંઈ બોલવાનું ન્હોતું તેથી ન બોલે તો પણ તેની વિનતિ તો સ્વીકારી ગણાય. તેટલી વિનતિ કરીને ત્યાંથી તે ગયો એ હવે કહે છે.

**श्रीशुक उवाच-**

**इत्यनुज्ञाप्य दाशार्हं परिक्रम्याभिवाद्य च ।**
**सुदर्शनो दिवं यातः कृच्छ्रान्नन्दश्च मोचितः ॥ १८ ॥**

શુકદેવ બોલ્યા—એમ ભગવાનની આજ્ઞા મેળવી ભગવાનને દંડવત્પ્રણામ કરી પરિક્રમા કરી સુદર્શનનામનો વિદ્યાધર સ્વર્ગમાં ગયો. નંદરાયજી દુઃખથી મુક્ત થયા.

**सुबोधिनी**—ભગવાન્ दाशार्ह એટલે દાશને લાયક છે. એવા ભાવવાળાએ સ્વામિની સેવા કરવી જોઇએ. સર્વ પુરુષાર્થ સિદ્ધકરવામાટે સુદર્શને સાધન પણ કર્યું એટલે પ્રદક્ષિણા કરી. બધા પુરુષાર્થો તેણે પોતાની ચોતરફ લીધા તેથી બધી સિદ્ધિઓ તેને સ્વાધીન થઈ ગઈ. પોતે ગૌણતા દેખાડી અને ભગવાનને દંડવત્પ્રણામ કર્યા એટલે ભગવાનની મોટાઈ બતાવી તેથી પુરુષાર્થનું અતિ-અધિકપણું સૂચન કર્યું છે. चकार છે તેથી સ્તુતિ કરી, અથવા ભગવાને જવાની આજ્ઞા કરી, અથવા ભલે જાઓ એમ કહ્યું. અથવા 'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्' એ ન્યાયથી સર્વ પુરુષાર્થો તેને આપ્યા. વળી તેનું સુદર્શન એવું નામ છે તેથી પણ તે સ્વર્ગમાં ગયો. એટલે વિદ્યાધરોના લોકમાં ગયો. બધા તેના દોષોથી તેને મુક્ત કર્યો તેણે ભગવાનનો વૈભવ પણ જાણી લીધો. ૧૮

એ જોઇને બધા ગોપો ભગવત્પ્રવણ થયા. તે હવે કહે છે.

**निशाम्य कृष्णस्य तदात्मवैभवं व्रजौकसो विस्मितचेतसस्ततः ।**
**समाप्य तस्मिन्नियमं पुनर्व्रजं नृपाययुस्तत्कथयन्त आदृताः ॥१९॥**

હે નૃપ! શ્રીકૃષ્ણનો આત્મવૈભવ જોઇને બધા વ્રજવાસિઓ ચિત્તમાં વિસ્મિત થઈ ગયા અને અંબિકાવનમાં લીધેલા નિયમોને સમાપ્ત કરીને ત્યાંની વાતો બધાને કહેતા આદરપૂર્વક વ્રજમાં પાછા ફર્યા.

**सुबोधिनी—**કૃષ્ણનો તે વૈભવ જાણીને વ્રજવાસિઓના મનમાં વિસ્મય થયો કેમકે નંદરાયને બચાવવામાં ભગવાને અલૌકિકસામર્થ્ય પ્રકટ કર્યું. આમાં કાંઈ કરવાથી થાય (કૃતિસાધ્ય) એવું નથી કે જેથી પૂર્વે કર્યું હોય તે વ્યર્થ થાય. આ તો ભગવાનના અનુભાવરૂપ વૈભવ છે. નહિં તો ગોવાલીયાએ સળગતાં લાકડાં માર્યા તેની અપેક્ષાએ બાલકના ચરણનો સ્પર્શ તો અતિ કોમલ હોવાથી તેને કાંઈ અસર ન કરે. કૃષ્ણ એટલે પરમાનંદ છે. એ તો આપણા અનુભવથી આપણે સિદ્ધ કર્યું છે તેથી અહિં ધર્મિનો ઉત્કર્ષ કહ્યો. આ શક્તિનો પ્રતાપ નહિં પણ સ્વરૂપનો પ્રતાપ છે. ભગવત્સ્વરૂપ જ એવું માનો કે જેને તે અડકે તેનું કામ સિદ્ધ થાય. ગોપોમાં ક્રિયાજ્ઞાનનો અભાવ છે. વ્રજૌકસ કહ્યા તે તો પ્રત્યક્ષ દેખે તેને જ માને એટલે તેને પ્રત્યક્ષ ઉપર વધારે ભાર છે. અત્યંત વિશ્વાસવાળા છે. તેથી શ્રીકૃષ્ણે ચરણ લગાડ્યો ત્યારે વિસ્મય થયો તે કરતાં સર્પ મટીને વિદ્યાધર થયો જોયો ત્યારે વધારે આશ્ચર્ય તેમને થયું. તેણે ભગવાનને માટે જે નિયમ લીધેલો તે પૂરો કરી પાછા વ્રજમાં આવી પહોંચ્યા. તેણે ત્યાં જે કર્મ કર્યું તે પણ શ્રીકૃષ્ણને અર્પણ કર્યું જો એમ ન કરે તો તે કર્મ જ બંધનરૂપ થાય. તેથી વ્રજમાં પાછા ગયા. આપણને તો વ્રજ સર્વસિદ્ધિ આપનાર છે એમ તેણે નિશ્ચય કર્યો. મનથી પણ બીજે જવાની ઇચ્છા ન કરી. નૃપ એ સંબોધન વિશ્વાસમાટે છે. રાજાઓને પણ દૃષ્ટમાં વિશ્વાસ હોય છે તેથી આદરપૂર્વક તે વાત સર્વત્ર કહેવા લાગ્યા એટલે ભગવાનનો પ્રતાપ જે અંબિકાવનમાં નજરે જોયો તે તેના હૃદયમાં રહ્યો છે એ વાત ગોપો તેના ગુણગાન કરે છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે. ૧૯

એમ અનન્યભજનને માટે ભગવાને અનુભાવ બતાવ્યો હવે શબ્દબ્રહ્માનંદ ગોપીઓદ્વારા સર્વમાં પૂરવામાટે ફરીને ગોપીઓની સાથે, શબ્દાત્મક–બલદેવજીને સાથે રાખીને ક્રીડા કરવાનો આરંભ કર્યો તે નિરૂપણ અહિંથી ૧૩ શ્લોક સુધી ચાલશે.

**कदाचिदथ गोविन्दो रामश्चाद्भुतविक्रमः ।**
**विजह्रतुर्वने रात्र्यां मध्ये गोव्रजयोषिताम् ॥ २० ॥**

કોઈ વખત ગોવિંદ અને અદ્‌ભુત પરાક્રમવાળા રામ, રાતના સમયે ગાયોના વ્રજની સ્ત્રીઓની વચ્ચે વિહરણ કરવા લાગ્યા.

**सुबोधिनी—**આ લીલામાં કાલ મુખ્ય છે તેથી આમાં દૈત્યો બાધા કરે તેમાંથી ભગવાન્ બચાવે એટલે તેનાથી શબ્દનું માહાત્મ્યનિરૂપણ થયું કહેવાય. મણિનું દાન પણ મોટા ભાઇનેજ કરશે. લૌકિક અને અલૌકિક માહાત્મ્ય જાણ્યાથી જ વેદનું સ્વતઃપ્રામાણ્ય સિદ્ધ થાય. એમ ન માનો તો ભ્રાન્ત–મીમાંસકોની પેઠે બધો વેદ ઉત્પ્રેક્ષાપર કહેવાય. કદાચિત્ એટલે શીતકાલના સમયમાં. અથશબ્દ ઉપક્રમની ભિન્નતા બતાવનાર છે એટલે પહેલાં ગોપીઓ કહી ગયા તેનાથી આ ગોપીઓ જૂદાં છે. તેની સાથે બલદેવજી તથા શ્રીકૃષ્ણની ક્રીડા છે. જે પહેલાં એટલે ભગવાને રાસ કર્યો ત્યારે આ ગોપીઓ શાસ્ત્રપર હતાં અથવા લૌકિક પરાયણ હતાં તેમણે જ્યારે ભગવાનનો પ્રતાપ જોયો ત્યારે જગત્ આખું આને આધીન છે એમ તેણે જાણ્યું. ભગવાન્ અને બલદેવ સાથે તેમને રમવાની ઇચ્છા થઈ. ભગવાન્ તો ગોવિંદ એટલે ગાયો ગોપીઓ અને ગોપોના ઇન્દ્ર તેથી ક્રિયાશક્તિ પ્રધાન થઇને રમ્યા. રામ પણ રમ્યા. તેનાથી રમવાનું

કારણ કે ચિત્ત પ્રસન્ન કરવું છે. તે રામ અદ્‌ભુત સામર્થ્યવાળા છે. ચકાર છે તેથી ભગવાનનો આવેશ રામમાં છે. તેથી પણ તેની સાથે રમ્યાં એથી મધ્યમ અધિકારવાળા વેદપરાયણ રહે તો તેમાં તેનો દોષ ન ગણાય. એ વાત નકી કરી. એમ ન કરે તો પ્રમાણ પરનો અનન્યભાવ ભાંગી જાય. અદ્‌ભુત પરાક્રમ એવું બલભદ્રનું વિશેષણ છે. તેથી કેવળ અર્થપરને તેમનો ઉપયોગ છે એમ સૂચન કર્યું. એમ ન માનીએ તો બીજાનો નિષેધ કરવો અને સ્વાર્થ બતાવવો એ બે કામ વેદના અને ભગવાનનાં થઈ શકે. અને ભગવાનનાં અર્થની લીલા તેમ શબ્દની પણ લીલા સંભવે માટે વનમાં અને રાત્રિમાં એમ કહ્યું. બન્ને ભાઇઓએ વિહાર કર્યો બન્નેના રમણમાં કામ લાગે એવી પહેલાની ગોપી કરતાં હીન આ ગોપીઓ છે. તેથી ગો અને વ્રજયોષિતની મધ્યમાં આને ગણાવી છે. ગાયો મુખ્ય છે એવો વ્રજ તેની આ સ્ત્રીઓ છે એટલે પશુવત્ તેની યોગ્યતા છે. ૨૦

તે લીલામાં શબ્દની પ્રધાનતા બતાવવામાટે ગાન કરે છે તે કહે છે.

**उपगीयमानौ ललितं स्त्रीजनैर्बद्धसौहृदैः ।**
**स्वलंकृतानुलिप्ताङ्गौ स्रग्विणौ विरजाम्बरौ ॥ २१ ॥**

પરસ્પર સૌહાર્દથી સ્ત્રીજનો એકત્ર થઈ કૃષ્ણબળદેવનાં ચરિત્ર ગાય છે. કૃષ્ણ અને બલભદ્ર પણ શ્રીઅંગમાં ચંદનની ચર્ચા કરીને માલાઓ અને સ્વચ્છ વસ્ત્રો ધરાવી તેના ગાનમાં સામીલ થાય છે.

**सुबोधिनी**—સર્વ સ્ત્રીઓ હૃદયમાં સ્નેહથી બંધાયેલી હતી તેણે સ્નેહને લીધે ભગવાનના ગુણ ગાવા માંડ્યા. તેથી તેમનો બહારનો અને અંદરનો ભાવ બતાવ્યો. એમ લાયક સ્ત્રીઓસાથે પોતે ભાવ કરવો યોગ્ય છે એમ નકી કરી બન્નેના છ ગુણ નિરૂપણ કરે છે. તે વાત સાડા ત્રણ શ્લોકથી કહે છે. પ્રથમ તો બન્ને ભાઇઓ બધાં ઘરેણાં ધરે છે. શબ્દને પણ શિક્ષા વગેરે ઘરેણાં હોય છે. અર્થમાં દેશાદિ ઉત્કૃષ્ટ અલંકાર છે. તે જો અલંકાર તે તે સ્થાનમાં ન હોય તો તેમાં પ્રીતિ ન થાય. તે કર્યા પછી શ્રીઅંગને ચંદનનો લેપ કર્યો. સદ્વાસના વગર પણ બન્નેમાં રતિ ન થાય. બધાં અંગોમાં સુંદર વાસને માટે અંગપદ મૂક્યું છે. માલાઓ ધરાવી છે. માળા કીર્તિરૂપ છે. શબ્દ અને અર્થમાં કીર્તિની જરૂર છે. વસ્ત્રમાં રજ નથી એથી વસ્ત્રમાં કોઈ જાતનો દોષ નથી. માયારૂપ વસ્ત્ર છે પણ તે માયા શુદ્ધ જોઇએ. ૨૧

**निशामुखं मानयन्तौ उदितोडुपतारकम् ।**
**मल्लिकागन्धमत्तालिजुष्टं कुमुदवायुना ॥ २२ ॥**
**जगतुः सर्वभूतानां मनःश्रवणमङ्गलम् ।**
**तौ कल्पयन्तौ युगपत् स्वरमण्डलमूर्छितम् ॥ २३ ॥**
**गोप्यस्तद्गीतमाकर्ण्य मूर्छिता नाविदन् नृप ।**
**स्रंसद्दुकूलमात्मानं स्रस्तकेशस्रजं ततः ॥ २४ ॥**

હે રાજન્! જે વખતે ચંદ્રનો અને તારાનો ઉદય થાય છે એવી રાતના આરંભનાં કૃત્યો કરી તેને માન આપીને મલ્લીના ગન્ધથી મસ્ત બનેલા ભમરાના ઝંકારથી રાત્રિ-વિકાસી કુમુદના પવનથી તે સમય સુંદર જણાતો હતો તેમાં બન્ને ભાઈઓ સ્વરમંડલમાં મૂર્છનાની કલ્પના કરતા તેની સાથે સર્વ પ્રાણીના મનને સાંભળવામાત્રથી મંગલ કરે એવું ગાન ગાવા લાગ્યા. ગોપીઓએ જ્યારે એ ગાન સાંભળ્યું ત્યારે તે મૂર્છિત થયાં અને તે પોતાના શરીરને પણ સંભાળી ન શક્યાં તેના કપડાં ખસી ગયાં કેશની માળાઓ પણ માથા ઉપરથી નીકલી ગઈ એવી તેની સ્થિતિ ગાન સાંભલવામાત્રથી થઈ.

**सुबोधिनी**—કર્મમાં રાત્રિ મુખ્ય છે. સંધ્યા વખતે સંધ્યાસમયના અગ્નિનો હોમ થાય. તે તે સમયના કર્મ સ્વસમયમાં કરવાં એ રાત્રિનું સન્માન કહેવાય. તેથી મૂળમાં નિશામુખને માન આપવાનું કહ્યું છે તે ગુણવાળો કાળ આ ચાલતા પ્રસંગમાં ઉપ-યોગી હોઇને તેના ગુણો બતાવે છે. તે સમય એટલે સૂર્યાસ્ત થયા પછી આકાશમાં તારા તથા ચંદ્ર દેખાય છે. સૂર્ય અસ્ત થતાં ચંદ્ર દેખાય તે તો પૂર્ણિમા હોય તો જ દેખાય તેથી આજે પૂર્ણિમાનું પર્વ છે એમ જણાય છે. નક્ષત્રો વાદળાં ન હોય તો દેખાય માટે તે રાતમાં આકાશ નિર્મલ છે એમ નક્ષત્રોદયથી જણાય છે. અહિં ચંદ્ર પ્રમાણરૂપ છે, નક્ષત્રો ફલ છે. પવિત્ર સુગંધ ફલનો સૂચક છે. કહે છે કે રાત્રિવિકાસી કમળોનો મધુરસુગંધયુક્તવાયુ ચાલે છે. તે સુગંધની સાથે શીત અને મંદ પણ છે. આ નિશામુખનું વિશેષણ છે. ઉત્તમ અધિકારીઓ આ પવનનો લાભ લે છે તે કહે છે કે મલ્લિકાના ગંધથી મસ્ત બનેલા ભમરો તેમાં ફરે છે. મલ્લિકાનો સુગંધ સુંદર હોય છે. તેનાથી તેમને બીજા ફુલની દરકાર રહેતી નથી. તે અલીઓ છે તે છ પગવાળા છે એટલે સર્વજ્ઞો છે. એથી ત્રણ પ્રકારે કાળની ઉત્તમતા કહી. એવા કાલને ઉત્તમ માનતા બન્ને ભાઇઓ તેની સ્તુતિ કરે છે. આથી અંગમાં પણ ફલશ્રુતિ યોગ્ય છે એમ નિરૂપણ કર્યું. ૨૨

ત્યારે બધા પ્રાણિઓના મન અને કાનનું મંગળ કરનાર ગીત ભગવાને ગાયું. તુરત સાત સ્વરમાં [1]મૂર્છનાને કલ્પિને બન્ને એકમુખે ગાવા લાગ્યા. મૂર્છના ન થાય ત્યાં સુધી ગાનમાં રસ ન આવે, રસ ન આવે તો મનનો લય[2] ન થાય, લય ન થાય ત્યાં સુધી તેને આધીન ન થવાય, તેથી ભગવાને તે સ્વરૂપમાંથી મૂર્છાના કલ્પીને ગાયું. તેનું ફલ પણ થયું. તે બન્નેનું મૂર્છનાવાળું ગીત સાંભલીને ગોપીઓ મૂર્છિત થયાં. તેને દેહનું ભાન ન રહ્યું. મૂર્છામાં વાસના રહે છે તે પણ આને ન રહી એટલે એકદમ દેહનું વિસ્મરણ થયું. હે રાજન્ એમ સંબોધન એટલા માટે આપ્યું કે તમે રાજાઓ ગીતના રસને

---

૧. 'स्वरः संमूर्छितो यत्र रागतां प्रतिपद्यते । मूर्छनामिति तां प्राहुः कवयो ग्रामसंभवात् ॥

૨. गीतवाद्यपादन्यासानां क्रियाकालयोः परस्परं समता लयः ।

हृदि स्थितिः कण्ठस्थितिः कपालस्थितिरिति लयत्रयम् । ઇત્યાદિ,

'लयेन लीनो भगवान् लयबद्धो जनार्दनः' કેટલાક લયની સંખ્યા ૪૦ ની કહે છે.

ગ્રામનો સાતમો ભાગ. તે મૂર્છના કહેવાય. હનુમતના મતમાં ષડ્જાદિસ્વરથી ઋષભાદિમાં જ્યાં સ્વરનો વિરામ તે મૂર્છના કહેવાય. ભરતના મતમાં ગાવા બજાવવામાં જ્યાં હાથનું કે ગળાનું કમ્પન થાય તે મૂર્છના. એવા સંગીતશાસ્ત્રકારોના મત છે તેની સંખ્યા ૨૧ છે. ષડ્જગ્રામની ૭, મધ્યમગ્રામની ૭, ગાન્ધારગ્રામની ૭ એમ ૨૧ છે. ષડ્જ, મધ્યમ અને ગાંધાર એ ત્રણ ગ્રામ છે.

જાણનારા છે. જે લજ્જાને સ્ત્રી કોઈરીતે ન ભૂલે તે ભૂલ તેમણે કરી. તેમાં નીચેનું વસ્ત્ર ખસી ગયું તેનું તેને ભાન ન રહ્યું. તે પણ નીચે પડશે કે શું એમ થઈ ગયું છતાં તેને ખબર ન પડી. કેશ છુટા થઈ ગયા, તેમાં બાંધેલી માળાઓ નીચે ગઈ. એમ દેહનું તેને અતિવિસ્મરણ થયું. ૨૩

પ્રમાણબળવાળા-માર્ગમાં અવશ્ય દૈત્યનો ઉપદ્રવ થાય એ કહેવા માટે આ લીલાને સમાપ્ત કરતાં ઉપદ્રવનું વર્ણન કરે છે.

**एवं विक्रीडतोः स्वैरं गायतोः संप्रमत्तवत् ।**
**शङ्खचूड इति ख्यातो धनदानुचरोऽभ्यगात् ॥ २५ ॥**

એમ સ્વતંત્રરીતે વિશેષરૂપમાં ક્રીડા કરે છે. દેહનું ભાન ભૂલતા હોય તેમ બન્ને જણ ગાય છે એટલામાં શંખચૂડનામથી પ્રખ્યાત થયેલો કુબેરનો અનુચર તે જગ્યોએ આવી લાગ્યો.

**सुबोधिनी**—મનમાં આવે તેવીરીતે ક્રીડા કરતા હતા. મૂર્છિત થએલી સ્ત્રીઓમાં ક્રીડા અત્યંત સ્વચ્છંદરીતે થઈ શકે કેમકે તે સ્ત્રીઓને તો દેહનું અનુસંધાન રહ્યું નથી તેથી બન્ને ભાઇને જેમ ઠીક લાગે તેમ ક્રીડા કરે છે. વચમાં ગાન પણ કરે છે. ક્રીડા કરવામાં પ્રવૃત્ત થાય છે. સ્ત્રીઓની સાથે સમાનધર્મતા બતાવવા માટે ગાંડાની જેમ ક્રીડા કરે એમ કહ્યું. બળભદ્રમાં આવેશ છે, કૃષ્ણ અવતાર છે. તે બન્ને અત્યારે એક સ્વરૂપ છે. એમ આવેશ હોય ત્યારે સમાનતા થાય. આવેશ ન હોય ત્યારે મર્યાદાનું રક્ષણ કરવું પડે. સ્ત્રીઓ અને પુરુષો પ્રમત્ત બન્યાં એ વખતે શંખચૂડનામનો કોઈ કુબેરનો નોકર ભગવાનને અને તે સ્ત્રીઓને લઈ જવા માટે ત્યાં શતનો આવી ચડ્યો. નવનિધિમાં શંખ પણ નિધિ છે. તે નિધિ આના ચૂડામાં છે. તેથી તેનું શંખચૂડ નામ છે. આ કથનથી નારદનો પણ દોષ નહિં એમ કહ્યું. નારદે નલકુબર મણિગ્રીવને શાપ આપ્યો તેમાં તેણે ખોટું કાંઈ નથી કર્યું કેમકે તે લોકો સ્ત્રી-લોલુપ એવા હોય છે કે તેને તેમ કર્યાવગર ચાલે નહિં જેમ તે બન્ને પૂર્વે ધનના મદવાળા હતા તેમ હાલમાં આ શંખચૂડ પણ ભગવાન કે બળદેવને ગણતો પણ નથી. ભગવાન તેને મારશે તે ઠીક કરશે. શંખનામનો નિધિ માથામાં છે એનો તેને મદ છે. ધનદ નામથીજ લક્ષ્મીના મદની બધી સામગ્રી તેની પાસે છે. જ્યાં ધન હોય ત્યાં સ્ત્રીઓ જોઇએ એમ તેની માન્યતા છે. ગોપીઓ શ્રુતિરૂપા છે તેને અલૌકિક પર ન રહેવા દેતાં એટલે ભગવાનમાં નિષ્ઠાવાળાં ન રહેવા દેતાં લૌકિક નિષ્ઠાવાળાં બનાવી દેવાં એવો દૈત્યોનો સિદ્ધાન્ત છે તેથી આ પાખંડી પણ તેને લેવાને ભગવાનથી છોડાવવાને આવ્યો છે. ૨૫

ત્યારે તેણે આવીને જે કર્યું તે હવે કહે છે.

**तयोर्निरीक्षतो राजन् तन्नाथं प्रमदाजनम् ।**
**क्रोशन्तं कालयामास दिश्युदीच्यामशङ्कितः ॥ २६ ॥**

હે રાજન્ તે કૃષ્ણ-બળભદ્ર તો જોઈ રહ્યા છે તેટલામાં તો તેની રક્ષા નીચે રહેલ સ્ત્રીજનો 'શાને પાડતી રહી' તેમને ઉત્તરદિશામાં નિઃશંકરીતે ઉપાડી ચાલતો થયો.

**सुबोधिनी—राजन्** એમ સંબોધન કહ્યું તેથી એમ કહ્યું કે રાજાઓ શત્રુની સ્ત્રીનું સ્વાભાવિકરીતે હરણ કરે છે એ દોષ તમારામાં પણ હોય એમ કહેવા માટે કહ્યું. કૃષ્ણ બળદેવ જેના નાથ હતા રક્ષક હતા. પ્રમદા એટલે સ્ત્રીવિશેષ તેનો સમુદાય. સામાન્ય જનશબ્દ સમૂહને કહેનાર છે. જો વિશેષપર હોત તો તે શંખચૂડની સાથે ચાલી જાત નહિં એમ કહેવા માટે સ્ત્રીજન એમ સામાન્ય વચન કહ્યું છે. **क्रोशन्तम्** એ શબ્દથી તે સ્ત્રીઓની ઇચ્છા નથી એમ કહ્યું. શંખચૂડને ભગવાન્ કે બળભદ્રનો ભય નથી એ બતાવ્યું છે. કાળનું બળ એવું છે કે કોઈ તેને રોકી ન શકે અને બધાનો સંહાર કરે એવો આ શંખચૂડ છે એમ कालयामास પદથી સૂચવ્યું. उत्तरदिशा તરફ લઈ જવાનું કારણ તો તે પોતાના ઘર તરફ જાય તો તેને અધિક જોર મળે તેથી તે નિ:શંક થઈ સ્ત્રીઓને બલાત્કારે ઉઠાવી ચાલતો થયો. ભગવાન્ શું કરશે તેનો તેને ખ્યાલ પણ નથી. તે તો તેને બાળક સમજે છે. २६

ભગવાન્ અને બળદેવે જે કર્યું તે હવે કહે છે.

**क्रोशन्तं कृष्ण रामेति विलोक्य स्वपरिग्रहम् ।**
**यथा गा दस्युना ग्रस्ता भ्रातरावन्वधावताम् ॥ २७ ॥**

હે કૃષ્ણ હે રામ અમને બચાવો એવી રાડો પાડતી સ્ત્રીઓને શંખચૂડ લઇને ચાલતો થયો તેને જોઇને આ તો અમારી સ્ત્રીઓને લઇ ચાલ્યો એમ સમજી જેમ ચોરલોકો ગાયોને છોડી જાય તેની પાછળ દોડે તેમ બન્ને ભાઈ શંખચૂડને પકડવા માટે દોડ્યા.

**सुबोधिनी—**જો તે કૃષ્ણ રામ એમ નામ લઇને રાડો ન પાડે તો ભગવાન્ શંખચૂડને લઈ જતાં રોકે નહિં. ભગવાન્ બીજામાં ચિત્તવાળા જીવને જતાં અટકાવતા નથી. તેમાં પણ બીજાનું હોય તો તેને રોકે નહિં. આ તો પોતાના પરિગ્રહરૂપ સ્ત્રીઓ છે. પૂર્વે તેનો સ્વીકાર કરેલો છે. પોતાનું નામ લઇને અમને બચાવો એમ રક્ષણ માગી રહી છે તેને જોઇને ભગવાન્ તેને છોડાવવા તે શંખચૂડની પાછળ પડ્યા. બન્નેની સ્ત્રીઓ છે તે બન્નેએ મળીને રક્ષણ કરવું જોઇએ. તે શંખચૂડે ઉપાડી કે તુરત બન્ને ભાઈ તેની પાછળ પડ્યા. २७

સ્ત્રીઓને દૂર ઉપાડી ગયો તેને છેટેથીજ આશ્વાસન આપે છે.

**मा भैष्टेत्यभयारावौ शालहस्तौ तरस्विनौ ।**
**आसेदतुस्तं तरसा त्वरितं गुह्यकाधमम् ॥ २८ ॥**

શાલનાં વૃક્ષો બન્નેએ હાથમાં રાખ્યા છે અને ભય ન રાખો અમે આ આવ્યા એમ બોલતા પાછળ વેગથી દોડતા ચાલ્યા. અને અધમ ગુહ્યકને જલદીથી પકડી પાડ્યો.

**सुबोधिनी—**ભય ન પામો એમ અભયશબ્દને બોલતા તેના ભયને દૂર કરે છે. શાલના ઝાડ હથીયારને બદલે બન્નેએ હાથમાં લીધાં છે. તેનાથી પોતાનું મોટું સામર્થ્ય દૂરથીજ બતાવી આપ્યું. તે બન્ને ઝાડનો કાંઈ ઉપયોગ તો થવાનો નથી. એવો વેગ બતાવ્યો કે એક પણ સ્ત્રીને પોતાની સાથે લઈ ન શકે એટલું જ નહિં પણ કોઇનો સ્પર્શ પણ રસ્તામાં ન કરી શકે તેમ જલદી તેની નજીક ભગવાન્ અને

બલભદ્ર આવી પહોંચ્યા. અને તેને લઈ જતો અટકાવ્યો. જલદીથી શંખચૂડનો વિચાર કરી લીધો. મનુષ્ય કરતાં દેવ બળવાન્ હોય તેથી વિચાર કર્યો. તે જલદીથી જ્યાં જવું હોય ત્યાં જઈ શકે કેમકે ગુહ્યકનામના દેવોમાં આ શંખચૂડ અધમ છે. આવ્યો તેમાં કારણ યક્ષપણું છે. ભાગ્યો તેનું કારણ તેની અધમતા છે. ૨૮

પહેલાં તે બધીને જલદી ચલાવતો પોતે પાછળ ચાલતો હતો ભગવાન્ નજીક આવ્યા ત્યારે તે બૈરાંને છોડી પોતે જલદી નીકળી જવાનો નિશ્ચય કરી એકલો ચાલ્યો.

**स वीक्ष्य तावनुप्राप्तौ कालमृत्यू इवोद्विजन् ।**
**विसृज्य स्त्रीजनं मूढः प्राद्रवज्जीवितेच्छया ॥ २९ ॥**

જ્યારે ભગવાન્ અને બલદેવજી નજીક આવી લાગ્યા ત્યારે તેને કાળ અને મૃત્યુને જોવાથી જેવો ઉદ્વેગ થાય તેવું દુઃખ થયું અને સ્ત્રીઓની આશા છોડી હું જીવતો રહું તો સારૂં એ આશાએ એકદમ દોડતો ચાલ્યો.

**सुबोधिनी**—પાછળ આવતા ભગવાનને જોઇને તે ઓછી બુદ્ધિવાળો ગુહ્યક સ્ત્રીઓને છોડીને દોડતો ચાલ્યો. તેને દોડવાનું કેમ સૂઝ્યું તે કહે છે કે પાછળ આવતા ભગવાન્ અને બળદેવને કાળ અને મૃત્યુ જેવા તેણે જોયા. એક તો કાળ એટલે પોતાના નાશનો વખત અને બીજો તે વખતે મારનાર એક પણ પાછો વાળ્યો વળે નહિં તો એનો સામનો તો ક્યાંથી થઈ શકે તેથી જીવવાની ઇચ્છાથી એકદમ દોડવા લાગ્યો. જીવતા રહેશું તો ભોગ તો મળશે પણ મરશું તો કોણ ભોગવશે એ વિચારથી દોડ્યો. ત્યાં કહે છે કે જો તે ભગવાનને શરણે ગયો હોત તો તેને જીવતો રાખત, દોડ્યો તેને તો ભગવાન મારશે. તેના ઉત્તરમાં કહે છે કે તે મૂર્ખ છે. એ વાતને તે જાણતો નથી તેથી તો બળવાનનો તેણે અપરાધ કર્યો. મૂર્ખો એમ જ મરે. ૨૯

જે ઉપાય ન હતો તેને ઉપાય સમજી શંખચૂડ પ્રવૃત્ત થયો તેથી તેનું કાર્ય સિદ્ધ ન થયું તે કહે છે.

**तमन्वधावत् गोविन्दो यत्र यत्र स धावति ।**
**जिहीर्षुस्तच्छिरोरत्नं तस्थौ रक्षन् स्त्रियो बलः ॥ ३० ॥**

તે શંખચૂડ જ્યાં જ્યાં શરીર બચાવવાને દોડ્યો ત્યાં ત્યાં ભગવાન્ ગોવિંદ તેની પાછળ ફર્યા. કારણ કે ભગવાનને તેના માથામાં રહેલું રત્ન લઈ લેવું હતું. બળદેવજી સ્ત્રીઓની રક્ષા કરવા માટે ત્યાં રહ્યા.

**सुबोधिनी**—ભગવાન્ ગોવિંદ છે એટલે ગોપીઓની રક્ષા કરવી એ તેમનું આવશ્યકકાર્ય છે. તેથી પોતાને તેની રક્ષા કર્યે જ છુટકો. અન્યથા તેના ઇન્દ્ર કહેવાય છે તે ન કહેવાય. રક્ષા તો ત્યારે થાય કે જ્યારે દોષનું મૂળ દૂર થાય. પરંતુ દોષરૂપ શંખચૂડ જીવતો હોય ત્યાં સુધી ગોપીઓની રક્ષા સર્વરીતે કરી ન કહેવાય. જ્યાં જ્યાં તે જીવ બચાવવાને માટે દોડીને ભરાય છે ત્યાં ત્યાં ભગવાન્ તેની પાછળ જાય છે. મારવો હોય તો દૂરથી પણ મારી શકાય તો શા માટે ભગવાન્ વધારે પરિશ્રમ કરે છે? તેના ઉત્તરમાં કહે છે કે એકલો મારવો જ હોય તો દૂરથી તે કામ બની શકે પરંતુ ભગવાનને તો તેના મસ્તકનો મણિ લેવો છે તેથી તે જ્યાં જાય ત્યાં ભગવાન્ પધારે છે.

દૂરથી મારે તો બીજા યક્ષો તે રત્નને લઇને ચાલતા થાય. મણિ હોય ત્યાં સુધી તે મરે પણ નહિં એવો મણિનો પ્રભાવ છે. ભગવાન્ જાણતા હતા કે મણિ તેના માથામાં રહે ત્યાં સુધી કોઈ હથીયાર તેના શરીરને લાગે નહિં તેથી પોતે જાતે તેની પાછળ પડ્યા. જીવ તો તેને મારી શકે જ નહિં તેથી પ્રભુએ પરિશ્રમ લીધો. બલદેવે સ્ત્રીઓની ચોકી કરી. જો એમ ન કરે તો કોઈ બીજો ત્યાંથી પાછાં ગોપીઓને ઉઠાવે. તેના માણસો ઘણા છે તે લઈ ન જાય તો તેને મારી નાખે. તેથી બધીરીતે એકે તેની રક્ષા કરી. બળ નામ એટલા માટે લીધું કે તે મૂર્તિમત્ બળ જ છે. ગમે તેટલા આવે તો પણ તેને મારી તે સ્ત્રીઓને સંભાળે એવી શક્તિ તે ધરાવે છે તેથી મૂળશ્લોકમાં તેને बल કહ્યા છે. કેમકે રક્ષણ કરવાની ચીજમાં સ્ત્રીઓ મુખ્ય છે. નબળો પણ યથાશક્તિ તેની રક્ષા કરશે. પોતે જીવતો હોય ત્યાં સુધી સ્ત્રીને બીજાના કબજામાં જવા ન દે. તો સાક્ષાત્ ભગદાવેશી કેમ પોતાના પરિગ્રહને બીજાના હાથમાં જવા દે ? ૩૦

હવે ભગવાને જે કર્યું તે કહે છે.

**अविदूर इवाभ्येत्य शिरस्तस्य दुरात्मनः ।**
**जहार मुष्टिनैवाङ्ग सहचूडामणिं विभुः ॥ ३१ ॥**

હે અંગ—ભગવાન્ તે દુરાત્માની નજીકમાં આવ્યા અને પોતાની એક મુષ્ટિવડે ચૂડાના મણિસુધાં તેનું મસ્તક ઉડાવી દીધું. તેમ કરવામાં તે સ્વયં સમર્થ છે ધારે તે કરી શકે એવા છે તેથી એકમુષ્ટિના પ્રહારથી તેનું મસ્તક છેદી નાખ્યું.

**સુબોધિની—**કેટલુંક ભગવાન્ દોડ્યા ત્યારે તેની નજીક પહોચ્યા. ખરીરીતે તો દૂર ગયો હતો પણ કાલને વિલંબ ન્હોતો તેથી તેજ પાસે આવી ગયો. ત્યારે ભગવાને તેની પાસે જઈ તેનું મસ્તક ખેંચી શરીરથી જૂદું પાડ્યું. ત્યાં શકા કરે છે કે જે બીકથી ભાગે તેને મારવો ન જોઇએ તેનો વિચાર ભગવાને કેમ ન કર્યો? ભગવાને દોડતાને પકડવામાં ક્લિષ્ટકર્મ શામાટે કર્યું ? તેના ઉત્તરમાં કહે છે કે તે દુષ્ટ હતો તે મારવાને લાયક હતો. વેદનો દ્વેષ કરનારાને મારવા જ જોઇએ. તેમાં આ શંખચૂડે તો સ્ત્રીઓનું હરણ કર્યું તે તેને મારવામાં નિમિત્ત છે. તે નિમિત્ત ન થયું હોત તો પણ તેને પહેલો મારત. જો અત્યારે જીવતો છોડે તો ફરીને પાછો આવે તેથી તેને મારવો યોગ્ય છે. કેવળ બળભદ્રની ક્રીડામાં આવીને વિઘ્ન કરે કેમકે તેનું અન્તઃકરણ દુષ્ટ છે તેને મારવામાં જ તેનું પણ શ્રેય છે તેથી તેનું મસ્તક ભગવાને જ્ઞાનશક્તિરૂપ હોવાથી મુખ્ય અંગ ગણાય તેને મુઠીમારીને લઈ લીધું, માથું ફોડ્યું નહિં. જેમ ઢગલો (ધાન્યરાશિ) પડ્યો હોય તેમાંથી ચોખાની એક અંજલિ લઇએ તેમ ભગવાને તેનું માથું લીધું. તેના બીજા અવયવ ઘણા હતા તેમાંથી જ્ઞાનશક્તિના સ્થાનરૂપ મસ્તકનો મુષ્ટિવડે ઉદ્ધાર કર્યો. જ્યારે ગોપીઓને હરણ કરવાનો વિચાર તેના મગજમાં આવ્યો ત્યારે સંયોજક દેવો તેના અવયવોમાંથી નીકળવા લાગ્યા. કેવળ મણિના પ્રભાવથી અવયવી દેહ ટકી રહ્યો હતો. ભગવાને તો ચૂડામણિસાથે તેનું માથું લઈ લીધું ત્યારે મણિ જવાથી તેના અવયવો છિન્ન ભિન્ન થઈ ગયા. તેથી ભગવાન્ પોતે તો અક્લિષ્ટકર્માજ રહી ગયા. ભગવાન્ વિભુ એટલે સમર્થ છે. મણિનું સામર્થ્ય દૂર કરવાની શક્તિ પણ ભગવાનમાં છે તેથી વિભુ વિશેષણ ભગવાનને આપ્યું છે. ૩૧

જ્યારે ચૂડામણિ સહિત મસ્તક ભગવાને ખેંચી લીધું ત્યારે તે મરી ગયો. તે વાત કહે છે.

**शङ्खचूडं निहत्यैवं मणिमादाय भास्वरम् ।**
**अग्रजायाददात् प्रीत्या पश्यन्तीनां च योषिताम् ॥ ३२ ॥**

**इति श्रीभागवते महापुराणे दशमस्कन्धे पूर्वार्धे शंखचूडवधे**
**एकत्रिंशोध्यायः (क्षेपकत्रयसहितश्चतुस्त्रिंशोध्यायः) ॥**

એ પ્રકારે શંખચૂડને મારીને તેના મસ્તકનો દેદીપ્યમાન મણિ લઈ સ્ત્રીઓના દેખતાં મોટા ભાઈ બળભદ્રને તે મણિ અર્પણ કર્યો.

**सुबोधिनी**—ભગવાને શંખચૂડને જે પ્રકારે માર્યો તે પ્રકાર કહ્યો. તેનાથી જૂદા પ્રકારે માર્યો નથી. તેની મુક્તિ થવા માટે निहत्य પદ મૂક્યું છે. ત્યાં શંકા થાય કે મરે તેનું દ્રવ્ય ન લેવાય છતાં ભગવાને મણિ કેમ લીધો. તેના ઉત્તરમાં કહેવાનું કે મણિ પ્રકાશ આપનાર હતો. ખરાબ જગ્યાએથી પણ ઉત્તમ મણિ હોય તો લેવો એવું ધર્મશાસ્ત્રનું વાક્ય છે. મણિનું ગ્રહણ કર્યું તેથી મણિના દેવો ભગવાનની ઇચ્છા કરતા હતા તેથી તેની કામના ભગવાને મણિલેવાથી સફલ કરી. ભગવાને મણિ લીધો તેના બદલામાં તેને મુક્તિ આપશે એમ કોઈ ધારે તો તે ન દેવામાટે પોતે તે ન રાખ્યો પણ મોટાભાઈને આપ્યો. તે મણિની દેવતાનો ઉપયોગ પણ બલભદ્ર પાસે મણિ રહે ને થાય તેમજ રાખ્યું. પોતે પ્રસન્નતાથી ભાઇને મણિ આપ્યો. ભાઈની માગણીથી આપ્યો એવું નથી સમજવાનું. સ્ત્રીઓના દેખતાં ભાઇને આપવાનું કારણ તો એજ કે ભગવાન્ પોતે રાખે તો સ્ત્રીઓ વખતે યાચના કરે માટે તેમના દેખતાં જ બળદેવજીને આપી દીધો. ચકાર છે તેથી તે મણિ બધી સ્ત્રીઓને બતાવ્યો તે બધીઓએ તેનો સ્પર્શ કર્યો પછી તે સ્ત્રીઓ તથા બીજા દેવોના દેખતાં બળદેવજીને આપ્યો. પ્રમાણની સિદ્ધિને માટે જે કાંઈ કરવું તે તેના અધિષ્ઠાતા દેવતાને અર્પણ કરવું એ તેમાંથી ભગવાને સૂચવ્યું છે. અહિં પ્રમાણબળ મુખ્ય છે. પ્રમેય વિચારથી કોઈ અર્થની શંકા અહિં કરવાની નથી. ૩૨

ઇતિ શ્રીભાગવત દશમપૂર્વાર્ધ દ્વિતામસાન્તર્ગત ચતુર્થ ફલપ્રકરણનાં શ્રીવલ્લભાચાર્યકૃત સુબોધિનીના ગુર્જરાનુવાદમાં ( છઠો અધ્યાય (તથા ક્રમશઃ) ૩૧ મો અધ્યાય સંપૂર્ણ થયો.

---

## અધ્યાય ૭ મો.

'આ બત્રીશમા અધ્યાયમાં શ્રીગોપીજનોના અન્તઃકરણમાં ભગવાન્ પોતાનો આનંદ પૂરે છે તે કારણથી ભગવાન્ પૂર્ણાનંદ કહાવે છે.[1] ભગવાન્ શ્રવણદ્વારા હૃદયમાં

---

१ द्वात्रिंशेन्तर्गोपिकानां स्वानन्दं भगवान् हरिः । पूरयामास येनैव पूर्णानन्द इतीर्यते ॥ १ ॥
अन्तः प्रविष्टो भगवान् मुखादुधृत्य कर्णयोः । पुनर्निवेश्यते सम्यक् तदा भवति सुस्थिरः ॥ २ ॥
शब्दार्थयोर्युग्मताऽत्र युग्माः श्लोकास्ततोत्र हि । सर्वेषु चैव मासेषु यत्करोत्युच्यते हि तत् ॥ ३ ॥
अतो च मासयुग्मा हि प्रक्रमः फलमेव च । आद्यन्ते चापरं युग्मं त्रयोदश भवन्ति तत् ॥ ४ ॥

પ્રવેશ કરે તે મુખથી બોલાય (એટલે બહાર પધારે) અને કાનદ્વારા પાછા હૃદયમાં પધારે ત્યારે સારી રીતે હૃદયમાં તે સ્થિર થાય. અહિં શબ્દ અને અર્થ બન્નેની મુખ્યતા છે તેથી આ અધ્યાયમાં બબ્બે શ્લોકનો સંબંધ છે. વર્ષના બધા માસમાં જે ભગવાન્ કરે છે તે ગોપીઓ બોલે છે. તેથી એક માસનું એક યુગ્મ સમજવું અને આદિ-ઉપક્રમનો એક શ્લોક અને ઉપસંહારનો એક શ્લોક મળી એક યુગ્મ એટલે તે ૧૩ મું યુગલ થયું. વર્ષના બાર માસ અને અધિકમાસ તેરમો માસ પણ ગણાય. તેથી ૧૩ યુગ્મ આ અધ્યાયના છે.'

એમ ભગવાનની સાથે રાત્રિમાં ગોપીઓ ક્રીડા કરે પણ દિવસે તો તેને સંસારની પ્રવૃત્તિ હશે એમ શંકા કરીને કહે છે કે દિવસમાં ગોપીઓ ભગવદ્‌ગુણગાનપરાયણ રહે છે. એ કહેતાં ગુણવર્ણન મુખ્ય કર્તવ્ય છે. આરંભમાં દુ:ખ પણ પર્યવસાનમાં સુખ છે એમ નિરૂપણ કરતાં પ્રથમ પ્રવૃત્તિમાં ગોપિઓને દિવસમાં ભગવાનના વિરહનું પરમ દુ:ખ થયું એ વાત હવે કહે છે.

**श्रीशुक उवाच–**

**गोप्यः कृष्णं वने याते तमनुद्रुतचेतसः ।**
**कृष्णलीलाः प्रगायन्त्यो निन्युर्दुःखेन वासरान् ॥ १ ॥**

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે કૃષ્ણ દિવસે વનમાં પધારે છે ત્યારે ગોપીઓના ચિત્ત તેની પાછળ દ્રવ થઇને ચાલી નીકળે છે તેથી તેઓ કૃષ્ણલીલાનું ગાન કરતાં કરતાં આખા દિવસો વિરહના દુ:ખમાં નિર્ગમન કરે છે.

**सुबोधिनी—**गोप्यः એમ કેવલ ગોપીવાચક પદ મૂક્યું છે તેથી તે પહેલાં કહેલી ગોપીઓ એટલે બલભદ્રની સાથે રાસ કરનારી નહિં પણ તેની પહેલાં રાસમાં રમનારી તે આ છે. સદાનંદ જ્યારે વનમાં જાય ત્યારે ચિત્ત તેની પાછલ દોડે છે એટલે ભગવાન્ શિવાય બીજી વસ્તુને ગ્રહણ કરવામાં ચિત્ત અસમર્થ બન્યું. દ્રુત શબ્દ કહેલ છે એટલે ચિત્તનો ભગવાનમાં લય કહ્યો. જેમ સોનું રસ થઈ જાય એમ ચિત્ત દ્રવ થઇને ફેલાઈ ગયું, અત્યંત સૂક્ષ્મભાવને પામી ગયું. તેણે સદાનંદની લીલાને પકડી લીધી તેથી કૃષ્ણનું તે ગાન કરવા લાગી. જેમ સ્વરૂપ સદાનંદ છે તેમ તેની લીલા પણ સદાનંદ છે તે બતાવવા માટે કૃષ્ણલીલા એમ બીજીવાર કૃષ્ણ શબ્દ કહ્યો છે. તેવું ન કહેવું હોત તો તેની લીલા કહેત તો પણ ચાલત. તેમ કહ્યું હોત તો કૃષ્ણ સંબંધી એમ અર્થ થાત પરંતુ લીલા પ્રાપ્ત ન થાત. અને લીલા તો અવશ્ય કહેવી છે કેમકે સ્વરૂપનો વિયોગ હોય ત્યારે તે સદાનંદ શિવાય કોઈ જીવાડે નહિં. તેની લીલા પણ સદાનંદ છે તેનાથી જીવન થયું તે વિના બધું હીન છે. તેથી દિવસો મહાકષ્ટથી નિર્ગમન કરે છે. એ ચિત્ત જ્યારે જૂદા જૂદા ભગવાનના ચરિત્રમાં લીન થતું એકત્ર થશે ત્યારે તેમના મનોરથો પૂર્ણ થશે અત્યારે તો બધી સામગ્રી છિન્નભિન્ન થઈ ગઈ છે. તેથી દુ:ખથી દિવસો કાઢે છે. વાસર કહ્યો છે તેથી રાત્રિને માટે પ્રાણને બચાવે છે. એમ લક્ષિત થાય છે.

[1]"આ ગોપીઓ બે શ્લોકના યુગલથી ગાય છે તેમાં પ્રથમ શ્લોકમાં વેણુનાદપૂર્વક ભગવાનની લીલા હેતુરૂપે કહેવાય છે. દેવસ્ત્રીઓ, ગાયો, નદીઓ, વૃક્ષો, લતાઓ, પક્ષીઓ, મેઘો, બ્રહ્માદિ દેવો, ગોપીઓ વગેરે, હરિણીઓ, દેવગંધર્વો, બે રીતે ભગવાન્ અને હરિ, એ વેણુરસને જાણનાર હોવાથી બીજા શ્લોકમાં કહેવામાં આવ્યા છે. ભગવાન્ જાણે છે. હરિ જાણે છે માટે છેલ્લે ભગવાન્ કહ્યા છે. બે વાર અનન્યબુદ્ધિથી કહ્યા છે. '[2]નાદનો પ્રતાપ તો સ્ત્રીઓમાં જણાયો એથી સ્ત્રીઓ પ્રથમ કહી છે. તેના ત્રણ પ્રકાર કહ્યા છે. પછી પુરુષો કહ્યા છે. બ્રહ્મા, ગોપી, મૃગી એ ત્રણેના ત્રણ પ્રકાર છે. બધા દેવો છુટા છુટા કહ્યા છે. બધા વેણુનાદને જાણનારા નથી પરંતુ વસ્તુના સામર્થ્યની તેની ઉપર અસર થઈ છે. એમ વેણુ બાર પ્રકારે ફલિત થયો એ અત્રે કહેવામાં આવે છે.'

તેમાં પ્રથમ સ્ત્રીઓનું પ્રાધાન્ય કહેવામાટે દેવની સ્ત્રીઓ મુખ્ય ગણાય તે દેવની સ્ત્રીઓને વેણુનાદે શું અસર કરી તે કહેવા માટે વેણુનાદ ઉપડે છે તેનો પ્રકાર કહે છે.

**वामबाहुकृतवामकपोलो वल्गितभ्रूरधरार्पितवेणुम् ।**
**कोमलाङ्गुलिभिराश्रितमार्गं गोप्य ईरयति यत्र मुकुन्दः ॥ २ ॥**
**व्योमयानवनिताः सहसिद्धैः विस्मितास्तदुपधार्य सलज्जाः ।**
**काममार्गणसमर्पितचित्ताः कश्मलं ययुरपस्मृतनीव्यः ॥ ३ ॥**

હે ગોપીઓ! ભગવાન્ પોતાના શ્રીમુખને વામબાહુ તરફ ઝુકાવે છે ત્યારે કપોલ વામબાહુ ઉપર આવે છે. ભ્રકુટી નાચે છે, અધર ઉપર વેણુને ધરીને કોમલ આંગળીઓ તેના વાયુ જવાના છિદ્ર ઉપર રાખી જ્યારે મોક્ષદાતા મુકુંદ ભગવાન્ વેણુને બજાવે છે ત્યારે સિદ્ધની સાથે વિમાનમાં ફરતી દેવાઙ્ગના વેણુનાદ સાંભલીને વિસ્મિત થાય છે તેને કામચેષ્ટા થતાં લજ્જા દેખાડે છે. કામના બાણ ચિત્તમાં ચોટવાથી કપડાનું ભાન ન રહેતાં મનમાં મલીનતાને અનુભવે છે.

**सुबोधिनी**—જ્યારે મુકુંદ અધર ઉપર વેણુ ધરીને તેમાં નાદ પૂરે છે તે વખતે આકાશના વાહનમાં ફરતી સ્ત્રીઓ મનમાં વિકારને પામે છે. એ શ્લોકનો સંબન્ધ છે. વેણુનાદના પાંચ પ્રકાર છે. મુખની બે બાજુ, સમાનતામાં, ઉપર, નીચે, એમ વેણુને

---

१ सर्वोत्तमा हरेर्लीला वेणुनादपुरःसरा । हेतुः सर्वत्र वाच्येर्थे प्रथमेषु निरूप्यते ॥ १ ॥
दिवः स्त्रियस्तथा गावः सरितः पादपा लताः । पक्षिणश्च तथा मेघा ब्रह्माद्या गोपिकास्तथा ॥ २ ॥
हरिण्यो देवगन्धर्वा द्विधा च भगवान् हरिः । उत्तरेषु निरूप्यन्ते रसज्ञा वेणुवादने ॥ ३ ॥
जानाति भगवानेव जानात्येव हरिः स्वयम् । अतोन्ते भगवानुक्तो वारद्वयमनन्यधीः ॥ ४ ॥
२ अनुभावस्तु नादस्य स्त्रीषु पूर्वमुदीयते । त्रिविधासु ततः पुंस्सु ब्रह्मा गोपी तथा मृगी ॥ ५ ॥
त्रयोत्र त्रिविधाः प्रोक्ताः प्रकीर्णाः सकलाः सुराः । सर्वे एवानभिज्ञा हि वस्तुसामर्थ्यसंयुताः ॥ ६ ॥
एवं वेणुर्द्वादशधा फलतीति निरूपितः ॥

ધરવાથી તે પ્રકારો થાય છે. તેમાં ભગવાન્ વામ તરફ ઢલીને વેણુનાદ કરે તો સ્ત્રીઓને કામોદ્દબોધ કરે, દક્ષિણ તરફ શ્રીમુખને નમાવીને કરે તો સ્ત્રીઓ અને પુરુષોને કામોદ્દબોધ કરે, ઉચ્ચે શ્રીમુખ રાખીને નાદ કરે તો દેવોને અસર કરે. નીચે મુખારવિંદ નમાવીને નાદ કરે તો પશુઓને અસર કરે. સમતાથી નાદ કરે તો બધાને અને જડ પદાર્થને અસર કરે. તેમાં ડાબી બાજુ મુખ નમાવીને કરે તો તેની અસર દેવસ્ત્રીના કામને જગાડવામાં થાય તેનું અહિં વર્ણન કરે છે. માણસના ભાવ કરતાં દેવનો ભાવ મોટો ગણાય છે તેથી ભગવાન્ મનુષ્ય છે તેના નાદની અસર દેવસ્ત્રીઓને નહિં થાય એવી શંકા કરી 'તે ભગવાનની ભ્રકુટીનો વિલાસ બ્રહ્માના સ્થાનરૂપ છે' એમ કહ્યું છે તે ભ્રૂનો વિલાસ નાદમાં જોડ્યો તે કહે છે. વામ ખભાને વામ કપોલ જેણે લગાડ્યો છે. ચપલતાવાલી ભ્રૂ છે જેની, તેમાં ભ્રકુટી જમણી છે તેવી રીતે જ દેખાવ થાય છે. વલ્ગન પણ ઉંચી ગતિરૂપ કરે છે. અધરનું વર્ણન પહેલાં કરી ગયા છે. તે લોભાત્મક છે. લોભીને જો પરમાનંદ સાચવવા આપ્યો હોય તો તે કોઇને ન આપે પણ કામનો જ તે ઉદ્દબોધ કરે. તે વેણુનાદને સાંભળનાર પણ વિરહથી ઉત્પન્ન થતા કલેશનોજ અનુભવ કરે પણ પરમાનંદનો અનુભવ તેને ન થાય. તેમાં પણ ક્રિયાશક્તિ જો પુષ્ટ થાય તો લોભીઆથી પણ ફલ મેળવી શકે તે ક્રિયાશક્તિ અહિં પુષ્ટ નથી કેમકે કોમલ આંગળીઓ નાદ જવાના માર્ગને રોકે છે. વેણુનાદની શરૂઆત થાય ત્યારે મંદ રીતે થાય. તે નાદને નિકળવાના વેણુના છેદ છે તેને જોરથી આંગળીથી દબાવે તો સુર ઉચ્ચો નીકળે, મધ્યભાવથી આંગળાં રાખે તો મધ્યમ સ્વર નીકળે, કોમળતાથી આંગળાં ચલાવે તો મંદ નાદ પ્રકટે. હે ગોપીઓ! તમે બધીઓએ એ નાદ સાંભળ્યો છે તેથી તમોને સાક્ષિ તરીકે બોલાવીને હું નાદનું વર્ણન કરૂં છું. ઇરણ એટલે વગાડવું. વગાડવાનું કારણ એ જ કે ભગવાનને મોક્ષ આપવો છે તે જો વેણુનાદથી જગત શુદ્ધ થાય તો તેને મોક્ષ હું આપું એ વિચારથી નાદ કરે છે. ૧ ભગવાન્ તો લોકના હિતને માટે વેણુનાદ કરે છે પણ જેનો અધિકાર ન્હોતો તેને તો નાદ સાંભલતાં કામ ઉત્પન્ન થયો તે કહે છે. વિમાનમાં બેસી આકાશમાં ફરે તે સર્વે દેવયોનિઓ તેની સ્ત્રીઓ તે અધિકારવાળી છે. સ્ત્રી છે, ભોગરૂપ છે. તેથી મુક્તિની અધિકારિણી નથી. તે પોતાના પતિઓ સિદ્ધોની સાથે વિમાનમાં ફરે છે તે દેવો ભગવાન્ શિવાયની બધી વસ્તુ આપી શકે છે તેમજ ગાનમાં અત્યંત પ્રવીણ હોય છે. તેમણે પહેલો વેણુનો નાદ સાંભલ્યો ત્યારે તેને વિસ્મય થયો કે આવો સુંદર નાદ મર્ત્યલોકમાં ક્યાંથી થયો? તેને થોડી કામની બાધા થઈ તેથી તેમણે વેણુનાદ ધ્યાન દઇને સાંભળ્યો. ત્યારે સ્ત્રીઓને લજ્જા આવી કેમકે પતિઓ સાથે હતા છતાં સ્ત્રીઓને કામ થયો તે દેવો જાણે તો તેની સ્ત્રીઓને લાજ આવે. જ્યારે અત્યંત કામ થયો ત્યારે જાણ્યું કે હવે તો કામથી મરશું તે વખતે આત્મરક્ષા માટે કામના બાણોને અધીન ચિત્તને કરી દીધું. જેમ કોઈ ધનને માટે મારવા આવ્યો હોય તેને ધન આપીને બીકણ માણસ આત્માને બચાવે છે તેમ કામને ચિત્ત આપી દીધું તેથી તેને મૂર્છા થઈ તે મૂર્છામાં તે પોતાનું સ્વરૂપ ભૂલી ગયાં, કટિનું વસ્ત્ર ખસી ગયું. એવો વેણુનાદ સાંભળતાં મનુષ્યની સ્ત્રીને મૂર્છા થાય તેમાં શું કહેવું? ૨

વેણુનાદ સાંભળતાં ગાયોને પણ અસર થઈ એ કહેવામાટે પ્રકારાન્તરથી વેણુનાદની ઉત્પત્તિ કહે છે.

**हन्त चित्रमबलाः शृणुतेदं हारहास उरसि स्थिरविद्युत् ।**
**नन्दसूनुरयमार्तजनानां नर्मदो यर्हि कूजितवेणुः ॥ ४ ॥**
**वृन्दशो व्रजवृषा मृगगावो वेणुवाद्यहृतचेतस आरात् ।**
**दन्तदष्टकवला धृतकर्णा निद्रिता लिखितचित्रमिवासन् ॥ ५ ॥**

હે અબલાઓ! આ નંદના પુત્ર હારના જેવા હાસવાળા છે. ઉરસ્—છાતી-માં જેને વિજલી સ્થિર થઈ ગઈ છે, આર્તજનની આર્તિને વિનોદમાત્રથી દૂર કરે છે તે જ્યારે વેણુનું કૂજન કરે છે ત્યારે વ્રજના આખલાનાં ટોળાં, હરિણીયાં, ગાયો વગેરે પ્રાણિઓ, વેણુનાદથી ચિત્ત હરાઈ જતાં તેના દાંત નીચે દબાયલાં તરણાં રહી જાય છે તેના કાન નાદ તરફ ઢળે છે અને જાણે નિદ્રા લેતા હોય, જાણે ચિત્રમાં આલેખેલા હોય, તેવા થઈ જાય છે. તે આશ્ચર્ય તો તમે જુઓ.

**सुबोधिनी**—હે અબલા આ આશ્ચર્ય સાંભળો. જ્યારે નંદનો પુત્ર વેણુનું કૂજન કરે છે ત્યારે સાંઢ અને ગાયોએ દાંતમાં લીધેલા કોળ મુખમાંથી પડી જાય છે. અને ઉંઘતા હોય તેવા દેખાય છે. એવો શ્લોકનો સંબંધ છે. પશુઓને કામ પોતાની જાતમાં જ રહે છે. ઉચ્ચમાં નહિં તેમ નીચમાં પણ તેને કામ હોતો નથી. ખચ્ચરની તો વ્યવસ્થા જૂદી જ છે. હીનમાં મોટાનો રમણ સંબંધ પણ રસાભાસને ઉત્પન્ન કરનારો થાય. માટે અહિં સંભોગરૂપ કામ નથી. પરંતુ પશુને અવશ્ય કર્તવ્ય ખાવું એ હોય તેને અહિં કામ માન્યો છે. વેણુનાદ તેના ખાવાને રોકી દે છે. પહેલા શ્લોકમાં ભગવાન્ જે અભિનયથી નાદ કરે છે તે બધું અહિં પણ સમજી લેવું. પ્રથમ નાદ કર્યો તેના કરતાં આ નાદમાં અવાંતર ભેદ સમજવો. 'હંત !' એ ખેદને લીધે કહ્યું. જ્યાં નાદ સાંભળવાથી ગાયો પણ વ્હાલામાં વ્હાલું ખાવાનું છોડી દે છે ત્યાં પોતાનો ભગવદ્વિષયક કામ નથી મટતો તે બાબતનો ગોપીઓના મનમાં ખેદ રહે છે તેથી આ ચિત્ર સાંભળો એમ કહ્યું. ચિત્ર એટલે આશ્ચર્ય. જ્યાં પશુને પણ વિષય નિવૃત્ત થાય ત્યાં માણસને ન થાય એ આશ્ચર્ય કહેવાય. એ બતાવવા અહિં चित्र-શબ્દ ધર્યો છે. પહેલા યુગલમાં કહ્યા કરતાં પણ આમાં પશુઓને અસર વધારે થઈ. પહેલામાં તો દેવસ્ત્રીઓ પુરુષોત્તમમાં કામુકી થઈ હતી તે તો થાય પણ પશુ ખાવાનું છોડી દે એ આશ્ચર્ય કહેવાય. અબલા એમ સંબોધન આપે છે તેનો ભાવ એ છે કે આપણામાં બળ નથી નહિં તો વનમાં જઇને તેનાં દર્શન કરીએ. તે નથી બનતું એ આપણું અબળાપણું છે. હું કહું છું તે તમેં સાંભળો. અહિં ગોપીઓ નવ પ્રકારની છે. ગુણાતીત ગોપીમાં કર્મ જ્ઞાન અને ભક્તિ એ ત્રણ ભેદ છે. તેમાં બોલનારની આ વ્યવસ્થા છે. પહેલી રાજસીઓ છે. આ રાજસરાજસી છે. જે અપેક્ષિત હોય તે પહેલે કહી ગયા તેમાંથી બધું લઈ લેવું. પ્રથમ તો ભગવાનના સ્વરૂપને કહું છું તે સાંભળો. તે સ્વરૂપને ચાર પ્રકારે વર્ણવે છે. હારની જેમ હાસ જેનો છે, ઉરસ્માં સ્થિર વિજલી જેને છે, નંદરાયના પુત્ર, આર્તજનોને નર્મ આપનાર, તેનું કારણ આ દર્શન આપે છે તે એ જ. તે ન હોય તો હમણાં આપણી આગળ દેખાયા તે ન દેખાય અથવા બીજા મુહૂર્તમાં લક્ષ્મીની સાથે નીકળ્યા છે. ત્યારે દરેક

મુહૂર્તમાં યુગલ કહેવાય છે. સંધ્યા અને સંધ્યાંશ બાદ કરતાં દિવસના બાર મુહૂર્ત થાય. સોમની ઉત્પત્તિ કહી ત્યાં એ નિર્ણય છે. બીજાનું હસવું દોરડા જેવું એક જાતનું હોય છે. ભગવાનનું હાસ્ય તો દાંતની કાંતિ પડે હાર જેવું છે તેથી તેના હાસમાં ભેદ પડી જાય. જેમ મોતીનો હાર હોય તેવો ભગવાનનો હાસ. જેમ રત્ન વચમાં આવે તેવી દાંતની કાંતિ બન્નેનું મિશ્રણ ભગવાનના હાસમાં છે. એમ કહેવાથી જગતના પ્રપંચમાં ભગવાને મોહ કરવાનું સ્થિર કરી નાખ્યું. સ્નેહ કલાવડે માયાને જૂદી પાડી. અહિં આવો અર્થ કર્યો તેનું મૂળ શ્રુતાર્થાપત્તિ છે. જે જોયું નજરે તેમાં શંકા કરવાનું ન હોય. દૃષ્ટને અનુસારે બધી વ્યવસ્થા થઈ શકે. જેમ લોકમાં પ્રત્યક્ષ પ્રમાણ છે તેમ વૈદિકોને શ્રુતિ પ્રમાણરૂપ છે. જેટલું કહેવાથી સમજવાનો પદાર્થ હૃદયમાં સ્થિર થાય ત્યાં સુધી તેને લાયક કહ્યા કરવું એવી સર્વત્ર રીતિ છે. કેવલ સંસારમાં છોકરાં વગેરેમાં આસક્તિ સ્થિર કરે એટલું જ નહિં પણ ધનની આસક્તિ પણ તે માયા સ્થિર કરે છે. છાતી ઉપર લક્ષ્મી સ્થિર થઈ ગઈ છે. એમ પ્રમાણબળના નિરાકરણ માટે એ વિશેષણ કહીને પ્રમેયબળના નિરાકરણમાટે એ કહે છે. તે નંદના પુત્ર થયા છે. આર્તોની પાસે પોતે પધારીને સુખ આપે છે. દેખાય છે તો એવું. તેથી તેને પ્રમાણ માનવું પડે. મોટા એમ ન કરે છતાં એમ કરે તે આશ્ચર્ય છે એ અર્થને પ્રકટ કરતા વેણુનું કૂજન કરે છે અથવા પહેલાના કરતાં ફેર એટલો કે આ નાદ નીચું મુખ રાખીને કરે છે. હારના જેવો હાસ છે. જેના ઉરમાં વિજલીની સ્થિરતા એ આશ્ચર્ય. શ્રીવત્સ પણ છાતીમાં સ્થિર છે તે શોભા ક્યારે આપે કે જ્યારે તે સ્થિર હોય. તેવા નંદના પુત્ર થાય ત્યારે તેમાં સ્નેહ વધે છે. તેમાં પણ તે આપણી ઉપર ઉપકાર કરે છે. કૂજન એ વગાડવાનો વિશેષ ધર્મ છે. સર્વની અંદરનો જે પ્રાણનો ધર્મ છે તેને પણ તે કૂજન આકર્ષણ કરે છે. ૪

જ્યાં પશૂને પણ ખાવાનું ભૂલાવે ત્યાં બીજાંના ધર્મો ભૂલાવે એમાં શું કહેવું? તેથી એક નહિં પણ અનેક પશુઓની વાત કરે છે. એક પશુને તેવી અસર બીજા કારણથી પણ થઈ શકે. અહિં તો વેણુનાદ સાંભલનાર બધાની તે સ્થિતિ થઈ એ કહેવું છે કે જ્યાં વેણુનો શબ્દ પેઠો ત્યાં બધાને એવી અસર થઈ. વ્રજમાં રહેલા સાંઢો મોટી કોટવાળા હોય છે, મસ્ત હોય છે, (નીલોત્સર્ગમાં જે વૃષને છોડે છે) તેને કામ કરવું ન પડે તેથી તે મસ્ત હોય છે તેવા ઉત્સૃષ્ટ વૃષો મસ્ત દેખાય છે. વ્રજની આસપાસ રહે છે. ગ્રામ્ય પશુ છે એમ બતાવવામાટે વ્રજવૃષ કહ્યા છે. બીજા હરિણ વગેરે પશુઓ, આખલા, ગાયોની સાથે જંગલમાં ભેગાં મળે છે. આરણ્ય અને ગ્રામ્ય પશુના ભેદ સમજવા માટે સામાન્ય મૃગપદ મૂળમાં મૂક્યું છે. શું કહેવું ! બધા પશુઓ વેણુનાદ સાંભળીને હરાયલા ચિત્તવાળા થઈ ગયા. વેણુનાદે સર્વના ચિત્ત ખેંચી લીધાં તેથી તે ભગવાનની પાસે જવાને સમર્થ ન થયા. દૂરથી સાંભળતાં ચિત્ત ચલિત થયાં બેભાન થયા. તે વેણુનાદનો સ્વાભાવિક ધર્મ કહ્યો. ભગવાન્ નજીક છે તેની અસરથી એમ થયું છે એમ માનવાનું નથી. ઘાસ કાપેલાં તે મોઢામાં ગયાં તેને છોડી ન શક્યાં તેમ ખાઈ ન શક્યા. દાંતે તરણાં તોડ્યાં ત્યાં નાદ સાંભળતાં મોઢાં ખુલ્લાં રહી ગયાં નાદે કામ કરતાં અટકાવી દીધા. પૂર્વક્રિયા અત્યાવશ્યક છે તે બતાવવામાટે કવલ પદ છે. મોઢામાં લીધું તે અંદર ઉતારવું જોઇએ જ પરંતુ તેનાથી તે ન બન્યું. દેવસ્ત્રીના જેવી મૂર્છા આને નથી એ धृतकर्णा પદથી કહ્યું છે. જ્યાંથી નાદ આવતો હતો તે તરફ કાન તેના

ઊંચા થયા છે. તેથી બધું છોડી કાનને તે નાદ ગ્રહણ કરવામાં રોકી દીધા. બહારની ચેષ્ટા બંધ થતાં ઉંઘતા હોય તેવા જણાયા. નાદ બધે વ્યાપ્ત થઈ ગયો ત્યારે ચિત્રમાં ચિતરેલા હોય તેવાં બધાં પશુઓ જણાયાં. સ્થાવર કરતાં પણ તે સ્થિર થઈ રહ્યા. પહેલાં અસર થઈ તેના કરતાં પશુને વધારે અસર થઈ એથી ચિત્રતા એટલે આશ્ચર્ય પામવાનું કહ્યું છે. ૫

ભગવાને વેણુનાદ કર્યો ત્યારે અત્યંત જડ—નદીઓને પણ ઇચ્છા ઉત્પન્ન થઈ એ વાત કહેવાને માટે બીજી રીતે વેણુનાદનું વર્ણન કરે છે તે ત્રીજા યુગલમાં કહેવાય છે.

**बर्हिणः स्तबकधातुपलाशैः बद्धमल्लपरिबर्हविडम्बः।**
**कर्हिचित्सबल आलि सगोपैः गाः समाह्वयति यत्र मुकुन्दः ॥६॥**
**तर्हि भग्नगतयः सरितो वै तत्पदाम्बुजरजोऽनिलनीतम्।**
**स्पृहयतीर्वयमिवाबहुपुण्याः प्रेमवेपितभुजाः स्तिमितापः ॥७॥**

મયૂરચંદ્રિકા, ગૈરિકાદિ ધાતુઓ અને કોમળ વનસ્પતિના પલ્લવના શૃંગાર કરી મલ્લનો વેષ કરી હે આલિ! બળદેવ સહિત કૃષ્ણ ગોપોની સાથે વનમાં વેણુનાદ કરી ગાયોને બોલાવે છે ત્યારે તેને સાંભળતી નદીઓના પ્રવાહ વિચ્છિન્ન થઈ જાય છે. અને કૃષ્ણના ચરણની રજ વાયુ ખેંચી લાવે છે તેની અમારી પેઠે સ્પૃહા કરતી થોડા પુણ્યવાળી તે નદીઓ પ્રેમથી તરંગરૂપી ભુજાઓ કંપાવે છે તથા તેનાં જળ સ્થગિત થઈ જાય છે.

सुबोधिनी—આવેશ અને દેવના જેવો વેષ પહેલાં કહ્યો. લીલાનો આવેશ અત્યારે કહેવામાં આવે છે. નદીઓનો પ્રવાહ ચાલ્યા જ કરે છે તે ક્ષણવાર પણ ઉભો રહેતો નથી. ચેતન પ્રાણિઓને તો નિદ્રા વખતે, મૂર્છા વખતે, ક્રિયા બંધ પણ રહે એ જોવામાં આવે છે. નદીનો રાત દિવસ પ્રવાહ ચાલ્યા કરે તે કયારે પણ અટકે નહિં તેમાં પણ મોટી નદીનો પ્રવાહ ન અટકે; તેને બંધ પણ કરી ન શકાય. એવી નદીઓ પણ વેણુનો નાદ સાંભલી ચાલવાનું છોડી ઉભી થઈ ગઈ. બર્હિં એટલે મોર તેના પીછના ગુચ્છો, ગૈરિકાદિ ધાતુઓ, પાંદડાં અથવા ધાતૂનાં પાંદડાં ચિત્રેલાં કમળ-પત્રની જેમ કરેલાં દેખાવમાટે બાંધેલા છે. તેનાથી મલ્લનો વેષ બનાવ્યો છે. મોરપિચ્છના જોડ કરીને તેનો મલ્લકાછ બનાવ્યો અને ઉપર પણ પત્રની કલગીઓ ધરાવી. જે અસ્વાભાવિક થાય તે વિડંબન કહેવાય. એટલે ભગવાન્ મલ્લ નથી છતાં મલ્લનો વેષ કર્યો એટલે આ નાદ નાચવાના ઉપયોગમાં આવે તેવો થશે એમ કહ્યું. નાદમાં ક્રિયાશક્તિ પ્રકટી તેણે નદીઓને થંભાવી દીધી. જ્યારે ભગવાનની ક્રિયાશક્તિમાં ઉત્સાહ આવ્યો ત્યારે, તેથીજ બળભદ્રની સાથે રહ્યા છે. આલિ એવું બેનપણીનું સંબોધન છે. તેથી આ અર્થ ગુપ્ત છે છતાં તું સમાન શીલવ્યસન હોવાથી તને કહ્યો છે. આ સખી ઘણુંકરીને સ્નાનાદિ નિમિત્તે નદી ઉપર ગએલી તેને દર્શન થયું તે તેણે કહ્યું એમ સામગ્રી કહીને અમારા ભોક્તા ખરીરીતે તેજ છે અથવા અમારે માટે પ્રકટ્યા છે. હમણાં ગોપોની સાથે વનમાં છે. તેથી અહિં વૈકુણ્ઠમાં રહેનારની લીલા છે એમ સૂચન કર્યું છે. અહિં પણ લક્ષ્મી અમારી સાથે રહે છે, રાતે ગોપો સાથે રહે છે. માટે રહસ્યને સૂચન કરનાર આલી એવું સંબોધન કર્યું છે. ત્યારે ગાયને ભગવાન્ બોલાવે છે. ત્યારે વેણુનાદ કરે છે.

આગળ પણ वेणुनाह्वयति એમ કહેશે. અથવા વેણુની તુલ્યતા બતાવવા માટે વેણુનું ગ્રહણ નથી કર્યું. ગાયોને બોલાવવાનું કારણ પોતે મુકુંદ છે. તેને મોક્ષ આપવો છે. તે તો પશુ હોવાથી તે કાંઈ સાધન કરી શકે તેમ ન હોવાથી તેને બોલાવીને મોક્ષ આપે છે અથવા પોતાનો રસ તેમાં સ્થાપવા માટે ઊભી થએલી ક્રિયાશક્તિ મોટું કામ કરે છે. એ બતાવવા માટે ગાયોને બોલાવે છે. ૬

गच्छति. ચાલ્યા કરે તે ગા કહેવાય. એ યોગનો અર્થ નદીમાં પણ છે. તે પણ ચાલ્ય કરે છે તેથી ગાયને બોલાવી ત્યારે નદીએ પણ પોતાને બોલાવ્યાં એમ જાણ્યું. તે પણ ઉભી રહી એ વાત કહે છે. તત્કાળ એટલે વેણુનાદ સાંભળવાની સાથેજ ચાલતાં બંધ થયાં. ભગવાનની આજ્ઞા કોઈ પણ ઉલ્લંઘન કરી ન શકે. સરિત્ કહેવાથી તેનું પ્રવાહ સ્વરૂપ છે. તેને વૈષ્ણવતાની ઇચ્છા છે. તેનો પતિ સમુદ્ર છે. ભગવાન્ પતિ થાય એ ઇચ્છા-એ ભગવાનના ચરણની રજને ઇચ્છે છે. રજનો સંબંધ થવાનો ઉપાય કહે છે કે વાયુ પોતાને માટે રજ ખેંચી જાય છે તે વાયુ ઠંડકને માટે જળનો સ્પર્શ કરે ત્યારે તેની રજ જળને લાગે તે ત્યાં જ રહી જાય. ભગવદીયો જ તે રજને મેળવી શકે તેથી નદીઓને તો રજની કામના દૂર રહી પણ કામ ઉત્પન્ન થયો કેમકે દેવરૂપ નદીઓ છે. માટે કાલિન્દી આગળ જતાં ભગવત્કામના કરશે. હમણાં તેનું ભાગ્ય નથી કેમકે બહુપુણ્ય નથી કર્યાં તે વિના ચરણરજ દુર્લભ છે. જો પૂર્વના પુણ્ય હોય તો ગાયનું રૂપ જલદી થઈ જાય. દિવસના ગોવળરૂપ થઈ જાય તો ભગવાનનો વિરહ ભોગવવો ન પડે. રાતમાં પાછાં સ્ત્રી થઈ જઇયે. પરંતુ પુરાં પુણ્ય વિના ઇચ્છા પૂર્ણ થતી નથી. તેનો ભગવાનમાં એવો ભાવ છે એવું તમે શાથી કહી શકો? એ શંકાના ઉત્તરમાં કહે છે કે તે અમારા જેવાં થોડાં પુણ્યવાળાં છે. જો અમારા પૂરાં પુણ્ય હોય તો દિવસે ગાય કે ગોપ થઇએ તેથી અમારે સ્પૃહા છે તેમ તેને પણ સ્પૃહા છે. તેનું કામ સિદ્ધ થતું નથી. તેને સાત્વિક ભાવથી પણ તેના હૃદયનો તેવો ભાવ લક્ષિત થાય છે. તે જ કહે છે કે પ્રેમથી તેની ભુજા કંપે છે. વાયુને લીધે તેના તરંગ ચાલતા નથી પણ તેનો તે સાત્વિક ભાવ દેખાય છે. તેથી તે અમારી જેમ વિરહવ્યાધિવાળી છે. તેને સ્તંભ પણ દેખાય છે. કેમકે તેનાં જળ સ્તિમિત—સ્તબ્ધ—થઈ ગયાં છે ચાલતાં થંભી ગયાં છે એમ રજોગુણના ત્રિવિધ ભેદ કહ્યા. ૭

सत्त्वના ભેદો કહેવા માટે ભગવાનને પણ તેવા વર્ણવે છે. अनुचरैः એ ત્રણ યુગલથી. લતા વિદ્યુત્ અને મેઘ એ ત્રણ સાત્ત્વિક છે. એ બધા વેણુનાદથી ભક્તિપૂર્ણ થયા. તેમાં પ્રથમ વૃન્દાવનની લતા વૃક્ષો વૈષ્ણવો છે તેણે વેણુનાદ સાંભલ્યો ત્યારે પ્રેમરસ તેનામાં પ્રકટ્યો તેથી પ્રકારાન્તરથી વેણુનાદ કહે છે. ભગવાનનું વર્ણન પણ પ્રકારાન્તરથી કરે છે. તે ભક્તિને અનુસરીને કે લોકવેદને અનુસરીને કહેવા યોગ્ય છે તેમાં ભક્તિને અનુસારે પ્રથમ વર્ણન કરે છે.

**अनुचरैः समनुवर्णितवीर्यः आदिपूरुष इवाचलभूतिः ।**
**वनचरो गिरितटेषु चरन्तीर्वेणुनाह्वयति गाः स यदा हि ॥ ८ ॥**
**वनलतास्तरव आत्मनि विष्णुं व्यञ्जयन्त्य इव पुष्पफलाढ्याः ।**
**प्रणतभारविटपा मधुधाराः प्रेमहृष्टतनवः ससृजुः स्म ॥ ९ ॥**

સેવકો જેનાં યશોગાન કરી રહ્યા છે, આદિ પૂરુષની જેમ જેને લક્ષ્મી સ્થિર છે એવા કૃષ્ણ વનમાં ફરતા વેણુનાદ કરીને ગિરિકન્દરામાં ચરતી ગાયોને બોલાવે છે ત્યારે વનની લતાઓ તથા વૃક્ષો પોતાને વિષે ભગવાન્ પ્રકટતાં પુષ્પ અને ફલની સમૃદ્ધિવાળા થયા. ફલના ભારથી તેની ડાળો નમી ગઈ, પ્રેમથી તેને પુષ્પરૂપ રોમાંચ ઉત્પન્ન થયો અને રસને સ્રવવા લાગ્યા. ૯

**सुबोधिनी—**સેવકરૂપ ગોપો જેનાં પરાક્રમોને સારીરીતે વર્ણન કરે છે. તે આદિપુરુષ એટલે પુરુષોત્તમ છે. અનુચર એટલે વેદ આદિપુરુષના પરાક્રમો જગત્કર્તૃત્વાદિ સર્વોત્તમ ભાવોને ગાય છે. લોકાનુસારે માહાત્મ્ય કહે છે. આદિપુરુષની પેઠે લક્ષ્મી અચળ છે. બધા દેવતા ભગવાનની લક્ષ્મીને સ્થિર માને છે, બાકી બધાની લક્ષ્મી ચંચળ છે તે જવાનીજ. લૌકિકો ભગવાનની સાથે લોકવ્યવહાર કરે છે તેથી इव શબ્દ કહ્યો છે. તેનાથી જૂદીરીતે વર્ણન કરવાનો હેતુ કહે છે કે આ ભગવાન્ વૃંદાવનમાં ફરે છે. સાત્વિકભાવવાળા છે સાત્વિકભૂમિમાં પ્રતિષ્ઠાવાળા છે. ગિરિ એટલે ગોવર્ધનની પ્રાંતભૂમિમાં ચરતી ગાયોને વિષમસ્થાનમાંથી સમસ્થાનમાં પહોંચાડવા માટે પશુના હિતૈષી થઈ વેણુનાદ કરીને બોલાવે છે ત્યારે તે વેણુનાદ દ્વારા ગાયોમાં પ્રવેશ કરે છે. વૃક્ષો લતાઓમાં પણ પોતે પ્રવેશ ન કરતા હોય તો ફલ ફુલ તથા મધુધારાનો સ્રાવ ન સંભવે. તે જે પ્રદેશમાં રમે છે તે પ્રદેશની આ સ્થિતિ છે. જ્યારે વેણુથી બોલાવે ત્યારે મધુધારા સ્રવે છે. જો ભગવાન તેમાં ન પધારે તો નાદરસને તે ન જાણે, તેમાં પોતાના નામનો સંકેત તે ન ઉકેલી શકે. માટે નાદદ્વારા ભગવાન્ તેમાં પ્રવેશ કરે છે. તેથી તેની આગળ જે દશા વર્ણવી છે તે સંભવે છે. વનની લતાઓએ વિચાર કર્યો કે અમારી પાસે ભગવાન્ ફરે છે પોતાનાં પશુ ચારે છે. ત્યારે તેના સ્વરૂપમાં રહેલો આનંદ પ્રકટ કર્યો તેમ વૃક્ષોએ પણ કર્યું. જેમ સ્ત્રી અને પુરુષો ભગવદીયો હોય તેને ત્યાં ભગવાન્ અથવા ભગવદીય પધારે ત્યારે પોતે આનંદયુક્ત થાય છે, તેના ભોગને માટે પોતાનું સર્વ આપે છે, તે પ્રમાણે વૃક્ષો લતાઓ પણ વૈષ્ણવ હોવાથી ભગવાન્ પધાર્યા તેનો ફલફુલથી સત્કાર કરે છે. ત્યાં શંકા કરે છે કે કોઈ ઘેર આવ્યું તેનો સત્કાર કરવો એ ધર્મ જંગમોનો છે સ્થાવરોનો નથી. એવી શંકાના નિરાસ માટે કહે છે કે તે સ્થાવરો પણ પોતાની અંદર ભગવાન્ છે તેને વ્યક્ત કરે છે. ચેતનમાંજ ભગવાનની ક્રિયાજ્ઞાનશક્તિ પ્રકટે છે સચ્ચિદાનંદરૂપતા ક્રમથી પ્રકટ થાય છે. એ બધું ભગવાન્ હૃદયમાં પધારે તો થાય છે. તે પ્રવિષ્ટ થાય તો બધું ચેતન કાર્ય તેમાં દેખાય. તે વૃક્ષાદિ પાંચધર્મવાળા છે. આત્મામાં વિષ્ણુને બતાવતા હોય તેમ પહેલાં તેમાં ક્રિયાશક્તિનો આવિર્ભાવ થાય છે. જેમાં ભગવાન્ પ્રવેશ કરે છે તેમાં અવાંતર ફલ અને પરમ ફલ દેખાય છે તેથી કાર્ય ઉપરથી વિષ્ણુ તેનામાં છે એમ બતાવે છે. તેને પુષ્પો અને ફલો થાય છે એમાં પુષ્પ અવાંતર ફલ છે અને ફલ મુખ્ય ફલ છે. તેની સમૃદ્ધિવાળા તે થયા. ભગવાનને માટે અધિકતા બતાવે છે. તેના ભારથી ડાળો નમી ગઈ છે. પ્રેમથી વૃક્ષોને રોમાંચ થયો તેમાં ચૈતન્યનો ઉત્કર્ષ કહ્યો. તે જ્ઞાનરૂપ છે. ભક્તો પ્રેમથી રોમાંચવાળા થાય છે. ભારથી માથું નમે છે તેમ અહિં નથી પણ ફલ લઈને પ્રણામ કરે છે તેથી તેનું માથું નીચે સુધી આવે છે. પોતાના શરીરમાં રહેલા રસની ધારા સ્રવે છે તે સ્વરૂપમાં રહેલો આનંદ ભગવાન્ માટે બહાર પ્રકટ કરે છે. આ બધું જાણવામાં આવે તે જ્ઞાનશક્તિ સમજવી. પહેલાં લીલાં (હર્યાં) ન્હોતાં તે નાદ-

શ્રવણ પછી લીલાં થઈ ગયાં, સ્થૂળ થયાં, તેના બધા અવયવ ખીલી ગયા. તેજ દેખાવા લાગ્યું એટલે પ્રેમથી રોમાંચિત થયા એમ કહ્યું. વેણુનાદમાં રહેલી સુધાનો સ્વાદ તો સ્વામિનીઓ લે છે તેથી તેના ધર્મોનો પરિચય વૃક્ષ લતાઓ કરે છે. તેનું સ્વરૂપ કોઈ બીજો કહી ન શકે તેથી શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે આ બાબતમાં કોઇની વધારે લખવાની શક્તિ ન ચાલે માટે શું લખવું ? ૯

પક્ષિઓ ઉપર પણ વેણુનાદની અસર થઈ તેમાં ઉપયોગી ભગવાનનું રૂપ અને વેણુનાદ તેનું વર્ણન દર્શનીયતિલક એ બે શ્લોકથી કરે છે. જો કે પક્ષીઓ વૃંદાવનમાં વસનારા મુનિઓ છે. તેને ગાનશ્રવણથી ભગવાનમાં ભાવ નથી થતો પણ તેને સ્વભાવથી જ ભગવાનમાં ભાવ છે. તો પણ લોકદૃષ્ટિથી કદાચિત્ અન્યથા-બુદ્ધિ થાય. તેથી ભગવદ્રૂપ અને વેણુનાદવડે તેના ભજનની સિદ્ધિ કહે છે. તેમાં પ્રથમ રૂપનું વર્ણન કરે છે.

**दर्शनीयतिलको वनमालादिव्यगन्धतुलसीमधुमत्तैः ।**
**अलिकुलैरलघुगीतमभीष्टमाद्रियन् यर्हि कूजितवेणुः ॥ १० ॥**
**सरसि सारसहंसविहङ्गाः चारुगीतहृतचेतस एत्य ।**
**हरिमुपासत ते यतचित्ताः हन्त मीलितदृशो धृतमौनाः ॥ ११ ॥**

દર્શનકરવાલાયક પુરુષોમાં મુખ્ય શ્રીકૃષ્ણ છે. વનમાલામાં રહેલી દિવ્ય ગંધવાળી તુલસીના મકરંદથી મસ્ત બનેલા ભ્રમરકુલ જેની ઘણી કીર્તિનું ગાન કરે છે તે અભીષ્ટ હોઇને ભગવાન્ તેનો આદર કરતા જ્યારે વેણુનું કૂજન કરે છે ત્યારે તળાવમાં રહેલા સારસ હંસ વગેરે પક્ષિઓ સુંદર વેણુગીતને લીધે ચિત્ત હરાઈ જતાં ભગવાન પાસે આવીને ચિત્તને નિયમમાં રાખી મુખે મૌન ધારણ કરી નેત્ર બંધ કરી ભગવત્સમીપમાં રહી તેની સેવા કરે છે.

**सुबोधिनी**—દર્શનીયમાં—દેખાવડામાં—ભગવાન્ અત્યંત સુંદર છે. પક્ષીઓ રૂપ-પ્રધાન છે, રૂપના ભેદને જાણનાર હોય છે. ભગવાને વેણુનાદ કર્યો તે પક્ષીઓનું હિત કરનાર છે. સ્વકીયના અપરાધને પણ તે ગણતો નથી તે કહે છે. દિવ્યગંધવાળી તુલસીના મધુથી મત્ત બનેલ ભ્રમરો મોટે સ્વરેથી ગાય છે. તેનો ભગવાન્ આદર કરે છે. અને વેણુ વગાડે છે ત્યારે ભગવાન્ ભમરાના ઝંકારનું અનુકરણ કરતા અનુરણ-નરૂપ વેણુનાદ કરે છે. પક્ષીઓમાં, ભમરાઓ નાના અને હીન છે. તેની પણ અનેક જાતોના સમૂહો છે. તે મોટેથી ગાય છે છતાં ભગવાન્ તેનો આદર કરે છે. તે પણ અલિઓ મસ્ત છે. મદ પણ તેને યોગ્ય નથી તુલસીનો મકરંદ માદક નથી. તેમાં પણ તેનો ગંધ દિવ્ય છે. તુલસી પણ ભગવાનની વનમાળામાં રહી છે. એવા ભ્રમરોનો પણ ભગવાન્ આદર કરે છે તો જે તળાવોમાં રહે છે, જે નીર અને ક્ષીરના વિવેકને જાણનારા છે એવા સારસ હંસોનો આદર કરે તેમાં તો શું કહેવું ? વનમાળામાં દિવ્ય-ગંધવાળી તુલસીના મકરંદથી મદવાળા બનેલા છે તેનો આદર પણ તેની પ્રસન્નતા પ્રમાણે કરે છે. વનમાળામાં આવેલા ભમરાને ભગવાન્ દૂર કરતા નથી. પણ તેને દુઃખ ન થાય તેમ તેનો આદર કરે છે. જ્યારે તેનો આદર કરી વેણુનું કૂજન કરે છે ત્યારે તલાવમાં રહેતા સારસ હંસ અથવા રસવાળા ભક્તોના સંબંધી હંસો નીરક્ષીરના

વિવેકી વિહંગ એટલે ઊંચી ગતિવાળા છે પુરુષના કરતાં તે ભગવદ્ભજનના અધિકારી છે. સુંદર ગીત એટલે નિષ્કામ અર્થને કહેનાર ભગવદ્ગીતે જેનું ચિત્ત હરણ કર્યું છે. તે ભજન પણ ભક્તિમાર્ગને અનુસરીને કરે છે. ઘરમાં બેઠા અન્તર્યામિરૂપનું કે જ્ઞાનરૂપનું ધ્યાન નથી કરતા. તે જ્યાં ભગવાન્ વિરાજે છે ત્યાં આવે છે. પાસે રહીને સેવા કરે છે. કેમકે તે ભગવાને કહેલા મુનિઓ છે. તેના ભજનનો ભ્રમર કરતાં વિશેષ એ છે કે ચિત્તને રોકીને ભજન કરે છે. ચિત્તનું નિયમન કરી ભજન કરવું તે મુખ્ય ભજન છે. મનમાં વિક્ષેપ હોય અને ભજન કરવું તે મુખ્ય નથી. તેથી હંત કહ્યું. તેના અહોભાગ્ય છે. બહારનો વ્યાપાર છોડીને ભજે તે સર્વથી શ્રેષ્ઠ છે. બહારના વ્યાપારમાં બે આંખો અને વાણીનું નિયમન કરવું જોઇએ. જેને આ બે ઇન્દ્રિયો નિયમમાં છે વાણી બીજું બોલતી નથી નેત્ર બીજું જોતાં નથી. તે આ પક્ષીઓમાં છે. આંખ મીચી ગયાં છે; મૌન ધારણ કર્યું છે. એથી હાલમાં તે મુનિઓ નાદપરાયણ છે. કોઈ પદાર્થને નજરે જુએ તો ચિત્ત અન્યત્ર જાય માટે નેત્ર બંધ કરી ગયા છે.

(શ્રીગુસાંઇજીના સ્વતંત્ર લેખનો આ ગુજરાતી અનુવાદ છે.) અથવા દર્શનીયશ્લોકનો અર્થ આ પ્રમાણે સમજવો. અહિં આ અભિપ્રાય છે. અતિરસિક મુનિઓ છે. પોતે પુરુષ છે તેથી લીલામાં તેનો ઉપયોગ ન હોવાથી તે પક્ષી બન્યા અને અનેક પ્રકારના કૂજન એટલે અવ્યક્ત મધુર સ્વરથી ભક્ત અને ભગવાનના રસને ઉદ્દીપ્ત કરવામાં પોતાની કૃતાર્થતા સમજી કૂજન કરે છે. શબ્દને અધિક પ્યારો માને છે. તેથી શબ્દપ્રધાન કીર્તિરૂપ વનમાળાના ધર્મોનો અહિં ઉપયોગ કહ્યો છે. 'જેમ [1]પુષ્પિત વૃક્ષનો દૂરથી ગંધ આવે છે તેમ પુણ્ય કર્મનો સૌરભ દૂરથી આવે છે.' એમ શ્રુતિ કહે છે. તેમાં કીર્તિને અને સુગંધને સરખાવ્યા છે. અહિં વનમાળાને કીર્તિરૂપ કહી છે. તેથી ભ્રમરોના ગીત આવશ્યક છે. તે ગીતો તેમાં રસ ન આવે તો ગવાય નહિં માટે ગુણાતીત ભક્તિરૂપ તુલસી તેનું મધુ અલૌકિકભક્તિરસાત્મક અને ઇતરવિસ્મારક છે અત્યંત મત્ત થઇને ભ્રમરો પોતાના દેહના અનુસંધાનને ભૂલીને ઈશ્વરધર્મને મનમાં લીધાવગર તેની પાસે મોટે સ્વરે ગાય છે. ખરીરીતે તો ભમરાઓની આ મોટામાં મોટી સેવા છે. તેથી તેના ઝંકારને પ્રભુ પ્રેમથી સાંભળે છે. બીજું અહિં ચારુ વગેરે પદ ન મૂકતાં दिव्य એ दिवि भवं दिव्यं એમ ભવનાર્થક પ્રત્યયવાળું પદ મૂક્યું તે વનમાળાની તુલસીમાં સ્વર્ગનો ગંધ સંભવે નહિં. આગળ સ્વામિનીઓને વ્રજદેવીઓ કહેશે. દિવુ ધાતુ ક્રીડાવાચક છે. તેથી ભગવાનની માળાનો ગંધ છે. સ્વામિઓની સાથે ક્રીડા કરી તેનો આ ગંધ છે. તે દિવ્યગંધતુલસી એ સમૂહથી ઉપલબ્ધ થાય છે. તેથી જેમ સ્વર્ગનો પદાર્થ ઇતર લોકવાસી ભોગવી ન શકે તેમ આ ગંધ અંતરંગ લીલામાં નિયુક્ત ભક્તૈકગમ્ય છે. એવો ધ્વનિ તેમાંથી નીકળે છે તે ભ્રમરના ગાનથી પ્રભુને ભાવપ્રબોધ થાય છે. તેને કૂજન કહ્યું છે. વનમાલાના પુષ્પનો રસ ન કહેતાં તુલસી મધુ કહ્યું તેથી 'તુલસીનો ગંધ પ્રિય છે' 'તુલસીના મદાંધ ભમરાઓ' એવાં વચનોથી તે ગંધના રસને ભગવાન જ જાણે છે. તે મધુના ભોક્તા અલિઓ જ છે. તે અલિઓ સાધારણ નથી પણ વિજાતીય અતિ ઉત્તમ છે તેથી તેનાં કુલ કહ્યાં. अलं શબ્દ પૂર્ણતા વાચક છે. જેને પૂર્ણતા થઈ તે अलि કહેવાય. રસ જેનો નાશ ન પામે તે अलि કહેવાય. અહિં દીર્ઘ લી જોઇએ પણ વેદમાં દશાકૂતને

१. यथा वृक्षस्य संपुष्पितस्य दूराद्गन्धो वाति । एवं पुण्यस्य कर्मणो दूराद्गन्धो वाति ॥

દશા હોતા કહે છે ત્યાં પરોક્ષપ્રિય દેવ છે એમ કહ્યું છે તેમ અહિં પરોક્ષવાદથી આ ભ્રમરોમાં અંતરંગરસપોષકતા ગુપ્ત છે. એ પરોક્ષવાદતા હ્રસ્વઅલિશબ્દથી કહી છે. આ વૃંદાવનમાં ભગવાનની માયામાં ફરનારાં અલિ છે બીજા તો ભમરા છે. ભમે તે ભમરો કહેવાય. આને કોઈક જગ્યોએ બીજા નામથી કહ્યા છે તે અન્ય અભિપ્રાયથી કહ્યા છે. તારત્વ બહુત્વ ન કહેતાં લઘુત્વાભાવ કહ્યો તેથી તે રસનો ભાર બીજો ઉપાડી શકે તેવો નથી એક પ્રભુ જ તે રસનો ભાર ઉઠાવી શકે છે. મોટાઇમાં ઈયત્તા નથી એમ બતાવવા માટે પણ અલઘુત્વ કહ્યું છે. તેથી એવા ભમરાનો આદર ભગવાન્ કેમ ન કરે ? यर्हि શબ્દ કહ્યો છે તેનો ભાવ એવો છે કે એ ભ્રમરના ગીતના રસપાનમાં ઘણો વખત ભગવાન્ પરવશ રહે છે. પુનઃ જ્યારે સ્મરણ આવે ત્યારે વેણુનાદ કરે. પહેલાં તે ગીતના ભાવને લઇને પોતાની પ્રિયાઓના ભાવોને બોધન કરવા ભગવાન્ ગાય છે. પછી રસ પૂર્ણ થાય છે ત્યારે પોતે ગાન કરે છે. અતિ સુંદર કહેવાને માટે તિલક શબ્દ કહ્યો છે તે જેમ તિલક ભાગ્યસ્થાન કપાળમાં જ થાય તેમ આ ભગવત્સ્વરૂપ વા વેણુસ્વરૂપ પણ ભાગ્યવાળાં વ્રજભક્તોના હૃદયમાં જ રહે છે. અહિં કર્મધારય સમાસ જાણવો. સ્વામિનીના હૃદયમાં પ્રિયથી અતિરિક્તમાં દર્શનીયતા સ્ફુરતી નથી. અહિં બન્ને મુખ્ય છે છતાં નાદમાં વિશેષ કહે છે. અન્યથા આંખો વિચવાનું કહ્યું છે તે ન કહેત. તળાવમાં રહેલા પક્ષિઓએ વેણુગીત સાંભલ્યું. સુંદરતાથી મન હરવાના સ્વભાવવાળું જાણી પાસે આવ્યા. તેથી નાદમાં સ્વરૂપ-સૌંદર્ય કહ્યું. નાદરસમાં જ તે સ્વરૂપરસને પણ ભોગવે છે એમ જણાય છે. આ પણ એક આશ્ચર્ય છે. જે મત્ત હતા તે ગીતના અનુરણનમાત્રથી એકાગ્રચિત્ત થયા. સર્વેન્દ્રિયવૃત્તિનો નિરોધ થયો એમને ગીતરસપાનની દશા આજ ઉત્પન્ન થઈ તેથી જ તે મત્ત થયા છે. અલિકુલને પણ તુલસીમધુપાન દશા પક્ષિની તુલ્ય છે. પછી તેના સ્વભાવવશ થઇને મોટેથી ગાન કરનારા તે થયા છે. આગળ પણ મુનિઓ હોવાથી તે રસપાનમાં મગ્નતા કહેવાથી મત્તતા નથી કહી. અથવા પ્રભુના રસના સ્વભાવથી આગળની દશામાં તેની મત્તતા નથી. કહી આ મુનિઓની પણ આગળ જતાં અલિના જેવી દશા થશે. ખરીરીતે તો તુલસીના દિવ્યગંધમધુથી મત્ત થએલ ભ્રમરોના ગાનમાં મગ્ન થએલા ભગવાન્ વેણુનાદ કરે છે. તે સાંભળવામાં પક્ષિઓ પણ ચિત્તને સ્થિર કરી આંખો વિચી અનુભવ કરે એ યોગ્યજ છે, આવશ્યક છે એમ અમે જોઇએ છીએ. રૂપસૌંદર્યને જોવાની ઇચ્છાથી પક્ષિઓ આવ્યાં પણ નાદ રસમાં પડતાં તે નેત્ર વીંચી ગયા. તેને દર્શનની ઇચ્છા તૃપ્ત ન થઈ તેથી हंत ખેદમાં કહ્યું. સાત્ત્વિક હોવાથી તેમના ભાગ્યનું વર્ણન કરવાનું આ ભક્તે કામ કર્યું. ૧૦-૧૧

મેઘ જગતમાં સર્વનું હિત કરે છે. તેને વેણુનાદથી જે અસર થઈ તે હવે કહે છે.

**सहबलः स्रगवतंसविलासः सानुषु क्षितिभृतो व्रजदेव्यः ।**
**हर्षयन् यर्हि वेणुरवेण जातहर्ष उपरम्भति विश्वम् ॥ १२ ॥**
**महदतिक्रमणशङ्कितचेताः मन्दमन्दमनुगर्जति मेघः ।**
**सुहृदभ्यवर्षत् सुमनोभिःच्छायया च विदधत् प्रतपत्रम् ॥१३॥**

હે વ્રજદેવીઓ! ફુલની માળાનો જેણે મુકુટ કર્યો છે, બળદેવજીને સાથે રાખ્યા છે, એવા શ્રીકૃષ્ણ આનંદમાં આવીને સર્વને હર્ષ કરાવતા જ્યારે વેણુનાદ કરીને વિશ્વને પૂર્ણ કરે છે ત્યારે મેઘ મોટાઓના અપમાનનો અપરાધ ન થવા માટે મંદમંદ ગાજે છે. પોતાની નાની નાની બુંદનો વરસાદ પોતાના મિત્ર ઉપર વરસાવે છે. અને પોતે સૂર્યનો તાપ પોતાના શરીર ઉપર લઇને મિત્રને છત્રરૂપે સ્વશરીરવડે છાયા કરે છે.

**सुबोधिनी**—હે વ્રજદેવીઓ! તમે વ્રજની દેવતારૂપા છો તેથી મારા બોલવામાં તમને વિશ્વાસ હશે એમ સંબોધનથી સૂચવે છે. ભગવાન્ વેણુના સ્વર વડે જ્યારે વિશ્વને પૂર્ણ કરે છે ત્યારે મોટાઓનું રખે અપમાન થઈ જાય એવા ભયથી મેઘ પોતાના મિત્ર ભગવાનને નાની બુંદથી વર્ષીને ખુશ કરે છે. પોતાના દેહની છાયાથી છત્ર કરી તેને તાપથી રક્ષણ આપે છે. જગતના બધા ધર્મોને દૂર કરી કૃષ્ણ પોતે જ પૂર્ણ થઈ વિરાજ્યા ત્યારે તેના આભાસરૂપ મેઘ ધૂવાડા વગેરેના ઢગલા જેવો છે છતાં પોતે વિચાર્યું. ભગવાને જગતને વેણુનાદ કરી કૃતાર્થ કર્યું એટલે મારૂં તો કામ રહ્યું નહિ. કે હું જગતને શાંત કરવા આવ્યો હતો તે કામ ભગવાને નાદ કરી પૂરું કર્યું ત્યારે હું શું કરું? મારો જન્મ મારે સફલ કરવો જોઇએ. તે જો ભગવાનની સેવા કરું તો સફલ થાય. એમ ધારી પોતે ભગવાન્ ઉપર વર્ષ્યો. તેમાં વેણુનાદથી જગત પૂર્ણ થાય અને મેઘ વર્ષે એવા ભગવાનને ચાર વિશેષણો આપીને વર્ણવે છે. જો તેવા ગુણ તેમાં ન કહે તો વિશ્વ પૂરણ કર્યું એ અર્થવાદરૂપ ગણાય. તેમાં ક્રિયાશક્તિની પૂર્ણતા બતાવવા બળદેવની સાથે કહ્યા છે. સૃષ્ટિ કરવા કરતાં પણ આ ક્રિયા મોટી છે એમ બતાવવામાટે બળદેવને સાથે રાખ્યા છે. સ્રગ્રૂપ અવતંસ એટલે કાનમાં નાની નાની માળાઓ પ્હેરી છે. તેનાથી વિલસે છે એથી લીલા બતાવી. માલા કીર્તિરૂપ છે કાન દશદિશારૂપ છે. કીર્તિ દશદિશામાં પૂર્ણ કરી તે સર્વોત્તમ કહેવાય જ. અથવા ભગવાનની કીર્તિને કહેનાર ભાગવત જેવું શાસ્ત્ર સર્વ વેદના ઘરેણારૂપ તેમાં જેના વિલાસ કહ્યા છે એમ ક્રિયાનું સ્વરૂપથી અને ગુણથી માહાત્મ્ય કહ્યું. તેની સાથે રહેલી ઇચ્છાનું માહાત્મ્ય કહે છે. પોતે રાજી થઇને જગતને રાજી કરે છે. એમ વેણુનાદના કારણભૂત ક્રિયાનો ઉત્કર્ષ કહીને દેશથી તેનો ઉત્કર્ષ કહે છે. સર્વની આધારભૂત પૃથ્વીને જે ધારણ કરે તે ક્ષિતિભૃત એટલે પર્વત કહેવાય. તેના ઊંચા શિખરોમાં એ નાદ પહોંચે છે તે જગતને કેમ પૂર્ણ ન કરે? અનુરણન અતિ ગંભીર નાદવડે પૂરે છે એટલે મેઘ કરતાં પણ અધિક ક્રિયા કહી. મેઘ વાસુદેવની ઉપરથી ચાલ્યો તેમાં તેને મોટાના અપમાનની શંકા થઈ તેથી ઉપર રહીને આગળ ચાલવાના વિચારમાં જ નીલમેઘ જેવા શ્યામ વિશ્વના જીવનરૂપ ભગવાન્ પોતાના મિત્ર છે એમ જાણી પોતાના મિત્રને નાના બિન્દુવડે જેમ પુષ્પવડે પૂજે તેમ પૂજા કરી. એટલાથી ન અટકતાં રાજ્ય પણ આપ્યું એટલે પોતે પોતાના શરીરનું છત્ર કરી ઉપર ધારણ કર્યું. તે કેવલ રાજ્ય આપીને બેસી ન રહ્યો પણ પોતાના આત્માનું નિવેદન પણ કર્યું. સૂર્ય નીચે હોય તો ઉપર રહીને છાયા ન થાય તેથી જૂદી છાયા કહી. પોતે સૂર્યની નીચે રહી પોતાની નીચે ભગવાનને રાખ્યા. પોતે પોતાના શરીર ઉપર તાપ લઈ છાયા ભગવાનને આપી તેમાં દેહનો વિનિયોગ થયો તે આત્માનું નિવેદન થયું. ૧૨-૧૩

ઉત્તમ ત્રણ પ્રકારો કહેવામાટે તેને પણ વેણુનાદની અસર થઈ તે કહેવામાટે વેણુનાદને અને ભગવાનને विविधगोपचरणेषु એ ત્રણ યુગ્મથી વર્ણવે છે. જ્ઞાનિઓને સંદેહ કર્યો, ગોપીઓને મોહ કર્યો, અરણ્યવાસિઓએ સર્વ પરિત્યાગ કર્યો, આ વેણુનાદનું કાર્ય થયું તેમાં પણ જે બ્રહ્માદિ જગતના ગુરુઓ થઇને બેઠા છે તેને પણ સંદેહ ઉત્પન્ન કરવા ભગવાને વેણુનાદ કર્યો તેનું હવે વર્ણન કરે છે.

**विविधगोपचरणेषु विदग्धो वेणुवाद उरुधा निजशिक्षाः ।**
**तव सुतः सति यदाधरबिम्बे दत्तवेणुरनयत् स्वरजातिः ॥ १४ ॥**
**सवनशस्तदुपधार्य सुरेशाः शक्रशर्वपरमेष्ठिपुरोगाः ।**
**कवय आनतकन्धरचित्ताः कश्मलं ययुरनिश्चिततत्त्वाः ॥१५॥**

હે સતિ યશોદા! તમારો પુત્ર ગોપોને આમ તેમ મોકલવામાં ચતુર છે. વેણુનાદના શાસ્ત્રીય ભેદોનું જેને સંપૂર્ણ જ્ઞાન છે એવા કૃષ્ણ અધર બિંબ ઉપર વેણુ લઇને તેના સ્વર અને જાતીઓને છેડે છે ત્યારે સવાર, સાંજ, બપોરના સમયે ઇન્દ્ર, શિવ, બ્રહ્મા વગેરે દેવોના ઇશો જ્ઞાનિઓ છતાં નીચી ડોક નમાવી સાંભળે છે પણ તેમાં શું રાગ ગવાયો તે ન જાણતાં વિકારવાળા થઈ જાય છે, રાગના તત્ત્વનો નિશ્ચય કરી શકતા નથી.

**सुबोधिनी**—લોકમાં કોઈ અલૌકિક પ્રકાર બને તે બધાને સંદેહ ઉત્પન્ન કરે છે. ઇશ્વરમાં તે નથી જે વેદમાં ન હોય. સર્વ વેદવિદ્યામાં બ્રહ્મા ડાહ્યો છે. તેને વેણુનાદમાં સંદેહ કેમ થાય? જે શાસ્ત્રમાં નાદના ભેદ કહ્યા છે તેના કરતાં પણ ભગવાને પોતે એના ભેદો વધારે તેમાં ઉતાર્યા છે. તે શાસ્ત્રીય પ્રકાર તો બ્રહ્મા જાણે છે પણ જે નવીન ભેદ ભગવાન્ બજાવે તેને બ્રહ્મા પણ ન જાણે એથી નાદબ્રહ્મ નિત્ય છે એમ કહ્યું. તેમાં ક્રિયાશક્તિ સાધન છે. જો સાધન લૌકિક હોય તો તેમાંથી અલૌકિક નાદ ક્યાંથી થાય? એવી શંકાના સમાધાનમાં કહે છે કે નાના પ્રકારના ગોપના સંચારમાં ભગવાન્ વિદગ્ધ છે. ગોપના સંચારો વૈદિક નથી પણ લૌકિક છે. બીજા બ્રહ્માણ્ડના પણ સંચાર હોય છે. તે લોકમાં કે વેદમાં પ્રસિદ્ધ નથી. ભગવાન્ તો સર્વ જાણે છે. તેથી જે પ્રકાર બ્રહ્મા નથી જાણતો તે પ્રકાર ભગવાને વેણુનાદમાં ગાયો. બ્રહ્માની સૃષ્ટિમાં આવ્યું તે બ્રહ્માથી અજાણ્યું કેમ રહે? ત્યાં કહે છે કે તમારો પુત્ર છે. યશોદાજી સ્ત્રીઓપાસે બેસવા આવ્યાં છે ત્યાં ગોપી આ વાર્તા કરે છે એટલે આમાં કામાદિની વાત નથી આવી. પણ અનિષિદ્ધ કૃષ્ણનો ઉત્કર્ષ આ ગોપીએ યશોદાને કહ્યો છે. જેમ તમારો પુત્ર છે છતાં તમારા મનમાં પણ ન આવે તેવું કરે છે તેમ બ્રહ્માની સૃષ્ટિમાં આવ્યા છતાં બ્રહ્માને ન ખબર પડે તેવું કરે છે. સતિસંબોધન વિશ્વાસને માટે કહ્યું છે. બ્રહ્માને ન ખબર પડે તેનું કારણ વેણુને તે લોભાત્મક અધર ઉપર રાખે છે. વેણુને ભગવાને પોતાનો રસ નથી આપ્યો એ વાત વેણુગીતમાં કહી છે. તે અધર પણ બિંબરૂપ છે, સૂર્યની જેમ પ્રકાશરૂપ છે. પ્રકાશ્ય હોય તે પ્રકાશકના રૂપને જાણતો નથી. તે અધર ઉપર વેણુને રાખ્યો છે. તેનાથી પણ ઉત્તમતા બતાવવામાટે ષડ્જ મધ્યમ ધૈવત વગેરે સપ્ત સ્વરો અને તેમની જાતિઓ ભગવાને

વેણુમાંથી નવા ઉત્પન્ન કર્યા. જ્યારે વેણુમાં તે રાગો ગાયા ત્યારે ત્રણ ગુણના પ્રધાન દેવો ત્રણ કાલમાં આ છે. અહિં બધો કાળ આધિદૈવિક છે એમ કહેવામાટે સવન, પદ કહ્યું છે. તે વેણુનાદને સવાર, બપોર, સાંજ, સાંભળે છે. શક્ર સાત્ત્વિક, શર્વ તામસ; પરમેષ્ઠિ રાજસ; તે જેમાં આગળ પડતા છે એવા દેવો નાદમાં નિપુણ છે છતાં (તેમાં ઇન્દ્ર સર્વદા નાદપર છે શિવજી નાદશાસ્ત્રના કર્તા છે. પરમેષ્ઠિ બન્નેના ગુરુ છે.) તે બધા ડોક નમાવી ધ્યાનથી ગ્રાહકચિત્તથી સાંભળે છે છતાં શું ગવાય છે તેના તત્ત્વનો નિશ્ચય ન કરી શક્યા. તેમણે ઉદાસીનતાથી થોડીવાર વિચારીને તે વાત છોડી દીધી હશે એમ ન માનવું તેના વિચારમાં ને વિચારમાં મોટા દેવોને મૂર્છા આવી ગઈ, નાદથી મોહિ ગયા. તેથી આભાસત્વ પક્ષની નિવૃત્તિ કહી છે. કારણ કે આનન્દ અલૌકિક રસને ઉત્પન્ન કરનાર છે. ૧૪-૧૫

બીજાની વાત જવા દો. વેણુનાદ અમને પણ શુદ્ધબુદ્ધ રહેવા દેતો નથી તે બે યુગલથી હવે ગોપી કહે છે.

**निजपदाब्जदलैर्ध्वजवज्रनीरजाङ्कुशविचित्रललामैः ।**
**व्रजभुवः शमयन् खुरतोदं वर्ष्मधूर्यगतिरीडितवेणुः ॥ १६ ॥**
**व्रजति तेन वयं सविलासवीक्षणार्पितमनोभववेगाः ।**
**कुजगतिं गमिता न विदामः कष्मलेन कबरं वसनं वा ॥ १७ ॥**

પોતાના ચરણકમળના ધ્વજ, વજ્ર, કમળ, અંકુશ વગેરે વિચિત્ર ચિન્હોથી વ્રજની ભૂમિને ગાયોની ખરીથી થતી પીડાને શમાવતા, મોટા ખુંટીયાની ગતિથી ચાલતા, ભગવાન્ જ્યારે વેણુનાદ કરે છે અને વિલાસપૂર્વક અમારી તરફ જુએ છે ત્યારે અમને તેની દૃષ્ટિમાત્રથી કામનો વેગ વધતાં અમો ચાલી નથી શકતાં પણ સ્થાવર જેવાં બની જઇએ છીએ તેમજ અમારા મન કામથી એવાં ડોળાઈ જાય છે કે અમોને અમારા અંબોડાની કે કપડાથી ખબર રહેતી નથી એવી અમારી દશા થાય છે.

**सुबोधिनी**—જ્યારે ભગવાન્ વેણુમાં સૂર પુરતા ચાલે છે તે નાદ સાંભળતાં અમો ચાલતા બંધ થઈ જઇએ છીએ એટલે અમારી દશા ઝાડ જેવી સ્થાવર થઈ જાય છે કે ત્યાંથી અમે ખસી શકતાં નથી. અમને મૂર્છા આવે છે. તેથી અમારા પહેરેલાં લુગડાંનું ભાન રહેતું નથી. માથાથી વેણી છુટીને પડી જાય છે તેનું અમને ભાન રહેતું નથી. એવો સંબંધ છે. આ વેણુનો નાદ ભગવાન્ અમારે માટે જ કરે છે તે તેની ચેષ્ટા અને અનુભવથી અમે જાણી શકીએ છીએ. તે ચેષ્ટા એવી કરે છે તેથી ગોકુલવાસીને માટે કરે છે એમ જણાય છે. એ ચેષ્ટામાં વ્યાપ્ત થાય તે બીજું કામ ક્યાંથી કરી શકે ? પ્રથમ ભગવાન્ ગોકુલનું હિત કરનાર છે તે વાત કહે છે. પોતાના બે ચરણારવિંદમાં દશ આંગળીઓ અને તેના તળીઆં છે. તે ચરણ વ્રજની પૃથ્વીઉપર ધરે છે તેથી પૃથ્વીને ગાયની ખરીની પીડા મટે છે. ભગવાન્ ધીમા ધીમા ચરણ ધરતા ચાલે છે. તેથી પૃથ્વીને સુખ થાય છે. ભગવાનની ગતિ ધીમી છે એ પણ એનાથી કહ્યું. ગાયની ખરીઓથી ખાડા પડ્યા હોય તે ભગવાન્ ધીમા ધીમા

ચરણ ધરે તેનાથી માટી ફરતાં તેના ક્ષત રૂઝાય છે. આધ્યાત્મિક અંશ, ધ્વજ વગેરે ચિહ્નોથી મટે છે. તામસ ભૌતિક ધ્વજથી મટે છે. રાજસ આધ્યાત્મિક વજ્રના ચિહ્નથી મટે છે. સાત્ત્વિક આધિદૈવિક કમળથી મટે છે. તે વિચિત્ર ચિહ્નો ચરણમાં છે. તેથી ભગવાન્ લૌકિક અને અલૌકિક પ્રકારથી વ્રજભૂમિના દુ:ખને દૂર કરે છે. વ્રજમાં ત્રણ મુખ્ય છે. ભૂમિ, ગાયો અને ગોપીઓ. તેમાં પૃથ્વીના દુ:ખની નિવૃત્તિ ભગવાન્ એનીઉપર ચાલીને કરે છે. ગતિ અને કૃતિથી ગાયોનું દુ:ખ મટાડે છે. મોટો સાંઢ તે વર્ષ્મધુર્ય કહેવાય. તે મોટી કાંટવાળો હોય. તે બહુ ધીમો ચાલે છે. તેમ ચાલે તે ગાયનું દુ:ખ પણ દૂર કરે છે. ભગવાન્ વેણુ વજાવતા ચાલે છે તેથી ગોપીઓના દુ:ખને દૂર કરે છે. ત્યારે વેણુનાદ સાંભળતાં અમોને કામ થાય છે તેથી અમે જંગમ છીએ તે સ્થાવર થઈ જઇએ છીએ. સ્વભાવથીજ વેણુનાદથી કામ થાય. તેમાં પણ વિલાસપૂર્વક જોવાથી તે કામનો વેગ વધે છે. તે વેગ વધવાથી અમે જ્યાં ઊભાં ત્યાં થાંભલાની જેમ ઊભાં જ રહી જઇએ છીએ તેથી વૃક્ષજેવી અમારી દશા થાય છે. તેને તો અંદર જ્ઞાન રહે છે અમારે તો આંતરજ્ઞાન પણ રહેતું નથી. સુષુપ્તિમાં પણ માણસ કાંઈ જાણતો નથી તેથી કહે છે કે વિકારથી મૂર્છિત થઈ જઇએ છીએ. સ્ત્રીઓએ બે વાતમાં અવશ્ય ધ્યાન દેવું જોઇએ. પહેરેલ લુગડું સાચવવું જોઇએ અને માથાઉપરથી ખસવું ન જોઇએ. તે બન્ને તે ભૂલી જાય છે. આ બધું વેણુનાદથી થયું. ભગવાને ચાલીને જોઇને જે કર્યું તે પણ અહિં કહેવામાં આવ્યું. ૧૬-૧૭

વેણુનાદનો પ્રભાવ હરિણીઉપર જે પ્રકારે પડ્યો તેને કહેવા વેણુનાદનું मणिधर इत्यादि બે શ્લોકથી વર્ણન કરે છે.

**मणिधरः क्वचिदागणयन् गा मालया दयितगन्धतुलस्याः ।**
**प्रणयिनोऽनुचरस्य कदांसे प्रक्षिपन् भुजमगायत यत्र ॥ १८ ॥**
**क्वणितवेणुरववञ्चितचित्ताः कृष्णमन्वासत कृष्णगृहिण्यः ।**
**गुणगणार्णवमनुगत्य हरिण्यो गोपिका इव विमुक्तगृहाशाः ॥१९॥**

મણિઓની માલાને ધરનાર, ક્વચિત્ તેનાથી ગાયોને ગણતા, પ્રિય ગંધવાળી તુલસીની માલા પહેરી પ્રેમી અનુચરના ખભા ઉપર હાથ રાખી ક્યારેક પોતે વેણુમાં ગાન કરે છે. ત્યારે વેણુના ક્વણનથી ચિત્ત વંચિત થતાં હરિણની સ્ત્રીઓ કૃષ્ણની પાછલ પાછલ ચાલે છે. જો કે તે કૃષ્ણસારની સ્ત્રીઓ છે તેમાં એક બે ગુણ છે, આ કૃષ્ણ તો ગુણનો સમુદ્ર છે. તેથી ગોપીઓની પેઠે ઘરબારની આશા છોડી તેની પાછલ ચાલતાં થયા.

**सुबोधिनी—**ગાયોનાં આધિદૈવિક સ્વરૂપો મણિઓ છે. તે આધિદૈવિક મણિઓને પોતે પહેરે છે. તેથી તે મણિધર કહેવાય છે. અથવા પોતાના અભિપ્રાય જણાવવામાટે આભરણ ધરે છે. પોતાની પ્રિયાઓને બતાવનારા પણ તે મણિઓ છે. પ્રિયાઓ પોતાને યાદ કરે તેથી પોતાના મણિઓ ભગવાનના કંઠમાં પહેરાવી જાય છે. અથવા ગોપીઓના તે આધિદૈવિકરૂપ છે. તેનાવડે ક્યારેક ગાયોની ગણના પણ કરે છે. તેથી તે ગાયો અથવા ગોપીઓ તે અને તેના ધર્મો એ બધું ભગવાનમાં પ્રતિષ્ઠા પામેલ છે. તેથી

તેને સંસારનો અભાવ કહ્યો. એ જ ગોપિકાઓનું પણ સમજવું. તેમ હરિણીઓનું પણ સમજવું. તે ભગવાન્ જો ગ્રામ્યોનો ઉદ્ધાર કરે તો અરણ્યમાં રહેનારનો વિશેષરૂપે ઉદ્ધાર કરે તેથી હરિણીઓ કૃષ્ણપર થયાં તે યોગ્ય કર્યું છે. દયિતગંધવાળી તુલસીની માલા ધરીને ઉભા છે. ભગવાનને નીલરૂપ પ્રિય છે. સ્રીનો સ્પર્શ પ્રિય છે. વેણુનો શબ્દ પ્રિય છે. રસ નવનીતનો પ્રિય છે. ગંધ તુલસીનો ગમે છે. તે ગંધની ઉત્તમતા કોઈક સાત્ત્વિકોના અનુભવમાં જ આવી શકે છે. તુલસી પ્રભુને પ્રિય હોવાથી તેની માલા ધરે છે. આપણે પણ જ્યારે તેને વ્હાલાં લાગશું ત્યારે આપણા ધર્મોને કે આપણને પણ તે ધારણ કરશે જ. એ વિચારથી કૃષ્ણસારની સ્રીની ભગવાનમાં પ્રવૃત્તિ થઈ છે. કૃષ્ણસારનો વિનિયોગ વેદમાં છે. તેમની સ્રીઓ ભક્તિમાં પ્રવૃત્ત થવામાટે ઉદ્યમ કરી રહી છે. ભગવાન્ પોતાના અત્યંત પ્રેમવાળા સેવકરૂપ ગોપના ખભાઉપર પોતાની ભુજા લંબાવીને ક્યારેક ગાય છે. વેણુ વજાવતાં વચ્ચે ગાન પણ કરે છે. अगायत એમાં ભૂતકાળ आशंसायां भूतवच्च એ વ્યાકરણ સ્મૃતિને લઇને લખ્યો છે. જેમ ગોવાળઉપર અત્યારે કૃપા છે તેના જેવો સ્નેહ તથા સેવા આપણી દેખશે તો આપણીઉપર કૃપા કરશે એ આશાએ ગોપીઓ અને હરિણીઓ પણ સ્નેહથી ભજન કરે છે. હરિણીઓને દેહની સ્ફૂર્તિ નથી તેથી 'પશુને વિજાતીયમાં કામ ન હોય' એ ભાન નથી રહ્યું. ત્યારે જ વેણુનું ક્વણન કર્યું. અકસ્માત્ મનને હરે એવો શબ્દ થયો તે જો વેણુમાંથી નીકળ્યો હોય તો બીજા પણ શબ્દો ચિત્તને છેતરનાર નીકળ્યા તેથી रव કહ્યો છે. મૃગને શબ્દથી વશ કરાય છે એ વાત લોકપ્રસિદ્ધ છે. હમણાં આપણો ઉપયોગ થશે એવી તે શબ્દોએ પ્રતીતિ કરાવી તેથી તે શબ્દોને વંચક કહ્યા છે. તે રવથી વંચિત ચિત્ત થયાં તેથી કૃષ્ણની પાછલ પાછલ ચાલ્યા અથવા તેની સમીપમાં જઈ ઉભાં રહ્યાં. જેમ પ્રાય (મરતાં સુધી ત્યાં રહેવું તેને પ્રાય કહે છે)માં બેસે છે તેમ આ કૃષ્ણની પાસે બેઠાં. બીજાની સ્રી બીજા પુરુષને ઘેર તેની પાસે જઇને બેસે તે અનુચિત ગણાય તો તે કેમ બેઠી? ત્યાં કહે છે કે તે કૃષ્ણસારની ગૃહિણી છે; આ પણ કૃષ્ણ છે તેની ઘરવાળી તે બની ગઈ. અથવા આનાં ચિત્ત તો છેતરાઈ ગયાં છે તેથી તે રૂપનો વિચાર કર્યા વગર શબ્દમાત્રના માધુર્યને લીધે ત્યાં જઈ બેઠી. અથવા વેણુનાદનો રસ લેતાં કૃષ્ણસારમાં પણ કૃષ્ણતા જોઇને કૃષ્ણની પાસે બેઠી. કૃષ્ણસારમાં પણ ભ્રમ થાય તેવો કૃષ્ણ શબ્દ છે તો તે કૃષ્ણસારને છોડીને કેવળ કૃષ્ણપાસે કેમ આવ્યાં? તે શંકાના સમાધાનમાં કહે છે કે કૃષ્ણસારમાં એક બે ગુણ હશે આ કૃષ્ણ તો ગુણના સમુદ્ર છે તેથી બધી હરિણીઓ ઘરની આશા છોડીને કૃષ્ણને અનુસરી. ઘેર જશું એવી મનમાં પણ આશા ન રાખી. ભગવાનની સમીપમાં ભગવદ્રસ પીધો તેનો તેમને સ્વાદ લાગી ગયો તેથી ગોપિઓની પેઠે ભગવત્પરાયણ થઈ ગઈ. ભગવાન આની ઉપર ખુશી કેમ થયા તે કહે છે કે હરિણીનાં નેત્રો ભગવાને જોયાં તેથી પોતાની પ્રિયાઓનાં નેત્રો સાદૃશ્યને લીધે યાદ આવ્યાં. ભગવાને વિચાર કર્યો ગોપિઓ જેવા ભાવથી મને જુએ છે તેવા ભાવથી આ હરિણીઓ પણ મને જુએ છે. તેથી ગોપીઓના જેવો ભાવ એની ઉપર કર્યો અને વેણુનું ક્વણન પણ ભગવાને કર્યું તેથી र અગ્નિબીજ અને व અમૃતબીજ એ બન્નેના યોગવાળો रव શબ્દ વાપર્યો છે. તેને સાંભળતાં અતિ આર્તિ થાય છે અને તાપનું શમન પણ થાય છે તેથી ગોપિઓએ પોતાનો દૃષ્ટાન્ત હરિણિઓને આપ્યો એ યોગ્ય કર્યું છે. ૧૮-૧૯

એમ નવ પ્રકારે વેણુનાદનું વર્ણન ૧૮ શ્લોકથી કર્યું. એક ઉપક્રમનો મળી ૧૯ શ્લોકો ગયા. ગુણાતીત પ્રકાર ત્રણ પ્રકારે નિરૂપણ કરે છે. તેમાં વેણુનાદથી ભગવાને આખા જગતને વશ કર્યું એ કહે છે.

**कुन्ददामकृतकौतुकवेषो गोपगोधनवृतो यमुनायाम् ।**
**नन्दसूनुरनघे तव वत्सो नर्मदः प्रणयिनां विजहार ॥ २० ॥**
**मन्दवायुरुपवात्यनुकूलं मानयन् मलयजस्पर्शेन ।**
**बन्दिनस्तमुपदेवगणा ये वाद्यगीतबलिभिः परिवव्रुः ॥ २१ ॥**

હે અનઘે યશોદે ! તમારો પુત્ર કુંદપુષ્પની માળાઓથી પુષ્પનો શૃંગાર કરીને ગોપી અને ગોધનને લઇને યમુનામાં પ્રેમવાળાં ભક્તોને મશ્કરીનો આનંદ આપતા વિહાર કરે છે. ત્યારે વાયુ તેનું બહુ માન રાખે છે અને મલયના ચંદનના સ્પર્શવાળો મંદ વાય છે. ઉપદેવના ગણો બંદીજનોની પેઠે વાજાં ગીત અને પૂજાના સાધનોથી ભગવાનને વીંટાઇને તેની સેવા કરે છે.

**सुबोधिनी**—જ્યારે ભગવાન્ યમુનામાં વિહાર કરે છે તેમાં પ્રથમ અને છેલ્લે વેણુનાદની જરૂર હોય તેટલો તો કરે છે. તેનો જૂદો પ્રકાર ન હોવાથી વેણુનાદ કહ્યો નથી પણ તેનું પ્રકરણ હોવાથી તેની ગેરહાજરી ન જ હોય શકે. ત્યારે ઉપ-દેવના ગણો ભગવાનને વિટાઈ ગયા એમ શ્લોકનો સંબંધ છે. **यमुनायाम्** એ સામીપ્ય સપ્તમી છે. અથવા અધિકરણ સપ્તમી છે. ઉનાળામાં ગાયો અને ગોપાલો યમુનામાં ન્હાય ખરા. તેમાં ગોપોની સાથે વિહાર કરે, જલની ક્રીડામાં ગાયોને ધમારે. સર્વત્ર ઉદ્વેગ ન થવા માટે વચમાં વેણુનાદ કરે છે. તે સહકારી બને છે. તે વખતે ભગવાન્ અનલંકૃત હશે એમ કોઇને શંકા થાય તેના ઉત્તરમાં કહે છે કે વસ્ત્ર-આભૂષણયુક્ત છે. ઉષ્ણકાળમાં પુષ્પના આભરણો જોઇએ તે નહિં હોય એમ શંકા ન કરવી. કેમકે કુંદ પુષ્પની માલાઓમાંથી આખો શૃંગાર બનાવ્યો. અનેક પ્રકારની ગુંથણીથી માળાઓ કરી જોઇતાં ઘરેણાં વસ્ત્રો તેમાંથી કરી લે છે. ત્યાં શંકા કરે કે આવી પ્રાકૃત લીલા ભગવાન્ કેમ કરે ? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ નંદરાયના પુત્ર થયા તેમ પ્રાકૃત લીલા પણ પોતે કરે. 'હે અનઘે !' એમ યશોદાજીને સંબોધન આપ્યું તે માતાજી ક્રોધ ન કરે એટલા માટે આપ્યું. અથવા પાપી ન હોય તેને વિશ્વાસ હોય. તેથી અનઘે કહ્યાં છે. કૃષ્ણ તમારા વત્સ થયા ત્યારે તમેં ગાયરૂપ બન્યાં તેનાથી તેનામાં જે ગુપ્ત રસ છે તેની તમને ખબર જ નથી એ રસની દૃષ્ટિએ તમેં ઢોર જેવાં છો એમ કહ્યું. જો યશોદાજી ઢોર ન હોત તો કૃષ્ણને ખાંડણીએ બાંધ્યા તેવું કામ કોઈ જાણતું હોય તે કરી શકે ? મધ્યમાં નિર્દોષ સંબોધન આપ્યું છે તેથી ભગવાન પણ તેવી ગાયના વાછડા છે. ગાય અને વાછડા નિર્દોષ હોય તેમ બન્ને નિર્દોષ છે એમ કહ્યું છે. કેમકે અનઘે શબ્દ નંદસૂનુ અને તવ એ બન્નેની વચ્ચે દેહલી દીપ ન્યાયથી બન્નેને નિર્દોષ ઠરાવે છે. પણ ભગવાન નિર્દોષ સાથે પૂર્ણગુણ પણ છે. તે પ્રણયિના નર્મદ છે. જે કોઈ સ્નેહી હોય તેનો સ્નેહ વધે તેવી લીલા ભગવાન્ કરે

છે. આનાથી સર્વત્ર હેતુ કહ્યો. લીલામાં આસક્તિથી ક્રીડા તેનું નામ વિહાર. તે અહિં જલક્રીડા નૃત્યક્રીડા વેણુવાદનક્રીડા એ ત્રણ ક્રીડાઓ છે. જો એમ ન કરે તો વાજાં વગેરેનો ઉપયોગ ન થાય. વિદ્યાવાળાઓને વશ કરવા જોઇએ તેમાં વિદ્યાને ઉત્પન્ન કરનારો વાયુ છે, વિદ્યાના આધાર દેવો છે. તેમાં ઉપદેવના ગણ અને બંદીજનો છે. તે બહાર વિદ્યા પ્રકટ કરાવે છે. તેથી બીજા કરતાં તેમાં વિશેષ કહ્યો છે. તેમાં કારણરૂપ વાયુનું નિપરૂણ કરે છે. મંદ વાયુ અનુકૂલતા પ્રમાણે વાય છે. અનુકૂલ સમીપમાં હિત કરનારો તેથી શૈત્ય કહ્યું. મલયચંદનના સ્પર્શવાળો તેથી સુગંધ કહ્યો તે દક્ષિણદિશાનો વાયુ છે એમ કહ્યું. અથવા ભગવાનના સ્વરૂપમાં ચંદન લગાવ્યું છે તેને સ્પર્શનારો વાયુ છે. યમુનાજીનો વાયુ તેથી અધિક ઠંડક કરે છે. મલયજ સ્પર્શ અથવા મલયજના જેવો સ્પર્શ એમ અર્થ કરવો. તેથી ત્યાં વનમાં રહેલાં બધાને ભગવાનમાં તે ભાવ સંપાદન કરશે. પોતાના શીત મંદ અને સુગંધરૂપ ત્રણ ગુણોવડે વાયુ ભગવાનનું સન્માન કરતો વાય છે આપણને વશ્ય હોય તેમ સુહાતો વાય છે ઉપદેવગણ એટલે ગંધર્વો વગેરે બંદીઓ યશોગાન કરનારા તે ગાન પણ કરે છે. તે ભગવદીયો છે. બજાવવું ગાવું પૂજાનાં સાધનો હાજર કરવા વગેરે ત્રણ ગુણના સાધનવડે વિંટાય ગયા એટલે તેમણે વનમાં બધાં સાધનો પૂરાં પાડ્યાં. ૨૦-૨૧

એમ ગુણાતીતમાં પ્રકીર્ણનું નિરૂપણ કરીને હવે બે યુગલમાં કેવળ ભગવાનનું ચરિત્ર કહેવાય છે.

**वत्सलो व्रजगवां यदगध्रो वन्द्यमानचरणः पथि वृद्धैः।**
**कृत्स्नगोधनमपोह्य दिनान्ते गीतवेणुरनुगेडितकीर्तिः ॥ २२ ॥**
**उत्सवं श्रमरुचापि दृशीनामुन्नयन् खुररजश्छुरितस्रक्।**
**दित्सयेति सुहृदाशिष एष देवकीजठरभूरुडुराजः ॥ २३ ॥**

વ્રજ અને ગાયોની ઉપર પ્રેમવાળા, ગોવર્ધનને ધરનાર, માર્ગમાં વૃદ્ધો જેને નમન કરે છે, સાયંકાલે ગોપો જેની કીર્તિ પાછળ ચાલતા ગાતા આવે છે, એવા કૃષ્ણ સમગ્ર ગોધનને લઇને વેણુ બજાવતા આવે છે ત્યારે તે કાંઇક શ્રમિત જણાય છે તો પણ ગોપીઓની દૃષ્ટિને ઉત્સવ કરે છે. ગાયની ખરીથી ઉડેલી રજ માળા ઉપર વ્યાપ્ત થઈ જાય છે એવા દેવકીના ઉદરમાંથી ચંદ્રરૂપે પ્રકટેલા કૃષ્ણ સુહૃદોને આશિષ દેવાની ઇચ્છાથી પધારે છે.

**सुबोधिनी**—ભગવાન્ ગાયના કુલને ખિરકમાં લાવે છે તે તેની કૃપા સમજવી. એમ ન કરે તો એક લીલામાં પડેલી ગાયો મુક્ત થઈ જાય. ગોપીઓને પણ ભજનાનંદનો અનુભવ કરાવવા માટે તેમ કરે છે. કારણ કે તેમને માટે તો ભગવાને ગોવર્ધનને ઉઠાવ્યો. જો તેને ભજનાનંદ ન આપે તો પર્વત પણ ન ઉઠાવે. આ ભગવાનનું માહાત્મ્ય સર્વ જગતમાં પ્રસિદ્ધ છે. તે પ્રસિદ્ધિને લઇને માર્ગમાં અત્યંત ડાહ્યા વૃદ્ધો પણ તેને નમે છે. બહુ જાણે તેજ ભગવાનની સેવા કરે છે. તે ભગવાન્ બધી ગાયોને લઇને વનમાં પધારે છે. ત્યાંથી સાયંકાલે બધા ગોધનને લઇને વ્રજમાં પધારે છે, કેમકે વનમાં રહેવું વધારે વખત ઠીક નહિં. બીજી લીલા કરવાની પણ

ઇચ્છા છે તેથી વેણુ બજાવીને ગોષ્ઠ તરફ રવાના થાય છે. વેણુ વગાડવામાં બે કારણ: એક તો વ્રજમાં રહેલા ભક્તોને આપ પધાર્યાની સૂચના માટે અને બધાનો શ્રમ નિવૃત્ત થવા માટે તેમ કરે છે. આ નાદનું કાર્ય આગળ કહેશે. કેવળ પધારીને ગોપીઓનેજ કૃતાર્થ કરે છે એમ નથી પણ ગોપોને પણ કૃતાર્થ કરે છે તેથી તે ગોપો ભગવાનની સ્તુતિ કરે છે. સેવકો જેની કીર્તિનું ગાન કરે છે. તેથી રાતના ગોપો પણ ભગવાનનું ગાન કરે છે. જેમ દિવસમાં ગોપીઓ ગાન કરે છે. એમ ન કરે તો ગોપોનો નિરોધ ન થાય આ ભગવાનના કાર્યને પોતે જાણે છે તેથી પોતે જ તે કાર્ય કરે છે. વ્રજમાં રહેનારના નેત્રોને થાકેલા શ્રીઅંગની કાંતિથી પણ ઉત્સવ કરાવે છે અને ઇચ્છિત આપે છે. શ્રમવાળી કાંતિ કહી. ભગવાનને શ્રમ નથી પડતો એવો પણ પક્ષ છે. તે પક્ષમાં તો શ્રમનો દેખાવ છે સિદ્ધાન્તમાં તો ભગવાનને શ્રમ પડે છે. વેદમાં કહે છે 'તે ભર્તા છે અને જેનું પોષણ કરવું છે તેને ધારણ પોષણ કરે છે. એક દેવ બહુ પ્રકારે રહ્યા છે. જ્યારે તે ભારને છોડે છે' ઇત્યાદિ. સર્વધર્મરૂપ છે વિરુદ્ધ સર્વધર્મના આધાર છે તેથી થાકે પણ છે. કેવળ થાકતા નથી એમ ન કહેવાય. કેટલાકનું કહેવું છે કે તે શ્રમ સુખરૂપ છે. શ્રમની કાંતિ જો પુરુષમાં દેખાય તો તે સ્ત્રીનું હિત કરનારી ન થાય. તો પણ ગોપીઓને તે હિતકારક થઈ તે કહે છે. દૃશિ એટલે દર્શન. જો ભગવાન્ શ્રાન્ત ન હોત તો જલદી બીજે જાત તો દર્શનમાં પરમાનંદની પરંપરા ન થાત. આ તો દૃષ્ટિને ઊંચી લે છે. દૃષ્ટિને જેટલો આનંદ હતો તે કરતાં ઘણો વધારી દીધો. ભગવાનની કીર્તિ સર્વ પુરુષાર્થ આપનારી છે તેનો પ્રકાર બતાવતા શ્રમને સિદ્ધ કરે છે. ગાયોની પાછળ ચાલે છે તે ગાયોની ખરી રજમાં લાગવાથી રજ ઉપર ચડે છે તે ભગવાનની કીર્તિરૂપ માળામાં વ્યાપ્ત થાય છે. વાયુથી ઉડેલો રજ સ્થિર થતો નથી કે એક નિયમથી ઉડતો નથી. ખરીથી ઉડેલો રજ પણ તેવો છે. ખરીશબ્દ ગાયનો વાચક હોવાથી ગાયની ખરી એમ નથી કહ્યું એ 'पशवो वा एक शफाः' ત્યાં નિર્ણય કર્યો છે. અહિં ખરીથી ઉડવું તે ધર્મરૂપ છે, રજ અર્થ છે, વ્યાપ્તિકામ છે. આવવાનું કાર્ય બતાવે છે. સર્વ સુહૃદોને સર્વ પ્રકારની આશિષ આપવાની છે તે વાત કહી છે કે ભગવાન ગોપીઓ દ્વારા સર્વમાં આનંદ રેડશે. एव એમ ભગવાનને બતાવે છે. તે પોતાની સાથે લીલા કરશે એમ કહે છે. સાધારણરીતે સર્વના તાપને નાશ કરવાનું સામર્થ્ય ભગવાનમાં છે તેથી તેનો અસાધારણ ધર્મ બતાવે છે. અદિતિ દેવકી છે अदितिर्द्यौः એવી શ્રુતિ છે. અદિતિનો અવતાર છે તે આકાશરૂપ છે. આકાશમાં ચંદ્રનો ઉદય થવો જોઇએ. દેવકીએ વિશેષ રૂપ કર્યું; ચંદ્રે પણ વિશિષ્ટ કાર્ય કર્યું. લૌકિક તાપ ત્રણ પ્રકારનો છે. ભગવાનના વિરહનો તાપ પણ છે. આ ભગવાન્ ભક્તના ત્રિવિધતાપને દૂર કરે છે. તેથી પહેલાં આનંદ દેવા આવે છે એ વાતને દૃઢ કરી. દેવકીના ઉદરમાં થાય તે देवकीजठरभूः કહેવાય. તેજ ચંદ્ર છે. નક્ષત્રોનો રાજા જેમ પૂર્વદિશામાં પ્રકટે તેમ ભગવાન દેવકીમાં પ્રકટ્યા. ચંદ્ર પતિ તો નક્ષત્રનો છે, પણ સુખ જગતને કરે છે. તેમ કૃષ્ણ દેવકીમાં થયા પણ સુખ તો અમને (ગોપીઓ) આપે છે.

અથવા આ ગોપીઓ ભગવાનના વિરહથી દુ:ખી છે. પોતાને ઇચ્છિત તો ભગવાનના શ્રીઅંગનો સંગ છે. તે ન મળે ત્યાં સુધી તેને ઉત્સવ થવાનો નથી તેથી તે દુ:ખી હતાં. પરંતુ આંખને તો દર્શન મુખ્ય છે તે ભગવાન પધાર્યા તેથી તેમની આંખોને તો ઉત્સવ થયો. એમ આર્ત છતાં અમારા નેત્રને તો ઉત્સવ થયો. આર્તશબ્દ હ્રસ્વ પણ

છાંદસ છે. અહિં દૃષ્ટિની આર્તતા કહેવાની નથી. બીજા પ્રકારે પણ તેના રસના આસ્વાદવાળી સ્વામિનીઓ છે તેથી તેને બધી ઇન્દ્રિયોમાં દુઃખ છે. બધી ઇન્દ્રિયોને સુખ થાય તો ભગવાન્ પાસથી આશિષ લેવી ન પડે. તો ભગવાન્ આશિષ આપવાની ઇચ્છાથી આવે છે એ કહેવું ખોટું ઠરે. આંખને ઉત્સવ તો બહારથી થાય. અન્તરમાં ઉત્સવ થવાનું સ્થાન તો મન છે તેને તો સંતોષ થયો નથી તે તો ભગવાન ભોગ કરશે ત્યારે થશે. એ જ્ઞાપન કરવા માટે દૃષ્ટિનું ઉન્નયન કર્યું છે. જેમ **'गोप्यो दिदृक्षित-दृशोऽभ्यगमन् समेताः'** એ જગ્યોએ ભગવાનને જોયા પણ તેને જોવાની ઇચ્છા તૃપ્ત થઈ નહિ એમ અહિં પણ સમજવું. તેથી **दृशीनाम्** એમ સંબંધષષ્ઠી કહી છે તેના નેત્રને ઉત્સવ ભગવાને કરાવ્યો છે એટલે દર્શનના સ્વભાવથી થયો છે. સ્વતઃ નેત્ર તૃપ્ત નથી તેથી શ્રમને લીધે પણ ઉત્સવ મનાય. નહિં તો સવારથી ભગવાનમાં ઉત્કંઠાવાળાં ભક્તો ભગવાન્ આવે ત્યારે તેને શ્રમિત જુએ તો તે ધારે કે આ કાંઈ આપણને રસ આપશે નહિં કેમકે થાકયા જણાય છે તો તેને ઉત્સવ ન થાય. પણ પહેલાં કરતાં પણ શ્રમિત જોઈ વધારે દુઃખ થાય. અમારી વિના બીજાની પાસે ભગવાન્ શ્રમ નિવૃત્તિ કરાવશે નહિં અમે જ તેમનો શ્રમ દૂર કરશું તેથી પણ શ્રમની કાંતિ કહી તે યોગ્ય કર્યું કેમકે થાકે તો સેવા આપે. શ્રમને કાંતિરૂપે વર્ણવ્યો છે તે પણ પોતાના મનોરથનો પ્રતિબંધક ન હોવાથી તે આપણને લાભ કર્તા છે. શ્રમ પણ જો બીજી નાયિકાનો કરેલો હોય તો તેને જોવાથી તે કાંતિરૂપ ન લાગે પણ આ તો ગાયની ખરીઓની રજ લાગતાં શ્રમ થયો છે. બીજી નાયિકાથી શ્રમ થયો હોય તો તેનો અંગરાગ માળાને લાગે પણ ખરીની રજ ન લાગે. રજ પણ આવતી વખતે લાગે. આ રજ પણ ઘણા વખતની લાગેલી છે તે માળામાં વ્યાપી ગઈ છે. હમણાં લાગી હોય તો માળા સાથે એકરૂપ ન થાય પણ પંખો કરતાં ઉડી જાય. અન્ય નાયિકા મળી હોય તો માળા જ અંતરાયરૂપ થાય તેને જ વિદાય કરી દે. તેથી જણાય છે કે અમે તેમનાં વ્હાલાં છીએ અમને સુખ આપવાની ઇચ્છાથી આપ પધારે છે. કર્તાને ઇચ્છિત કર્મ કહેવાય. તે અહિં ભગવાન્ કર્તા છે તેને ઇચ્છિત અમે છીએ બીજું કોઈ નથી. અન્યથા વ્રજમાં આવે છે એમ કહેત. ભગવાનને તો સર્વનો નિરોધ કરવો છે તેમાં વ્રજ પણ તેને ઇચ્છિત છે પણ વધારે ઇચ્છિતતમ તો અમે જ છીએ તેથી જ આ પધાર્યા. જો અમે ઇચ્છિત ન હોઇએ તો અમને પ્રથમ દર્શન કેમ આપે. દક્ષિણ નાયક હોવાથી તેનો અંદરનો ભાવ કાંઇક બીજો હશે એવી શંકા ન કરવી કેમકે તે દેવકીના ઉદરથી પ્રકટ્યા છે. સર્વથા નિર્દુષ્ટ દેવકી તેના ઉદરમાં પ્રકટે તે નિર્દોષ જ હોય. તે તો સર્વને સમાન છે. તમારામાં શું વિશેષ છે કે તેને તમે પોતાના ગણો છો ? તેના ઉત્તરમાં કહે છે કે જેમ ચંદ્ર જગતના તાપને દૂર કરે પણ તે દૂરથી કરે ધણીપણાથી તો ૨૭ નક્ષત્રોનો જ તે ધણી તેનો તાપ સમીપથી દૂર કરે છે. તેમ આ પણ બધાંને દૂરથી રાજી કરે. અમારા તો તે પતિ છે તેથી અમારી અને એની મિત્રતા ઘણી ગાઢ છે. ચંદ્ર જેમ નક્ષત્રના મંડળમાં રહે છે તેનાથી શોભે છે તેમ ભગવાન્ પણ અમારી વચ્ચે શોભે છે. એ ઉડુરાજપદથી સૂચવ્યું. આ બધું કાર્ય વેણુનાદવડે સાધ્ય છે. એ પ્રકરણી હોવાથી તેને લેવો જ પડશે. ૨૨-૩૩

એમ સાધારણ લીલા કહીને ગોપીઓમાં વેણુથી કરાયલી અને ભગવાને કરેલી લીલાને આ છેલ્લા યુગલથી કહે છે.

**मदविघूर्णितलोचन ईषन्मानदः स्वसुहृदां वनमाली ।**
**बदरपाण्डुवदनो मृदुगण्ड मण्डयन् कनककुण्डललक्ष्म्या ॥ २४ ॥**
**यदुपतिर्द्विरदराजविहारो यामिनीपतिरिवैष दिनान्ते ।**
**मुदितवक्त्र उपयाति दुरन्तं मोचयन् व्रजगवां दिनतापम् ॥२५॥**

મદવડે જેના નેત્રમાં ઘેન દેખાય છે પોતાના મિત્રને થોડું માન આપે છે વનની માલા ધરી છે બોરડીના અધપક બોર જેવા પીળા ગાલને સોનાના કુણ્ડલની શોભાથી મંડનયુક્ત કરે છે. અને વેણુ બજાવે છે ત્યારે ચંદ્રમાની જેમ દિવસના અવસાનમાં ઘેર આવતાં, મોટા હાથીના જેવા વિહાર કરતા, હસતે મુખડે, વ્રજજનના અને ગાયોના કોઇરીતે ન ટળે એવા દિવસના તાપને દૂર કરતા યદુપતિ પધારે છે.

**સુબોધિની**—યાદવોના પતિ હસતે મુખડે પધારે છે. પૂર્વે કહેલા વેણુનાદો અહિં સમજી લેવા. પહેલાં દશ લીલા કહી તે બધી લીલા અમારે માટે ભગવાને કરી છે એ વાત દશ વિશેષણથી કહે છે. ભગવાન્ તો બન્ને શ્લોકમાં એકજ છે. સર્વત્ર વેણુનાદમાં રજોગુણ મુખ્ય છે. તે અમારે માટે ફલ્યો છે. મદથી ઘેરાયલાં છે નેત્ર જેનાં એવા પ્રિય છે. મદ અહિં પોતાની આનંદપૂર્વકસ્થિતિનો સંપૂર્ણ અવબોધ સમજો. જ્ઞાન તો જ્ઞાનમાર્ગમાં પ્રકટ કરાય. તેથી સર્વ વિષયોને દૂર કરવા માટે લોચનમાં ઘેન છે. આ ભગવાનનો ધર્મ કહ્યો. સ્વ–સ્વરૂપમાં રહેવા માટે તે છે છતાં તે થોડો માન આપનાર છે. માન આપે છે. સન્માન કરે છે. તેથી અમે તેની પાસે પહોંચશું એમ જણાય છે. અથવા રજોગુણ પ્રકટ કર્યો છે તેથી માનનો અર્થ અભિમાન કરો તો તે અમારા અભિમાનને દૂર કરે છે. અથવા જ્ઞાન કરીને અમને અભિમાન કરાવે છે. ત્રણેમાં થોડું થોડું સમજવું. ભગવાન તો પૂર્ણ છે તમોને અભિમાન કરાવવું તમોને માન આપવું વગેરે તેને શામાટે કરવું પડે ? એ શંકાના ઉત્તરમાં કહે છે કે તે પોતાના મિત્રોને માટે એમ કરે છે. મોટા પણ પોતાનો મિત્ર સાધારણ હોય તો પણ તેનું કાર્ય કરે છે. હવે સાધારણ કાર્ય કહે છે. કીર્તિમયી વનમાલા ધરી છે. બોરના જેવા સફેદ અને પીત વર્ણ–વદન છે. અહિં બદરથી બોર લેવું. એ બોર ઘડી ઘડી રંગ બદલે છે. તેમાં પણ અરધો પાકયો હોય તે પાંડુ એટલે આછીપીળાસવાળો હોય છે પાકે ત્યારે તો લાલ થાય છે. તેમ ભગવાન અત્યારે અરધા આસક્ત થયા છે આગળ અત્યંત રત થશે. તેથી થોડું માન આપે છે એમ કહ્યું છે. તેનું સાધન કીર્તિ છે. તેથી વચમાં બીજું વિશેષણ આપ્યું છે. અહિં પાંડુશબ્દથી થોડી રતાશ રૂપ ગુણ કહ્યો છે. તે વખતે વદન એટલે મુખમાં અધરામૃતપાન લક્ષણાવૃત્તિથી સમજાય છે. તે અધરામૃત તો વનવાસિઓને ઉપયોગી છે, વનમાં જઇને પાન કરવા યોગ્ય છે એમ બધીઓ બોલે છે. તેનાથી વિશેષ કહે છે કે ભગવાને સોનાનાં કુણ્ડલ પહેર્યા છે તેનાથી કોમળ ગાલને શોભા મળે છે. કેમકે ભગવાનને મૂછ ઉગી નથી અને પોતે આનંદના નિધાન છે. તે ગાલની કોમલતા ભોગને માટે કહી છે. રસની સમાપ્તિ ગંડ ઉપર થાય છે. કનકપદ બીજા વર્ણને કહે છે. પરમાનંદ જોકે ઉત્કૃષ્ટ છે તો પણ તે અમારે માટે તો કામરસને પ્રકટાવે છે. ભગવાન્ સર્વથા અમારે માટે વ્રજમાં પધાર્યા છે. જો એમ ન હોય તો મસ્તક નમનના ભેદ અમારે માટે ન કરે, ત્યાં કહે છે કે ભગવાન્ છે તો

મોટા પણ નંદરાયજીના બાલક છે. તે અસાધારણ લીલા કેમ કરશે? એવી શંકા કરવાનું કારણ નથી કેમકે તે યદુપતિ છે. આ યાદવોના પતિ છે. યાદવ ઘણી સ્ત્રીઓ કરનારા છે. અમર્યાદ માટે બીજું વિશેષણ કહે છે કે હાથીના રાજાના જેવો વિહાર કરે છે. મોટા સુરતમાં હાથી જેવા મોટા છે. તેના વગર સુરતની પૂર્તિ થતી નથી. તે તો કરશે પણ પ્રથમ તો તાપ દૂર કરશે. સંપૂર્ણ રાતના તે ધણી છે. તેથી તે રાતમાં સુખ આપનાર છે. તે તો દિવસના પણ પતિ છે, એકલા રાતના રાજા કેમ કહો છો? ત્યાં કહે છે કે આ છે. સર્વ આભરણથી ભૂષિત થઇને સામે ઉભા છે તેને બતાવે છે. અત્યારે તો તે થાક્યા જણાય છે. ચંદ્રની જેમ દૂરથી અત્યારે તાપનાશક છે. આગળ તો તે રાતના રાજાની જેમ તાપ દૂર કરશે. આ અર્થ લક્ષણાવૃત્તિથી નીકળે છે. તેથી હસતે મુખે આવે છે. આ ભાવ ગોપીઓને હિતકારી છે. પહેલાં સાધારણ કહ્યું છેલ્લે વ્રજનો અને ગાયોના સંપૂર્ણદિવસનો તાપ શાંત કરે એમ કહ્યું. ૨૪-૨૫

એમ સ્ત્રીઓનો નિરોધ કહ્યો તેનો ઉપસંહાર કરતાં પ્રકરણસંબદ્ધ બધાંનો તે દ્વારા નિરોધ પૂરો કરે છે.

**एवं व्रजस्त्रियो राजन् कृष्णलीलानुगायतीः ।**
**रेमिरेहःसु तच्चित्तास्तन्मनस्का महोदयाः ॥ २६ ॥**

**इति श्रीभागवते महापुराणे दशमस्कन्धे पूर्वार्धे**
**गोपीयुगलगीतनामकः द्वात्रिंशत्तमोध्यायः**

હે રાજન્! એમ કૃષ્ણની લીલાને દિવસમાં ગાતી વ્રજસ્ત્રિઓ તેમાં ચિત્ત રાખી તેમાં મન પરોવી મોટા ઉદયવાળાં થઈ રમતમાં દિવસો નિર્ગમન કરે છે.

**सुबोधिनी—राजन्** એવું પરીક્ષિતને સંબોધન વિશ્વાસને માટે આપ્યું છે. વ્રજમાં રહેનારી સ્ત્રીઓ પણ દિવસમાં જ્યારે ભગવાનનો તેને સંબંધ ન હોય તે વખતે કૃષ્ણની લીલા જે ક્રમથી તેણે કરી છે તે ક્રમે એક પછી એક યાદ રહેવા માટે ગાયા કરે છે. અને રમ્યા કરે છે. તે ભગવાનની કીર્તિ ગોપીઓને આનંદરૂપા થઈ ગઈ તેથી ગોપીઓની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ ભગવન્નિષ્ઠ થઈ ગઈ તેજ કહે છે કે તેમાં ચિત્ત છે. તેમાં મન છે. ચિત્ત જ્ઞાનપ્રધાન અને મન કર્મપ્રધાન છે. એમ સર્વ પ્રકારે પ્રપંચવિસ્મૃતિપૂર્વક ગોપીઓની ભગવદાસક્તિ કહી. એમ તેનો નિરોધ કેમ થાય? ત્યાં કહે છે કે હમણાં તેના ભાગ્ય મોટાં થઈ ગયાં છે. બડભાગીને બધું સંભવે. એટલે આ લીલામાં શંકા કરવા જેવું નથી. ૨૬

ઇતિ શ્રીભાગવતની શ્રીવલ્લભાચાર્યકૃત સુબોધિનીટીકામાં દશમસ્કન્ધના બીજા
તામસના અવાંતર ચોથા ફલપ્રકરણના ગુર્જરભાષાના અનુવાદમાં
સાતમો (ક્ષેપક ત્રણ સાથે ૩૫ મો) અધ્યાય પૂરો થયો.
ફલપ્રકરણનું ગુર્જરભાષાન્તર સંપૂર્ણ.

## ॥ यमुनाजीके ३० नामें ॥

१ त्रयी, २ रसमयी, ३ सौरी, ब्रह्मविद्या, ५ सुधावहा, ६ नारायणी, ७ ईश्वरी, ८ ब्राह्मी, ९ धर्ममूर्तिः १० कृपावती, ११ पावनी, १२ पुण्यतोयाढ्या, १३ सप्तसागरसंगता, १४ तापिनी, १५ यमुना, १६ यामी, १७ स्वर्गसोपानपद्धतिः १८ कालिन्दी, १९ केलिसलिला, २० सर्वतीर्थमयी, २१ नदी, २२ नीलोत्पलदल-श्यामा, २३ महापातकभेषजा, २४ कुमारी, २५ विष्णुदयिता, २६ अवारितगतिः, २७ सरित्, २८ शरणागतसंत्राणनिपुणा, २९ सगुणा, ३० अगुणा, ॥

॥ श्लोकः ॥

य एभिर्नामभिः प्रातर्यमुनां संस्मरेन्नरः ।
दूरस्थोपि स पापेभ्यो महद्भ्योपि विमुच्यते ॥ १ ॥

॥ श्रीनाथजीके चरण चिन्ह ॥

(दक्षिणपद) स्वस्तीकधयों[1], अष्टकोण[2], जँव[3], जंबुर[4], वज्र[5], ध्वज[6], ऊर्ध्वरेखा[7], अङ्कुश[8], कमलप्रमाण[9],

(वामपद) मच्छ[1], त्रिकुण[2], कलश[3], धनुष[4], नभ[5], खुर[6], अर्धमयंक[7],

वाम

१ मच्छ
२ त्रिकोण
३ कलश
४ धनुष्य
५ आकाश
१ गोपद
७ अर्धचंद्र



दक्षिण

१ स्वस्तिक
२ अष्टकोण
३ यव
४ जम्बु
५ वज्र
६ ध्वज
७ ऊर्ध्वरेखा
८ अंकुश
९ कमल

श्रीकृष्णाय नमः

श्रीगोपीजनवल्लभाय नमः

श्रीमद्वल्लभाचार्यचरणकमलेभ्यो नमः

श्रीहरिरायप्रणीतश्चरणचिह्नवर्णननामकोयं ग्रन्थः सानुवादो मुद्र्यतेत्र ।

प्रणम्य ब्रह्मरुद्रादिवन्दनीयपदाम्बुजम् ।
वर्णये पदचिह्नानि सदनानि शुभाशिषाम् ॥ १ ॥
यद्ध्यानाच्चेतोपि सद्यः षोडशकलं भवति ।
नखचन्द्रपूर्णतायै तानि च षोडशसंख्यकानि ॥ २ ॥
दक्षिणवामपदचिह्नानां चिन्तनाद्भवति ।
दाक्षिण्यं वाम्यं तत्स्वरूपसंप्राप्तये नृणाम् ॥ ३ ॥
क्रमशः साभिप्रायं प्रत्येकं तानि चिह्नानि ।
भावुकसंतोषार्थं निरूपयिष्ये यथाबुद्धि ॥ ४ ॥
ब्रह्मादिदुर्गमे मे प्रभवति बुद्धिः कथं वक्तुम् ।
कृपया सर्वमशक्यं साधयितुं शक्यते दासैः ॥ ५ ॥
निर्भयसततस्थितये भक्तानां ज्ञापनायापि ।
धारयति वज्रचिह्नं सर्वोपरिविद्यमानत्वात् ॥ ६ ॥
यत्रानुग्रहवान् स तत्संमुखमेतदायाति ।
इति विज्ञातुं ध्वजमिह धत्ते विमुखे सदा विमुखम् ॥ ७ ॥
एतच्चिन्तकचेतोमत्तगजस्यान्यथागमनम् ।
न भवति कदाचिदथवा तथाविधोस्त्यङ्कुशस्तत्र ॥ ८ ॥
स्वयमङ्कुशमपि वक्रं वक्रमनोवारणे शक्तम् ।
अतएव नैव दण्डादिकमन्यस्तत्र धारयति ॥ ९ ॥
सजले चक्षुषि हृदि च स्थापयितुं योग्यमेवैतत् ।
चरणमिति प्रत्येतुं चरणे कमलाभिधं चिह्नम् ॥ १० ॥
सुखसेव्यत्वसमाख्यासिद्ध्यै वृद्ध्यै तथासक्तेः ।
जातेखिलप्रकाशे तादृशलभ्यत्वसिद्धये जलजम् ॥ ११ ॥
जनविरचितपापानां पर्वतसदृशां निवृत्तये वज्रम् ।
धारयति वज्रसदृशः कठिनहृदश्छेदनायापि ॥ १२ ॥
एतच्चिह्नं सततं स्थापयतश्चेतसि प्रायः ।
देवाधिदेवता स्यात् सपदि समस्तेषु चक्रइव ॥ १३ ॥

चरणं शिरसि निधाय स्थितस्य नैवास्ति कुत्रापि ।
इहपरलोकेऽप्यशुभं स्वस्तिकमित्थं निवेदयेच्चेति ॥ १४ ॥

दुःखाभावसुखाभिधपुरुषार्थद्वैतसंबन्धः ।
सुलभश्चरणानुसरणकर्तरीति स्वस्तिकं ब्रूते ॥ १५ ॥

अष्टविधैश्वर्याप्तौ न क्वापि चैवास्ति साधनापेक्षा ।
एतच्चिन्तयतस्तन्निरूपयत्यष्टकोणाख्यम् ॥ १६ ॥

अष्टविधैर्भूकोणैर्युक्तं राज्यं न दुर्लभं भवति ।
एतद्बुद्धिविभाव्यं तदष्टकोणाख्यचिह्नतो वेद्यम् ॥ १७ ॥

अतिशयितकीर्तिमत्त्वं ख्यापयति स्वस्य धारयन् चिह्नम् ।
यवसंज्ञं विज्ञानां यवतो हि धान्यराजः सः ॥ १८ ॥

श्रौताखिलकृत्यानां साधनसंपूर्णता चरणात् ।
स्मरणपथारूढादिति यवाङ्कमत्रैव धारयति ॥ १९ ॥

एतच्चरणमतीनामधोगतिर्नैव कुत्रापि ।
इति वेदयितुं चरणे बिभर्ति रेखास्तथैवोर्ध्वाः ॥ २० ॥

चरणाश्रयणविधातुः निःश्रेण्यो मोक्षमार्गस्य ।
इति लोके विज्ञातुं सन्ति पदाब्जे तथाविधा रेखाः ॥ २१ ॥

सरसस्यैव स्थितिरिह न कदाचिन्नीरसस्यापि ।
इति बोधयितुं कलशं बिभर्ति चिह्नं पदाम्भोजे ॥ २२ ॥

एतद्ध्यातुरमङ्गलसंभावनमेव नैवात्र ।
यत इह चरणे तिष्ठति कलशं लावण्यजलपूर्णम् ॥ २३ ॥

सुरिनरमुनिगणसेवितमिति बोधयितुं स्वसेविलोकस्य ।
गोष्पदनामकचिह्नं वामपदाब्जे वहत्येषः ॥ २४ ॥

तीर्थैरखिलैरपि या शुद्धिः संपादनीयास्ति ।
चरणाम्बुजमाश्रयतां सुलभा सा गोष्पदाब्जे या ॥ २५ ॥

लौकिकलक्ष्मीफलमपि सुलभं चरणाश्रयादेव ।
इति विज्ञातुं जम्बूकफलमिह सौवर्णकारणं वहति ॥ २६ ॥

सर्वविलक्षणफलवच्चरणं न हि निष्फलं क्वापि ।
इति जम्बूकफलमद्भुतचिह्नं चरणे सदा वहति ॥ २७ ॥

बहुधाध्यानं तिष्ठति चाञ्चल्यात् सन्ततं नैव ।
इति मत्स्याख्यं चिह्नं वामपदाब्जे दधात्येषः ॥ २८ ॥

यद्वा सदाजलवत्त्वं तिष्ठति तत्रैव सर्वदा चैतत् ।
शुष्कत्वे गच्छति पुनरेवं मत्स्यो विबोधयति ॥ २९ ॥
स्तब्धजनस्यागम्यं नम्रस्य सर्वथा यस्मात् ।
अत एव चिह्नमेतद्धनुराख्यं पादपङ्कजे वहति ॥ ३० ॥
कामक्रोधजविषया वारयितुं येन शक्यन्ते ।
वसति तस्य हि चरणे स्यादिति धनुषा विबोधयति ॥ ३१ ॥
त्रिगुणस्वजनोद्धरणे शक्तत्वं स्वस्य बोधयति ।
चिह्नं वहन्त्रिकोणं चरणाम्भोजे स्वभक्तेभ्यः ॥ ३२ ॥
त्रिष्वपि दृष्टेऽसमता देवमनुष्यासुरेष्वस्य ।
आश्रयमात्रमपेक्ष्यं त्विति त्रिकोणं निवेदयति ॥ ३३ ॥
शिवशिरसः संबन्धं ख्यापयितुं स्वस्य सर्वदा चरणे ।
चिह्नं तदर्धचन्द्रं तन्मस्तकभूषणं वहति ॥ ३४ ॥
एवं निश्चलबुद्धेर्धारणतो मस्तके शिवताम् ।
भवतीति ज्ञापयति स्वयं वहन्नर्धचन्द्राङ्कम् ॥ ३५ ॥
सर्वाधारं सूक्ष्मं सर्वव्यापि स्वयं चैतत् ।
विज्ञापयति वहन्निह चिह्नं व्योमाभिधं चरणे ॥ ३६ ॥
ऊर्ध्वगतीनां प्रभवति गतिराकाशे न चान्येषाम् ।
व्योम वहन् ज्ञापयति स्वीयगतिं तादृशीमेव ॥ ३७ ॥

ये भावयन्ति सततं परिशीलयन्ति
ये वा स्मरन्ति बहुशोप्यथ कीर्तयन्ति ।
चिह्नानि गोकुलपतेश्चरणस्थितानि
तेषां भवेच्चरणपङ्कजमात्रभक्तिः ॥ ३८ ॥

इति हरिरायनिरूपितमभवत्पूर्णं पदाब्जयोः प्रकटम् ।
चिह्नानां वर्णनमिह तेन हरिर्मे प्रसन्नोस्तु ॥ ३९ ॥

इति श्रीगोस्वामिहरिरायजीनिरूपितं भगवच्चरणचिह्नवर्णनं समाप्तम् ॥

---

# શ્રીહરિરાજીકૃતભગવચ્ચરણચિહ્નવર્ણનનો ગુર્જરાનુવાદ

બ્રહ્મારૂદ્રાદિ જેના ચરણને નમે છે એવા શ્રીકૃષ્ણના ચરણમાં રહેલાં ચિહ્નોનું હું વર્ણન કરૂં છું, જે લોકના સર્વ મનોરથોને પૂર્ણ કરે છે. ૧ જે સોળ ચિહ્નવાળા ભગવાનનું ધ્યાન કરવાથી ધ્યાન કરનારનું ચિત્ત સોળ કળાથી પૂર્ણ થાય છે. ચરણમાં નખ ચંદ્રરૂપ છે તેની પૂર્ણતા માટે પણ ૧૬ ચિહ્નો છે. ૨ ડાબા અને જમણા ચરણના ચિન્તનથી ચિંતન કરનારમાં ડહાપણ અને સૌંદર્ય આવે જેનાવડે જીવ ભગવાનના ચરણ સુધી પહોચી શકે છે. ૩ તે ભગવચ્ચરણસ્થિત સોળ ચિહ્નોને ક્રમવાર તેને રાખવાના તાત્પર્ય કથનપૂર્વક ભાવિક વૈષ્ણવોને સંતોષ થાય એમ મારી બુદ્ધિના વૈભવ પ્રમાણે કહીશ. ૪ બ્રહ્માદિ જેના ભાવને જાણી ન શકે એવા ભગવાનના ચરણમાં રહેલા ચિહ્નોનો ભાવ હું શું જાણું તો પણ પ્રભુ દાસ ઉપર કૃપા કરે તો તે કૃપાના બળથી દાસ તે ભાવો કહી શકે. એટલુંજ નહિં પણ તેની કૃપાથી દાસ અશક્યને પણ સુશકય કરી શકે એથી મને દાસભાવથી કહેવાની હિંમત થાય છે. ૫ આ ચરણમાં આવ્યો એ જીવ સદા નિર્ભય છે એ આશય સર્વ ભક્તના જાણવામાં આવે એ હેતુથી ભગવાન્ દક્ષિણ ચરણમાં ધ્વજનું ચિહ્ન ધારણ કરે છે. ૬ ભગવાની કૃપા જેની ઉપર હોય તેની તરફ તે આવે છે. પવન જે તરફ જતો હોય ધ્વજા તે તરફ ફરકે છે તેમ બતાવવા પણ ભગવાન ચરણમાં ધ્વજને ધારણ કરે છે. ૭ આ ચરણનું ચિંતન કરનાર ભક્તનું મન ગાંડા હાથી જેવું છે. તે ગાંડાહાથીને રોકવા માટે ભગવાન્ ચરણારવિંદમાં અંકુશનું ચિહ્ન ધારણ કરે છે. તેથી ભગવચ્ચરણનું ધ્યાન કરનારનું ચિત્ત અન્યત્ર કયાંઈ પણ જતું નથી કેમકે તેને માટે ભગવાને અંકુશ રાખ્યો છે તેનાથી વશ કરી લે છે. ૮ અંકુશ વક્ર છે મન પણ વાકું છે કેમકે તેને સીદ્ધો રસ્તો પસંદ પડતો નથી તેથી વાકું વાંકાને વશ કરે એ ન્યાયથી ભગવાન અંકુશને ધારણ કરે છે પણ દંડવગેરેને ચિહ્ન તરિકે ચરણમાં ધરતા નથી. ૯ જે ભક્તના નેત્રમાં અને હૃદયમાં ભગદ્વિરહના તાપથી (બિનાશ) જલ રહેતું હોય તેના હૃદયમાં એ ચરણ રહી શકે, અન્ય શુષ્ક હૃદયમાં તે ચરણ ન રહે એ બતાવવામાટે પ્રભુ ચરણમાં કમળાકૃતિ ધારણ કરે છે. ૧૦ આ ભગવાનની સેવા કરતાં સુખ થાય છે તેની સેવા કરતાં તેમાં આસક્તિ દૃઢ થાય છે એથી હૃદયમાં પ્રકાશ થવાથી ભગવાનનો અનુભવ થાય એમ બતાવવા માટે કમળનું ચિહ્ન ધારણ કરે છે. કેમકે કમળ પણ અંધકાર ગયા પછી સૂર્યનો પ્રકાશ તેના ઉપર પડે ત્યારે પ્રફુલ્લિત થાય છે. ૧૧ ભક્તોને પણ સંસારમાં ચાલતાં પાપના પર્વતો થઈ જાય છે તે જો આ ચરણમાં આવે તો તેના પાપપર્વતનો નાશ કરનાર ભગવાન્ છે તે તેના પાપપર્વતોનો નાશ કરે છે એ બતાવવા માટે પ્રભુ ચરણમાં વજ્રનું ચિહ્ન ધારણ કરે છે. પર્વતોને પાંખો હતી તે લોકોની ઉપર ઉડીને પડતા તેની પાંખો ઇન્દ્રે વજ્રથી તોડી છે એ કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે. વજ્ર ધરવાનું બીજું પણ કારણ છે. વજ્ર અતિ કઠિન છે. કોઈ ભક્તના હૃદય અતિ કઠિન હોય તેને ભેદ કરવા માટે પણ ભગવાન્ વજ્રનું ચિહ્ન ધરે છે. એનો ભાવ એવો છે કે કઠિનહૃદયનો જીવ પણ જો ચરણનો આશ્રય કરે તો તેનું હૃદય કોમળ થઈ જાય એ બતાવવા પ્રભુ વજ્રનું ચિહ્ન ચરણમાં ધરે છે. ૧૨ એ ચિહ્ન નિરંતર હૃદયમાં સ્થાપન કરે તો તેના હૃદયમાં દેવના પણ દેવ ચંદ્રની જેમ

પ્રકટ થાય છે. ૧૩ આ ચરણને જો પોતાના મસ્તક ઉપર રાખે તો તેને આ લોક કે પરલોકમાં શોકનું કારણ ન રહે પણ તે આનંદમંગળમાં રહે એ બતાવવા ભગવાન્ ચરણમાં સ્વસ્તિકનું ચિહ્ન ધરે છે. એ સાથીઆ લોકમાં પણ આપણે જ્યાં જોઈએ તેને ત્યાં લગ્ન હશે એમ ધારીએ તેવીરીતે ભગવાન્ ચરણમાં આવેલાનું સદા મંગળ કરે છે એ ભાવ બતાવનાર સ્વસ્તિકનું ચિહ્ન છે. ૧૪ દુઃખ દૂર થાય અને સુખ પ્રાપ્ત થાય એ બે પુરુષાર્થ આ ચરણમાં આવનારને સુલભ છે. તેથી તે ચિહ્નને સ્વસ્તિક કહે છે. ૧૫ અણિમાદિ આઠ સિદ્ધિ એ આઠ ઐશ્વર્ય છે. પુષ્ટિમાર્ગીય આઠ ઐશ્વર્યનું દાન શ્રીયમુનાજી કરે છે તે અષ્ટવિધૈશ્વર્ય માર્યાદિક અને પૌષ્ટિક આ ચરણમાં આવનારને વગર સાધને મળે છે એટલે માત્ર ચરણના ચિંતનથી જ મળે છે. તદર્થ સાધનાંતર અપેક્ષિત નથી એમ બતાવવા માટે ભગવાન્ ચરણમાં अष्टकोण ધારણ કરે છે. ૧૬ પૃથ્વીની ચાર દિશાઓ અને ચાર કોણો એમ આઠ ખુણાવાળી પૃથ્વીનું રાજ્ય આ ચરણમાં આવનારને દુર્લભ નથી. એ બુદ્ધિથી જાણવાનું છે તે આ અષ્ટકોણના ચિહ્નથી સૂચિત થાય છે. ૧૭ ભગવાન્ પોતાના ચરણમાં યવનું ચિહ્ન ધરે છે. તે યવ ધાન્યનો રાજા છે. ખરૂં ધન તો ધાન્ય છે. લાખો સોનામ્હોરો ત્રેજુરીમાં ભરી હોય પણ તે ખવાય નહિં પણ જવથી જીવાય. અસલના વખતમાં જેના ઘરમાં ધાન્ય હોય તેની આબરૂ ગણાતી કેમકે જે ખાય તે સારૂં બોલે. ખાવામાં ધાન્ય મુખ્ય છે. જેને તેની પરવા નહિ તેની જગતમાં કીર્તિ બધે. જે લોભી તેની અપકીર્તિ થાય. એ બતાવવા પ્રભુ યવનું ચિહ્ન ચરણમાં રાખે છે. એટલે જેમ લૌકિકો અન્નને માટે ઘર ઘર ભિક્ષા માગે છે તેમ ચરણાશ્રિત-ભક્તને ન થાય તે આ ચિહ્નથી સમજવાનું છે. ૧૮ શ્રૌત બધા કર્મો આચરણમાં આવનારને સંપૂર્ણ થઈ જાય છે. કેમકે તેના હૃદયમાં નિત્ય ચરણનું ચિન્તન રહે છે. શ્રૌતકર્મ હરિસ્મરણથી સંપૂર્ણ થાય છે તે ભક્તને નિરંતર હોય છે એટલે તે સાધનો એનાં સિદ્ધ થયાં એ બતાવવા ભગવાન્ યવનું ચિહ્ન ચરણમાં ધરે છે. ૧૯ આ ચરણમાં જેની બુદ્ધિ સ્થિર થઈ તેની ક્યાંઈ અધોગતિ થતી નથી એ બતાવવા પ્રભુ ચરણમાં ઊર્ધ્વરેખાનું ચિહ્ન ધરે છે. ૨૦ ચરણનો આશ્રય કરનારને મોક્ષ ઉપર ચડવા માટે આ ઊર્ધ્વરેખાઓ નિસરણીનું કામ કરે છે. એમ લોકોને બતાવવા માટે ભગવાન્ ઊર્ધ્વરેખાને ચરણમાં ધારણ કરે છે. ૨૧ આ ચરણમાં રસિક જ રહી શકે છે. શુષ્કને આ ચરણમાં રહેવાનું ગમતું જ નથી. એ જણાવવા માટે શ્રીકૃષ્ણ પોતાના ચરણમાં કલશનું ચિહ્ન ધારણ કરે છે. આ ચરણના આશ્રય કરનારને અમંગળની કોઈ કાળે સંભાવના નથી. એ બતાવતું કળશનું ચિહ્ન છે. લાવણ્યરૂપ જળથી તે કળશ પૂર્ણ છે. અહિં જમણા ચરણના ચિહ્નો પૂરા થયાં, હવે વામ ચરણના ચિહ્નો સાત કહે છે. આ ભગવચ્ચરણની સેવા કરનારા ભક્તોને આપ બતાવે છે કે તમે જ આ ચરણને સેવો છે એમ નથી પણ આને તો દેવો મુનિઓ માણસો એ બધા સેવે છે. તેથી ગાયના પગલાંનું ચિહ્ન છે. ગાય ત્રણ લોકમાં પૂજ્ય છે. તેથી વામ ચરણમાં તે ચિહ્ન છે. સમગ્ર પૃથ્વીનાં તીર્થો કરવાથી જેટલી શુદ્ધિ થાય તે આ ચરણાશ્રયણથી થાય છે એમ બતાવવા માટે ગોષ્પદનું ચિહ્ન વામચરણમાં ભગવાન્ ધારણ કરે છે. ૨૫ લૌકિકલક્ષ્મીનું ફલ પણ આ ચરણનો આશ્રય કરનારને સહજ છે એમ બતાવવામાટે પ્રભુ ચરણમાં જાંબુનું ચિહ્ન ધારણ કરે છે. જાંબુને સોનાનું કારણ કહ્યું છે. જંબુદ્વીપમાં જાંબુનું વૃક્ષ છે તેનાં ફલ હાથી જેવાં મોટાં થાય છે તેનો રસ માટીમાં મળે છે

તે માટી સુવર્ણ થાય છે તેને ત્યાંના દેવલોકો આભરણરૂપે ધારણ કરે છે એ શ્રીભાગવત પંચમસ્કન્ધના ભૂગોળવર્ણનમાં કથા છે તેનું અહિં અનુસંધાન કરવું. ૨૬ સર્વવિલક્ષણ ફલ આપનાર આ ચરણ છે તે કોઈ સમયમાં નિષ્ફલ જતું નથી. એ બતાવવા ભગવાન્ સવ્યામચરણમાં જંબુફલનું ચિહ્ન ધારણ કરે છે. ૨૭ આ ચરણને હૃદયમાં સ્થિર કરવું જોઇએ તે તો, મન અતિચંચળ છે તે થોડીવાર ધ્યાન કરવાથી સ્થિર થતું નથી એમ બતાવવા માટે આ ચરણમાં મસ્ત્યનું ચિહ્ન ભગવાન્ ધારણ કરે છે. મસ્ત્ય પણ જલમાં છે છતાં ચંચળ છે. ૨૮ અથવા સર્વથા જ્યાં જળ હોય ત્યાંજ મત્સ્ય રહે શુષ્કમાં તે રહી ન શકે એમ આ ચરણમાં પણ રસિક હોય, વિરહ તાપને લીધે જેનું હૃદય દ્રવતું હોય, નેત્ર સજળ હોય તે આ ચરણમાં રહે છે. શુષ્ક હોય તેને આ સ્થાન પ્રાપ્ત થતું નથી. એમ મત્સ્ય ચિહ્ન ધરીને ભગવાન્ ભક્તોને બતાવે છે. ૨૯ આ ચરણ અભિમાની અને હુંપણું રાખનારને અગમ્ય છે. નમ્રતાવાળાને આ ચરણ રહેવા લાયક છે એમ બતાવવા ભગવાન્ ધનુષનું ચિહ્ન ચરણમાં ધરે છે. કામ ક્રોધથી ઉત્પન્ન થતા વિષયો જીવથી દૂર થઈ શકતા નથી તેથી જો તે પોતાનો આગ્રહ છોડી ભગવચ્ચરણનો આશ્રય કરે તો તે દોષોથી મુક્ત થાય એ બતાવવા ભગવાન્ ધનુષને ચરણમાં ધારણ કરે છે. એવો પણ બીજો ભાવ ધનુષ ધારણ કરવાનો શ્રીહરિરાયજી બતાવે છે. ૩૧ ત્રણ પ્રકારના ભક્તો જો ચરણમાં આવે તો ભગવાન્ તેના દોષોને દૂર કરી તેનો ઉદ્ધાર કરવા સમર્થ છે એમ બતાવવામાટે આપ વામચરણમાં ત્રિકોણનું ચિહ્ન ધરે છે. ૩૨ દેવ, મનુષ્ય અને અસુર એ ત્રણે ઉપર ભગવાનની દૃષ્ટિ સમાન છે. પરંતુ જે આશ્રય કરે તેનો ઉદ્ધાર કરે એ બતાવવા ત્રિકોણનું ચિહ્ન આપ ધારણ કરે છે. ૩૩ આપના ચરણને શિવજી પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે એમ બતાવવા માટે ભગવાન્ અર્ધચંદ્રને ચરણનાં ધારણ કરે છે. જે અર્ધચંદ્ર શિવજીના મસ્તક ઉપર શોભે છે. તેને આપ વામચરણથી વહન કરે છે. ૩૪ આ ચરણને સ્થિર કરીને મસ્તક ઉપર ધારણ કરે તો જીવ પણ કલ્યાણમય થઈ જાય. એ બતાવવા પોતે અર્ધચંદ્રને ચરણારવિંદમાં ચિહ્ન તરીકે ધારે છે. ૩૫ ભગવાન્ સર્વના આધાર છે, સર્વમાં સૂક્ષ્મ છે, સર્વમાં વ્યાપ્ત થઇને રહ્યા છે એ જ્ઞાપન કરવા ચરણમાં आकाशनું ચિહ્ન ધારણ કરે છે. आकाशशरीरं ब्रह्म. ભગવાન અને આકાશના ઉપર કહ્યા ગુણો એક છે. ૩૬ પોતાના ચરણનો આશ્રય કરનારની ઊંચી ગતિ થશે એમ બતાવવા માટે પણ ભગવાન્ ચરણમાં આકાશનું ચિહ્ન ધારણ કરે છે. કેમકે આકાશમાં ચાલીને જવું એ ઊંચી ગતિવાળાનું લક્ષણ છે. નીચ ગતિમાં તો નરક છે. ૩૭ જે ચરણના ચિહ્નની હૃદયમાં ભાવના કરે છે, જે તેની સેવા કરે છે, જે તેનું સ્મરણ કરે છે અથવા જે તેના ભાવોને બીજાને સંભળાવે છે અથવા પોતે મુખથી કીર્તન કરે છે તેને ચરણકમળમાત્રમાં ભક્તિ થાય છે. ૩૮ ભગવાનના બન્ને ચરણના ચિહ્નોનો ભાવ શ્રીહરિરાયજીએ પ્રકટ કર્યો તે પૂરો થયો. તેનાથી શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે મને હરિ પ્રસન્ન થાઓ. ૩૯

ઇતિ શ્રીહરિરાયજીવિરચિત ભગવચ્ચરણચિહ્નનિરૂપણ સંપૂર્ણ.

॥ [१]चरणचिह्नकी भावना ॥

वंदु चरण सरोज मुरारि भक्तनके तन मन भयहारी ।
शीतल सुभग सो मंगलकारी त्रिविध ताप अघ ओघ दुःखहारी १

छंद—हारी दुःख सुखकारी भारी शीव विरञ्ची मुनि गावही ।
निगम गुंजारव करे मानो मधुप अम्बुज धावही ॥ २ ॥
वृन्दा विपिन कलिन्दजातट कुंज कुंजनी विस्तरे ।
गोपग्वालिन मध्य विहरत सुरभी संग वन वन फीरे ॥ ३ ॥
फणी फणी व्हे रसना गावे सहस्र मुखसों शेषही ।
आवत पार न जश कहनको पावत नहीं लवलेशही ॥ ४ ॥
नाथे काली चरण शिरधरे सकल दुःख उनके हरे ।
रास मण्डल मध्य नृत्यत जुवतीजन पद उर धरे ॥ ५ ॥
परम कोमल पद कमल हैं तामे षोडश चिह्न हैं ।
सो चरण भज ले दास वल्लभ भक्तके सुख देन है ॥ ६ ॥
षोडश चिह्न बखानो चरण कमल उर अन्तर आनो ।
अन्य उपासन आसन मानो श्रीहरिराय कृपातें जानो ॥ ७ ॥

छंद—जानो श्रीहरिराय यहविधी जब शरण मोंको लीयो ।
ब्रह्म बानी कही मुखतें ग्रन्थ एक अद्भुत कियो ॥ ८ ॥
दक्षन पद चिह्न बखानो कहुं सब परकार है ।
भक्तनके हित धरे श्रीहरि कहुं सो विस्तार है ॥ ९ ॥
प्रथम स्वस्तिक चिह्न बरनों शुभनमें फलरूप है ।
करन मंगल भक्त जनको सब सुखन को भूप है ॥ १० ॥
द्वितीय अष्टकोन कहिये अष्ट महानिधीको दीयो ।
सकल महीपति मान छांडत चरण रज शिरपर धर्यो ॥ ११ ॥
तृतीय यवको चिह्न कहीयत धानको राजा सही ।
वेद कर्म अरु धर्म मध्ये चलत नही या बिन कहीं ॥ १२ ॥
वाहीको फल यही कहिये दरसतें पावन करे ।
उत्कृष्ट मारग मन धरे तब भक्तजनके भयहरे ॥ १३ ॥
जंबु चतुर्थ चिह्न कहीयत मेरुगिरी पर राजही ।
हेम उत्तम ताहेको सो शिखर सबतें गाजही ॥ १४ ॥

---

१ છાપાપદો જેવાં મળ્યાં તેવાં મુદ્રિત કર્યાં છે. તેમાં શુદ્ધાશુદ્ધિનો વિચાર કરવાને અમે અશક્ત છીએ.

भक्तनको वैभव बढावे शरन आये जे जीये ।
दासवल्लभ जानी अपनों चरन कमल राखे हीये ॥ १५ ॥
पंचम चिह्न अतिनीको वज्रनाम सबहीनको टीको ।
वाके आगे वेरी सब फीको परवत पाप कटत सब जीको ॥ १६ ॥

छंद—पाप जीवको कटत सबहीं वज्र नाम काहु लीयो ।
जाने महिमा पद कमलको इन्द्र ले आयुध कीयो ॥ १७ ॥
षष्ठ चिन्ह जो ध्वजा बिराजे भक्त जनके भय हरे ।
शिष बांध निशंक डोले अरु हृदय बीच फर हरे ॥ १८ ॥
ऊर्ध्वरेखा सातमे जो ऊर्ध्व गतिको देतही ।
भक्ति वृद्धी होत दिन प्रति ऊखको सो खेतही ॥ १९ ॥
अष्टम अंकुशचिन्ह कहियत मन मद हस्ती वश करे ।
कृपा करके मारीफेरे अन्यथा जे चित्तधरे ॥ २० ॥
नवमे कोमल कमल शीतल हरत तन मन तापही ।
हृदय सज्जल स्नेह राजत करत समवड आपही ॥ २१ ॥
रहत जल मध्य नहिं डुबत जल बढत सें बाढही ।
भक्ति वृद्धी होत नित प्रति विषय जलसों काढ ही ॥ २२ ॥
दक्षनपद के चिन्ह सुन्दर सकल सुखकी रास है ।
प्रताप श्रीहरिरायजूको गावत वल्लभदास है ॥ २३ ॥
वामचरण शिर धारुं सप्तचिन्हको गुन विस्तारुं ।
यही प्रताप जिय धारुं तन मन धन चरणनपर वारुं ॥ २४ ॥

छंद—वारुं तन मन प्राणजीवन भक्त जन मन भावही ।
वामपद को कहा कहुं जस दसमें ते मच्छको चिह्न ही ॥ २५ ॥
भक्त जन मन मच्छरूपी चपलता तजी स्थिरकरे ।
ताही कारन जान लीज्यो मच्छचिह्न अपने पदधरे ॥ २६ ॥
त्रिकोण एकादश चिह्न कहियत त्रिगुण भक्त उद्धार ही ।
सत्व रज तामस उद्धारे उतारे भव पार ही ॥ २७ ॥
सुर असुर सबही उद्धारे चरन कमल जन जे भजे ।
शेष शंकर सनकादिक अज व्यास नारद मुनि जजे ॥ २८ ॥
कलश द्वादश चिह्न कहियत सकल व्यापक जानीये ।

धर्म सबको कलश कीनो राख्यो चरणनी मानीये ॥ २९ ॥
करन मंगल अशुभ हरता रसिक हे अरु रसभरे ।
दासवल्लभ चिह्न चरनन भक्त अङ्किकृत करे ॥ ३० ॥
त्रयोदश इन्द्र धनुषव्हे सोहे निरख निरख सबको मन मोहे ।
महिमा वरण सके कवि को हे कारन शत्रु छेदवेको है ॥ ३१ ॥
छंद—शत्रु छेदन धनुष धरीयो कठिन धनुष तानीके ।
काम क्रोध अरु लोभ ममता भक्तके हित मानिके ॥ ३२ ॥
चतुर्दश आकाश चिह्न है सकल व्यापक जानीये ।
ऊर्ध्वगति को देत निजजन श्रेष्ठ सबतें मानीये ॥ ३३ ॥
गोपद चिह्न दश पंचजानो सकल तीरथ आव ही ।
दरसते कृतकृत्य हो हे भक्तसन्मुख धाव ही ॥ ३४ ॥
अर्धचन्द्र खटदश चिह्न सोहे शीर्ष शिव भूषन कीयो ।
जानी महिमा पद कमलको तिलक अपने शिर दीयो ॥ ३५ ॥
षोडश चिह्नको ये ही महिमा प्रेमधरी श्रवनन सुनी ।
चार पदारथ पावही हरि भक्ति हरदे दृढ बने ॥ ३६ ॥
हीनमति कहा बरन जाने बुद्धि अनुसर गाव ही ।
दासवल्लभ चिन्ह प्रभुके भक्तजन मन भाव ही ॥ ३७ ॥

---

श्रीगोवर्धन[1] गूढरसभाव दिखावत
श्रीनवनीतप्रिय[2] बाललीलाकरी प्रेम बढावत
श्रीमथुरानाथ[3] निकुंजरूप
श्रीविठ्ठलेश[4] विव्हल अती
श्री द्वारकेशजु[5] तदभाव
घोख राख्यो गोकुलपति[6]
अद्भुत गोकुलचंन्द्रमा[7]
श्रीमदनमोहन रासमध्ये खेलत
हसत खेलत केली करत द्वारकेशजु

---

मङ्गल श्रीनवनीतप्रियलाल, शृङ्गार श्रीगोकुलचंद कृपाल ॥
ग्वाल बाल द्वारकेश दयाल, नाथगोवर्धन राज रसाल ॥
कुञ्जन कुञ्ज मथुरेशमराल श्रीगिरिधारी व्रज भोग गोपाल ॥

आरती श्रीविट्ठलेश विशाल व्रजजन निरखे नेन निहाल ॥
सेन श्रीमदनमोहन रूप जाणी मानुनी मान हरत तिहीं काल ॥
सुरभाव शिर पाग बिराजे कृष्णदास मुगट मणी राजे
गोविन्दस्वामी टीपारो छाजे कुंभनदास कुल्हे शिर राजे ॥
चत्रभुजदास दुमालो गाजे ग्वालपगो परमानंददास बिराजे ॥
फेंटा नंद अनंगन लाजे शेर सेत सखा समाजे ॥
सूरश्रीमुखभाव कहावे वक्रनेन गोविन्द चलावे ॥
श्रवण परमानन्द कहावे कुंभनदास तक उर भावे ॥
चत्रभुज चंचल करही न आवे उदर लीला नन्दही पसावे ॥
छीत स्वामि कटी भाग कहावे चरण गवन कृष्णदास रिझावे ॥
देह धरी धरी व्रजमें आवे लीला वलित उमंग भरी गावे ॥
नख शीख रूप कोऊ पारन पामे ॥

---

चंदसरोवरपें सूरदासजीके द्वारपें मेरा दण्डवत कहीओ ॥
अप्सराकुण्डतें छीतस्वामिके द्वारपें मेरा दण्डवत कहीओ ॥
सूरभीकुण्डतें परमानन्ददासजीके द्वारपें मेरा दण्डवत कहीओ ॥
बीलछुतें कृष्णदासजीके द्वारपें मेरा दण्डवत कहीओ ॥
कदमखंडी ते गोविंदस्वामिके द्वारपें मेरा दण्डवत कहीओ ॥
मानसीगंगाते नंददासजीके द्वारपें मेरा दण्डवत कहीओ ॥
रुद्रकुण्डतें चत्रभुजदासजीके द्वारपें मेरा दण्डवत कहीओ ॥
जमुनावताने श्रीकुंभनदासजीके द्वारपें मेरा दण्डवत कहीओ ॥

---

श्रीस्वामिनीजी श्रीठाकुरजी केसे हैं सोलजूथनके संग
में महा अपराधीहुं सो मेरा दण्डवत कहियो १
श्रीठाकुरजी श्रीस्वामिनीजी केसे है श्रीठाकुरजीके संग
में महा अपराधी हुं सो मेरा दण्डवत कहिओ २
श्रीजमुनाजी श्रीनाथजी केसे हैं सब जूथनके संग
में महा अपराधी हुं सो मेरा दण्डवत कहियो ३
श्रीनाथजी श्रीजमुनाजी केसे है वृजभक्तनके संग
में महा अपराधी हुं सो मेरा दण्डवत कहीयो ४

दामोदरदासजी श्रीमहाप्रभुजी केसे है अष्टसखाके संग
में महा अपराधी हुं सो मेरा दण्डवत कहीयो ५
चाचाहरिवंशजी श्रीगुंसाईजी केसे हैं सात स्वरूपनके संग
में महा अपराधी हुं सो मेरा दण्डवत कहीयो ६
श्रीनाथजी मेरे गुरुदेव केसे हैं सब जीवनके संग
में महा अपराधी हुं सो मेरा दण्डवत कहीयो ७
सूरदासजी वैष्णव केसे हैं तादृशीके संग
में महा अपराधी हुं सो मेरा दण्डवत कहीयो ८

---

साँवरासें में ना खेलुं होरी जानदेरी में ना खेलुं होरी
होरी की धुन मचाई साँवरे खेलत भर भर झोरी—एरी०
पकड लीयो वेसर को मोती तो मोतीयनकी लरतोरी
साँवराने बैयां मरोरी—ए हां साँवरासे— १
में दधि बेंचन गई ती गोकुलमे मटुकी में आय बस्योरी
केहत फिरत कोउ ल्योरे कनैया दधि बेचन बिसर्योरी
सखी में तो व्हे गई भोरी—एहां साँवरासे— २
मटुकीमें जब मुरली ( बेनु ) बजाई बन्सीको शब्द सुन्योरी एरी०
एक कहत तुम कहा बीकतरी मटुकी उतार धर्योरी
निकट देख्यो कान ( श्याम ) खडोरी—एहां सांवरासे— ३
घेर जाउं तो मेरी सास लडत है गोरस कहा कीयोरी—एरी०
लाजकी मारी चलीघर अपुने हृदय में आय बस्योरी
लगाई मोय प्रेमकी दोरी—एहां साँवरासे— ४
गई दधि बेंचन आप बिकानी तें दधि भलो बीक्योरी—एरी०
सूरस्याम प्रभु प्रेमके फगुवा मांगत है कर झोरी
मील्यो जाको भाग्य बडोरी—एहां साँवरासे— ५

---

नित्य प्रति अती गुण गावे श्याम तेरो नित्य०
हरि गुण गावे गोपाल रिझावे गुम गुम घुघरु बजावेरे
ता गलता मा गलता तननननन तान में तान मिलावेरे०
प्यारे तान में तान मिलावेरे—नित्यप्रति०

नौतम श्रृङ्गार सज्यो व्रजसुन्दरी श्यामकुं रिझावन आवेरे
धीधीकार धीधीकार धीकल धीकलधुम ताथेइ ताथेइ गावेरे–प्यारे
मोर मुकुट मकराकृत कुण्डल गले मोतिनकी मालारे
श्री पुरुषोत्तम प्रभुकी छबि नीरखत तन मन गोद खिलावे–प्यारे

---

हालरकी लकरी हरि मेरी हालरकी लकरी
मन कर्म बचन यही नन्दनन्दन द्दढ करके पकरी–हरी
जागत सोवत रेन दिन स्वप्ने कान्ह कान्ह जकरी
जोग तो मोये फीके रे लागत ज्यों कडवी ककडी–हरी
एसो वेपार तिहारे ऊधो देखियत सुनी न कहीं
सूरदास जोग ताही दीजे जाको मन चकरी–हरी
ललितलाल श्रीगोपाल सोइये न प्रातःकाल
जसोमति मैया लेत बलैया भोर भयो प्यारे

---

उठो देव करुं सेव जागीये देवाधी देव
नन्दराय दुही गाय पीजीये यह प्यारे
रविकी किरन प्रगट भई, उठो लाल निशावही
ठोर ठोर ग्वाल दुहत धेनु गावत गुन तिहारे
नन्दकुँवर उठे हरखी कृपा द्दष्टी सबपे वरखी
चरण कमल जुगल ऊपर परमानन्द वारे ललित०

प्रात समे नव कुंजद्वारतें ललिता ललित बजायो बीना
पोढे सुनत श्याम श्यामा दम्पती चतुरन बनीन बीना
अती अनुराग सुहाग भरे दोऊ कोककल प्रवीन प्रवीना
बिहारीदास बलीबली बानिक पर तन मन धन न्योछावरकीना ॥–

ना जानुं संकेत सखी हुं
कानन सुन्यो नेनन देख्यो
कारोहै के सफेद, सखी हुं
ले ले नाम श्याम, सुन्दरको
दोष सबनको देत
परमानन्द दासको ठाकुर
जेसो जाको हेतु, सखी हुं

॥ श्री सातस्वरूपके दोहा ॥

दक्षण कर कटिपे धरे धरे ऊर्ध कर वाम
श्याम रूप श्रीजी सदा निरखुं आठो जाम ॥ १
शोभित श्रीनवनीतप्रिय गौर वरण मुख हस्त
घुटुरन चलत सुदे सबे भाव अनेक प्रसिद्ध ॥ २
शंख चक्र गदा पद्म धरे चार भुजा वपु श्याम
ए श्रीमथुरेशजी भक्तन पूरण काम ३
गौरश्याम जुग हस्त कटि श्रीस्वामिनीजी संग
श्रीमद्विट्ठलनाथजी करे मदन मन भंग ४
कृष्ण वरण चारों भुजा राजत है सुख सदन
धरे श्री द्वारिकानाथजी शंख शक्र गदा पद्म ५
एक कर कटि एक गिरिधरे जुगल स्वामिनीजी साथ
दो कर बन्सी बाजत है गोरे श्रीगोकुलनाथ ६
श्यामवरण भुज जुगल है मोहत वेणु तरंग
श्रीमद् गोकुलचन्द्रमा निरखुं अंग त्रिभंग ७
जुगल त्रीया संग राजत हैं दो कर गौरस्वरूप
श्रीमदनमोहन मोहित प्रिया बन्सी बजाई अनूप ८
माट लीये माखन लीये नेपुर बाजत पांय
नृत्यत नटवरलालसों मुदत जशोदा माय ९
झूलत पलने मोदसों श्रीबालकृष्ण सुखदाई
मारी शकट उंचो कर्यो रस चाल्यो चुचाइ १०

---

## श्रीमहाप्रभुजीकी ८४ बेठकें.

१ श्रीमद्गोकुलमें ठकुराणीगोविन्दघाटपें छोकरके नीचे दण्डवत् पहोंचे
२ श्रीमहाप्रभुजीकी वडी बेठक जहां भोजन करते तहां ,,
३ श्रीद्वारिकानाथजीके शय्यामन्दिरमें ,,
४ श्रीवृन्दावनमें बन्सीबटके चोक के पास ,,
५ श्रीमथुराजीमें विश्रान्तघाटपें ,,

६ श्रीमधुवनमें कृष्णकुण्डपें ,,
७ श्रीबहुलावनमें ,,
८ श्रीकमोदवनमें कमलकुण्डके श्यामतमालके वृक्ष नीचे ,,
९ श्रीराधाकृष्ण कुण्डपें ,,
१० श्रीमानसीगंगापर चक्रकुण्डपें ,,
११ श्रीपरासोलीमें चन्द्सरोवरपें ,,
१२ श्रीआन्योरमें सदुपांडेके घरमें ,,
१३ श्रीगोविन्दकुण्डपें ,,
१४ श्रीगोपालपुरमें सींदुरीशीलाके सामें ,,
१५ श्रीगिरिराजजीमें श्रीनाथजीके मन्दिरके सामें जहां-
चोतरा है तहां ,,
१६ श्रीकामवनमें सुरभीकुण्डपें ,,
१७ श्रीबरसानेके पास घेवरवनमें ,,
१८ श्रीसङ्केतवनमें ,,
१९ श्रीनन्दगाममें पानसरोवरके ऊपर ,,
२० श्रीकोकिलावनमें ,,
२१ श्रीभाण्डीरवनमें ,,
२२ श्रीमानसरोवरपें ,,
२३ श्रीसोरमजीके घाटपें ,,
२४ श्रीचित्रकूटमें कात्यायनीपर्वतपें ,,
२५ श्रीअयोध्यामें सरयुनदीके तीरपें ,,
२६ श्रीनैमिशारण्यक्षेत्रमें ,,
२७ श्रीकाशीमें शेठ पुरुषोत्तमदास के घरमें ,,
२८ श्रीहनुमानघाटपें ,,
२९ श्रीहरिहरक्षेत्रमें भगवानदासके घरमें ,,
३० श्रीजनकपुरमें ,,
३१ गंगासागरमें कपिलमुनीके आश्रममें कपिलकुण्डपें ,,
३२ चम्पारण्य अग्निके कुण्डपें श्रीयमुनाजीकी बालुकाको-
चालीस हाथको चोतरा है तहां ,,
३३ चम्पारण्यमें छठी पूजनेकुं महानदीके तीरपें ,,
३४ श्रीपुरुषोत्तमपुरीमें श्रीजगन्नाथरायजीके उत्तर दरवाजेपें ,,
३५ पंढरपुरमें भीमरथी नदीके तीरपें ,,

| | |
|---|---|
| ३६ नाशीक पञ्चवटी में गोदावरीके तीरपें | ,, |
| ३७ लक्ष्मणबालाजीमें शेषाचलपर्वतपें | ,, |
| ३८ पन्नानृसिंहमें | ,, |
| ३९ श्रीरंगजीमें कावेरीनदीके तीरपें | ,, |
| ४० श्रीविष्णुकाञ्चीमें काश्मीरनदीके तीरपें | ,, |
| ४१ श्रीसेतुबन्धरामेश्वरमें | ,, |
| ४२ मलियाचलपर्वतपें | ,, |
| ४३ लोहगढमें | ,, |
| ४४ ताम्रपर्णी नदीके तीरपें | ,, |
| ४५ कृष्णानदीके तीरपें | ,, |
| ४६ पम्पासरोवरपें | ,, |
| ४७ जनार्दनमें | ,, |
| ४८ पद्मनाभमें | ,, |
| ४९ विद्यानगरमें विद्याकुण्डपें | ,, |
| ५० त्रिलोकाभानमें | ,, |
| ५१ तोताद्रिपर्वतपें | ,, |
| ५२ ध्रुसेनमें | ,, |
| ५३ सूरतमें तापीनदीके तीरपें अश्विनीकुमारके आश्रममें | ,, |
| ५४ भरुचमें नर्मदानदीके तीरपें दधीचिऋषिके आश्रममें | ,, |
| ५५ मोरबीमें कदमके नीचे | ,, |
| ५६ नवानगरमें नागमतीनदीके तीरपें | ,, |
| ५७ खंभालीयामें राणके वृक्षनीचे | ,, |
| ५८ पिण्डतारकमें छोकरके नीचे | ,, |
| ५९ मूलगोमतामें | ,, |
| ६० श्रीद्वारिकामें गोमतीजीके घाटपें | ,, |
| ६१ गोपीतलाईपें छोकरके नीचे | ,, |
| ६२ शङ्खोद्धारमें शङ्खतराईपें | ,, |
| ६३ नारायणसरोवरके कुण्डपें | ,, |
| ६४ जूनागढमें रेवतीकुण्डपें | ,, |
| ६५ माधवपुरमें कदमखण्डीके छोकरके नीचे | ,, |
| ६६ प्रभासक्षेत्रमें देवसर्गतीर्थपें | ,, |
| ६७ गुप्तप्रागमें प्रागकुण्डके ऊपर | ,, |

| | | |
|---|---|---|
| ६८ | नरोडामें गोपालदासके घरमें | ,, |
| ६९ | अगडीमें | ,, |
| ७० | गोधरामें राणाव्यासके घरमें | ,, |
| ७१ | खेरालुमें | ,, |
| ७२ | सिद्धपुरपाटणमें बिन्दुसरोवरपें | ,, |
| ७३ | अवन्तिकामें गोमतीकुण्डपें | ,, |
| ७४ | पुष्करजीमें वल्लभघाटपें | ,, |
| ७५ | कुरुक्षेत्रमें कुरुकुण्डपें | ,, |
| ७६ | हरिद्वारमें कनखलक्षेत्रमें | ,, |
| ७७ | बद्रिकाश्रममें | ,, |
| ७८ | केदारनाथमें केदारकुण्डपें | ,, |
| ७९ | व्यासाश्रममें | ,, |
| ८० | व्यासगंगाके तीरपें | ,, |
| ८१ | हिमाचलपर्वतपें | ,, |
| ८२ | मन्द्राचलपर्वतपें | ,, |
| ८३ | अडेलमें सातलालजी; श्रीगोपीनाथजीको प्राकट्य है तहां | ,, |
| ८४ | चरणाटमें श्रीगुसांईजीको प्राकट्य है तहां | ,, |

---

॥ श्रीहरिः ॥

व्रज मेरे मन भाई, एसी व्रज मेरे मन भाई
विश्रान्तघाट श्रीयमुनाजी न्हायकें नीके नेम लेवाई
केशवरायके दर्शन करके श्रीमहाप्रभुजी दर्शाई १
मधुवन ताल कमोद बहोला वन शान्तन कुण्डमें नाई
राधा कृष्ण कुण्डकी महिमा मोपें बरनी न जाई २
गोवर्धन की दे परिक्रम्मा मानसी गंगा नाई
कुसुमोखर ओर चन्दसरोवर गोविन्दकुण्डमें नाई ३
अन्योर और अप्छराकुण्ड होय जतिपुरामें आई
परमदरा और आदि बद्री अलक गंगा प्रगटाई ४
कामा काम सकल परिपूरण चित्र विचित्र मन भाई
बरसानो ओर नन्दगाम होय कोकिला बनमें आई ५

जाओबठेन और अञ्जन यन होय गाम करेला आई
प्रेम सरोवर ओर पीसायो पाण्डव गंगा बाई ६
वट सङ्केत खीद्र बन होयके जब तन तपत बुजाई
शेष नाग छाया हरि ऊपर पोढे यादव राई ७
खेलन बन ओर चीर घाट होय नन्द घाट गउ प्याई
बच्छ वन बेल सद्रभाण्डीर वन मान सरोवर आई ८
कर अस्नान लोह बन होयके श्रीबलदाऊ सुखदाई
फेर महावन श्रीगोकुलकी गत सारद नहीं पाई ९
धन्य मथुरा धन्य श्रीवृन्दावन धन्य धन्य यशोदामाई
जाकी महिमा अगम निगम है प्रगटे कुँवर कन्हाई १०
बारे बन बारे उपवनकी लीला गाय सुनाई
श्रीपुरुषोत्तम प्रभु करत सकल बन आवा गमन मिटाई ११
व्रज मेरे मन भाई एसी व्रज मेरे मन भाई

श्रीवृन्दावन वृन्दावन कहोरे
श्रीवृन्दावनकी रजकी शरण क्यों न गयोरे १
भटक्यो मन देश देश भेख क्यों लजायो
कुञ्जनके खुणे बेठ जूगल क्यों न गायो २
चतुर तुहीं जान चिन्त चिन्त ले सवेरो
अपने हाथ करले प्यारे आपनो निवेडो ३
राख भरोसो दृढ पोसे तोय राधा
सूरश्याम चरण ग्रहे मिटे भव बाधा श्रीवृन्दावन० ४

गोकुल आज गईरी सखिरी हुं गोकुल आज गईरी
छिन छिन वारंवार सखिरी दूजको चन्दा भईरी १
साँवरो सो ढोटा काहुको सो मुरली अधर लई
परमानन्ददास को ठाकुर सो व्हे गई प्रेममई ॥ सखिरी० २

केसें कीजे वेद कह्यो केसें कीजे वेद कह्यो
श्रीमुख निरखत बदी निशंक नाहीन ठोर रह्यो १
दुखको मित्र स्नेह सखिरी सो उर पेसगयो
परमानन्ददासको ठाकुर पञ्यो सो लीन भयो ॥ केसेकीजे० २

वे सरोवर जाय चल प्रिया वे सरोवर जाय
वे सरोवर कमल कमला रवि बिना विकसाय १
हंस पङ्क्त मह्हा उज्वल सङ्ग हिल मिल नहाय
मुख तें मुख तालमोति सबें चुग चुग खाय २
सघन बनमें पेंठ के हो भ्रमर होय लपटाय
मन्मनोरथ रसही पीवे रसहीमे जो समाय ३
छांड सागर चल चलोरी समझले मनमाय
सूर प्यारे एसे उडो बोर उडवो नाय ॥ चलप्रिया० ४
चिडीयां के चांच सुनत जागी प्यारी दुलरी ॥
सासु नणंदकी आन जान बडी प्रभात जागी १
रुमक झुमक जाके जशोदाके पाय लागी ॥ चिडीयांके चांच २
जशोदा राणी दे आशिष सकल खाग तेरो
सुंदरसी जाडे जोके कंसराज मेरो १
सुखकी करने दुःखकी हरने कीर्ति जुकी जाई
सूर श्याम कुलकी भुवन पूर्वें पुन पाई ॥ चिडीयां के चांच २

तुम बिन रह्यो न जाय श्री वल्लभ ॥ तुम बिन
जल बिन मीन, बर्षा बिन चातक
ज्यों मेरो जीव अकुलाय ॥ श्री वल्लभ तुम बिन ॥ १
जा दिनसे तुम ते हम बिछरे ता दिन ते पस्ताय २
तुम हो दया निधान ॥ श्री वल्लभ तुम बिन ॥ १
निरखुं तो श्री वल्लभ निरखुं
या छबि पर सूरदास बलजाय ॥ श्री वल्लभ तुम बिन ॥ २

॥ रसिया ॥

अब तुम जाय बसे मेवाड नाथ कब व्रजमे आओगे ।
गोवर्धन पर्वतके उपर कब धेनु चराओगे ॥ १
ग्वाल बाल न संग लुंट लूंट कब माखन खाओगे ॥ अब तुम ॥ २
चीरघाट पर आप नाथ कब चीर चूराओगे ।
बैठ कदम पर सखीयनको कब स्वांगदिखावोगे ३
वृन्दावन की कुञ्ज गलनमें कब रास रचाओगे ।
मीठी धुनसे कबु मनोहर बंसी बजाओगे ॥ अब ॥ ४

अखियां तरस रही दरशनको कब दरस दिखाओगे ।
घासीराम कों दे दरसन कब नैन मीलाओगे ॥ अब तुम ॥ ५

॥ नंदनंदन ॥

नंदनंदन जगत वंदन, चरण रज सूरतातरी ।
रजतमोथी नीसरीने, शुद्ध सत्वे जइ ठरी ॥ १ ॥
राग द्वेष ने मोह माया, काम क्रोधे दूरगया ।
कनककामिनी त्याग करतां, कृष्ण दर्शन दूर रह्या ॥ २ ॥
वेद वादे योग यागे, नंद नंदन नहि मले ।
दीनता धारण कर्याथी, तरत ए आवी मले ॥ ३ ॥
छे सुलभ आ कलिकालमांहे, नाम ए व्रजचंदनु ।
स्वर्गनुं सुख आपतुं आन वृथा ए इन्द्रनुं ॥ ४ ॥
जो माणवी छे मोजतो शरणे प्रभुने आवजो ।
तन मन धनेथी लीन थावा "पुत्रदारा" लावजो ॥ ५ ॥
श्रीनाथजी छे हृदयमां पण पट पड्यो आडो अरे ।
श्रीमहाप्रभुना वचनथी ते खुलशे पलमां खरे ॥ ६ ॥
पुष्टि सुधारस पान करी ल्यो भाग्यशाली हरीजनो ।
सहु शरण जइ गुरु देवने आ भव विषे निर्भय वनो ॥ ७ ॥
विठ्ठल वदे वृजनाथजी हो आप चरणे चित्त छे ।
दासना पण दासनी, कंइ पूर्वनी ए प्रीत छे ॥ ८ ॥
श्री कृष्ण "शरणं मम" कही सदा शान्ति राखवी
"श्री कृष्णाश्रय" ग्रंथने पढी सदा भक्ति मागवी ॥ ९ ॥
"श्री मद्वल्लभ" छे गुरु सकलना तारनारा प्रभु
गाजे "षोडशग्रंथ" मां समयने एना वडे हुं नमुं ॥ १० ॥

